ગુ.યુ.પ્રે. ૬૬—૪૫૦—૩—'૭૨

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા, શુક્રવાર, તા. ૨૪--૩--૧૯૭૨ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ ખંડમાં મળી હતી, તથા શનિવાર, તા. ૨૫—૩—૧૯૭૨ અને રવિવાર, તા. ૨૬--૩--૧૯૭૨ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ત્રણે દિવસોએ કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. ત્રણે દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૧.	ડૉ. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. લાલભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૩.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, કુલસચિવ	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. પી. એન. ભગવતી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. એન. કે. વકીલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. આર. એસ. મહેતા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૭.	શ્રી. વી. આર. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. અનંતપ્રસાદ આર. બક્ષી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. જી. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. પી. આર. ચૌહાણ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. પી. એસ. કલવચવાલા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. વી. એચ. ઠાકોર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪.	ડૉ. એમ. શિવજ્ઞાનમ્	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫.	શ્રી. એમ. ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬.	શ્રી. આર. ડી. જોષી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪–૩–'૭૨	તા. ૨૫–૩–'૭૨	તા. ૨૬–૩–'૭૨
૧૭.	શ્રી. રામલાલ પરીખ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮.	પ્રો. ડી. એન. પાઠક	હાજર	હાજર	હાજર
૧૯.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર	હાજર	હાજર
૨૦.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૧.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨.	પ્રિ. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૨૩.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૨૪.	પ્રિ. આર. એલ. સંઘવી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૫.	પ્રિ. વી. એન. જોષી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૬.	પ્રિ. સી. વી. રાવલ	હાજર	હાજર	હાજર
૨૭.	પ્રિ. સી. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૮.	પ્રિ. ડૉ. કે. સી. ક્ષત્રિય	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૯.	ડૉ. ઓ. પી. ગુપ્તા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩૦.	પ્રિ. ડૉ. આર. એચ. ગાંધી	હાજર	હાજર	હાજર
૩૧.	પ્રિ. ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩૨.	પ્રિ. સી. એસ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૩૩.	પ્રિ. ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૩૪.	પ્રિ. ડૉ. ડી. એમ. ભાવસાર	હાજર	હાજર	હાજર
૩૫.	પ્રિ. ડૉ. ડી. એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૩૬.	પ્રિ. ય. પ્રા. શુકલ	હાજર	હાજર	હાજર
૩૭.	પ્રિ. એફ. એલ. બ્રેગાન્ઝા	હાજર	હાજર	હાજર
૩૮.	પ્રિ. કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર
૩૯.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૪૦.	પ્રિ. આર. એચ. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૪૧.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૨.	પ્રિ. આર. જી. નાયક	હાજર	હાજર	હાજર
૪૩.	પ્રિ. ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૪૪.	પ્રિ. ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૪૫.	પ્રિ. બી. એમ. ઉપાધ્યાય	હાજર	હાજર	હાજર
૪૬.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર	હાજર
૪૭.	પ્રિ. વી. આર. રણદીવે	હાજર	હાજર	હાજર
૪૮.	પ્રિ. ડૉ. કે. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૪૯.	પ્રિ. ડૉ. ડી. પી. ઠાકર	હાજર	હાજર	ગેરહાજર
૫૦.	પ્રિ. કે. એસ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૧.	પ્રિ. ડૉ. જે. ડી. તલાટી	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૫૨.	પ્રિ. ટી. એન. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૫૩.	પ્રિ. આર. એસ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૫૪.	પ્રિ. આર. એમ. શુક્લ	હાજર	હાજર	હાજર
૫૫.	પ્રિ. એસ. આર. મહેતા	ગેરહાજર	હાજર	હાજર
૫૬.	પ્રિ. આર. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૫૭.	પ્રિ. કે. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૫૮.	પ્રિ. એચ. કે. બુખારી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫૯.	પ્રિ. એન. યુ. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૬૦.	પ્રિ. જે. જે. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૬૧.	પ્રિ. જે. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૬૨.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર	ગેરહાજર	હાજર
૬૩.	પ્રિ. જી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૬૪.	પ્રિ. વી. સી. પરીખ	હાજર	હાજર	હાજર
૬૫.	પ્રિ. એસ. એમ. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬૬.	પ્રિ. યુ. ડી. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૬૭.	પ્રિ. ડૉ. એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર
૬૮.	પ્રિ. આઈ. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૬૯.	પ્રિ. બી. પી. કોઠારી	હાજર	હાજર	ગેરહાજર
૭૦.	પ્રિ. એન. બી. જોષી	હાજર	હાજર	હાજર
૭૧.	પ્રિ. શ્રીમતી એમ. ડી. ઠક્કર	હાજર	હાજર	હાજર
૭૨.	પ્રિ. એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૭૩.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૪.	પ્રિ. વી. પી. પરીખ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૫.	પ્રિ. જી. જે. પંડ્યા	ગેરહાજર	હાજર	હાજર
૭૬.	પ્રિ. એ. આર. રાવ	હાજર	હાજર	હાજર
૭૭.	પ્રિ. આઈ. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૭૮.	પ્રિ. એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર	હાજર
૭૯.	પ્રિ. વી. પી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૮૦.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર	હાજર	ગેરહાજર
૮૧.	પ્રિ. એસ. એમ. નાગામિયા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૮૨.	પ્રિ. મહેશભાઈ એન. દવે	હાજર	હાજર	હાજર
૮૩.	પ્રિ. કે. બી. વ્યાસ (વીરમગામ)	હાજર	ગેરહાજર	ગેરહાજર
૮૪.	પ્રિ. બી. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૮૫.	પ્રિ. બી. એમ. પંડિત	હાજર	હાજર	હાજર
૮૬.	પ્રિ. સી. એ. ટોપીવાલા	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૮૭.	પ્રિ. ડી. એસ. જોષી	હાજર	હાજર	ગેરહાજર
૮૮.	પ્રિ. જી. બી. પરીખ	હાજર	હાજર	ગેરહાજર
૮૯.	પ્રિ. સી. કે. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯૦.	પ્રિ. કે. એન. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૯૧.	પ્રિ. કે. એસ. યાદવ	હાજર	હાજર	હાજર
૯૨.	પ્રિ. વાય. ડી. ભાવે	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૩.	પ્રિ. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૯૪.	પ્રિ. ય. ગુ. નાયક	હાજર	હાજર	હાજર
૯૫.	પ્રિ. વી. એફ. શાહ	હાજર	હાજર	હાજર
૯૬.	પ્રિ. શ્રીમતી પી. જે. ફડિયા	હાજર	હાજર	હાજર
૯૭.	પ્રિ. એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૯૮.	પ્રિ. જે. કે. શાહ	ગેરહાજર	હાજર	હાજર
૯૯.	પ્રિ. પી. એચ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૦૦.	પ્રિ. ટી. આર. શુકલ	હાજર	હાજર	હાજર
૧૦૧.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૦૨.	પ્રિ. જે. જી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૩.	પ્રિ. પી. વી. મંગલવેઢેકર	હાજર	હાજર	હાજર
૧૦૪.	પ્રિ. આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૦૫.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૦૬.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૦૭.	પ્રિ. ડૉ. એ. જી. મુનશી	હાજર	હાજર	હાજર
૧૦૮.	પ્રિ. ડી. એચ. વેલવણ	હાજર	હાજર	હાજર
૧૦૯.	પ્રિ. એ. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૧૦.	પ્રિ. બી. એમ. મૂલ્યે	હાજર	હાજર	ગેરહાજર
૧૧૧.	પ્રિ. એન. એન. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૨.	પ્રિ. બી. એમ. ઠાકર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૧૩.	પ્રિ. કે. એસ. રામી	હાજર	હાજર	હાજર
૧૧૪.	પ્રિ. બી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૫.	પ્રિ. ડૉ. ડી. એ. ધાંચી	હાજર	હાજર	ગેરહાજર
૧૧૬.	પ્રિ. જે. વી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૭.	પ્રિ. એન. વી. રાવળ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૮.	પ્રિ. એચ. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૯.	પ્રિ. સી. કે. અકુવાલા	હાજર	હાજર	ગેરહાજર
૧૨૦.	પ્રિ. એચ. એફ. દસ્તૂર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	પ્રિ. બી. એસ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૧૨૨.	પ્રિ. એન. આર. ઠક્કર	હાજર	હાજર	હાજર
૧૨૩.	પ્રિ. એ. કે. દવે	હાજર	હાજર	હાજર
૧૨૪.	પ્રિ. વી. બી. અધ્વર્યુ	હાજર	હાજર	હાજર
૧૨૫.	પ્રિ. એચ. જે. પંડિત	હાજર	હાજર	હાજર
૧૨૬.	પ્રિ. એન. કે. દવે	હાજર	હાજર	હાજર
૧૨૭.	પ્રિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૮.	પ્રિ. વી. એસ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૨૯.	પ્રિ. આર. આર. દવે	હાજર	હાજર	હાજર
૧૩૦.	પ્રિ. જી. બી. પટેલ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૩૧.	પ્રિ. સી. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૩૨.	પ્રિ. સી. ડી. વ્યાસ	ગેરહાજર	હાજર	હાજર
૧૩૩.	પ્રિ. ડૉ. વી. એ. વ્યાસ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૪.	પ્રિ. આઈ. જે. ધ્રુવ	હાજર	હાજર	હાજર
૧૩૫.	પ્રિ. એચ. એમ. શુકલ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૬.	પ્રિ. બી. આર. ચૌહાણ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૭.	પ્રિ. વી. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૩૮.	પ્રિ. એન. આર. કલ્યાણી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૯.	પ્રિ. વાય. જે. ઠાકોર	હાજર	હાજર	હાજર
૧૪૦.	પ્રિ. એચ. સી. પરીખ	હાજર	હાજર	હાજર
૧૪૧.	પ્રિ. ટી. પી. લેલે	હાજર	હાજર	ગેરહાજર
૧૪૨.	પ્રિ. ડૉ. કલ્યાણદાસ એમ. તલાટી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૩.	પ્રિ. વી. પી. અગ્નિહોત્રી	હાજર	હાજર	હાજર
૧૪૪.	પ્રિ. આર. એમ. પંચાલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૫.	પ્રિ. બી. એમ. ગાંધી	હાજર	હાજર	હાજર
૧૪૬.	પ્રિ. બી. ડી. પરીખ	હાજર	હાજર	હાજર
૧૪૭.	પ્રિ. આર. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૪૮.	પ્રિ. યુ. બી. પાઠક	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૯.	પ્રિ. એમ. એસ. પરમાર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૫૦.	પ્રિ. જે. એચ. શાહ	હાજર	હાજર	હાજર
૧૫૧.	પ્રિ. પી. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૫૨.	પ્રિ. આર. એ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૫૩.	પ્રિ. જી. જે. જોષી	હાજર	હાજર	હાજર
૧૫૪.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૫.	ડૉ. એમ. જી. કે. મેનન	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૬.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૧૫૭.	ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૮.	શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૯.	ડૉ. યોગીન્દર કે. અલઘ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૦.	શ્રી. એસ. જી. દવે	હાજર	ગેરહાજર	હાજર
૧૬૧.	શ્રી. ડી. જે. મહેતા	ગેરહાજર	હાજર	હાજર
૧૬૨.	શ્રી. એ. એલ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૬૩.	શ્રી. કે. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૬૪.	શ્રી. વી. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૧૬૫.	શ્રી. બી. જે. મહેતા	હાજર	હાજર	હાજર
૧૬૬.	શ્રી. આઈ. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૬૭.	શ્રી. બી. પી. ઉપાસની	હાજર	હાજર	હાજર
૧૬૮.	પ્રો. એન. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૧૬૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર	હાજર
૧૭૦.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૭૧.	શ્રી. આર. જે. જોષી	ગેરહાજર	હાજર	હાજર
૧૭૨.	શ્રી. બી. એસ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૭૩.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૭૪.	પ્રો. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૧૭૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૭૬.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૭૭.	શ્રી. ડી. એસ. બસન	હાજર	હાજર	હાજર
૧૭૮.	શ્રી. એમ. એચ. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૯.	શ્રી. પી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૮૦.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૮૧.	શ્રી. કે. કે. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૮૨.	શ્રી. આર. સી. સોનપાલ	હાજર	હાજર	હાજર
૧૮૩.	શ્રી. બી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૮૪.	શ્રી. એમ. ડી. પંચોલી	હાજર	હાજર	ગેરહાજર
૧૮૫.	શ્રી. કે. એચ. મોદી	હાજર	હાજર	હાજર
૧૮૬.	ડૉ. આર. એલ. વાદી	હાજર	હાજર	ગેરહાજર
૧૮૭.	ડૉ. જે. એન. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૮૮.	ડૉ. સી. આઈ. ઝાલા	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૮૯.	શ્રી. આર. એમ. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૯૦.	શ્રી. એસ. બી. વોરા	હાજર	હાજર	હાજર
૧૯૧.	શ્રી. સી. સી. શાહ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪–૩–'૭૨	તા. ૨૫–૩–'૭૨	તા. ૨૬–૩–'૭૨
૧૯૨.	શ્રી. એમ. બી. દેવાની	ગેરહાજર	હાજર	હાજર
૧૯૩.	ડૉ. (મિસ) બી. એમ. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૯૪.	શ્રી. સી. પી. બોધાની	હાજર	હાજર	હાજર
૧૯૫.	શ્રી. એન. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૯૬.	શ્રી. જે. આર. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૯૭.	શ્રી. ડી. સી. પરીખ	હાજર	હાજર	હાજર
૧૯૮.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર
૧૯૯.	શ્રી. પી. ટી. મુન્શા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૦.	શ્રી. એન. સી. શાહ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૨૦૧.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૨.	શ્રી. આર. બી. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૨૦૩.	શ્રી. આર. કે. અમીન	ગેરહાજર	હાજર	હાજર
૨૦૪.	શ્રી. એચ. પી. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૫.	શ્રી. પી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૬.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૨૦૭.	શ્રી. બી. બી. પટેલ	હાજર	હાજર	હાજર
૨૦૮.	શ્રી. બી. કે. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૦૯.	શ્રી. એ. આર. શુકલ	હાજર	હાજર	હાજર
૨૧૦.	શ્રી. એ. કે. ઝવેરી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧૧.	શ્રી. આઈ. કે. સૈયદ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧૨.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર	હાજર
૨૧૩.	શ્રી. વી. એચ. કપાસી	હાજર	હાજર	હાજર
૨૧૪.	ડૉ. આર. બી. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૨૧૫.	ડૉ. જી. એન. તલાટી	હાજર	હાજર	હાજર
૨૧૬.	શ્રી. સી. એન. શાહ	ગેરહાજર	હાજર	હાજર
૨૧૭.	શ્રી. એચ. વી. વસા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧૮.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૨૧૯.	શ્રી. એમ. જે. દવે	હાજર	હાજર	હાજર
૨૨૦.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	ગેરહાજર	હાજર
૨૨૧.	શ્રી. પી. એસ. ચોકસી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨૨.	શ્રી. આર. એમ. ઘોડિયાવાલા	હાજર	હાજર	હાજર
૨૨૩.	શ્રી કે. એચ. શાહ	હાજર	હાજર	હાજર
૨૨૪.	શ્રી. કે. એલ. શેઠ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨૫.	શ્રી. આર. ટી. લેઉવા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨૬.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪--૩--'૭૨	તા. ૨૫--૩--'૭૨	તા. ૨૬--૩--'૭૨
૨૨૭.	શ્રી. એ. એચ. શેઠ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨૮.	શ્રી. એસ. આર. વસાવડા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૨૯.	શ્રી. જે. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૨૩૦.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર	હાજર
૨૩૧.	શ્રી. ડી. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૩૨.	શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૩૩.	શ્રી. પી. જી. માવળંકર	હાજર	હાજર	હાજર
૨૩૪.	શ્રી. એન. જી. શેલત	હાજર	હાજર	હાજર
૨૩૫.	કુ. ઈન્દુમતીબહેન સી. શેઠ	હાજર	હાજર	હાજર
૨૩૬.	પ્રો. એમ. એ. ફારૂકી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૨૩૭.	શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૩૮.	શ્રી. બબલભાઈ મહેતા	ગેરહાજર	હાજર	ગેરહાજર
૨૩૯.	શ્રી. સી. ટી. દરૂ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૦.	શ્રી. ડી. સી. શુકલ	હાજર	હાજર	હાજર
૨૪૧.	શ્રી. એચ. એમ. રજવાડી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૨.	ડૉ. બી. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૩.	શ્રી. એ. એન. શેઠ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૪.	શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૫.	શ્રી. એન. આર. પરીખ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૬.	શ્રી. એચ. એચ. ભગવતી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨૪૭.	શ્રી. સી. યુ. શાહ	ગેરહાજર	હાજર	હાજર.

૧--અ. તા. ૨૮--૯-૧૯૭૧ના રોજ મળેલી સેનેટની ખાસ સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૨૮--૯--૧૯૭૧ના રોજ મળેલી સેનેટની ખાસ સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧–બ. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ અને તા. ૮–૧--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ અને તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભાના કામકાજની નોંધ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી :

(૧) બાબત નં. ૩૦માં 'સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાની ગેરહાજરીમાં શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ રજૂ કર્યો', તેને બદલે 'સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો' એ શબ્દો મૂકવા. 'તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો' તેને બદલે 'તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. દીનાનાથ જે. મહેતાએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો' એ શબ્દો મૂકવા.

(૨) આ સુધારાની જાણ સેનેટના સભ્યોને તા. ૭--૩--૧૯૭૨ના પરિપત્ર ક્રમાંક સિ. ૦૨૩૬૨૩-૧૯૭૨થી કરવામાં આવી હતી.

(૩) નીચેના સભ્યો કે જેમણે તા. ૨૯--૯--૧૯૭૧ના રોજ ચૂંટણી માટે મતદાન કરીને સેનેટની વિશેષ સભાના કામકાજમાં ભાગ લીધો હતો તેમને 'ગેરહાજર' દર્શાવવામાં આવ્યા છે, તે સુધારીને તેમને તે દિવસે 'હાજર' બતાવવા :

(૧) શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ
(૨) શ્રી. પ્રફુલભાઈ એન. ભગવતી.

૨. ૧૯૭૨--૭૩ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત :

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૧માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૨ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૨થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૩ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૧૯--૨--૧૯૭૨ના રોજ પરિપત્રાંક સિ./૪૬૨૪૯/૧૯૭૨ દ્વારા મોકલવામાં આવી હતી.]

(૧) આચાર્ય વાસુદેવ સોમેશ્વર ભટ્ટ
(૨) શ્રી. ભોળાભાઈ બહેચરભાઈ પટેલ
(૩) આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ.,

૧૯૭૨--૭૩ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર ઉપરના ત્રણ ઉમેદવારો પૈકી નીચે જણાવેલા બે ઉમેદવારોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૮--૩--૧૯૭૨ના પરિપત્રાંક સિ. ૪૯૨૪૦ પ્રમાણે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા હોઈ તથા ત્રીજા ઉમેદવાર શ્રી. ભોળાભાઈ બેચરભાઈ પટેલનું ઉમેદવારી પત્ર રદ કરેલું હોઈ આ સભાગૃહમાં વિશેષ કાંઈ કરવાપણું રહ્યું નહીં :

(૧) આચાર્ય વાસુદેવ સોમેશ્વર ભટ્ટ
(૨) આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ.

૨—આ. પ્રશ્નોત્તરી :

[૧] **શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીના કર્મચારીઓને સાઇકલ ભથ્થું અપાતું હતું તે સમયમાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ અને પ્રેસ સિવાયના કર્મચારીઓ વચ્ચે સાઇકલ ભથ્થાના નિયમોમાં કોઈ ભિન્નતા હતી ?

ઉત્તર ૧ : (ક) ના, જી.

શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રેસના કર્મચારીઓની સેવાઓની શરતો સિન્ડિકેટના કયા ઠરાવથી નક્કી થઈ છે, અગર પ્રેસ અંગેના કર્મચારીઓના નિયમો જુદા ઘડાયેલા છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રેસના અને યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાઓની શરતોમાં ફરક છે. તે અંગે સિન્ડિકેટના ઠરાવોની માહિતી તાત્કાલિક આપી શકાય એમ નથી.

પ્રશ્ન ૧ : (ખ) જો ના, તો યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં તા. ૧—૭—૧૯૬૮થી વૈચારિક રીતે (નોશનલી) ભેળવ્યું અને વાસ્તવિક ઇફેક્ટ ન આપી, જ્યારે પ્રેસ સિવાયના કર્મચારીઓને તે જ તારીખથી વાસ્તવિક રીતે ભેળવીને તેની ઇફેક્ટ આપવામાં આવી. આમ કરવાનું શું કારણ ?

ઉત્તર ૧ : (ખ) યુનિવર્સિટી કાર્યાલયના અને પ્રેસના કર્મચારીઓની સેવાની શરતો એકસરખી નથી.

પ્રશ્ન ૧ : (ગ) યુનિવર્સિટીના સંબંધકર્તા તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓની ૩૭૦ જેવી મોટી સંખ્યાને સાઇકલ ભથ્થાના સંદર્ભમાં રાહત આપવામાં આવી, ત્યારે તે જ વખતે યુનિવર્સિટી પ્રેસના માત્ર ૭૦ જેટલા અલ્પ કર્મચારીઓને તે રાહતથી કેમ વેગળા રાખવામાં આવ્યા ?

ઉત્તર ૧ : (ગ) પ્રશ્ન ૧ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ઘ) યુનિવર્સિટી પ્રેસ સિવાયના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવાને કારણે તા. ૧—૭—૧૯૬૮થી તા. ૩૧—૩—૧૯૭૧ સુધીમાં યુનિવર્સિટીને કેટલો ખર્ચ થયો ?

ઉત્તર ૧ : (ઘ) રૂ. ૧,૦૬,૧૦૨—૫૨ પૈ.

શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાર્યાલયના કર્મચારીઓને પોણા-ત્રણ વર્ષના સમય માટે લગભગ રૂ. ૧,૦૬,૦૦૦નો ખર્ચ બતાવ્યો છે એટલે અંદાજ કરતાં પણ ઓછો છે. લગભગ ૨૦,૦૦૦ રૂપિયા પ્રેસના કર્મચારીઓને તે સમયગાળા માટે આપવાના થાય છે, તો રૂ. ૨૦,૦૦૦ની રકમ પ્રેસના કર્મચારીઓને નહીં આપવામાં વાંધો શો પડ્યો ? આપણે રૂ. ૧,૨૦,૦૦૦ની તૈયારી રાખી હતી, તો રૂ. ૨૦,૦૦૦ આપવામાં શો વાંધો હતો ? સાઇકલ ભથ્થામાં ભિન્નતા નથી એવું જણાવ્યું છે છતાં ઑફિસ અને પ્રેસના કર્મચારીઓ વચ્ચે ભિન્નતા કેમ રાખવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમે વિચાર કરી શકશો કે જે વખતે સાઇકલ ભથ્થું મૂળ પગારમાં ભેળવવામાં આવ્યું નહોતું ત્યારે વધારે ભિન્નતા હતી. અમુક વખતે તે થયું એટલે ભિન્નતા જતી રહી. જે હકીકત બનેલી છે તે આપી છે, તે અંગે કારણો નોંધાયેલાં નથી.

શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ 'આર્બિટરી' નક્કી કર્યું છે તેમ માની લઉં ?

કુલપતિશ્રીનો ઉત્તર : સિન્ડિકેટે આ પ્રમાણે નિયમ કરેલો છે.

શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ ધોરણ વિના ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ આપનો અભિપ્રાય છે.

પ્રશ્ન ૧ : (ચ) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું મૂળ પગારમાં ભેળવવાનો વાસ્તવિક અમલ ન કરીને તેમ જ તેની ઈફેક્ટ ન આપીને તા. ૧--૭--૧૯૬૮થી તા. ૩૧--૩--૧૯૭૧ દરમિયાનનો કેટલો ખર્ચ યુનિવર્સિટીએ બચાવ્યો ?

ઉત્તર ૧ : (ચ) ખર્ચ બચાવવાનો પ્રશ્ન નથી એ સ્પષ્ટતા સાથે ઉમેરવાનું કે મોંઘવારી ભથ્થાને તા. ૧--૭--૧૯૬૮થી મૂળ પગારમાં ભેળવવામાં આવ્યું હોત તો અંદાજે રૂ. ૨૦,૭૯૦નું વધુ ખર્ચ યુનિવર્સિટીને થાત.

પ્રશ્ન ૧ : (છ) માર્ચ ૧૯૭૧ની સેનેટની સભાએ સર્વાનુમતે પસાર કરેલા ઠરાવના હાર્દને સમજીને ઉપર (ખ)માં દર્શાવેલો ભેદભાવ દૂર કરવામાં યુનિવર્સિટીને શું બાધક છે?

ઉત્તર ૧ : (છ) પ્રશ્ન ૧ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) તા. ૩૧--૧૦--૧૯૬૮ના રોજ બીમાર હોય અને તે અંગે ડૉક્ટરનું સર્ટિફિકેટ રજૂ કર્યું હોય અને માંદગીની રજા જમા હોય છતાં જેમનો પગાર કાપવામાં આવ્યો હોય તેવા યુનિ. પ્રેસના કર્મચારીઓનાં નામ આપવા વિનંતી છે.

અને

પ્રશ્ન ૨ : (ખ) ઉપર (ક) પ્રમાણે પગાર-કાપ કરવાનું કારણ ?

ઉત્તર ૨ : (ક) અને (ખ) તા. ૩૧--૧૦--૧૯૬૮ના દિવસે અગાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાય યુનિ. પ્રેસના ૬૪ જેટલા કર્મચારીઓ સામૂહિક રીતે ગેર-હાજર રહ્યા હતા. તે પૈકી આ દિવસે નિર્ધારિત સમય કરતાં ફરજ ઉપર મોડા આવેલા તથા ગેરહાજર રહેલા એવા ૪૬ કર્મચારીઓની બાબતમાં સિન્ડિકેટે તેમને ચેતવણી આપીને તેમની તે દિવસની વગર પગારની રજા ગણવાનું મંજૂર કર્યું હતું. આ દિવસે ૧૨ કર્મચારીઓએ પાછળથી અરજી કરીને રજા માંગી તેમાં માંદગીનું કારણ દર્શાવ્યું હતું. તે પૈકી જેમની માંદગીની રજા જમા હતી અને જેમણે દાકતરી પ્રમાણપત્ર રજૂ કર્યું હતું તેવા કર્મચારીઓ અંગેની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કર્મચારીનું નામ	પગાર કાપવાનું કારણ
૧.	શ્રી. બી. કે. પટેલ	ઉપરના સંજોગોમાં પ્રસ્તુત ગેર-હાજરીની રજા કપાત પગારની રજા તરીકે મંજૂર થવાથી.
૨.	શ્રી. પી. એમ. ગાંધી	,,
૩.	શ્રી. એમ. સી. ખલાસ	,,
૪.	શ્રી. એ. એમ. પટેલ	,,
૫.	શ્રી. એચ. એમ. ચૌહાણ	,,

પ્રશ્ન ૨ : (ગ) જે કર્મચારીઓ ખરેખર બીમાર છે, જેમણે ડૉકટરનું સર્ટિફિકેટ રજૂ કર્યું છે છતાં જેમનો પગાર કપાયો છે તેમની પાસેથી તે દિવસનો પગાર મેળવવા માટે યુનિવર્સિટીને સંતોષ થાય તેવો અન્ય કયો આધાર રજૂ કરવાની અપેક્ષા યુનિવર્સિટી રાખે છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨ : (ગ) જે અધિકારીને રજા મંજૂર કરવાની સત્તા આપવામાં આવેલી છે, તેમને પ્રત્યેક કેસ અંગે સંતોષ થવો આવશ્યક છે.

પ્રશ્ન ૩ : (ક) કોઈ વિદેશી પ્રિન્ટિંગ મશીનરીની કંપની તરફથી મેઝર-ટેપોની ભેટ યુનિવર્સિટી પ્રેસને મળી છે ?

ઉત્તર ૩ : (ક) ના, જી.

શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ સ્પષ્ટતા ઑફિસે કરવાની છે ? વિદેશી કંપની તરફથી કોઈ ભેટ મળી નથી એવું કહેવામાં આવ્યું છે તો જવાબ ખોટો હોય તો શું થઈ શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમારું કહેવું એવું છે કે આ જવાબ ખોટો છે ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે Messrs Heidelberger Druckmaschinan Aktiengeselleschat, વેસ્ટ જર્મનીના શ્રી. જે. એમ. પુરોહિતને ઉદ્દેશીને ગુજરાત યુનિવર્સિટી પ્રેસના સરનામે મોકલેલા તા. ૨–૧૨–૧૯૭૧ના શિપિંગ ઈનવોઈસની ફોટોસ્ટેટ નકલ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ આ અંગે થોડાક વખત પહેલાં આ સભાગૃહમાં મને આપી છે. તે ઈનવોઈસમાં આ માપ-પટીઓ નાતાલ અને નવા વર્ષની ભેટ તરીકે સ્ટાફ મેમ્બરોને 'તમારા સ્ટાફના સભ્યોમાં' વહેંચવા માટે હોવાનું જણાવવામાં આવ્યું છે. તેના સંદર્ભમાં શ્રી. કુલસચિવે પશ્ચિમ જર્મનીના સદરહુ પેઢીના ભારત ખાતેના આડતિયા Turner, Hoare & Co. Ltd. મુંબઈના તા. ૧૪મી ડિસેંબર ૧૯૭૧ના શ્રી. જે. એમ. પુરોહિતને ઉદ્દેશીને ગુજરાત યુનિવર્સિટી પ્રેસના સરનામે લખેલા પત્ર તરફ તેમ જ ૧૪મી ઑલ-ઈન્ડિયા પ્રેસ-પ્રિન્ટર્સ કૉન્ફરન્સના માનાર્હ મંત્રીશ્રીના તા. ૧૩મી ડિસેંબર, ૧૯૭૧ના શ્રી. જે. એમ. પુરોહિતને ઉદ્દેશીને ગુજરાત યુનિવર્સિટી પ્રેસના સરનામે લખેલા પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું. અને તે બેઉ પત્રો તેમણે સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યા, જેમાં જણાવવામાં આવેલું છે કે ૨૫ જેટલી માપ-પટીઓ જે પશ્ચિમ જર્મની ખાતેની સદરહુ પેઢી તરફથી ભેટ તરીકે મોકલવામાં આવેલી છે તે અમદાવાદ ખાતે મળી રહેલ અખિલ ભારતીય મુદ્રક પરિષદના ૧૪મા અધિવેશનમાં ભાગ લેનાર પ્રતિનિધિઓને વહેંચવા માટેની છે.

શ્રી. કુલસચિવે વધુમાં સ્પષ્ટતા કરી કે સદરહુ પ્રસ્તુત અધિવેશન પ્રસંગે દેશભરમાંથી ૪૦૦ જેટલા પ્રતિનિધિઓ આવનાર હતા અને તેઓને ભેટ તરીકે વહેંચવા માટે પ્રિન્ટિંગ મશીનો બનાવતી હેડલબર્ગ કંપની, વેસ્ટ જર્મની તરફથી ૪૦૦ મેઝર-ટેપનાં ૨૫ નાં પોસ્ટ-પાર્સલ અધિવેશનના વ્યવસ્થા સમિતિના સદસ્યો ઉપર પ્રસ્તુત કંપનીના ભારત ખાતેના એજન્ટ મેસર્સ ટર્નર હોર ઍન્ડ કંપની, મુંબઈની સૂચના પ્રમાણે વેસ્ટ જર્મનીથી મોકલી આપવામાં

આવેલ હોવાનું અને આ રીતે એકત્ર થયેલ મેઝર-ટેપ્સ અધિવેશન સમયે ટર્નર હોર એન્ડ કંપનીના પ્રતિનિધિની રૂબરૂમાં દેશભરમાંથી આવેલ મુદ્રણવિદોને વહેંચવામાં આવેલ હોવાનું શ્રી. પ્રેસ-મેનેજરે જણાવેલ છે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે જે કાગળો વાંચવામાં આવ્યા છે તે સાચા છે.

શ્રી સત્યેન્દ્રભાઈ ઝવેરીએ જણાવ્યું કે તે પાછળથી ઊભો કરવામાં આવ્યો છે. મેઝર-ટેપો પ્રેસના કર્મચારીઓને આપવા માટે આવી હતી. I request the Chair to investigate in the matter.

Vice-Chancellor said : I request the member to ask a supplementary question if any.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ જણાવ્યું કે તા. ૨૮--૧૨--૧૯૭૧નો પત્ર તા. ૨૯--૧૨--૧૯૭૧ના રોજ કુલપતિશ્રીને આપવામાં આવ્યો છે તેમાં સ્પષ્ટ જણાવ્યું છે. તે પત્રનો ઉલ્લેખ અત્રે કરવામાં આવ્યો નથી. તે યુનિયન તરફથી લખવામાં આવ્યો હતો.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિયનના મંત્રી તરફથી આવેલ કાગળ કાર્યાલયના રેકર્ડ ઉપર છે.

પ્રશ્ન ૩ : (ખ) જો હા, તો તે કંપનીએ તેમના પત્રમાં સદરહુ મેઝર-ટેપો મોકલવાનું શું કારણ દર્શાવ્યું છે? વિદેશી કંપનીના મૂળ પત્રની નકલ આપવા વિનંતી છે.

ઉત્તર ૩ : (ખ) પ્રશ્ન ૩(ક)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : (ગ) સદરહુ મેઝર-ટેપો કોને વહેંચવા માટે કંપનીએ મોકલી છે?

ઉત્તર ૩ : (ગ) ઉપર પ્રશ્ન ૩ (ક)નો જવાબ જોતાં આ પ્રશ્નનો જવાબ આપવાનો રહેતો નથી, તેમ છતાં સ્પષ્ટતા માટે ઉમેરવાનું કે યુનિ. પ્રેસના મેનેજર શ્રી. જે. એમ. પુરોહિત, કે જેઓ ઑલ-ઇન્ડિયા પ્રિન્ટર્સ કૉન્ફરન્સના તાજેતરમાં અમદાવાદ ખાતે મળેલા ૧૪મા અધિવેશન અંગે નિમાયેલી "આતિથ્ય સમિતિ"ના અધ્યક્ષ હતા. તેમના પર પશ્ચિમ જર્મનીની "હીડલબર્ગ મશીનરી" તરફથી ૨૫ જેટલી માપ-પટીઓ આવેલી. સદરહુ પેઢીના ભારત ખાતેના એજન્ટની સૂચનાથી પરિષદના મંત્રીશ્રીને તેમણે તે પહોંચાડી હતી, અને આ માપ-પટીઓ પરિષદના યોજકોએ તેમાં ભાગ લેનાર પ્રતિનિધિઓને વહેંચી હતી, એમ જાણવા મળેલ છે.

પ્રશ્ન ૩ : (ઘ) સદરહુ મેઝર-ટેપો જેમને વહેંચવાની સૂચના કંપનીએ આપી હતી તેમને ખરેખર વહેંચવામાં આવી છે?

ઉત્તર ૩ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૩ : (ચ) જો ના, તો સદરહુ મેઝર-ટેપો હાલ ક્યાં છે?

ઉત્તર ૩ : (ચ) પ્રશ્ન ૩ (ક), (ખ) તથા (ગ)ના જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (છ) (૧) સદરહુ મેઝર-ટેપો યુનિવર્સિટી પ્રેસની માલિકીની હોવા છતાં તેનું પોસ્ટેજ ખર્ચ--ટેકસ વગેરે કોઈએ અંગત રીતે ચૂકવ્યું છે ?

ઉત્તર ૩ : (છ) (૧) સદરહુ માપ-પટીઓ યુનિવર્સિટી પ્રેસની માલિકીની ન હતી, તેથી આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : (છ) (૨) જો હા, તો કોણે ?

ઉત્તર ૩ : (છ) (૨) ઉપર પ્રશ્ન ૩ (ક), (ખ), (ગ) અને (છ)(૧)ના જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : (જ) સદરહુ મેઝર-ટેપોની માલિકી ફરી યુનિ. પ્રેસની બનાવવા માટે શાં પગલાં લીધાં છે અથવા લેવામાં આવશે ?

ઉત્તર ૩ : (જ) પ્રશ્ન ૩ (ક), (ખ), (ગ), (છ) (૧) અને (છ) (૨)ના જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ઝ) (૧) સદરહુ મેઝર-ટેપોની થયેલી અનધિકૃત વ્યવસ્થા અંગે કોઈએ યુનિવર્સિટી સમક્ષ ફરિયાદ કરેલી ?

ઉત્તર ૩ : (ઝ) (૧) સદરહુ માપ-પટીઓની અનધિકૃત વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થતો નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે તે અંગે એક પત્ર મળ્યો હતો.

પ્રશ્ન ૩ : (ઝ) (૨) જો હા, તો કોણે ? ફરિયાદની નકલ આપશો.

ઉત્તર ૩ : (ઝ) (૨) પ્રેસના જુ. કંપોઝીટર શ્રી. વી. એમ. જોશીને, તેમના અશિસ્તભર્યા વર્તન અંગે, તા. ૨૯-૧૨-૧૯૭૧ના રોજ, તેઓને પ્રેસ-વ્યવસ્થાપક તરફથી આપેલ યાદી ક્રમાંક ૭૪૪ના, તેઓએ આપેલ ખુલાસામાં આ જણાવ્યું હતું. ફરિયાદની નકલ સભાગૃહ સમક્ષ હાજર રાખવામાં આવશે.

પ્રશ્ન ૩ : (ટ) (૧) ઉપર (ઝ) પ્રમાણે ફરિયાદ કરવાને કારણે શ્રી. પ્રેસ-મેનેજર તરફથી કિન્નાખોરી રખાતી હોવાની કોઈ ફરિયાદ યુનિવર્સિટીના કે યુનિ. પ્રેસના રેકર્ડ પર છે?

ઉત્તર ૩ : (ટ) (૧) પ્રશ્ન ૩ (ઝ) (૧) તથા (ઝ) (૨)ના જવાબ જોવા વિનંતી છે.

શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રેસના જુનિયર કંપોઝીટરે તા. ૨૯--૧૨--૧૯૭૧ના જવાબમાં જણાવ્યું છે કે તેની સામે કિન્નાખોરી રાખવામાં આવે છે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે તે કાગળ પ્રેસ-મેનેજરને આપવામાં આવ્યો નથી, તે જોતાં શ્રી. પ્રેસ-મેનેજર તરફથી કિન્નાખોરી રાખવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : (ઠ) (૧) સદરહુ મેઝર-ટેપોની વ્યવસ્થા મૂળ કંપનીએ સૂચવ્યા પ્રમાણે યુનિવર્સિટી કરશે ? અને

(૨) જો ના, તો કારણ આપવા વિનંતી છે.

ઉત્તર ૩ : (ઠ) (૧) અને (૨) પ્રશ્ન ૩ (ધ)નો જવાબ જોતાં આ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટી કાર્યાલય(ભવનો સિવાય)માં બિનશૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર ૪ : (ક) ૨૫૮ (ગ્રંથાલય તથા ભવનો સિવાય).

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રહેઠાણો માટે યુ.જી.સી. કે બીજા કોઈ તરફથી સહાય મળે છે કે નહીં ?

કુલપતિશ્રીનો ઉત્તર : આવતી યોજનામાં બિનશિક્ષકવર્ગ માટે સહાય મળવાની વકી છે.

શ્રી. નરહરિ એમ. પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રહેઠાણો કર્મચારીઓને આપીએ તો નિયમનો ભંગ થાય તેવો આપનો અભિપ્રાય છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી બંધાયેલાં શિક્ષકો માટેનાં રહેઠાણો બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ના પાડેલી છે.

શ્રી. નરહરિ એમ. પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બીજો ઉપયોગ કરવામાં આવે છે તેમાં નિયમનો ભંગ થતો નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે નિયમનો ભંગ કરતા નથી.

પ્રશ્ન ૪ : (ખ) તે પૈકી કેટલા કર્મચારીઓને યુનિવર્સિટીએ રહેઠાણ(ક્વાર્ટર્સ)ની સગવડ આપી છે ?

ઉત્તર ૪ : (ખ) ૪૦.

પ્રશ્ન ૪ : (ગ) યુનિવર્સિટીએ તેના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે બાંધેલાં રહેઠાણો(જમીન સિવાય)ની કિંમત કેટલી છે ?

ઉત્તર ૪ : (ગ) રૂ. ૩,૫૨,૯૧૧--૩૪ પૈ.

પ્રશ્ન ૪ : (ગ) (૧) યુનિવર્સિટી પ્રેસમાં કુલ કેટલા કર્મચારીઓ છે ?

ઉત્તર ૪ : (ગ) (૧) યુનિવર્સિટી પ્રેસમાં કાયમી થયેલા કર્મચારીઓની સંખ્યા ૭૦ છે.

પ્રશ્ન ૪ : (ગ) (૨) તેમાંથી કેટલા કર્મચારીઓ(મકદનીશ પ્રેસ-વ્યવસ્થાપક સિવાય)ને યુનિવર્સિટીએ રહેઠાણની સગવડ આપી છે ?

ઉત્તર ૪ : (ગ) (૨) કોઈને નહિ.

પ્રશ્ન ૪ : (ઘ) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ(પ્રેસ-મેનેજર સિવાય)ના રહેઠાણ માટે અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ કેટલો ખર્ચ કર્યો છે ?

ઉત્તર ૪ : (ઘ) કોઈ ખર્ચ કર્યો નથી.

પ્રશ્ન ૫ : આ સાથે જોડેલા પત્રક પ્રમાણેની રાજ્યની યુનિવર્સિટીઓને લગતી માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૫ : ગુજરાત યુનિવર્સિટીને લગતી માહિતી આ સાથેના પત્રક Appendix "A"માં સામેલ છે અને તેમાં જે તે વિભાગ/ભવનમાં જગ્યાઓ મંજૂર થયેલી છે તેની માહિતી Appendix "B"માં આપેલી છે. અન્ય યુનિવર્સિટીઓને લગતી માહિતી આ કાર્યાલય આપી શકે નહિ.

[૨] આચાર્ય પી. એ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : હાલમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષણ કૉલેજોની સંખ્યા કેટલી ?

ઉત્તર ૧ : ૧૮.

પ્રશ્ન ૨ : (ક) ઉત્તર વિભાગ, અમદાવાદ વિભાગ અને દક્ષિણ વિભાગમાં યોજાતી આંતર-કૉલેજ રમતગમત સ્પર્ધાઓમાં ચાલુ વર્ષે કેટલી શિક્ષણની કૉલેજોએ ભાગ લીધો ?

ઉત્તર ૨ : (ક) એક કૉલેજે.

પ્રશ્ન ૨ : (ખ) કુલ કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો ?

ઉત્તર ૨ : (ખ) શિક્ષણની કૉલેજોના ૨ વિદ્યાર્થીઓએ.

પ્રશ્ન ૩ : જો એક પણ શિક્ષણની કૉલેજ આંતર-કૉલેજ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ ન લેતી હોય તો તેનું એક મહત્ત્વનું કારણ રમતગમત સ્પર્ધામાં ભાગ લેવા માટે ઠરાવેલી ખેલાડીની ઉંમર કરતાં સામાન્ય રીતે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ શિક્ષણની કૉલેજોમાં પ્રતિવર્ષે પ્રવેશે છે તે ન હોઈ શકે ?

ઉત્તર ૩ : ઉપર પ્રશ્ન નં. ૨નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪ : જો પ્રશ્ન ૩માં જણાવેલ કારણ બાધક બનતું હોય તો શિક્ષણની કૉલેજોના વિદ્યાર્થીઓ રમતગમત સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટે કંઈ વિચારણા કરવાનું યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ વિચારે છે ?

ઉત્તર ૪ : ઉપર પ્રશ્ન ૩નો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી. સ્પષ્ટતા ખાતર ઉમેરવું જોઈએ કે, સ્થાનિક રમતસમિતિઓએ શિક્ષણની કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે જુદી સ્પર્ધાઓ યોજવાની જોગવાઈ કરી છે.

પ્રશ્ન ૫ : જો પ્રશ્ન ૪નો જવાબ "હા"માં હોય તો, કેવા પ્રકારની વિચારણા વિચારાય છે તે જણાવશો.

ઉત્તર ૫ : આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૬ : જો પ્રશ્ન ૪નો જવાબ "ના" માં હોય તો શિક્ષણની કૉલેજોના વિદ્યાર્થી દીઠ ફાળો લેવાનું યોગ્ય અને ન્યાયી ગણાય ખરું ?

ઉત્તર ૬ : આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૭ : જો પ્રશ્ન ૬નો જવાબ હકારમાં હોય તો કેવી રીતે ?

ઉત્તર ૭ : ઉપર પ્રશ્ન ૬નો જવાબ જોતાં આ પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્ન ૮ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષણની કૉલેજોએ ચાલુ વર્ષે યુવક કલ્યાણ સમિતિઓ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લીધો તે નીચેના કોઠામાં જણાવશો :

વિભાગ	ભાગ લેનાર શિક્ષણની કૉલેજોની સંખ્યા
(૧) ઉત્તર	
(૨) અમદાવાદ	
(૩) દક્ષિણ	

ઉત્તર ૮ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

વિભાગ	કૉલેજોની કુલ સંખ્યા	ભાગ લીધેલ શિક્ષણની કૉલેજોની સંખ્યા	શિક્ષણની કૉલેજોના જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમની સંખ્યા
ઉત્તર	૭	૪	૨૨
અમદાવાદ--એલિસબ્રિજ	૪	૨	૧૬
અમદાવાદ—શહેર	૧	૧	૧૦
દક્ષિણ	૬	૩	૧૧
		કુલ	૫૯

પ્રશ્ન ૯ : જો અમદાવાદ અને દક્ષિણ વિભાગમાં કોઈ શિક્ષણની કૉલેજે સ્પર્ધામાં ભાગ ન લીધો હોય તો તેનું શું કારણ છે ?

ઉત્તર ૯ : ઉપર પ્રશ્ન નં. ૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૦ : સ્પર્ધામાં ભાગ લેવા માટે નક્કી કરેલ વયમર્યાદાના કારણે જો શિક્ષણની કૉલેજો ભાગ ન લઈ શકતી હોય તો ઉત્તર વિભાગમાં કેવી રીતે શિક્ષણની કૉલેજોના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે ?

ઉત્તર ૧૦ : તે માટે વિદ્યાર્થીઓની વયમર્યાદા સિવાય પણ બીજાં કારણો હોવાનો સંભવ છે.

પ્રશ્ન ૧૧ : જો ઉત્તર વિભાગ શિક્ષણની કૉલેજો, લૉ કૉલેજો અને અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અલગ વિભાગ યોજી, સ્પર્ધાઓમાં આ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ભાગ લેવાની તકો પૂરી પાડી શકે તો અમદાવાદ અને દક્ષિણ વિભાગમાં તે પ્રમાણે કેમ અલગ વિભાગ યોજી શકાતો નથી ?

ઉત્તર ૧૧ : આ પ્રશ્ન પર સ્થાનિક રમત અને યુવક કલ્યાણ સમિતિઓ વિચારણા કરી શકે છે.

પ્રશ્ન ૧૨ : જો અમદાવાદ અને દક્ષિણ વિભાગ શિક્ષણની કૉલેજો, લૉ કૉલેજો અને અનુસ્નાતક કેન્દ્રો માટે અલગ વિભાગ યોજવા તૈયાર ન હોય તો આ સંસ્થાઓના વિદ્યાર્થીઓ કે જેઓ માત્ર વયમર્યાદાના કારણે જ સ્પર્ધાઓમાં ભાગ લેવાથી વંચિત થાય છે તેઓનો ફાળો સંસ્થા પાસેથી લેવો તે યોગ્ય અને ન્યાયી ગણાય ખરું ?

ઉત્તર ૧૨ : પ્રશ્ન નં. ૧૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : પ્રશ્ન ૧૨નો જવાબ "હા"માં હોય તો કેવી રીતે ?

ઉત્તર ૧૩ : પ્રશ્ન નં. ૧૨નો જવાબ "હા"માં નથી.

[૩] **પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :**

પ્રશ્ન ૧ : આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર અંગેની નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

(ક) (૧) કૉલેજમાં ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન જુદી જુદી કક્ષાએ ગુજરાતી વિષયના શિક્ષણ માટે ગુજરાતી વિભાગ ખાતે અઠવાડિયાનો કાર્યભાર (વ્યાખ્યાનો વત્તા ટ્યુટોરિયલ્સ) કેટલો છે ?

(ક) (૨) ગુજરાતી વિભાગમાં કામ કરતા દરેક શિક્ષકને પ્રથમ સત્ર અને બીજા સત્ર દરમ્યાન કેટલાં વ્યાખ્યાન અને કેટલા ટ્યુટોરિયલ અઠવાડિયા દીઠ ફાળવવામાં આવ્યાં ?

(ક) (૩) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે ગુજરાતી વિભાગના દરેક શિક્ષક વધુમાં વધુ કેટલાં વ્યાખ્યાન અને કેટલા ટ્યુટોરિયલ પ્રથમ સત્રમાં તથા બીજા સત્રમાં લઈ શકે તેમ છે ?

(ક) (૪) પ્રો. સુથારને બીજા સત્રથી પૂરા સમયના વ્યાખ્યાતામાંથી ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપી છે તે ગુજરાતી વિભાગના કાર્યભાર પ્રમાણે બરાબર છે કે કેમ ?

(ક) (૫) બીજા સત્રમાં ગુજરાતી વિભાગના શિક્ષકોને યુનિ.ના નિયમો પ્રમાણે કાર્યભાર આપેલો છે કે કેમ ?

ઉત્તર ૧ : (ક) (૧) સદરહુ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૧૯૭૧–૭૨ દરમ્યાન ગુજરાતી વિષયનો કુલ કાર્યભાર નીચે પ્રમાણે હોવાનું કૉલેજે જણાવ્યું છે :

	ગુજરાતી વિષયનો કુલ કાર્યભાર		
	વ્યાખ્યાન	ટ્યુટોરિયલ	કુલ
(૧) પ્રી-યુનિ. વિનયન	૩	—	૩
(૨) પ્રથમ વર્ષ વિનયન	૬	૧	૭
(૩) દ્વિતીય વર્ષ વિનયન	૯	૨	૧૧
(૪) તૃતીય વર્ષ વિનયન	૧૬	૨	૧૮
	૩૪	૫	૩૯

(ક) (૨) સદરહુ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૧૯૭૧–૭૨ દરમ્યાન ગુજરાતી વિષયના પ્રત્યેક શિક્ષકને સત્ર દીઠ તે વિષયના કાર્યભારની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી :

પ્રથમ સત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	વ્યા.	ટ્યુ.	કુલ
૧.	શ્રી. એમ. એચ. પટેલ	પ્રાધ્યાપક	૧૨	૧	૧૩
૨.	શ્રી. જે. આર. પટેલ	વ્યાખ્યાતા	૧૩	૨	૧૫
૩.	શ્રી. સી. એમ. સુથાર	વ્યાખ્યાતા	૧૨	૨	૧૪
			૩૭	૫	૪૨

દ્વિતીય સત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	વ્યા.	ટ્યુ.	કુલ
૧.	શ્રી. એમ. એચ. પટેલ	પ્રાધ્યાપક	૧૫	૨	૧૭
૨.	શ્રી. જે. આર. પટેલ	વ્યાખ્યાતા	૧૫	૩	૧૮
૩.	શ્રી. સી. એમ. સુથાર	ખંડ સમયના વ્યાખ્યાતા	૭	–	૭
			૩૭	૫	૪૨

(ક) (૩) શિક્ષકો માટે સત્ર દીઠ કાર્યભારની વહેંચણી અંગેનો કોઈ નિયમ નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે પ્રત્યેક શિક્ષકને માટે વધુમાં વધુ કાર્યભાર નીચે મુજબ નિયત કરવામાં આવેલો છે:

The maximum work-load per week for full-time teacher—Professor or Lecturer or Tutor or Demonstrator—shall be as under :

(*i*) Demonstrators : 25 periods of 45 minutes each (or 18.45 hours) (A Demonstrator with a post-graduate degree may be assigned lectures or tutorials not exceeding 6 periods)

(*ii*) Tutors : 22 periods of 45 (40 plus 5) minutes each (or 16.30 hours) of which lectures shall not exceed 8.

(*iii*) Lecturers and Professors : 22 periods of 45 (40 plus 5) minutes each (or 16.30 hours) of which lectures shall not exceed 15.

Provided that it will be permissible for a college, to assign a maximum of 18 lectures to Lecturer or a Professor subject to a maximum of 22 periods of 45 minutes (40 plus 5 minutes) each during the year 1970–71.

Note.— This transitory proviso will be in force only during the academic year 1970–71.

(*iv*) Lecturers and Professors who are recognised post-graduate teachers : 19 periods of 45 (40 plus 5) minutes each (or 13.50 hours) of which lectures shall not exceed 13.

(*v*) Lecturers and Professors who are recognised as guidance for Ph.D. : 15 periods of 45 (40 plus 5) minutes each (or 10.50 hours) of which lectures shall not exceed 10.

Note.—Work-load shown against 3 (*iv*) and (*v*) is meant for those post-graduate teachers who are actually participating post-graduate instruction.

(ક) (૪) હા, જી.

(ક) (૫) હા, જી.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રી-કૉમર્સમાં ગુજરાતી વિષય માટે ૩ પિરિયડો આપવામાં આવે છે છતાં બતાવ્યું નથી તે વાત સાચી છે ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે બરોબર છે.

ગુજરાતી વિભાગના કાર્યભારમાં પંદર--પંદર વ્યાખ્યાનો આપી શકાય ખરાં ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના.

અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બે અધ્યાપકો મોડાસા અને તલોદ જાય છે અને પી.-જી. લેકચર્સ લે છે. પહેલા સત્રમાં પંદર–પંદરનાં આપ્યાં અને બીજા સત્રમાં પંદર પિરિયડો આપવામાં આવ્યા છે અને પ્રો. સુથારની બીજા સત્રમાં પાર્ટ-ટાઇમ નિમણૂક કરવામાં આવી છે, તો તે કાર્યભારના નિયમો પ્રમાણે તે હકીકત સાચી છે ?

પ્રો. કે. એસ. શાસ્ત્રીએ પૂરક પ્રશ્ન પૂછ્યો કે (ક)(૫)માં હા, જી જણાવ્યું છે તો હા, જી કે ના, જીની ચકાસણી કરવામાં આવે છે કે કેમ ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ઑર્ડિ. ૯૬ હેઠળ કૉલેજો જે માહિતી પૂરી પાડે છે તેમાં પી.-જી. ટીચિંગનો ઉલ્લેખ નથી.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પી.-જી. ટીચર્સની યાદી રાખવામાં આવે છે તો તેની સાથે ચેક કરવામાં આવ્યું હતું ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના.

શ્રી. નરહરિ પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ચેક કરવું જોઈએ ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રો. સુથારને છૂટા ન કરી શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : છૂટા ન કરી શકાય.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલાધિપતિશ્રીનો એવોર્ડ હતો, તેના આધારનો ભંગ થાય છે? આ રીતે પૂરા સમયના શિક્ષકનો કાર્યભાર ઘટ્યો ન હોવા છતાં તેમને ખંડ સમયના કરવામાં આવ્યા છે તે યોગ્ય છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે તપાસ કરીને ઘટતી તજવીજ કરવામાં આવશે.

પ્રશ્ન ૧ : (ખ) (૧) કૉલેજે પ્રો. એમ. એમ. શેખને તેમ જ પ્રો. સુથારને કઈ તારીખે છૂટા થવાની નોટિસ આપી અને અધ્યાપકોએ એ નોટિસ કઈ તારીખે સ્વીકારી ?

(ખ) (૨) પ્રો. શેખ અને પ્રો. સુથારને મળેલી નોટિસો પ્રમાણે યુનિ.નાં તે વખતનાં ધારાધોરણ પ્રમાણે તેઓ વળતર મેળવવાને પાત્ર છે કે કેમ ?

(ખ) (૩) યુનિ.ને તે અંગે ફરિયાદ મળી છે ખરી ?

(ખ) (૪) યુનિ.એ આજદિન સુધીમાં તે અંગે શી કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૧ : (ખ) (૧) કૉલેજે પ્રો. એમ. એમ. શેખને તેમ જ પ્રો. સી. એમ. સુથારને છૂટા થવાની નોટિસ તા. ૧૧--૩--૧૯૭૧ના રોજ આપી હતી. પ્રો. એમ. એમ. શેખે તેમના તા. ૨૪--૧--૧૯૭૨ના પત્રમાં જણાવ્યું છે કે "મને તા. ૧૧--૩--૧૯૭૧ના રોજ નોટિસ આપવામાં આવી હતી..."; જ્યારે પ્રો. સી. એમ. સુથારે તેમના તા. ૨૫મી માર્ચ ૧૯૭૧ના પત્રમાં જણાવેલ છે કે "મને તા. ૧૧--૩--૧૯૭૧ના રોજ હિંમતનગર કેળવણી મંડળ તરફથી નોટિસ મળેલ છે...."

(ખ) (૨) હા, જી.

(ખ) (૩) શ્રી. શેખ તરફથી વળતર અંગેની ફરિયાદ આવેલી છે અને શ્રી. સુથાર તરફથી તેમને છૂટા કરવામાં આવનાર છે તે અંગેની ફરિયાદ આવેલી છે.

(ખ) (૪) પ્રા. એમ. એમ. શેખને વગતરની ચુકવણી કરવા માટે કૉલેજને જણાવવામાં આવ્યું છે, જ્યારે શ્રી. સી. એમ. સુથારના કેસ અંગે તેમને ચાલુ રાખેલા છે, એમ કૉલેજ તરફથી મળેલી માહિતીની નોંધ લેવામાં આવી હતી.

પ્રશ્ન ૧ : (ગ) (૧) અધ્યાપક શ્રી. ઢેંગરને સંસ્થાએ છૂટા કર્યા એથી તેમની કેટલીક રકમ સંસ્થા પાસેથી લેણી નીકળે છે એવી માહિતી અગાઉ સેનેટની સભામાં રજૂ થઈ હતી, તો તે રકમ સંસ્થાએ પ્રા. ઢેંગરને ચૂકવી દીધી છે કે કેમ?

(ગ) (૨) જો ન ચૂકવી હોય તો યુનિવર્સિટીએ આ અંગે શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૧ : (ગ) (૧) કૉલેજે જણાવ્યું છે કે "...બાકીનાં પુસ્તકો પરત કર્યેથી અથવા તેનાં નાણાં કૉલેજ કાર્યાલયમાં જમા કર્યેથી તેમના પગારની બાકી નીકળતી રકમ પરત કરવામાં આવશે...."

(ગ) (૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શ્રી. ઢેંગરને આપવાની થતી રકમ ચૂકવી આપવા અંગે કૉલેજને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧ : (ઘ) (૧) ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. ચિતાનંદને યુનિ.ના નિયમો પ્રમાણે રેન્ટ-ફ્રી મકાન આપવાને બદલે સંસ્થાએ તેમની પાસેથી મકાનભાડું લીધું હતું એવી ફરિયાદ શ્રી. ચિતાનંદે યુનિવર્સિટીને કયારે કરી હતી?

(ઘ) (૨) કૉલેજની તપાસ માટે આ પહેલાં ગયેલી એલ.આઈ.સી.એ આ ફરિયાદ અંગે શી નોંધ કે ભલામણ યુનિવર્સિટીને કરી હતી?

(ઘ) (૩) સંસ્થાએ તે રકમ ડૉ. ચિતાનંદને ચૂકવી છે કે કેમ? ચૂકવી હોય તો કયારે ચૂકવી?

(ઘ) (૪) યુનિવર્સિટીએ આ અંગે આજદિન સુધીમાં શી કાર્યવાહી કરી છે?

(ઘ) (૫) કૉલેજનો તે અંગે કોઈ જવાબ મળ્યો હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૧ : (ઘ) (૧) સદરહુ કૉલેજની જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને ઘરભાડાભથ્થા અંગે શ્રી. ચિતાનંદે લખેલા તા. ૧૬-૧૨-૧૯૭૦ના પત્રની નકલ તેમણે યુનિવર્સિટીને જાણ માટે મોકલી હતી.

(ઘ) (૨) સ્થાનિક તપાસસમિતિએ તેના અહેવાલમાં નીચે મુજબ નોંધ કરી હતી :

"...આચાર્ય, રેકટર વગેરે માટે ભાડામુકત મકાનની વ્યવસ્થા છે; પણ આચાર્યશ્રી પાસે શરૂઆતમાં ભાડા અંગે નિયમ પ્રમાણે ભાડું ન લેતાં કંઈક લેવાનું રાખ્યું છે, જે બરોબર નથી. નક્કી એરિયાવાળું ભાડામુકત મકાન આચાર્યને મળે એ ખાસ જોવું જોઈએ."

(ઘ) (૩) આ અંગે કૉલેજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ટી. પી. ચિતાનંદને તા. ૧૨-૫-૧૯૬૮ના રોજની કેળવણીમંડળની મીટિંગમાં બીજા ઉમેદવારો સાથે બોલાવવામાં

આવેલા અને મીટિંગમાં ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ટી. પી. ચિતાનંદને તેમના સ્કેલ રૂ. ૭૨૦-૪૦-૧,૦૦૦માં બે ઇન્ક્રીમેન્ટની તેમની વધુ માગણીથી તેમને બેઝિક પગાર રૂ. ૮૦૦ કરી આપવામાં આવેલો, અને તે વખતે મકાન અંગે પણ મીટિંગમાં તેમની રૂબરૂ ચર્ચા થયેલી અને મકાનભાડું રૂ. ૧૦૦ (અંકે રૂપિયા સો) માસિક આપવા નક્કી થયેલું, જેના ઠરાવની નકલ સામેલ છે. તેઓએ જે મકાન પસંદ કરેલું તે મકાન તેમની અંગત જરૂરિયાત માટે સ્પેશિયસ મકાન અંગત રીતે જરૂરી હોવાથી યુનિવર્સિટી રૂલ્સ મુજબ ૯૦૦ સ્કવેરફીટના મકાનને બદલે તેમને ૧૧૦૩·૯ સ્કવેરફીટવાળું મકાન તેમણે પસંદ કરવાથી વધારાની જગ્યાના, વધારાના ભાડાનો પ્રશ્ન તેમની રૂબરૂમાં ખુલાસો કરતાં તેઓએ તે વધારાની જગ્યાનું ભાડું માસિક રૂ. ૪૨--૦૦ પ્રમાણે તેઓ આપવા સંમત થયેલા. અને તેથી મંડળે માસિક રૂ. ૧૦૦ મકાનભાડા પેટે આપવા તેમની હાજરીમાં ઠરાવ કરેલો, જેથી તેમની પસંદગીવાળું યુનિવર્સિટી રૂલ્સ કરતાં વધારે સ્પેસવાળું જેનું ફૂમકાનભાડું રૂ. ૧૪૨ થાય. તેમાંથી મંડળે રૂ. ૧૦૦ અને પ્રિન્સિપાલે બાકીના રૂ. ૪૨ આપવા સંમત થવાથી તેમની નિમણૂક આચાર્ય તરીકે તે જ દિવસે આપવામાં આવેલી જે તેમણે સ્વીકારેલી. અને તે મુજબ દર માસે રૂ. ૪૨ પ્રમાણે યુનિવર્સિટી રૂલ્સ કરતાં વધારાની જગ્યાના વપરાશના ભાડાના તેઓ આપતા હતા અને તે મુજબ મકાનમાલિકને ભાડું ચૂકવાનું હતું. આ રીતની શરતે તેઓએ એપોઇન્ટમેન્ટ લીધેલ હોઈ વધારાની જગ્યાના વપરાશના ભાડાની રકમ તેઓએ રાજીખુશીથી તેમના ટેન્યોર દરમિયાન કપાવેલ છે અને મંડળે પણ જેન્ટલમેનના પ્રોમીસ અને વર્ડને વળગી વર્તાવ કરેલ છે. આ સંજોગોમાં અમારી સંસ્થાએ હવે તેમને કોઈ રકમ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેમની પાસેથી અમોએ કોઈ મકાનભાડું ઉપરોક્ત વિગતે લીધેલ નથી."

(ઘ) (૪) તે અંગે કૉલેજનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

(ઙ) (૫) ઉપર પ્રશ્ન ૧ (ધ) (૩)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) બી.એસસી. કક્ષાએ કેમિસ્ટ્રી મુખ્ય વિષય તરીકે શીખવાતો હોય ત્યાં ઑર્ગેનિક, ઇનઑર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રી માટે જુદા શિક્ષકો નીમવાના યુનિવર્સિટીએ કોઈ નિયમો કર્યા હોય તો તે નિયમો જણાવો.

(ખ) જો આવા નિયમો હોય તો પછી કઈ કઈ કૉલેજોએ તે નિયમો પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરી નથી?

ઉત્તર ૨ : (ક) પ્રસ્તુત નિયમ નીચે પ્રમાણે છે:

In the colleges which teach Chemistry as a Principal subject at B.Sc. level, at least one teacher in each branch Organic, Inorganic and Physical Chemistry, as the case may be, should be appointed.

(ખ) યુનિવર્સિટીને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ આવી કોઈ કૉલેજ જાણાઈ નથી.

પ્રશ્ન ૩ : ગોધરાની આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ અંગે નીચેની માહિતી આપવા વિનંતી છે :

(ક) (૧) કૉલેજમાં નવા નિમાયેલા ડેમોન્સ્ટ્રેટર શ્રી. આર. એમ. શાહ, શ્રી. એચ. એસ. પટેલ, શ્રી. કે. સી. જોશી અને શ્રી. આર. આર. પટેલને હાલ કેટલો બેઝિક પગાર + મોંઘવારી ભથ્થું + ઘરભાડા ભથ્થું ચૂકવાય છે ?

(ક) (૨) યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો પ્રમાણે તે ચૂકવાય છે કે કેમ ? યુનિવર્સિટીનો આ અંગેનો અભિપ્રાય જણાવશો ?

(ક) (૩) (૧) આ શિક્ષકોએ યુનિવર્સિટીને તે અંગે ફરિયાદ કયારે કરી ? અને

(૨) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી છે ?

(ક) (૪) કૉલેજે તે અંગે જો કોઈ જવાબ આપ્યો હોય તો તેની વિગતો આપશો.

(ક) (૫) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે આ શિક્ષકોને બેઝિક પગાર + મોંઘવારી ભથ્થું + ઘરભાડા ભથ્થું કેટલું મળવું જોઈએ ?

ઉત્તર ૩ : (ક) (૧) સદરહુ ડેમોન્સ્ટ્રેટરોને નીચે પ્રમાણે મૂળ પગાર, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું ચૂકવાય છે :

ક્રમાંક	ડેમોન્સ્ટ્રેટરનું નામ	મૂળ પગાર	મોંઘવારી ભથ્થું	ઘરભાડા ભથ્થું
		રૂ.	રૂ.	રૂ. પૈ.
૧.	શ્રી. આર. એમ. શાહ	૨૫૦	૧૫૩	૧૨--૫૦
૨.	શ્રી. એચ. એસ. પટેલ	૨૫૦	,,	,,
૩.	શ્રી. કે. સી. જોશી	૨૫૦	,,	,,
૪.	શ્રી. આર. આર. પટેલ	૨૫૦	,,	,,

(ટચૂટર)

(ક) (૨) મૂળ પગાર તેમ જ ઘરભાડા ભથ્થું યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો પ્રમાણે ચૂકવાતું નથી.

(ક) (૩) (૧) સદરહુ શિક્ષકોની ફરિયાદ યુનિવર્સિટી કાર્યાલયને તા. ૭--૨--૧૯૭૨ના રોજ મળી છે.

(૨) યુનિવર્સિટી કાર્યાલયે કૉલેજના આચાર્યનું વકતવ્ય મંગાવ્યું છે.

(ક) (૪) કૉલેજે આ અંગે નીચે પ્રમાણે જણાવ્યું છે : "યુનિ.ના નં. સિ. ૬૦૨૬/૧૯૭૧, તા. ૧--૫--૧૯૭૧ના પાના નં. ૪ ઉપર તા. ૧૫--૬--૧૯૭૧ પછી નવી નિમણૂકો માટે મર્જ્ડ અને અનમર્જ્ડનો મોંઘવારીનો તફાવત મૂળ પગારમાં ઉમેરવો એવું સ્પષ્ટ થતું નથી, જેથી તેઓને રૂ. ૨૫૦+૧૫૩+૧૨·૫૦ ઘરભાડું આપવામાં આવે છે."

(૬) (૫) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે સદરહુ શિક્ષકોને નીચે મુજબ બેઝિક પગાર, મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું મળવું જોઈએ :

બેઝિક પગાર	રૂ. ૨૯૫--૦૦
મોંઘવારી ભથ્થું	રૂ. ૧૫૩--૦૦
ઘરભાડા ભથ્થું	રૂ. ૧૪--૭૫
કુલ	રૂ. ૪૬૨--૭૫

પ્રશ્ન ૩ : (ખ) (૧) ભૂતપૂર્વ આચાર્ય સી. સી. શાહ તથા શ્રી. તલાટીને ગોધરા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજે તેમની લેણી રકમ ન ચૂક્વ્યા બાબતની ફરિયાદ યુનિવર્સિટીને ક્યારે મળી ?

(ખ) (૨) યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં ભર્યાં ?

(ખ) (૩) સંસ્થાએ આ અંગે કોઈ જવાબ આપ્યો હોય તેની વિગતો આપશો.

(ખ) (૪) સંસ્થા તેમને આ લેણી રકમ કઈ તારીખ સુધીમાં ચૂકવવા માગે છે ?

ઉત્તર ૩ : (ખ) (૧) અને (૨) : સદરહુ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય સી. સી. શાહ કે શિક્ષક શ્રી. તલાટી તરફથી કોઈ ફરિયાદ મળી નથી; પરંતુ તા. ૨૯/૩૦--૯--૧૯૭૧, તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની સભામાં થયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં સદરહુ કૉલેજે ભૂતપૂર્વ આચાર્ય સી. સી. શાહનું વેતન બાકી હોવાનું જણાવતાં પત્રવ્યવહાર આરંભાયો હતો.

ઉત્તર ૩ : (ખ) (૩) અને (૪) : કૉલેજે ભૂતપૂર્વ આચાર્ય સી. સી. શાહને યુનિ.ના નિયમ મુજબ પગાર તા. ૨૩--૨--'૭૨ના રોજ ચૂકતે આપી દીધો છે, જ્યારે શ્રી. તલાટી નામની વ્યકિત " છેલ્લા સમયથી નથી " તેમ જણાવ્યું છે.

પ્રશ્ન ૪ : એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ અંગે નીચેની માહિતી આપવા વિનંતી છે :

(ક) તા. ૧૫--૬--૧૯૭૧થી નિયુકત કરેલા આંકડાશાસ્ત્રના ટ્યૂટર શ્રી. એસ. એમ. પટેલને હાલ કેટલો બેઝિક પગાર + મોંઘવારી ભથ્થું + ઘરભાડું ચૂકવવામાં આવે છે ?

(ખ) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કેટલો બેઝિક પગાર+મોંઘવારી ભથ્થું+ઘરભાડું તેઓને મળવું જોઈએ ?

(ગ) (૧) યુનિવર્સિટીને આ અંગે શિક્ષકે ફરિયાદ ક્યારે કરી ?

(૨) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

(ઘ) કૉલેજનો તે અંગે જો કોઈ જવાબ હોય તો માહિતી **આપશો ?**

ઉત્તર ૪ : (ક) આંકડાશાસ્ત્રના ટ્યૂટર શ્રી. એસ. એમ. પટેલને નીચે પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે એમ કૉલેજે જણાવ્યું છે :

પગાર : રૂ. ૨૫૦--૦૦

મોંઘવારી ભથ્થું : રૂ. ૧૩૭--૦૦

ઘરભાડા ભથ્થું : રૂ. ૧૨--૫૦.

(ખ) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે રૂ. ૨૯૧ બેઝિક પગાર, રૂ. ૧૫૩ મોંઘવારી ભથ્થું અને રૂ. ૧૪--૭૫ ઘરભાડા ભથ્થું એ ભાઈને હાલ મળવું જોઈએ.

(ગ) (૧) યુનિવર્સિટીને આ અંગે શ્રી. પટેલ તરફથી કોઈ ફરિયાદ મળી નથી.

(૨) યુનિવર્સિટીને ફરિયાદ મળી નહોતી તેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઊભો થયો નહોતો.

(ઘ) પ્રશ્ન ૪(ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જણાવ્યું કે યુનિવર્સિટીએ પ્રશ્ન ૪(ગ)માં જે જવાબ આપ્યો છે તે અંગે મારી પાસે ફરિયાદની નકલ છે તે કુલપતિશ્રીને આપું છું. યુનિવર્સિટી તે અંગે યોગ્ય કરશે.

પ્રશ્ન ૫ : સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

(ક) (૧) કૉલેજમાંથી માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. સી. બી. દવે કયારે છૂટા થયા ?

(૨) કૉલેજે તેમને પ્રૉવિડંટ ફંડની રકમ ચૂકવી છે કે કેમ? ચૂકવી હોય તો કયારે ચૂકવી ? ન ચૂકવી હોય તો કઈ તારીખ સુધીમાં સંસ્થા ચૂકવશે ?

ઉત્તર ૫ : (ક) (૧) તા. ૧૫--૬--૧૯૭૧થી.

(૨) કૉલેજે તેના તા. ૧૮--૨--૧૯૭૨ના પત્રાંક પી.એફ. ૩૨--૨૦૧૪થી જણાવ્યું છે કે બાકી નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરી દીધી છે.

પ્રશ્ન ૫ : (ખ) (૧) કૉલેજે યુ.જી.સી. પગારધોરણનો અમલ કર્યો ત્યારે પ્રો. સી. બી. દવે તે સંસ્થામાં પ્રોફેસરના પદ પર હોવા છતાં યુનિવર્સિટીના ઠરાવ પ્રમાણે તેમને તા. ૧--૪--૧૯૬૬થી રૂ. ૪૦૦--૩૦--૬૪૦-૪૦--૮૦૦ના પગારધોરણમાં મૂકવામાં આવેલા નથી તે હકીકત સાચી છે ?

(૨) તે પછી સંસ્થાએ શ્રી. દવેને આ પગારધોરણમાં મૂકવાની જો કોઈ કાર્યવાહી કરી હોય તો તે જણાવશો ? એ કાર્યવાહીની પ્રો. દવેને જાણ કરી છે કે કેમ ?

(૩) આ પગારધોરણ પ્રમાણે શ્રી. દવેને ચૂકવવાની થતી એરિયર્સની રકમ સંસ્થા કઈ તારીખ સુધીમાં ચૂકવશે ?

(૪) (ક) યુનિવર્સિટીને તે અંગે ફરિયાદ કયારે મળી ?

(ખ) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

ઉત્તર ૫ : (ખ) (૧) હા, જી.

(૨) કૉલેજને પુછાવતાં નીચે મુજબ ઉત્તર મળ્યો છે :

"શ્રી. સી. બી. દવેને સિનિયર સ્કેલમાં મૂકી જુનિયર-સિનિયર સ્કેલના તફાવતની રકમ ચૂકવી દેવામાં આવી છે."

(૩) કૉલેજે તે રકમ તા. ૨૭--૨--૧૯૭૨ના રોજ ચેકથી પ્રો. સી. બી. દવેને મોકલી છે, એમ કૉલેજે યુનિવર્સિટી કાર્યાલયને જણાવ્યું છે.

(૪) (ક) તા. ૧૧--૮--૧૯૭૧ના રોજ.

અને

(ખ) આ અંગે કૉલેજનું વકતવ્ય મંગાવવામાં આવ્યું હતું અને તેના સંદર્ભમાં જરૂરી સ્પષ્ટતા કૉલેજને કરવામાં આવતાં પ્રશ્ન ખ (૨)ના ઉત્તરમાં જણાવ્યા મુજબ નિર્ણય લેવાયો છે.

પ્રશ્ન ૫ : (ગ) (૧) પ્રોફેસર પાઠકજી તા. ૧--૪--૧૯૬૬ના રોજ પ્રોફેસર હોવા છતાં તેમને પણ યુનિવર્સિટીના ઠરાવ પ્રમાણે રૂ. ૪૦૦--૩૦--૬૪૦--૪૦--૮૦૦ના પગારધોરણમાં મૂકીને તેમને ચૂકવવાની થતી એરિયર્સ હજી સુધી સંસ્થાએ ચૂકવી નથી તે હકીકત સાચી છે ?

(૨) (ક) યુનિવર્સિટીને આ અંગે ફરિયાદ કયારે મળી ?

(ખ) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

(૩) સંસ્થા તે રકમ શ્રી. પાઠકજીને કઈ તારીખ સુધીમાં ચૂકવશે ?
આ અંગે સંસ્થાએ શી કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૫ : (ગ) (૧) હા, જી.

(૨) (ક) તા. ૨૭--૮--૧૯૭૧ના રોજ.

(ખ) આચાર્યશ્રી પાસેથી તે અંગે વકતવ્ય મંગાવવામાં આવ્યું હતું.

(૩) આ અંગે કૉલેજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"પ્રોફેસર પાઠકજી સરકારી નિવૃત્ત અધિકારી હોઈ તા. ૬--૬-૧૯૭૦ના જી.આર.ની કલમ ૫ પ્રમાણે તેમનું પે-ફિકસેશન ન થઈ શકે. તેમને આપવાના પગાર પર ૧૦૦ ટકા નહિ તો છેવટે નોર્મલ ગ્રાન્ટ મળી શકે કે કેમ તેની ચોખવટ થયેથી આ પરત્વે વિચારણા કરવાનું વિચાર્યું છે."

પ્રશ્ન ૫ : (ઘ) (૧) કૉલેજે જૂન ૧૯૭૨થી કોઈ વિષય બંધ કરવાની જાણ યુનિવર્સિટીને અત્યાર સુધીમાં કરી છે ખરી ?

(૨) યુનિવર્સિટીના નવા નિયમો પ્રમાણે વિષય બંધ કરવો હોય તો જે કાર્યવાહી કૉલેજે તે પહેલાં કરવાની રહે છે તે નિયમો જણાવશો ?

ઉત્તર ૫ : (ઘ) (૧) હા, જી.

(૨) ઑર્ડિનન્સ ૧૨૦-એફ મુજબ કાર્યવાહી કરવાની રહે.

પ્રશ્ન ૬ : ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે:

(ક) (૧) નૉન-ટેકનિકલ સ્ટાફને નવાં યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે અને યુનિવર્સિટીના ઠરાવ પ્રમાણે પગારો ચૂકવાય છે ખરા ?

(૨) યુનિવર્સિટીને તે અંગે કોઈ ફરિયાદ મળી છે ખરી ?

(ખ) સંસ્થાના અધ્યાપકોને છેલ્લા કેટલાક માસથી બિલકુલ પગારો ચૂકવાયા નથી તેવી કોઈ ફરિયાદ યુનિવર્સિટીને મળી છે ખરી ?

(ગ) ઉપરના બન્ને પ્રશ્નો અંગે યુનિવર્સિટીને જો ફરિયાદ મળી હોય તો યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી છે ?

(ઘ) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે સંસ્થા બધા જ અધ્યાપકોને કઈ તારીખ સુધીમાં તેમના પગારની બાકી રકમ ચૂકવી દેવા માંગે છે?

ઉત્તર ૬ : (ક) (૧) ના, જી.

(૨) હા, જી.

(ખ) હા, જી.

(ગ) સદરહુ બન્ને બાબતો અંગે કૉલેજના આચાર્યશ્રીને જરૂરી ચુકવણી કરવા માટે અનેક વાર લખવામાં આવ્યું હતું, પણ તેમણે કશી દાદ દીધી નહિ. તેથી આ બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવતાં સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યું :

"ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તેના નૉન-ટેકનિકલ શિક્ષકગણને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પગાર(ભથ્થાં સહિત)ની ચુકવણી કરીને તા. ૧૫--૩--૧૯૭૨ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરે તો જ ઑકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ સેનેટને જોડાણ માટે ભલામણ કરવામાં આવે, અન્યથા જોડાણ ન આપવું તેમ ભલામણ કરવી."

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવની જાણ સદરહુ કૉલેજને કરવામાં આવતાં, આચાર્યશ્રીએ નીચે મુજબ જણાવ્યું છે:

"...નૉન-ટેકનિકલ સ્ટાફનો પાછલો જે ફકત ચાર માસનો પગાર બાકીમાં છે તે માર્ચ ૧૯૭૨ના અંત પહેલાં ચૂકવી દેવામાં આવશે.

ટેકનિકલ સ્ટાફનો કોઈ પગાર બાકીમાં નથી જેથી ચૂકવવાનો પ્રશ્ન નથી...."

પ્રશ્ન ૭: (ક) છોટાઉદેપુર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાંથી છૂટા થયેલા અધ્યાપક જી. એલ. ઉપાધ્યાયને તેમના પ્રૉવિડંટ ફંડની રકમ ન ચૂકવાયા અંગેની માહિતી આ અગાઉ સેનેટ સભા સમક્ષ રજૂ થઈ હતી તો સંસ્થાએ તે રકમ શ્રી. ઉપાધ્યાયને ચૂકવી દીધી છે કે કેમ ?

(ખ) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ? સંસ્થાનો છેવટનો શો જવાબ છે?

(ગ) સંસ્થા તે રકમ અધ્યાપકને કઈ તારીખ સુધીમાં ચૂકવી દેવા માંગે છે ?

ઉત્તર ૭ : (ક) હા, જી.

(ખ) ઉપર પ્રશ્ન ૭ (ક)નો ઉત્તર જોતાં યુનિ. કાર્યાલયે વિશેષ કાંઈ કરવાની જરૂર રહી નહિ.

(ગ) પ્રશ્ન ૭ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : (ક) પ્રા. મહેન્દ્ર મહેતાને દહેગામ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાંથી તથા પ્રો. જનીને ભવન્સ કૉલેજ, ડાકોરમાંથી યુનિવર્સિટીના નિયમોને અવગણીને છૂટા કરવામાં આવ્યા છે તે ફરિયાદ યુનિવર્સિટીને કયારે મળી ?

(ખ) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

(ગ) યુનિવર્સિટી સિન્ડિકેટે નીમેલી સમિતિએ આ બંનેની બાબતમાં શો નિર્ણય આપ્યો છે ?

(ઘ) યુનિવર્સિટીએ તે સમિતિની ભલામણો પર છેવટનો નિર્ણય શો લીધો છે ?

ઉત્તર ૮ : (ક) અનુક્રમે તા. ૨૫--૫--૧૯૭૧ના રોજ તથા તા. ૩--૩--૧૯૭૦ના રોજ.

(ખ) ઑર્ડિ.૧૨૦--ડીમાં જણાવેલ એક પણ કારણ દર્શાવ્યા સિવાય શ્રી. એમ. એન. મહેતાને ફારેગ કર્યા હોવાથી સદરહુ બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવતાં સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં કરેલ ઠરાવ અનુસાર શ્રી. મહેતાની સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે તેમને તાકીદે પુનઃ નોકરીમાં લઈ લેવા માટે સદરહુ કૉલેજને જણાવવામાં આવ્યું.

સિન્ડિકેટના ઠરાવનું પાલન ન થતાં ફરી તે બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવતાં શ્રી. એમ. એન. મહેતાને રૂબરૂમાં બોલાવીને ફરિયાદનાં સઘળાં પાસાં તપાસવા માટે સિન્ડિકેટે એક સમિતિની રચના કરી.

ભવન્સ કૉલેજ, ડાકોરમાંથી પ્રો. જનીને છૂટા કરવામાં આવ્યા અંગેની ફરિયાદ પ્રો. જની તરફથી યુનિવર્સિટીને મળી નથી, પરંતુ વેકેશન પગાર નહિ મળવા બાબતમાં તેમના તરફથી જે ફરિયાદ આવી હતી તેના સંદર્ભમાં કૉલેજને જણાવતાં વેકેશન પગાર પ્રો. જનીને ચૂકવી આપ્યાનું કૉલેજે જણાવ્યું છે. પ્રો. જનીએ તે મળી ગયાની જાણ યુનિવર્સિટી કાર્યાલયને કરી છે.

(ગ) સમિતિએ કોઈ નિર્ણય આપ્યો નથી.

(ઘ) સદરહુ સમિતિની ભલામણો હજી સિન્ડિકેટની વિચારણા હેઠળ છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઑર્ડિ. ૧૨૦--ડીનો ભંગ થયો છે તે પછી તપાસ કરવા માટે કઈ સમિતિ નીમી ? વિશેષમાં હવે કઈ તપાસ કરવાની છે ? અને સમિતિએ જે રિપોર્ટ કર્યો તેની વિગતો રજૂ કરવા વિનંતી કરું છું.

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે સિન્ડિકેટે એક સમિતિ નીમી છે અને તેનો અહેવાલ સિન્ડિકેટની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૯ : બી. ડી. કૉલેજ, અમદાવાદ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

(ક) બી. ડી. કૉલેજમાંથી ૧૯૬૪--૬૫, ૧૯૬૫--૬૬, ૧૯૬૬--૬૭, ૧૯૬૭--૬૮, ૧૯૬૮--૬૯, ૧૯૬૯--૭૦ અને ૧૯૭૦--૭૧નાં વર્ષો દરમ્યાન કયા કયા અધ્યાપકો છૂટા થયા અથવા છૂટા કરવામાં આવ્યા ?

(ખ) આ અધ્યાપકો છૂટા થયા ત્યારે તેમને કેટલો માસિક બેઝિક પગાર + મોંઘવારી ભથ્થું + ઘરભાડું ચૂકવાનું હતું ?

(ગ) યુનિવર્સિટીના ઠરાવો પ્રમાણે છૂટા થયેલા એ અધ્યાપકોને મોંઘવારી ભથ્થાની પૂરેપૂરી રકમ ચૂકવવામાં આવી છે કે કેમ ?

(ઘ) ૧૯૬૯--૭૦ અને ૧૯૭૦--૭૧ના વર્ષમાં છૂટા થયેલા શિક્ષકોને પ્રૉવિડંટ ફંડના નવા નિયમો પ્રમાણે સંસ્થાએ ચૂકવવાની થતી રકમ પૂરેપૂરી ચૂકવી છે ખરી ? જો ચૂકવી હોય તો તે રકમ દરેક અધ્યાપકને કેટલી, કેમ, કયારે ચૂકવી ?

ઉત્તર ૯ : કૉલેજ તરફથી ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૧"**માં આપવામાં આવી છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે જવાબ પરિશિષ્ટ (૧)માં આપવામાં આવ્યો છે તે અધૂરો છે તેની જાણ કરું છું. શ્રી. જગદીશ વ્યાસ અને બીજા છૂટા થયેલા પંદર અધ્યાપકોનાં નામ આપવામાં આવ્યાં નથી તે હકીકત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : કૉલેજો પાસેથી આવેલી માહિતી ઉપરથી જવાબ આપવામાં આવ્યા છે.

પ્રા. અંબુભાઈએ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શ્રી. મંજુલા ડી. નાયકને ડી.એ.ની બાકીની રકમ હજુ સુધી ચૂકવવામાં આવી નથી તે હકીકત સાચી છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તે અંગે તપાસ કરીને કહી શકાય.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૪ અધ્યાપકો જેમને છૂટા કરવામાં આવ્યા છે તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રૉવિડન્ટ ફન્ડની રકમ ચૂકવાઈ નથી તો આપ તે અંગે તપાસ કરી કાર્યવાહી કરશો.

કુલપતિશ્રીનો ઉત્તર : સારુ.

પ્રશ્ન ૧૦ : (ક) એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. એન. એચ. પટેલને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પ્રૉવિડંટ ફંડની પૂરી રકમ ન ચૂકવાઈ હોવાની યુનિવર્સિટીને ફરિયાદ કયારે મળી ?

(ખ) (૧) સંસ્થાએ તે રકમ અધ્યાપકને ચૂકવી છે કે કેમ ?

(૨) જો ન ચૂકવી હોય તો યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી છે ?

(ગ) સંસ્થાનો આ અંગે જો કાંઈ જવાબ હોય તો તેની વિગત આપશો ?

(ઘ) સંસ્થા આ રકમ કઈ તારીખ સુધીમાં ચૂકવી દેવા માગે છે ?

(ચ) (૧) યુનિવર્સિટીના પ્રૉવિડંટ ફંડના નવા નિયમો આ સંસ્થાએ અમલી બનાવ્યા છે કે કેમ ?

(૨) જો અમલી બનાવ્યા હોય તો પછી શ્રી. એન. એચ. પટેલને તેમની પૂરેપૂરી રકમ હજી સુધી કેમ ચૂકવાઈ નથી ?

ઉત્તર ૧૦ : (ક) તા. ૧૪--૧૨--૧૯૭૦ના રોજ.

(ખ) (૧) ના, જી.

(૨) સદરહુ કૉલેજને શ્રી. એન. એચ. પટેલની પ્રૉવિડંટ ફંડની લેણી રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે.

(ગ) પ્રૉવિડંટ ફંડના નિયમોને અમલી બનાવવાનું કાર્ય અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની વિચારણા હેઠળ છે એમ કૉલેજ તરફથી જણાવાયું છે.

(ઘ) પ્રશ્ન ૧૦(ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

(ચ) પ્રશ્ન ૧૦(ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

આચાર્ય એન. બી. જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પ્રૉવિડન્ટ ફંડ ચૂકવવામાં આવશે તેની કોઈ મર્યાદા છે ?
કુલપતિશ્રીનો ઉત્તર : સામાન્ય રીતે મળી જવું જોઈએ.
પ્રો. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
ત્રણ મહિનામાં ચૂકવવું જોઈએ એવો નિયમ છે ?
કુલપતિશ્રીનો ઉત્તર : નથી, પણ વેળાસર ચૂકવાઈ જાય એ ઇચ્છનીય છે.

પ્રશ્ન ૧૧ : (ક) પ્રા. એમ. એચ. પટેલને મોડાસામાં ચાલતા ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં બીજા સત્રમાં અઠવાડિયાનાં કેટલાં વ્યાખ્યાનો લેવાનું કામ સોંપાયું છે ?

ઉત્તર ૧૧ : (ક) કેન્દ્રે મોકલેલ સમયપત્રક પરથી કુલ ૧૨ (બાર) વ્યાખ્યાનોનું કામ ફાળવ્યાનું જણાય છે.

પ્રશ્ન ૧૧ : (ખ) તેઓએ તે અનુસ્નાતક કેન્દ્રમાં બીજા સત્રમાં નવેંબર, ડિસેંબર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં કેટલાં વ્યાખ્યાનો આપ્યાં છે ?

ઉત્તર ૧૧ : (ખ) કેન્દ્રે મોકલેલ સમયપત્રક પરથી વ્યાખ્યાનોની સંખ્યા નીચે મુજબ થાય છે :
નવેંબર ૧૯૭૧માં ૪ વ્યાખ્યાનો
ડિસેંબર ૧૯૭૧માં ૨ વ્યાખ્યાનો
જાન્યુઆરી ૧૯૭૨માં ૪ વ્યાખ્યાનો
ફેબ્રુઆરી ૧૯૭૨માં ૨ વ્યાખ્યાનો.

પ્રશ્ન ૧૨ : (ક) પ્રા. જે. આર. પટેલને તલોદના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં બીજા સત્રમાં અઠવાડિયામાં કેટલાં વ્યાખ્યાનો લેવાનું કામ સોંપાયું હતું ?

ઉત્તર ૧૨ : (ક) પ્રા. જે. આર. પટેલને તલોદના ગુજરાતી વિષયના અનુ. કેન્દ્રમાં બીજા સત્રમાં અઠવાડિયે બે વ્યાખ્યાનનું કામ સોંપવામાં આવેલું છે.

પ્રશ્ન ૧૨ : (ખ) તેઓએ નવેંબર, ડિસેંબર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં કેટલાં વ્યાખ્યાનો લીધાં છે ?

ઉત્તર ૧૨ : (ખ) નવેંબર ૧૯૭૧—એક પણ નહીં.

ડિસેંબર ૧૯૭૧—૨
જાન્યુઆરી ૧૯૭૨—૮
ફેબ્રુઆરી ૧૯૭૨—૪
માર્ચ ૧૯૭૨—૨.

પ્રશ્ન ૧૩ : મોડાસા સાયન્સ કૉલેજ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

(ક) (૧) મોડાસા સાયન્સ કૉલેજમાં તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધી સેવા આપીને છૂટા થયેલા અધ્યાપકશ્રી એમ. જે. પટેલને તેમનું પ્રૉવિડન્ટ ફંડ ચૂકવાયું નથી એવી ફરિયાદ યુનિવર્સિટીને કયારે મળી ?

(૨) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

(૩) કૉલેજે તે અંગે શો જવાબ આપ્યો ?

(૪) કૉલેજ આ પ્રૉવિડંટ ફંડની રકમ અધ્યાપકને કયારે ચૂકવવા માંગે છે ?

(૫) આ અધ્યાપકને એપ્રિલ ૧૯૭૧ની યુનિવર્સિટી પરીક્ષામાં લેબોરેટરી સુપરવાઈઝર તરીકે સેવા આપ્યા બદલ યુનિવર્સિટીએ સંસ્થાને તેનું વેતન કયારે મોકલી આપ્યું ?

(૬) સંસ્થાએ તે વેતન શિક્ષકને ચૂકવ્યું છે ખરું ?

(૭) જો ચૂકવ્યું હોય તો કયારે?

ઉત્તર ૧૩ : (ક) (૧) તા. ૬—૧—૧૯૭૨ના રોજ.

(૨) આ અંગે કૉલેજનું વકતવ્ય મંગાવ્યું છે.

(૩) અને (૪): કૉલેજે જણાવ્યું છે કે શ્રી. એમ. જે. પટેલની પી.એફ.ની રકમનો ચેક તૈયાર છે અને આચાર્ય બહારગામથી આવ્યેથી ચેક મોકલી આપવામાં આવશે.

(૫) તા. ૨૪—૬—૧૯૭૧ના રોજ.

(૬) હા, જી.

(૭) તા. ૨૩–૧૨–૧૯૭૧ના રોજ.

પ્રશ્ન ૧૩ : (ખ) (૧) મોડાસા સાયન્સ કૉલેજ તરફથી પ્રા. એમ. જે. પટેલને યુ.જી.સી. ધોરણો પ્રમાણે જે એરિયર્સ ચૂકવવાનાં થાય તેમાંથી અત્યાર સુધીમાં માત્ર બેઝિક પગારના એરિયર્સની ૩૫ ટકા રકમ ચૂકવી છે, પરંતુ તે પ્રમાણે થતી મોંઘવારી ભથ્થા તથા ઘરભાડાની રકમ હજુ સુધી ચૂકવી નથી એ હકીકત સાચી છે?

(૨) યુનિવર્સિટીને આવી ફરિયાદ શિક્ષકે કયારે કરી ?

(૩) યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી ?

(૪) કૉલેજનો આ અંગે શો જવાબ છે ?

(૫) કૉલેજ આ રકમ અધ્યાપકને કઈ તારીખ સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૩ : (ખ) (૧) હા, જી.

(૨) તા. ૬—૧—૧૯૭૨ના રોજ.

(૩) આ અંગે કૉલેજનું વકતવ્ય મંગાવ્યું છે.

(૪) અને (૫) : કૉલેજે જણાવ્યું છે કે શ્રી. એમ. જે. પટેલને યુ. ગ્રા. કમિશનના ધોરણ મુજબ બેઝિક પગારના ૭૫% ચૂકવી આપવામાં આવેલા છે જ. યુ.જી.સી. પગારધોરણ અંગે શિક્ષણ નિયામકશ્રીની કચેરી તરફથી છેવટનું કન્ફર્મેશન આવવાનું બાકી છે જે આવ્યેથી બાકીની રકમ ચૂકવી આપવામાં આવશે.

પ્રશ્ન ૧૪ : (ક) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં પાંચ વર્ષ સુધી અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવા આપીને જૂન ૧૯૭૧થી છૂટા થયેલા અધ્યાપક નાડકર્ણીને સંસ્થાએ માત્ર પ્રૉવિડંટ ફંડની શિક્ષકની કપાયેલી રકમ ચૂકવી છે, પરંતુ પ્રૉવિડંટ ફંડ પેટે યુનિ.ના નિયમો પ્રમાણે સંસ્થાએ ચૂકવવાની રકમ શ્રી. નાડકર્ણીને હજુ સુધી ચૂકવી નથી એવી કોઈ ફરિયાદ યુનિ.ને શિક્ષક તરફથી મળી છે ?

(ખ) યુનિ.એ તે અંગે શી કાર્યવાહી કરી ?

(ગ) સંસ્થા તે રકમ ચૂકવવા માગે છે કે કેમ? તેમ જ

(ઘ) કઈ તારીખ સુધીમાં તે ચૂકવવા માગે છે ?

ઉત્તર ૧૪ : (ક) હા, જી.

(ખ) તે અંગે કૉલેજના આચાર્યશ્રીનું વકતવ્ય મંગાવવામાં આવ્યું હતું.

(ગ) સંસ્થાએ તા. ૨૮--૨--૧૯૭૨ના પત્રથી તે રકમ ચૂકવ્યાનું જણાવ્યું છે.

(ઘ) ઉપર પ્રશ્ન ૧૪ (ગ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : (ક) બી. ડી. કૉલેજ, અમદાવાદમાંથી ૧૯૬૪--૬૫, ૧૯૬૫--૬૬, ૧૯૬૬--૬૭, ૧૯૬૭--૬૮, ૧૯૬૮--૬૯, ૧૯૬૯--૭૦ અને ૧૯૭૦--૭૧નાં વર્ષો દરમિયાન કયા કયા અધ્યાપકો છૂટા થયા અથવા છૂટા કરવામાં આવ્યા ?

(ખ) છૂટા થયા પછી એ અધ્યાપકોને યુનિવર્સિટીના ઠરાવો પ્રમાણે પૂરેપૂરું મોંઘવારી ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડ ચૂકવવામાં આવ્યું છે ખરું ?

(ગ) ૧૯૬૯--૭૦ અને ૧૯૭૦--૭૧ના વર્ષમાં છૂટા થયેલા અધ્યાપકોને પ્રૉવિડંટ ફંડની રકમો (અધ્યાપકોની કપાયેલી રકમ ઉપરાંત સંસ્થાએ ચૂકવવાની રકમ) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ચૂકવી છે ખરી ?

ઉત્તર ૧૫ : પ્રશ્ન ૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬ : (ક) પાટણ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા કયા કયા અધ્યાપકોને વળતર ચૂકવવાનું થાય છે?

(ખ) કૉલેજે તેઓને આ વળતર કઈ તારીખ સુધીમાં ચૂકવવાની યુનિ.ને ખાતરી આપી હતી?

(ગ) તે પ્રમાણે સંસ્થાએ તે રકમ અધ્યાપકોને ચૂકવી છે કે કેમ?

(ઘ) સંસ્થા હવે કઈ તારીખ સુધીમાં તે ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૬ : (ક) નીચેના અધ્યાપકોને વળતર ચૂકવવાનું થાય છે:

(૧) શ્રી. એન. એચ. શાહ

(૨) શ્રી. જે. પી. પટેલ

(૩) શ્રી. કે. એન. પટેલ

(૪) શ્રી. એન. એફ. સોની

(૫) શ્રી. એસ. એન. પટેલ.

(ખ) કૉલેજે આ શિક્ષકોને ડિસેંબર ૧૯૭૧ના અંત સુધીમાં વળતર ચૂકવવાની ખાતરી આપી હતી.

(ગ) હા, જી.

(ઘ) પ્રશ્ન ૧૬ (ગ)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

'નોટિસ પે'ની રકમ ચૂકવવાની બાકી છે તે ખરું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે જણાવ્યું છે કે નોટિસ પે ચૂકવી દેવો જોઈએ.

પ્રશ્ન ૧૭ : તલોદ સાયન્સ કૉલેજ અંગેની નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે:

(ક) ૧૯૭૧-૭૨ના વર્ષમાં ફિઝિક્સ વિભાગમાં કાર્યભાર (વ્યાખ્યાનો + ટયુટોરિયલ્સ + પ્રૅક્ટિકલ્સ) કેટલો છે?

(ખ) આ કાર્યભાર એ વિભાગના કયા કયા શિક્ષકોને કેટલો કેટલો ફાળવવામાં આવેલો છે?

(ગ) યુનિ.નાં હાલનાં ધારાધોરણ પ્રમાણે એ દરેક શિક્ષક વધુમાં વધુ કેટલો કાર્યભાર લઈ શકે તેમ છે?

(ઘ) એ વિભાગમાં કામ કરતા ડેમોન્સ્ટ્રેટર શ્રી. એ. એમ. પટેલને છૂટા કરવાની નોટિસ આપી છે એની જાણ યુનિ.ને આ પહેલાં સંસ્થાએ કે શિક્ષકે કરી છે ખરી?

(ચ) (૧) યુનિ.ના સુધારેલા કાર્યભારના નિયમો પ્રમાણે કોઈ પણ ચાલુ અધ્યાપકને આ નિયમો સુધારવાને કારણે છૂટા કરવામાં ન આવે એવી જોગવાઈ નિયમોમાં થયેલી છે કે કેમ? અને

(૨) થઈ હોય છતાં સંસ્થાએ તેની ઉપરવટ જઈને છૂટા કર્યા હોય તો યુનિ.એ તે અંગે અત્યાર સુધીમાં શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૧૭ : (ક) ઑ. ૯૬ અન્વયે મોકલેલ માહિતીમાં નીચે પ્રમાણે કૉલેજે જણાવ્યું છે:

વ્યાખ્યાન		૧૭
ટયુટોરિયલ		૬
પ્રૅક્ટિકલ		૩૦
કુલ	...	૫૩

(ખ) ઑ. ૯૬ અન્વયે મોકલેલ માહિતીમાં નીચે પ્રમાણેની ફાળવણી દર્શાવી છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	વ્યા.	ટ્યુ.	પ્રે.	કુલ
૧.	શ્રી. બી. આઈ. મહેતા	વ્યાખ્યાતા	૧૪	૩	—	૧૭
૨.	,, જી. આર. પટેલ	ટ્યૂટર	૩	૩	૧૫	૨૧
૩.	,, એ. એમ. પટેલ	ડેમોન્સ્ટ્રેટર	—	—	૧૫	૧૫

(ગ) ઑ. ૧૨૦—એ હેઠળ નિયત કર્યા પ્રમાણે.

(ઘ) હા, જી.

(ચ) (૧) જૂન ૧૯૭૩થી ટ્યુટોરિયલની સંખ્યા વધવાને કારણે કોઈને છૂટા કરી શકાય નહીં તેમ ઠરાવવામાં આવ્યું છે.

(૨) શ્રી. એ. એમ. પટેલની ફરિયાદ અંગે કૉલેજ પાસેથી સ્પષ્ટીકરણ મગાવવામાં આવ્યું છે.

ટ્યુટોરિયલની સંખ્યા વધવાને કારણે સ્ટાફ વધારે જોઈએ કે ઓછો જોઈએ ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે કાર્યભારની વહેંચણીને કારણે કોઈને છૂટા કરવાનો પ્રસંગ ઊભો થાય તો કોઈને તે કારણે છૂટા ન કરવામાં આવે તે આશય છે.

પ્રશ્ન ૧૮ : સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજના અધ્યાપક અરવિંદકુમાર ડી. ભટ્ટ વિષે નીચે મુજબની માહિતી પૂરી પાડવા વિનંતી છે.

(ક)(૧) શ્રી. અરવિંદકુમાર ભટ્ટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવા પ્રથમ અરજી ક્યારે કરી ?

ઉત્તર ૧૮ : (ક) (૧) શ્રી. અરવિંદકુમાર ભટ્ટની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ-શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી સૌપ્રથમ તા. ૨૨—૭—૧૯૬૮ના રોજ આ કાર્યાલયને મળી.

પ્રશ્ન ૧૮ : (ક) (૨) યુનિવર્સિટીએ એ અરજીને આધારે શ્રી. ભટ્ટને માન્યતા કેમ ન આપી ?

ઉત્તર ૧૮ : (ક) (૨) શ્રી. ભટ્ટને જરૂરી શૈક્ષણિક અનુભવ ન હોવાથી.

પ્રશ્ન ૧૮ : (ખ) શ્રી. ભટ્ટની આ અરજી પર વિચારણા કરતાં પહેલાં યુનિવર્સિટીએ કૉલેજ પાસે જે માહિતી માગી તેમાં કૉલેજે તેના તા. ૧૯—૯—૧૯૬૮ના પત્રાંક ૨૭૫થી એવી માહિતી આપી કે શ્રી. અરવિંદકુમાર ભટ્ટ જૂન ૧૯૬૩થી નહીં પરંતુ જૂન ૧૯૬૬થી વ્યાખ્યાતા તરીકે સેવા આપે છે એ હકીકત સાચી છે?

ઉત્તર ૧૮ : (ખ) શ્રી. ભટ્ટ જૂન ૧૯૬૩થી નહિ પણ જૂન ૧૯૬૬થી વ્યાખ્યાતા તરીકે કામ કરે છે, તેમ કૉલેજે તે વખતે જણાવેલ.

પ્રશ્ન ૧૮ : (ગ) કૉલેજે આપેલી આ માહિતીને આધારે યુનિવર્સિટીએ અધ્યાપક ભટ્ટને તેના તા. ૩૦--૯--૧૯૬૮ના પત્રાંક પી.જી.બી. નં. ૪૦૩૭૩--૧૯૬૮થી જાણ કરી

કે તમારો ઑ. ૬૫ ૧(૬) મુજબ લેક્ચરર તરીકેનો અનુભવ અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે પૂરતો નથી, માટે માન્યતા મળી શકે નહીં એ હકીકત સાચી છે?

ઉત્તર ૧૮ : (ગ) હા, જી.

પ્રશ્ન ૧૮ : (ઘ)(૧) શ્રી. ભટ્ટે તા. ૨૦--૧૨--૧૯૭૦ના રોજ યુનિવર્સિટીને લખેલા પત્રના જવાબમાં યુનિવર્સિટીએ શ્રી. ભટ્ટને તેના તા. ૬--૧--૧૯૭૧ના પત્રાંક પી.જી.બી. નં. ૩૮૨૭૪--૧૯૭૧ થી જણાવ્યું છે કે તેઓ અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૧થી માન્ય થવાને પાત્ર છે એ હકીકત સાચી છે?

ઉત્તર ૧૮ : (ઘ) (૧) હા, જી.

પ્રશ્ન ૧૮ : (ઘ) (૨) યુનિવર્સિટીએ કઈ માહિતીને આધારે શ્રી. ભટ્ટને આ પ્રમાણે જણાવ્યું?

ઉત્તર ૧૮ : (ઘ) (૨) શ્રી. ભટ્ટની તા. ૧૭--૭--૧૯૬૮ ની અરજીના અનુસંધાનમાં આચાર્યશ્રીએ આપેલી માહિતીના આધારે.

પ્રશ્ન ૧૮ : (ચ) (૧) યુનિવર્સિટીના તા. ૬--૭--૧૯૭૧ ના પત્ર પ્રમાણે શ્રી. ભટ્ટે પી.જી. માન્યતા માટે તા. ૩૦--૪--૧૯૭૧ના રોજ નવી અરજી કરીને કૉલેજના આચાર્યશ્રીને આપી છે તે અરજી આચાર્યશ્રીએ યુનિવર્સિટીને ફોર્વર્ડ કરી છે કે કેમ?

ઉત્તર ૧૮ : (ચ)(૧) ના, જી.

પ્રશ્ન ૧૮ : (ચ) (૨) જો ન કરી હોય તો કૉલેજે તે અંગે કોઈ લેખિત ખુલાસો આજ સુધીમાં યુનિવર્સિટીને કર્યો છે કે કેમ?

ઉત્તર ૧૮ : (ચ) (૨) હા, જી.

પ્રશ્ન ૧૮ : (છ) (૧) અધ્યાપક શ્રી. ભટ્ટની અરજી આચાર્યશ્રીને યુનિવર્સિટીને મોકલવા માટે તા. ૩૦--૪--૧૯૭૧ના રોજ આપી છે તેવી જાણ શ્રી. ભટ્ટે યુનિવર્સિટીને તા. ૨૮--૮--૧૯૭૧ના પત્રથી કરી છે તેના પર યુનિવર્સિટીએ શી કાર્યવાહી કરી?

ઉત્તર ૧૮ : (છ) (૧) શ્રી. ભટ્ટના તા. ૨૮--૮--૧૯૭૧ના પત્રના સંદર્ભમાં યુનિવર્સિટીએ શ્રી. ભટ્ટના પત્રની નકલ ઘટતું કરવા માટે આચાર્યશ્રીને મોકલી.

પ્રશ્ન ૧૮ : (છ) (૨) કૉલેજે યુનિવર્સિટીના આ પત્રનો કોઈ જવાબ આપ્યો હોય તો તેની વિગત આપશો.

ઉત્તર ૧૮ : (છ) (૨) આચાર્યશ્રીએ તેમના તા. ૧૧--૧૦--૧૯૭૧ના પત્રથી યુનિવર્સિટીને માહિતી આપી કે શ્રી. ભટ્ટે તેમની અરજીમાં શૈક્ષણિક અનુભવ અંગે સાચી માહિતી દર્શાવેલ ન હોવાથી તે અરજી યુનિવર્સિટીને મોકલવાનું તેમને યોગ્ય લાગ્યું નથી. ખરી હકીકત જણાવીને અરજી કરવા માટે શ્રી. ભટ્ટને મૌખિક સૂચના આપ્યાનું તથા તે અરજી આવ્યેથી યુનિવર્સિટીને મોકલી આપવાનું પણ કૉલેજે જણાવ્યું હતું.

પ્રશ્ન ૧૮:(જ)(૧) યુનિવર્સિટીએ તેના તા. ૧૨--૧૦--૧૯૭૧ના પત્રાંક સિ. ૧૦--૨૮૩૮૨થી શ્રી. ભટ્ટને એમ પુછાવ્યું છે કે તમો વ્યાખ્યાતા તરીકે કયારથી શૈક્ષણિક કાર્ય કરો છો એ હકીકત સાચી છે?

ઉત્તર ૧૮: (જ)(૧) હા, જી.

પ્રશ્ન ૧૮ : (જ) (૨) જો સાચી હોય તો આ પહેલાં કૉલેજે યુનિવર્સિટીને ઉપરના પ્રશ્ન (ખ) પ્રમાણે તેઓ જૂન ૧૯૬૬થી લેકચરર છે એમ આપેલી માહિતી હોવા છતાં એ જ માહિતી અધ્યાપક પાસેથી યુનિવર્સિટીને ફરીથી કેમ માગવી પડી?

ઉત્તર ૧૮ : (જ) (૨) શિક્ષક તરીકે એ ભાઈની નિમણૂક માન્ય થયેલી નહોતી તેથી.

પ્રશ્ન ૧૮ : (જ) (૩) શું કૉલેજે આ અંગે અગાઉ આપેલી માહિતીથી કોઈ બીજી માહિતી યુનિવર્સિટીને પૂરી પાડી છે ખરી?

ઉત્તર ૧૮ : (જ) (૩) સરદાર પટેલ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૯-૧-૧૯૭૨ના પત્રાંક ૧૨૮૫થી માહિતી મોકલી જણાવ્યું છે કે શ્રી. ભટ્ટની લેકચરર તરીકેની નિમણૂક જૂન ૧૯૬૭થી કરવામાં આવી છે અને શ્રી. ભટ્ટના સ્વીકૃતિપત્રની નકલ (ફોટોસ્ટેટ) પણ મોકલી છે.

પ્રશ્ન ૧૮ : (ઝ) અધ્યાપકના હોદ્દાની માન્યતા દરેક કૉલેજે ફરજિયાતપણે મેળવવાની હોય છે, તો તે પ્રમાણે આ સંસ્થાએ શ્રી. ભટ્ટની વ્યાખ્યાતા તરીકે માન્યતા કયારે અને કયા વર્ષના શિક્ષણકાર્ય માટે મેળવી હતી?

ઉત્તર ૧૮ : (ઝ) શ્રી. ભટ્ટની વ્યાખ્યાતા તરીકે માન્યતા સંસ્થાએ મેળવી નથી.

પ્રશ્ન ૧૮ : (ટ) કૉલેજે અધ્યાપકોને ફાવે તે રીતે નિમણૂકો આપીને કાર્યભાર ફાળવતી હોય, અને અધ્યાપકને પોતાના હોદ્દાની માન્યતા અંગેની કોઈ જાણ યુનિવર્સિટી કે કૉલેજ કરતી ન હોય ત્યારે તે અંગે યુનિવર્સિટી પાસે દરેક અધ્યાપકના હોદ્દાની માન્યતા અંગેનો અપ-ટૂ-ડેટ રેકર્ડ હોવો જોઈએ તેને બદલે શ્રી. ભટ્ટને યુનિવર્સિટી જેવી સંસ્થા ત્રણચાર વર્ષના પત્રવ્યવહારને અંતે એમ પુછાવે કે તમો વ્યાખ્યાતા તરીકે કયા વર્ષથી શિક્ષણકાર્ય કરો છો તે કેટલા અંશે યોગ્ય ગણાય? યુનિવર્સિટી આ બાબતમાં જરૂરી ખુલાસો કરે તેવી વિનંતી.

ઉત્તર ૧૮ : (ટ) પ્રશ્ન ક્રમાંક ૧૮(જ) (૨)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮ : (ઠ) યુનિવર્સિટીના પત્રના જવાબમાં તા. ૨૬-૧૦-૧૯૭૧ના પત્રથી શ્રી. ભટ્ટે માહિતી મોકલી તે પછી યુનિવર્સિટીએ શ્રી. ભટ્ટને માન્યતા આપવા અંગે આ જ સુધીમાં શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૧૮ : (ઠ) શ્રી. ભટ્ટ અંગેની માહિતી નિયત પત્રકમાં રિપોર્ટ કરવા અંગે કૉલેજને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૮ : (૩) (૧) કૉલેજની તપાસસમિતિમાં ગયેલા આચાર્યશ્રી એસ. આર. મહેતાને શ્રી. ભટ્ટે રૂબરૂ મળીને પોતાની આ અંગેની ફરિયાદ કહી હતી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૧૮ : (૩) (૧) તપાસસમિતિના અહેવાલમાં તેનો ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૧૮ : (૩) (૨) આ અંગે આચાર્યશ્રી મહેતાએ તેમના તપાસસમિતિના અહેવાલમાં તેની નોંધ લીધી હોય અથવા અન્યથા કોઈ કાર્યવાહી કરી હોય તો માહિતી આપશો.

ઉત્તર ૧૮ : (૩) (૨) પ્રશ્ન ૧૮ (૩) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૪] શ્રી. દીનાનાથ મહેતાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : કૉલેજોમાં શરૂ કરવામાં આવતાં અનુસ્નાતક કેન્દ્રોને યુનિવર્સિટી તરફથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

ઉત્તર ૧ : યુનિવર્સિટી તરફથી કોઈ પણ એક કૉલેજમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની આવક-જાવક સંયુકત રીતે જોઈને જે કાંઈ ખાધ રહે તે યુનિવર્સિટી તરફથી ભરપાઈ કરી આપવામાં આવે છે. ઉપરાંત નીચેના વિષયો માટે જે તે કૉલેજ / સંસ્થામાં કેન્દ્ર સ્થાપવામાં આવ્યું હોય તો તે વિષય માટે તે કૉલેજ / સંસ્થાને પ્રયોગશાળાના કામ માટે રસાયણ વગેરેના ખર્ચ પેટે નીચેના ધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે :

૧.	રસાયણવિજ્ઞાન	...	રૂ. ૩૦૦-૦૦ વિદ્યાર્થી દીઠ પ્રતિ વર્ષે
૨.	ફાર્મસી (એમ.ફાર્મ.)	...	રૂ. ૩૦૦-૦૦ ,, ,, ,, ,,
૩.	એમ.ડી. અને એમ.એસ. માટે હાઉસ પોસ્ટની જગ્યા ન મળી હોય તેવા નોંધાયેલા વિદ્યાર્થી દીઠ	...	રૂ. ૨૫૦-૦૦ પ્રતિ વર્ષે
૪.	ગૃહવિજ્ઞાન, આર્કિયોલોજી	...	રૂ. ૨૦૦-૦૦ વિદ્યાર્થી દીઠ પ્રતિ વર્ષે
૫.	ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ભૂસ્તરવિજ્ઞાન, જીવાણુવિજ્ઞાન	...	રૂ. ૧૫૦-૦૦ ,, ,, ,, ,,
૬.	આંકડાશાસ્ત્ર (Statistics)	...	રૂ. ૧૦૦-૦૦ ,, ,, ,, ,,
૭.	પ્રાયોગિક મનોવિજ્ઞાન	...	રૂ. ૧૫-૦૦ ,, ,, ,, ,,

પ્રશ્ન ૨ : આ ગ્રાન્ટના બદલામાં અનુસ્નાતક કેન્દ્રો પાસેથી ઓછામાં ઓછા કેટલા ટકા પરિણામની આશા રાખવામાં આવે છે ?

ઉત્તર ૨ : આર્થિક સહાયની બાબતને તે વિષયના પરિણામના ટકા સાથે સાંકળવામાં આવેલ નથી.

પ્રશ્ન ૩ : અનુસ્નાતક કેન્દ્રોમાં ઓછામાં ઓછા કેટલા વિદ્યાર્થીઓ હોવા જરૂરી ગણવામાં આવ્યું છે ?

ઉત્તર ૩ : તે અંગેના નિયમો નીચે મુજબ છે :

(૧) જે કોઈ વિષયના શિક્ષણ માટે યુનિવર્સિટી વિસ્તારમાં અનુસ્નાતક વિદ્યાભવન, માન્ય સંસ્થા કે અનુસ્નાતક કેન્દ્રમાં જોગવાઈ કરવામાં આવેલી ન હોય તો તે વિષયના પહેલા અનુસ્નાતક કેન્દ્ર માટે વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી સંખ્યા નિયત કરવી જરૂરી નથી.

(૨) કોઈ પણ વિષયના અનુસ્નાતક શિક્ષણ માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો, માન્ય સંસ્થાઓ કે અનુસ્નાતક કેન્દ્રમાં જોગવાઈ કરવામાં આવેલી હોય અને તે પછી કોઈ બીજું કે વધારાનું કેન્દ્ર સ્થાપવા માટે કે ચાલુ રાખવા માટે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ તે કેન્દ્રમાં જોડાય તે આવશ્યક છે.

(૩) તા. ૧૧–૭–૧૯૭૧ પહેલાં કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર અસ્તિત્વમાં હોય તો તે કેન્દ્રમાં પાર્ટ ૧ અને પાર્ટ ૨ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦ હોય તો તે ઉપરના નિયમ નં. ૨ ના હેતુઓ માટે પર્યાપ્ત ગણાશે, પણ તે પછી અસ્તિત્વમાં આવતા કેન્દ્ર માટે તો પાર્ટ ૧ ના અભ્યાસ માટે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓની સંખ્યા આવશ્યક છે.

પ્રશ્ન ૪ : યુનિવર્સિટીમાં મળતી તમામ બેઠકોની કાર્યવાહીની નોંધ રાખવાની જવાબદારી કોની ગણવામાં આવે છે?

ઉત્તર ૪ : શ્રી કુલસચિવની.

પ્રશ્ન ૫ : આવી નોંધ ખોટી થઈ હોય, તો તે માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

ઉત્તર ૫ : નોંધમાં કોઈ સુધારો કરવાની જરૂર જણાય તો તે પ્રત્યે કોઈ સભ્યશ્રી તરફથી કે અન્યથા ધ્યાન ખેંચવામાં આવે તો તેની ખાતરી કરીને તે સુધારવામાં આવે છે.

પ્રશ્ન ૬ : (ક) સેનેટની બેઠક માટે આવતા ઠરાવોને માટે કોઈ ગુણવત્તાક્રમ અપનાવવાની પદ્ધતિ અમલમાં છે કે કેમ?

ઉત્તર ૬ : (ક) સેનેટની સભાની કામકાજની યાદી સ્ટે. ૩૧માં દર્શાવિલ જોગવાઈ મુજબ બાબતોને અગ્રતાક્રમ આપીને ઘડવામાં આવે છે.

પ્રશ્ન ૬ : (ખ) જો હોય તો કયા ધોરણે તેની મુલવણી કરવામાં આવે છે?

ઉત્તર ૬ : (ખ) પ્રશ્ન ૬(ક) નો ઉત્તર જોવા વિનંતી છે.

[૫] **આચાર્ય બહેચરભાઈ ર. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) આ વર્ષની યુવક મહોત્સવ પ્રવૃત્તિ અંગે યુનિવર્સિટી પાસે કોઈ ફરિયાદ આવી છે?

ઉત્તર ૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) આવેલી ફરિયાદો અને તે અંગે યુનિવર્સિટીએ કરેલી કાર્યવાહી રજૂ કરવા વિનંતી છે.

ઉત્તર ૧ : (ખ) એકાંકી અને સમૂહનૃત્યની સ્પર્ધાઓ અંગે ફરિયાદો આવી હતી. આ ફરિયાદ-પત્રોમાં થયેલ સૂચનો યુવક કલ્યાણ સમિતિની તા. ૧૮—૨—૧૯૭૨ની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં અને તે અંગેના નિયમો સમગ્ર રીતે તપાસી જવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટી તરફથી યોજાતા ક્રીડા મહોત્સવ અંગે આવેલી ફરિયાદો અને તે અંગે યુનિવર્સિટીએ લીધેલાં પગલાંની માહિતી આપવા કૃપા કરશોજી.

ઉત્તર ૨ : યુનિવર્સિટી તરફથી યોજાતા ક્રીડા મહોત્સવ અંગે કોઈ ફરિયાદ આવી નથી, એટલે પગલાં લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૩ : આંતર-યુનિવર્સિટીની ક્રીડા સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે આપણી યુનિવર્સિટી તરફથી વિવિધ રમતોમાં મોકલવામાં આવતી ટુકડી(ટીમ)ની પસંદગી અંગે આવેલી ફરિયાદો અને તેને અંગે થયેલ કાર્યવાહીની માહિતી આપી આભારી કરશોજી.

ઉત્તર ૩ : આવી બે ફરિયાદો આવી હતી :

(૧) ક્રિકેટની ટુકડીમાં, પાટણની સાયન્સ અને આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી, તેમની કૉલેજનો એક વિદ્યાર્થી લેવાયો ન હતો તે અંગે, અને

(૨) કબડ્ડીની ટુકડીમાં બોરસદની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી, તેમની કૉલેજના બે વિદ્યાર્થીઓ પસંદ થયા છતાં ટુકડીમાં જઈ શક્યા નહિ તે માટે.

ક્રિકેટની પસંદગી સમિતિએ તે વિદ્યાર્થીને પસંદ કર્યો ન હતો. કબડ્ડીની ફરિયાદની કાર્યવાહી અંગે નીચે પ્રશ્ન ૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ક) આંતર-યુનિવર્સિટી કબડ્ડી સ્પર્ધા માટેની આપણી ટીમમાં આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના શ્રી. પી. જી. પટેલ અને શ્રી. નવનીત પટેલની પસંદગી થઈ હતી છતાં તે વિદ્યાર્થીઓને તે અંગેની તાલીમનો અને રમતમાં ભાગ લેવાનો લાભ ન મળ્યો તેનાં કારણ જાણી શકું ?

ઉત્તર ૪ : (ક) આ વિદ્યાર્થીઓની પસંદગીની જાણ, બીજા આવા વિદ્યાર્થીઓના કેસોમાં કર્યું હતું તેમ, તા. ૨૦—૧૨--૧૯૭૧ના પરિપત્રાંક ફિઝિ./૧૭૭૯૧--૧૭૮૦૦થી કૉલેજના આચાર્યશ્રીને કરવામાં આવી હતી અને પસંદ થયેલ વિદ્યાર્થીઓને તાલીમ માટે તા. ૬--૧--૧૯૭૨ના રોજ હાજર થવા માટે જણાવવા વિનંતી કરવામાં આવી હતી. આ પત્ર બોરસદની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીને મળેલ નહીં, તેની જાણ કાર્યાલયને તા. ૧--૨--૧૯૭૨ના રોજ થઈ.

પ્રશ્ન ૪ : (ખ) આ બાબતમાં યુનિવર્સિટીની કોઈક પ્રકારની બેદરકારીને કારણે આમ બન્યું એવું આપ સ્વીકારો છો ?

ઉત્તર ૪ : (ખ) ના, જી.

પ્રશ્ન ૪ : (ગ) આ વિદ્યાર્થીઓને ન્યાય આપવા યુનિવર્સિટી શું કરવા ધારે છે ?

ઉત્તર ૪ : (ગ) આમાં અન્યાયનો પ્રશ્ન આવતો નથી.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટીની વિવિધ રમતોની ટુકડીઓની પસંદગીમાં પૂરતી વસ્તુલક્ષિતા ન જળવાતી હોવાનું સંભળાય છે. આ અંગે કંઈક પ્રકાશ પાડવામાં આવશે તો આભારી થઈશ.

ઉત્તર ૫ : આ આક્ષેપ મોઘમ છે, છતાં માહિતી ખાતર ઉમેરવું જોઈએ કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પ્રત્યેક રમત માટે પસંદગી સમિતિની રચના કરે છે તેમાં બોર્ડના પસંદ કરેલા એક કે બે સભ્યો ઉપરાંત ત્રણેક જેટલા નિષ્ણાતો મૂકવામાં આવે છે.

પ્રશ્ન ૬ : ચાલુ વર્ષે યુનિવર્સિટીના કામે અમદાવાદની મુસાફરી કરનાર વ્યક્તિઓમાંથી કેટલી વ્યક્તિઓએ યુનિવર્સિટી પાસેથી ભાડા પેટે બસ ભાડાની રકમ લીધી છે તે જાણી શકું ?

ઉત્તર ૬ : ૧૧ વ્યક્તિઓએ.

પ્રશ્ન ૭ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં ૧૯૭૧-૭૨ના વર્ષ દરમિયાન કૉલેજવાર કેટલા દિવસની હડતાળ પડી છે તે કારણ સાથે જણાવશોજી.

ઉત્તર ૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૨"માં આપવામાં આવી છે.**

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીના કાર્યાલયમાં ૧૯૭૧--૭૨ દરમિયાન હડતાલ કે તેને મળતા કોઈ બનાવ બન્યા હોય તો તે જણાવશોજી.

ઉત્તર ૮ : તા. ૨૮--૯--૧૯૭૧ના વાર્ષિક પદવીદાન સમારંભના દિવસે હેડક્લાર્ક અને તેથી નીચેની કક્ષાના બિનશિક્ષકવર્ગના ૩૧૨ જેટલા કાયમી થયેલા કર્મચારીઓની સામૂહિક ગેરહાજરીના બનાવને બાદ કરતાં યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૭૧--૭૨ના વર્ષ દરમ્યાન હડતાળનો કોઈ બનાવ બન્યો નથી.

પ્રશ્ન ૯ : યુનિવર્સિટી તરફથી પોતાના પદવી વિષય સિવાયનાં અભ્યાસસમિતિ જેમને આપવામાં આવી છે તે વ્યક્તિઓની યાદી, તેમની નિયમસરની પાત્રતા અને અપવાદ કરવાના કારણ સાથે, આપવા વિનંતી છે.

ઉત્તર ૯ : પોતાની પદવી પરીક્ષા માટે રાખેલા વિષય સિવાયના વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ જેમને આપવામાં આવ્યું છે તે સભ્યોનાં નામોની યાદી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	**સભ્યનું નામ**
૧.	સ્વ. ઠાકોરભાઈ એમ. દેસાઈ
૨.	શ્રી. એન. એમ. બારોટ
૩.	શ્રી. એચ. એચ. ભગવતી
૪.	શ્રી. દામુભાઈ શુકલ
૫.	શ્રીમતી ઇન્દુમતીબહેન શેઠ
૬.	ડૉ. લીલાબહેન શાહ
૭.	આચાર્ય ડી. એમ. શીખ
૮.	આચાર્ય એસ. આર. મહેતા
૯.	આચાર્ય કે. બી. વ્યાસ

૧૦. આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
૧૧. શ્રી. હીરુભાઈ પી. પટેલ
૧૨. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ.

કોઈ સભ્યને અભ્યાસસમિતિનું સભ્યપદ આપતી વખતે સિન્ડિકેટના ઠરાવમાં કારણ જણાવેલું નથી.

[૬] **શ્રી. ઓસ. બી.** વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) અમદાવાદની કૉલેજોને કૉન્સ્ટિટ્યુઅન્ટ કૉલેજો કરવા અંગેનો ઠરાવ સેનેટે કઈ તારીખે પસાર કર્યો ?

ઉત્તર ૧ : (ક) તા. ૨૮–૯–૧૯૭૧ના રોજ.

પ્રશ્ન ૧ : (ખ) તેની તરફેણમાં/વિરુદ્ધમાં કેવું મતદાન થયું હતું ?

ઉત્તર ૧ : (ખ) તરફેણમાં ૬૩
વિરુદ્ધમાં ૨૦.

પ્રશ્ન ૧ : (ગ) આ ઠરાવ પર યુનિવર્સિટીએ એ પછી બીજી કોઈ કાર્યવાહી કરી હોય તો તે અંગે માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૧ : (ગ) સેનેટે ઠરાવ્યા મુજબ રાજ્ય સરકારને તેની જાણ કરવામાં આવી છે.

પ્રશ્ન ૧ : (ઘ) યુનિવર્સિટીએ ઠરાવ સરકારને કયારે મોકલી આપ્યો ?

ઉત્તર ૧ : (ઘ) તા. ૧૨–૧૦–૧૯૭૧ના રોજ. તે અંગે રાજ્ય સરકાર તરફથી આવેલો પત્ર સિન્ડિકેટની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨ : યુ.જી.સી. પગારધોરણો અમલી બનતાં તા. ૧–૪–૧૯૬૬થી તા. ૧–૪–૧૯૭૦ સુધીમાં જોડાયેલા કે બઢતી પામેલા શિક્ષકોને તેમની દસવાર્ષિક હપતાની રકમનો પ્રથમ હપતો ગ્રાન્ટ મેળવવા માટે તા. ૩૧–૩–૧૯૭૨ સુધીમાં ચૂકવવો પડે તો તે જોતાં કઈ કૉલેજોએ એ પ્રથમ હપતાની રકમ શિક્ષકોને ચૂકવી છે એની માહિતી આપશો ?

ઉત્તર ૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી પરિશિષ્ટ "૩"માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૩ : યુનિવર્સિટી ભવનો અંગેની નીચેની માહિતી આપશો :

(ક) યુનિવર્સિટી ભવનોમાં કામ કરતા શિક્ષકો માટે કાર્યભાર અંગેના જો કોઈ નિયમો હોય તો તે જણાવશો.

ઉત્તર ૩ : (ક) યુનિવર્સિટીનાં ભવનોમાં કામ કરતા શિક્ષકો માટે કાર્યભાર અંગેના કોઈ નિયમો ઘડવામાં આવેલા નથી.

પ્રશ્ન ૩ : (ખ) સમાજવિદ્યા ભવન અને ભાષા ભવનમાં શિક્ષણ આપતા શિક્ષકના કાર્યભાર અંગેની નીચેની માહિતી આપશો :

(૧) આ બંને ભવનોના દરેક શિક્ષકને ૧૯૭૧–૭૨ના વર્ષ દરમિયાન અઠવાડિયા દીઠ કેટલો કાર્યભાર (લેકચર્સ, ટ્યુટોરિયલ્સ, સેમિનાર) સોંપાયેલ છે ?

(૨) તેઓએ દરેકે પ્રથમ અને બીજા સત્રમાં અત્યાર સુધીમાં આ પ્રમાણે કેટલાં વ્યાખ્યાનો વગેરે લીધાં છે ?

ઉત્તર ૩ : (ખ) સમાજવિદ્યા ભવન અને ભાષા ભવનના શિક્ષકોના અઠવાડિક તાસની સંખ્યા ચાલૂ સત્રમાં જે પ્રમાણે છે તેની વિગતો આ સાથેના **પરિશિષ્ટ "૪"**માં આપેલ છે.

આચાર્ય એન. બી. જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૩(ખ)માં જે કાર્યભાર આપવામાં આવ્યો છે તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે અઠવાડિયામાં ૩-૪ પિરિયડો લેવાય છે અને સત્રમાં ૧૧૨ પિરિયડો લેવાય છે એ બંધબેસતું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ડિટેઈલ્સ અંગે તમે ઑફિસમાં તપાસ કરી શકશો.

આચાર્ય એન. બી. જોશીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક્સ્ટ્રા પિરિયડની ગણતરી કરવામાં આવી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ભવને હાજરીપત્રકમાં નોંધ કરી હશે.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાર્યભારમાં વૈવિધ્ય છે તે માટે કોઈ નિયમો કરી શકાય ખરા ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ ક્ષણે નહીં.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટી ભવનોમાં સેવા આપતા શિક્ષકોને ઘરભાડું સિન્ડિકેટે પસાર કરેલા ઠરાવ પ્રમાણે ચૂકવવામાં આવ્યું છે કે કેમ ?

ઉત્તર ૪ : (ક) હા, જી.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઘરભાડું જેઓને ચૂકવી દેવામાં આવ્યું નથી તેઓનાં નામ આપશો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ઘરભાડું બધાને ચૂકવવામાં આવ્યું છે, પરંતુ કોઈ સભ્યે જરૂરી ફોર્માલિટી પૂરી કરેલી ન હોય તો કોઈક સભ્યને તે ચૂકવાયું ન હોય એ શકય છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ફોર્માલિટી કયા પ્રકારની હોઈ શકે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ભાડાની પહોંચ કે સ્ટેટમેન્ટ વગેરે.

પ્રશ્ન ૪ : (ખ) આ રીતની ચુકવણીમાં વિલંબ શા માટે થાય છે ?

ઉત્તર ૪ : (ખ) ઘરભાડા ભથ્થાની ચુકવણીમાં વિલંબ થતો નથી.

પ્રશ્ન ૫ : (ક) યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે યુનિવર્સિટીએ તે અંગે કરેલા ઠરાવો અનુસાર સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શારીરિક શિક્ષણના અધ્યાપકોને કયાં ધોરણો લાગુ પડે છે ?

ઉત્તર ૫ : (ક) સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શારીરિક શિક્ષણના અધ્યાપકો માટે હાલ રૂપિયા ૩૦૦—૨૫—૬૦૦નું પગારધોરણ નિયત કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૫ : (ખ) આવા શિક્ષકોને તા. ૧—૪-૧૯૬૬થી એ પગારધોરણની રકમ ન ચૂકવી હોય તેવી કૉલેજોની યાદી આપશો.

ઉત્તર ૫ : (ખ) સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૫"**માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૬ : (ક) યુનિવર્સિટી ભવનમાં કે સંલગ્ન કૉલેજોમાં સેવા આપતા શિક્ષકો શિક્ષણની પ્રવૃત્તિ સાથે પીએચ.ડી. મેળવે તો તેમને પગારમાં કંઈ ઈન્ક્રીમેન્ટ મળે ખરું ?

ઉત્તર ૬ : (ક) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કે સંલગ્ન કૉલેજોમાં સેવા આપતા શિક્ષકો શિક્ષણની પ્રવૃત્તિ સાથે પીએચ.ડી. પદવી મેળવે તો તેથી કરીને તેમને પગારમાં કોઈ પગારવધારો આપોઆપ મળતો નથી.

પ્રશ્ન ૬ : (ખ) આ પ્રમાણે કેટલા શિક્ષકોને ઈન્ક્રીમેન્ટ આપવામાં આવ્યું છે ?

ઉત્તર ૬ : (ખ) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના કોઈ પણ શિક્ષકને તેઓ પીએચ.ડી. થયા તે જ માત્ર કારણે કોઈ વધારાનો ઈજાફો આપવામાં આવ્યો નથી.

[૭] **આચાર્ય નટુભાઈ આર. ઠક્કરે** નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન : છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન જુદી જુદી કૉલેજોમાં પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનમાં કેટલા વિદ્યાર્થીઓ હતા અને એ કૉલેજોની કુલ વિદ્યાર્થી-સંખ્યા કેટલી હતી તે અંગે નીચેના કોઠામાં માહિતી આપવા વિનંતી :

કૉલેજનું નામ	૧૯૬૯–૭૦			૧૯૭૦–૭૧			૧૯૭૧–૭૨		
	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન
			કૉલેજની કુલ સંખ્યા			કૉલેજની કુલ સંખ્યા			કૉલેજની કુલ સંખ્યા

ઉત્તર : સદરહુ માહિતી **પરિશિષ્ટ** "૬"માં આપવામાં આવી છે.

(૮) **શ્રી. ભોળાભાઈ બી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : જૂન, ૧૯૭૨થી દરેક ટર્મની શરૂઆતના પ્રથમ એક માસ સુધી ફી સ્વીકારવા માટેની વ્યવસ્થા દરેક ભવનમાં કરવામાં આવી છે, તે જ પ્રમાણે યુનિવર્સિટી હૉસ્ટેલમાં સગવડ કરવી જોઈએ.

ઉત્તર ૧ : સૂચન માટે આભાર; તે પર વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૨ : માર્ચ, ૧૯૭૧ની સેનેટની પ્રશ્નોત્તરીના ખુલાસા પ્રમાણે હજી સુધી યુનિવર્સિટી હૉસ્ટેલના "એ"–"બી" બ્લૉકમાં ભીંતકબાટની કોઈ સગવડ આપવામાં આવી નથી. આવી ઢીલી નીતિ આ યુનિવર્સિટી કયાં સુધી ચાલુ રાખશે ?

ઉત્તર ૨ : છાત્રાલયના બધા ખંડોમાં કબાટની જોળવાઈ કરેલી છે, પણ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ કે છાત્રાલયના "એ" અને "બી" બ્લૉકમાં કબાટનાં ખાનાં પર બારણાં મૂકવાનાં બાકી છે, જે અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે.

પ્રશ્ન ૩ : વિદ્યાર્થીઓ પરીક્ષાનાં ફૉર્મ ભરે છે તે સમયે પરીક્ષા ફી સાથે જ માર્કશીટના પૈસા સ્વીકારી લેવામાં આવે અને રિઝલ્ટના દિવસે જ અથવા એકાદ--બે દિવસમાં આપણે માર્કશીટ પહોંચાડી શકીએ તેવી વ્યવસ્થા દરેક પરીક્ષાઓ માટે કરવી જોઈએ.

ઉત્તર ૩ : આ સૂચન આવકારદાયક છે અને યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે, અને કઈ કઈ પરીક્ષાઓને માટે આ વ્યવસ્થા શકય છે તે બાબત પણ તપાસવી જોઈશે.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટી હૉસ્ટેલ સલાહકાર સમિતિની છેલ્લે કયારે રચના કરવામાં આવી ?

ઉત્તર ૪ : (ક) તા. ૪--૩--૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૪ : (ખ) તેમાં કુલ કેટલા સભ્યો હતા ?

ઉત્તર ૪ : (ખ) પાંચ (કુલપતિશ્રી, રેસિડેન્ટ પ્રોફેસર, શ્રી. ઈન્દ્રવદન મોદી, પ્રિ. ગિરીશભાઈ સી. પટેલ, અને ડૉ. એમ. એન. દેસાઈ).

પ્રશ્ન ૪ : (ગ) હાલ તેમાં કેટલા સભ્યો છે ?

ઉત્તર ૪ : (ગ) પાંચ.

પ્રશ્ન ૪ : (ઘ) આ સમિતિમાંથી છેલ્લે કયારે કયારે કયા કયા સભ્યો દૂર થયા ?

ઉત્તર ૪ : (ઘ) ડૉ. પી. સી. વૈદ્ય અને શ્રી. એમ. પી. પંડયા તા. ૪--૩--૧૯૭૨થી.

પ્રશ્ન ૪ : (ચ) આ સમિતિની છેલ્લી બેઠક કયારે મળી ?

ઉત્તર ૪ : (ચ) આ સમિતિની છેલ્લી બેઠક તા. ૩--૭--૧૯૭૦ના રોજ મળી હતી.

પ્રશ્ન ૪ : (છ) હવે પછી આ સમિતિ ફરીથી ફૉર્મ કરવાની છે ? કયારે ?

ઉત્તર ૪ : (છ) હાજી, ત્રણ વર્ષ પછી.

પ્રશ્ન ૪ : (જ) આ સમિતિ બિનજરૂરી હોય તો તેને કેમ વિખેરી ન નાંખવી ? જરૂરી જણાય તો તેને ફરીથી રચી કેમ સક્રિય ન બનાવવી ?

ઉત્તર ૪ : (જ) આ સમિતિ બિનજરૂરી જણાતી નથી.

સમિતિની નવી રચના હજુ હમણાં જ થઈ છે એટલે નજીકના ભવિષ્યમાં તેની નવરચના કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટી હૉસ્ટેલના દરેક બ્લૉકની મરામત, વ્હાઇટવૉશ અને રંગકામ કરાવવાની જરૂરિયાત છે, તો તે બાબતે યોગ્ય પ્રબંધ કરવો જોઈએ.

ઉત્તર ૫ : છાત્રાલયનાં મકાનોને ધોળાવવાનો નિર્ણય લેવાયો છે, અને આગામી ઉનાળાની રજાઓમાં તે કામ હાથ ધરવાનું રાખ્યું છે. જરૂર પ્રમાણે મરામત કરાવવામાં આવે છે.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૮૦,૦૦,૦૦૦ (એંશી લાખ) અને સ્ટેટ ગવર્નમેન્ટ તરફથી રૂ. ૨૦ લાખ એમ કુલ્લે એક કરોડ રૂપિયા મળ્યા છે, જે ૧૯૬૮--૬૯થી ૧૯૭૩--૭૪ સુધી વાપરી નાખવાના છે.

(ક) આ બાબતમાં ગ્રંથનિર્માણ બોર્ડે વર્ષવાર કેટલા રૂપિયા પુસ્તક ઉત્પાદન પેટે, મુસાફરી ભથ્થાં પેટે, સ્ટેશનરી પેટે અને વહીવટી ખર્ચ પેટે વાપર્યા ?

(ખ) દરેક વિષયમાં કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં ? અને કેટલાં પુસ્તકોનું કામ હાલ હાથ પર છે ?

(ગ) ગુજરાત સરકાર, યુનિવર્સિટી પ્રકાશન અને ગ્રંથનિર્માણ બોર્ડમાં સરળ અને મૌલિક લેખનના શું ચાર્જીસ છે ?

(ઘ) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડનો અને યુનિવર્સિટી પ્રકાશન વિભાગમાં ગ્રેડ પ્રમાણે કેટકેટલો સ્ટાફ છે ?

ઉત્તર ૬ (ક) અને (ખ) : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને સ્પર્શતી માહિતી આ કાર્યાલય આપી શકે તેમ નથી, તો ક્ષમા કરશો.

(ગ) આ યુનિવર્સિટી અંગે માગેલી માહિતી નીચે મુજબ છે :

(૧) યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતા મૌલિક પ્રકાશનના કામ અંગે ૧/૮ ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૮ અને લઘુગ્રંથ માટે રૂ. ૧,૦૦૦ કે ૧/૮ ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૮ પ્રમાણે ગણતાં જે રકમ ઓછી હોય તે.

(૨) અન્ય સંસ્થાઓ અંગેની માહિતી આ કાર્યાલય આપી શકે તેમ નથી.

(ઘ) યુનિવર્સિટી પ્રકાશન વિભાગમાં હાલમાં નીચે મુજબનો સ્ટાફ છે :

(૧) પ્રકાશન અધિકારી	...૧
(૨) જુનિયર કલાર્ક	...૨
(૩) પટાવાળા	...૧.

પ્રશ્ન ૭ : યુનિવર્સિટી હૉસ્ટેલના છાત્રોને ગુણવત્તાના ધોરણે સારો ફૂડ આપી શકાય તે માટે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટલ સ્ટોર હસ્તક રસોડાં ચલાવવા કેમ પ્રવૃત્ત ન બનવું ? યુનિવર્સિટીએ આ બાબતમાં ખૂબ જ સક્રિય બનવાની જરૂર છે.

ઉત્તર ૭ : છાત્રાલયનાં રસોડાં વિદ્યાર્થીઓ પોતે ચલાવે તે ઇષ્ટ છે.

પ્રશ્ન ૮ : (ક) ઑક્ટોબર, ૧૯૭૧ની સેનેટના સમયે યુનિવર્સિટી કર્મચારીઓએ સમૂહરજા ઉપર ઊતરી જવાનો પ્રોગ્રામ કેમ અમલમાં મૂકયો હતો ?

ઉત્તર ૮ : (ક) ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની મૂળ પગારમાં અંશત: મોંઘવારી ભથ્થું ભેળવવા અંગેની તેમના મંડળની માગણી પદવીદાન સમારંભ પહેલાં સંતોષવા માટે તેમણે જણાવેલ હતું.

પ્રશ્ન ૮ : (ખ) યુનિવર્સિટીએ આ બાબત શું કર્યું ?

ઉત્તર ૮ : (ખ) મોંઘવારી ભથ્થું અંશત: મૂળ પગારમાં ભેળવવાનું યુનિવર્સિટીએ ઠરાવ્યું છે.

પ્રશ્ન ૮ : (ગ) તેમની શી માગણીઓ હતી ?

ઉત્તર ૮ : (ગ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ જે ધોરણે નવાં પગારધોરણોનાં ફિક્સેશન મંજૂર કરેલાં છે તે પ્રમાણે મોંઘવારી ભથ્થું અંશત: મૂળ પગારમાં ભેળવી પદવીદાન સમારંભ અગાઉ નિર્ણય લેવાની તેમની માગણી હતી.

પ્રશ્ન ૮ : (ઘ) તેમની માગણીઓ બીજી યુનિવર્સિટીઓ પ્રમાણે વાજબી હતી ખરી ?

ઉત્તર ૮ : (ઘ) આ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૮ : (ચ) તેમની માગણીઓ કોઈ પણ રીતે સંતોષવામાં આવી છે ખરી ? સંતોષવામાં આવી હોય તો કેટલી ? કઈ કઈ અને કયા પ્રકારે ?

ઉત્તર ૮ : (ચ) સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં આ અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"(૧) સદરહુ સમિતિએ બાબત નં. ૨, ૪ અને ૧૯ અંગે કરેલી નીચેની ભલામણો મંજૂર કરવી અને તેને યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ સિવાયના યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને તા. ૧--૪--૧૯૭૧થી લાગુ પડે તે રીતે અમલમાં મૂકવી:

(ક) રાજ્ય સરકારના તા. ૨૯–૮–૧૯૭૧ના ઉપરોકત પત્રમાં અંશત: મોંઘવારી ભથ્થું ભેળવવા અંગેની ગાઇડ-લાઇન્સ ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીના બિનશિક્ષકગણના કર્મચારીઓનાં પગારધોરણો આ સાથેના ***પરિશિષ્ટ "અ"***માં બતાવ્યા પ્રમાણે તા. ૧–૪–૧૯૭૧થી સુધારવાં અને તે પર આ સાથે ***પરિશિષ્ટ "બ"***માં બતાવ્યા પ્રમાણે મર્જ્ડ ધોરણે મોંઘવારી ભથ્થું આપવું. કર્મચારીઓને વાર્ષિક પગારવધારો તેમની મૂળ વાર્ષિક પગારવધારાની તારીખે આપવો.

(ખ) જો કોઈ કર્મચારીને તેના હાલના એટલે કે અનમર્જ્ડ પગારધોરણમાં ચાલુ રહેવું હોય તો તે ચાલુ રહી શકશે, પરંતુ જે કર્મચારીઓ સૂચિત પગારધોરણમાં જોડાવા માગતા હોય તેઓ યુનિવર્સિટીને લેખિત જાણ કરીને તા. ૧--૪--૧૯૭૧ કે તે પછીની જે અનુકૂળ લાગે તે તારીખથી સુધારેલા પગારધોરણમાં જોડાઈ શકશે. આ અંગેનો વિકલ્પ એક વખત સ્વીકારાયા પછીથી તેમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહિ.

(ગ) યુનિવર્સિટીની જુદી જુદી જગ્યાઓના સૂચિત પગારધોરણમાં (મર્જ્ડ) હાલના કર્મચારી જે તારીખથી સૂચિત પગારધોરણમાં દાખલ થાય તે તારીખથી તેમનો મૂળ પગાર નીચે પ્રમાણે નક્કી કરવો :

હાલના (જૂના) પગારધોરણ પ્રમાણે મૂળ પગાર વત્તા તે ઉપર (અનમર્જ્ડ ધોરણે) આપવામાં આવતું મોંઘવારી ભથ્થું = કુલ રકમ (પે-પૅકેટ). આ કુલ રકમ (પે-પૅકેટ) જળવાઈ રહે તે માટે કુલ રકમ (પે-પૅકેટ)માંથી ***પરિશિષ્ટ "બ"**માં જણાવેલું તેમને મળવા પાત્ર યોગ્ય (એપ્રોપ્રિયેટ) મોંઘવારી ભથ્થું બાદ કરતાં જે રકમ રહે તે રકમ જો સૂચિત પગારધોરણનું પગથિયું હોય તો તે રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી. પરંતુ જો તે રકમ સૂચિત પગારધોરણમાં પગથિયું ન હોય તો તે પછીના તરતના ઉપલા પગથિયાની રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી.

(ઘ) ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના જોઈન્ટ સેક્રેટરીના તા. ૯-૮-૧૯૭૧ના પત્રમાં જણાવેલ બીજી બાબતો અંગે કંઈ કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવ્યા મુજબ બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું અંશત: મૂળ પગારમાં ભેળવવા અંગે રાજ્ય સરકાર પાસેથી મળનાર બ્લૉક ગ્રાન્ટના સંદર્ભમાં પ્રત્યેક કક્ષાના કર્મચારીઓના પગારના ફિક્સેશન અંગે રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટ માર્ગદર્શન મળેલું ન હોઈ બનતી ત્વરાએ તે આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી અને તે પછી રાજ્ય સરકાર તરફથી મળનાર બ્લૉક ગ્રાન્ટમાં જો કોઈ ફેરફાર થાય તો તે કર્મચારીઓને તેનો લાભ તા. ૧-૪-૧૯૭૧થી આપવાનું વિચારવું."

પ્રશ્ન ૯ : યુનિવર્સિટી હૉસ્ટેલમાં શક્ય તેટલા સત્વરે પંખાઓ નાખવાની વ્યવસ્થા કરવાની જરૂરિયાત છે?

ઉત્તર ૯ : યુનિવર્સિટી છાત્રાલયમાં હાલ ૯૪ પંખાઓ મુકાયેલા છે. વધુ ૯૭ જેટલા પંખાઓ મુકાવવા અંદાજપત્રમાં જરૂરી ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે અને તે પ્રમાણે કાર્યવાહી હાથ પર લેવામાં આવશે.

---

*સદરહુ પરિશિષ્ટો "અ" અને "બ" અત્રે છાપ્યાં નથી.

પ્રશ્ન ૧૦ : (ક) પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ અંગેની માહિતી આપણી યુનિવર્સિટીએ કેટલી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવી હતી ? કઈ કઈ ?

ઉત્તર ૧૦ : (ક) પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ અંગેની માહિતી નીચેની ૧૫ યુનિવર્સિટીઓ પાસેથી મંગાવવામાં આવી હતી :

(૧) યુનિવર્સિટી ઑફ રાજસ્થાન, જયપુર
(૨) એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
(૩) યુનિવર્સિટી ઑફ બૉમ્બે, મુંબઈ
(૪) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર
(૫) યુનિવર્સિટી ઑફ પૂના, પૂના
(૬) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૭) દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
(૮) અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ
(૯) નાગપુર યુનિવર્સિટી, નાગપુર
(૧૦) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(૧૧) કર્ણાટક યુનિવર્સિટી, ધારવાર
(૧૨) બેંગલોર યુનિવર્સિટી, બેંગલોર
(૧૩) કલકત્તા યુનિવર્સિટી, કલકત્તા
(૧૪) મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ, અને
(૧૫) માયસોર યુનિવર્સિટી, માયસોર.

પ્રશ્ન ૧૦ : (ખ) કેટલી યુનિવર્સિટીઓએ માહિતી મોકલી આપી ? કઈ કઈ ?

ઉત્તર ૧૦ : (ખ) ઉપરની ૧૫ યુનિવર્સિટીઓ પૈકી નીચેની ૧૧ યુનિવર્સિટીઓ તરફથી આ અંગેની માહિતી મળેલી છે :

(૧) યુનિવર્સિટી ઑફ રાજસ્થાન, જયપુર
(૨) એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
(૩) યુનિવર્સિટી ઑફ બૉમ્બે, મુંબઈ
(૪) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર
(૫) યુનિવર્સિટી ઑફ પૂના, પૂના
(૬) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૭) દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
(૮) અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ
(૯) નાગપુર યુનિવર્સિટી, નાગપુર
(૧૦) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(૧૧) કર્ણાટક યુનિવર્સિટી, ધારવાર.

પ્રશ્ન ૧૦ : (ગ) આપણને મળેલ માહિતી પ્રમાણે કઈ કઈ યુનિવર્સિટીઓમાં ટ્રાન્સલેશન ટેસ્ટ ચાલે છે?

ઉત્તર ૧૦ : (ગ) ઉપરની ૧૧ યુનિવર્સિટીઓ પૈકી પૂના, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કર્ણાટક યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. માટે ટ્રાન્સલેશન ટેસ્ટ અંગે જોગવાઈ છે.

પ્રશ્ન ૧૦ : (ઘ) કઈ કઈ યુનિવર્સિટીઓમાં ટ્રાન્સલેશન ટેસ્ટ નથી ?

ઉત્તર ૧૦ : (ઘ) ઉપરની ૧૧ યુનિવર્સિટીઓ પૈકી નીચેની સાત યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. માટે ટ્રાન્સલેશન ટેસ્ટ રાખવામાં આવેલો નથી :

(૧) યુનિવર્સિટી ઑફ રાજસ્થાન, જયપુર

(૨) એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા

(૩) યુનિવર્સિટી ઑફ બૉમ્બે, મુંબઈ

(૪) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

(૫) દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી

(૬) અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ

(૭) નાગપુર યુનિવર્સિટી, નાગપુર.

પ્રશ્ન ૧૦ : (ચ) જે યુનિવર્સિટીઓએ માહિતી મોકલી નથી તે યુનિવર્સિટીઓને આપણે રિમાઇન્ડર કરાવ્યું હતું ?

ઉત્તર ૧૦ : (ચ) હા, જી.

પ્રશ્ન ૧૧ : ગયા માર્ચ–એપ્રિલમાં યુનિવર્સિટીએ બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર અંગે સરકયુલર પાઠવ્યો હતો તેનો અમલ કેટલી કૉલેજોએ કર્યો છે ? અને કેટલી કૉલેજોએ નથી કર્યો ? ફકત અંક સંખ્યામાં જ જાણ કરશો ?

ઉત્તર ૧૧ : યુનિવર્સિટીને ઉપલબ્ધ થયેલ માહિતી મુજબ સદરહુ પરિપત્રનો અમલ ૩૮ કૉલેજોએ કર્યો છે, જયારે ૩૫ કૉલેજોએ નથી કર્યો.

[૯] **શ્રી. બબાભાઈ સો. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) આચાર્યની જગાએ "એક્ટિંગ" આચાર્ય કેટલાં વર્ષ સુધી યુનિવર્સિટીના નિયમ મુજબ ચાલી શકે ?

ઉત્તર ૧ : (ક) તે માટે કોઈ નિયમ કરવામાં આવેલ નથી.

પ્રશ્ન ૧ : (ખ) આ અંગે જો કોઈ નિયમ ન હોય તો નિયમ કરવાની જરૂર જણાય છે ?

ઉત્તર ૧ : (ખ) આ અભિપ્રાયનો પ્રશ્ન હોઈ, યુનિવર્સિટી કાર્યાલયને માટે તેનો જવાબ આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧ : (ગ) જો નિયમ હોય તો તેનું પાલન કઈ કૉલેજો કરતી નથી?

ઉત્તર ૧ : (ગ) પ્રશ્ન ૧ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨ : જે કૉલેજોએ હજી સુધી અધ્યાપકોનાં નવાં પગારધોરણોનો પૂર્ણ રીતે અમલ ન કર્યો હોય તો તેમનાં નામ અને કારણો આપવા વિનંતી છે.

ઉત્તર ૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૭"**માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૩ : ૧૯૭૦–૭૧માં નવાં પગારધોરણો મુજબ અધ્યાપકોને પગાર ન ચૂકવાયા હોય તેવી કૉલેજોનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૮"**માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૪ : તા. ૧–૪–૧૯૬૬થી અત્યાર સુધી નવાં પગારધોરણો મુજબ જે કૉલેજોએ મોંઘવારી ભથ્થું તથા ઘરભાડું ન ચૂકવ્યું હોય અને તે મુજબ પ્રૉવિડંટ ફંડ ન કાપ્યું હોય તેમનાં નામ અને તેની પાછળનાં કારણો આપવા વિનંતી છે.

ઉત્તર ૪ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૯"** માં આપવામાં આવી છે.

(**નોંધ.**—સિન્ડિકેટની ચાલુ માસમાં મળેલી સભાના ઠરાવથી રાજ્ય સરકારના ધોરણે શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દરમાં રૂ. ૧૦નો જે વધારો કરવામાં આવ્યો છે તે આ માહિતી મંગાવ્યા પછી કરવામાં આવેલો હોઈ તેનો સમાવેશ થઈ શકયો નથી.)

પ્રશ્ન ૫ : (ક) ૧ ડિસેંબર ૧૯૭૧થી અત્યાર સુધીમાં કઈ કૉલેજે કયા અધ્યાપકને છૂટા કરવા અંગેની નોટિસો આપી છે?

(ખ) કયાં કારણોસર તેમને છૂટા કરવામાં આવનાર છે?

(ગ) એ નોટિસોમાંથી કઈ નિયમ બહારની છે?

(ઘ) જો નિયમ બહારની હોય તો તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં?

ઉત્તર ૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૧૦"** માં આપવામાં આવી છે.

શ્રી. બબાભાઈ સો. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પ્રશ્ન ૨, ૩, ૪, ૫ અંગેના જવાબ પછી કોઈ માહિતી આવી છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ૨૪ કૉલેજો અંગેની માહિતી મળી છે અને મુદ્રિત એજન્ડા પરિપત્રિત કર્યા પછી આજ સુધીમાં બીજી ૧૪ કૉલેજો અંગેની માહિતી આવી છે.

(કુલસચિવશ્રીએ તે કૉલેજોનાં નામો વાંચી સંભળાવ્યાં.)

પ્રશ્ન ૬ : છેલ્લાં ત્રણ વર્ષમાં કઈ વ્યકિતએ કેટલી કૉલેજ તપાસસમિતિઓમાં કામ કર્યું તેની વિગત આપવા વિનંતી.

ઉત્તર ૬ : સદરહુ વિગત નીચે પ્રમાણે છે :

ક્રમાંક	વ્યકિતનું નામ	કૉલેજોની જોડાણઅરજીઓ પરની તપાસસમિતિમાં કેટલી વખત કાર્ય કર્યું
૧	૨	૩
૧.	શ્રી. સી. જી. ખત્રી	૪
૨.	આચાર્ય આર. એચ. ગાંધી	૪
૩.	પ્રો. ઈ. જે. મશીહી	૩
૪.	ડૉ. સી. આર. નાયક	૩
૫.	શ્રી. એમ. સી. જયસ્વાલ	૩
૬.	શ્રીમતી સુધાબહેન દેસાઈ	૩
૭.	પ્રો. સી. ટી. ભોપટકર	૩
૮.	આચાર્ય એમ. સી. દેસાઈ	૯
૯.	પ્રો. એમ. પી. પંડ્યા	૨
૧૦.	આચાર્ય દયાશંકર એસ. જોશી	૩
૧૧.	શ્રી. આર. કે. ધારૈયા	૫
૧૨.	આચાર્ય ડી. એમ. શીખ	૭
૧૩.	ડૉ. ડી. એચ. સુતરિયા	૨
૧૪.	આચાર્ય ડી. પી. ઠાકર	૬
૧૫.	આચાર્ય એચ. સી. ત્રિવેદી	૨
૧૬.	આચાર્ય બી. પી. કોઠારી	૨
૧૭.	ડાં. તારાબહેન પટેલ	૫
૧૮.	આચાર્ય એન. બી. નાયક	૬
૧૯.	ડૉ. જે. જે. ચિનોય	૧
૨૦.	આચાર્ય એ. એચ. આઈ. વ્હોરા	૧
૨૧.	આચાર્ય એસ. આર. ભટ્ટ	૩
૨૨.	પ્રો. પી. ડી. પાઠક	૧
૨૩.	આચાર્ય કે. સી. ક્ષત્રિય	૨
૨૪.	આચાર્ય આર. એમ. ભટ્ટ	૩
૨૫.	આચાર્ય સી. એમ. પટેલ	૨
૨૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	૬
૨૭.	આચાર્ય એલ. ડી. દવે	૮
૨૮.	આચાર્ય વી. એન. જોશી	૨
૨૯.	આચાર્ય આર. એમ. શુકલ	૫

૧	૨	૩
૩૦.	આચાર્ય એચ. કે. બુખારી	૪
૩૧.	આચાર્ય કે. એન. શાહ	૩
૩૨.	પ્રો. એમ. પી. ભટ્ટ	૧
૩૩.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	૧
૩૪.	આચાર્ય ય. પ્રા. શુકલ	૬
૩૫.	આચાર્ય વી. એફ. શાહ	૨
૩૬.	ડૉ. લીલાબહેન શાહ	૫
૩૭.	આચાર્ય એમ. સી. શાહ	૧૯
૩૮.	આચાર્ય સી. સી. શાહ	૩
૩૯.	આચાર્ય બી. કે. ગઢવી	૧
૪૦.	આચાર્ય એસ. આર. મહેતા	૧૧
૪૧.	પ્રો. એચ. ડી. બદામી	૪
૪૨.	આચાર્ય વી. બી. અધ્વર્યુ	૩
૪૩.	આચાર્ય એમ. ડી. ભટ્ટ	૨
૪૪.	આચાર્ય બી. એમ. પીરઝાદા	૪
૪૫.	પ્રો. ડી. ડી. ત્રિવેદી	૬
૪૬.	આચાર્ય એન. બી. જોશી	૫
૪૭.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	૧
૪૮.	આચાર્ય એ. આર. રાવ	૨
૪૯.	પ્રો. એમ. જી. પારેખ	૧
૫૦.	આચાર્ય એસ. ટી. જેસલપુરા	૨
૫૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	૭
૫૨.	આચાર્ય કે. એમ. તલાટી	૧૦
૫૩.	આચાર્ય આઈ. જે. ધ્રુવ	૩
૫૪.	આચાર્યા ઊર્મિલાબહેન સી. પટેલ	૧
૫૫.	આચાર્ય પી. એચ. ભટ્ટ	૬
૫૬.	આચાર્ય કે. એમ. આચાર્ય	૪
૫૭.	ડૉ. એ. એમ. ત્રિવેદી	૪
૫૮.	આચાર્ય ડી. એ. ઘાંચી	૫
૫૯.	આચાર્ય જી. બી. પરીખ	૭
૬૦.	આચાર્ય વી. એસ. વણિકર	૩
૬૧.	આચાર્ય સી. કે. અકુવાલા	૪
૬૨.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	૮

૧	૨	૩
૬૩.	આચાર્ય એચ. જે. પંડિત	૨
૬૪.	ડૉ. ચંપાબહેન ભટ્ટ	૧
૬૫.	આચાર્ય ડી. એમ. ભાવસાર	૪
૬૬.	પ્રો. આર. જી. ભટ્ટ	૩
૬૭.	આચાર્ય બી. આર. ચૌહાણ	૩
૬૮.	આચાર્ય એન. વી. રાવલ	૨
૬૯.	ડૉ. કે. જી. દેસાઈ	૫
૭૦.	આચાર્ય એ. જી. મુનશી	૩
૭૧.	આચાર્ય જે. બી. સાન્ડલ	૧
૭૨.	આચાર્ય આઈ. એમ. પટેલ	૩
૭૩.	ડૉ. જે. બી. હરિભક્તિ	૨
૭૪.	આચાર્ય જે. જે. ત્રિવેદી	૨
૭૫.	પ્રો. કે. એમ. કોટડિયા	૧
૭૬.	આચાર્ય વી. આર. રણદીવે	૫
૭૭.	આચાર્ય વી. એસ. ભટ્ટ	૨
૭૮.	આચાર્ય ડી. એચ. વેલવન	૭
૭૯.	પ્રો. એન. જી. ગુજ્જર	૨
૮૦.	ડૉ. એસ. કિશ્નન	૧
૮૧.	આચાર્ય એચ. સી. પરીખ	૪
૮૨.	આચાર્ય આર. એલ. સંઘવી	૩
૮૩.	આચાર્ય જી. એમ. પટેલ	૩
૮૪.	આચાર્ય જી. સી. પટેલ	૨
૮૫.	આચાર્ય જે. સી. ત્રિવેદી	૭
૮૬.	શ્રી. આઈ. એ. મોદી	૩
૮૭.	આચાર્ય આર. એચ. શાહ	૩
૮૮.	આચાર્ય એમ. એસ. પંડિત	૬
૮૯.	આચાર્ય પી. આર. દેસાઈ	૫
૯૦.	આચાર્ય સી. ડી. વ્યાસ	૪
૯૧.	આચાર્ય એન. એસ. પંડ્યા	૫
૯૨.	આચાર્ય ટી. એમ. પરીખ	૩
૯૩.	શ્રી. બી. વી. પટેલ	૧
૯૪.	આચાર્ય સી. એસ. શાહ	૩
૯૫.	આચાર્ય એસ. એમ. શાહ	૧

૧	૨	૩
૯૬.	આચાર્ય એચ. એમ. શુકલ	૧
૯૭.	પ્રો. જી. ટી. પંડ્યા	૨
૯૮.	આચાર્ય જે. ડી. તલાટી	૧
૯૯.	પ્રો. જે. ડી. ઓઝા	૨
૧૦૦.	પ્રો. સી. એસ. ત્રિવેદી	૨
૧૦૧.	પ્રો. વી. સી. શાહ	૨
૧૦૨.	પ્રો. જી. આર. દેસાઈ	૧
૧૦૩.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	૧
૧૦૪.	આચાર્ય એચ. એ. પટેલ	૪
૧૦૫.	પ્રો. એ. એસ. પટેલ	૨
૧૦૬.	પ્રો. જી. ડી. શર્મા	૧
૧૦૭.	આચાર્ય એ. ડી. મણિયાર	૨
૧૦૮.	શ્રી. કે. કા. શાસ્ત્રી	૧
૧૦૯.	આચાર્ય વી. જે. ત્રિવેદી	૧
૧૧૦.	પ્રો. એન. જે. પટેલ	૩
૧૧૧.	આચાર્ય કે. એસ. પટેલ	૧
૧૧૨.	આચાર્ય એસ. એમ. નાગામિયા	૨
૧૧૩.	આચાર્ય ટી. પી. ચિતાનંદ	૧
૧૧૪.	આચાર્ય એન. કે. દવે	૨
૧૧૫.	પ્રો. રણધીર ઉપાધ્યાય	૨
૧૧૬.	આચાર્ય મધુકર કર્ણિક	૧
૧૧૭.	આચાર્ય વી. એ. વ્યાસ	૧
૧૧૮.	પ્રો. પી. એફ્. પટેલ	૧
૧૧૯.	પ્રો. ડી. એસ. બસન	૧
૧૨૦.	આચાર્ય એચ. પી. પંડ્યા	૧
૧૨૧.	શ્રી. આર. બી. શાહ	૧
૧૨૨.	આચાર્ય ડી. ડી. દેસાઈ	૨
૧૨૩.	ડૉ. એમ. એસ. જીનવાળા	૧
૧૨૪.	ડૉ. ટી. એમ. ઉદાણી	૧
૧૨૫.	આચાર્ય વાય. ડી. ભાવે	૧
૧૨૬.	આચાર્ય કે. એસ. યાદવ	૧
૧૨૭.	શ્રી. વી. પી. શાહ	૧
૧૨૮.	શ્રી. એસ. ટી. બુચ	૧

૧	૨	૩
૧૨૯.	શ્રીમતી ઉષાબહેન કન્હારે	૧
૧૩૦.	પ્રો. જે. એચ. શુકલ	૧
૧૩૧.	પ્રો. એસ. બી. વોરા	૧
૧૩૨.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	૧
૧૩૩.	આચાર્ય બી. એમ. મૂલે	૧
૧૩૪.	પ્રો. બી. એસ. પટેલ	૧
૧૩૫.	પ્રો. રમણભાઈ જોશી	૨
૧૩૬.	આચાર્ય કે.બી. વ્યાસ	૧
૧૩૭.	આચાર્ય સી. કે. ભટ્ટ	૧
૧૩૮.	આચાર્ય વી. પી. અગ્નિહોત્રી	૧
૧૩૯.	આચાર્ય એ. બી. વ્યાસ	૧
૧૪૦.	શ્રી. એચ. વી. વસા	૧
૧૪૧.	શ્રી. એમ. વી. જોશી	૧
૧૪૨.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	૧
૧૪૩.	ડૉ. સી. એચ. નાયક	૧
૧૪૪.	ડૉ. ઓ. પી. ગુપ્તા	૧

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તપાસસમિતિના આંકડામાં variation દેખાય છે. સિન્ડિકેટ તપાસસમિતિ નીમે છે ત્યારે ખાસ કઈ લાયકાતનાં ધોરણો જોવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માટે લાયકાતનાં કોઈ ખાસ ધોરણો નક્કી કરેલાં નથી.

આચાર્ય દર્શનસિંગ શીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્ય જે. કે. શાહ એક પણ વખત નિમાયા નથી એ વાત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, એ વાત સાચી છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ સભ્ય ૧૯ વખત નિમાયા હોય તો વિશિષ્ટ કદર કરવાની યોજના રાખવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આ માહિતી ત્રણ વર્ષ દરમિયાન નિમાયેલી સમિતિઓ અંગેની છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તપાસસમિતિના સભ્યોમાં આચાર્યો જ હોવા જોઈએ કે બે પ્રાધ્યાપકો માત્ર ગયા હોય તો ચાલે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આચાર્યો પણ પ્રાધ્યાપકો તો છે જ, પણ ફકત પ્રાધ્યાપકો હોય તોપણ ચાલી શકે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રોફેસર અને પ્રિન્સિપાલ વચ્ચે ratio કેટલો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એનું કોઈ નિયત માપ નથી. આપેલી માહિતી પરથી પ્રમાણ તમે કાઢી શકો છો.

આ તબક્કે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચ્યું કે પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો છે. તે પછી પ્રશ્નોત્તરીનો બાકીનો ભાગ હાથ ઉપર લઈ શકાયો નહીં.

પ્રશ્ન ૭ : ગયા અને ચાલુ વર્ષે એવી કેટલી વ્યક્તિઓ હતી/છે, જેમને એક કરતાં વધુ પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે નીમી હતી/છે?

ઉત્તર ૭ : આ માહિતી યુનિવર્સિટીની પરીક્ષાઓને લગતી હોઈ તે ગુપ્ત પ્રકારની ગણાય છે અને તેથી તે આપી શકાય તેમ નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૮ : (ક) સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થીઓની અંગ્રેજી માધ્યમ અંગેની કોઈ ફરિયાદ આવી હતી?

ઉત્તર ૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૮ : (ખ) જો હા, તો તે અંગે શાં પગલાં ભરવામાં આવ્યાં?

ઉત્તર ૮ : (ખ) જેમની માતૃભાષા ગુજરાતી નથી તેવા કેટલાક વિદ્યાર્થીઓની એક અરજી આવી હતી. આ વિદ્યાર્થીઓને શક્ય હોય ત્યાં સુધી સંતોષ થાય તે જોવા અને જરૂર પડતે લિસિયડની સંખ્યા વધારીને પણ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા કરી આપવા માટે સમાજવિદ્યા ભવનને જણાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૮ : (ગ) અત્યારની અંગ્રેજી-ગુજરાતી મિશ્ર માધ્યમની નીતિ પુનર્વિચારણા માગી લે તેવી લાગે છે?

ઉત્તર ૮ : (ગ) આ પ્રશ્ન અભિપ્રાયનો હોઈ, તેનો જવાબ આપવાનું કાર્યાલયને માટે શક્ય નથી.

પ્રશ્ન ૯ : જો કોઈ કૉલેજ બંધ થાય તો તેનાં પુસ્તકો, ફર્નિચર, પ્રયોગશાળાનાં સાધનો વગેરે પર અધિકાર કોનો? યુનિવર્સિટીનો, સરકારનો, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો કે સંચાલક મંડળનો?

ઉત્તર ૯ : તે કાયદાનો પ્રશ્ન હોઈ યુનિવર્સિટી કાર્યાલયને માટે તેનો જવાબ આપવાનું શક્ય નથી.

પ્રશ્ન ૧૦ : (ક) ગોધરામાં લો કૉલેજ કયારે બંધ થઈ?

ઉત્તર ૧૦ : (ક) તા. ૧૪-૬-૧૯૭૧ના રોજ તે કૉલેજનું જોડાણ બંધ થયું છે.

પ્રશ્ન ૧૦ : (ખ) તે કૉલેજની ડિપૉઝિટ યુનિવર્સિટીમાંથી કયારે પરત કરવામાં આવી?

ઉત્તર ૧૦ : (ખ) તેની ડિપૉઝિટ હજુ પરત કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૦ : (ગ) પરત કરતાં પહેલાં તે કૉલેજના આચાર્ય તથા અધ્યાપકોના પગાર ચૂકવાયા નહોતા તે અંગે કોઈએ યુનિવર્સિટીને જાણ કરી હતી?

ઉત્તર ૧૦ : (ગ) ડિપૉઝિટ પરત કરવામાં આવી નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે સદરહુ કૉલેજના આચાર્ય તથા અધ્યાપકોના પગાર ચૂકવાયા નથી તેની જાણ સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને કરેલી છે.

પ્રશ્ન ૧૧ : (ક) વિજિલન્સ કમિટીના સભ્યો કોણ કોણ છે ?

ઉત્તર ૧૧ : (ક) વિજિલન્સ કમિટીના સભ્યોનાં નામ નીચે મુજબ છે :

(૧) શ્રી. આઈ. એ. મોદી
(૨) પ્રિ. એમ. સી. શાહ
(૩) પ્રિ. ગિરીશ સી. પટેલ
(૪) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૫) ડૉ. એમ. એન. દેસાઈ.

પ્રશ્ન ૧૧ : (ખ) એ કમિટીનો કાર્યપ્રદેશ શો છે ?

ઉત્તર ૧૧ : (ખ) સંલગ્ન કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે સિન્ડિકેટને મદદ કરવાનું.

પ્રશ્ન ૧૧ : (ગ) એ કમિટીએ તેનું કાર્ય શરૂ કર્યું છે ?

ઉત્તર ૧૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧૨ : (ક) ગુજરાત યુનિવર્સિટી પુસ્તકાલયમાં અર્થશાસ્ત્ર વિષયને લગતાં ગુજરાતીમાં કયાં કયાં સામયિકો આવે છે ?

ઉત્તર ૧૨ : (ક) ગુજરાત યુનિવર્સિટી પુસ્તકાલયમાં અર્થશાસ્ત્રના વિષયને લગતું ગુજરાતી ભાષાનું એક સામયિક "સહકાર" આવે છે.

પ્રશ્ન ૧૨ : (ખ) આના ઉપરાંત બીજાં મગાવવાં શક્ય નથી શું ?

ઉત્તર ૧૨ : (ખ) તે અંગે સૂચનો આવ્યેથી વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૧૩ : (ક) અત્યાર સુધી છૂટા કરવામાં આવેલા અધ્યાપકોમાંથી કોણે કોણે 'ટ્રિબ્યુનલ'ની માગણી કરી હતી ?

પ્રશ્ન ૧૩ : (ખ) સંબંધકર્તા કેસોમાં સંસ્થાઓએ કયાં કારણોસર તેઓને છૂટા કરેલા ?

પ્રશ્ન ૧૩ : (ગ) એ કારણો અંગે યુનિવર્સિટીનું શું મંતવ્ય છે ?

ઉત્તર ૧૩ : (ક), (ખ) અને (ગ) : સદરહુ માહિતી નીચે જણાવેલ છે :

ક્રમાંક	ટ્રિબ્યુનલની માગણી કરનાર શિક્ષકનું નામ	તેઓને છૂટા કરવા માટે સંસ્થાએ જણાવેલ કારણ	આ અંગે યુનિ.નું મંતવ્ય
૧.	શ્રી. આઈ. એમ. ત્રિવેદી, સિદ્ધપુર	કૉલેજના આચાર્યશ્રીએ નીચે મુજબ જણાવ્યું છે: "શ્રી. આઈ. એમ. ત્રિવેદીને પ્રૉવિડન્ટ ફંડની રકમ, સરકાર તરફથી મળેલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું એરિયર્સ તેમ જ વૅકેશનનો પગાર ચૂકવી આપેલ છે."	—

૨. શ્રી. એમ. એન. મહેતા, દહેગામ	વધારાના શિક્ષક હોવાથી	ઑર્ડિ. ૧૨૦–ડી અન્વયે છૂટા કરી શકાય નહીં.
૩. શ્રી. બી. બી. પટેલ, ડાકોર	—	ઑર્ડિ. ૧૨૦–ડી અન્વયે છૂટા કરી શકાય નહીં.

પ્રશ્ન ૧૪ : યુનિવર્સિટીએ મંજૂર કરેલ પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને સમયસર મળતાં નથી એવું યુનિવર્સિટીને લાગે છે ખરું ?

જો હા હોય, તો તે અંગે શું પગલાં વિચારવામાં આવેલાં છે ?

ઉત્તર ૧૪ : ના, જી.

પ્રશ્ન ૧૫ : (ક) અનુસ્નાતક અધ્યાપન કરતા મુલાકાતી અધ્યાપકોમાંથી એવી કઈ વ્યક્તિઓ છે જેમને સત્ર દીઠ નિયમ કરતાં વધુ રકમ ચૂકવવાના અપવાદ કરેલા છે ?

ઉત્તર ૧૫ : (ક) છેલ્લાં ત્રણ વર્ષની માહિતી તપાસી જોતાં જણાયું છે કે આવો અપવાદ કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧૫ : (ખ) તેઓને કેટલી રકમ ચૂકવાય છે ?

ઉત્તર ૧૫ : (ખ) ઉપર પ્રશ્ન ૧૫ (ક)ના જવાબમાં આપેલી માહિતી જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૫ : (ગ) અપવાદ પાછળ શાં કારણો છે ?

ઉત્તર ૧૫ : (ગ) ઉપર પ્રશ્ન ૧૫ (ક)ના જવાબમાં આપેલી માહિતી જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૬ : (ક) શ્રી ભકત વલ્લભ ધોળા કૉલેજમાં અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં હું કેટલા પિરિયડ લઉં છું તે અંગે યુનિવર્સિટીએ જે પત્રો લખેલા તે કોની અને કઈ ફરિયાદના અનુસંધાનમાં હતા ?

ઉત્તર ૧૬ : (ક) સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પૂરા સમયના પ્રાધ્યાપક પ્રો. બબાભાઈ પટેલ શ્રી ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને પણ સેવાઓ આપે છે એમ સદરહુ કૉલેજના માહિતીપત્ર પરથી જણાય છે, એવી મૌખિક રજૂઆત થતાં તે અંગે શી હકીકત છે તે જાણવા માટે સદરહુ કૉલેજને લખવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૧૬ : (ખ) તે કૉલેજોએ શા જવાબો આપ્યા છે ?

ઉત્તર ૧૬ : (ખ) ભકત વલ્લભ ધોળા કૉલેજે સ્ટાફના સભ્ય તરીકે સેવાઓ આપતા નથી તેમ જ તેમને કોઈ કાર્યભાર ફાળવવામાં આવ્યો નથી તેમ જ તેમને કોઈ વેતન અપાતું નથી તેમ જણાવ્યું છે.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજે નીચે પ્રમાણે કાર્યભાર આપ્યાનું દર્શાવ્યું છે :

વ્યાખ્યાનો	ટ્યુટોરિયલ	કુલ
૧૩	૩	૧૬

પ્રશ્ન ૧૬ : (ગ) હવે આ અંગે યુનિવર્સિટીએ શું કરવાનું રહે છે ?

ઉત્તર ૧૬ : (ગ) તે અંગે હવે યુનિવર્સિટીએ વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી.

પ્રશ્ન ૧૭ : (ક) હજી સુધી કઈ કઈ કૉલેજોએ પ્રૉવિડંટ ફંડના નિયમોનો સ્વીકાર કરેલો નથી ?
(ખ) સ્વીકાર કર્યો હોય પણ અમલ ન કર્યો હોય તેવી કઈ કઈ કૉલેજો છે ?

ઉત્તર ૧૭ : (ક) અને (ખ) : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી **પરિશિષ્ટ "૧૧"**માં આપવામાં આવેલ છે.

પ્રશ્ન ૧૮ : (ક) યુનિવર્સિટી કાર્યાલયમાં કર્મચારીઓ દિવસના આરંભે તથા રિસેસ પછી સમયસર આવે છે ખરા ?

ઉત્તર ૧૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૮ : (ખ) સમયસર આવે છે કે નહીં તે અંગે તપાસ કરવાની શી વ્યવસ્થા છે ?

ઉત્તર ૧૮ : (ખ) મોડા આવનાર સભ્યોએ હાજરીપત્રકમાં વિભાગના વડાની હાજરીમાં સમય નોંધવાનો હોય છે; વિરામ પછી સમય નોંધવાનો નિયમ નથી.

પ્રશ્ન ૧૮ : (ગ) તે અંગે સમય-પંચ કરવા અંગેના યંત્રનો ઉપયોગ કરવો શક્ય નથી શું ?

ઉત્તર ૧૮ : (ગ) શક્ય છે, પણ જરૂર જણાતી નથી.

[૧૦] આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : સમાજવિદ્યા ભવનમાં શીખવવામાં આવતા પ્રત્યેક વિષય માટે અત્યારે કેટલો શૈક્ષણિક સ્ટાફ છે ? પ્રત્યેક વિષય માટે પ્રાધ્યાપક, રીડર અને વ્યાખ્યાતાની સંખ્યાની અલગ માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૧ : સમાજવિદ્યા ભવનમાં નીચે પ્રમાણે શૈક્ષણિક સ્ટાફ છે :

		પ્રાધ્યાપક	રીડર	વ્યાખ્યાતા	કુલ
૧.	અર્થશાસ્ત્ર	૧	૧	૪	૬
૨.	રાજ્યશાસ્ત્ર	૧	૩	૨	૬
૩.	સમાજશાસ્ત્ર	૧	૧	૪	૬
૪.	લેબર વેલ્ફેર વિભાગ	—	૧	૨	૩
૫.	ઇતિહાસ વિભાગ	—	—	૨	૨
					૨૩

પ્રશ્ન ૨ : સમાજવિદ્યા ભવનમાં શીખવવામાં આવતા પ્રત્યેક વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે ?

ઉત્તર ૨ : સમાજવિદ્યા ભવનમાં શીખવવામાં આવતાં વિષયોમાં વર્ષ ૧૯૭૧--૭૨ દરમ્યાન નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે :

વિષય	વિદ્યાર્થીની સંખ્યા	
	પાર્ટ ૧	પાર્ટ ૨
૧. ઇતિહાસ--ગ્રૂપ 'એ' અને 'બી'	૫૯	૨૧
૨. ઇતિહાસ--સમાજશાસ્ત્ર, ગ્રૂપ 'એ' અને 'બી'	૪	૧૧
૩. ઇતિહાસ--સમાજશાસ્ત્ર, ગ્રૂપ 'એ' અને 'જી'	૧	૫
૪. અર્થશાસ્ત્ર--ગ્રૂપ 'સી' અને 'ઈ'	૨૧૧	૭૭
૫. અર્થશાસ્ત્ર--સમાજશાસ્ત્ર ગ્રૂપ 'સી' અને 'ઈ'	—	૫
૬. સમાજશાસ્ત્ર--ગ્રૂપ 'ઈ' અને 'એફ'	૧૧	૧૧
૭. રાજ્યશાસ્ત્ર--ગ્રૂપ 'જી' અને 'એચ'	૧૧	૧૧
૮. એમ.એલ.ડબ્લ્યુ.	૨૩	૧૯
	૩૫૦	૧૮૦

પ્રશ્ન ૩ : અન્ય વિષયોની સરખામણીમાં ઇતિહાસના વિષયમાં અધ્યાપકોની સંખ્યા ઓછી હોવાનાં શાં કારણો છે ?

ઉત્તર ૩ : ઇતિહાસના વિષય માટે કુલ ચાર શિક્ષકોની જગ્યાઓ સ્થાપવામાં આવેલી છે. સમાજવિદ્યા-ભવનના જુદા જુદા વિષયોના વિભાગોમાં ઇતિહાસના વિભાગનો સમાવેશ સૌથી છેલ્લો કરવામાં આવેલો છે.

પ્રશ્ન ૪ : (ક) ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા કેટલા સમયથી ખાલી છે ?

ઉત્તર ૪ : (ક) ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા તા. ૧૧--૬--૧૯૭૦થી ખાલી છે.

પ્રશ્ન ૪ : (ખ) આ જગ્યા માટે જાહેરખબર આપવામાં આવેલ, પરંતુ બે વર્ષથી પણ વધુ સમય થયા છતાં ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા નથી તે વાત સાચી છે ?

ઉત્તર ૪ : (ખ) હા, જી.

પ્રશ્ન ૪ : (ગ) જો "હા", તો શા કારણથી ?

ઉત્તર ૪ : (ગ) વરણીસમિતિની સભા માટે સભ્યોને અનુકૂળ આવે તેવી તારીખ નક્કી થઈ શકી નથી.

પ્રશ્ન ૫ : (ક) ઇતિહાસના એમ.એ. પાર્ટ ૧ અને પાર્ટ ૨ના અભ્યાસક્રમમાં હોય પરંતુ શીખવવામાં આવતાં ન હોય એવાં કયાં પેપરો છે ?

ઉત્તર ૫ : (ક) ઇતિહાસના વિષયમાં શીખવવામાં ન આવતાં વૈકલ્પિક પ્રશ્નપત્રો નીચે મુજબ છે:

૧. પ્રાચીન ભારતીય ગુપ્ત સમય
૨. અવશેષવિદ્યા
૩. રાજપૂત પિરિયડ
૪. ગુજરાતનો સલ્તનત પિરિયડ

૫. પશ્ચિમ એશિયા
૬. અગ્નિ એશિયા
૭. યુ.એસ.એ.
૮. આફ્રિકા
૯. કોમનવેલ્થનો ઇતિહાસ.

પ્રશ્ન ૫ : (ખ) આ પેપરો નહીં શીખવવાનું કારણ વિદ્યાર્થીઓની માંગનો અભાવ છે કે અધ્યાપકોની અછત ?

ઉત્તર ૫ : (ખ) આ અંગે વિદ્યાર્થીઓ પાસેથી કોઈ રજૂઆત આ કાર્યાલય પાસે થયેલી હોય તેમ જણાતું નથી. બાકી આ વિષય માટે સમાજવિદ્યા ભવનમાં બે જ શિક્ષકો હાલ કામ કરે છે.

પ્રશ્ન ૬ : આ વિભાગના વિકાસ માટે યુનિવર્સિટીએ કોઈ યોજના વિચારેલ હોય તો તેની માહિતી આપવા કૃપા કરશો.

ઉત્તર ૬ : પાંચમી અને છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ ઇતિહાસના વિભાગના વિકાસ યોજનાના પ્રસ્તાવો વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૭ : (ક) વિદ્યાર્થી સંસદની પ્રવૃત્તિઓનો અહેવાલ અને હિસાબ રાખવામાં આવે છે ?

ઉત્તર ૭ : (ક) હા, જી.

પ્રશ્ન ૭ : (ખ) તે કૉલેજોને જણાવવા કૃપા કરશો ?

ઉત્તર ૭ : (ખ) હા, જી. જણાવીશું.

પ્રશ્ન ૮ : ૧૯૭૦ તથા ૧૯૭૧ની માર્ચ–એપ્રિલની પરીક્ષાઓના આધારે નીચેની માહિતી આપવા વિનંતી છે :

	૧૯૭૦	૧૯૭૧
૧. રૂ. ૧૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા		
૨. રૂ. ૧૦૧થી ૨૫૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા		
૩. રૂ. ૨૫૧થી ૫૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા		
૪. રૂ. ૫૦૧થી ૭૫૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા		
૫. રૂ. ૭૫૧થી ૧,૦૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા		
૬. રૂ. ૧,૦૦૦થી વધુ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા.		

ઉત્તર ૮ : ૧૯૭૦ તથા ૧૯૭૧ની માર્ચ–એપ્રિલની પરીક્ષાઓ અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

	૧૯૭૦	૧૯૭૧
૧. રૂ. ૧૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૪૩૪	૭૨૧
૨. રૂ. ૧૦૧થી રૂ. ૨૫૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૪૫૫	૪૯૬
૩. રૂ. ૨૫૧થી ૫૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૯૩૫	૮૩૭
૪. રૂ. ૫૦૧થી ૭૫૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૫૦૫	૪૭૮
૫. રૂ. ૭૫૧થી ૧,૦૦૦ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૧૩	૧૨૦
૬. રૂ. ૧,૦૦૦થી વધુ મહેનતાણું (Remuneration) મેળવનારા પરીક્ષકોની સંખ્યા	૩	૧૭

[૧૧] આચાર્ય જશભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ, નડિયાદ, ટેકનિકલ સ્ટાફનો પગાર અને સ્કેલ ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે અને ગુજરાત યુનિવર્સિટીની બીજી કૉલેજોના ટેકનિકલ સ્ટાફને મળતા પગાર જેવો જ છે ?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પગારધોરણો નિયત કરેલાં છે તેમાં "ટેકનિકલ" અને "નૉન-ટેકનિકલ" એવો ભેદ પાડવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧ : (ખ) જો ન હોય તો આ માટે યુનિવર્સિટીએ આ પગારધોરણને સરખું અમલમાં મૂકવા માટે શાં પગલાં લીધાં ?

ઉત્તર ૧ : (ખ) ઉપરના પ્રશ્ન ૧ (ક)નો ઉત્તર જોતાં પગલાં લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧ : (ગ) અને પગલાં ન લીધાં હોય તો શા માટે ?

ઉત્તર ૧ : (ગ) ઉપરના પ્રશ્ન ૧ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૧૨] શ્રી. વિનોદ એચ. કપાસીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : સી. યુ. શાહ કૉલેજમાં કામ કરતા શ્રી. કૃષ્ણકાંત કડકિયાએ પોતાને છૂટા કરવા સંબંધી યુનિવર્સિટીમાં સૌપ્રથમ કયારે ફરિયાદ કરી ?

ઉત્તર ૧ : શ્રી. કૃષ્ણકાંત કડકિયાએ સૌપ્રથમ તેમના તા. ૧૪--૧૧--૧૯૭૦ના પત્રથી યુનિવર્સિટીને લખ્યું હતું.

પ્રશ્ન ૨ : તે અંગે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં ?

ઉત્તર ૨ : યુનિવર્સિટીના નિયમોના સંદર્ભમાં તેમની ફરિયાદ અંગે યુનિવર્સિટી કાર્યાલયને દરમ્યાન થવાપણું રહેતું નથી એમ તા. ૨૫--૧૨--૧૯૭૦ના પત્રથી શ્રી. કૃષ્ણકાંત કડકિયાને જવાબ આપવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૩ : ત્યાર બાદ શ્રી. કૃષ્ણકાંત કડકિયાએ તા. ૧૯--૧૨--૧૯૭૦ના રોજ યુનિવર્સિટીને પત્ર લખ્યો તે પત્ર અથવા તેમાં જણાવેલ ફરિયાદના મુદ્દા જાણાવવા વિનંતી છે.

ઉત્તર ૩ : શ્રી. કૃષ્ણકાંત કડકિયાએ તા. ૧૭--૧૨--૧૯૭૦ના રોજ યુનિવર્સિટીને પત્ર લખ્યો હતો તેમાં ફરિયાદના મુદ્દા નીચે મુજબ હતા :

"નવાં પગારધોરણો આવતાં તેમને સી. યુ. શાહ કૉમર્સ કૉલેજમાંથી ઇચ્છા-વિરુદ્ધ છૂટા કરવામાં આવેલા છે અને તેમને નોકરીની સલામતીની દૃષ્ટિએ, ઇન્ક્રીમેન્ટની દૃષ્ટિએ તેમ જ પ્રોવિડંટ ફંડની દૃષ્ટિએ ભારે આર્થિક નુકસાન થયું છે."

પ્રશ્ન ૪ : આ પ્રત્યેક મુદ્દાઓ અંગે આખરી નિર્ણય શું અને ક્યારે લીધો તે નીચેના કોઠામાં આપવા વિનંતી છે :

ફરિયાદના મુદ્દા	કાર્યાલયનો જવાબ	જવાબ આપ્યાની તારીખ

ઉત્તર ૪ : પ્રશ્ન ૨ અને ઉના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : આ અંગે કુલાધિપતિશ્રી તરફથી કોઈ પૃચ્છાઓ કરવામાં આવી હતી?

ઉત્તર ૫ : શ્રી. કડકિયાની તા. ૧૭--૧૨--૧૯૭૦ની અરજી રાજ્યપાલશ્રીના સહાયક સચિવશ્રી તરફથી યુનિવર્સિટીને યોગ્ય કાર્યવાહી કરવા માટે મોકલવામાં આવી હતી.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટી કાર્યાલયે તેમને આપેલ જવાબ સભાગૃહમાં ઉપલબ્ધ કરવા વિનંતી છે.

ઉત્તર ૬ : યુનિવર્સિટી કાર્યાલયે તેમને આપેલ જવાબ વિનંતી મુજબ સભાગૃહમાં ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૭ : તા. ૧૫--૩--૧૯૭૦ના રોજ નોટિસ આપી છૂટા કરવામાં આવેલા શિક્ષકો નોટિસની મુદત પૂરી થાય ત્યાં સુધી વિધિસરના યુનિવર્સિટીની કૉલેજમાં માન્ય શિક્ષક તરીકે યુનિવર્સિટી ગણે છે?

ઉત્તર ૭ : હા, જી.

પ્રશ્ન ૮ : પગારધોરણ, પ્રૉવિડંટ ફંડ ઇત્યાદિ સહિત જે સદરહુ શિક્ષક યુનિવર્સિટીની કૉલેજમાં માન્ય શિક્ષક તરીકે હક ભોગવે છે તે જોતાં કુલાધિપતિશ્રીએ તા. ૨૨--૭--૧૯૭૦ના રોજ કરેલી સ્પષ્ટતાના કારણે શ્રી. કડકિયાને તા. ૧--૪--૧૯૭૦ના રોજ વિધિસરના શિક્ષક તરીકે મૂલવવામાં આવે ખરા?

ઉત્તર ૮ : ના, જી. કેમ કે કુલાધિપતિશ્રીએ તા. ૨૨--૭--૧૯૭૦ના રોજ કરેલી સ્પષ્ટતા અગાઉ શ્રી. કડકિયા વિધિસર છૂટા થઈ ગયા હતા.

પ્રશ્ન ૯ : "અગાઉથી નોટિસ આપી દેવામાં આવી છે તેથી કુલાધિપતિશ્રીની તા. ૨૨--૭--૧૯૭૦ની સ્પષ્ટતા જે તા. ૧--૪--૧૯૭૦ના રોજ સંલગ્ન કૉલેજના શિક્ષકની વધુ કાર્યભારના સંદર્ભમાં છૂટા કરવા મના ફરમાવે છે તે લેકચર રદ્દાણ મેળવવાની વાત નથી" એ મતલબનું અર્થઘટન કરવામાં આવ્યું છે તે વાત સાચી છે?

ઉત્તર ૯ : હા, જી.

પ્રશ્ન ૧૦: જો તેમ કરવામાં આવ્યું હોય તો આવું અર્થઘટન કરવા સંબંધી યુનિવર્સિટીના કોઈ નિયમનો આધાર લેવામાં આવ્યો હોય તો તે ટાંકવા વિનંતી છે.

ઉત્તર ૧૦: પ્રશ્ન ૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧: જો આવું અર્થઘટન કરવામાં નિયમનો આધાર ન લેવામાં આવ્યો હોય તો આવું અર્થઘટન કરવા માટે કોઈ કાનૂનવિષયક સમિતિને પૂછવામાં આવ્યું હતું ?

ઉત્તર ૧૧ : આ અર્થઘટન માટે કાનૂનવિષયક સમિતિને પૂછવાની જરૂર જણાઈ નહોતી.

પ્રશ્ન ૧૨ : આવું અર્થઘટન કરવા પાછળ કોઈ પ્રણાલી અથવા કોઈ આનુવંશિક દાખલાઓ યુનિવર્સિટીએ લક્ષમાં લીધા છે ?

ઉત્તર ૧૨ : આવો બીજો દાખલો ધ્યાનમાં આવેલો નથી.

પ્રશ્ન ૧૩ : નોટિસ અપાયેલા શિક્ષકનો નોટિસની મુદત પૂરી થાય ત્યાં સુધી તેને મેળવેલ શૈક્ષણિક અનુભવ લક્ષમાં લેવામાં આવે છે ખરો ?

ઉત્તર ૧૩ : હા, જી.

પ્રશ્ન ૧૪ : નોટિસ અપાયેલ તારીખથી નોટિસની મુદત પૂરી થાય ત્યાં સુધી સંબંધકર્તા શિક્ષક યુનિવર્સિટીના કયા હક્ક, લાભો મેળવવા હકદાર નથી બનતો તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૪ : નોટિસ અપાયેલ તારીખથી નોટિસની મુદત પૂરી થાય ત્યાં સુધી સંબંધકર્તા શિક્ષક યુનિવર્સિટીના કયા હક્ક, લાભો મેળવવા હકદાર નથી બનતો તે અંગે કોઈ નિયમો કરવામાં આવેલા નથી.

પ્રશ્ન ૧૫ : જો સર્વ લાભ મેળવવા તે હકદાર બનતો હોય તો આ લાભ ન આપવા પાછળનું રહસ્ય જણાવશો ?

ઉત્તર ૧૫ : પ્રશ્ન ૮નો ઉત્તર જોવા વિનંતી છે. સર્વ લાભના રહસ્ય વિષે અમારે કશું કહેવાનું નથી.

૩. નીચે જણાવેલી કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧.	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ--૬	બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૨.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી અને ઇતિહાસ તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, ફારસી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
		(૨) બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૩.	નોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગાંધીધામ, આદિપુર (કચ્છ)	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૩ સુધીનું ચાલુ જોડાણ
		(૨) બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૪.	શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ	(૧) પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું ચાલુ જોડાણ.
		(૨) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા' ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૫.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	બી.એ. (સબો.)માં હિન્દી અને અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ જોડાણ.
૬.	શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	(૧) બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ જોડાણ.
		(૨) બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૭.	શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૮.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૭૧થી તા. ૧૪--૬--'૭૩ સુધીનું ચાલુ જોડાણ.
૯.	સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૭૦ થી તા. ૧૪--૬--'૭૧ સુધીનું જોડાણ.
૧૦.	ડી. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	(અ) (૧) પ્રથમ અને દ્વિતીય બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૭૦-થી તા. ૧૪--૬--'૭૧ સુધીનું ચાલુ જોડાણ. (૨) તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૦થી તા. ૧૪--૬--'૭૧ સુધીનું વધારાનું જોડાણ. (બ) (૧) તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું ચાલુ જોડાણ. (૨) ચતુર્થ વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૧૧.	શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત	(૧) એફ.વાય. ફાર્મ. ડિપ્લોમા તથા ફર્સ્ટ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું ચાલુ જોડાણ. (૨) દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી અને સેકન્ડ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.
૧૨.	(અ) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ--૧૩	એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧ થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
	(બ) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ--૧૩	(૧) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--'૭૩ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા.
		(૨) બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુરિયલ સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-'૭૧થી તા. ૧૪--૬--'૭૩ સુધીનું વધારાનું જોડાણ.

(નોંધ.—ઉપર ક્રમાંક ૧૨ (અ) અને ૧૨ (બ)માં દર્શાવેલ કૉલેજો નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું વિભાગીકરણ થતાં અલગ અલગ કૉલેજો તરીકે અસ્તિત્વમાં આવી.)

૧૩.	(અ) આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	(૧) બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમ રાખવા.
		(૨) બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ જોડાણ.
	(બ) આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમ રાખવા.
		(૨) બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૭-૬-'૭૪ સુધીનું ચાલુ જોડાણ.
		(૩) પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૩ સુધીનું ચાલુ જોડાણ.
		(૪) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું વધારાનું જોડાણ.

(નોંધ.—ઉપર ક્રમાંક ૧૩ (અ) અને ૧૩ (બ)માં દર્શાવેલ કૉલેજો આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદનું વિભાગીકરણ થતાં તથા વિભાજિત થયેલ વિનયન વિદ્યાશાખા સાથે કૉમર્સ કૉલેજ, પેટલાદનું સંયોજન થતાં અસ્તિત્વમાં આવી.)

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૧૪.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૦થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું ચાલુ જોડાણ. (૨) બી.એ. (સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૦થી તા. ૧૪-૬-'૭૧ સુધીનું વધારાનું જોડાણ.
૧૫.	શ્રી. કેળવણી મંડળ, શાસ્ત્રીનો ચાલ, કોચરબનો પહેલો ઢાળ, વા. સા. હૉસ્પિટલ પાછળ, અમદાવાદ દ્વારા ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૬.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, મહેસાણા દ્વારા ૧૯૭૧થી મહેસાણા ખાતે શરૂ કરાનાર નવી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૭.	કપિલાબહેન અને ત્રિવેદી એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ દ્વારા ૧૯૭૧થી મહેમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૮.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી વિજ્ઞાન કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૯.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા ૧૯૭૧થી ગોધરા ખાતે શરૂ કરાનાર નવી કૉમર્સ કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૨૦.	પંકજ કેળવણી મંડળ, ઓલિસબ્રિજ, અમદાવાદ દ્વારા ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી એજ્યુકેશન કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૨૧.	કમળા એજ્યુકેશન ટ્રસ્ટ, શાહપુર મિલ કંપાઉન્ડ, નરેન્દ્ર ભુવન, શાહપુર, અમદાવાદ દ્વારા ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી એજ્યુકેશન કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.

કૉલેજનું નામ	અભ્યાસક્રમો
૨૨. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા ૧૯૭૧થી પાટણ ખાતે શરૂ કરાનાર નવી લૉ કૉલેજ	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
૨૩. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા ૧૯૭૧થી પાટણ ખાતે શરૂ કરાનાર નવી શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઓપરેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું જોડાણ
૨૪. શ્રી. પાલનપુર જૈન શ્વિશુશાળા બાલમંદિર દ્વારા ૧૯૭૧થી પાલનપુર ખાતે શરૂ કરાનાર નવી ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧ થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું જોડાણ.
૨૫. ઈ. એમ. હાઈસ્કૂલ, બોરસદ દ્વારા ૧૯૭૧થી બોરસદ ખાતે શરૂ કરાનાર નવી બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--'૭૧ થી તા. ૧૪--૬--'૭૨ સુધીનું જોડાણ
૨૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ--૪	જોડાણની શરતોનું પાલન કરવામાં કૉલેજ નિષ્ફળ જતાં જોડાણ નકારવામાં આવ્યું.
૨૭. શ્રી સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા	જોડાણની શરતોનું પાલન કરવામાં કૉલેજ નિષ્ફળ જતાં જોડાણ નકારવામાં આવ્યું.

સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

૪. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકો-ની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. કૉલેજના આચાર્યશ્રી હોદ્દાની રૂએ સંચાલકમંડળના સભ્ય છે અને મંડળની સભાઓમાં મત આપવાનો તેમને અધિકાર છે તેનું તેમ જ ગણપૂર્તિમાં તેમની હાજરી ગણતરીમાં લેવામાં આવે છે તે અંગેનું અનુમોદન મોકલવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. એન. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહની ગેરહાજરીમાં આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી કાયમી જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જે તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પોવિડંટ ફંડ અને સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વાય. ડી. ભાવે**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેના સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય વાય. ડી. ભાવેની ગેરહાજરીમાં આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમ માટે કાયમી જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકજાણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના પ્રાધ્યાપક

(૨) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી અને સમાજશાસ્ત્ર એ પ્રત્યેક વધારાના મુખ્ય વિષય દીઠ પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. એસ. યાદવે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસ-ક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એસ. યાદવની ગેરહાજરીમાં આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિનિસ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સભા.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે; અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય બી. પી. કોઠારી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. પી. કોઠારીએ રજૂ કર્યો, તેને ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (સભા.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨

સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૫--૧૯૭૨થી તા. ૧૪-૬-'૭૪ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું બરોબરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. એમ. એ. ફારૂકીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એમ. એ. ફારૂકીની ગેરહાજરીમાં આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય બેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત તથા

બી.એ.(સપ્લે.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એચ. ગાંધી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. એચ. ગાંધીએ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના તથા પ્રથમ વર્ષ તથા દ્વિતીય વર્ષ નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાન તથા દ્વિતીય વર્ષ નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--'૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૨) કીટાણુવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર (અનુસ્નાતક પદવી ધરાવતા)

(૩) કીટાણુવિજ્ઞાન માટે લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. નવા મકાનનું બાંધકામ થાય તે દરમિયાન કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેના ઓરડાઓની જોગવાઈ કરવામાં આવે :
(૧) પ્રયોગસાધન ધોવાનો ઓરડો (વૉશિંગ રૂમ)
(૨) સ્ટોર, પ્રેપરેશન રૂમ અને ઓટોકલેવ માટે રૂમ
(૩) સ્ટાફ અને અધ્યાપક માટે બેસવાની જગ્યા;

૩. નવા મકાન (જે ૧૯૭૨થી અસ્તિત્વમાં આવશે)માં નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) પ્રોફેસર માટેનો રૂમ
(૨) સ્ટાફ માટેનો અલગ રૂમ
(૩) વૉશિંગ રૂમ
(૪) પ્રેપરેશન રૂમ
(૫) ઓટોકલેવ માટેનો અલગ રૂમ
(૬) ઈનોકયુલેશન માટેનો રૂમ
(૭) સ્ટોર રૂમ
(૮) ગ્રંથાલય
(૯) પ્રયોગશાળા (વિદ્યાર્થી દીઠ ૨૫ ચો. ફૂટના હિસાબે);

૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ગત વર્ષની શરત પૈકી બાકી રહેલા રૂ. ૧૪,૨૮૦નાં સાધનો માટે ખર્ચ કરવામાં આવે;

૫. પ્રયોગશાળામાં નીચે જણાવેલાં સાધનો વસાવવામાં આવે :
(૧) મિકેનિકલ સ્ટેજ
(૨) કેન્ડલ ફિલ્ટર
(૩) સીટ્ઝ ફિલ્ટર
(૪) ઈન્સ્વસેટર
(૫) યુ. વી. લૅમ્પ
(૬) એનેરોબિક કલ્ચર જાર
(૭) વેકયૂમ પંપ
(૮) કોલેટની કાઉન્ટર
(૯) ડેસિકેટર;

૬. નાટ્યવિદ્યાનાં સાધનો માટે ગત વર્ષની શરત મુજબ રૂ. ૧૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. વોર્ડરોબ, વર્કશોપ વગેરે પાછળ રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૯. નાટ્યવિદ્યાનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૧૦. કીટાણુવિજ્ઞાનનાં સામયિકો મંગાવવામાં આવે;

૧૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૧૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. પી. ઠાકરે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેના સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. પી. ઠાકરની ગેરહાજરીમાં આચાર્ય ઊર્મિલાબહેન પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, અંગ્રેજી, ગણિત; તથા બી.એ.(સભા.)માં મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગણિત; તથા બી.એ.(સભા.)માં મનોવિજ્ઞાન, આંકડાપદ્ધતિ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત; તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના પ્રાધ્યાપક

(૨) વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક;

૨. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૩૦,૦૦૦નાં સાધનો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૧૫,૦૦૦નાં સાધનો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. બોટેનિકલ ગાર્ડન સુયોગ્ય બનાવવામાં આવે;

૫. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે નીચે મુજબ પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) સંસ્કૃત	...	રૂ. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૯. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. જી. મુનશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એ. જી. મુનશીએ રજૂ કર્યો, તેને આચાર્ય યુ. ડી. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એસસી.(સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયની ગેરહાજરીમાં શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. શ્રી સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા બી.એ.(સંભો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વર્ષારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) મનોવિજ્ઞાનના ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટર;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં મુખ્ય વિષય મનોવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦ તથા ગૌણ વિષય સમાજશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. કે. જી. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. કે. જી. દેસાઈની ગેરહાજરીમાં આચાર્ય ઊર્મિલાબહેન પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. યુ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર **આચાર્ય એચ. એ. પટેલે** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કામકાજની યાદીના પાના નં. ૧૩ પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ છે તેમાં શરત નં. ૧ (૩) નીચે પ્રમાણે ઉમેરવામાં આવે :

'(૩) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા'."

ઉપરનો સુધારો આચાર્ય એચ. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર વિચારણા કરવા પાત્ર રહ્યું નહીં.

તે પર **આચાર્ય આર. જી. નાયકે** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આઈટેમ નં. ૧૩માં આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ડભોઈ એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં શરત નં. ૧માં નીચે પ્રમાણે શરતનો ઉમેરો કરવો :

'(૩) સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા'.

શરત નં. ૨ માં રૂ. ૩,૧૦૦ના સ્થાને રૂ. ૨,૦૦૦ કરવા. માનસશાસ્ત્રની પ્રયોગશાળા મોટા ભાગે સુસજ્જ છે અને સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ રૂ. ૨,૦૦૦નો નિર્દેશ કરેલ છે."

ઉપરનો સુધારો આચાર્ય આર. જી. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય પી. એ. પટેલે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.
તે પછી સદરહુ સુધારા સાથેના **મૂળ** પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના વ્યાખ્યાતા

(૨) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે અને તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એલ. ડી. દવે**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુરના જોડાણ અંગેના સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એલ. ડી. દવેની ગેરહાજરીમાં આચાર્ય વી. ઓ. વ્યાસે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એમ. શુકલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય રામપ્રસાદ એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ બાબત પર મત લેવા માટે મતગણતરીનું કામ હાથ ધરવામાં આવ્યું અને સભ્યોએ પોતાના મત દર્શાવવા માટે હાથ ઊંચા કર્યા. તે અંગે જરૂરી ચોકસાઈ કરવા માટે અધ્યક્ષશ્રીએ સભ્યોને જણાવ્યું કે જે સભ્યો સદરહુ પ્રસ્તાવની તરફેણમાં હોય તેઓ હાથ ઊંચા કરે.

આ તબક્કે આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે એક વાર મતગણતરી કર્યા પછી ફરીથી મત લઈ શકાય ખરા ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે મતગણતરીની પ્રક્રિયા પૂરી થઈ નથી તે જોતાં આ કાનૂની મુદ્દો રહેતો નથી.

તે પછી એક સભ્ય ચર્ચા કરવા ઊભા થયા તે પરથી શ્રી. પુ. ગ. માવળંકરે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે મતગણતરીનું કામ હાથ ધરવામાં આવ્યું છે તે પછી સદરહુ બાબત પર ચર્ચા આગળ ચાલી શકે ખરી ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ બાબત પર આ તબક્કે આગળ ચર્ચા કરી શકાય નહીં.

તે પછી શ્રી. પુ. ગ. માવળંકરે બીજો કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે એક વાર મતદાનની ગણતરી થઈ ગયા પછી જે સભ્યોએ સદરહુ બાબત પર ચર્ચા આગળ ચલાવી હોય તેમની અસર મતદાન પર પડે તે જોતાં ફરી મતગણતરી કરવી તે કાનૂનસર ગણાય ખરું ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે મતગણતરીની જે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે તે પૂરી કરવી જોઈએ.

તે પછી મતગણતરી કરવામાં આવતાં સદરહુ પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

ને પછી આચાર્ય એન. યુ. ત્રિવેદીએ ગુપ્ત મતદાનની માગણી કરતાં અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે ચકાસણી-દારો (tellers) નીમ્યા :

(૧) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ
(૨) શ્રી. ઈન્દ્રવદન અં. મોદી
(૩) આચાર્ય વી. એફ. શાહ
(૪) શ્રી. બેચરભાઈ પટેલ.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

૫૮ મત તરફેણમાં
૪૫ મત વિરુદ્ધમાં
૧૨ મત નિરર્થક.

આમ સદરહુ પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. શ્રી આર. કે. પરીખ આર્ટ્સ અને શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, પેટલાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) અર્થશાસ્ત્રના ટ્યૂટર;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાનો જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને ડૉ. જે. બી. હરિભક્તિએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૨) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા;

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગૃહવિજ્ઞાનને લગતાં રૂ. ૨,૦૦૦નાં નવાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના હાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. લીલાબહેન શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. લીલાબહેન શાહની ગેરહાજરીમાં પ્રા. કે. એચ. મોદીએ રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદન મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતનો નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૨) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૩) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૪) ફેમિલી લેક્થના વ્યાખ્યાતા;

૧૮૨.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૧૮૩.	શ્રી. કે. કે. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૮૪.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૧૮૫.	શ્રી. બી. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૧૮૬.	શ્રી. એમ. ડી. પંચોલી	હાજર	હાજર
૧૮૭.	શ્રી. કે. એચ. મોદી	હાજર	હાજર
૧૮૮.	ડૉ. આર. એલ. વાદી	હાજર	હાજર
૧૮૯.	ડૉ. જે. એન. પટેલ	હાજર	હાજર
૧૯૦.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર	હાજર
૧૯૧.	ડૉ. આર. એમ. શાહ	હાજર	ગેરહાજર
૧૯૨.	શ્રી. એસ. બી. વોરા	હાજર	ગેરહાજર

		તા. ૯—૧૦—'૭૨	તા. ૨૦—૧૦—'૭૨
૧૯૩.	શ્રી. સી. સી. શાહ	હાજર	હાજર
૧૯૪.	શ્રી. એમ. બી. દેવાણી	ગેરહાજર	ગેરહાજર
૧૯૫.	ડૉ. બી. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૯૬.	શ્રી. સી. પી. બોધાણી	હાજર	હાજર
૧૯૭.	શ્રી. એન. ટી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૯૮.	શ્રી. જે. આર. વ્યાસ	હાજર	ગેરહાજર
૧૯૯.	શ્રી. ડી. સી. પરીખ	હાજર	હાજર
૨૦૦.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર
૨૦૧.	શ્રી. એમ. આર. ચૌધરી	હાજર	ગેરહાજર
૨૦૨.	શ્રીમતી બી. એસ. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૨૦૩.	શ્રી. એન. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૦૪.	શ્રી. એ. એફ. ડાભી	હાજર	હાજર
૨૦૫.	શ્રી. એમ. આર. બારોટ	ગેરહાજર	ગેરહાજર
૨૦૬.	શ્રી. પી. ટી. મુનશા	ગેરહાજર	ગેરહાજર
૨૦૭.	શ્રી. એન. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૦૮.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર
૨૦૯.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૨૧૦.	શ્રી. આર. કે. અમીન	હાજર	હાજર
૨૧૧.	શ્રી. એચ. પી. પટેલ	હાજર	હાજર
૨૧૨.	શ્રી. પી. સી. શાહ	હાજર	હાજર
૨૧૩.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૧૪.	શ્રી. બી. બી. પટેલ	હાજર	હાજર
૨૧૫.	શ્રી. બી. કે. પટેલ	હાજર	હાજર
૨૧૬.	શ્રી. એ. આર. શુકલ	હાજર	હાજર
૨૧૭.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૨૧૮.	શ્રી. આઈ. કે. સૈયદ	હાજર	હાજર
૨૧૯.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર
૨૨૦.	શ્રી. વી. એચ. કપાસી	હાજર	હાજર
૨૨૧.	ડૉ. આર. બી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૨૨૨.	ડૉ. જી. એન. તલાટી	હાજર	ગેરહાજર
૨૨૩.	શ્રી. સી. એન. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૨૪.	શ્રી. એચ. વી. વસા	ગેરહાજર	ગેરહાજર
૨૨૫.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૨૨૬.	શ્રી. એમ. જે. દવે	હાજર	ગેરહાજર
૨૨૭.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	ગેરહાજર

	તા. ૯—૧૦—'૭૨	તા. ૧૦—૧૦—'૭૨
૨૨૮. શ્રી. પી. એસ. ચોકસી	હાજર	હાજર
૨૨૯. શ્રી. આર. એન. ઘોડિયાવાલા	ગેરહાજર	ગેરહાજર
૨૩૦. શ્રી. કે. એચ. શાહ	ગેરહાજર	હાજર
૨૩૧. શ્રી. કસ્તૂરભાઈ એલ. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૩૨. શ્રી. આર. ટી. લેઉવા	ગેરહાજર	ગેરહાજર
૨૩૩. ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૨૩૪. શ્રી. અમૃતલાલ એચ. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૩૫. શ્રી. એસ. આર. વસાવડા	ગેરહાજર	ગેરહાજર
૨૩૬. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર	હાજર
૨૩૭. ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર
૨૩૮. શ્રી. ડી. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર
૨૩૯. શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	હાજર
૨૪૦. પ્રો. પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૪૧. કુ. ઈન્દુમતીબહેન સી. શેઠ	હાજર	ગેરહાજર
૨૪૨. પ્રો. એમ. એ. ફારૂકી	ગેરહાજર	હાજર
૨૪૩. શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૪૪. શ્રી. બળવંતભાઈ મહેતા	ગેરહાજર	ગેરહાજર
૨૪૫. શ્રી. સી. ટી. દરુ	ગેરહાજર	ગેરહાજર
૨૪૬. શ્રી. દામુભાઈ સી. શુકલ	હાજર	હાજર
૨૪૭. શ્રી. એચ. એમ. રબ્બાડી	હાજર	ગેરહાજર
૨૪૮. ડૉ. બી. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૨૪૯. શ્રી. અરવિંદ નરોત્તમ શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૫૦. શ્રી. શ્રેણિકભાઈ ક. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૫૧. શ્રી. એન. આર. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૨૫૨. શ્રી. એચ. એચ. ભગવતી	હાજર	હાજર
૨૫૩. શ્રી. સી. યુ. શાહ	ગેરહાજર	ગેરહાજર.

૧: તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૨૪/૨૫/૨૬--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧--અ. તે પછી નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) " ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક માજી ન્યાયમૂર્તિ શ્રી. નાનુભાઈ જી. શેલતના આઘાતજનક અને દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને

ધારાશાસ્ત્ર, શિક્ષણ અને સાહિત્યનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને તથા તેમની અગાધ વિદ્વત્તા, ઉચ્ચ ન્યાયપરાયણતા અને નિ:સ્વાર્થ સેવાને કૃતજ્ઞભાવે સ્મરીને સદ્‌ગતને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક વખતના સભ્ય અને તેની એક સંલગ્ન કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. અબ્દુલસતાર હાજી ઇબ્રાહિમ વોરાના અકાળ અને દુ:ખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી અનુભવે છે, અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે."

(૩) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક વખતના સભ્ય અને ભકત વલ્લભ પોળા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય તથા શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમિક ઍન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, દ્વારકાના અધ્યક્ષ ડૉ. જિતેન્દ્ર એસ. જેતલીના અકાળ અને દુ:ખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી અનુભવે છે, અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે."

(૪) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા લોકસભાના સભ્ય, જાણીતા સમાજસેવક, લોકલાડીલા નેતા અને સમર્થ સાહિત્યકાર શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકના દુ:ખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સાહિત્ય અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં તેમણે કરેલી સંનિષ્ઠ સેવાઓને તથા તેમની ઊંડી દેશદાઝને કૃતજ્ઞભાવે સ્મરીને સદ્‌ગતને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે."

(૫) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા જાણીતાં સમાજસેવિકા શ્રીમતી અનસૂયાબહેન સારાભાઈના દુ:ખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને સમાજસેવા અને મજૂર કલ્યાણનાં ક્ષેત્રોમાં તેમણે બજાવેલી નિ:સ્વાર્થ સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે."

"ઉપરના ઠરાવોની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરના ઠરાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

૧—અ. પ્રશ્નોત્તરી

નીચેના સભ્યો તરફથી નીચે મુજબ પ્રશ્નો પૂછવાની નોટિસ આપવામાં આવી હતી :

[૧] પ્રા. એસ. બી. વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : સિન્ડિકેટે પસાર કરેલા ઠરાવ મુજબ યુનિવર્સિટી ભવનોના શિક્ષકો તથા યુનિવર્સિટીના અન્ય અધિકારીઓને ઘરભાડું આપવામાં આવે છે, જેમને પોતાની માલિકીનું ઘર હોય અને આ ઘરભાડાનો લાભ લેતા હોય તેવા શિક્ષકો અને અધિકારીઓની યાદી આપવા કૃપા કરશો.

ઉત્તર ૧ : સદરહુ માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૧"**માં દર્શાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૨ : ઘરભાડાની પહોંચ રજૂ કરી શકે તેવા શિક્ષકો, અધિકારીઓ તથા આ રીતે પોતાની અંગત માલિકીનું ઘર ધરાવતા શિક્ષકોને/અધિકારીઓને બંનેને ૧૦ ટકા લેખે ભાડાનું ભથ્થું મળે ?

ઉત્તર ૨ : સિન્ડિકેટે ઠરાવ કર્યા પ્રમાણે જે શિક્ષકો કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પહોંચ વગેરે આપી ન શકે તેઓને, જેઓનો પગાર રૂ. ૩૫૦ સુધી હોય તેઓને ઉચ્ચક પગારના ૧૦ ટકા / ૧૨½ ટકા અને જેઓનો પગાર રૂ. ૩૫૦થી વધુ હોય તેઓને ઉચ્ચક પગારના ૧૦ ટકા લેખે ઘરભાડા ભથ્થું આપવામાં આવે છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બધા જ કર્મચારીઓને દશ ટકા ભાડું મળે છે તો જેમણે પોતે પોતાનું ઘર ભાડે આપ્યું હોય તો અને તે પોતે ભાડાના મકાનમાં રહેતા હોય તો તેમને દશ ટકા ભાડું મળી શકે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે, કર્મચારીઓએ પોતે પોતાનું ઘર ભાડે આપ્યું હોય તે બાબત યુનિવર્સિટીના ક્ષેત્રમાં આવતી નથી. કર્મચારીઓ બીલો રજૂ કરે તો યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમને નિયત દરે ઘર--ભાડાભથ્થું મળી શકે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મ્યુનિસિપાલિટીનાં બીલો રજૂ કરવાનું યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવી શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૩ : ઘરભાડું ૧૨½ ટકા લેખે ચૂકવવાની બાબતમાં યુનિવર્સિટી ઘરવેરાની આકારણીના બીલની અપેક્ષા શા માટે રાખે છે ?

ઉત્તર ૩ : ઘરભાડું, ખરેખર ભાડુઆત તરીકે ચૂકવાય છે કે કેમ તેની ખાતરી કરવા માટે.

પ્રશ્ન ૪ : ઘરભાડું ચૂકવવાની રસીદ ખરેખર ભાડું ચૂકવ્યું છે તે માટેનો "સફિશિયન્ટ ઈવિડન્સ" ન ગણાય ? જો ના, તો શા માટે ?

ઉત્તર ૪ : ભાડાની પહોંચ ભાડુઆત ખરેખર જે ભાડું ચૂકવે છે તે "સફિશિયન્ટ ઈવિડન્સ" ગણી શકાય, પરંતુ કેટલીક વખત આ ભાડું મ્યુનિસિપાલિટીની આકારણીથી ભિન્ન હોય તો શંકા ઊભી થાય તેવી પરિસ્થિતિ સર્જાય તેથી.

પ્રશ્ન ૫ : કોઈ પણ અધ્યાપક કે સેનેટ-સભ્ય યુનિવર્સિટીને પત્ર લખે તેનો પ્રત્યુત્તર સાધારણ રીતે મહિના-દોઢ મહિના બાદ આપવામાં આવે છે. આટલો બધો વિલંબ શા માટે ? શું યુનિવર્સિટી "અન્ડર સ્ટાફ્ડ" છે ? જો હા, તો વધુ સ્ટાફની નિમણૂક શા માટે નથી કરવામાં આવતી ?

ઉત્તર ૫ : કોઈ પણ અધ્યાપક કે સેનેટ સભ્યના કે અન્ય વ્યકિતઓના પત્રોના જવાબ બને તેટલા વહેલા આપવાનું કાર્યાલયનું વલણ રહેલું છે. પરંતુ કોઈ ખાસ કેસમાં જૂના રેકૉર્ડ તપાસીને અને / અથવા એક કરતાં વધુ વિભાગોમાંથી માહિતી એકઠી કરવાની હોય ત્યારે કેટલોક વિલંબ અનિવાર્ય રીતે થાય છે. યુનિવર્સિટીનો સ્ટાફ પૂરતો છે તેથી આ હેતુ માટે વધુ નિમણૂકો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પત્રનો પ્રત્યુત્તર આપવામાં વિલંબ કેમ થાય છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કોઈ માહિતી ભેગી કરવાની હોય તો વિલંબ થાય.

પ્રશ્ન ૬ : જુદી જુદી રમતો માટેની પસંદગી સમિતિની નિમણૂક કરવામાં યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ કયાં ધોરણો સ્વીકારે છે ?

ઉત્તર ૬ : રમતોની પસંદગી સમિતિ પર સામાન્ય રીતે ગુજરાતના જે તે રમતોનાં મંડળોના નિષ્ણાત સભ્યોને પસંદ કરવામાં આવે છે. તે ઉપરાંત બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્યોમાંથી ઓછામાં ઓછા એક સભ્યને નિયુક્ત કરવામાં આવે છે. સમિતિના પ્રમુખ તરીકે બોર્ડના પ્રતિનિધિ કામ કરે છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બોર્ડ ઑફ સ્પોર્ટસના એક સભ્ય સમિતિમાં હોય છે, તો તેમાં બોર્ડ ઑફ સ્પોર્ટસના સભ્ય રોટેશન પ્રમાણે આવતા હોય છે?

કુલપતિશ્રીનો ઉત્તર : બોર્ડ પોતે જે નિર્ણય કરે તે પ્રમાણે કરવાનું રહે છે.

પ્રશ્ન ૭ : બને ત્યાં સુધી સંલગ્ન કૉલેજો સાથે સંકળાયેલ વ્યકિતની પસંદગી સમિતિમાં નિમણૂક ન કરવી એવું ધોરણ સ્વીકારાયેલું છે ?

ઉત્તર ૭ : બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રતિનિધિ કોઈ સંલગ્ન કૉલેજ સાથે સંકળાયેલ હોય એવું બને. તે સિવાય બીજા સભ્યો સામાન્ય રીતે બહારથી હોય છે.

પ્રશ્ન ૮ : આવી પસંદગી સમિતિમાં એકાદ-બે પ્રિન્સિપાલોને શા માટે સ્થાન આપવામાં આવે છે?

ઉત્તર ૮ : આ આચાર્ય/આચાર્યોને બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પોતાના પ્રતિનિધિ તરીકે નીમે તો જ તેઓ પસંદગી સમિતિમાં સભ્યપદ પામે છે.

પ્રશ્ન ૯ : એવું ખરું કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સમાં જે પ્રિન્સિપાલ સ્થાન પામ્યા હોય માત્ર તે જ પ્રિન્સિપાલ અતિ નિષ્ઠાવાન હોય અને અન્ય પ્રિન્સિપાલો કે અધ્યાપકો બોર્ડના સભ્ય ન હોવાના કારણે નિષ્ઠાવાન ન ગણાય ?

ઉત્તર ૯ : ના, જી, એવું નથી. નિષ્ઠા બોર્ડની અંદર મળી શકે, તેમ બહાર પણ મળી શકે.

પ્રશ્ન ૧૦ : ગઈ સેનેટમાં મારા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં વાઇસ-ચાન્સેલર સાહેબે જણાવેલ કે જુદી જુદી સમિતિમાં માત્ર બે પ્રોફેસરો જ હોય તે પણ ચાલે, અને તેમ થવું જોઈએ. ત્યાર પછી કેટલી સમિતિઓ નિમાઈ અને આ પ્રમાણે કેટલા કિસ્સામાં કરવામાં આવ્યું?

ઉત્તર ૧૦ : ઉપર જણાવેલ પૂરક પ્રશ્નનો ઉત્તર આપતાં કુલપતિશ્રીએ જણાવેલું કે, " આચાર્યો પણ પ્રાધ્યાપકો તો છે જ. પણ ફકત પ્રાધ્યાપકો હોય તોપણ ચાલી શકે " એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે કેવળ બિન-આચાર્ય પ્રાધ્યાપકોની બનેલી હોય તેવી **૧૪** સમિતિઓ છે.

પ્રશ્ન ૧૧ : (૧) કૉમર્સ ફૅકલ્ટીને લગતી કોઈ પણ શૈક્ષણિક (ઍકેડેમિક) બાબતની કેટલી સમિતિઓ ગઈ સેનેટથી આજ સુધી નિમાઈ ?

ઉત્તર ૧૧ : (૧) ૩૧ સમિતિઓ નીમવામાં આવી.

પ્રશ્ન ૧૧ : (૨) તેમાં કયા સભ્યોને સ્થાન મળ્યું ?

ઉત્તર ૧૧ : (૨) તેમાં નીચે મુજબ પ્રત્યેક સમિતિ સામે દર્શાવેલ સભ્યની નિમણૂક કરવામાં આવી :

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોનાં નામો
(૧)	કૉમર્સની અભ્યાસસમિતિએ પ્રેસિસ રાઈટિંગ અંગે નીમેલ સમિતિ	(૧) પ્રિ. જે. સી. ત્રિવેદી (૨) પ્રિ. બી. એમ. પીરજાદા (૩) પ્રા. ડી. ડી. ત્રિવેદી (૪) પ્રિ. એસ. આર. ભટ્ટ આમંત્રિતો (૫) પ્રિ. વી. જે. ત્રિવેદી (૬) શ્રી. નિરંજનભાઈ ભગત
(૨)	અર્થશાસ્ત્રની અભ્યાસ-સમિતિએ નીમેલી સમિતિ (એફ.વાય.થી ટી.વાય.ના કોર્સ અંગે) અને	(૧) પ્રિ. એચ. કે. ત્રિવેદી (૨) ડૉ. સેમ્યુઅલ પોલ (૩) પ્રિ. જે. સી. ત્રિવેદી (૪) પ્રિ. બી. એમ. પીરજાદા
(૩)	અર્થશાસ્ત્રની અભ્યાસ સમિતિએ નીમેલી સમિતિ (મૅનેજરિયલ ઈકોનોમિકસ)	(૫) પ્રિ. ડી. એમ. શીખ
(૪)	મૅથેમેટિક્સ, ઈકોનોમિકસ ઍન્ડ ઈકોનોમેટ્રિકસ એનાલિસિસ ઍન્ડ પૉલિસી કમિટી.	(૧) પ્રિ. આર. વી. શાસ્ત્રી (૨) પ્રો. એમ. પી. ભટ્ટ (૩) શ્રી મુકુન્દભાઈ ત્રિવેદી (૪) ડૉ. ભારદ્વાજ (૫) શ્રી. આર. જે. મોદી (૬) ડૉ. વાય. કે. અલઘ (૭) ડૉ. સી. જી. ખત્રી (૮) ડૉ. એમ. સી. જયસ્વાલ (૯) પ્રિ. એચ. કે. ત્રિવેદી
(૫)	લેબર વેલ્ફેરની અભ્યાસ-સમિતિએ નીમેલી લેબર વેલ્ફરના અભ્યાસક્રમની સમિતિ	(૧) પ્રિ. એસ. આર. મહેતા (૨) શ્રી. પી. એમ. મજમુદાર (૩) શ્રી. એન. એમ. બારોટ (૪) શ્રી. વી. કે. ચાવડા (૫) શ્રીમતી જે. બી. ઠાકોર

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોનાં નામો
(૬)	અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિએ નીમેલી સમિતિ	(૧) પ્રિ. એચ. કે. ત્રિવેદી (૨) પ્રિ. બી. એમ. પીરજાદા (૩) પ્રો. મહેશભાઈ ભટ્ટ (૪) પ્રિ. આર. વી. શાસ્ત્રી (૫) શ્રી. આર. કે. અમીન
(૭)	સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિએ નીમેલી સમિતિ (ટ્યુટોરિયલ અંગે)	(૧) પ્રિ. જી. એમ. પટેલ (૨) શ્રી. આર. જે. શેઠ
(૮)	કૉમર્સની અભ્યાસસમિતિએ નીમેલી બૉંકિંગની કમિટી	(૧) પ્રિ. જે. સી. ત્રિવેદી (૨) પ્રિ. એસ. આર. મહેતા (૩) પ્રિ. ડી. એચ. વેલવણ
(૯)	ભૂગોળની અભ્યાસસમિતિએ નીમેલી સમિતિ	(૧) શ્રી. એ. ટી. દેસાઈ (૨) શ્રીમતી એમ. બી. દવે (૩) શ્રી. એમ. આર. શાહ (૪) શ્રી. વી. જી. દલાલ (૫) શ્રી. વી. કે. મહેતા (૬) શ્રી. એન. જી. પરીખ
(૧૦)	સિન્ડિકેટે મૅનેજમેન્ટના અભ્યાસક્રમો માટે નીમેલી સમિતિ	(૧) શ્રી. ડી. એન. પાઠક (૨) પ્રા. એચ. એન. પાઠક (૩) પ્રા. બી. જી. શાહ (૪) પ્રિ. જે. સી. ત્રિવેદી (૫) શ્રી. પરેશભાઈ મજમુદાર (૬) શ્રી. હર્ષવદન મંગળદાસ (૭) શ્રી. તનેજા સી. (૮) શ્રી. એસ. આર. બસ્તીકર (૯) ડૉ. યોગેન્દ્ર અલઘ (૧૦) શ્રી. પ્રફુલભાઈ અનુભાઈ (૧૧) શ્રી. નરહરિ પરીખ (૧૨) પ્રા. એમ. પી. ભટ્ટ (૧૩) પ્રા. ડી. ડી. ત્રિવેદી (૧૪) પ્રિ. ડી. એચ. વેલવણ (૧૫) શ્રી. સેમ્યુઅલ પોલ (૧૬) શ્રી. ભરત દલાલ

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોનાં નામો
(૧૧)	એકેડેમિક કાઉન્સિલે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની પરીક્ષાઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અલગ ઑનર્સ કોર્સ અંગે નીમેલી સમિતિ	(૧) વિનયન વિદ્યાશાખાના ડીન (૨) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન (૩) વાણિજ્ય વિદ્યાશાખાના ડીન (૪) ડૉ. ધીરુભાઈ ઠાકર (૫) પ્રા. ડી. એન. પાઠક (૬) પ્રિ. જે. સી. ત્રિવેદી (૭) પ્રિ. ગિરીશભાઈ પટેલ (૮) પ્રિ. વી. એફ. શાહ (૯) ડૉ. એલ. ડી. દવે (૧૦) પ્રિ. આર. એલ. સંઘવી.
(૧૨)	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાની જોડાણ-અરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. જે. સી. ત્રિવેદી (૨) પ્રા. કે. એસ. શાસ્ત્રી
(૧૩)	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. જે. ડી. તલાટી (૨) પ્રિ. એચ. કે ત્રિવેદી
(૧૪)	શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. ઇન્દુભાઈ ભટ્ટ (૨) પ્રિ. એન. કે. દવે
(૧૫)	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાની જોડાણ-અરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. એમ. સી. શાહ (૨) પ્રિ. ટી. આર. શુકલ
(૧૬)	એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગરની જોડાણઃ અરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. વી. જે. ત્રિવેદી (૨) પ્રિ. જે. કે. શાહ

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોનાં નામ
(૧૭)	એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. આર. વી. શાસ્ત્રી (૨) પ્રિ. એમ. ડી. ભટ્ટ
(૧૮)	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. ડી. એસ. જોશી (૨) પ્રો. ડી. ડી. ત્રિવેદી
(૧૯)	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરની જોડાણ-અરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. એમ. સી. શાહ (૨) પ્રિ. વી. બી. અધ્વર્યુ
(૨૦)	એસ. ટી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસાની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. એસ. આર. ભટ્ટ (૨) પ્રો. એસ. બી. વોરા
(૨૧)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	પ્રિ. બી. એમ. પીરજાદા
(૨૨)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	પ્રિ. એન. બી. જોશી
(૨૩)	એચ. કે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. એસ. આર. મહેતા (૨) પ્રિ. એચ. સી. પરીખ
(૨૪)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. આર. એમ. પંચાલ (૨) પ્રો. એમ. સી. જયસ્વાલ
(૨૫)	નવગુજરાત વાણિજ્ય મહા-વિદ્યાલય, અમદાવાદની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. એસ. આર. મહેતા (૨) પ્રિ. એચ. કે. બુખારી

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોનાં નામો
(૨૬)	શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરાની જોડાણઅરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. ડી. એચ. વેલવણ (૨) પ્રિ. એ. બી. વ્યાસ
(૨૭)	એમ. એન. સાયન્સ ઍન્ડ પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણનું વિભાગીકરણ કરવા તથા શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણનું સંયોજન કરવા અંગેની અરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. એલ. ડી. દવે (૨) પ્રિ. એચ. કે. ત્રિવેદી (૩) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૨૮)	શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી મંડળ, તાજપુર દ્વારા જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજની અરજી પરની સ્થાનિક તપાસ-સમિતિ	(૧) પ્રિ. આર. એમ. શુકલ (૨) પ્રિ. ડી. એચ. વેલવણ
(૨૯)	લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર નવી વાણિજ્ય કૉલેજની અરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. આર. એલ. સંઘવી (૨) પ્રિ. એચ. કે. ત્રિવેદી
(૩૦)	તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર દ્વારા જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર વાણિજ્ય કૉલેજની અરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રો. એસ. બી. વોરા (૨) પ્રો. જી. આર. દેસાઈ
(૩૧)	શ્રી પંચમહાલ શિક્ષણ પ્રચારણ મંડળ, ગોધરા દ્વારા જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજની અરજી પરની સ્થાનિક તપાસસમિતિ	(૧) પ્રિ. આર. એલ. સંઘવી (૨) પ્રિ. એચ. કે. ત્રિવેદી

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જુદી જુદી સમિતિઓમાં અમુક નામો વારંવાર આવે છે, યુનિવર્સિટીની જુદી જુદી કૉલેજોમાં સીનિયર પ્રોફેસરો હોય છે તો તેમનો આપણે સમાવેશ કેમ કરી શકતા નથી? સીનિયર પ્રોફેસરોને ચાન્સ આપી શકીએ તેવું આપણે કરી શકીએ કે નહીં?

કુલપતિશ્રીનો ઉત્તર : કેટલીક સમિતિઓમાં સીનિયર પ્રોફેસરો પણ છે.

પ્રશ્ન ૧૨ સિન્ડિકેટ કયાં ધોરણોને આધારે જુદી જુદી સમિતિઓમાં સભ્યોને નીમે છે?

ઉત્તર ૧૨: જે સમિતિઓની રચના ઑર્ડિનન્સ કે સ્ટેચ્યૂટ અન્વયે થતી હોય તે સમિતિઓ પર તે ઑર્ડિનન્સ કે સ્ટેચ્યૂટ મુજબ જરૂરી પાત્રતાના ધોરણ મુજબ સિન્ડિકેટ સભ્યોને નીમે છે. તે સિવાયની સમિતિઓ પર સમિતિનું કામકાજ કરવા માટેની એ સભ્યોની પાત્રતા લક્ષમાં રાખીને સિન્ડિકેટ તેમને નીમે છે.

પ્રશ્ન ૧૩ : આ રીતની નિમણૂકમાં સિન્ડિકેટ કદાપિ ભૂલ ન કરે એવું બને ખરું?

ઉત્તર ૧૩ : આ પ્રશ્નનો જવાબ આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૪ : જો સિન્ડિકેટ ભૂલ કરે તો એ ભૂલ બતાવવાનો સેનેટના સભ્યોને અધિકાર ખરો?

ઉત્તર ૧૪ : હા, જી.

[૨] **આચાર્ય આઈ. એમ. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી વિસ્તારની સંલગ્ન કૉલેજોની વિજ્ઞાન વિદ્યાશાખામાં જુદા જુદા વર્ગોની ૧૯૭૧-૭૨ અને ૧૯૭૨-૭૩ના વર્ષની વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી નીચે પ્રમાણેના પ્રોફોર્મામાં માહિતી આપવા વિનંતી છે :

વિદ્યાર્થીઓની સંખ્યા

કૉલેજનું નામ	વર્ષ	પ્રી-યુનિ. વિજ્ઞાન	પ્રથમ વર્ષ બી.એસસી.		દ્વિતીય વર્ષ બી.એસસી.	તૃતીય વર્ષ બી.એસસી.
			"એ" ગ્રુપ	"બી" ગ્રુપ		
	૧૯૭૧-૭૨					
	૧૯૭૨-૭૩					

ઉત્તર ૧ : આ અંગે કૉલેજ તરફથી મળેલી માહિતી **પરિશિષ્ટ "૨"**માં આપવામાં આવી છે.

આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગામડાંની કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે તેથી ગામડાંની કૉલેજો નબળી પડે છે, તો સરકારશ્રીને ગ્રાન્ટ આપવા માટે યુનિવર્સિટી વિનંતી કરી શકે ખરી?

કુલપતિશ્રીનો ઉત્તર : આપનું સૂચન ધ્યાનમાં રાખીશું.

પ્રશ્ન ૨ : જુદા જુદા વિષયોના અનુસ્નાતક શિક્ષકોની માન્યતા બાબતે નીચે પ્રમાણેની માહિતી આપવા વિનંતી છે :

(ક) જૂના ઑર્ડિ. ૬૫ "એફ" અને "એમ" પ્રમાણે માન્ય અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની સંખ્યા.

(ખ) ચાલુ સાલથી અમલમાં આવેલા ઑર્ડિ. ૬૫–એફ અને એમ પ્રમાણે જુદા જુદા વિષયોમાં માન્યતા આપી હોય તેવા અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની સંખ્યા.

(ગ) ઍડહૉક ધોરણે માન્યતા આપી હોય તેવા અનુ. શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની સંખ્યા.

(ઘ) જૂના ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ માન્યતા ધરાવતા હોય અને નવા ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ ઍડહૉક ધોરણે માન્યતા ન મેળવતા શિક્ષકોની સંખ્યા.

(ચ) અનુસ્નાતક શિક્ષક તથા મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે અરજી કરી હોય અને જૂના ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ લાયક હોય અને નવા ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ માન્યતા ન આપવામાં આવી હોય તેવા શિક્ષકોની સંખ્યા.

ઉત્તર ૨ : (ક) જૂના ઑર્ડિ. ૬૫–"એફ" અને "એમ" પ્રમાણે જે શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવી છે તેની માહિતી નીચે મુજબ છે :

વિદ્યાશાખા	માન્ય અનુ. શિક્ષકોની સંખ્યા	માન્ય અનુ. શિક્ષકોના મદદનીશ શિક્ષકોની સંખ્યા
(૧) વિનયન ...	૪૭૪	૨૪૫
(૨) વિજ્ઞાન ...	૨૧૮	૮૩
(૩) ઈજનેરી ...	૨૭	૪
(૪) કાયદો ...	૨૩	૨
(૫) વાણિજ્ય ...	૮૧	૫૨
(૬) ફાર્મસી ...	૬	૨

(ખ) ચાલુ સાલથી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ઑર્ડિ ૬૫–એફ અને ૬૫–એમ પ્રમાણે માન્યતા આપી હોય તેવા અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની સંખ્યા નીચે મુજબ છે :

ક્રમાંક	વિષય	માન્ય અનુ. શિક્ષકોની સંખ્યા	માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષકોની સંખ્યા
૧.	ગુજરાતી	—	૨
૨.	સંસ્કૃત	—	૨
૩.	અર્થશાસ્ત્ર	—	૨
૪.	તત્ત્વજ્ઞાન	—	૧
૫.	ભૌતિકવિજ્ઞાન	—	૧
૬.	રસાયણવિજ્ઞાન	—	૧
૭.	ગણિતશાસ્ત્ર	—	૧
૮.	કૉમર્સ	—	૨

(ગ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના શિક્ષકોને માન્યતા આપવાના ચાલુ સાલથી અમલમાં આવેલા નવા નિયમો ઑર્ડિ. ૬૧–એફ અને એમ અનુસાર ઍટ-હૉક ધોરણે માન્યતા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જૂના ઑર્ડિ. ૬૧–એફ અને એમ અનુસાર માન્યતાને પાત્ર થતા હોય તેવા શિક્ષકોને જ તદર્થ ધોરણે માન્યતા આપવાનું વિચારાય છે.

(ઘ) સુધારેલા ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના શિક્ષકોને તદર્થ ધોરણે માન્યતા આપવાનું વિચારવામાં આવતું નહિ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં, જૂના ઑર્ડિ. ૬૫–એફ અને એમ મુજબ માન્યતાને પાત્ર થતા હોય તેવા શિક્ષકોને સિન્ડિકેટના તા. ૧૭–૬–૧૯૭૨ના ઠરાવ ક્રમાંક ૧૫૭ અને ૧૫૯ (અ) અનુસાર જ તદર્થ ધોરણે એક વર્ષ માટે માન્યતા આપવામાં આવે છે.

(ચ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના શિક્ષકોને નવા ઑર્ડિ. ૬૫-એફ કે ઑર્ડિ. ૬૧–એમ અનુસાર માન્યતા નહીં આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે જૂના ઑર્ડિ. ૬૫-એફ અને એમ અનુસાર પાત્રતા ધરાવતા શિક્ષકોને તદર્થ ધોરણે માન્યતા આપવામાં આવે છે.

પ્રશ્ન ૩ : (ક) યુનિવર્સિટી સંચાલિત જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક વિદ્યાભવનોનું શૈક્ષણિક સંચાલન પી.જી. નિયમો મુજબ હોવું જરૂરી ખરું કે કેમ?

(ખ) અત્રેનો અમલમાં આવેલો સુધારેલો ઑર્ડિ. ૬૫--પી મુજબ યુનિવર્સિટી સંચાલિત જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક ભવનોમાં સ્ટાફ રાખવો જરૂરી ખરો કે કેમ?

ઉત્તર ૩ : (ક) ના, જી.

(ખ) સુધારેલો ઑર્ડિ. ૬૫--પી અનુ. કેન્દ્રોને માટે જ છે. સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે ઑર્ડિ. ૬૫--પી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને લાગુ પડે નહિ.

[૩] ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : યુનિ.ના વાર્ષિક અંદાજપત્રમાં કર્મચારી વર્ગના "એ", "બી", "સી" અને "ડી" ટાઈપનાં મકાનો બાંધવા માટે કરવામાં આવેલ ખર્ચની જોગવાઈ અને તેને અનુલક્ષીને ૧૯૬૮–૬૯થી ૧૯૭૨--૭૩ સુધીમાં કરવામાં આવેલ ખર્ચની વિગત નીચેના કોઠામાં આપશો?

વર્ષ	કર્મચારી વર્ગ માટે મકાન બાંધવા અંદાજી ખર્ચ				કરવામાં આવેલ ખર્ચ			
	"અ"	"બ"	"ક"	"ડ"	"અ"	"બ"	"ક"	"ડ"
૧૯૬૮--૬૯								
૧૯૬૯--૭૦								
૧૯૭૦--૭૧								
૧૯૭૧--૭૨								
૧૯૭૨--૭૩								

ઉત્તર ૧ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

વર્ષ	કર્મચારીવર્ગ માટે મકાન બાંધવા અંદાજી ખર્ચ				કરવામાં આવેલ ખર્ચ			
	"અ"	"બ"	"ક"	"ડ"	"અ"	"બ"	"ક"	"ડ"
૧૯૬૮--૬૯	—	—	—	૨૦,૦૦૦	—	—	—	૧૮,૪૧૦--૩૯
૧૯૬૯--૭૦	—	—	—	૮૦૦	—	—	—	૬૩૩--૦૦
૧૯૭૦--૭૧	૧,૦૦૦	૧૦,૦૦૦	૧૦,૦૦૦	૧૦,૦૦૦	—	—	—	—
૧૯૭૧--૭૨	૯,૦૦૦	૬૫,૦૦૦	૪૦,૦૦૦	૪૦,૦૦૦	—	--	--	—
૧૯૭૨--૭૩	૧,૦૦,૦૦૦	૭૫,૦૦૦	૫૦,૦૦૦	૫૦,૦૦૦	—	—	---	—

પ્રશ્ન ૨ : (ક) યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનમાં કોન્ટ્રેકટથી ચલાવવા માટે કેન્ટીન આપવામાં આવી છે તેમાં યુનિવર્સિટીના મકાન બહાર લોબીમાં ટેબલ--ખુરસી મૂકીને ગ્રાહકોને સર્વિસ આપવામાં આવે છે તો કોન્ટ્રેકટમાં લોબીનો આ પ્રકારનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે ?

ઉત્તર ૨ : (ક) વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓના કેન્ટીન ઉપરના ધસારાને પહોંચી વળવા માટે કેન્ટીન કોન્ટ્રાકટરને જરૂર પડયે કેન્ટીનના આગળના ભાગનો ઉપયોગ કરવા માટે મૌખિક અનુમતિ આપવામાં આવેલ છે.

પ્રશ્ન ૨ : (ખ) ઉપરના પ્રશ્ન ૨(ક)નો જવાબ "ના"માં હોય તો આવા ગેરકાયદેસર ઉપયોગ માટે યુનિવર્સિટી દ્વારા પગલાં લેવામાં આવ્યાં છે? ન લેવામાં આવ્યાં હોય તો કારણો જણાવશો ?

ઉત્તર ૨ : (ખ) પ્રશ્ન ૨નો ઉત્તર જોતાં વધુ કાંઈ ઉમેરવાની જરૂર રહેતી નથી.

પ્રશ્ન ૩ : (ક) યુનિવર્સિટીના મુખ્ય મકાનમાં પોતાની શાખા ખોલવા માટે જુદી જુદી બેંકો પાસેથી દરખાસ્તો માંગવામાં આવી હતી ?

ઉત્તર ૩ : (ક) સિન્ડિકેટના ઠરાવને અનુલક્ષીને બેંક ઓફ ઈન્ડિયા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી તેઓની બેંકની શાખા ખોલવા માંગે છે કે કેમ અને તે અંગે શી સવલતો તેઓ આપશે તેની માહિતી મંગાવવામાં આવી હતી.

પ્રશ્ન ૩ : (ખ) તેમાંથી કેટલી બેંકોએ દરખાસ્તો મોકલી હતી ?

ઉત્તર ૩ : (ખ) ઉપરોકત બન્ને બેંકોએ યુનિવર્સિટીમાં શાખા ખોલવા અંગેની દરખાસ્તો મોકલી હતી.

પ્રશ્ન ૩ : (ગ) દરેક બેંકની દરખાસ્તોમાં ભાડું અને અન્ય સવલતો માટે શી રજૂઆત કરવામાં આવી હતી ?

ઉત્તર ૩ : (ક) આ બે બૅંકોની દરખાસ્તોમાં ભાડા અંગે અને અન્ય સવલતો અંગે **નીચે મુજબ** રજૂઆત કરવામાં આવી હતી :

ભાડા બાબત :

બૅંકોની દરખાસ્તમાં ભાડા અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાને આપેલી જગ્યા માટેનું ભાડું માસિક રૂ. ૬૦૦ વત્તા મ્યુનિસિપાલિટીના તમામ જાતના વેરા લેવાનું ઠરાવવામાં આવ્યું છે. ઉપરાંત વીજળીના વપરાશ અંગેનો ચાર્જ જેટલો આવે તેટલો તેમની પાસેથી મજરે લેવામાં આવે છે.

અન્ય સવલતો બાબત :

(૧) સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાએ જણાવેલું કે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની ગુજરાત રાજ્યમાં ૨૦૦ જેટલી ઑફિસો હોવાથી વિદ્યાર્થીઓ નાણાં મોકલવાનું કરી શકશે, યુનિવર્સિટીનાં સરકારી કામકાજો માટે સરળતા રહેશે, પુસ્તકો-સામયિકો માટેનાં નાણાં પરદેશ મોકલવાની વ્યવસ્થા કરી શકાશે, સ્ટાફના પગારોની ચુકવણીની વ્યવસ્થા કરી શકાશે, યુનિવર્સિટીના બૅંકના ખાતામાં યુનિવર્સિટીને આપવાનાં થતાં નાણાં વિદ્યાર્થીઓ જમા કરાવી શકશે.
બીજી જે કોઈ સેવાઓ જોઈશે તે અંગે વાટાઘાટો કરીને યોગ્ય કરી શકાશે.

(૨) બૅંક ઑફ ઇન્ડિયાએ જણાવેલું કે ચાલુ પ્રકારની તમામ બૅંકિંગ સવલતો અપાશે તથા કોઈ ખાસ સેવા માટે યુનિવર્સિટી લખશે તો હેડ ઑફિસને તેઓ પુછાવી જોશે.

[૪] પ્રા. પી. એફ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.— પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટી ભવનોમાં ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ શરૂ થયું તે વર્ષથી માંડીને પાંચ વર્ષ દરમિયાન, અને તે પછીનાં બીજાં પાંચ વર્ષ દરમિયાન તે ડિપાર્ટમેન્ટના શિક્ષકગણમાંથી કોણે, કયું પેપર, કયારે અને કયા જર્નલમાં પબ્લિશ કર્યું છે તે જણાવવા વિનંતી કરું છું.

ઉત્તર ૧ : ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગના શિક્ષકોનાં પ્રસિદ્ધ થયેલાં સંશોધનપત્રો અંગેની માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૩"** માં સામેલ છે.

પ્રશ્ન ૨ : ગુજરાત યુનિવર્સિટી ભવનોમાં મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ શરૂ થયું તે વર્ષથી શરૂઆત કરી પહેલાં પાંચ વર્ષ દરમિયાન, અને તે પછીનાં બીજાં પાંચ વર્ષ દરમિયાન તે ડિપાર્ટમેન્ટના શિક્ષકગણમાંથી કોણે, કયું પેપર, કયારે અને કયા જર્નલમાં પબ્લિશ કર્યું છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨ : ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના શિક્ષકોનાં પ્રસિદ્ધ થયેલાં સંશોધનપત્રો અંગેની માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૪"** માં સામેલ છે.

[૫] પ્રા. પી. સી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં શરૂઆતથી આજ સુધીમાં કયાં પુસ્તકો છાપવા માટે આવ્યાં અને કયાં પ્રકાશિત થઈ શકયાં ?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં આજ સુધીમાં છાપકામ માટે આવેલ પુસ્તકોની વિગત નીચે પ્રમાણે છે :

ક્રમાંક	પુસ્તકનું નામ
૧.	"ગુજરાતી ભાષા અને સાહિત્ય"—ભાગ ૨
૨.	શિક્ષણની પરિભાષા
૩.	ભૂગોળની પરિભાષા
૪.	ભૌતિકશાસ્ત્રની પરિભાષા
૫.	ગણિતની પરિભાષા
૬.	ભૂસ્તરશાસ્ત્રની પરિભાષા
૭.	રસાયણશાસ્ત્રની પરિભાષા
૮.	સમાજશાસ્ત્રની પરિભાષા
૯.	વનસ્પતિશાસ્ત્રની પરિભાષા
૧૦.	ગણિતશાસ્ત્રની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૧૧.	રાજ્યશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર તથા વૃત્તવિવેચનની પરિભાષા
૧૨.	પદાર્થવિજ્ઞાનની પરિભાષા
૧૩.	પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાતત્ત્વની પરિભાષા
૧૪.	અર્થશાસ્ત્રની પરિભાષા
૧૫.	"હિન્દુસ્તાનની જ્ઞાતિસંસ્થા"
૧૬.	"An Inquiry into Physical Norms of Gujarat University Students"
૧૭.	"સમાજ"—ખંડ ૧
૧૮.	યાંત્રિક ઇજનેરી અને જળશાસ્ત્ર તથા જળયંત્રની પરિભાષા
૧૯.	આયુર્વિજ્ઞાનની પરિભાષા
૨૦.	"સમાજ"—ખંડ ૨
૨૧.	પ્રાણીવિજ્ઞાનની પરિભાષા
૨૨.	મનોવિજ્ઞાન, તર્કવિજ્ઞાન (નિગમન અને વ્યાપ્તિ) અને મુખ્ય ધર્મો ને ધર્મ-તત્ત્વજ્ઞાનની પરિભાષા
૨૩.	"સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો" (પ્રથમ આવૃત્તિ)
૨૪.	અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી—એક અભ્યાસ (૧૯૬૧)
૨૫.	પર્શિયન ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૭ સુધી)
૨૬.	અર્ધમાગધી ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૩થી ૧૯૬૬ સુધી)

ક્રમાંક	પુસ્તકનું નામ
૨૭.	સંસ્કૃત ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૭ સુધી)
૨૮.	ગદ્યસંચય (૧૯૬૩થી ૧૯૬૬ સુધી)
૨૯.	"સમાજ"—ખંડ ૩
૩૦.	"સમાજ"—ખંડ ૪
૩૧.	હિન્દી ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૬)
૩૨.	"Selections in English Prose and Poetry" (૧૯૬૪થી ૧૯૬૬ સુધી)
૩૩.	ઉર્દૂ ગદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૬ સુધી)
૩૪.	ઉર્દૂ ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૬ સુધી)
૩૫.	"પરિમિત અંતરકલન"
૩૬.	હિન્દી ગદ્યસંગ્રહ (૧૯૬૪થી ૧૯૬૬)
૩૭.	"Homage to Tagore"
૩૮.	"ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ગાતા અને બીજાં વ્યાખ્યાનો"
૩૯.	"જૂની પશ્ચિમી રાજસ્થાનીના વ્યાકરણનું ટિપ્પણ"
૪૦.	"આયુર્વિદના મૂળ સિદ્ધાંતો"
૪૧.	"Selections in English Prose"
૪૨.	સાહિત્યસંચય (૧૯૬૩થી ૧૯૬૬ સુધી)
૪૩.	"Selections in English Prose and Poetry"
૪૪.	"ભારતની પછાત જાતિઓ અને તેમનો ઉત્કર્ષ"
૪૫.	"વનસ્પતિ ભૂગોળ"
૪૬.	સંસ્કૃત ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૮થી ૧૯૭૦ સુધી)
૪૭.	"ઇંગ્લૅન્ડના બંધારણનો ઇતિહાસ"
૪૮.	સાહિત્ય અને ભાષાવિજ્ઞાનની પરિભાષા
૪૯.	"સમાજલક્ષી તત્ત્વજ્ઞાનની રૂપરેખા"
૫૦.	અર્ધમાગધી ગદ્યપદ્યસંગ્રહ
૫૧.	"ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ"
૫૨.	"કેન્દ્રીય બૅંકિંગ"
૫૩.	"આધુનિક જાપાનનો સંક્ષિપ્ત આર્થિક ઇતિહાસ"
૫૪.	"પ્રાચીન ભારતમાં શિક્ષણ"
૫૫.	"સંસ્કૃતિ"
૫૬.	મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૫૭.	"The Importance of Mohammedan Law in the Modern World"
૫૮.	"રાજ્યબંધારણના કાયદાનો પરિચય"
૫૯.	"જીવાણુઓ પર વિજય"

ક્રમાંક	પુસ્તકનું નામ
૬૦.	કાયદાની પરિભાષા
૬૧.	સામાન્ય અને પ્રાકૃતિક ભૂસ્તરશાસ્ત્રની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૬૨.	"ઉચ્ચ પ્રાયોગિક ભૌતિકશાસ્ત્ર"
૬૩.	"Three General Elections in Gujarat"
૬૪.	"આયોજન અને અર્થતંત્ર"
૬૫.	"Ātman and Mokṣa"
૬૬.	રસાયણશાસ્ત્રની પરિભાષા
૬૭.	"Non-urban Graduates in Gujarat"
૬૮.	"Segmental Phonemes of Kutchi"
૬૯.	"સામાન્ય રસાયણ"
૭૦.	"સામાજિક મનોવિજ્ઞાન"
૭૧.	સમાજશાસ્ત્રની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૭૨.	ભૂગોળની પરિભાષા (,, ,, ,,)
૭૩.	ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન
૭૪.	"Report on a Study of Socio-economic Condition of Woman Workers in Certain Mills of Ahmedabad"
૭૫.	ઉચ્ચ ગણિતની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૭૬.	"દશમસ્કંધ" —ખંડ ૧
૭૭.	પર્શિયન ગદ્યપદ્યસંગ્રહ
૭૮.	"જીવનનિર્વાહ અને ભાવસપાટી"
૭૯.	"અખેગીતા"
૮૦.	"દ્રવ્યસ્થિતિવિજ્ઞાન"
૮૧.	સંસ્કૃત ગદ્યપદ્યસંગ્રહ (પ્રી-યુનિ. વર્ગ)
૮૨.	અર્ધમાગધી ગદ્યપદ્યસંગ્રહ (પ્રી-યુનિ. વર્ગ)
૮૩.	ઉર્દૂ ગદ્યસંગ્રહ
૮૪.	હિન્દી ગદ્યપદ્યસંગ્રહ (૧૯૬૮થી ૧૯૭૦ સુધી)
૮૫.	ઉર્દૂ ગદ્યપદ્યસંગ્રહ
૮૬.	હિન્દી ગદ્યસંગ્રહ
૮૭.	"આધુનિક બૅંકિંગ"
૮૮.	પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાવશેષવિદ્યાની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૮૯.	"અજબ આપણી પૃથ્વી"
૯૦.	"જંતુઓ અને રોગો"
૯૧.	"અખિલ બ્રહ્માંડમાં"
૯૨.	સંસ્કૃત ગદ્યપદ્યસંગ્રહ

ક્રમાંક	પુસ્તકનું નામ
૯૩.	"Some Aspects of.....and Scientific Creation"
૯૪.	રાજ્યશાસ્ત્રની પરિભાષા
૯૫.	"ગણિતશિક્ષકોની હાથપોથી"
૯૬.	"ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો"
૯૭.	વાણિજ્યની પરિભાષા
૯૮.	વનસ્પતિશાસ્ત્રની પરિભાષા
૯૯.	"પરમાણુશકિત અને તેના વ્યાવહારિક ઉપયોગ"
૧૦૦.	"ધ્વન્યાલોક"
૧૦૧.	"યંત્રશાસ્ત્રના સિદ્ધાંતો"
૧૦૨.	ગણિતનો અભ્યાસક્રમ
૧૦૩.	"યામઘનભૂમિતિ"
૧૦૪.	"પોષણ"
૧૦૫.	ગણિતના અભ્યાસક્રમની વિવરણ-પુસ્તિકા (પ્રથમ વર્ષ બી.એ./બી.એસસી.ના વર્ગ માટે)
૧૦૬.	"સિલોન"
૧૦૭.	"ગાણિતિક સંખ્યાશાસ્ત્રનો પરિચય"
૧૦૮.	"ઇતિહાસનો અભ્યાસ"
૧૦૯.	"ગોલીય ખગોળવિજ્ઞાન"
૧૧૦.	"આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સિદ્ધાંત"
૧૧૧.	"કૃત્રિમ ઔષધો"
૧૧૨.	"શેક્સ્પિયર"
૧૧૩.	"ગીરો હકનો કાયદો"
૧૧૪.	Selections in Persian Prose and Poetry (૧૯૭૧થી ૧૯૭૩ સુધી)
૧૧૫.	Selections in Urdu Prose
૧૧૬.	Selections in Urdu Pose and Poetry
૧૧૭.	"યુવાનોનું આરોગ્ય અને પોષક આહાર"
૧૧૮.	ગણિતના અભ્યાસક્રમની વિવરણ પુસ્તિકા (પ્રથમ વર્ષ વિનયન/વિજ્ઞાન)
૧૧૯.	અર્થશાસ્ત્રની પરિભાષા (પદવી કક્ષા સુધી)
૧૨૦.	"Some Aspects of Co-op. Housing Socicties in Ahmedabad City"
૧૨૧.	"બ્રેચ્ટ" (વ્યાખ્યાન)
૧૨૨.	"આણુબંધારણ"—ભાગ ૧

ક્રમાંક	પુસ્તકનું નામ
૧૨૩.	"Some Aspects of the Finance of Gujarat Government"
૧૨૪.	"Gujarat in 1857"
૧૨૫.	"કેઈન્સનું અર્થશાસ્ત્ર"
૧૨૬.	"સમતલ ત્રિકોણમિતિ"
૧૨૭.	"પેટ્રોરસાયણ"
૧૨૮.	"માનવી અને વિજ્ઞાનજગત"
૧૨૯.	"Ghālib"
૧૩૦.	"ડાયોફેન્ટાઈન સમીકરણો"
૧૩૧.	"વસિયતનામાનો કાયદો"
૧૩૨.	"પૃષ્ઠવંશીય પ્રાણીઓ અને ગર્ભવિજ્ઞાન"
૧૩૩.	"ધાત્વિક ક્ષારણ"—ભાગ ૧
૧૩૪.	"કોષવિદ્યા, પ્રાણીદેહધર્મ અને જનીનવિદ્યા"
૧૩૫.	"ઉદાત્તાતત્ત્વ"
૧૩૬.	"ભૌતિકરસાયણનાં મૂળતત્ત્વો"
૧૩૭.	"શ્રેણીઓ અને શ્રેઢીઓ"
૧૩૮.	"કુદરતી રંગોનું રસાયણ"
૧૩૯.	"વિદ્યુત અને ચુંબકત્વ"
૧૪૦.	"વૈયક્તિક વ્યવસ્થાપન"
૧૪૧.	"ભારતમાં સમવાયતંત્ર"
૧૪૨.	"શ્રેણિકોનું ગણિત"
૧૪૩.	"નકશાશાસ્ત્ર"
૧૪૪.	"બાળમનોવિજ્ઞાન"
૧૪૫.	"કુંગાવો"
૧૪૬.	"વારસાવિજ્ઞાન"
૧૪૭.	"સંયોજકતા"
૧૪૮.	"गांधी का सत्त्व"
૧૪૯.	"ગાંધીજીનું જીવનદર્શન"
૧૫૦.	"દશમસ્કંધ"—ભાગ ૨
૧૫૧.	"ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશીઓના સંપર્કની અસર"
૧૫૨.	"હિન્દનું ભૂસ્તરશાસ્ત્ર"—ભાગ ૨
૧૫૩.	"પ્રાયોગિક મનોવિજ્ઞાન"
૧૫૪.	"પુસ્તક પસંદગી પરિચય"
૧૫૫.	"ભારતીય ઇતિહાસની સાધનસામગ્રી"

ક્રમાંક	પુસ્તકનું નામ
૧૫૬.	"પ્રાયોગિક રાંધણકળા"
૧૫૭.	"પાગલનું માનસ"
૧૫૮.	"ભૌતિકશાસ્ત્ર"—ભાગ ૧
૧૫૯.	"ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિ કોશ" —ભાગ ૧
૧૬૦.	"આધુનિક તર્કશાસ્ત્રની રૂપરેખા"
૧૬૧.	"ભૌતિકશાસ્ત્ર"—ભાગ ૨
૧૬૨.	"મજૂર કલ્યાણ"
૧૬૩.	"અશોક અને એના અભિલેખો"
૧૬૪.	"ધાત્વિક ક્ષારણ"—ભાગ ૨
૧૬૫.	"વનસ્પતિદેહધર્મવિદ્યા"
૧૬૬.	"રાજકોષીય નીતિ"
૧૬૭.	"આણુબંધારણ"—ભાગ ૨
૧૬૮.	"ઉષ્મા અને ઉષ્માગતિશાસ્ત્ર"
૧૬૯.	"આંકડાશાસ્ત્રીય વિવરણ"
૧૭૦.	"શાળાશિક્ષણનું આયોજન"
૧૭૧.	"સહકારી પ્રવૃત્તિઓના આંકડા"
૧૭૨.	"વૈદકીય જીવાણુશાસ્ત્ર"
૧૭૩.	"કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર"
૧૭૪.	"પ્રકાશ"
૧૭૫.	"ઇંગ્લૅન્ડના બંધારણનો ઇતિહાસ (પુનર્મુદ્રણ)
૧૭૬.	"ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ" (,,)
૧૭૭.	"ભવાઈ" (મહાનિબંધ)
૧૭૮.	"રસ અને ધ્વનિ"
૧૭૯.	"બ્રાહ્મીથી નાગરી લિપિનો વિકાસ"
૧૮૦.	"અપ્પય દીક્ષિત કવિ દીક્ષિત અને આલંકારિક"
૧૮૧.	"માનવવિદ્યાવિષયક વ્યાખ્યાનો"
૧૮૨.	"વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો"
૧૮૩.	"સાહિત્યવિષયક વ્યાખ્યાનો"
૧૮૪.	"બ્રહ્મસૂત્ર અને અણુભાષ્ય"
૧૮૫.	"શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ"
૧૮૬.	"આનંદવર્ધન ધ્વન્યાલોક—લોચન"
૧૮૭.	"સાંખ્ય સપ્તતિવૃત્તિ"—ભાગ ૧, ૨, ૩
૧૮૮.	"શૈશવકાળનું મનોવિજ્ઞાન"
૧૮૯.	"યુરોપનો ઇતિહાસ"

.....

ક્રમાંક	પુસ્તકનું નામ

.....

૧૯૦. "પ્રકાશશાસ્ત્રનાં મૂળતત્ત્વો"
૧૯૧. "કેવળ ગણિતશાસ્ત્ર"
૧૯૨. "બીજગણિત"
૧૯૩. "ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિ કોશ"—ભાગ ૨
૧૯૪. "સમાજ"—ખંડ ૧ (પુનર્મુદ્રણ)
૧૯૫. "સમાજ"—ખંડ ૨ (,,)
૧૯૬. "બીજધારી વનસ્પતિની અંતઃસ્થ સંરચના"
૧૯૭. "યુરોપનો ઈતિહાસ"—ભાગ ૨
૧૯૮. "ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન"
૧૯૯. ગૃહવિજ્ઞાનની પરિભાષા
૨૦૦. "માનવી ભૂગોળ"
૨૦૧. "શીખવાની પ્રક્રિયા"
૨૦૨. "Socrates and Christ"
૨૦૩. "ભૌતિકશાસ્ત્ર"—ભાગ ૩
૨૦૪. "ઉચ્ચતર બીજગણિત".

નોંધ.—(૧) ઉપરનાં પુસ્તકો પૈકી ક્રમાંક ૧, ૬૩, ૧૦૯, ૧૨૭, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૧, ૧૪૭, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૮, ૧૬૧ અને ૨૦૩નાં પુસ્તકોના મુદ્રણ-કામ માટે બહારનાં પ્રેસોની મદદ લેવામાં આવી હતી.

(૨) ક્રમાંક ૧૬૯થી ૨૦૪ પુસ્તકોનું મુદ્રણકામ હાલ યુનિવર્સિટી પ્રેસમાં ચાલુ છે.

.....

પ્રશ્ન ૧ : (ખ) જે પુસ્તકો, પ્રેસમાં મોટા ભાગનું છાપકામ થયેલ હોવા છતાં પ્રકાશિત થયાં નથી તે કયાં, કઈ કક્ષાએ, ક્યારથી, શા માટે પડી રહ્યાં છે ?

ઉત્તર ૧ : (ખ) યુનિવર્સિટી પ્રેસમાં મોટા ભાગનું છાપકામ પૂરું થયેલ હોવા છતાં જેનું પ્રકાશન બાકી છે તે પુસ્તકોની વિગત નીચે જણાવ્યા પ્રમાણે છે :

ક્રમાંક	પુસ્તકનું નામ	વિગત	કારણ
૧.	"ભવાઈ"—મહાનિબંધ	પુસ્તકનું મુદ્રણ પૂરું થયું છે.	પુસ્તકનું આમુખ આવ્યેથી આ પુસ્તક બહાર પડશે.
૨.	"યુરોપનો ઈતિહાસ"	પુસ્તકનું મુદ્રણકામ પૂરું થયું છે.	વિષયસૂચિ વગેરેનું મૂળ મેટર હાલ તૈયાર થઈ રહ્યું છે.

પ્રશ્ન ૨ : (ક) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓ તરફથી તથા તેમના એકમાત્ર રજિસ્ટર્ડ યુનિયન તરફથી ૧૯૬૨થી ૧૯૭૨ દરમિયાન પગારસુધારા તથા અન્ય માગણીઓ અંગે કેટલી વાર યુનિવર્સિટી અધિકારીઓ સમક્ષ માગણીઓ મૂકવામાં આવી?

અને

(ખ) તે માગણીઓ અંગે યુનિવર્સિટી તરફથી કયાં પગલાં વિચારવામાં આવ્યાં?

ઉત્તર ૨ : (ક) તથા (ખ) પ્રસ્તુત માગણીઓની વિગતો તથા લીધેલાં પગલાંની માહિતી નીચે પ્રમાણે છે:

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
૧.	તા. ૧૨—૧૦—૧૯૬૩ની દૈનિક વેતનના ટેમ્પરરી કર્મચારીઓની દિવાળી એડવાન્સ રકમ આપવા અંગેની અરજી	માગણી નામંજૂર કરવામાં આવી છે.
૨.	પ્રેસની બીજી પાળી દરમિયાન કંપોઝ વિભાગનું જવાબદારીપૂર્વક સંચાલન કરવા માટે તે કામ કરતા ચાર કંપોઝીટર(સીનિયર)ની તા. ૮—૧૧—૧૯૬૩ની, તેઓને તે કામ અંગેનું "વિશેષ ભથ્થું" આપવા અંગેની અરજી.	માગણી નામંજૂર કરવામાં આવી છે.
૩.	પ્રશ્નપત્રોના છાપકામ દરમિયાન દૈનિક ૭½ કલાકના કામની ચાલી આવતી પ્રથા પ્રમાણે જ ફરજ લેવા તથા આ દરમિયાન "વિશ્રામના સમય"માં કર્મચારીઓને પ્રેસના મકાનની બહાર જવા દેવામાં આવતા ન હોવાથી તે બદલ અર્ધા કલાકનો ઓવરટાઇમ આપવાની પ્રથા ન તોડવા કર્મચારીઓની તા. ૧૪—૧૦—૧૯૬૪ની માગણી.	માગણી મંજૂર કરવામાં આવી છે.
૪.	તા. ૨૬—૧૧—૧૯૬૪ના રોજ આંતર-યુનિવર્સિટી બાસ્કેટ બૉલ હરીફાઈ જોવા એક કલાકની રજા આપવા માગણી.	આ દિવસે પ્રેસમાં ખાસ કેસ તરીકે બીજી પાળી દરમિયાન રિસેસ અર્ધા કલાક વહેલા કરી આપી માગણી મંજૂર કરવામાં આવેલ.
૫.	યુનિવર્સિટી કાર્યાલયના બિનશૈક્ષણિક કર્મચારીઓની સમક્ષ પ્રેસ-કર્મચારીઓને ગણવા તથા રજાઓ વગેરેનો લાભ આપવાની યુનિવર્સિટી પ્રેસના કાર્યાલયના, પ્રૂફ વિભાગના તેમ જ અન્ય કર્મચારીઓની તા. ૨૫/૨૬—૬—૧૯૬૫ની માગણી.	પ્રેસ-વ્યવસ્થાપકશ્રીના આદેશથી યુનિવર્સિટી પ્રેસમાં તેની નકલ ફાઇલ કરવામાં આવેલ છે.

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
૬.	તા. ૧૨--૧૦--૧૯૬૫ની પ્રેસ-કર્મચારીઓની દિવાળી એડવાન્સ રકમ ચૂકવવા માગણી	માગણી મંજૂર કરવામાં આવેલ છે.
૭.	ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયન તરફથી તા. ૨૨--૨--૧૯૬૬ના રોજ મૂકવામાં આવેલ ૧થી ૧૧ માગણીઓ:	
	(૧) મોંઘવારી ભથ્થું વધારવાની બાબત	ગુજરાત યુનિવર્સિટી બિનશૈક્ષણિક કર્મચારીઓની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી મોંઘવારીમાં જે કાંઈ વધારો થાય છે તે પ્રમાણે પ્રેસ-કર્મચારીઓને આપવામાં આવ્યો છે.
	(૨) ક્વાર્ટર્સ અને ડોર્મિટરી	યુનિવર્સિટી તરફથી ક્વાર્ટર્સની માગણી સૈદ્ધાંતિક રીતે સ્વીકારાયેલ છે.
	(૩) યુનિવર્સિટી કાર્યાલયના ધોરણે પ્રેસ-કર્મચારીઓને રજાઓ આપવા બાબત.	પ્રેસના કાયમી કર્મચારીઓને ૧૦ આકસ્મિક રજાઓ, ૭ માંદગીની રજાઓ, ૮ તહેવારોની રજાઓ, તથા (અ) તા. ૬--૭--૧૯૬૯ પહેલાંના પ્રેસના કાર્યાલય તથા પ્રૂફ વિભાગના સભ્યોને દર ૧૧ દિવસની હાજરીએ ૧ હક રજા; તથા (બ) અન્ય પ્રેસ--કર્મચારીઓને ફેક્ટરી એક્ટ અન્વયે ૨૦ હાજર દિવસે ૧ હક રજા આપવામાં આવે છે.
	(૪) પરીક્ષાનાં કામકાજ અંગે ઓવરટાઇમ વેતન ઉપરાંત એક બેઝિક પગાર આપવા બાબત	આ માગણી મંજૂર થઈ નથી.

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
	(૫) પરીક્ષાનાં પ્રશ્નપત્રોના છાપકામ દરમિયાન કર્મચારીઓને "નાસ્તા ભથ્થું" પાંચ આનાના બદલે એક રૂપિયો કરી આપવા બાબત	ભથ્થાની રકમ પાંચ આનાના બદલે ૫૦ પૈસા કરવામાં આવી છે.
	(૬) પ્રોવિડંટ ફંડ યુનિવર્સિટી હસ્તક લેવા અંગે.	આ માગણી મંજૂરથઈ નથી.
	(૭) પ્રેસમાંથી છૂટા કરવામાં આવેલ જુ. કંપોઝીટર શ્રી. સૂર્યકાંત હ. ભાવસારને નોકરીમાં પુનઃ લેવા અંગે.	આ માગણી મંજૂર થઈ નથી.
	(૮) પાળીમાં ફેરફાર તથા ઓવરટાઇમમાં રખાતો ભેદભાવ દૂર થવા બાબત.	પ્રેસમાં સામાન્ય રીતે પરીક્ષાનાં કામકાજો માટે જ કર્મચારીઓને ઓવરટાઇમ રોકવામાં આવે છે. પ્રશ્નપત્રોનાં કામકાજોની જરૂરિયાત જોઈને તે અંગેની વ્યવસ્થા થાય છે તેમાં ભેદભાવનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.
	(૯) કર્મચારીઓની રજાની મંજૂરી બાબતમાં રખાતો ભેદભાવ બંધ કરવા બાબત અને રજાના રિપોર્ટની સ્વીકૃતિની પહોંચ મળવા અંગેની માગણી.	આક્ષેપમાં વજૂદ જણાયું નથી.
	(૧૦) કિન્નાખોર અને ગેરકાયદે વહીવટ અંગે યુનિવર્સિટીના પ્રેસ-મેનેજરને નશિયત કરવા બાબત.	આક્ષેપમાં વજૂદ જણાયું નથી.
	(૧૧) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ-એમ્પ્લોયીઝ યુનિયન એ રજિસ્ટર્ડ યુનિયન હોઈ તેને ટ્રેડ યુનિયન એક્ટ અન્વયે માન્યતા આપવા બાબત.	આ માગણી નામંજૂર કરવામાં આવી છે.
૮.	તા. ૯--૫--૧૯૬૬ના રોજ "ગોખલે જયંતી" નિમિત્તે પ્રેસ-કર્મચારીઓએ રજા આપવા કરેલ તા. ૭--૫--૧૯૬૬ની માગણી.	માગણી નામંજૂર કરવામાં આવેલ.

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
૯.	બાઈન્ડિંગ વિભાગના હેલ્પરોની યુનિવર્સિટી પ્રેસ તરફથી તેઓને ફરજ અંગે કપડાં મળે તે અંગેની માગણી.	જે તે સંબંધકર્તા કર્મચારીની ફરજના સંદર્ભમાં કામનો પ્રકાર ધ્યાનમાં લઈ પ્રતિવર્ષ બે જોડી કપડાં આપવામાં આવે છે.
૧૦.	યુનિવર્સિટી પ્રેસની પાળીઓનો સમય સવારના ૭--૦૦થી ૩--૦૦ અને બપોરના ૩--૦૦થી ૧૧--૦૦ના બદલે સવારના ૮--૦૦થી ૪--૦૦ અને બપોરના ૪--૦૦થી રાતના ૧૨--૦૦ કરવા અંગેની કર્મચારીઓની તા. ૨૦--૭--૧૯૬૭ની માગણી.	માગણી નામંજૂર કરવામાં આવેલ.
૧૧.	વેસ્ટ ઝોન વિ. વેસ્ટ ઈન્ડીઝની ક્રિકેટ મૅચ નિહાળવા તા. ૯/૧૦--૧૨--૧૯૬૬ના બે દિવસો માટે યુનિવર્સિટી કાર્યાલય પ્રમાણે પ્રેસ-નો સમય ફેરવવા માગણી.	માગણી નામંજૂર કરવામાં આવેલ.
૧૨.	ઓવરટાઈમ વેતન દિવાળી નહેવારો હોવાથી તા. ૧૦મીના બદલે તા. ૮મીએ ચૂકવવા પ્રેસ-કર્મચારીઓની તા. ૨૨--૧૦--૧૯૬૬ની માગણી.	ઓવરટાઈમ વેતન વધેલું ચૂકવવાની માગણી નામંજૂર કરવામાં આવેલ, પરંતુ દિવાળી એડવાન્સ અંગેની રકમ કર્મચારીઓને તા. ૧--૧૧--૧૯૬૬ના રોજ ચૂકવવામાં આવી હતી.
૧૩.	જેઓને પ્રેસ તરફથી તેઓની ફરજને ખ્યાલમાં રાખીને દર વર્ષે બે જોડી કપડાં આપવામાં આવે છે તેવા કર્મચારીઓની કપડાંને બદલે કાપડ તથા સિલાઈની રોકડ રકમ આપવા અંગેની તા. ૨૨--૬--૧૯૬૭ની માગણી.	આ માગણી નામંજૂર કરવામાં આવેલ.
૧૪.	કેજ્યુઅલ રજાઓ, તહેવારોની રજાઓ તથા અન્ય રજાઓ અંગેની કર્મચારીઓની	સિન્ડિકેટ તા. ૬--૭--૧૯૬૯ બાબત ક્રમાંક ૩૩ પરિશિષ્ટ

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
	તા. ૧૪–૬–૧૯૬૮ની માગણી.	"ખ" દ્વારા નક્કી થયા પ્રમાણે :
		(૧) પ્રેસ-કર્મચારીઓને વાર્ષિક સાત દિવસની આકસ્મિક રજાઓ ને વધારીને વાર્ષિક દસ દિવસની કરવામાં આવી છે.
		(૨) વાર્ષિક સાત દિવસ માંદગીની રજાઓ સિન્ડિકેટ તા. ૬–૯–૧૯૬૯ની સભાના કામકાજ ક્રમાંક ૪૦ પરિશિષ્ટ "ધ" અન્વયે સુધાર્યા પ્રમાણે આપવામાં આવે છે.
૧૫.	ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનની તા. ૧૯–૧૧–૧૯૭૧ની સભાએ કરેલ ૧થી ૧૪ માગણીઓ :	
	(૧) પ્રેસ-કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં તા. ૧–૭–૧૯૬૮થી ભેળવો.	માગણી વિચારણા હેઠળ છે.
	(૨) ગવર્નમેન્ટ પ્રેસના ધોરણે નહેવારોની રજાઓ આપો.	,,
	(૩) રજાઓના અંગે સમાન ધોરણ અપનાવો.	,,
	(૪) પગારધોરણોમાં સુધારો કરો.	,,
	(૫) પ્રૂફરીડર–કોપીહોલ્ડરને યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક સમકક્ષ ગણવા.	,,
	(૬) પ્રશ્નપત્ર છાપકામના દિવસે અપાતા ટિફિન એલાવન્સમાં વધારો કરો.	માગણી વિચારણા હેઠળ છે.
	(૭) ઓવરટાઈમના દરોમાં વધારો કરો.	,,

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
	(૮) પરીક્ષા વખતે સળંગ પાંચ કલાક પછી રિસેસ ગોઠવી હોય ત્યારે વચ્ચે ચા-નાસ્તો લેવા માટે ૧૦ મિનિટનો વિરામ આપો.	નિયમ પ્રમાણે રિસેસ આપવા-માં આવતી હોઈ માગણી સ્વીકારી શકાય તેમ નથી.
	(૯) પ્રો. ફંડ કપાત થતી હોય તેવા હંગામી કર્મચારીઓને કાયમ કરો.	પ્રેસ સમિતિની વિચારણા હેઠળ છે.
	(૧૦) બીજી પાળીની જવાબદારી સંભાળનારને ભથ્થું આપો.	પ્રેસ સમિતિની વિચારણા હેઠળ છે.
	(૧૧) બઢતીમાં સીનિયોરિટીને જાળવી રાખો.	,,
	(૧૩) ડોમે ટરીની વ્યવસ્થા કરો.	માગણી વિચારણા હેઠળ છે.
	(૧૪) પ્રેસ-કર્મચારીઓના રહેઠાણની વ્યવસ્થા કરો.	,,
૧૬.	ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના તા. ૨૯--૧--૧૯૭૨ના પત્રમાં સૂચવેલ માગણીઓ :	
	(૧) પ્રૂફ-વિભાગમાં હાલમાં કૉપી--હોલ્ડરમાં પ્રવર્તતાં બે ભિન્નપગારધોરણો દૂર કરવા અંગે.	પ્રેસ સમિતિ સમક્ષ મૂકવામાં આવેલ છે.
	(૨) પ્રૂફરીડર તથા કૉપી-હોલ્ડરને અનુક્રમે યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર કલાર્ક તથા જુનિયર કલાર્કના ધોરણમાં સમકક્ષ પગાર ગ્રેડ આપવા માટે માગણી.	માગણી વિચારણા હેઠળ છે.
	(૩) પ્રેસ-ઑફિસ વિભાગમાં એક સીનિયર કલાર્કની જગ્યા ઊભી કરવા અંગે.	,,
	(૪) પ્રેસના છાપકામના ભાવો સુધારી વધારવા અંગે.	વિચારણા હેઠળ છે.
	(૫) પ્રેસનું વર્કિંગ હાલ ૭½ કલાક છે તે વધારીને ૮ કલાક ન કરતાં સાત કલાક કરવા માગણી.	માગણી સ્વીકારવી શકય નથી.
	(૬) પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો હાલના કપરા આર્થિક સંજોગોમાં વધારવા માગણી.	માગણી વિચારણા હેઠળ છે.
	(૭) સરકારી મુદ્રણાલયના ધોરણે રજાઓ તથા સમય રાખવા અંગેની માગણી.	માગણી વિચારણા હેઠળ છે.

ક્રમાંક	માગણીની વિગત	નોંધ
(૮)	પ્રેસ-કર્મચારીઓનું સાઇકલ ભથ્થું યુનિવર્સિટી કર્મચારીઓનું સાઇકલ ભથ્થું મૂળ પગારમાં જે તારીખથી ભેળવવામાં આવ્યું છે તે પ્રમાણે આપવા માગણી.	માગણી વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૩ : (ક) ગુજરાત યુનિવર્સિટી કર્મચારીઓએ પ્રેસ-મૅનેજરને તથા યુનિવર્સિટી કાર્યાલયને ગુજરાત યુનિવર્સિટી પ્રેસના સમકક્ષતાવાળાં પ્રેસો અને યુનિવર્સિટી સાથેના ઢાંચામાં રહીને કામ કરનારાં પ્રેસોનાં પગારધોરણોની માહિતી મોકલી છે ?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩ : (ખ) યુનિવર્સિટી કાર્યાલયે તે અંગે કોઈ વિચારણા કરી છે ?

ઉત્તર ૩ : (ખ) હા, જી.

પ્રશ્ન ૩ : (ગ) જો હા, તો કયા પ્રકારની તેની માહિતી આપશોજી.

ઉત્તર ૩ : (ગ) પ્રશ્ન ૩(ક)ની રજૂઆત યુનિવર્સિટી સિન્ડિકેટે નિયુકત કરેલ પ્રેસ-સમિતિની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૩ : (ઘ) જો ના, તો શા માટે નહિ ?

ઉત્તર ૩ : (ઘ) ઉત્તર ૩(ગ) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ચ) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ કર્મચારીઓએ યુનિવર્સિટી કાર્યાલયને, અત્યાર સુધીમાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અલગ રાખીને માત્ર યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં પગારધોરણો સુધાર્યાં છે, તે મુજબ હવે જો યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો સુધારવામાં આવે તો કેટલો આર્થિક બોજ પડે તેના સ્ટેટિસ્ટિકલ ફિગર આપવામાં આવ્યા છે તેની માહિતી આપશોજી અને હવે તે માટે યુનિવર્સિટી કાર્યાલય વિચારશે ખરું કે ?

ઉત્તર ૩ : (ચ) આ માહિતી સભાના સમયે ટેબ્રલ પર ઉપલબ્ધ રાખવામાં આવશે.

પ્રશ્ન ૪ : (ક) સને ૧૯૬૯થી ૧૯૭૨ દરમિયાન યુનિવર્સિટી પ્રેસમાં કયાં પ્રકાશનો અને વહીવટી કામો કયાં કયાં મશીન પર છપાયાં તેની વર્ષવાર માહિતી આપશોજી.

અને

(ખ) સને ૧૯૬૯થી ૧૯૭૨ના ગાળા દરમિયાન યુનિવર્સિટી પ્રેસનાં કયાં યંત્રો વરસવાર કેટલો સમય બંધ રહ્યાં અને તેથી કેટલું નુકસાન થયું તેમ જ તે કામકાજ વિના કેટલો સમય બંધ રહ્યાં અને જો તૂટફૂટને લઈ બંધ રહ્યાં હોય તો તેનો મશીન-વાઈઝ રિપેરિંગ ખર્ચ કેટલો થયો તેની માહિતી આંકડાઓમાં આપશોજી.

ઉત્તર ૪ : (ક) અને (ખ) : સને ૧૯૬૯થી સને ૧૯૭૨ના ઑગસ્ટ અંત સુધીમાં છાપકામ યંત્રો સંદર્ભની ઉપલબ્ધ માહિતી આ સાથેના **પરિશિષ્ટ "ધ"**માં દર્શાવ્યા પ્રમાણે છે.

પ્રશ્ન ૪ : (ગ) યુનિવર્સિટી પ્રેસમાં મોનોટાઈપ મશીન નવું જ વસાવ્યું ત્યારથી આજ સુધીમાં કુલ કેટલા દિવસ બંધ રાખવામાં આવ્યું ? અને તે કયાં કારણોસર બંધ રાખવામાં આવ્યું ? તદ્દન નવું મશીન હોવાં છતાં વારંવાર તૂટફૂટ થવાનાં કારણો આપશોજી.

ઉત્તર ૪ : (ગ) યુનિવર્સિટી પ્રેસમાં મોનોટાઈપ મશીન સને ૧૯૬૯ના જૂન માસથી શરૂ કરવામાં આવેલ છે. સને ૧૯૭૨ના ઑગસ્ટ માસના અંત સુધીના પ્રેસના કુલ ૯૭૩ વર્કિંગ દિવસમાંથી કુલ ૩૭ દિવસો માટે મોનોટાઈપ બંધ રાખવું પડયું હતું. તેનાં કારણોમાં પ્રસંગોપાત્ત પાણી તેમ જ વિદ્યુતસંચારની આયોજનિક અગવડો, મશીનનો પિરિયોડિકલ મેન્ટેનન્સ ચેકઅપ તથા કર્મચારીઓની રજા, ગેરહાજરી ઇત્યાદિનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૪ : (ઘ) (૧) મોનોટાઈપ તથા ઑપરેટિંગ મશીન પર અત્યાર સુધીમાં કયા કયા કર્મચારીઓએ કામ કર્યું છે ?

ઉત્તર ૪ : (ઘ) (૧) યુનિવર્સિટી પ્રેસના મોનોટાઈપ કાસ્ટિંગ તથા ઑપરેટિંગ અંગે નીચે જણાવ્યા પ્રમાણે કર્મચારીઓ પાસે કામ લેવામાં આવ્યું છે :

ક્રમ	કર્મચારીનું નામ	હોદ્દો
૧.	શ્રી. ડી. એમ. જાડેજા	ટેમ્પ. ઑપરેટર
૨.	શ્રી. બી. બી. ચૌહાણ	ટેમ્પ. કાસ્ટર
૩.	શ્રી. ઘનશ્યામ જી. વ્યાસ	ટેમ્પ. ઑપરેટર
૪.	શ્રી. ભોગીલાલ એ. ભાવસાર	ટેમ્પ. કાસ્ટર
૫.	શ્રી. દત્તગીરી એમ. ગોસ્વામી	ટેમ્પ. કાસ્ટર
૬.	શ્રી. દયાશંકર આર. જાની	ટેમ્પ. ઑપરેટર
૭.	શ્રી. રણજિતસિંહ પી. જાદવ	ટેમ્પ. ઑપરેટર
૮.	શ્રી. ભગવંતસિંહ બી. પરમાર	ટેમ્પ. કાસ્ટર
૯.	શ્રી. યદુનાથ આર. લાડ	ટેમ્પ. ઑપરેટર
૧૦.	શ્રી. શિવકુમાર બી. છાયા	ટેમ્પ. કંપોઝીટર-કમ-ઑપરેટર

પ્રશ્ન ૪ : (ઘ) (૨) તેઓને ટેમ્પરરી ધોરણે રાખવાનાં કારણો દર્શાવશોજી.

ઉત્તર ૪ : (ઘ) (૨) પ્રસ્તુત વિભાગ નવો ઉઘાડેલ હોવાથી તથા આ જગ્યાઓ હજુ કાયમી ધોરણે સ્થાપવામાં આવી નથી.

પ્રશ્ન ૪ : (ઘ) (૩) જો કાયમી કર્મચારીઓને એ મશીન સોંપવામાં આવે તો મશીનની સાચવણ સારી રહે તે વાત સાચી ?

ઉત્તર ૪ : (ઘ) (૩) તેનો આધાર કર્મચારીની કાર્યદક્ષતા પર રહે છે.

પ્રશ્ન ૫ : (ક) સેનેટ (ખાસ સભા) તા. ૧/૨--૧૦--૧૯૭૦ના શ્રી. એસ. કે. ઝવેરીના ઉત્તર ૧૫(૭)માં જણાવ્યું છે કે "નિર્ણય થયેથી તેમને જવાબ આપવામાં આવશે". તો તે અંગે નિર્ણય કરીને તેમને જવાબ આપવામાં આવ્યો છે ?

ઉત્તર ૫ : (ક) હા, જી. શ્રી. ભાવસારને તેમની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી એવી મૌખિક જાણ કરવામાં આવી હતી.

પ્રશ્ન ૫ : (ખ) જો હા, તો આપવામાં આવેલો જવાબ આપશોજી.

અને

પ્રશ્ન ૫ : (ગ) જો ના, તો શાથી ? અને હજુ સુધી નિર્ણય ન કરવાનાં કારણો શાં છે ? અને હવે નિર્ણય કયારે થશે ?

ઉત્તર ૫ : (ખ) તથા ૫ (ગ) : ઉત્તર ૫ (ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : (ઘ) સેનેટ (ખાસ સભા) તા. ૧/૨--૧૦--૧૯૭૦ના શ્રી. એસ. કે. ઝવેરીના ઉત્તર ૧૬ (૭)માં જણાવ્યું છે કે "જરૂરી ચોકસાઈ થયેથી તે અંગે નિર્ણય લેવામાં આવશે." તો તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો છે ?

ઉત્તર ૫ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૫ : (ચ) જો હા, તો કયા પ્રકારનો ?

ઉત્તર ૫ : (ચ) શ્રી. બી. આર. ભાવસારની વધારાના ઑવરટાઈમ અંગે કરેલ માગણી, પ્રેસનું રેકર્ડ વગેરે તપાસતાં મંજૂર કરી શકાય તેમ નથી, તેમ જણાતાં, તેમને તેની મૌખિક જાણ કરવામાં આવી હતી.

પ્રશ્ન ૫ : (છ) જો ના, તો વિલંબ કરવાનાં કારણો કયાં છે ? અને હવે કયારે નિર્ણય લેવામાં આવશે ?

ઉત્તર ૫ : (છ) પ્રશ્ન ૫ (ચ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ક) યુનિવર્સિટી પ્રેસના કયા પ્રકારના કામકાજની જરૂરતને લક્ષમાં રાખીને કંપોઝીટરોની, જુનિ. કંપોઝીટરોથી ભિન્ન જગ્યાઓ ઊભી કરવામાં આવી છે ?

ઉત્તર ૬ : (ક) યુનિવર્સિટીનાં બહુવિધ છાપકામોની જવાબદારી લક્ષમાં રાખીને તથા યુનિવર્સિટીની જરૂરિયાતને ધ્યાનમાં લઈને યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝીટર તથા જુ. કંપોઝીટરની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે.

પ્રશ્ન ૬ : (ખ) કંપોઝીટરને લગતું જરૂર પ્રમાણે ડિસ્ટ્રિબ્યુટિંગ, કંપોઝકામ, કરેકશન ને પેજિંગકામ વગેરે કંપોઝીટરોના કાર્યક્ષેત્રમાં આવે છે ?

ઉત્તર ૬ : (ખ) હા, જી. તે ઉપરાંત પણ હેડ-કંપોઝીટર તેમ જ પ્રેસ-વ્યવસ્થાપક સૂચવે તે પ્રમાણે કંપોઝ વિભાગનાં કામો તેમ જ અન્ય કામો અને વ્યવસ્થા સંભાળવાનાં હોય છે.

પ્રશ્ન ૬ : (ગ) યુનિવર્સિટી પ્રેસમાં ૨૮ જુનિયર કંપોઝીટરોની સંખ્યા છે તેમાંથી કેટલા અને કયા જુનિયર કંપોઝીટરો ડિસ્ટ્રિબ્યુશન, કંપોઝકામ, કરેકશન, પેજિંગકામ કરે છે. તેની માહિતી આપશોજી.

ઉત્તર ૬ : (ગ) યુનિવર્સિટી પ્રેસમાં જે તે દિવસે છાપકામની જરૂરિયાતને ધ્યાનમાં લઈ જરૂરી કંપોઝીટર તેમ જ જુનિયર કંપોઝીટરોને, જે તે કામ રોજેરોજ આપવામાં આવે છે.

પ્રશ્ન ૬ : (ઘ) આમ, જો કામગીરીની ભિન્નતા કંપોઝીટર અને જુ. કંપોઝીટરમાં ન વર્તાતી હોય તો બન્ને જગ્યાઓમાં અન્ય ભિન્નતા કયા પ્રકારની છે?

ઉત્તર ૬ : (ઘ) પ્રશ્ન ૬ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ચ) જો, આમ, કાર્યક્ષેત્રમાં ભિન્નતા ન વર્તાતી હોય તો પગાર-ભેદ રાખવાનાં કારણો આપશોજી.

ઉત્તર ૬ : (ચ) ઉત્તર (૬) (અ) તથા ઉત્તર (૬) (ક) જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૬] **આચાર્ય બી. એમ. ઠાકરે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) થર્ડ બી.કોમ.ના વર્ગો હોવા છતાં કેટલી કૉલેજોમાં પૂર્ણ સમયના વાણિજ્યના પ્રાધ્યાપકો નથી?

ઉત્તર ૧ : (ક) છ કૉલેજોમાં પૂર્ણ સમયના વાણિજ્યના પ્રાધ્યાપકો ન હોવાનું જણાયું છે.

પ્રશ્ન ૧ : (ખ) યુનિવર્સિટી સિન્ડિકેટે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં જ્યાં તૃતીય વર્ષના વર્ગો ચાલતા હોય ત્યાં પૂર્ણ સમયના પ્રાધ્યાપક નીમવાનો ઠરાવ કર્યો છે?

ઉત્તર ૧ : (ખ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં તૃતીય વર્ષના વર્ગોમાં પ્રત્યેક મુખ્ય વિષય માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક ઑર્ડિ. ૧૨૦--એ મુજબ આવશ્યક છે.

પ્રશ્ન ૧ : (ગ) તો જે કૉલેજોને પૂર્ણ સમયના વાણિજ્યના પ્રાધ્યાપકો સિવાય ખંડ સમયના પ્રાધ્યાપકોથી ચલાવી લેવાની છૂટ અપાય છે તે કૉલેજોનાં નામ આપશો?

ઉત્તર ૧ : (ગ) જ્યાં મુખ્ય વિષય દ્વિતીય વર્ષમાં જ શીખવાનો હોય ત્યાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા, ઑર્ડિ. ૧૨૦-એ હેઠળ પર્યાપ્ત ગણવામાં આવી છે. જે કેટલીક કૉલેજોને ચાલુ વર્ષે વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકથી શિક્ષણકાર્ય ચલાવવા છૂટ આપવામાં આવી છે તેમનાં નામ નીચે મુજબ છે :

(૧) શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ.
(૨) મૂલરાજ સુભાષસિંહજી આર્ટ્સ અને કે. એચ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
(૩) ડીસા નગર પંચાયત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ડીસા
(૪) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઈડર
(૫) વડનગર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગર
(૬) શ્રીમતી એમ. બી. કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. જી. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ.

(ઘ) શાથી?

ઉત્તર ૧ : (ધ) આ કૉલેજોને પ્રયત્ન કરવા છતાં પૂરા સમયના વાણિજ્યના પ્રાધ્યાપક મળી શકયા નહિ હોવાથી.

પ્રશ્ન ૨ : માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓ માટે કયાં કયાં કેન્દ્રો માટે નિરીક્ષકો નીમવામાં આવ્યા હતા ?

ઉત્તર ૨ : માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષા માટે કુલ્લે ૪૬ કેન્દ્રો પર ઓચિંતી મુલાકાત માટે નિરીક્ષકોની નિમણૂકો કરવામાં આવી હતી.

પ્રશ્ન ૨ : (ક) તેમનાં નામ આપી શકશો ?

ઉત્તર ૨ : (ક) નિમણૂક કરવામાં આવેલ નિરીક્ષકોની યાદી આ સાથેના **પરિશિષ્ટ "૬"માં** જણાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૨ : (ખ) તેમાંના કેટલા નિરીક્ષણ માટે ગયા હતા ?

ઉત્તર ૨ : (ખ) ૪૩ કેન્દ્રો પર ૩૦ નિરીક્ષકો નિરીક્ષણ માટે ગયા હતા.

પ્રશ્ન ૨ : (ગ) આ નિરીક્ષકો દ્વારા કેટલા ગેરરીતિના કિસ્સાઓ પકડવામાં આવ્યા હતા ?

ઉત્તર ૨ : (ગ) બે. આ નિરીક્ષકોમાંથી એક નિરીક્ષકે લુણાવાડા કેન્દ્ર પરથી બે વિદ્યાર્થીઓ અંગે કેન્દ્રના સુપરવાઈઝરને ફરિયાદ કરી હતી.

પ્રશ્ન ૨ : (ચ) કોઈ કેન્દ્ર માટે તેમણે ગંભીર ફરિયાદો કરી છે ખરી ?

ઉત્તર ૨ : (ચ) ગેરરીતિના ત્રણેક કેસ નિરીક્ષકોએ રિપોર્ટ કર્યા હતા.

પ્રશ્ન ૨ : (છ) કેન્દ્ર સંચાલકો હોવા છતાં તેમના પર નિરીક્ષકો નીમવાની પ્રથા ચાલુ રાખવાની છે ?

ઉત્તર ૨ : (છ) હા, જી.

પ્રશ્ન ૨ : (જ) દરેક કેન્દ્ર પર બહારની વ્યકિતઓને કેન્દ્ર સંચાલક તરીકે નીમવાનું યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે ?

ઉત્તર ૨ : (જ) ના, જી.

[૭] આચાર્ય પુનમભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : યુનિ. કાર્યાલયના કર્મચારીઓને મળતી કુલ ૧૫ કેજયુઅલ લીવની ગણતરી **શૈક્ષણિક** વર્ષ (એટલે કે તા. ૧૫મી જૂનથી ૧૪મી જૂન) પ્રમાણે કે કેલેન્ડર વર્ષ (એટલે કે તા. ૧લી જાન્યુઆરીથી તા. ૩૧મી ડિસેંબર) પ્રમાણે કરવામાં આવે છે ?

ઉત્તર ૧ : યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પ્રત્યેક વર્ષે વધુમાં વધુ ૧૨ દિવસની (૧૫ દિવસની નહીં) આકસ્મિક રજાઓ મળી શકે છે અને તેની ગણતરી કેલેન્ડર વર્ષ પ્રમાણે કરવામાં આવે છે.

પ્રશ્ન ૨ : ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને મળતી કુલ ૧૫ કેજયુઅલ લીવની ગણતરી **શૈક્ષણિક વર્ષ** (એટલે કે તા. ૧૫મી જૂન થી તા. ૧૪મી જૂન) પ્રમાણે કે કેલેન્ડર વર્ષ (એટલે કે તા. ૧લી જાન્યુઆરીથી તા. ૩૧મી ડિસેંબર) પ્રમાણે કરવામાં આવે છે ?

ઉત્તર ૨ : સંલગ્ન કૉલેજોના શિક્ષકગણના સભ્યો માટે પણ આકસ્મિક રજાઓ વધુમાં વધુ કુલ ૧૨ દિવસની રાખવામાં આવેલ છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે, તેની ગણતરી શૈક્ષણિક વર્ષ પ્રમાણે થાય તેમ અપેક્ષિત છે.

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય અને ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજો વચ્ચે કેજ્યુઅલ લીવ કયા વર્ષ માટે ગણવી તે બાબતમાં વિસંવાદીપણું છે ?

ઉત્તર ૩ : વર્ષની ગણતરીની રીતમાં જે ફરક છે તેની માહિતી ઉપર આપેલી છે. તેમાં વિસંવાદિતાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪ : જો પ્રશ્ન ૩નો જવાબ "હા" હોય તો આ વિસંવાદીપણાને દૂર કરવા યુનિવર્સિટી વિચારે છે ?

ઉત્તર ૪ : ઉપરના પ્રશ્ન ૩નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૮] **પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન લેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : તા. ૨૪/૨૫/૨૬–૩–૧૯૭૨ની સેનેટની સભાની કાર્યવાહી બાબત ૨(અ); પ્રશ્નોત્તરીના શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૧૦ના ઉત્તરમાં જણાવેલું કે, "પ્રૉવિડંટ ફંડના નિયમો અમલી બનાવવાનું કાર્ય અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની વિચારણા હેઠળ છે" તેના અનુસંધાનમાં નીચેની માહિતી આપશો :

પ્રશ્ન ૧ : (ક) પ્રૉવિડંટ ફંડના નવા નિયમો યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોમાં કઈ તારીખથી અમલી બનાવ્યા ?

પ્રશ્ન ૧ : (ખ) અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની કૉલેજોને આ નિયમો અમલી બનાવવા અંગે યુનિવર્સિટીએ આજ સુધીમાં કઈ કઈ તારીખોએ પત્રો લખ્યા ?

પ્રશ્ન ૧ : (ગ) (૧) એ સોસાયટીની કૉલેજોને જુદા જુદા વિષયોના એફિલિયેશન આપતી વખતે પી. એફ.ના નિયમો અમલી બનાવવા અંગે યુનિવર્સિટીએ કૉલેજોનું ધ્યાન દોર્યું હતું ખરું ?

પ્રશ્ન ૧ : (ગ) (૨) કયારે કયારે દોર્યું હતું ?

પ્રશ્ન ૧ : (ઘ) પી. એફ. ના નિયમો અમલી ન બનાવ્યા હોય છતાં એ સોસાયટીની કૉલેજોને વિષયોનું એફિલિયેશન આપ્યું હોય તો તે સંબંધી માહિતી આપશો.

પ્રશ્ન ૧ : (ચ) ત્રણ ત્રણ વર્ષથી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની કૉલેજોને યુનિવર્સિટી પત્રો લખીને પી. એફ. ના નિયમો અમલી બનાવવા જણાવે છે છતાં "વિચારણા હેઠળ છે" એવા જવાબો સોસાયટીની કૉલેજો પાઠવે છે ત્યારે હવે યુનિવર્સિટી તે સામે કોઈ કડક પગલાં લેવા વિચારે છે કે કેમ ?

ઉત્તર ૧ : (ક) તા. ૧૫–૬–૧૯૬૯થી.

ઉત્તર ૧ : (ખ) સર્વે સંલગ્ન કૉલેજોને આ અંગે પાઠવેલ ચાર પરિપત્રો ઉપરાંત નીચેની તારીખોએ સદરહુ સોસાયટીની કૉલેજોને પ્રૉવિડંટ ફંડના નિયમ અંગે પત્રો લખવામાં આવેલ છે : તા. ૯–૬–૧૯૭૧, તા. ૪–૯–૧૯૭૧, તા. ૨૪—૧–૧૯૭૨, તા. ૨૨–૨–૧૯૭૨ અને ૩૧--૫--૧૯૭૨.

ઉત્તર ૧ : (ગ) (૧) હા, જી. જૂન ૧૯૭૦થી જોડાણની અરજી પર તથા જૂન ૧૯૭૨થી જોડાણ માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના પાલન માટે અનુક્રમે તા. ૬--૪--૧૯૭૦ તથા તા. ૭–૪--૧૯૭૨ના રોજ.

ઉત્તર ૧ : (ગ) (૨) તા. ૬–૪–૧૯૭૦ના રોજ એલ. ડી. આર્ટ્સ કૉલેજ તથા જૂન ૧૯૭૧થી જોડાણ માટે આવેલ અરજીના સંદર્ભમાં સેનેટે મૂકેલી શરતોના પાલન માટે તા. ૮--૪--૧૯૭૧ના રોજ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને લખવામાં આવ્યું હતું.

ઉત્તર ૧ : (ઘ) એલ. ડી. આર્ટ્સ કૉલેજે જૂન ૧૯૭૨થી ચાલુ જોડાણ માટે કરેલી અરજીના સંદર્ભમાં સેનેટે મૂકેલી પ્રૉવિડંટ ફંડ અંગેની શરતના પાલનનો આગ્રહ રાખવામાં આવ્યો છે અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારનું ભલામણ કરવામાં આવી નથી.

એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટે જૂન ૧૯૭૧થી આંકડાશાસ્ત્રના વિષયમાં કાયમી જોડાણ માટે કરેલી અરજીના સંદર્ભમાં સેનેટે આ અંગે મૂકેલી શરતના અનુસંધાનમાં પરિપાલનના અહેવાલમાં નીચે મુજબ જણાવ્યું હતું :

"યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉ. ફંડનો લાભ આપવામાં આવે છે."

ઉત્તર ૧ : (ચ) એલ. ડી. આર્ટ્સ કૉલેજનું આંકડાશાસ્ત્રના વિષયનું ચાલુ જોડાણ અટકાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨ : કૉલેજોમાં નિયુક્ત થતા કાર્યકારી (ઑફિશિયેટિંગ) આચાર્યો અને અધ્યાપકો વિશે નીચે પ્રમાણેની માહિતી આપશો :

પ્રશ્ન ૨ : (ક) (૧) છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કઈ કઈ કૉલેજોમાં, કયા આચાર્યો અને અધ્યાપકોએ કેટલા સમયગાળા દરમિયાન, કાર્યકારી આચાર્ય કે અધ્યાપક તરીકે સેવાઓ આપી ? અને (૨) તે દરમિયાન તેઓને માસિક બેઝિક પગાર વત્તા મોંઘવારી વત્તા ઘરભાડા ભથ્થું વત્તા અન્ય ભથ્થાં શું આપવામાં આવ્યાં ?

પ્રશ્ન ૨ : (ખ) (૧) કાર્યકારી આચાર્યને વેતન, ભથ્થાં વગેરે ચૂકવવા યુનિવર્સિટીએ કોઈ નિયમ કર્યો છે ખરો ? (૨) જો નિયમ કર્યો હોય તો તે નિયમ જણાવશો ? (૩) એ નિયમ કઈ તારીખે થયો તે પણ જણાવશો ? (૪) ઉપર પ્રશ્ન (ક)માં મળેલી માહિતી પ્રમાણે કૉલેજોએ જે તે આચાર્યોને ચૂકવેલા/ પગાર યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે છે કે કેમ ? (૫) એમાંથી કઈ કૉલેજોએ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે આચાર્યોને પગાર ચૂકવ્યા નથી ?

પ્રશ્ન ૨ : (ગ) (૧) અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની બે કૉલેજો : (૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને (૨) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં અનુક્રમે શ્રી. વી. એન. જોશી અને શ્રી. ક્ષત્રિયે કેટલો સમય કાર્યકારી આચાર્ય તરીકે સેવાઓ આપી? (૨) તેઓને તે દરમિયાન કેટલો બેઝિક પગાર (માસિક) તથા ભથ્થાં ચૂકવવામાં આવ્યાં? (૩) તેઓને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કેટલો બેઝિક પગાર વત્તા ભથ્થાં ચૂકવવાં જોઈએ? (૪) તેઓ આચાર્ય તરીકેનો હોદ્દો ભોગવતા ત્યારે હોદ્દાની રૂએ તેઓ સંચાલકમંડળના સભ્ય તરીકે સર્વે સભ્યોની જેમ બધા હક્કો ભોગવતા હતા કે કેમ? (૫) આ અંગે યુનિવર્સિટીએ જો કંઈ પત્રવ્યવહાર કૉલેજ સાથે કર્યો હોય અને કૉલેજે તે અંગે કોઈ ખુલાસો કર્યો હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૨ : (ક) (૧) અને (૨) કૉલેજો તરફથી ઉપલબ્ધ થયેલી માહિતી **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.

ઉત્તર ૨ : (ખ) (૧) હા જી. નીચે ઉત્તર (ખ) (૨) અને (૩)માં દર્શાવ્યા પૂરતો જ, નિયમ થયેલ છે.

(૨) અને (૩) સદરહુ નિયમ નીચે મુજબ છે :

"A member of the staff appointed temporarily on the post of a Principal, should be given **Principal's scale and other benefits** if he officiates for more than a year."

(૩) આ નિયમ સિન્ડિકેટના તા. ૧૧/૧૨–૭–૧૯૭૦ની સભામાં ઘડાયેલ છે.

(૪) અને (૫) માહિતી ઉપલબ્ધ થયેથી ચકાસીશું.

ઉત્તર ૨ : (ગ) (૧) : શ્રી. વી. એન. જોશીએ એલ. ડી. આર્ટ્સ કૉલેજના કાર્યકારી આચાર્યપદે તા. ૨૭–૪–૧૯૬૮થી તા. ૩–૫–૧૯૭૨ સુધી સેવાઓ આપી, જ્યારે ડૉ. કે. સી. ક્ષત્રિયે એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના કાર્યકારી આચાર્યપદે તા. ૧૬–૬–૧૯૬૯થી તા. ૩૦–૪–૧૯૭૨ સુધી સેવાઓ આપી.

(૨) : નીચે દર્શાવ્યા પ્રમાણે પગાર તથા ભથ્થાંઓ તેમને આપવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	નામ	મૂળ પગાર	મોંઘવારી ભથ્થું	ઘરભાડા ભથ્થું	અન્ય ભથ્થાં
		₹.	₹.	₹.	₹.
(૧)	શ્રી. વી. એન. જોશી	૮૦૦/–	૨૩૫/–	૪૦/–	૧૦૦/– Offg. Prin. Allowance
(૨)	ડૉ. કે. સી. ક્ષત્રિય ૧૯૬૯–૭૦	...૫૬૦/–	૨૦૫/–	પગારના ૫ ટકા	૧૦૦/– પર્સનલ પે
	૧૯૭૦–૭૧	...૬૮૦/–	૨૦૫/–	,,	,,
	૧૯૭૧–૭૨	...૭૨૦/–	૨૨૦/–	,,	,,

(૩) : પ્રશ્ન (ખ) (૨) અને (૩)નો ઉત્તર જોવા વિનંતી છે.

(૪) અને (૫)

(૧) જૂન ૧૯૭૧થી ચાલુ જોડાણ માટે તેના તા. ૫--૪--૧૯૭૨ના પત્રાંક સિં. ૨૧--૧--૦૩૨૪ થી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટે કરેલી અરજીના અનુસંધાનમાં આચાર્ય પોતે સભ્ય તરીકે બધા હક્કો ધરાવતા હોવાનું તેમના તા. ૬--૭--૧૯૭૧ના પત્રથી જણાવ્યું છે, જ્યારે (૨) એલ. ડી. આર્ટ્સ કૉલેજને પુછાવતાં આચાર્યશ્રીએ તેમના તા. ૩૧--૮--૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"પ્રિન્સિપાલ હોદ્દાની રૂએ એક્સ-ઑફિસિયો ગવર્નિંગ બોડીના સભ્ય હોય છે. દરેક મીટિંગમાં તેમણે હાજર રહેવાનું હોય છે."

ઉપરોકત વિધાનના સંદર્ભમાં નીચેની બાબતમાં સ્પષ્ટ અનુમોદન માગવામાં આવ્યું છે :

"આચાર્યના હોદ્દાની રૂએ કૉલેજના સંચાલકમંડળ (ગવર્નિંગ બોડી)ના તેઓ સભ્ય છે અને તેનાથી મળતા તમામ અધિકારો (મત આપવાનો અધિકાર તથા સભાના કોરમ માટે આચાર્યની હાજરીની ગણતરી ઈત્યાદિ સહિત) તેમને મળેલ છે."

પ્રશ્ન ૩ : કૉલેજોમાં એક અથવા બીજાં બહાનાં હેઠળ વિષયો બંધ કરવા અંગેની કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળ્યું છે તો તે બાબતમાં નીચે પ્રમાણેની માહિતી આપવા વિનંતી :

પ્રશ્ન ૩ : (ક) કૉલેજોએ વિષયો બંધ કરવા આજ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરી હોય તો તે સંબંધી નીચે પ્રમાણેની માહિતી આપશો :

(૧) કઈ કઈ કૉલેજોએ કયા કયા વિષયો, કઈ કઈ કક્ષાઓ કયા વર્ષથી બંધ કરવાનું યુનિવર્સિટીને જણાવ્યું છે?

(૨) કૉલેજોએ તે અંગે યુનિવર્સિટીને કયારે જાણ કરી? યુનિવર્સિટીએ તે અંગે આજ સુધી જો કંઈ કાર્યવાહી કરી હોય તો તેની માહિતી આપશો.

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે કૉલેજે અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને પૂરતા સમયની નોટિસ આપીને વિષયો બંધ કરવાની જાણ યુનિવર્સિટીને કરી છે ખરી?

(૪) વિષયો બંધ કરવા અંગે કૉલેજે આપેલાં કારણોના વાજબીપણાની તપાસ યુનિવર્સિટીએ કરી છે ખરી?

પ્રશ્ન ૩ : (ખ) (૧) શિક્ષણના હિતમાં નહિ પરંતુ ગમાઅણગમા જેવાં વ્યકિતલક્ષી કારણોને ધ્યાનમાં લઈને; વિષયમાં વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો ન થયો હોવા છતાં અથવા તો વિદ્યાર્થી સંખ્યા ઓછી હોય તેવા વિષયો ચાલુ રાખીને અમુક જ વિષયો બંધ કરવાના મનસ્વી નિર્ણયો કૉલેજોનાં સંચાલકમંડળોએ લીધા હોય તેવી કોઈ ફરિયાદો અધ્યાપકો, વિદ્યાર્થીઓ કે અધ્યાપકમંડળે યુનિવર્સિટીને કરી છે ખરી?

(૨) આવી ફરિયાદ કઈ કૉલેજો અંગે કયા વિષયોની બાબતમાં યુનિવર્સિટીને મળી છે?

પ્રશ્ન ૩ : (ગ) યુનિવર્સિટીને જાણ લગ્ન સુધીમાં કરી ન હોય છતાં કૉલેજે વિષયો બંધ કરવાની કાર્યવાહી કૉલેજ કક્ષાએ શરૂ કરી હોય તો તે સંબંધી જે તે કૉલેજોને પુછાવીને માહિતી આપશો.

પ્રશ્ન ૩ : (ઘ) (૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજમાં શ્રી. વી. પી. ત્રિવેદીને કાર્યકારી આચાર્ય તરીકે નિયુકત કર્યા છે એવી કોઈ જાણ કૉલેજે યુનિવર્સિટીને કરી છે ખરી ?

(૨) જો કરી હોય તો કયારે કરી ?

(૩) કૉલેજમાં આજે પણ તેઓ કાર્યકારી આચાર્યનો હોદ્દો ભોગવે છે કે પૂરા સમયના આચાર્યનો હોદ્દો ભોગવે છે ?

(૪) શ્રી. વી. પી. ત્રિવેદી આ કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે કેટલા સમયથી સેવાઓ આપી રહ્યા છે ?

(૫) કાર્યકારી આચાર્ય તરીકે વધુમાં વધુ કેટલો સમય રહી શકે તે અંગે યુનિવર્સિટીએ કોઈ નિયમો ઘડયા છે ખરા ?

(૬) શ્રી. વી. પી. ત્રિવેદીને તેમના કાર્યકારી આચાર્ય તરીકેના હોદ્દા દરમિયાન માસિક કેટલો બેઝિક પગાર વત્તા મધ્યાં ચૂકવાયાં ?

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે તેમને પગાર ચૂકવાયો છે ખરો ?

(૮) આ અંગે કોઈ ફરિયાદ શ્રી. વી. પી. ત્રિવેદીએ કૉલેજને કે યુનિવર્સિટીને કરી છે ખરી ?

(૯) જો કરી હોય તો યુનિવર્સિટીએ શું પગલાં લીધાં ?

(૧૦) શ્રી. વી. પી. ત્રિવેદી આચાર્યના હોદ્દાની રૂએ સંચાલકમંડળના સભ્ય તરીકેના સર્વ હક્કો ભોગવે છે ખરા ?

ઉત્તર ૩ : (ક) (૧), (૨) અને ૩ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૮"** માં દર્શાવવામાં આવી છે,

ઉત્તર ૩ : (ક) (૪) : જે તે વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા અંગેના ઑર્ડિ. ૧૨૦-એફમા તમ કરવા માટે કોઈ કારણ દર્શાવવાની જોગવાઈ નથી, એ સ્પષ્ટતા સાથે ઉમેરવાનું કે **પરિશિષ્ટ "૮"**માં દર્શાવિલી કૉલેજોએ અમુક વિષય / વિષયોનું શિક્ષણ કાર્ય બંધ કરવા માટે યુનિવર્સિટીની પરવાનગી માંગી છે તે બાબતમાં સિન્ડિકેટે તપાસ કરવા માટે એક સમિતિ નીમી છે.

ઉત્તર ૩ : (ખ) (૧) અને (૨) : ગમા-અણગમા અને વ્યકિતલક્ષી કારણોના ગુણદોષની વિગતોમાં ઊતર્યા સિવાય માહિતીરૂપે જણાવવાનું કે ઉપરની કૉલેજોમાં અમુક વિષય/વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવાની કૉલેજોની માંગણી અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ તરફથી ફરિયાદો આવેલી છે.

ઉત્તર ૩ : (ગ) યુનિવર્સિટીને જાણ કર્યા સિવાય કોઈ કૉલેજે વિષયો બંધ કરવાની કાર્યવાહી કૉલેજ-કક્ષાએ શરૂ કરી હોવાનું આ કાર્યાલયની જાણમાં નથી.

ઉત્તર ૩ : (ઘ) (૧) હા, જી.

(૨) તા. ૬--૯--'૭૧ના પત્રથી

(૩) કાર્યકારી આચાર્યનો.

(૪) તા. ૧૬--૩–'૭૧થી ચાલુ છે.

(૫) ના, જી.

(૬) ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે આચાર્ય વી. પી. ત્રિવેદીને પ્રાધ્યાપકના રૂ. ૪૦૦–૩૦–૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૬૧૦+૨૨૦ (બાંધવારી ભથ્થું)+રૂ. ૩૦–૫૦ પૈસા ઘરભાડા ભથ્થું તથા રૂ. ૧૦૦ અંગત પગાર (પર્સનલ પે) તરીકે ચૂકવવામાં આવે છે.

(૭) જી, ના.

(૮) હા, જી. શ્રી. વી. પી. ત્રિવેદીએ તા. ૮--૯--'૭૨ના રોજ અમદાવાદ કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટીને આ અંગે અરજી કરી છે. તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને પણ મળેલી છે.

(૯) સદરહુ પત્ર પર તે મંડળના મેનેજિંગ ટ્રસ્ટીનું વકતવ્ય માગવામાં આવ્યું છે.

(૧૦) હા, જી.

પ્રશ્ન ૪: (ક) તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ અને ૮--૧--૧૯૭૨ની સેનેટ સભાની કાર્યવાહીની બાબત નં. ૫૬થી ગ્રંથપાલોના પગારો સુધારવા સંબંધી સર્વાનુમતે પસાર થયેલા ઠરાવનો પાઠ આપો.

પ્રશ્ન ૪: (ખ) (૧) આચાર્યશ્રી યશવંતભાઈ શુકલે સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોનાં પગારધોરણો સુધારવા અંગે યુનિવર્સિટીને પત્ર લખ્યો હતો ખરો?

(૨) જો લખ્યો હોય તો તે પત્રની વિગતો આપશો.

પ્રશ્ન ૪: (ગ) ઉપર્યુકત પ્રશ્ન (ક)નાં બાબતમાં સેનેટના ઠરાવનો પાઠ યુનિવર્સિટીએ સરકારને મોકલી આપ્યા સિવાય ગ્રંથપાલના પગાર સંબંધી બીજી કોઈ કાર્યવાહી સરકાર સાથે કરી છે ખરી?

પ્રશ્ન ૪: (ઘ) (૧) ઉપર્યુકત પ્રશ્ન (ખ) પ્રમાણે લખેલા પત્ર પર યુનિવર્સિટીએ કોઈ વિચારણા કરી છે ખરી?

(૨) જો કરી હોય તો તેમાં સૂચિત પગારધોરણોનો યુનિવર્સિટીએ સ્વીકાર કર્યો છે કે કેમ?

(૩) જો સ્વીકાર ન થયો હોય તો તે કયાં કારણોને આધારે ગ્રંથપાલોનાં પગારધોરણો સ્વીકારવામાં આવ્યાં નથી?

પ્રશ્ન ૪: (ચ) કેન્દ્ર સરકારે એક જ પરિપત્રથી કૉલેજોના ફિઝિકલ ઈન્સ્ટ્રકટર તથા ગ્રંથપાલોનાં પગારધોરણો સ્વીકાર્યાં છે અને તેનો અમલ કરવાનું રાજય સરકારને જણાવ્યું છે તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૪: (છ) (૧) આ પરિપત્રને લક્ષમાં રાખીને ગુજરાત સરકારે ફિઝિકલ ઈન્સ્ટ્રકટરનાં યુ.જી.સી. સૂચિત પગારધોરણો સ્વીકાર્યાં ન હતાં છતાં ગુજરાત યુનિવર્સિટીએ તેઓ માટે રૂ. ૨૫૦--૧૫--૪૦૦નાં પગારધોરણો સ્વીકાર્યાં હતાં તે હકીકત સાચી છે?

(૨) તે પછી ગુજરાત સરકારે ફિઝિકલ ઈન્સ્ટ્રકટર્સનાં યુ.જી.સી. સૂચિત પગારધોરણો તા. ૧--૪--૧૯૬૬થી અમલી બને તે રીતે સ્વીકાર્યા પછી ગુજરાત યુનિવર્સિટીએ પણ તેને અપનાવ્યાં તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૪ : (જ) (૧) ઉપરના પ્રશ્ન (છ)ની હકીકતને ધ્યાનમાં લઈને ગ્રંથપાલો માટેનાં પગાર-ધોરણોને યુનિવર્સિટી અમલી બનાવે અને તે પછી તે ગ્રાન્ટને પાત્ર બને તેવી સક્રિય કાર્યવાહી ગુજરાત સરકાર સાથે હાથ ધરે એમ કરી શકાય ખરું?

(૨) ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર્સને માટે તેમ થઈ શકયું હોય તો પછી કૉલેજોના ગ્રંથપાલો માટે પણ તેમ થઈ શકે કે કેમ?

પ્રશ્ન ૪ : (ઝ) (૧) કૉલેજોના બધા જ શિક્ષકોને યુ.જી.સી. સૂચિત પગારધોરણોનો લાભ મળવાનો શરૂ થયો હોય ત્યારે અને યુ.જી.સી. તથા કેન્દ્ર સરકારે ગ્રંથપાલોનો પણ તે સ્કીમમાં સમાવેશ કર્યો હોય તો પછી એવા દરેક કૉલેજના એક માત્ર ગ્રંથપાલને તે પગારધોરણોથી વંચિત રાખવામાં આવે તે કેટલે અંશે યોગ્ય છે?

(૨) યુનિવર્સિટી આ અંગે હવે કોઈ સક્રિય પગલાં લેવાનું વિચારવા માગે છે કે કેમ?

ઉત્તર ૪ : (ક) સદરહુ ઠરાવના પાઠ નીચે પ્રમાણે છે :

"તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો."

ઉત્તર ૪ : (ખ) (૧) હા, જી.

(૨) સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.

ઉત્તર ૪ : (ગ) હા, જી. આ અંગે સેનેટનો ઠરાવ તથા તે પરત્વે કરેલ સિન્ડિકેટનો ઠરાવ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો. તે ઉપરાંત ભારત સરકારે સૂચવેલા પ્રમાણોના ગ્રંથપાલોના પગારધોરણ અંગે રાજ્ય સરકારને તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાયને પાત્ર ગણવા લખાણ કરવામાં આવ્યું છે.

ઉત્તર ૪ : (ઘ) (૧) હા, જી. સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકોનાં પગારધોરણને અનુલક્ષીને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ગ્રંથપાલોને રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના પગારધોરણનો લાભ આપવા અંગેનો આચાર્ય ચ. પ્રા. શુકલનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભામાં મૂકવામાં આવ્યો હતો તથા સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ તેમ તે સભામાં ઠરાવવામાં આવ્યું છે.

(૨) ના, જી.

(૩) સિન્ડિકેટના ઠરાવમાં કોઈ કારણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે રાજ્ય સરકારે કૉલેજોના ગ્રંથપાલો માટેનું નવું પગારધોરણ સ્વીકારવું નહિ એમ તેમના તા. ૩ જૂન ૧૯૭૨ના પત્રથી જણાવ્યું છે.

ઉત્તર ૪ : (ચ) હા, જી.

ઉત્તર ૪ : (છ) (૧) હા, જી.

(૨) હા, જી.

ઉત્તર ૪ : (જ) (૧) અને (૨) : રાજ્ય સરકારે આ નવાં પગારધોરણનો અસ્વીકાર કર્યા પછી તે પગારધોરણ ગ્રાન્ટને પાત્ર બને એમ કહી શકાય નહિ.

ઉત્તર ૪ : (ઝ) (૧) 'યોગ્યાયોગ્યતા' એ અભિપ્રાયનો પ્રશ્ન છે,

(૨) તેવો કોઈ પ્રસ્તાવ હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧ : આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર અંગે નીચેની માહિતી આપવા વિનંતી છે :

પ્રશ્ન ૫ : (ક) યુનિવર્સિટીએ કૉલેજને જાણ કર્યા પછી પ્રો. એમ. એમ. શેખને કૉલેજે વળતરની રકમ ચૂકવી આપી છે કે કેમ ?

પ્રશ્ન ૫ : (ખ) (૧) પ્રો. શેખને વળતર ચૂકવવા યુનિવર્સિટીએ કૉલેજને ક્યારે જાણ કરી ?
(૨) કૉલેજે વળતરની રકમ ચૂકવી ન હોય તો કૉલેજનો કોઈ ખુલાસો તે અંગે યુનિવર્સિટીને આજ સુધીમાં પત્રથી કે રૂબરૂ મુલાકાતથી થયો છે ખરો ?

પ્રશ્ન ૫ : (ગ) (૧) કૉલેજે વળતર ચૂકવ્યા અંગે યુનિવર્સિટીને કંઈ પણ માહિતી ન મોકલી હોય તો યુનિવર્સિટીએ તે માટે કૉલેજને ફરી યાદ કરાવતો પત્ર લખ્યો છે ખરો ?
(૨) જો લખ્યો હોય તો કઈ તારીખે ?
(૩) અને તેનો કૉલેજે કોઈ જવાબ પાઠવ્યો હોય તો તે અંગે માહિતી આપશો.
(૪) કૉલેજે મે, ૧૯૭૨માં આ અંગે યુનિવર્સિટીને પત્ર લખ્યો છે તે પત્ર યુનિવર્સિટીને મળ્યો છે ખરો ?

પ્રશ્ન ૫ : (ઘ) તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સેનેટ સભાની કાર્યવાહી બાબત નં. ૨--અ : પ્રશ્નોત્તરીમાં શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૧ (ઘ)ના જવાબમાં મળેલી માહિતીના અનુસંધાનમાં નીચેની માહિતી આપશો :
(૧) ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. ચિતાનંદ પાસે કૉલેજે ઘરભાડું લીધું હતું તે અંગે યુનિવર્સિટી સાથે થયેલા કૉલેજના પત્રવ્યવહારમાંથી જે માહિતી પ્રાપ્ત થઈ તેને આધારે શ્રી. ચિતાનંદને કૉલેજે કેટલી રકમ ચૂકવવાની થાય છે ?
(૨) આ અંગે યુનિવર્સિટીએ કોઈ નિર્ણય લઈને શ્રી. ચિતાનંદની લેણી રકમ ચૂકવવા કૉલેજને જણાવ્યું છે ખરું ?
(૩) શ્રી. ચિતાનંદે યુનિવર્સિટીને આ પ્રશ્ન અંગે ફરી કઈ કઈ તારીખે યાદ કરાવતા પત્રો લખ્યા છે ?
(૪) યુનિવર્સિટીને આ પ્રશ્નમાં હવે પછી કંઈ કરવાપણું લાગે છે ખરું ?
(૫) શ્રી. ચિતાનંદને કેટલી રકમ ચૂકવવાની થાય છે તે અંગે કોઈ નિર્ણય યુનિવર્સિટીએ આજ સુધીમાં લીધો છે ખરો ?

ઉત્તર ૫ : (ક) ના, જી.

ઉત્તર ૫ : (ખ) (૧) તા. ૧૭-૨-'૭૨ના પત્રથી.
(૨) ના, જી.

ઉત્તર ૫ : (ગ) (૧) હા, જી.
(૨) તા. ૨૯-૩-'૭૨, તા. ૩૧-૮-'૭૨ તથા તા. ૧૩-૯-'૭૨ના રોજ.
(૩) કૉલેજે તેના તા. ૫-૯-'૭૨ના પત્રથી, તેના તા. ૧૦-૫-'૭૨ના પત્રથી જણાવેલ મંતવ્યની નોંધ લેવા જણાવ્યું છે; પરંતુ તા. ૧૦-૫-'૭૨નો પત્ર યુનિવર્સિટી કાર્યાલયને મળ્યો જણાતો નથી.
(૪) ના, જી.

ઉત્તર ૫ : (ધ) (૧) ઉભય પક્ષે જે રજૂઆત કરી છે તે જોતાં હજુ સુધી ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ચિતાનંદને મળવાપાત્ર કુલ ઘરભાડાની રકમ નક્કી થઈ શકી નથી.

(૨) ના, જી.

(૩) તા. ૧૮—૭—'૭૧ અને તા. ૫—૪—'૭૨.

(૪) રાદરહુ બાબત વિચારણા હેઠળ છે.

(૫) ના, જી.

[૯] **પ્રા. એસ. બી. વોરાએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : યુનિવર્સિટી જુદા જુદા વિષયોમાં સમર સ્કૂલ યોજે છે તેમાં મહેનતાણાનું ધોરણ કયું રાખે છે ?

જવાબ ૧ : આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઘડેલાં ધારાધોરણોને આધીન, જે તે વ્યકિતને સોંપવામાં આવેલ ફરજને અનુલક્ષીને જે તે ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવું વધારાનું કામ કરવા માટેનો પુરસ્કાર ચૂકવવા અંગેની ભલામણ આવે છે તે પરથી સિન્ડિકેટ નિર્ણય કરે છે.

વધુમાં, વર્ષ દરમિયાન આવા વધારાનો પુરસ્કાર જે ચૂકવવાનો થાય તે રકમ જે તે વ્યકિતના જે તે વર્ષના વાર્ષિક મૂળ પગારના ૩૦ ટકાથી વધે નહીં એ ધોરણ યુનિવર્સિટીએ સામાન્ય રીતે સ્વીકારેલું છે.

પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

મહેનતાણું શા માટે સરખે હિસ્સે ન વહેંચાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : પોતાનો અભિપ્રાય ગમે તે હોઈ શકે.

શ્રી. એન. એમ. પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

ચુકવણીના કોઈ કાઈટેરિયા છે ? દરેક વખતે જુદી જુદી રીતે મહેનતાણું વહેંચાય છે.

કુલપતિશ્રીનો ઉત્તર : ભવનોમાં કામ કરતા અધ્યાપકોનો આવા પ્રકારના પુરસ્કારની કુલ રકમ તેમના વાર્ષિક મૂળ પગારના ૩૦ ટકાથી વધે નહીં તેવો યુનિવર્સિટીએ નિયમ કરેલ છે. કોઈક વખત સિન્ડિકેટને જરૂર લાગે તો પૃચ્છા પણ કરે છે.

શ્રી. એન. એમ. પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછયો :

એક જ કક્ષાએ હોય તેમ છતાં મહેનતાણું જુદું જુદું કેમ આપવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ કામનો પ્રકાર તદ્દન જુદો છે, તેનું ચોક્કસ માપ ન કાઢી શકાય.

પ્રશ્ન ૨ : પરીક્ષાની બાબતમાં કરવામાં આવે છે તેમ સરખે હિસ્સે મહેનતાણું વહેંચી ન શકાય ?

જવાબ ૨ : કામનો પ્રકાર, કામનો સમય અને સભ્યની કક્ષા તથા પાત્રતા પર આ વધારાના પુરસ્કારનો આધાર રહે છે એમ સામાન્ય રીતે કહી શકાય.

પ્રશ્ન ૩ : જૂન ૧૯૭૩થી સવારની કૉલેજો સમગ્ર યુનિવર્સિટીમાં બંધ થશે કે માત્ર અમદાવાદમાં જ ?

ઉત્તર ૩ : તે અંગેનો ઠરાવ નીચે મુજબ છે :

"વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં જૂન, ૧૯૭૩થી કૉલેજોનું શિક્ષણકામ સવારે ચલાવવાનું બંધ કરવું અને તે કૉલેજોને પોતાનાં કામકાજનો સમય સવારે ૧૦–૦૦થી સાંજે ૫–૩૦ની વચ્ચે રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

તે પર વિગતવાર યોજના ઘડવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬--૬--'૭૨ની સભામાં એક સમિતિની નિમણૂક કરી છે :

"અમદાવાદ શહેર વિસ્તાર કે ગ્રામ વિસ્તારમાં નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના નિયમોનું સંપૂર્ણ પાલન થાય તે રીતે યુનિવર્સિટીએ પોતે જ જરૂરિયાત પ્રમાણે સવારની કૉલેજો ચલાવવી, અને તે માટે જરૂર પડે તે પ્રમાણમાં કૉલેજોના શિક્ષકોની સેવાઓ ઉછીની (લોન સર્વિસીઝ) લેવાનું રાખવું."

પ્રશ્ન ૪ : (ક) જો સવારની કૉલેજ બંધ થાય તો અમુક કૉલેજો તદ્દન બંધ થઈ જશે ?

પ્રશ્ન ૪ : (ખ) આવી કેટલી કૉલેજો અમદાવાદમાં અને ગ્રામ વિસ્તારોમાં બંધ થવાની સંભાવના છે ?

પ્રશ્ન ૪ : (ગ) એમ હોય, તો યાદી આપવા વિનંતી.

ઉત્તર ૪ : (ક) આ તબક્કે આ કાર્યાલય આ પ્રશ્નનો ઉત્તર આપી શકે નહીં.

ઉત્તર ૪ : (ખ) ઉપર મુજબ.

ઉત્તર ૪ : (ગ) ઉપર પ્રશ્ન નં. ૪ (ક) અને ૪ (ખ)ના ઉત્તરો જોતાં આ પ્રશ્નનો ઉત્તર આપવાપણું રહેતું નથી.

પ્રશ્ન ૫ : સવારની કૉલેજ બંધ થવા સામે કેટલીક કૉલેજો આંદોલન કરવાની છે ?

ઉત્તર ૫ : એક પણ કૉલેજે તેવી મનોકામના પ્રગટ કરી નથી.

[૧૦] પ્રા. એસ. બી. વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.— પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) (૧) યુનિવર્સિટીએ વિજિલન્સ કમિટીની નિમણૂક કયારે કરી ?

(૨) અત્યાર સુધીમાં આ કમિટીએ જો કંઈ કાર્યવાહી હાથ ધરી હોય તો તેની માહિતી આપશો.

(૩) જે કૉલેજોએ યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે સંબંધી કોઈ કામ યુનિવર્સિટીએ આ કમિટીને સોંપ્યું છે ખરું ?

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણનું પાલન ન થયું હોય તેવી જે જે ફરિયાદો કે બાબતો હાલ યુનિવર્સિટીની કાર્યવાહીમાં હોય તે કામમાં મદદરૂપ થવા આ વિજિલન્સ કમિટીને કાર્યસોંપણી કરવાનું યુનિવર્સિટી વિચારે છે કે કેમ ?

(૫) આવું ઠગલાબંધ કામ યુનિવર્સિટીમાં પડેલું હોવા છતાં તે અંગે નિયુક્ત કરેલી વિજિલન્સ કમિટીને આજ સુધી સક્રિય બનાવાઈ ન હોય તો પછી તે સમિતિ નીમવાનું કોઈ પ્રયોજન રહે છે ખરું ?

ઉત્તર ૧ : (ક) (૧) સિન્ડિકેટે તેની તા. ૫/૬–૨–૧૯૭૨ની સભામાં તકેદારી સમિતિની નિમણૂક કરી.

(૨) આ સમિતિએ ખંભાતની કૉલેજોની મુલાકાત લીધી છે.

(૩) ઉપર ઉત્તર ક(૨)માં જણાવ્યા સિવાયનું કોઈ કામ તકેદારી સમિતિને સોંપવામાં આવ્યું નથી.

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણોના ઉલ્લંઘનના સંદર્ભમાં તકેદારી સમિતિની કક્ષાએ તે અંગે વધુ તપાસ કરવાની જરૂર જણાય તો તેમ કરવામાં આવશે.

(૫) ઉપર પ્રશ્ન ક(૩)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) (૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે સરકારે જાહેર કરેલા અને યુનિવર્સિટીએ સ્વીકારેલા છેવટના મોંઘવારી ભથ્થાના દર કયા છે ?

(૨) યુનિવર્સિટીએ કઈ તારીખે આ દર સ્વીકાર્યા અને કૉલેજોને કઈ તારીખે તેનો અમલ કરવા જણાવ્યું ?

(ખ) (૧) યુનિવર્સિટીએ અમલી બનાવેલ છેવટના મોંઘવારી ભથ્થાના દરનો આજ સુધીમાં કઈ કઈ કૉલેજોએ અમલ કર્યો નથી ?

(૨) અમલ ન કરવા બદલ કૉલેજોએ ખુલાસો માગ્યો હોય કે કારણ દર્શાવ્યું હોય તો તેની માહિતી આપશો.

(ગ) (૧) અમદાવાદની કૉલેજોનાં સંચાલકમંડળોએ સ્થાપેલી "ધી સોસાયટી ઑફ હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ"ના પ્રમુખશ્રીએ સદરહુ સોસાયટીની તા. ૧૩–૩–૧૯૭૨ની સભામાં પસાર થયેલો ઠરાવ યુનિવર્સિટીને મોકલ્યો છે ખરો ?

(૨) મોકલ્યો હોય તો તે ઠરાવનો પાઠ જણાવશો.

(૩) એ ઠરાવ પર યુનિવર્સિટી સિન્ડિકેટે જો કોઈ નિર્ણય લીધો હોય તો તેની માહિતી આપશો.

(ઘ) ગુજરાત યુનિવર્સિટીની અમદાવાદ બહારની સંલગ્ન કૉલેજોનાં સંચાલકમંડળોના "મંડળે" યુનિવર્સિટીના નિયમોના પાલન ન કરવા અંગે કોઈ ઠરાવ કર્યો હોય અને યુનિવર્સિટીને તેની જાણ કરી હોય તો તે ઠરાવની માહિતી આપશો.

(ચ) (૧) યુનિવર્સિટી ભવનોના શિક્ષકોને હાલ કયા દર પ્રમાણે મોંઘવારી ભથ્થાં અને અન્ય ભથ્થાં ચૂકવાય છે ?

(૨) તેઓને મર્જ્ડ ડી. એ. કે અનમર્જ્ડ ડી. એ. ચૂકવાય છે ?

(૩) જો મર્જ્ડ ડી. એ. ચૂકવાતું હોય તો સંલગ્ન કૉલેજોના શિક્ષકોને જે સિદ્ધાંતથી ડી. એ.ની અમુક રકમ બેઝિક પગારમાં ભેળવીને મર્જ્ડ ડી. એ. ચૂકવાય છે, તે જ સિદ્ધાંતથી ભવનોના શિક્ષકોને ચૂકવાય છે કે તેઓ માટે કોઈ બીજો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે ?

(૪) આથી ભવનોના શિક્ષકોને સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સરખામણીએ નુકસાન થાય છે એ ખરું ?

(છ) (૧) સેનેટ, સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલની છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન થયેલી સભાઓની કાર્યવાહીની નોંધ તપાસતાં જણાય છે કે મોટી સંખ્યામાં કૉલેજો યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરતી રહી છે, તો આવી કૉલેજો સામે કોઈ કડક પગલાં ભરવાનું યુનિવર્સિટી વિચારે છે કે કેમ?

(૨) સિન્ડિકેટની હાલની કાર્યવાહીમાં આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ છે?

(૩) આ બાબતમાં ભૂતપૂર્વ આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલે સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલા પ્રસ્તાવનો પાઠ જણાવશો.

(૪) યુનિવર્સિટીએ તે પ્રસ્તાવ પર વિચારણા કરીને કોઈ નિર્ણય લીધો હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૨ : (ક) (૧) સદરહુ મોંઘવારી ભથ્થાના દર અંગે આપેલી માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૧૦"**માં દર્શાવેલ છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૪—૩—૧૯૭૨ની સભામાં ઉપર પરિશિષ્ટમાં જણાવેલ મોંઘવારી ભથ્થાના દર સ્વીકાર્યા તથા તા. ૧—૧—૧૯૭૨થી તેનો અમલ કરવા સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી કાર્યાલયે તા. ૮—૩—૧૯૭૨ના પરિપત્રથી જણાવ્યું.

(ખ) (૧) અને (૨) કૉલેજો તરફથી ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે આ સાથે જોડેલ **પરિશિષ્ટ "૧૧"**માં દર્શાવેલ કૉલેજોએ મોંઘવારી ભથ્થાના છેવટના દરનો અમલ કર્યો નથી તથા તે કૉલેજની સામે તેનો અમલ નહિ કરવા માટેનું કારણ દર્શાવવામાં આવ્યું છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૨ કૉલેજોએ વિગતો મોકલી છે, તો બાકીની કૉલેજોએ એનો અમલ કર્યો છે એમ સમજવું?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ના, એમ સમજવા માટે આપણી પાસે પૂરતો આધાર નથી, પણ કેટલીક કૉલેજોએ જવાબ આપ્યા નથી.

(ગ) (૧) : હા, જી.

(૨) : સદરહુ ઠરાવનો પાઠ નીચે મુજબ છે:

"Resolved that this meeting of the members of the Society of Higher Educational Institutions, views with great concern the policy of the Gujarat University to levy fresh financial burdens on the institutions from time and again without hearing the colleges (which are public trusts) and without showing the ways to meet such burdens. Under the circumstances the managements of the colleges, while desirous of complying with University recommendations feel that it is not possible for them to

implement such recommendations of the Gujarat University unless and until the Univeisity either contribute towards, fresh imposts or allow the institution to raise tuition fees.

(૩) : સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૮/૯—૭—૧૯૭૨ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું :

"(૧) સદરહુ સોસાયટીને જણાવવું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતો અંગે યુનિવર્સિટીના ઠરાવોનું પરિપાલન કરવું એ સંલગ્ન કૉલેજોને માટે આવશ્યક છે અને રહેશે.

(૨) વધુમાં, રાજ્ય સરકારે નીમેલી કૉલેજ ફાઇનાન્સ સમિતિ (ન્યાયમૂર્તિ શેલત સમિતિ) ની ભલામણો પર રાજ્ય સરકારે લીધેલા નિર્ણય તરફ સદરહુ સોસાયટીનું ધ્યાન દોરવું અને વધુમાં જણાવવું કે સિન્ડિકેટ, તે અંગે રાજ્ય સરકાર સમક્ષ, તે અંગે નિમાયેલી સમિતિનો રિપોર્ટ આવ્યેથી, ઘટતી રજૂઆત કરવા વિચારણા કરશે."

(૪) યુનિવર્સિટીના કેટલાક ઠરાવો અંગે તેના અમલની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલકમંડળે તેની તા. ૭—૫—૧૯૭૨ની સભામાં નીચે મુજબ ઠરાવો કર્યા છે :

(૧) કૉલેજોમાં કોઈ વિષય બંધ કરવા માટે કૉલેજોએ યુનિવર્સિટીને ૨૧ માસ પહેલાં ખબર આપવી તેવો નિયમ છે. આ નિયમ અગવડભર્યો છે, કારણ, એટલા સમય પહેલેથી અભ્યાસની પસંદગી માટે વિદ્યાર્થીઓના બદલાતા જતા અભિપ્રાય અને ફાઇનાન્સની પલટાતી જતી પરિસ્થિતિમાં ૨૧ મહિના પહેલાં નિર્ણયો લેવા મુશ્કેલ છે. તેથી કોઈ વિષય બંધ કરવાનો હોય તો તેને એકેડેમિક વર્ષના શરૂ થતાં પહેલાં પાંચ મહિના પહેલાં એટલે કે એકેડેમિક વર્ષના આગલા જાન્યુઆરી માસમાં નોટિસ આપે તો તે પૂરતી ગણાવી જોઈએ. આ ફેરફાર કરવા ગુજરાત યુનિવર્સિટીને વિનંતી કરવી.

(૨) કૉલેજોમાં શિક્ષકોને ગ્રેચ્યુઇટી આપવા માટે જે ઠરાવ થયો છે તે ખર્ચ પી. એફ.ની સ્કીમ ઉપરાંતનું છે. ગ્રેચ્યુઇટી કે પી. એફ. બંનેમાંથી એક સ્કીમ અપનાવવી જોઈએ, અને જો બંનેનો અમલ કરવો હોય તો વધારાના આર્થિક બોજા ઉપર ૧૦૦ ટકા ગ્રાન્ટ સરકારે આપવી જોઈએ. તેથી જ્યાં સુધી સરકારશ્રી તેટલી ગ્રાન્ટ ન આપે ત્યાં સુધી ગ્રેચ્યુઇટીનો ઠરાવ મોકૂફ રાખવો, એ માટે યુનિવર્સિટીને વિનંતી કરવી.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો ઉપર, કોઈ પણ વધુ નિયમ કે જેથી આર્થિક બોજો પડતો હોય તો તેનો અમલ ન હોવો જોઈએ. અને આવા નિયમો સરકારશ્રીની સંમતિથી થવા જોઈએ, કારણ, આખરે ઓછેવત્તો બોજો સરકારશ્રીએ સહન કરવો પડે છે."

(૨) (૧) યુનિ.નાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોને હાલ નીચેના દર પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે :

મૂળ પગાર		મોંઘવારી ભથ્થું
રૂ. ૪૦૦થી	૪૦૯	રૂ. ૧૭૬
રૂ. ૪૧૦થી	૪૪૯	રૂ. ૧૭૫
રૂ. ૪૫૦થી	૪૯૯	રૂ. ૧૭૮
રૂ. ૫૦૦થી	૫૩૧	રૂ. ૬૬૭માં જેટલી રકમ ઓછી પડતી હોય તેટલી રકમ
રૂ. ૫૩૨થી	૧,૦૦૦	રૂ. ૧૪૫
રૂ. ૧,૦૦૦થી	૧,૨૫૦	રૂ. ૧૨૫
રૂ. ૧,૨૫૧થી	૨,૨૫૦	રૂ. ૧૦૦

(*i*) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોને ઘરભાડા ભથ્થું નીચે જણાવેલ દર પ્રમાણે આપવામાં આવે છે :

પગારના ૧૫ ટકા અને વધુમાં વધુ રૂ. ૪૦૦ માસિક.

(**નોંધ.**—ઉપરના દરે ઘરભાડા ભથ્થું મેળવવાને પાત્ર થવા માટે જે કર્મચારીઓ જરૂરી પહોંચ વગેરે આપી શકે નહિ તેઓને મકાનભાડા ભથ્થું પગારના ૧૦ ટકા પ્રમાણે પણ વધુમાં વધુ રૂ. ૨૦૦ પ્રમાણે ચૂકવાય છે.)

(*ii*) લોકલ કૉમ્પેન્સેટરી ભથ્થું નીચેના દર પ્રમાણે આપવામાં આવે છે :

પગારના ૮ ટકા, પણ વધુમાં વધુ માસિક રૂ. ૭૫.

(૨) તેઓને મર્જ્ડ ડી.એ. ચૂકવાય છે. (આ મર્જ્ડ ડી.એ. સરેલા પંચ પ્રમાણેનું નહિ, પરંતુ ઉપર કોઠામાં બતાવ્યા પ્રમાણે ચૂકવાય છે.)

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોનાં પગારધોરણો તા. ૧-૪-'૬૫થી બીજી પંચવર્ષીય યોજના પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સૂચવાયા પ્રમાણે સુધારવામાં આવ્યાં હતાં. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયમોને આધીન અને પગાર સુધારાના ભાગરૂપે તે તારીખે જે મોંઘવારી ભથ્થાંની રકમ ચૂકવવામાં આવતી હતી તે બધી જ રકમ તેમના મૂળ પગારમાં ભેળવીને નવાં પગારધોરણોનો અમલ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી વખતોવખત મોંઘવારી ભથ્થાના દરમાં જે વધારા સરકાર સરકારના ધોરણે મંજૂર કરવામાં આવ્યા તે તેઓને ઉપર જણાવેલ કોઠા પ્રમાણે હાલ ચૂકવવામાં આવે છે. સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોમાં તા. ૧--૪--૧૯૭૧ના રોજ મળતા મોંઘવારી ભથ્થાની રકમમાંથી નીચેના કોઠા પ્રમાણે મોંઘવારી ભથ્થાની રકમ અલાયદી ચૂકવવાનું ચાલુ રાખીને બાકીની રકમ તેમના

પગારધોરણમાં આ અંગે યુનિવર્સિટીએ નક્કી કરેલા નિયમો પ્રમાણે ભેળવવામાં આવેલ છે :

મૂળ પગાર	બાંધવારી ભથ્થું
રૂ.	રૂ.
૧૦૯ સુધી	૯૧
૧૧૦થી ૧૪૯	૧૧૭
૧૫૦થી ૨૦૯	૧૪૦
૨૧૦થી ૩૯૯	૧૬૩
૪૦૦થી ૪૦૯	૧૭૬
૪૧૦થી ૪૪૯	૧૭૫
૪૫૦થી ૪૯૯	૧૭૮
૫૦૦થી ૫૩૧	મૂળ પગાર અને રૂ. ૬૬૭ વચ્ચેના તફાવત જેટલી રકમ
૫૩૨થી ૧,૦૦૦	૧૪૫
૧,૦૦૧થી ૧,૨૬૪	૧૨૫
૧,૨૬૫થી ૨,૨૫૦	૧૦૦

(૪) સંલગ્ન કૉલેજોના શિક્ષકો તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના મૂળ પગારમાં બાંધવારી ભથ્થું ભેળવવા અંગેનાં ધોરણો જુદાં જુદાં હોવાથી તેની સરખામણી થઈ શકે નથી.

(૫) (૧) નિયમોના ભંગ અંગે કોઈ ચોક્કસ કેસ કે કેસો પર તપાસ કરીને યુનિવર્સિટીને જરૂર જણાય ત્યાં યોગ્ય લાગે તે પગલાં લેવામાં આવે છે.

(૨) કોઈ ચોક્કસ કેસ અંગે માહિતી પૂછવામાં આવે તો તે આપી શકાય.

(૩) સદરહુ પ્રસ્તાવનો પાઠ નીચે મુજબ છે :

"યુનિવર્સિટીનાં ધારાધોરણો તેમ જ આદેશોનો અનાદર કરનાર સંસ્થાઓ સામે યોગ્ય પગલાં લેવાની હાલના એક્ટમાં પૂરતી જોગવાઈ છે; માત્ર તેને સ્પષ્ટ કરવાની જરૂર છે. તો ક્યાં પગલાં લઈ શકાય તેની વિચારણા કરવામાં આવે. તેવી જ રીતે કૉલેજોના આચાર્યો ખોટી માહિતી પૂરી પાડે તો તેમની સામે વ્યક્તિગત ધોરણે પણ પગલાં લેવાં જરૂરી છે.

નીચેનાં પગલાં સૂચવી શકાય :

(૧) કૉલેજો અને આચાર્યની સામે તેમનાં કાર્યોની વર્તમાનપત્ર દ્વારા પ્રસિદ્ધિ

(૨) આચાર્યની માન્યતા રદ કરવી

(૩) કૉલેજને પરીક્ષાકેંદ્ર ન આપવું

(૪) યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટ રોકવા યુ.જી.સી.ને ભલામણ

(૫) ગવર્નમેન્ટ તરફથી કૉલેજોને મળતી ગ્રાન્ટ રોકવા અથવા ન આપવા ભલામણ

(૬) પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર કૉલેજમાંથી બંધ કરવું

(૭) યૂથ વેલ્ફેરમાં ભાગ લેતા રોકવા

(૮) યુનિવર્સિટી સ્પોર્ટ્સમાં ભાગ લેતા રોકવા

(૯) કૉન્ફરન્સ કે કમિટીમાં સભ્ય તરીકે ગેરલાયકાત

(૧૦) એન.એસ.એસ. સ્કીમ બંધ કરી દેવી

(૧૧) યુનિવર્સિટી તરફથી મળતી બીજી સવલતો બંધ કરી શકાય. "

(૪) સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવામાં આવેલો.

કેટલીક કૉલેજોએ અપૂરતી માહિતી યુનિવર્સિટી કાર્યાલયમાં મોકલી હતી તે બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવી હતી. તે બાબતની સાથે સદરહુ પ્રસ્તાવની વિચારણા સિન્ડિકેટે તેની તા. ૮/૯--૭--૧૯૭૨ની સભામાં કરી હતી અને તે કૉલેજોને ઠપકો આપવા તથા ભવિષ્યમાં કાળજી રાખવા ઠરાવ્યું હતું.

[૧૧] **પ્રા. બબાભાઈ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) કઈ કૉલેજોએ તેના અધ્યાપકોને છેલ્લા બાર મહિનામાં પ્રત્યેક મહિનાની તા. ૧૫ પછી પગાર ચૂકવ્યા છે ?

પ્રશ્ન ૧ : (ખ) કઈ કૉલેજોએ કોને કેટલા મહિનાનો પગાર ચૂકવ્યો નથી ?

ઉત્તર ૧ : (ક) અને (ખ) સદરહુ માહિતી **પરિશિષ્ટ " ૧૨ "**માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ક) કૉલેજોના અધ્યાપકોને અનુસ્નાતક ગ્રેડ આપવા અંગેની કાર્યવાહી કયારે પૂરી થશે ?

પ્રશ્ન ૨ : (ખ) આ ગ્રેડ કોને મળશે તે અંગેની યાદી કેટલીવાર તૈયાર કરી હતી ?

પ્રશ્ન ૨ : (ગ) તેમાં શાથી ફેરફારો કરવા પડયા ?

પ્રશ્ન ૨ : (ઘ) કયા અધ્યાપકો અને આચાર્યોએ આપેલી વિગતો ખોટી માલૂમ પડી હતી ?

ઉત્તર ૨ : (ક) આ માટેની પ્રાધ્યાપકોની યાદી સિન્ડિકેટે મંજૂર કરી છે.

ઉત્તર ૨ : (ખ) અને (ગ) યાદી તૈયાર કરવાની પ્રક્રિયા સતત ચાલુ જ હતી અને તેમાં આ અંગે રાજ્ય સરકારના નિયમોમાં વખતોવખત થયેલ ફેરફાર અને યુનિવર્સિટી કાર્યાલય પાસે કૉલેજો / અધ્યાપકો તરફથી વખતોવખત થયેલ રજૂઆતને કારણે ફેરફાર થતા રહ્યા હતા.

ઉત્તર ૨ : (ઘ) છ અધ્યાપકોએ આપેલી વિગતો અને કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતીમાં થોડેવત્તે અંશે ફરક જણાયો હતો.

પ્રશ્ન ૩ : છેલ્લાં પાંચ વર્ષમાં ભાષા-ભવનમાં, વિજ્ઞાન ભવનમાં, સમાજવિદ્યા ભવનમાં, લેબર વેલ્ફેર શાસ્ત્ર તથા મનોવિજ્ઞાન અને શિક્ષણભવનમાં જે શિક્ષકોની નિમણૂક થઈ હોય તેમનાં નામ, તેમનો અગાઉની સંસ્થામાંનો છેલ્લો પગાર અને તેમને યુનિવર્સિટીમાં અપાયેલો પગાર તથા ઈન્ક્રીમેન્ટ જણાવશો.

ઉત્તર ૩ : સદરહુ બાબત અંગેની માહિતી **પરિશિષ્ટ "૧૩"માં આપવામાં આવી છે.**

પ્રશ્ન ૪ : યુનિવર્સિટીનાં ભવનોમાં કાર્ય કરતા શિક્ષકોનો ચાલુ વર્ષનો કાર્યભાર જણાવશો.

ઉત્તર ૪ : યુનિવર્સિટીનાં ભવનોમાં કાર્ય કરતા શિક્ષકોના ચાલુ વર્ષના કાર્યભાર અંગેની માહિતી **પરિશિષ્ટ "૧૪"માં આપવામાં આવી છે.**

પ્રશ્ન ૫ : ગયા વર્ષે યુનિવર્સિટીનાં ભવનોમાં વિષયવાર રજિસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા, પરીક્ષામાં બેસનારની સંખ્યા, નાપાસ થનારની સંખ્યા તથા ત્રીજા, બીજા અને પહેલા વર્ગોમાં આવનારની સંખ્યા (વિષયવાર) જણાવશો.

ઉત્તર ૫ : ગયા વર્ષે યુનિવર્સિટીનાં ભવનોમાં વિષયવાર રજિસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની માહિતી **પરિશિષ્ટ "૧૫"** તરીકે સામેલ છે; જ્યારે પરીક્ષામાં બેઠેલાની સંખ્યા, નપાસ થએલાની સંખ્યા તથા ત્રીજા, બીજા અને પહેલા વર્ગોમાં આવેલા વિદ્યાર્થીઓની સંખ્યા (વિષયવાર) અંગેની માહિતી **પરિશિષ્ટ "૧૬"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૬ : (ક) તા. ૧--૪--૧૯૬૬થી અત્યાર સુધી નવાં પગારધોરણો મુજબ જે કોલેજોએ મોંઘવારી ભથ્થું તથા ઘરભાડું ન ચૂકવ્યું હોય અને તે મુજબ પ્રોવિડંટ ફંડ ન કાપ્યું હોય તેમનાં નામ અને તેની પાછળનાં કારણો આપવા વિનંતી.

પ્રશ્ન ૬ : (ખ) આ પ્રશ્નનો ઉત્તર સેનેટ બેઠક સુધીમાં ન આપ્યો હોય તે કોલેજોનાં નામ આપવા વિનંતી.

ઉત્તર ૬ : (ક) સદરહુ **માહિતી પરિશિષ્ટ "૧૭"માં દર્શાવી છે.**
(ખ) આ માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૭ : ગુજરાત યુનિવર્સિટી પુસ્તકાલયમાં અર્થશાસ્ત્ર વિષયને લગતાં ગુજરાતીમાં કયાં કયાં સામયિકો આવે છે?

ઉત્તર ૭ : ગુજરાત યુનિવર્સિટી પુસ્તકાલયમાં અર્થશાસ્ત્રના વિષયને લગતું ગુજરાતી ભાષાનું એક સામયિક "સહકાર" આવે છે.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જવાબ ૬(ખ)માં માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે, તો તે માહિતા આપશો.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ૩૧ કોલેજોની યાદી તૈયાર છે અને તે કોઇ પણ સભ્ય જોઈ શકે છે.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બીજાં સામયિકો કેમ વસાવવામાં આવતાં નથી? પુસ્તકો અંગે ભલામણ કરવામાં આવે છે પણ ઘણો સમય થાય છતાં કેમ વસાવવામાં આવતાં નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : તાત્કાલિક મળે તો ખરીદી લઈ શકાય પણ જે પુસ્તકો તાત્કાલિક મળી શકતાં નથી અને બહારથી મગાવવાનાં હોય છે તેવા કેસોમાં વાર લાગે છે.

પ્રશ્ન ૮ : (ક) પ્રોવિડંટ ફંડના નિયમોનો સ્વીકાર ન કર્યો હોય તેવી કઈ કોલેજો છે?

પ્રશ્ન ૮ : (ખ) તેમણે તેનો શા માટે સ્વીકાર કર્યો નથી?

પ્રશ્ન ૮ : (ગ) તે અંગે યુનિવર્સિટીએ કયાં પગલાં ભર્યાં?

ઉત્તર ૮ : (ક) અને (ખ) સદરહુ માહિતી **પરિશિષ્ટ "૧૮"**માં દર્શાવી છે.

ઉત્તર ૮ : (ગ) જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરતાં પહેલાં આ અંગેની શરતનું પરિપાલન થાય તેનો આગ્રહ રાખવામાં આવે છે.

પ્રશ્ન ૯ : (ક) પ્રોવિડંટ ફંડના નિયમોનો સ્વીકાર કર્યો હોય પણ તેનો અમલ ન કર્યો હોય તેવી કઈ કોલેજો છે?

પ્રશ્ન ૯ : (ખ) તેમણે તેનો કેમ અમલ કર્યો નથી?

પ્રશ્ન ૯ : (ગ) તે અંગે યુનિવર્સિટીએ કયાં પગલાં ભર્યાં?

ઉત્તર ૯ : (ક) અને (ખ) સદરહુ માહિતી **પરિશિષ્ટ "૧૯"** તરીકે સામેલ છે.

ઉત્તર ૯ : (ગ) પ્રશ્ન ૮ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦ : (ક) સિન્ડિકેટે મંજૂર કરેલ છેલ્લું મોંઘવારી ભથ્થું કઈ કઈ કોલેજોએ અને શાથી અધ્યાપકોને/આચાર્યોને ચૂકવ્યું નથી?

(ખ) તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૧૦ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૦"** જોવા વિનંતી છે.

(ખ) જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરતાં પહેલાં આ અંગેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવામાં આવે છે.

પ્રશ્ન ૧૧ : (ક) અમદાવાદ આર્ટ્સ-કોમર્સ-સાયન્સ કોલેજોના પાંચમા માળના ધાબામાં લાકડાની ચાર કેબિનોમાં વર્ગો લેવાય છે?

પ્રશ્ન ૧૧ : (ખ) જો હા, તો તે અંગે યુનિવર્સિટીએ કયારે રજા આપેલી?

પ્રશ્ન ૧૧ : (ગ) તેમાં વર્ગો બેસે તે યોગ્ય છે?

ઉત્તર ૧૧ : (ક) અમદાવાદ આર્ટ્સ કોલેજમાં કેટલાક ગૌણ વિષયોના વર્ગો તેમ જ સેમિનાર માટે ન છૂટકે જ કેબિન પ્રકારના રૂમોનો ઉપયોગ કરવામાં આવતો હતો એમ કાર્યાલયની તપાસમાં જણાયું હતું. અમદાવાદ સાયન્સ કોલેજ અને અમદાવાદ કોમર્સ કોલેજમાં તેવા વર્ગો લેવાતા નથી તેવી સ્પષ્ટતા સદરહુ કોલેજોના આચાર્યોએ કરી છે.

ઉત્તર ૧૧ : (ખ) કેબિનોમાં વર્ગો લેવા માટેની રજા માગવામાં કે આપવામાં આવેલી નથી.

ઉત્તર ૧૧ : (ગ) ના, જી. તે બંધ કરવા માટે કોલેજને સૂચના આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૧૨ : બી. ડી. આર્ટ્સ કોલેજમાં અધ્યાપકોને કોલેજમાં દાખલ થતી વખતે અને કોલેજ છોડતી વખતે સહી કરવાની અને સમયની નોંધ કરવાની પ્રથા છે તે વાત સાચી?

ઉત્તર ૧૨ : તે અંગે આ કાર્યાલય પાસે માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૩ : (ક) એસ. ટી. ટી. કૉલેજમાં દર્શાવેલ વર્ષોમાં દર્શાવેલ વ્યકિતઓ અધ્યાપકો હતી ?

૧૯૬૯–૭૦ ... સી. એચ. પટેલ તથા એ. સી. પટેલ
૧૯૭૦–૭૧ ... બી. એમ. રાવલ, એચ. આર. શાહ,
ડી. સી. ભટ્ટ તથા એમ. વી. ગુર્જર
૧૯૭૧–૭૨ ... પી. એમ. શાહ તથા બી. ડી. ચાંદોરા.

પ્રશ્ન ૧૩ : (ખ) જો હા, તો તેમાંથી કોઈ પણ વ્યકિત કૉલેજમાં કામ નહોતી આપતી તે વાત સાચી ?

પ્રશ્ન ૧૩ : (ગ) શ્રી. સી. એચ. પટેલ જી. સી. હાઈસ્કૂલમાં પૂર્ણ સમયના હેડમાસ્તર, શ્રી. એ. સી. પટેલ નવયુગ હાઈસ્કૂલમાં પૂર્ણ સમયના શિક્ષક, શ્રી. બી. એમ. રાવલ સંટોઈની શાળામાં હેડમાસ્તર, એમ. વી. ગુર્જર ગાંધી વિદ્યાલયમાં પૂર્ણ સમયના શિક્ષક હતા તે વાત સાચી ?

પ્રશ્ન ૧૩ : (ઘ) ચાલુ વર્ષે આ કૉલેજે નવા અધ્યાપકો કઈ તારીખે નીમ્યા હતા ?

પ્રશ્ન ૧૩ : (ચ) ૧૯૬૯–૭૦, ૧૯૭૦–૭૧, ૧૯૭૧–૭૨ અને જૂન ૧૫, ૧૯૭૨ના રોજ તે કૉલેજમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હત ા?

પ્રશ્ન ૧૩ : (છ) કુલ કેટલા અધ્યાપકો હતા ?

પ્રશ્ન ૧૩ : (જ) તે અધ્યાપકોનાં નામ આપશો ?

પ્રશ્ન ૧૩ : (ઝ) ચાલુ વર્ષે નિમાયેલા અધ્યાપકોનાં નામ આપશો ?

પ્રશ્ન ૧૩ : (ટ) તેઓ કયારે, કોની જગાએ અને કયા કારણસર નિમાયા છે ?

ઉત્તર ૧૩ : (ક) ઉપર જણાવેલ શિક્ષકો પૈકી કેવળ એચ. આર. શાહ તથા શ્રી. એ. સી. પટેલ (અંબાલાલ છોટાલાલ પટેલ), શ્રી. બી. ડી. ચાંદોરા અનુક્રમે શૈક્ષણિક વર્ષે ૧૯૭૦–૭૧ તથા ૧૯૭૧–૭૨ દરમિયાન આ કૉલેજના શિક્ષકગણમાં કામ કરતા હતા; જ્યારે શ્રી. સી. એચ. પટેલ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા, પરંતુ પાછળથી તેમણે કામ કરવાની અશકિત દર્શાવી હતી.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

ઉત્તર ૧૩(ક) માં જે જવાબ છે, તે ઑડિ. ૯૬ પ્રમાણે જે નામો આવેલાં છે તેમાં ઘણો તફાવત છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આપ જણાવો કે કયા મુદ્દા ઉપર તફાવત છે તો તે અંગે તપાસ કરી શકાય.

ઉત્તર ૧૩ : (ખ) પ્રશ્ન નં. ૧૩ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

ઉત્તર ૧૩ : (ગ) પ્રશ્ન ૧૩ (ક)ના ઉત્તરમાં–

(ક) શ્રી. સી. એચ. પટેલ જી. સી. હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે કામ કરતા હતા કે કેમ તેની માહિતી આ કાર્યાલય પાસે નથી.

(ખ) શ્રી. એ. સી. પટેલ (શ્રી. અંબાલાલ છોટાલાલ પટેલ) નવયુગ હાઈસ્કૂલમાં પૂર્ણ સમયના શિક્ષક ન હતા; પણ શ્રી. અંબાલાલ ચેલદાસ તે શાળામાં પૂર્ણ સમયના શિક્ષક હતા એમ જાણવા મળ્યું છે.

(ગ) શ્રી. ડી. સી. ભટ્ટ અને શ્રી એમ. એમ. ગુર્જર (એમ. વી. ગુર્જર નહીં) એ બેઉ ભાઈઓએ એસ. ટી. ટી. કૉલેજમાં ટયૂટર તરીકે જોડાવાની અશકિત દર્શાવી હતી. તેઓ કઈ શાળામાં કામ કરતા હતા તેવી માહિતી આ કાર્યાલય પાસે નથી.

(ઘ) શ્રી. એમ. બી. રાવલ (શ્રી. બી. એમ. રાવલ નહીં) એસ. ટી. ટી. કૉલેજમાં જોડાયા નથી. તેઓ કઈ શાળામાં કામ કરતા હતા તેની માહિતી આ કાર્યાલય પાસે નથી.

ઉત્તર ૧૩ : (ઘ) ચાલુ વર્ષમાં તા. ૩૦–૮–૧૯૭૨ના રોજ ટયૂટર તરીકે શ્રી. કે. કે. ગુપ્તાની નિમણૂક કરી છે. (શ્રી. એચ. જે. વ્યાસે તા. ૧૪–૬–૧૯૭૨ના રોજ રાજીનામું આપ્યું હોવાથી તેમની જગ્યાએ આ નિમણૂક કરવામાં આવી હતી.)

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

તા. ૧૪–૬–૧૯૭૨ના રોજ જગા ખાલી પડી છે અને તા. ૩૦–૮–૧૯૭૨ના રોજ નિમણૂક કરવામાં આવી છે, તો તે દરમ્યાન શું બન્યું?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તે દરમ્યાન શું બન્યું તે યુનિવર્સિટી કાર્યાલય કહી શકે તેમ નથી.

ઉત્તર ૧૩ : (ચ) અને (છ) સદરહુ માહિતી નીચે મુજબ છે :

	વિદ્યાર્થીઓની સંખ્યા		અધ્યાપકોની સંખ્યા
	બી.એડ.	ડી.પી.એડ.	
૧૯૬૯–૭૦	૨૧૮	૨૧	૨૧
૧૯૭૦–૭૧	૨૨૦	૨૨	૨૧
૧૯૭૧–૭૨	૨૧૭	૨૧	૨૧
૧૫મી જૂન ૧૯૭૨	૧૮૦	૨૦	૨૦

ઉત્તર ૧૩ : (જ) : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨૧"** તરીકે આપવામાં આવી હતી.

ઉત્તર ૧૩ : (ઝ) અને (ટ) ઉપરના પ્રશ્ન ૧૩ (ઘ)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૧૨] પ્રા. પી. એફ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**–પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : પેટલાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ અંગેની નીચેની માહિતી આપવા વિનંતી છે :

(ક) ગુજરાતી વિભાગના અધ્યાપક શ્રી. જાનીને આ કૉલેજે કઈ તારીખે છૂટા કર્યા ?

(ખ) શ્રી. જાનીને નિમણૂક આપી ત્યારે નિમણૂકપત્રમાં પ્રોબેશન પિરિયડ કેટલો આપવામાં આવેલો ?

(ગ) શ્રી. જાનીને સત્રના મધ્યમાં છૂટા કરી શકાય ખરા ?

(ઘ) શ્રી. જાનીએ આ અંગે યુનિવર્સિટીને ફરિયાદ કયારે કરી ?

(ચ) યુનિવર્સિટીએ શ્રી. જાનીની બાબતમાં શું પગલાં ભર્યાં ?

ઉત્તર ૧ : (ક) તા. ૧૬–૭–૧૯૭૨થી છૂટા કરવા તા. ૧૩–૭–૧૯૭૨ના રોજ નોટિસ આપી હતી.

(ખ) શ્રી. જાની તરફથી આવેલ ફરિયાદમાં પોતાની નિમણૂક એક વર્ષના પ્રોબેશન પર હતી તેમ જણાવ્યું છે, જ્યારે આચાર્યે તે મુદત બે વર્ષ માટેની હતી તેમ જણાવ્યું છે.

(ગ) સત્રની મધ્યમાં કોઈ બિનકાયમી શિક્ષકને સત્રની અધવચમાં અને એક માસની નોટિસ આપ્યા વિના ફારેગ કરી શકાય નહિ. તેમ છતાં કોઈ બિનકાયમી શિક્ષકને આવી નોટિસ આપ્યા વિના છૂટા કરવામાં આવે તેમને એક માસનો નોટિસ પગાર (ભથ્થાં સહિત) આપવો પડે.

(ઘ) તા. ૨૧–૭–૧૯૭૨ના પત્રથી તેમણે આ બાબતમાં ફરિયાદ કરી હતી.

(ચ) સિન્ડિકેટની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં શ્રી જાનીને કૉલેજમાં ચાલુ રાખવા માટે કૉલેજને જણાવવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૨ : (ક) સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજે જે તે વિષયોમાં માગેલા એફિલિયેશન માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોમાંથી કઈ શરતોનું પરિપાલન હજુ સુધી કર્યું નથી ?

ઉત્તર ૨ : (ક) જૂન ૧૯૭૨થી સદરહુ કૉલેજે ચાલુ જોડાણ માટે કરેલી અરજીના સંદર્ભમાં સેનેટે મૂકેલી નીચેની શરતોના પાલનની ચકાસણી માટે તે સામે દર્શાવેલ વિગત હજુ સુધી કૉલેજ તરફથી યુનિવર્સિટી કાર્યાલયને મળી નથી :

સેનેટે મૂકેલી શરત	કૉલેજે મોકલવાની વિગત
(૧) ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેવું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;	(૧) ગ્રંથાલય પાછળ અત્યાર સુધી સેનેટે મૂકેલી શરત મુજબ પુસ્તકો અને સામયિકો માટે કરેલ ખર્ચની માહિતીની વિગતો અધૂરી છે અને નિયતપત્રકમાં મોકલી નથી.
(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦/- નો આવર્તક ખર્ચ કરવામાં આવે.	(૨) આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવાની શરત હોઈ ખર્ચ પ્રતિવર્ષ કરવામાં આવશે તેવી સ્પષ્ટ બાંયધરી મંગાવી છે જે આવી નથી.

(૩) યુનિ.નાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

(૩) માહિતી નિયતપત્રકમાં મોકલી નથી તે મોકલવા ફરીથી કૉલેજને જણાવવામાં આવ્યું છે.

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

(૪) માહિતી નિયતપત્રકમાં મોકલી નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પૂરા પગાર ચૂકવાયા છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જોડાણ અંગેની શરત નં. (૩) નું પાલન થયું છે તેમ કૉલેજે યુનિવર્સિટીને જણાવ્યું છે.

પ્રશ્ન ૨ : (ખ) (૧) એફિલિએશન માટે મૂકેલી શરતો પરિપૂર્ણ કરી ન હોવા છતાં સરસપુર કૉલેજને યુનિવર્સિટીએ જે તે વિષયમાં એફિલિયેશન આપવાની ભલામણ કરી કે કેમ ?

(૨) જો ભલામણ કરી હોય તો તે માટે યુનિવર્સિટીએ કયા ખાસ સંજોગો તે માટે ધ્યાનમાં લીધા ?

ઉત્તર ૨ : (ખ) (૧) ના, જી.

(૨) પ્રશ્ન ૨ (ખ) ૧નો ઉત્તર જોતાં, આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨ : (ગ) (૧) સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં હાલ કામ કરતા અધ્યાપકોને યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે તેમની લેણી રકમની પૂરેપૂરી ચુકવણી થઈ નથી તે હકીકત સાચી છે ?

(૨) ૧૯૭૦-૭૧ના વર્ષમાં નવાં પગારધોરણો પ્રમાણે બધા અધ્યાપકોને પૂરેપૂરી ચુકવણી થઈ છે ખરી ?

ઉત્તર ૨ : (ગ) (૧) અને (ગ) (૨) : સદરહુ માહિતી અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે. પરંતુ કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં તો માહિતી મોકલી નથી તેમ જણાવ્યું છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જવાબ છપાયા પછી કૉલેજ તરફથી પત્ર આવ્યો છે, અને તેમાં એમ જણાવ્યું છે.

પ્રશ્ન ૨ : (ઘ) સરસપુર કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પી.એફ. ટ્રસ્ટની રચના કરીને તે રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૨ : (ધ) ના, જી.

પ્રશ્ન ૩ : (ક) (૧) તોલાની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરે એફિલિયેશનની બધી શરતો પરિપૂર્ણ કરી ન હોવા છતાં માગેલા વિષયમાં એફિલિયેશન આપવાની ભલામણ યુનિ. સિન્ડિકેટે કરી છે તે હકીકત સાચી છે ?

(૨) કઈ એફિલિયેશનની શરતો પરિપૂર્ણ કરી નથી ?

(ખ) આ તોલાની કૉલેજે યુનિ.નાં ધારાધોરણો પ્રમાણે પી.એફ. ટ્રસ્ટની રચના કરીને રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

(ગ) (૧) તોલાની કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી. શાસ્ત્રીને તેમના બાકી પગારની રકમ હજી સુધી ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે ?

(૨) યુનિવર્સિટીએ કૉલેજને તે વિષે વારંવાર જાણ કરવા છતાં કૉલેજે તે રકમ પ્રો. શાસ્ત્રીને ચૂકવેલ નથી તે હકીકત સાચી છે?

(ઘ) યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન ન કરે છતાં કૉલેજને વિષયનું એફિલિયેશન આપવાની ભલામણ કરે તો તે અંગે ધ્યાનમાં લીધેલા સંજોગોની માહિતી આપશો.

ઉત્તર ૩ : (ક) (૧) : ના, જી.

(૨) : નીચેની શરતોનું પરિપાલન થયું નથી :

(૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની, તથા

(૨) ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૩) છૂટા થયેલા શિક્ષકો પૈકી ખંડ સમયના હિન્દીના પ્રાધ્યાપક શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રીની લેણી રકમ ચૂકવવા અંગેની શરત.

(ખ) ના, જી.

(ગ) (૧) : હા, જી.

(૨) : હા, જી.

(ઘ) : પ્રશ્ન ૩ (ક) (૧) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪ : તા. ૨૪/૨૫/૨૬--૩-૧૯૭૨ની સભાની કાર્યવાહી બાબત ૨ (અ) પ્રશ્નોત્તરીના શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૧ (ક)ના અનુસંધાનમાં હિંમતનગર કૉલેજ અંગે નીચેની માહિતી આપશો :

(ક) ૧૯૭૧--૭૨ના વર્ષમાં હિંમતનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના પ્રો. સુથારને બીજા સત્રથી પૂરા સમયના વ્યાખ્યાતામાંથી ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કૉલેજે નિયુક્ત કર્યા તે નિયમ વિરુદ્ધ થયું છે એમ યુનિવર્સિટીની તપાસમાંથી બહાર આવ્યું તે હકીકત સાચી છે?

(ખ) (૧) પ્રો. સુથારને પૂરા સમયના વ્યાખ્યાતા તરીકેની મૂળ જગ્યા પર તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે પાછા લેવા અંગે યુનિવર્સિટી સિન્ડિકેટે ઠરાવ કયારે કર્યો ?

(૨) તે ઠરાવનો પાઠ આપશો.

(ગ) (૧) પ્રો. સુથાર અંગે સિન્ડિકેટે કરેલા નિર્ણયની જાણ કૉલેજને કયારે કરવામાં આવી ?

(૨) કૉલેજે તે અંગે શું પગલાં લીધાં ?

(ઘ) યુનિવર્સિટીના નિર્ણયની જાણ કરવા છતાં કૉલેજે આજ સુધી પ્રો. સુથારને તેમની વ્યાખ્યાતાની મૂળ જગ્યા પર લેવામાં આવ્યા નથી એ હકીકત સાચી છે ?

(ચ) યુનિવર્સિટીના નિર્ણયની અત્યાર સુધી ઉપેક્ષા કૉલેજે કરી છે તે સામે યુનિવર્સિટીએ કોઈ પગલાં ભર્યાં હોય તો તેની માહિતી આપશો.

(છ) કૉલેજના સંચાલકમંડળે પ્રો. સુથારને કોઈ પણ સંજોગોમાં પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે તેમની મૂળ જગ્યા પર નોકરીનું સાતત્ય જળવાય તે રીતે ન લેવાનો નિર્ણય કર્યો છે અને જરૂર પડે તો યુનિવર્સિટી સામે કોર્ટમાં લડી લેવાનો નિર્ણય પણ કર્યો છે તે હકીકત સાચી છે ?

ઉત્તર ૪ : (ક) આ કૉલેજના ગુજરાતી વિષયના કુલ કાર્યબોજના સંદર્ભમાં શ્રી. સુથારને ખંડ સમયના વ્યાખ્યાતા વર્ષ ૧૯૭૧માં બનાવ્યા ત્યારે ગુજરાતીના બીજા શિક્ષકો પાસે યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધુ કાર્યબોજ હતો.

(ખ) (૧) : સિન્ડિકેટની તા. ૧૫–૪–૧૯૭૨ની સભામાં.

(૨) : સદરહુ ઠરાવનો પાઠ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એમ. સુથારને તા. ૫મી નવેંબર ૧૯૭૧થી પૂર્ણ સમયના લેક્ચરરને બદલે ખંડ સમયના લેક્ચરર બનાવવામાં આવ્યા તે યુનિવર્સિટીનાં ધારાધોરણો સાથે સુસંગત નથી જે હકીકત સેનેટની તા. ૨૪/૨૫/૨૬મી માર્ચ ૧૯૭૨ની સભામાં પ્રશ્નોત્તરીના સંદર્ભમાં સ્પષ્ટ થઈ હતી તે સભાગૃહના ધ્યાન પર લાવવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. સી. એમ. સુથારને તા. ૧૦–૧૧–૧૯૭૧થી પૂર્ણ સમયના લેક્ચરરને બદલે ખંડ સમયના લેક્ચરર તરીકે નીમવામાં આવ્યા તે યુનિવર્સિટીનાં ધારાધોરણો સાથે સુસંગત નથી અને તેથી તેમને પૂર્ણ સમયના લેક્ચરર તરીકે, તેમની સેવાનું સાતત્ય જળવાય તે રીતે ચાલુ રહેલા ગણવા માટે સદરહુ કૉલેજને જણાવવું."

(ગ) (૧) : તા. ૧૨–૫–૧૯૭૨ના પત્રથી.

(૨) : કૉલેજે પોતાના પક્ષે કેટલીક રજૂઆત કરી હતી. તે પછી તા. ૧૫–૭–૧૯૭૨થી શ્રી. સુથારને પૂરા સમયના લેક્ચરર તરીકે નીમવાની જાણ કૉલેજે કરી છે.

(ઘ) : ના, જી.

(ચ) : ઉપરના પ્રશ્ન નં. ૪ (ગ) (૨) નો ઉત્તર જોઈને આ બાબતમાં કૉલેજ સામે પગલાં લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

(છ) : કોર્ટમાં લઢી લેવાના કૉલેજના નિર્ણયની બાબતમાં આ કાર્યાલય પાસે કશી માહિતી નથી.

પ્રશ્ન ૫ (ક) : ૧૯૭૧--૭૨ના વર્ષમાં વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, મહેસાણામાં નોકરી કરતા પ્રો. શ્રી. ચંદ્રકાન્ત દયાશંકર ત્રિવેદીને પાલનપુરની એજ્યુકેશન કૉલેજમાં એક તાસનો કાર્યભાર સોંપાયો હતો અને યુનિવર્સિટીને ઑ. ૯૬ પ્રમાણે તેની માહિતી પાલનપુર કૉલેજે પૂરી પાડી છે તે હકીકત સાચી છે?

(ખ) : પાલનપુર એજ્યુકેશન કૉલેજમાં ૧૯૭૧--૭૨ના વર્ષમાં પ્રો. ત્રિવેદીના નામે આમ એક તાસનું કામ બતાવ્યા હોવા છતાં પ્રો. ત્રિવેદીએ પાલનપુર કૉલેજમાં આખા વરસ દરમિયાન એક પણ તાસ લીધો નથી તે હકીકત સાચી છે?

(ગ) : મહેસાણા એજ્યુકેશન કૉલેજ અને પાલનપુર એજ્યુકેશન કૉલેજમાં પી. એફ. ટ્રસ્ટ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે રજિસ્ટર્ડ થયાં છે ખરાં?

ઉત્તર ૫ (ક) : હા, જી.

(ખ) : અને (ગ) : } સદરહુ કૉલેજને આ અંગે પૂછવામાં આવ્યું છે પરંતુ કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સેનેટની સભા સુધી માહિતી પૂરી ન પાડવામાં આવે તો સભા પૂરી થયા પછી પણ માહિતી આવે તો પૂરી પાડી શકાય ખરી?

કુલપતિશ્રીનો ઉત્તર : આચાર્ય સાહેબો અહીં હાજર છે.

પ્રશ્ન ૬ : કડી સાયન્સ કૉલેજ માટે નીચેની માહિતી આપવા વિનંતી છે :

(ક) (૧) અધ્યાપકોને જૂના મોંઘવારી ભથ્થાની એરિયર્સ કૉલેજે લોન પેટે જમા કરી છે તે હકીકત સાચી છે?

(૨) ચાર-પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં છતાં તે લોન હજી સુધી કૉલેજે અધ્યાપકોને પરત કરી નથી તો તે કયારે પરત કરશે તે જણાવશો.

(ખ) કેમિસ્ટ્રી, ફિઝિકસ, બાયોલોજી વિભાગોની લેબોરેટરી માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે ત્રણમાંથી એક ગણ લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા ભરી નથી તે હકીકત સાચી છે?

(ગ) યુ.જી.સી. પગારધોરણોનો કૉલેજે પૂરેપૂરો અમલ કર્યો નથી તે અંગે નીચેની માહિતી આપશો :

(૧) (અ) ૧--૪–૧૯૬૬ પછી જોડાયેલા અધ્યાપકોને તેમના દશ હપતાની રકમનો પ્રથમ હપતો હજી સુધી ચૂકવ્યો નથી તે હકીકત સાચી છે?

(બ) જો સાચી હોય તો હવે કયારે ચૂકવવા માગે છે?

(૨) યુ.જી.સી. પગારધોરણોનો અમલ કરતાં જે અધ્યાપકોને તેમની એરિયર્સ ચૂકવવામાં આવી તેમાંથી તેમના પી.એફ.ની રકમ કાપી નથી અને કૉલેજે ઉમેરવાનો ફાળો પણ ઉમેરાયો નથી તે હકીકત સાચી છે?

(૩) ૧--૪--૧૯૬૬થી ૧--૪--૧૯૭૦માં કોઈ શિક્ષકને બઢતી મળી હોય તો તેવા શિક્ષકને તેની જૂની પોસ્ટ પ્રમાણે યુ.જી.સી. પગારધોરણો મુજબ થતો બેઝિક પગાર અને તે પર થતું મોંઘવારી ભથ્થું આ કૉલેજે તેવા શિક્ષકોને ચૂકવ્યું નથી તે હકીકત સાચી છે ?

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે આ કૉલેજમાં હાલ હિંદી વિષયના વ્યાખ્યાતા નથી તે હકીકત સાચી છે ?

(૫) (અ) કડી સાયન્સ કૉલેજના શિક્ષકો અને કર્મચારીઓના પી. એફ.ની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે રચાયેલા પી. એફ. ટ્રસ્ટ સંચાલિત એકાઉન્ટમાં જમા થાય છે કે કેમ ?

(બ) યુનિવર્સિટીના નિયમો પ્રમાણેનું પી. એફ. ટ્રસ્ટ કૉલેજે રચ્યું છે ખરું ?

(ક) અને તે રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૬ (ક)થી (ગ) : સદરહુ માહિતી માટે કૉલેજને પૂછવામાં આવ્યું છે પરંતુ કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

માહિતી ન આવે તો ક્યાં સુધી ચાલે ? દબાણ ન લાવી શકાય ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે કાગળથી અને તારથી પણ યાદ દેવડાવ્યું છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જોડાણની શરતો મુજબ માહિતી ન મોકલે તો શરતોનો ભંગ થાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ચાલુ જોડાણની માગણી આવે ત્યાં સુધી જૂની માહિતી પૂરી ન કરે તો એક્સ્ટેન્શન કે વધારાનું જોડાણ ન આપવું જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : શું કરવું તેમ હું આપને આચાર્ય તરીકે પૂછું છું.

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

માહિતી પૂરી પાડવા માટે કોઈ પ્રોસિજર હોવો જોઈએ. આ માટે સૂચન એ છે કે કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય અને સેનેટ પહેલાં માહિતી ન આવે તો તે પછીની બીજી સેનેટ વખતે તે પરિપત્રિત કરવી.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે, પ્રશ્નો અંગેની જે માહિતી આપી શકાય તેમ હોય છે તેનો ઉલ્લેખ રિવાઈઝ્ડ એજન્ડામાં કરવાનો હોય છે.

આચાર્ય વી. આર. રણદીવેએ જણાવ્યું કે પ્રશ્નો પૂછવાની પણ મર્યાદા હોવી જોઈએ. ૧૦થી ૧૫ વર્ષોની માહિતી માગે તો તાત્કાલિક કેવી રીતે ઉપલબ્ધ કરી શકાય ?

શ્રી. આર. કે. અમીને જણાવ્યું કે જ્યારે કોઈ પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય તેનો જવાબ ના આવ્યો હોય તોપણ એક અને બીજી મીટિંગ વચ્ચે જવાબ આવ્યો હોય તો તે પૂછનાર સભ્યને તેની માહિતી મળવી જોઈએ.

પ્રશ્ન ૭ : કડી સાયન્સ કૉલેજ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

(ક) (૧) ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે સેવા આપી રહેલા શ્રી. જે. બી. પટેલ કાયમી થયેલા હોવા છતાં તેમને ચાલુ વર્ષે બીજા સત્રથી છૂટા કરવાની નોટિસ આપી છે તે હકીકત સાચી છે?

(૨) જો હા તો કૉલેજે તેમને શા માટે છૂટા કર્યા?

(૩) એમાં યુનિવર્સિટીના નિયમોનો ભંગ થયો છે કે કેમ?

(ખ) (૧) શ્રી. જે. બી. પટેલ તા. ૧–૭–૧૯૭૦થી આ કૉલેજમાં ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકેની સેવા આપી રહ્યા છે તે હકીકત સાચી છે?

(૨) શ્રી. પટેલને તા. ૧૫–૬–૧૯૭૧ અને તા. ૧૬–૬–૧૯૭૧ એમ બે દિવસનો તેમની નોકરીમાં બ્રેક આપ્યો છે તે હકીકત સાચી છે?

(૩) આમ કરવા પાછળ કૉલેજનો શું આશય છે?

(ગ) (૧) શ્રી. જે. બી. પટેલ બે વર્ષ કરતાં વધુ સમયથી એટલે કે ૧–૭–૧૯૭૦થી આજ સુધી કડી કૉલેજમાં સેવા આપી રહ્યા છે અને કૉલેજે છૂટા કરવાના કે એવા કોઈ આશયથી તેમની સળંગ નોકરીમાં બે દિવસનો બ્રેક આપ્યો છે તેથી યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે તો તે કાયમી શિક્ષક જ ગણાય અને જે રીતે તેઓને નિયમ વિરુદ્ધ છૂટા કરવાની નોટિસ આપી છે એમ જોતાં યુનિવર્સિટી કૉલેજ સામે તાત્કાલિક પગલાં ભરવાં જોઈએ એ અંગે યુનિવર્સિટી કંઈ વિચારે છે કે કેમ?

(૨) યુનિવર્સિટીમાં આ અંગે ફરિયાદ કયારે થઈ?

(૩) અને તે સામે યુનિવર્સિટીએ શું પગલાં ભર્યાં તેની માહિતી આપશો?

(ઘ) (૧) ફિઝિકસના ટયૂટર શ્રી. કે. એન. પટેલને તેઓ જે વિષય શીખવે છે તેમાં કાર્યભારની દૃષ્ટિએ જરૂરિયાત હોવા છતાં છૂટા કરવાની નોટિસ આપી છે તે હકીકત સાચી છે?

(૨) યુનિવર્સિટીને આ અંગે ફરિયાદ કયારે મળી?

(૩) અને તે અંગે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં?

ઉત્તર ૭ : (ક) (૧) સદરહુ કૉલેજમાં વ્યાયામ શિક્ષક તરીકે ફારેગ કરવામાં આવેલા શ્રી. જે. બી. પટેલ કાયમી થયેલા ન હતા તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે તેમને ચાલુ વર્ષના બીજા સત્રથી છૂટા કરવા માટેની નોટિસ આપવામાં આવી હતી.

(૨) ઉપરના પ્રશ્ન ૭(ક)(૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

(૩) ના, જી.

પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

આ પ્રમાણેની નોટિસ આપી શકાય ખરી? અને પછી બ્રેક બતાવવામાં આવ્યો છે તો શી હકીકત ખરી છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પૂરતી નોટિસ ન આપવામાં આવી હોય તો નોટિસનો પગાર આપવો જોઈએ.

(ખ) (૧) શ્રી. જે. બી. પટેલ તા. ૧-૭--૧૯૭૦થી સદરહુ કૉલેજમાં વ્યાયામ શિક્ષક તરીકે જોડાયા હતા, પરંતુ તા. ૧-૧૧-૧૯૭૧ના રોજ એક માસની કૉલેજે નોટિસ આપી છૂટા કર્યા તથા ત્યાર બાદ કૉલેજે તા. ૧૭-૬-૧૯૭૧થી વ્યાયામ શિક્ષકની નવી નિમણૂક આપી છે.

(૨) તા. ૧-૬-૧૯૭૧થી તા. ૧૬-૬-૧૯૭૧ એમ કુલ સોળ દિવસ (બે દિવસનો નહિ) જે દરમિયાન શ્રી. જે. બી. પટેલ નોકરી પર ન હતા.

(૩) આચાર્યશ્રીએ જણાવ્યા પ્રમાણે તેમનું કામ સંતોષકારક ન જણાતાં એક માસની નોટિસ આપી તેમને છૂટા કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યાર બાદ પોતાના કામથી સંતોષ આપવાની તેમ જ વર્તન સુધારવાની શ્રી. જે. બી. પટેલે ખાતરી આપી એક વર્ષ માટે ટ્રાયલ ઉપર લેવા આગ્રહપૂર્વક વિનંતી કરવાથી તા. ૧૭-૬--૧૯૭૧થી એક વર્ષના હંગામી ધોરણે તેમની ફરી નિમણૂક કરવામાં આવી.

(ગ) (૧) આ પ્રશ્નમાં નિયમના અર્થઘટનનો પ્રશ્ન સમાયેલો હોઈ તેનો જવાબ આપવાનું શકય નથી.

(૨) શ્રી. પટેલના તા. ૮—૯—૧૯૭૨ના પત્રથી યુનિવર્સિટી કાર્યાલયને ફરિયાદ મળી છે.

(૩) સદરહુ ફરિયાદ પરત્વે આચાર્યશ્રીનું વકતવ્ય મંગાવવામાં આવ્યું.

(ઘ) (૧) ઑર્ડિનન્સ ૯૬ અન્વયેની આ કૉલેજની ચાલુ સાલની માહિતીમાં ભૌતિક-વિજ્ઞાનના વિષયમાં શિક્ષણનો કુલ કાર્યભાર ૧૮ વ્યાખ્યાન, ૫ ટયુટોરિયલ અને ૨૪ પ્રાયોગિક કામ માટે શ્રી. કાળાભાઈ એન. પટેલ ઉપરાંત એક વ્યાખ્યાતા તથા એક ટયૂટર/ડેમોન્સ્ટ્રેટર છે તે જોતાં ઑર્ડિ. ૧૨૦--એ અનુસાર કાર્યભારની વહેંચણી ટયૂટર શ્રી. કાળાભાઈ એન. પટેલ સિવાય પણ શકય છે, તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે તેમને ફારેગ કરવા માટે નોટિસ આપવામાં આવી છે તે હકીકત છે.

(૨) તા. ૮—૯—૧૯૭૨ના પત્રથી.

(૩) સદરહુ ફરિયાદ પરત્વે આચાર્યશ્રીનું વકતવ્ય મંગાવતાં તેમણે જણાવ્યું છે કે ભૌતિકવિજ્ઞાનના ટયૂટર શ્રી. કાળાભાઈ એન. પટેલને તા. ૭—૯—૧૯૭૨થી ફારેગ કરવા જરૂરી નોટિસ આપી છે,

[૧૩] શ્રી. નરહરિ પરીખે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) (૧) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ સંબંધી તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સેનેટ સભાની કાર્યવાહીની આબત ૨--ના પ્રશ્નોત્તરીમાં શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૫ (ગ)ના અનુસંધાનમાં પ્રો. પાઠકજીને નવાં યુ.જી.સી.

પગારધોરણો પ્રમાણે પ્રોફેસરના સ્કેલમાં (રૂ. ૪૦૦--૩૦--૬૪૦--૪૦--૮૦૦) મૂકીને તેમની લેણી નીકળતી એરિયર્સની પૂરેપૂરી રકમ ચૂકવવામાં આવી છે કે કેમ ?

(૨) જો ચૂકવાઈ ન હોય અને તે સંબંધી કૉલેજે છેવટનો ખુલાસો યુનિવર્સિટીને કર્યો હોય તો તેની માહિતી આપશો.

(ખ) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી.એફ. ટ્રસ્ટ રચીને રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૧ : (ક) (૧) ના, જી.

(૨) કૉલેજે તેના તા. ૨૮--૨--૧૯૭૨ના પત્રથી નીચે પ્રમાણે ખુલાસો કર્યો છે :

" પ્રો. પાઠકજી સરકારી નિવૃત્ત અધિકારી હોઈ તા. ૬--૬--૧૯૭૦ના જી.આર.ની કલમ પાંચ પ્રમાણે તેમનું પે-ફિક્સેશન થઈ શકે. આ બાબતમાં યુનિવર્સિટીએ અમને માર્ગદર્શન આપ્યું નથી તેમ જ શિક્ષણનિયામકશ્રી તરફથી માર્ગદર્શન મેળવી આપ્યું નથી. તેમને આપવાના પગાર પર ૧૦૦ ટકા નહિ તો છેવટે નૉર્મલ ગ્રાન્ટ મળી શકે કે કેમ તેની ચોખવટ થયેથી આ પરત્વે વિચારણા કરવાનું વિચાર્યું છે."

ઉત્તર ૧ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨ : ટીચર્સ હૉસ્ટેલ, તેમનો ખર્ચ અને તેમાં રહેતા શિક્ષકો વિષે નીચે પ્રમાણે માહિતી આપશો :

(ક) ગુજરાત યુનિવર્સિટીની કઈ કઈ કૉલેજોએ ' ટીચર્સ હૉસ્ટેલ ' બનાવી છે ?

(ખ) (૧) પ્રત્યેક કૉલેજે ટીચર્સ હૉસ્ટેલ બનાવવામાં કુલ ખર્ચ કેટલો કર્યો ?

(૨) તેમાં કૉલેજનો ફાળો કેટલો તેમ જ ગુજરાત સરકાર કે યુ.જી.સી. તરફથી મળેલું અનુદાન કેટલું ?

(ગ) કૉલેજોએ ટીચર્સ હૉસ્ટેલમાં રહેઠાણો ફાળવવાનાં કોઈ વસ્તુલક્ષી ધોરણો ઊભાં કર્યાં હોય તો તેની માહિતી આપશો.

(ઘ) (૧) સેન્ટ ઝેવિયર્સ કૉલેજને આવી કોઈ ટીચર્સ હૉસ્ટેલ છે ખરી ?

(૨) જો હોય તો હાલમાં તે હૉસ્ટેલમાં રહેતા શિક્ષકોનાં નામ આપો.

(૩) કૉલેજના શિક્ષક સિવાયની કોઈ વ્યકિતઓ તેમાં રહે છે કે કેમ ?

(૪) પાદરી શિક્ષકો સિવાયના કોઈ અધ્યાપકોને આજ સુધીમાં એ હૉસ્ટેલમાં રહેઠાણ ફાળવાયું છે ખરું ?

(૫) જો ફાળવવામાં આવ્યું હોય તો કયા શિક્ષકને કેટલા સમય દરમિયાન ફાળવાયું તેની માહિતી આપશો.

(૬) સેન્ટ ઝેવિયર્સ કૉલેજે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે કૉલેજે પી.એફ. ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવ્યું છે કે કેમ ?

ઉત્તર ૨ : (ક) તથા (ખ) (૧) (૨) તથા ૨ (ગ) :
ઉપલબ્ધ માહિતી પ્રમાણે નીચેની કૉલેજે 'ટીચર્સ હૉસ્ટેલ' બનાવી છે તથા તે અંગેની વિગત નીચે પ્રમાણે છે :

કૉલેજનું નામ	કુલ ખર્ચ	કૉલેજનો ફાળો	રા.સ.નો ફાળો	યુ.જી.સી.નો ફાળો	રહેઠાણોની ફાળવણીનાં ધોરણો
તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર	ચણતર કામ ચાલુ છે	૬૩,૮૬૩	—	૧,૨૭,૭૨૫	ચણતરકામ પૂરું થયા પહેલાં ધોરણો નક્કી કરવામાં આવશે.

(ધ) (૧) : આ કૉલેજે રાજ્ય સરકાર કે યુ.જી.સી. તરફથી અનુદાન મેળવીને 'ટીચર્સ હૉસ્ટેલ' બનાવી નથી.

(ધ) (૨) થી (ધ) (૫) : પ્રશ્ન ૨ (ધ) (૧)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

(ધ) (૬) ના, જી.

પ્રશ્ન ૩ : આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તથા કૉમર્સ કૉલેજ, કલોલ અંગે નીચે પ્રમાણેની માહિતી આપશો :

(ક) કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી જી. કે. ભટ્ટ છૂટા થયા પછી તેઓને તેમના પ્રૉવિડન્ટ ફંડની રકમ (પોતાનો ફાળો) પૂરેપૂરી ચૂકવાઈ છે ખરી ?

(ખ) પી.એફ. ની તેમની કેટલી રકમ એકત્ર થઈ હતી અને તેમાંથી તેઓને કેટલી ચૂકવવામાં આવી ?

(ગ) લાઈબ્રેરીના ગેરવહીવટના બહાને એમની પી.એફ. ની રકમમાંથી સંચાલકમંડળે જે રકમ કાપી લીધી છે તે વાજબી ગણાય ખરું ?

(ઘ) કૉમર્સ કૉલેજનું પી. એફ. ફંડના વહીવટ માટેનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયું છે ખરું ?

(ચ) કૉમર્સ કૉલેજ અને આર્ટ્સ-સાયન્સ કૉલેજ એ બન્ને કૉલેજો વચ્ચે સહિયારો ગ્રંથપાલ છે કે બન્ને કૉલેજને જુદા ગ્રંથપાલ છે ?

(છ) બન્ને કૉલેજમાં ૧૯૭૦--૭૧ના વર્ષમાં જે ગ્રંથપાલ હતા તેમનાં નામ આપો.

(જ) આ બન્ને કૉલેજો વચ્ચે ૧૯૭૦--૭૧ના વર્ષમાં ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર પણ એક જ હતો તે હકીકત સાચી છે ?

(ઝ) શ્રી આર. એ. પટેલ અને શ્રી જી. બી. પટેલ એમ બે નામો, ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર્સનાં, આ બે કૉલેજો માટે દર્શાવાય છે છતાં તેમાંથી શ્રી. જી. બી. પટેલનું નામ ખોટું દર્શાવેલું છે તે હકીકત સાચી છે ?

ઉત્તર ૩ : (ક) ઉપલબ્ધ માહિતી પ્રમાણે ચૂકવવા પાત્ર થતી પ્રૉવિડંટ ફંડની રકમનો ચેક શ્રી. જી. કે. ભટ્ટને મોકલવામાં આવ્યો હતો, પરંતુ તેમણે કૉલેજને તે પરત કર્યો છે.

(ખ) પ્રૉવિડંટ ફંડની શ્રી. જી. કે. ભટ્ટને ખાતે કુલ રૂ. ૭૧૯--૪૩ની રકમ એકઠી થઈ હતી અને રૂ. ૬૪૮--૧૩નો ચેક મોકલવામાં આવ્યો હતો.

(ગ) આ પ્રશ્નમાં હકીકતની ખાતરીએ અને અભિપ્રાયના સવાલો સમાયેલા છે.

(ઘ) ના, જી.

(ચ) બેઉ કૉલેજોના ગ્રંથપાલો જુદા છે.

(છ) સદરહુ બન્ને કૉલેજોમાં ૧૯૭૦--૭૧માં નીચે જણાવેલ વ્યકિતઓ ગ્રંથપાલ તરીકે કામ કરતી હતી :

ક્રમાંક	કૉલેજનું નામ	ગ્રંથપાલનું નામ
(૧)	શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ	શ્રી. પી. એમ. પટેલ
(૨)	કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	શ્રી. બી. જી. શાહ

(જ) ના, જી.

(ઝ) શ્રી. જી. બી. પટેલનું નામ ખોટું દર્શાવ્યું છે તે અંગે સદરહુ કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરન્તુ કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૪ : (ક) સાયન્સ કૉલેજ, કપડવંજના ગણિતશાસ્ત્રના અધ્યાપક શ્રી. અરવિંદભાઈ સી. પટેલને છૂટા કરતાં તેમને ૧૬ માર્ચ ૧૯૭૨થી ૧૪ જૂન ૧૯૭૨ સુધીનો વૅકેશનનો પગાર ચૂકવાયો નથી એ અંગેની ફરિયાદ યુનિવર્સિટીને મળી છે ખરી ?

(ખ) જો મળી હોય તો યુનિવર્સિટીએ તે સંબંધી શાં પગલાં લીધાં ?

(ગ) તેમની ફરિયાદ ઉપરથી તેઓ વૅકેશન પગાર મેળવવાને અધિકારી છે કે કેમ ?

(ઘ) કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી. એફ. ટ્રસ્ટ રચીને રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૪ : (ક) હા, જી.

(ખ) યુનિવર્સિટી કાર્યાલયે કૉલેજને લખ્યું હતું, તે પછી શ્રી. એ. એસ. પટેલને વૅકેશનનો પગાર ચૂકવવામાં આવ્યો છે.

(ગ) ઉપર પ્રશ્ન ૪ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

(ઘ) ના, જી.

પ્રશ્ન ૫ : (ક) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણમાં ૧૯૬૬-૬૭ના વર્ષમાં પ્રોફેસર બી. કે. કાયસ્થને ફાળે ઑર્ડિનન્સ ૯૬ની માહિતી હેઠળ કુલ કેટલાં વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સ દર્શાવ્યાં છે ?

(ખ) કૉલેજે શ્રી. કાયસ્થને કૉમર્સના પૂરા સમયના પ્રોફેસર તરીકે તે વર્ષે નિમણૂક આપેલી તે હકીકત સાચી છે ?

(ગ) તે સામે શ્રી. કાયસ્થને તે વર્ષે કેટલો બેઝિક પગાર તથા અન્ય ભથ્થાં ચૂકવવામાં આવ્યાં હતાં ?

(ઘ) શ્રી. કાયસ્થને એ વર્ષમાં શરૂઆતમાં માસિક પગાર રૂ. ૧૭૫–૦૦ અને પાછળથી માસિક પગાર રૂ. ૨૫૦–૦૦ ચૂકવેલો છે તે હકીકત સાચી છે?

(ચ) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે એ વર્ષે શ્રી. કાયસ્થને કેટલો પગાર તથા ભથ્થાં ચૂકવવાં જોઈએ ?

(છ) આ અંગે પ્રો. કાયસ્થની ફરિયાદ યુનિવર્સિટીને કયારે મળી ?

(જ) યુનિવર્સિટીએ તે સંબંધી શાં પગલાં લીધાં ?

(ઝ) આ કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી. એફ. ટ્રસ્ટની રચના કરીને રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૫ : (ક) સદરહુ કૉલજે ૧૯૬૬–૬૭ના વર્ષમાં મોકલેલી ઑર્ડિ. ૯૬ અન્વયેની માહિતીમાં પ્રો. બી. કે. કાયસ્થને ફાળે ૬ વ્યાખ્યાનો તથા ૬ ટ્યુટોરિયલો દર્શાવવામાં આવેલ છે.

(ખ) તા. ૧–૭–૧૯૬૬થી પ્રા. બી. કે. કાયસ્થને કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપક તરીકે નિમણૂક આપી હતી, જ્યારે તા. ૩૦–૫–૧૯૬૬થી તા. ૩૦–૬–૧૯૬૬ દરમિયાન કૉમર્સના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે નિમણૂક આપી હતી.

(ગ) શરૂઆતમાં રૂ. ૧૭૫, ત્યાર બાદ તા. ૧–૭–૧૯૬૬થી માસિક રૂ. ૨૨૫ લેખે અને તા. ૧–૧૨–૧૯૬૬થી માસિક રૂ. ૨૫૦ લેખે વેતન ચૂકવવામાં આવ્યું.

(ઘ) ઉપર પ્રશ્ન (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

(ચ) પૂર્ણ સમયના કૉમર્સના પ્રાધ્યાપકને આપવું જોઈતું નીચેનું પગારધોરણ તથા વખતોવખત સુધાર્યા પ્રમાણેનું મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું ચૂકવવાં જોઈએ :

મૂળ પગાર રૂ. ૩૫૦/– (ઓછામાં ઓછો)

મોંઘવારી ભથ્થું રૂ. ૧૩૫/– (તા. ૧–૩–૧૯૬૬થી અમલી બનેલ)

રૂ. ૧૫૦/– (તા. ૧–૧૦–૧૯૬૬થી અમલી બનેલ)

રૂ. ૧૬૫/– (તા. ૧–૧–૧૯૬૭થી અમલી બનેલ)

રૂ. ૧૭૫/– (તા. ૧–૨–૧૯૬૭થી અમલી બનેલ)

રૂ. ૨૦૦/– (તા. ૧–૩–૧૯૬૭થી અમલી બનેલ)

રૂ. ૨૧૦/– (તા. ૧–૬–૧૯૬૭થી અમલી બનેલ)

ઘરભાડા ભથ્થું ૫ ટકા લેખે રૂ. ૧૭–૫૦ (ઓછામાં ઓછું)

(છ) પ્રા. બી. કે. કાયસ્થના તા. ૧૨–૧૧–૧૯૬૬ ના પત્રથી આ અંગેની ફરિયાદ યુનિવર્સિટી કાર્યાલયને મળી હતી.

(જ) સદરહુ ફરિયાદ પરત્વે પત્રવ્યવહાર ચાલુ હતો તે દરમિયાન આચાર્યશ્રીએ તેમના તા. ૧૯–૧૧–૧૯૭૧ના પત્રથી, શ્રી. કાયસ્થના તા. ૧૩–૩–૧૯૭૧ના પત્રની નકલ બીડી જણાવ્યું છે કે શ્રી. કાયસ્થે પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી છે. આ બાબતમાં આચાર્યશ્રી તથા શ્રી. કાયસ્થ સાથે પત્રવ્યવહાર ચાલુ છે.

(ઝ) ના, જી.

પ્રશ્ન ૬ : (ક) લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના અધ્યાપકોને છેલ્લા કેટલા મહિનાનો પગાર ચૂકવાયો નથી?

(ખ) આ અંગે યુનિવર્સિટીમાં કોઈ ફરિયાદ આવી છે?

(ગ) યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં લીધાં?

(ઘ) આ કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી.એફ. ટ્રસ્ટ રચીને રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું?

ઉત્તર ૬ : (ક) સદરહુ કૉલેજને પુછાવતાં જણાવ્યું છે કે ફકત છેલ્લા મહિનાનો પગાર ચૂકવ્યો નથી જે થોડા સમયમાં ચૂકવવાની ખાતરી આપી છે.

(ખ) ના, જી.

(ગ) દૈનિક વર્તમાનપત્રોમાં આવેલ સમાચારના આધારે આચાર્યશ્રીનું વકતવ્ય માગવામાં આવ્યું છે.

(ઘ) ના, જી.

પ્રશ્ન ૭ : મોડાસા સાયન્સ કૉલેજ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી :

(ક) આ કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી.એફ. ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું?

(ખ) (૧) તા. ૧૫--૬--૧૯૬૪થી તા. ૧૪--૬--૧૯૭૧ના સમય ગાળા દરમિયાન શ્રી. એમ. જે. પટેલે કૉલેજમાં શિક્ષકના કયા હોદ્દા પર (ટયૂટર, ડેમોન્સ્ટ્રેટર, વ્યાખ્યાતા કે પ્રોફેસર) સેવા આપી?

(૨) તે દરમિયાન કૉલેજે યુનિવર્સિટીનાં જૂનાં પગારધોરણો પ્રમાણે દરેક વર્ષે તેમને કેટલો માસિક બેઝિક પગાર તથા અન્ય ભથ્થાં ચૂકવ્યાં?

(ગ) શ્રી. પટેલને નવાં યુ.જી.સી. પગારધોરણોમાં તા. ૧--૪--૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ દરમિયાન દરેક વર્ષે કેટલા માસિક બેઝિક પગાર તથા અન્ય ભથ્થાં પર ફિકસેશન કરવામાં આવ્યું.

(ઘ) (૧) નવાં પગારધોરણો પ્રમાણે તેમને તેમની એરિયર્સની **પૂરેપૂરી** રકમ ચૂકવાઈ છે કે કેમ?

(૨) યુનિવર્સિટીને આ અંગે કોઈ ફરિયાદ મળી છે ખરી?

(૩) યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં?

ઉત્તર ૭ (ક) : ના, જી.

(ખ)(૧) : વ્યાખ્યાતા તરીકે.

(ખ)(૨) અને (ગ) } : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨૨"**માં દર્શાવી છે.

(ઘ) (૧) સુધારેલા પગારધોરણ પ્રમાણે શ્રી. એમ. જે. પટેલને મળવાપાત્ર રકમ રૂ. ૪,૪૧૫--૯૭માંથી રૂ. ૨,૭૬૪ની ચુકવણી થઈ છે, જ્યારે બાકીની રકમ માટે પહોંચ મળ્યેથી ચેક મોકલવામાં આવશે તેમ શ્રી. એમ. જે પટેલને આચાર્યશ્રીએ જણાવ્યું છે.

(૨) : હા જી.

(૩) : પ્રશ્ન ૭ (ધ) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ અંગે નીચેની માહિતી આપવા વિનંતી :

(ક) શ્રી એચ. કે. મજમુદારે ૧૫ જૂન ૧૯૬૮થી તા. ૧૪ જૂન ૧૯૭૨ સુધી આ કૉલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી છે તે હકીકત સાચી છે?

(ખ) ૧૯૬૮–૬૯ અને ૧૯૬૯–૭૦ના વર્ષ માટે તેઓને નીચે પ્રમાણેનો નિમણૂક પત્ર કૉલેજે આપેલો તેમ જ તેના સ્વીકારપત્રો પણ અધ્યાપકે સંસ્થાને આપેલા તે હકીકત સાચી છે?

Memo :

Shri H. K. Majmudar is hereby appointed as part-time Lecturer in Zoology in the Arts & Science College, Dabhoi, which is conducted by this Society on a fixed salary of Rs. 150/- (Rupees One hundred fifty only) from 15th June, 1968 for one academic year in the first instance. His appointment will be subject to the final approval of the Gujarat University Syndicate.

He is requested to let the undersigned know about his acceptance and date of joining the appointment.

Sd/- B. C. Mehta
Secretary,
Baroda District Education Society,
Dabhoi.

(૭) (૧) ૧૫ જૂન ૧૯૭૦થી ૧૪ જૂન ૧૯૭૧, ૧૫ જૂન ૧૯૭૧થી ૧૪ જૂન ૧૯૭૨ અને ૧૫ જૂન ૧૯૭૨થી ૧૪ જૂન ૧૯૭૩ એ પ્રત્યેક વર્ષ શ્રી મજમુદારની ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે તેમની નોકરીની મુદત વધારી આપવા નીચે પ્રમાણેના પત્રથી કૉલેજે શ્રી મજમુદારને જાણ કરી હતી તે હકીકત સાચી છે ?

Memo :

Shri H. K. Majmudar is hereby continued as P. T. Lecturer in Zoology in the C. N. P. F. Arts College and D. N. Science College, Dabhoi with the same salary given to him from 15th June, 1972 for one more academic year.

Sd/- B. C. Mehta
Secretary,
Baroda District Education Society,
Dabhoi.

(૨) આ પત્રનો અધ્યાપકે જવાબ આપવો એવો કોઈ અર્થ પત્રમાંથી નીકળે છે ખરો ?

(ઘ) (૧) ઉપર્યુકત પ્રશ્ન (ગ)ના સંબંધમાં ૧૯૭૦–૭૧ અને ૧૯૭૧–૭૨ના વર્ષ દરમિયાન અધ્યાપકે ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી છતાં એ પત્રનો જવાબ આપવાની કોઈ અપેક્ષા કૉલેજે વ્યકત કરી નથી તે હકીકત સાચી છે ?

(૨) જો સાચી હોય તો પછી ૧૯૭૨–૭૩ના વર્ષની મુદત વધારવા અંગે શ્રી. મજમુદારને લખેલા પત્રનો જવાબ અધ્યાપકે ન આપ્યો હોય અને તેઓ અગાઉનાં બે વર્ષોની જેમ ૧૧ જૂન ૧૯૭૨થી નોકરી પર હાજર થાય તો તેમાં શ્રી. મજમુદારનો કોઈ ગુનો ખરો ?

(૩) કૉલેજે શ્રી. મજમુદારનો જવાબ મળ્યો નથી તેવું બહાનું કાઢીને ૧૫ જૂન ૧૯૭૨થી તેઓને નોકરીમાં જોડાવા દેવામાં આવ્યા નથી તો તે અંગે યુનિવર્સિટીએ કોઈ નિર્ણય લઈને કૉલેજને જાણ કરી છે કે કેમ ?

(ચ) આ કૉલેજે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી. એફ. ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૮ : (ક) હા, જી.

(ખ) હા, જી.

(ગ) (૧) હા, જી.

(૨) પત્રનો પાઠ ઉપર મુજબ છે. આ પ્રશ્નમાં તેના અર્થ વિષે પૂછ્યું છે તેનો જવાબ અત્રે આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

(ઘ) (૧) પત્રનો પાઠ જે છે તે ઉપર આપેલ છે.

(૨) અર્થઘટનની સત્યાસત્યતામાં ઊતરવા માટે આ સ્થળે અવકાશ નથી.

(૩) ના, જી. નિર્ણય હજુ લેવાયો નથી.

(ચ) ના, જી.

[૧૪] **પ્રા. અંબુભાઈ દેસાઈએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.— પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : બી. ડી. આર્ટ્સ કૉલેજ અંગે નીચેની માહિતી આપશો :

(ક) આ કૉલેજમાં ૧૯૭૧–૭૨ના વર્ષમાં પ્રત્યેક વિષયમાં સેવા આપી રહેલા ખંડ સમયના શિક્ષકોનાં નામ, તેમનો હોદ્દો (ટયૂટર, ડેમોનસ્ટ્રેટર, લેકચરર કે પ્રોફેસર), તેમને સોંપાયેલો કાર્યભાર (વ્યાખ્યાનો તથા ટયુટોરિયલ્સ) તથા તેમને ચૂકવાયેલા માસિક વેતન સંબંધી માહિતી આપો.

(ખ) (૧) ઉપર્યુકત પ્રશ્ન (ક)ની માહિતી પ્રમાણે ખંડ સમયના પ્રત્યેક શિક્ષકને તેમને સોંપાયેલા કાર્યભાર પ્રમાણે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ વેતન ચૂકવાયું છે ખરું ?

(૨) એમાંથી કયા શિક્ષકની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ થયો છે ?

(૩) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે આ પ્રત્યેક ખંડ સમયના શિક્ષકને કેટલું માસિક વેતન મળવું જોઈએ ?

ઉત્તર ૧ : (ક) ખંડ સમયના શિક્ષકોને લગતી સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	હોદ્દો	કાર્યભાર વ્યા.	કાર્યભાર ટ્યુ.	માસિક વેતન રૂ.	ઓછામાં ઓછું મળવા પાત્ર વેતન રૂ.
(૧)	શ્રી. પી. એમ. શ્રીનિવાસચારી	અર્થશાસ્ત્ર	મુલાકાતી પ્રાધ્યાપક	૪	—	૩૦૦	—
(૨)	,, કે. કા. શાસ્ત્રી	સંસ્કૃત	,,	૨	—	૩૦૦	—
(૩)	,, એસ. એસ. ધ્રુવ	ગૃહવિજ્ઞાન	વ્યા.	૯	—	૨૦૦	૨૦૦
*(૪)	,, ડી. આર. કોન્ટ્રેક્ટર	તર્કશાસ્ત્ર	વ્યા.	૯	—	૨૦૦	૨૭૫
*(૫)	,, આર. જી. મહેતા	ગૃહવિજ્ઞાન	વ્યા.	૩+૧+૪ (પ્રા.)		૨૦૦	૨૭૫
*(૬)	,, સી. એસ. વ્યાસ	સંસ્કૃત	વ્યા.	૯	—	૨૦૦	૨૭૫
*(૭)	,, એસ. એ. શાહ	અંગ્રેજી	વ્યા.	૫	૪	૨૦૦	૨૭૫
(૮)	,, જે. જે. પંડ્યા	સંસ્કૃત	પ્રા.	૯	—	૩૫૦	૩૨૫
*(૯)	,, બી. એ. પંચાલ	અંગ્રેજી	વ્યા.	૫	૪	૨૦૦	૨૭૫
(૧૦)	ડૉ. લીલાબહેન શાહ	મનોવિજ્ઞાન	પ્રા.	૯	—	૨૦૦	૩૨૫
*(૧૧)	શ્રી. કે. એચ. ભટ્ટ	મનોવિજ્ઞાન	વ્યા.	૯	—	૨૦૦	૨૭૫
*(૧૨)	,, એ. એન. દેસાઈ	મનોવિજ્ઞાન	પ્રાધ્યાપક	૯	—	૩૦૦	૩૨૫
*(૧૩)	,, એમ. એમ. મુન્શા	ગૃહવિજ્ઞાન	વ્યા.	૩+૧+૪(પ્રા.)		૨૦૦	૨૭૫
*(૧૪)	,, એચ. આર. જોષી	ગણિત	ટ્યુ.	૬	—	૨૦૦	૨૨૫
(૧૫)	,, એન. એ. મુન્શી	ગૃહવિજ્ઞાન	ટ્યુ.	—	—	૨૦૦	—
(૧૬)	,, એ. આર. સૈયદ	ગૃહવિજ્ઞાન	ટ્યુ.	—	—	૨૦૦	—

[**નોંધ.**—ક્રમાંક ૧૫ અને ૧૬માં દર્શાવેલ શિક્ષકોની માહિતી ઑ. ૯૬ અન્વયે સદરહુ કૉલેજે મોકલેલી માહિતીમાં સમાવિષ્ટ થયેલ નથી. તેથી કાર્યભાર અને ઓછામાં ઓછું મળવા પાત્ર માસિક વેતન દર્શાવ્યું નથી.]

(ખ) (૧) ના, જી.

(૨) ઉપર પ્રશ્ન ૧ (ક)ના ઉત્તરમાં દર્શાવેલ શિક્ષકો પૈકી જે શિક્ષકોને યુનિ.નાં ધારાધોરણ પ્રમાણે ઓછામાં ઓછું માસિક વેતન ચૂકવાયું નથી તેમનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. ડી. આર. કોન્ટ્રેક્ટર
(૨) ,, આર. જી. મહેતા
(૩) ,, સી. એસ. વ્યાસ
(૪) ,, એસ. એ. શાહ
(૫) ,, બી. એ. પંચાલ
(૬) શ્રી. કે. એચ. ભટ્ટ
(૭) ,, એ. એન. દેસાઈ
(૮) ,, એમ. એમ. મુન્શા
(૯) ,, એચ. આર. જોષી.

(૩) પ્રશ્ન ૧ (ક)ના ઉત્તરમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ક) બી. ડી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજનું વિભાગીકરણ થયું તે પછી સંસ્થાએ કોઈ ખાનગી ટ્યૂશન કલાસને કૉલેજમાંથી વિજ્ઞાનની લેબોરેટરીનાં કેટલાંક સાધનો વાપરવા આપેલાં તે હકીકત સાચી છે?

(ખ) કૉલેજનું જાહેર ટ્રસ્ટ હેઠળ સંચાલન થતું હોય ત્યારે જાહેર ટ્રસ્ટનાં સાધનો(મિલકત)નો આવો ખાનગી હેતુઓ માટે ઉપયોગ થઈ શકે ખરો ?

ઉત્તર ૨ : (ક) તેમ થવાની કોઈ માહિતી આ કાર્યાલય પાસે નથી.

(ખ) આ પ્રશ્નના ઉત્તરમાં અભિપ્રાય આપવાનું અભિપ્રેત હોઈ તેનો જવાબ આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩ : બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે:

(ક) (૧) શારીરિક શિક્ષણ અને ઈતિહાસ એ બંને વિષયનું શૈક્ષણિક કાર્ય આ કૉલેજમાં શ્રી. શાંતિલાલ સી. શાહ કેટલાં વર્ષથી સંભાળી રહ્યા છે ?

(૨) શ્રી. શાંતિલાલ શાહે આ કૉલેજમાં ફિઝિકલ ઈન્સ્ટ્રકટર તરીકે તેમ જ ઈતિહાસના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી છે તે હકીકત સાચી છે?

(ખ) કૉલેજે ઑ. ૯૬ પ્રમાણે યુનિવર્સિટીને પૂરી પાડવાની માહિતીમાં શારીરિક શિક્ષણ અને ઈતિહાસનો કાર્યભાર દર્શાવવા માટે શ્રી. શાંતિલાલ સી. શાહ નામની એક જ વ્યકિતને શ્રી. એસ. સી. શાહ અને શ્રી. શાન્તિલાલ શાહ એ બે નામનો ઉપયોગ કર્યો છે તે હકીકત સાચી છે?

(ગ) (૧) ઉપરના પ્રશ્ન (ખ) માં દર્શાવેલી બાબત યુનિવર્સિટીના ધ્યાન પર કયારે આવી?

(૨) યુનિવર્સિટીએ તેના ઉપર શું પગલાં ભર્યાં ?

(ઘ) (૧) ઉપર્યુકત પ્રશ્ન (ખ) ની તપાસ કરવા નિયુકત કરેલી તપાસસમિતિની તપાસમાં કૉલેજે તે અંગેના રેકૉર્ડ્ઝ બદલવા પ્રયત્ન કર્યો હોવાની માહિતી બહાર આવી છે તે હકીકત સાચી છે?

(૨) આ તપાસસમિતિએ તેના અહેવાલમાં કૉલેજે રેકૉર્ડ્ઝ બદલવા અંગે કરેલા પ્રયાસ વિષે જે નોંધ કરી છે તે શબ્દશ: અહીં રજૂ કરવા વિનંતી છે.

ઉત્તર ૩ : (ક) (૧) ૧૯૬૬થી.

(૨) હા, જી.

(ખ) હા, જી.

(ગ) (૧) સને ૧૯૭૧--૭૨ની સદરહુ કૉલેજે મોકલેલ ઑડિ. ૯૬ અંગેની માહિતી ચકાસતાં આ બાબત યુનિવર્સિટી કાર્યાલયના ધ્યાન પર આવી.

(૨) સિન્ડિકેટે તેની તા. ૨--૭--૧૯૭૨ની સભામાં આ અંગે વિગતે તપાસ કરી અહેવાલ આપવા એક સમિતિ નીમી, જેનો અહેવાલ સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૭૨ની

સભામાં વિચારણા માટે મૂકવામાં આવતાં નીચે પ્રમાણે ઠરાવ્યું :

" શ્રી. શાંતિલાલ સી. શાહના કેસ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦-૬-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવ તરફ સદરહુ કૉલેજના આચાર્યશ્રીનું ધ્યાન દોરી તેઓને જણાવવું કે શ્રી. શાંતિલાલ સી. શાહને તેઓની કૉલેજમાં વ્યાયામશિક્ષકની જગ્યા કે ઈતિહાસના લેક્ચરરની જગ્યા, તે બે જગ્યાઓ પૈકી એક જગ્યા પસંદ કરવાનો વિકલ્પ તેમને આપવો.

વધુમાં, શ્રી. શાંતિલાલ સી. શાહને વ્યાયામશિક્ષક અને ઈતિહાસના લેક્ચરર તરીકેની કામગીરી એકસાથે સોંપી યુનિવર્સિટીનાં ધારાધોરણનો ભંગ કર્યા બદલ આચાર્યશ્રીને ઠપકો આપવો તથા ઉપર જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટીનાં ધારાધોરણનો ભંગ કરવામાં પક્ષકાર બનવા બદલ શ્રી. શાંતિલાલ સી. શાહને પણ ઠપકો આપવો. "

(ઘ) (૧) અને (૨) : હા, જી.

સદરહુ નોંધનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

" On scrutinising the pay-rolls it was found that they were tempered with in as much as the words 'Physical Instructor....grade' seemed to have been added only recently. "

પ્રશ્ન ૪ : બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અંગે નીચેની માહિતી આપવા વિનંતી છે :

(ક) (૧) તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, ગુજરાતી અને ગણિતશાસ્ત્ર એ મુખ્ય વિષયો તરીકે આ કૉલેજમાં કયા વર્ષથી શીખવવાનું શરૂ કર્યું છે ?

(૨) અને યુનિવર્સિટીનાં ધારાધોરણોની જરૂરિયાતરૂપે એ દરેક વિષયમાં પ્રોફેસરની નિમણૂક કયા વર્ષથી કરી ?

(ખ) (૧) તત્ત્વજ્ઞાનમાં પ્રો. દલાલ, ગુજરાતીમાં પ્રો. કે. બી. શાહ, સંસ્કૃતમાં પ્રો. વી. વી. પાઠક અને ગણિતશાસ્ત્રમાં પ્રો. એ. સી. ત્રિવેદીને કયા વર્ષથી કૉલેજે ઑક્ટિંગ પ્રોફેસર તથા પ્રોફેસર તરીકે નિયુકત કર્યા ?

(૨) ઑ. ૯૬ પ્રમાણે આ અધ્યાપકોનો ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯–૭૦ના વર્ષમાં કયો હોદ્દો અને કક્ષાવાર કેટલો કાર્યભાર (વ્યાખ્યાનો--ટ્યુટોરિયલ્સ) દર્શાવિલો છે ?

(ગ) (૧) ઉપર્યુકત પ્રશ્ન (ખ)માં દર્શાવિલા અધ્યાપકોનો ૧૯૬૮--૬૯ અને ૧૯૬૯–૭૦નાં વર્ષોમાં માસિક બેઝિક પગાર+અન્ય ભથ્થાં શું ચૂકવવામાં આવ્યાં ?

(૨) આ બન્ને વર્ષ દરમિયાન તેઓને એકસરખો જ બેઝિક પગાર આપ્યો છે અને તેમનો ડ્યૂ થતો ઈજાફો આપેલો નથી તે હકીકત સાચી છે ?

(૩) આ કારણે એ ચારેય અધ્યાપકોને યુ.જી.સી. સૂચિત નવાં પગારધોરણોમાં એક ઈજાફાનું કાયમી નુકસાન થાય છે તે તેમને મજરે આપવા કૉલેજ પગલાં ભરવા માગે છે કે નહીં ?

(ધ) (૧) યુનિવર્સિટીએ આ કૉલેજમાં પ્રશ્ન (ખ)માં દર્શાવેલા ચારેય અધ્યાપકોને પ્રોફેસર તરીકે કઈ તારીખે માન્યતા આપી ?

(૨) કૉલેજે આ અધ્યાપકોની માન્યતા મેળવવાનું લખાણ કયારે કર્યું ?

ઉત્તર ૪ : (ક) (૧) સદરહુ વિષયો મુખ્ય વિષય તરીકે શીખવવા માટે આ કૉલેજને તેમના નામ સામે જણાવેલ વર્ષથી જોડાણ આપવામાં આવ્યું છે :

(૧) તત્ત્વજ્ઞાન	૧૯૫૬
(૨) સંસ્કૃત	૧૯૫૮
(૩) ગુજરાતી	૧૯૫૭
(૪) ગણિતશાસ્ત્ર (બી.એસસી.માં)	૧૯૬૬

(૨) ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સદરહુ વિષયોમાં પ્રાધ્યાપકોની નિમણૂક નીચે દર્શાવેલ વર્ષોમાં થઈ હતી :

(૧) તત્ત્વજ્ઞાન	૧૯૫૬
(૨) સંસ્કૃત	૧૯૫૬
(૩) ગુજરાતી	૧૯૫૭
(૪) ગણિતશાસ્ત્ર	૧૯૬૬

(ખ) (૧) ઉપલબ્ધ થયેલી માહિતી અનુસાર તત્ત્વજ્ઞાનમાં પ્રા. પી. આર. દલાલની, ગુજરાતીમાં પ્રા. કે. બી. શાહની, સંસ્કૃતમાં પ્રા. વી. વી. પાઠકની અને ગણિતશાસ્ત્રમાં પ્રા. એ. સી. ત્રિવેદીની નિમણૂક ૧૯૬૯-૭૦માં કરવામાં આવી હતી; જ્યારે તેમની નિમણૂક, અગાઉ કાર્યકારી પ્રાધ્યાપક તરીકે થઈ હતી કે કેમ તે માહિતી કૉલેજને પુછાવવામાં આવી છે, પરંતુ તે માહિતી હજુ સુધી ઉપલબ્ધ થઈ નથી.

(૨) ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી સદરહુ કૉલેજની માહિતીમાં નીચે પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે :

				૧૯૬૮--૬૯ કાર્યભાર		૧૯૬૯--૭૦ કાર્યભાર	
ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	હોદ્દો	વ્યા.	ટ્યુ.	વ્યા.	ટ્યુ.
(૧)	શ્રી. પી. આર. દલાલ	તત્ત્વજ્ઞાન	વ્યા.	૧૫	૬	પ્રા. ૧૫	૧
(૨)	શ્રી. કે. બી. શાહ	ગુજરાતી	વ્યા.	૧૫	૧	પ્રા. ૧૫	૧
(૩)	શ્રી. વી. વી. પાઠક	સંસ્કૃત	વ્યા.	૧૬	—	પ્રા. ૧૫	૬
(૪)	શ્રી. એ. સી. ત્રિવેદી	ગણિતશાસ્ત્ર	વ્યા.	૧૪	—	પ્રા. ૧૪	૨

(ગ) (૧) કૉલેજ તરફથી ઉપલબ્ધ થયેલી માહિતીમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે :

"યુ.જી.સી.ના નવા પગારધોરણ મુજબ તફાવત આપ્યાથી રૂ. ૪૦૦ મૂળ વેતન તેઓને આપવામાં આવ્યાં છે. તે પછી પ્રતિવર્ષે તેઓને નવાં ધારાધોરણ મુજબના ઇજાફા આપ્યા છે."

(૨) તે અંગે કૉલેજને પુછાવ્યું છે, પરંતુ એ માહિતી હજુ સુધી ઉપલબ્ધ થઈ નથી.

(૩) કૉલેજ તરફથી માહિતી આવ્યેથી પ્રત્યુત્તર આપી શકાય.

(ધ) (૧) સદરહુ શિક્ષકોને પ્રાધ્યાપક તરીકે તેમનાં નામ સામે દર્શાવેલ તારીખથી માન્યતા આપવામાં આવી છે :

(૧) શ્રી. પી. આર. દલાલ	તા. ૨૩--૨--૧૯૭૦
(૨) શ્રી. કે. બી. શાહ	તા. ૨૩--૨--૧૯૭૦
(૩) શ્રી. એ. સી. ત્રિવેદી	તા. ૨૫--૩--૧૯૭૦
(૪) શ્રી. વી. વી. પાઠક	તા. ૨૧--૧૨--૧૯૭૧

(૨) સદરહુ શિક્ષકોને પ્રાધ્યાપક તરીકે માન્યતા આપવા માટે અધ્યાપકવર્ગમાં થતા ફેરફારના નિયત પત્રકમાં, સદરહુ કૉલેજે નીચેની તારીખોએ જાણ કરી :

(૧) શ્રી. પી. આર. દલાલ	તા. ૧૯--૭--૧૯૬૯
(૨) શ્રી. કે. બી. શાહ	,,
(૩) શ્રી. એ. સી. ત્રિવેદી	,,
(૪) શ્રી. વી. વી. પાઠક	,,

પ્રશ્ન ૫ : બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અંગે નીચેની માહિતી આપો :

(ક) (૧) સમાજશાસ્ત્ર, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, પર્શિયન અને જગતના ધર્મો એ વિષયોનો ૧૯૭૧--૭૨ના વર્ષોનો વર્ગ (કલાસ) વાર કાર્યભાર (વ્યાખ્યાનો તથા ટ્યુટોરિયલ્સ) ઑ. ૯૬ પ્રમાણે કૉલેજે કયા શિક્ષકોને નામે શું દર્શાવ્યો છે ?

(૨) ૧૯૭૧--૭૨ના વર્ષના આ વિષયોના કાર્યભારની ફાળવણીની ઑ. ૯૬ પ્રમાણે સઘળી વિગતો પૂરી પાડવા વિનંતી.

(ખ) (૧) આ કૉલેજમાં ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન સમાજશાસ્ત્રના વિષયમાં પ્રથમ વર્ષ વિનયન, દ્વિતીય વર્ષ વિનયન અને તૃતીય વર્ષ વિનયનમાં કેટલી વિદ્યાર્થિનીઓ હતી ?

(૨) તેમાંથી રેગ્યુલર પરીક્ષાર્થિનીઓ તરીકે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં જે તે કક્ષાએ કેટલી વિદ્યાર્થિનીઓ નોંધાઈ હતી ?

(ગ) (૧) ૧૯૭૧--૭૨ના વર્ષમાં કૉલેજમાં સમાજશાસ્ત્ર શીખવતા શિક્ષકોનાં નામ, હોદ્દો અને તેઓને વર્ગવાર ફાળવેલા કાર્યભાર(વ્યાખ્યાનો તથા ટ્યુટોરિયલ્સ)ની માહિતી આપો. એ વર્ષે એમાંથી કયા શિક્ષકો પી. જી. ટીચિંગનું કાર્ય કરતા હતા ?

(૨) એમાંથી એ વર્ષે જગતના ધર્મો પ્રી-યુનિવર્સિટી કક્ષાએ શીખવવાનું કયા શિક્ષકને સોંપાયું હતું અને તે શિક્ષક જગતના ધર્મોનો કેટલો કાર્યભાર સંભાળતા હતા ?

(૩) એ શિક્ષક જગતના ધર્મો શીખવવાની લાયકાત ધરાવતા હતા કે કેમ ?

(૪) સમાજશાસ્ત્ર વિભાગના શિક્ષકોને એ વર્ષે કુલ કાર્યભાર યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે સોંપાયો હતો કે કેમ ?

(ધ) (૧) ૧૯૭૧--૭૨માં આ કૉલેજમાં તત્ત્વજ્ઞાન વિષય અને પ્રી-યુનિવર્સિટી કક્ષાએ લૉજિક શીખવતા હોય તે શિક્ષકોનાં નામ, તેમનો હોદ્દો અને વર્ગવાર સોંપાયેલા કાર્યભારની માહિતી આપો.

(૨) આ વિષય વિભાગમાં એ વર્ષે પ્રોફેસર તરીકે શ્રી. દલાલ, ટ્યૂટર તરીકે શ્રી. કે. એમ. જોશી અને ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રીમતી દીપિકાબહેન હતાં તે હકીકત સાચી છે ?

(૩) શ્રી. દલાલ ૧૯૭૧--૭૨ના વર્ષમાં તત્ત્વજ્ઞાન વિષયમાં પી. જી. ટીચિંગ પણ કરતા હતા કે કેમ ?

(ચ) (૧) ૧૯૭૧--૭૨ના વર્ષમાં બી. ડી. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત વિભાગમાં શ્રી. વી. વી. પાઠક પૂરા સમયના પ્રોફેસર, શ્રી. જે. જે. પંડ્યા ખંડ સમયના વ્યાખ્યાતા, શ્રી. એમ. આર. શાહ પૂરા સમયના વ્યાખ્યાતા, શ્રીમતી સી. વી. વ્યાસ ખંડ સમયનાં લેકચરર, શ્રી. કે. કે. શાસ્ત્રી માનદ પ્રોફેસર તથા કુ. દક્ષાબહેને ફેલો તરીકે સેવા આપી છે, તે હકીકત સાચી છે ?

(૨) આ શિક્ષકોમાંથી એ વર્ષે કયા શિક્ષકો પી. જી. ટીચિંગનું કાર્ય કરતા હતા ?

(૩) આ વિભાગના ઉપર દર્શાવેલા શિક્ષકોને એ વર્ષે કયા કયા વર્ગમાં કયા વિષયનો કેટલો કાર્યભાર (વ્યાખ્યાનો વત્તા ટ્યુટોરિયલ્સ) સોંપવામાં આવેલો ?

(૪) દરેક શિક્ષકને એ વર્ષે સોંપેલો કાર્યભાર યુનિવર્સિટીના નિયમો પ્રમાણે હતો કે કેમ ?

(૫) આ શિક્ષકોમાંથી કોઈ શિક્ષક એ વર્ષે સંસ્કૃત સિવાયનો કોઈ વિષય કૉલેજમાં શીખવતા હોય એવી માહિતી ઑ. ૯૬ પ્રમાણે કૉલેજે મોકલવાની વિગતોમાં દર્શાવી છે ખરી ?

(છ) (૧) ૧૯૭૧--૭૨માં આ કૉલેજમાં પ્રી-યુનિ. વિનયન અને એફ.વાય.બી.એ. કક્ષાએ સંસ્કૃતના વિકલ્પે પર્શિયન વિષય શીખવાતો હતો કે કેમ અને તે કક્ષાએ એ વિષયનો કાર્યભાર કેટલો હતો ?

(૨) એ વર્ષે પર્શિયન વિષય એફ.વાય.બી.એ. અને એસ.વાય.બી.એ. કક્ષાએ ગૌણ વિષય તરીકે શીખવાતો હતો કે કેમ અને તે દરેક કક્ષાએ તેનો કાર્યભાર કેટલો હતો ?

(૩) ૧૯૭૧—૭૨ના વર્ષમાં પર્શિયન વિષયનો કુલ કાર્યભાર ૧૮ વ્યાખ્યાન તાસનો હતો તે હકીકત સાચી છે ?

(૪) આ કાર્યભાર કૉલેજે કયા શિક્ષક કે શિક્ષકોમાં એ વર્ષે ફાળવ્યો હતો ?

(૫) એ વર્ષે ઑ. ૯૬ પ્રમાણે કૉલેજે આપવાની માહિતીમાં પર્શિયન વિષયનો વર્ગવાર કાર્યભાર (વ્યાખ્યાનો વત્તા ટયુટોરિયલ્સ) કયા શિક્ષકોને નામે દર્શાવેલો તેની માહિતી આપો.

(જ) (૧) ૧૯૭૧—૭૨ના વર્ષમાં કૉલેજમાં માનસશાસ્ત્ર વિષયમાં એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. કક્ષાએ કેટલી વિદ્યાર્થિનીઓ હતી અને તેમાંથી યુનિર્સિટી પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે જે તે કક્ષાએ કેટલી વિદ્યાર્થિનીઓ નોંધાઈ હતી ?

(૨) એ વર્ષે માનસશાસ્ત્ર વિષયમાં એફ.વાય.બીએ., એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. કક્ષાએ કેટલો કાર્યભાર (વ્યાખ્યાનો વત્તા ટયુટોરિયલ્સ) હતો ?

(૩) એ વર્ષે માનસશાસ્ત્રનો કાર્યભાર કયા શિક્ષકોમાં કેટલો ફાળવવામાં આવ્યો હતો ?

(૪) માનસશાસ્ત્ર વિષયમાં ૧૯૭૧—૭૨ના વર્ષમાં શ્રી. એમ. એ. પરીખ પૂરા સમયના પ્રોફેસર, શ્રી.એ. એન. દેસાઈ ખંડ સમયના પ્રોફેસર અને કુ. કે. એચ. ભટ્ટે ખંડ સમયના લેક્ચરર તરીકે આ કૉલેજમાં સેવાઓ આપી છે તે હકીકત સાચી છે ?

(૫) એમાંથી શ્રી. એમ. એ. પરીખ એ વર્ષે પી.જી. ટીચિંગનું પણ કામ કરતા હતા કે કેમ ?

(૬) માનસશાસ્ત્ર વિભાગમાં એ વર્ષે (૪)માં દર્શાવેલા શિક્ષકો ઉપરાંતના કોઈ શિક્ષકો શૈક્ષણિક કાર્ય કૉલેજમાં કરતા હતા કે કેમ ?

(ઝ) બી. ડી. આર્ટ્સ કૉલેજમાં ૧૯૭૧—૭૨ના વર્ષે પ્રી-યુનિવર્સિટી કક્ષાએ જગતના ધર્મો જે શિક્ષકો શીખવતા હતા તે શીખવનાર શિક્ષકો એ વિષય શીખવવા માટે લાયકાત ધરાવતા હતા કે કેમ ?

ઉત્તર ૫ : (ક) (૧) અને (૨) : ઑર્ડિ. ૯૬માં જે તે વિષયના શિક્ષકોને અપાતો કુલ કાર્યભાર દર્શાવવાનો હોય છે, તે જોતાં શિક્ષકોની વર્ગવાર કાર્યભારની માહિતી ઑર્ડિ. ૯૬માંથી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. સદરહુ શિક્ષકો અંગેની તે સિવાયની ઉપલબ્ધ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) સમાજશાસ્ત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ	કાર્યભાર	
		વ્યા.	ટયુ.
(૧)	પ્રા. સનત જોષી	૧૨	—
(૨)	શ્રી. એન. પી. શુકલ	૧૫	૬
(૩)	શ્રી. એન. એસ. દેસાઈ	૧૫	૬
	કુલ ...	૪૨	૧૨

(૨) સંસ્કૃત

ક્રમાંક	શિક્ષકનું નામ	કાર્યભાર વ્યા.	ટ્યુ.
(૧)	પ્રા. જે. જે. પંડ્યા (ખંડ સમયના પ્રાધ્યાપક)	૯	—
(૨)	પ્રા. વાસુદેવ પાઠક	૧૫	૪
(૩)	શ્રી. મલુકચંદ શાહ	૧૫	૪
(૪)	શ્રીમતી ચંદ્રિકાબહેન પાઠક (ખંડ સમયનાં વ્યાખ્યાતા)	૯	—
	કુલ ...	૪૮	૮

(૩) માનસશાસ્ત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ	કાર્યભાર વ્યા.	ટ્યુ.
(૧)	પ્રા. મધુરીબહેન પરીખ	૮	૩
(૨)	શ્રી. કલ્પનાબહેન ભટ્ટ (ખંડ સમયનાં વ્યાખ્યાતા)	૯	—
(૩)	ડૉ. અરવિંદ દેસાઈ (મુલાકાતી પ્રાધ્યાપક)	૯	—
	કુલ ...	૨૬	૩

(૪) તત્ત્વજ્ઞાન

ક્રમાંક	શિક્ષકનું નામ	કાર્યભાર વ્યા.	ટ્યુ.
(૧)	પ્રા. મધુરીબહેન પરીખ	૭	—
(૨)	પ્રા. પરિમલ દલાલ	૧૫	૩
(૩)	શ્રી. દીપિકાબહેન કોન્ટ્રાક્ટર (ખંડ સમયનાં વ્યાખ્યાતા)	૯	—
(૪)	શ્રી. કે. એમ. જોષી (ટ્યૂટર)	૯	૧૨
	કુલ ...	૪૦	૧૫

(૫) ફારસી

શિક્ષકનું નામ	કાર્યભાર વ્યા.	ટ્યુ
શ્રી ઉરેઝી	૧૫	૬

(૬) જગતના ધર્મો

' જગતના ધર્મો ' વિષયનો કાર્યભાર ૧૯૭૦—૭૧ની ઑર્ડિ. ૯૬ અન્વયેની માહિતીમાં દર્શાવવામાં આવેલો નથી, પરંતુ ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એસ. ટી. જોષી અને સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એન. પી. શુક્લ વચ્ચે જગતના ધર્મોના ૬ તાસ ફાળવવામાં આવ્યા હતા.

(ખ) (૧) સને ૧૯૭૧-૭૨ દરમિયાન સમાજશાસ્ત્ર વિષયમાં નીચે પ્રમાણે સંખ્યા હતી :

એફ.વાય.બી.એ.	૭૭
એસ.વાય.બી.એ.	૯૧
ટી.વાય.બી.એ.	૮૪

(૨) આ કૉલેજમાં મુખ્ય અને ગૌણ કક્ષાએ સમાજશાસ્ત્ર વિષયમાં સને ૧૯૭૧—૭૨ના વર્ષમાં નીચે પ્રમાણે વિદ્યાર્થિનીઓ નીચેની પરીક્ષાઓ આપવા માટે નોંધાઈ હતી :

પ્રથમ વર્ષ — ૧૨૩, દ્વિતીય વર્ષ — ૧૫૫, તૃતીય વર્ષ — ૮૪.

(ગ) (૧) સમાજશાસ્ત્ર વિષયમાં પ્રત્યેક શિક્ષકના વર્ગવાર કાર્યભાર અંગેની માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી. તે માટે કૉલેજને લખવામાં આવેલું છે. જ્યારે તે વર્ષે સમાજશાસ્ત્રના ત્રણ શિક્ષકો પૈકી પ્રો. સનત ટી. જોષી અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરતા હતા. પ્રશ્નમાં માગેલી અન્ય માહિતી માટે પ્રશ્ન ૫ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

(૨) ઉપલબ્ધ થયેલી માહિતી અનુસાર સને ૧૯૭૧-૭૨માં પ્રી-યુનિવર્સિટી કક્ષાએ જગતના ધર્મો શીખવવાનું કામ સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એસ. ટી. જોષી તથા સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એન. સી. શુકલને સોંપવામાં આવ્યું હતું, તથા જગતના ધર્મોના કુલ ૬ તાસ આ બન્ને શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યા હતા.

(૩) ના, જી.

(૪) ના, જી.

(ઘ) (૧) સને ૧૯૭૧--૭૨ના વર્ષમાં તત્ત્વજ્ઞાનના વિષયમાં તેના શિક્ષકો વચ્ચે વર્ગવાર કાર્યભારની વહેંચણી અંગેની માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ

નથી. તે માટે કૉલેજને લખવામાં આવ્યું છે; તે સિવાયની અન્ય માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કાર્યભાર	
			વ્યા.	ટ્યુ.
	તત્ત્વજ્ઞાન			
(૧)	શ્રી. પરિમલ દલાલ	પ્રાધ્યાપક	૧૫	૩
(૨)	શ્રીમતી દીપિકા કૉન્ટ્રાક્ટર	ખંડ સમયનાં વ્યાખ્યાતા	૯	—
(૩)	શ્રી. કે. એમ. જોષી	ટ્યૂટર	૯	૧૨
(૪)	શ્રીમતી મધુરીબહેન પરીખ	પ્રાધ્યાપક	૭*	—

[* ઉપલબ્ધ માહિતીમાંથી પ્રી-યુનિવર્સિટીમાં લૉજિકના કેટલા તાસ લે છે તે જાણી શકાયું નથી.]

તર્કશાસ્ત્ર

કૉલેજ તરફથી જે માહિતી ઉપલબ્ધ થઈ છે તેમાં તર્કશાસ્ત્રનું શિક્ષણકાર્ય શ્રીમતી મધુરીબહેન પરીખ કરે છે તેમ જણાવ્યું છે, જ્યારે તેમને સોંપાયેલ કાર્યભાર અંગેની માહિતી જણાવી નથી.

(૨) : હા, જી.

(૩) : હા, જી.

(ચ) (૧) સને ૧૯૭૧–૭૨ ના વર્ષની સદરહુ કૉલેજની ઑડિ. ૯૬ અન્વયેની માહિતીમાં સંસ્કૃત વિષયમાં પ્રા. કે. કા. શાસ્ત્રીનું નામ કે કુ. દક્ષાબહેનનું નામ દર્શાવવામાં આવ્યું નથી, તે સિવાયના ચારે અધ્યાપકોએ તે વર્ષે સંસ્કૃત વિભાગમાં પ્રશ્નમાં જણાવ્યા મુજબની કક્ષાઓ સેવાઓ આપી છે.

(૨) ઉપર જણાવેલા ચાર શિક્ષકો ઉપરી શ્રી. જે. જે. પંડ્યા અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરતા હતા.

(૩) સંસ્કૃતના વિષયમાં વર્ગવાર કાર્યભાર અંગેની માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી. તે માટે તે કૉલેજને લખવામાં આવ્યું છે. તે સિવાયની માહિતી માટે ઉપર પ્રશ્ન ૫ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

(૪) હા, જી.

(૫) ના, જી.

(છ) (૧) ૧૯૭૧–૭૨માં પ્રી-યુનિ. વિનયન અને એફ.વાય.બી.એ. કક્ષાએ સંસ્કૃતના વિકલ્પે ફારસી વિષય શીખવાતો હતો કે કેમ તે અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, જ્યારે ફારસીનો કુલ કાર્યભાર ૧૮નો હતો તેમ કૉલેજે જણાવ્યું છે.

(૨) સને ૧૯૭૧–૭૨માં પર્શિયન વિષય એફ.વાય.બી.એ. અને એસ.વાય.બીએ.માં ગૌણ કક્ષાએ શીખવાતો હતો. પ્રત્યેક વર્ગમાં તે કાર્યભારની વહેંચણી અંગેની માહિતી ઉપલબ્ધ નથી. તે માટે કૉલેજને લખવામાં આવ્યું છે.

(૩) હા, જી.

(૪) સને ૧૯૭૧--૭૨માં પર્શિયન વિષય માટે, ઑર્ડિ. ૯૬માં એક જ પૂરા સમયના વ્યાખ્યાતા શ્રી ઉરેઝી દર્શાવ્યા છે, જે ૧૫ વ્યાખ્યાન તથા ૬ ટ્યુટોરિયલ લેતા હતા તેમ જણાવ્યું છે.

(૫) પર્શિયન વિષયમાં વર્ગવાર કાર્યભારની માહિતી ઉપલબ્ધ નથી. તે માટે કૉલેજને લખવામાં આવ્યું છે.

તે સિવાયની માહિતી માટે ઉપર પ્રશ્ન ૫ (છ) (૪)નો ઉત્તર જોવા વિનંતી છે.

(જ) (૧) સદરહુ વિષયમાં નીચે પ્રમાણે વિદ્યાર્થિનીઓ હતી :

એફ.વાય.બી.એ.	૯
એસ.વાય.બી.એ.	૧૨
ટી.વાય.બી.એ.	૧૪

તથા યુનિવર્સિટીની નીચેની પરીક્ષામાં મુખ્ય અને ગૌણ કક્ષાએ નીચે પ્રમાણે વિદ્યાર્થિનીઓ નોંધાઈ હતી :

એફ.વાય.બી.એ.	૧૦૫
એસ.વાય.બી.એ.	૧૨૧
ટી.વાય.બી.એ.	૧૫

(૨) વર્ગવાર કાર્યભારની માહિતી ઉપલબ્ધ નથી; તે અંગે કૉલેજને લખવામાં આવેલું છે.

(૩) ઑર્ડિ. ૯૬ અન્વયે કૉલેજે મોકલેલ માહિતીમાં મનોવિજ્ઞાનનો કુલ કાર્યભાર નીચેના શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યો હતો :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કાર્યભાર વ્યા.	કાર્યભાર ટ્યુ.
(૧)	પ્રા. મધુરીબહેન પરીખ	પ્રાધ્યાપક	૮	૩
(૨)	શ્રીમતી કલ્પના ભટ્ટ	ખંડ સમયનાં વ્યાખ્યાતા	૯	—
(૩)	ડૉ. અરવિંદ દેસાઈ	મુલાકાતી પ્રાધ્યાપક	૯	—
(૪)	ડૉ. લીલાબહેન શાહ	ખંડ સમયનાં પ્રાધ્યાપક	૭	—

(૪) હા, જી. પ્રશ્નમાં જણાવેલ શિક્ષકો ઉપરાંત ડૉ. લીલાબહેન શાહને મનોવિજ્ઞાન વિષયમાં સાત વ્યાખ્યાનનું કાર્ય ઑર્ડિ. ૯૬ની માહિતીમાં દર્શાવવામાં આવ્યું છે.

(૫) હા, જી.

(૬) ઉપરના પ્રશ્ન ૫ (જ) (૪)નો ઉત્તર જોવા વિનંતી છે.

(ઝ) ઉપરના પ્રશ્ન ૫ (ગ) (૩)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ક) (૧) અમદાવાદ સાયન્સ કૉલેજે જે તે વિષયમાં માગેલા એફિલિયેશન માટે યુનિવર્સિટીએ મૂકેલી કઈ શરતોનું હજી સુધી પરિપાલન કર્યું નથી ?

(૨) યુનિવર્સિટીએ તે કૉલેજને એફિલિયેશન આપવાની ભલામણ કરી છે કે કેમ ?

(ખ) (૧) અમદાવાદ સાયન્સ કૉલેજ. એફિલિયેશનની શરતોને પરિપૂર્ણ કરવાના જવાબમાં જણાવે છે કે બોટેનિકલ ગાર્ડન માટે બાગ તૈયાર થઈ રહ્યો છે, તો તે હકીકત સાચી છે ?

(૨) એફિલિયેશનની ભલામણ કરતાં પહેલાં આ "બાગ તૈયાર થઈ રહ્યો છે" તેની જાતતપાસ યુનિવર્સિટીએ કરી હતી ખરી ?

(૩) આ બાગની જગ્યા ક્યાં આવેલી છે ?

ઉત્તર ૬ : (ક) (૧) નીચેની શરતોનું પાલન થયું નથી :

(૧) બોટેનિકલ ગાર્ડનની વ્યવસ્થા કરવાની; તથા

(૨) પ્રૉવિડંટ ફંડ અંગેના સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અમલ.

(૨) ના, જી.

(ખ) (૧) હા, જી.

(૨) સદરહુ કૉલેજના જોડાણ માટે હજુ સુધી ભલામણ કરવામાં આવેલ નથી.

(૩) સદરહુ બાગની જમીન વાસણામાં રાખી હોવાનું કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૭ : કૉલેજોમાં કેટલીક જરૂરી સાધનસગવડો હોવા અંગે નીચે પ્રમાણેની માહિતી આપશો :

(ક) પ્રત્યેક કૉલેજ માટે કૉલેજનું મકાન, પુસ્તકાલય, વાચનાલય, હૉસ્ટેલ, કેન્ટીન, મુતરડીઓ, વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓના ખંડ, રમતનું મેદાન, વગેરે હોવા વિષે કૉલેજની એફિલિયેશનની શરતોની જોગવાઈઓ વિષેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોની વિગતવાર માહિતી આપો.

(ખ) પ્રશ્ન (ક)માં દર્શાવેલી સગવડો કોઈ એક ટ્રસ્ટ સંચાલિત બે કે તેથી વધુ કૉલેજો માટે સહિયારી હોય તે ચાલી શકે ખરી ?

(ગ) (૧) નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અને વિવેકાનંદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ એ પ્રત્યેક ટ્રસ્ટ સંચાલિત કૉલેજો કેટલી છે ?

(૨) તેમાં સવારની, બપોરની અને સાંજની કૉલેજો કેટલી ?

(૩) આ પ્રત્યેક કૉલેજોને ઉપર્યુકત પ્રશ્ન (ક)ની માહિતી પ્રમાણે વિદ્યાર્થી સંખ્યાને પર્યાપ્ત બને તે રીતે પૂરતી સગવડો છે ખરી ?

(૪) પછી સહિયારી સગવડોથી અને વિદ્યાર્થી-સંખ્યાને ધ્યાનમાં લીધા સિવાય એ ટ્રસ્ટો કૉલેજો ચલાવે છે ?

(ઘ) પ્રશ્ન (ગ) માં દર્શાવેલા દરેક ટ્રસ્ટની પ્રત્યેક કૉલેજોમાં હાલ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીની સંખ્યા કેટલી છે ?

(ચ) (૧) અમદાવાદ કેળવણી ટ્રસ્ટની અમદાવાદની કૉલેજો માટેના મકાનના ઉપરના બે મજલા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને મંજૂર કરેલા નથી તે હકીકત સાચી છે?

(૨) યુનિવર્સિટી આ અંગેની માહિતી મ્યુનિસિપાલિટીમાંથી મેળવીને રજૂ કરે તેવી વિનંતી.

(છ) ઉપર્યુકત (ગ) માં દર્શાવેલ પ્રત્યેક ટ્રસ્ટની કૉલેજોનાં પી.એફ. ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયાં છે ખરાં ?

ઉત્તર ૭ : (ક) સદરહુ બાબતો અંગેનાં ધારાધોરણ માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ) અને (ઈ) તથા તે અન્વયે જે તે કૉલેજોના જોડાણ અન્વયે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાંના મુદ્દા ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯ તથા ૧૦ જોવા વિનંતી. (સદરહુ સૂચનાઓની નકલ **પરિશિષ્ટ "૨૩"** તરીકે સામેલ છે.)

(ખ) મકાન, પુસ્તકાલય, વાંચનાલય, કેન્ટીન, ઈત્યાદિ બાબતોમાં સંતોષકારક સગવડો હોય તો એક મંડળ હેઠળ ચાલતી કૉલેજો તેનો સહિયારી રીતે ઉપયોગ કરે તો તે ચાલી શકે.

(ગ) (૧) અને (૨) : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

		સવારની	બપોરની	સાંજની
૧. નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ	૫	૩	૨	—
૨. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ	૪	૨	૨	—
૩ ગુજરાત કેળવણી ટ્રસ્ટ	૩	૨	૧	—

(**નોંધ.**— મોતીલાલ નહેરુ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજમાં કૉમર્સના વર્ગો બપોરના તથા કાયદાની વિદ્યાશાખાના વર્ગો સવારના લેવાય છે.)

૪. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન	૫	૨	૨	૧

[**નોંધ.**—(૧) વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજમાં વાણિજ્ય વિદ્યાશાખાના વર્ગો બપોરના તથા કાયદાની વિદ્યાશાખાના વર્ગો સાંજે લેવાય છે.

(૨) વિવેકાનંદ એજ્યુકેશન ઍન્ડ લૉ કૉલેજમાં શિક્ષણશાસ્ત્રના વર્ગો બપોરના તથા કાયદાની વિદ્યાશાખાના વર્ગો સાંજના લેવાય છે.]

(૩) જોડાણની શરતોનું સંતોષકારક પરિપાલન થયેથી જોડાણ આપવામાં આવેલું છે.

(૪) ઉપર પ્રશ્ન ૭ (ગ) (૩)નો ઉત્તર જોવા વિનંતી છે.

(ધ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિદ્યાર્થી-સંખ્યા	વિદ્યાર્થિની-સંખ્યા	કુલ
(૧)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ	૮૧૫	૮૩૫	૧૬૫૦
(૨)	નવગુજરાત કૉમર્સ કૉલેજ	૧૪૪૫	૨૦૫	૧૬૫૦
(૩)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય	૧૪૨૧	૨૨૯	૧૬૫૦
(૪)	નવગુજરાત લૉ કૉલેજ	૪૨૦	૩૫	૪૫૫
(૫)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ			
(૬)	અમદાવાદ સાયન્સ કૉલેજ	૧૧૯૩	૧૬૯	૧૩૬૨
(૭)	અમદાવાદ કૉમર્સ કૉલેજ	૧૫૫૨	૯૮	૧૬૫૦
(૮)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	૧૧૬ ૧૩	૮૨ ૧૯૮ ૯ ૨૨	૨૨૦
(૯)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	૮૨	૩૩	૧૧૫
(૧૦)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ	૮૨૭	૩૫૩	૧૧૮૦
(૧૧)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ	૧૫૦૪	૧૨૧	૧૬૨૫
(૧૨)	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ	કૉમર્સ ૨૩૨ લૉ ૫૨૯	૩૭ ૬૫	૨૬૯ ૫૯૪
(૧૩)	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ			
(૧૪)	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ	૧૦૩૭	૮૮	૧૧૨૫
(૧૫)	વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ	૪૫૭ કૉમર્સ લૉ ૨૪૫	૪૪ ૩૫	૫૦૧ ૨૮૦
(૧૬)	વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ	૫૦	૬૫	૧૧૫
(૧૭)	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા	બી.એડ. ૯૨ લૉ ૧૨૬	૧૮ ૬	૧૧૦ ૧૩૨

(ચ) (૧) સદરહુ માહિતી માટે અમદાવાદ કેળવણી ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીને પૂછવામાં આવ્યું છે. માહિતી ઉપલબ્ધ થઈ નથી.

(૨) ઉપરનો પ્રશ્ન ૭ (ચ) (૧) જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

(છ) ના, જી.

[૧૫] **શ્રી. ખોડાભાઈ એમ. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો પ્રમાણે કઈ કઈ કૉલેજોએ **પી.એફ. ટ્રસ્ટની રચના** કરી છે ?

(ખ) તેવી કૉલેજોના પી.એફ. ટ્રસ્ટમાં નિયુક્ત થયેલ વ્યકિતઓનાં નામ અને હોદ્દો જણાવશો.

ઉત્તર ૧ : (ક) અને (ખ) સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨૪"**માં આપવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ક) (૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકોને મળતા ઘરભાડા ભથ્થામાં સુધારો કરવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં કઈ કઈ સેનેટ સભામાંની કામકાજની યાદીમાં પ્રસ્તાવો સામેલ કરાયા હતા ?

(૨) તેમાંથી કૉરમના અભાવે કે અન્યથા તે ઠરાવો રજૂ ન થઈ શકયા હોય તેવું કઈ સેનેટ સભાઓમાં બન્યું છે ?

(૩) કઈ સેનેટ સભાઓમાં તે અંગેનો ઠરાવ પસાર થયો છે ?

(ખ) (૧) છેલ્લાં પાંચ વર્ષમાં કઈ કઈ સિન્ડિકેટની સભાએ કૉલેજના શિક્ષકોના ઘરભાડા ભથ્થામાં ફેરફાર કરવા અંગે વિચારણા કરી અને તે દરેક સભામાં શું ઠરાવવામાં આવ્યું ?

(૨) આજ સુધીમાં એકથી વધુ વાર સિન્ડિકેટે બીજી યુનિવર્સિટીઓમાંથી માહિતી મંગાવીને વિચારવાનું રાખવું એમ ઠરાવેલ હોવાનું મને યાદ છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨ : (ક) (૧) છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલ તારીખોએ મળેલ સેનેટની સભાની કામકાજની યાદીમાં કૉલેજોના શિક્ષકોના ઘરભાડા ભથ્થામાં સુધારો કરવા માટેના પ્રસ્તાવો સામેલ કરવામાં આવેલ હતા :

(૧) તા. ૨૪/૨૫/૨૬--૩—૧૯૭૨

(૨) તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧

(૩) તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧.

(૨) ઉપર જણાવેલી સેનેટની ત્રણે સભાના છેલ્લા દિવસે કૉરમના અભાવે સભાનું કામકાજ બંધ થતાં સદરહુ પ્રસ્તાવોની વિચારણા હાથ ધરી શકાઈ નહોતી.

(૩) સેનેટે આ અંગે કોઈ ઠરાવ પસાર કર્યો નથી.

(ખ) (૧) છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલ તારીખોએ મળેલ સિન્ડિકેટની સભામાં કૉલેજોના શિક્ષકોના ઘરભાડા ભથ્થામાં સુધારો કરવા અંગેની બાબત વિચારણા માટે આવી હતી અને તે અંગે નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે :

તા. ૬/૭--૧૨--૧૯૬૯

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોને ઘરભાડા ભથ્થાં આપવા અંગે બીજી જોડાણ આપતી યુનિવર્સિટીઓમાં શા નિયમો પ્રવર્તે છે તે અંગે માહિતી મંગાવીને સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું."

તા. ૧૧/૧૨--૪--૧૯૭૦

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના ઘરભાડા ભથ્થાના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહિ."

(૨) હા, જી.

[૧૬] **પ્રા. એ. ટી. દેસાઈએ** નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ—પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં ગત વર્ષે તેમ જ કેટલીક અન્ય હાઈસ્કૂલમાં કે બીજે નોકરી કરતી વ્યકિતઓનાં, શિક્ષકગણમાં નામ બતાવવામાં આવ્યાં છે તેવી ફરિયાદ યુનિવર્સિટીને મળી છે ખરી ?

(ખ) આ બાબતમાં શું ફરિયાદ હતી ?

(ગ) અને તેના અંગે કોઈ તપાસ કરવામાં આવી હતી ?

(ઘ) અને તેનું શું પરિણામ આવ્યું હતું ?

ઉત્તર ૧ : (ક) હા, જી.

(ખ) સદરહુ કૉલેજમાં નોકરી કરતા ચારેક શિક્ષકો માધ્યમિક શાળામાં પણ નોકરી કરતા હોવાની ફરિયાદ હતી.

(ગ) હા, જી.

(ઘ) ફરિયાદમાં વજૂદ જણાયું ન હતું.

[૧૭] **આચાર્ય બી. એમ. પીરજાદાએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.— પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : કૉલેજો જે પુસ્તકોની ખરીદી કરતી હોય તેના વેચાણમાં ધંધાકીય હિત ધરાવતી વ્યકિતઓ, અમદાવાદ આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ ગ્રુપમાં તેમ જ એસ. વી. કૉમર્સ, આર્ટ્સ ગ્રુપની કૉલેજોમાં તેમ જ નવગુજરાત ગ્રુપની કૉલેજોમાં ટ્રસ્ટીઓ તરીકે છે, તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : સદરહુ માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી. તે માટે કૉલેજોને લખવામાં આવ્યું છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

કૉલેજોને લખવામાં આવ્યું છે, માહિતી આવી નથી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પ્રશ્નોના જવાબો મોકલાવ્યા પછી કાર્યાલય પાસે કેટલીક માહિતી આવી છે.

પ્રશ્ન ૨ : અમદાવાદ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજોમાં સ્ટુડન્ટ્સ એઇડ ફંડની લાઇબ્રેરી તેમ જ કૉલેજની લાઈબ્રેરી માટે તેમ જ યુ.જી.સી.ના પૈસાથી જે ગુજરાતી પુસ્તકો ખરીદાય છે તેમાં આવા ટ્રસ્ટીઓ જે પ્રકાશન સંસ્થાઓમાં હિત ધરાવતા હોય તે જ પ્રકાશન સંસ્થાનાં જ મોટા ભાગનાં પુસ્તકો હોય છે તે વાત સાચી છે ?

ઉત્તર ૨ : સદરહુ માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી. તે માટે કૉલેજોને લખવામાં આવેલું છે.

પ્રશ્ન ૩ : " ભારત પ્રકાશન " નામની પ્રકાશન સંસ્થા જોડે સંકળાયેલા શ્રી. રસિકલાલ ગો. શાહ અને તેમના ભાઈઓ કઈ કઈ કૉલેજનું સંચાલન કરતાં ટ્રસ્ટીમંડળોમાં છે, તેની વિગત આપશો ?

ઉત્તર ૩ : યુનિવર્સિટી કાર્યાલય પાસે જે માહિતી છે તેમાં નીચેની કૉલેજોનું સંચાલન કરનાર ટ્રસ્ટીઓમાં શ્રી. રસિકલાલ ગો. શાહનું નામ છે :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૪)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૬)	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૭)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૮)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૯)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
(૧૦)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ
(૧૧)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૧૨)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
(૧૩)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
(૧૪)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા.

શ્રી. રસિકલાલ ગો. શાહ કઈ પ્રકાશન સંસ્થા સાથે જોડાયેલા છે તે અંગેની માહિતી આ કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી; જ્યારે નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ સદ્‌ગૃહસ્થો તે કૉલેજનું સંચાલન કરનાર ટ્રસ્ટીમંડળમાં છે :

ક્રમાંક	કૉલેજનું નામ	સદ્‌ગૃહસ્થનું નામ
(૧)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કનુભાઈ ગોરધનદાસ શાહ
(૨)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કનુભાઈ ગોરધનદાસ શાહ
(૩)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કનુભાઈ ગોરધનદાસ શાહ
(૪)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) ચંદુલાલ ગોરધનદાસ શાહ (૨) મનુભાઈ ગોરધનદાસ શાહ (૩) મફતલાલ ગોરધનદાસ શાહ
(૫)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) ચંદુલાલ ગોરધનદાસ શાહ (૨) મનુભાઈ ગોરધનદાસ શાહ (૩) મફતલાલ ગોરધનદાસ શાહ

ક્રમાંક	કૉલેજનું નામ	સદ્‌ગૃહસ્થનું નામ
(૬)	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) ચંદુલાલ ગોરધનદાસ શાહ (૨) મનુભાઈ ગોરધનદાસ શાહ (૩) મફતલાલ ગોરધનદાસ શાહ
(૭)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર	પ્રવીણચંદ્ર ગો. શાહ
(૮)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા.	કનુભાઈ ગોરધનદાસ શાહ

પ્રશ્ન ૪ : (ક) એ વાત સાચી છે કે શ્રી. રસિકલાલ ગો. શાહ અને તેમના ભાઈઓ કેટલીક કૉલેજોનું સંચાલન કરતાં પબ્લિક ટ્રસ્ટો(દા.ત. એસ. વી. ગ્રુપની કૉલેજોનું ટ્રસ્ટ)માં બહુમતી ધરાવે છે?

(ખ) જે ટ્રસ્ટ કૉલેજોનું સંચાલન કરતું હોય તેના ટ્રસ્ટીઓ, કૉલેજો ખરીદે તેને માલ (પુસ્તકો સહિત) વેચવામાં ધંધાકીય હિત ધરાવતા હોય, તેવી પરિસ્થિતિ કેળવણીના સંચાલનના આદર્શ જોડે બંધબેસતી નથી, એમ યુનિવર્સિટી માને છે?

ઉત્તર ૪ : (ક) તે અંગે આ કાર્યાલય પાસે માહિતી નથી.

(ખ) આ પ્રશ્ન અભિપ્રાયનો હોઈ, તેનો જવાબ અત્રે આપવાનું શક્ય નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ટ્રસ્ટી મંડળમાં કોણ છે, તેમનાં નામ આપવાં પડે તે વાત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તેઓ એક જ કુટુંબના સભ્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તેનું તારણ કાઢવું પડે.

પ્રશ્ન ૫ : (ક) જુદી જુદી કૉલેજોનાં ટ્રસ્ટીમંડળોમાં એવી કેટલી વ્યકિતઓ છે, જે ત્રણ કે વધુ કૉલેજો ચલાવતા એક કે વધુ ટ્રસ્ટીમંડળોમાં હોય ?

(ખ) એમનાં નામ તેમ જ તે કયા કયા ટ્રસ્ટીમંડળમાં છે તે, તેમની શૈક્ષણિક લાયકાત, વ્યવસાય અને તે સંસ્થાઓને તેમણે જે દાન આપેલ હોય તો એની વિગતો આપી શકશો ? આ વિગતો નીચે આપેલા કોઠામાં આપી શકાશે ?

નામ	ટ્રસ્ટનું નામ	ટ્રસ્ટ કે કૉલેજનું સંચાલન કરે છે તેનું નામ	તેમની શૈક્ષણિક લાયકાત	તેમનો વ્યવસાય	તેમણે ઉપરોકત કૉલેજોને આપેલું દાન (કૉલેજ દીઠ)	દાનની રકમ
૧	૨	૩	૪	૫	૬	૭

ઉત્તર ૫ : (ક) અને (ખ) : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨૫"**માં દર્શાવી છે.

પ્રશ્ન ૬ : (ક) અમદાવાદ સેકન્ડરી ટીચર્સ કૉલેજમાં ગત વર્ષે તેમ જ કેટલીક અન્ય હાઈસ્કૂલમાં કે બીજે નોકરી કરતી વ્યકિતઓનાં શિક્ષકગણમાં નામ બતાવવામાં આવ્યાં છે તેવી ફરિયાદ યુનિવર્સિટીને મળી હતી ખરી?

(ખ) આ બાબતમાં શી ફરિયાદ હતી ?

(ગ) અને તેના અંગે કંઈ તપાસ કરવામાં આવી હતી ?

(ઘ) અને તેનું શું પરિણામ આવ્યું હતું ?

ઉત્તર ૬ : (ક), (ખ), (ગ) અને (ઘ) ક્રમાંક ૧૬માં પ્રા. એ. ટી. દેસાઈએ પૂછેલા પ્રશ્ન ૧ (ક), (ખ), (ગ) અને (ઘ) ના ઉત્તરો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : ૧૯૬૧--૬૨થી ૧૯૭૧--૭૨ દરમ્યાન દર વર્ષે જુદી જુદી કૉલેજોમાં પુસ્તકો પેટે નીચેના હેતુસર કેટલી રકમ ખર્ચવાની હતી અને કેટલી રકમ ખર્ચાઈ હતી (દર વર્ષે), એની વિગત નીચેના કોઠામાં આપવા વિનંતી છે:

આવર્તક ખર્ચ દરેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦/-- પેટે		નવા કયા કયા મુખ્ય અને ગૌણ વિષયો શરૂ થયા તેની વિગત અને તે પેટે		યુ.જી.સી. તરફથી મળેલી ૧૦૦ ટકા ગ્રાન્ટ અન્વયે		યુ.જી.સી. તરફથી ૭૫ ટકા ગ્રાન્ટ મળે અને ૨૫ ટકા મૅચિંગ ફાળો આપવાનો હોય તે પેટે	
કરવાનું ખર્ચ	થયેલું ખર્ચ	કરવાનું ખર્ચ	થયેલું ખર્ચ	કરવાનું ખર્ચ	થયેલું ખર્ચ	કરવાનું ખર્ચ	થયેલું ખર્ચ

ઉત્તર ૭ : સદરહુ માહિતી પરિશિષ્ટ "૨૬"માં દર્શાવી છે.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટી તરફથી વિભાગીય ઈન્ટર-કૉલેજિયેટ રમતગમત સ્પર્ધાઓ માટેના વિવિધ ઝોનનાં

(ક) નામ અને તેમાં આવેલી કૉલેજોની સંખ્યાની માહિતી આપી શકાશે ?

(ખ) જુદા જુદા વિભાગોમાં આંતર-કૉલેજ સ્પર્ધાઓમાં નીચેની રમતોમાં, કુલ કૉલેજોમાંથી કેટલી કૉલેજોએ છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન ભાગ લીધો છે?

(૧) હૉકી (મૅન)	(૪) હૉકી (વુમન)
(૨) ફૂટબૉલ (મૅન)	(૫) બાસ્કેટબૉલ (વુમન)
(૩) બાસ્કેટબૉલ (મૅન)	(૬) વૉલીબૉલ (વુમન)

ઉત્તર ૮ : (ક) હા, જી. રમતગમત-સ્પર્ધાઓ માટે યુનિવર્સિટીની કૉલેજોને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે :

(૧) અમદાવાદ વિભાગ

(૨) ઉત્તર વિભાગ, અને

(૩) દક્ષિણ વિભાગ.

અમદાવાદ વિભાગમાં કૉલેજોની સંખ્યા ૫૫ છે. ઉત્તર વિભાગમાં કૉલેજોની સંખ્યા ૪૧ છે અને દક્ષિણ વિભાગમાં કૉલેજોની સંખ્યા ૪૧ છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કેટલીક અગત્યની રમતોમાં પાર્ટિસિપેશન ઓછું છે તો તે અંગે કાંઈ પગલાં લઈ શકીએ ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે કૉલેજો રસ લે તો આ રમતોમાં આપણે વધારે ફાળો આપી શકીએ. યુનિવર્સિટીએ રમતગમતના પ્રશિક્ષણ માટે 'કોચીઝ' પણ રાખ્યા છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રમતગમત માટે મેદાનો ન હોય તે પણ એક કારણ આ માટે હોઈ શકે ખરું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, હોઈ શકે ખરું.

આચાર્ય એચ. એ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રમતગમતનાં મેદાનો હોય પણ તે ખાડાટેકરાવાળાં હોય તે ચાલી શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ કૉલેજોએ વિચારવા જેવું છે.

(ખ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

અમદાવાદ વિભાગ

	૧૯૬૮--૬૯	૧૯૬૯--૭૦	૧૯૭૦--૭૧	૧૯૭૧--૭૨
હૉકી (ભાઈઓ)	૧૭	૧૨	૧૫	૧૩
ફૂટબૉલ (ભાઈઓ)	૧૬	૧૨	૧૩	૧૨
બાસ્કેટબૉલ (ભાઈઓ)	૧૨	૧૩	૧૬	૧૯
હૉકી (બહેનો)	૬	૬	૫	૫
બાસ્કેટબૉલ (બહેનો)	૫	૬	૫	૫
વૉલીબૉલ (બહેનો)	૧૫	૧૫	૧૫	૧૩

દક્ષિણ વિભાગ

	૬૮--૬૯	૬૯--૭૦	૭૦--૭૧	૭૧--૭૨
હૉકી (ભાઈઓ)	૭	૮	૮	૧૧
ફૂટબૉલ (ભાઈઓ)	૨	૨	૭	૬
બાસ્કેટબૉલ (ભાઈઓ)	૬	૭	૧૧	૧૩
હૉકી (બહેનો)	૪	૫	૫	૬
બાસ્કેટબૉલ (બહેનો)	૫	૫	૯	૯
વૉલીબૉલ (બહેનો)	૭	૧૪	૨૧	૨૨

ઉત્તર વિભાગ

	૬૮--૬૯	૬૯--૭૦	૭૦--૭૧	૭૧--૭૨
હૉકી (ભાઈઓ)	૪	૬	૭	૬
ફૂટબૉલ (ભાઈઓ)	૪	૪	૪	૪
બાસ્કેટબૉલ (ભાઈઓ)	૬	૯	૧૪	૧૫
હૉકી (બહેનો)	૩	૪	૫	૩
બાસ્કેટબૉલ (બહેનો)	૩	૮	૮	૧૪
વૉલીબૉલ (બહેનો)	૧૦	૧૩	૩૨	૧૬

પ્રશ્ન ૯ : પ્રી-કૉમર્સ, પ્રી-આર્ટ્સ અને પ્રી-સાયન્સની ૧૯૭૧ તેમ જ ૧૯૭૨ની યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષામાં બાહ્ય ગુણ પ્રમાણે પ્રથમ દસ ક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનાં નામ, કૉલેજનું નામ, તેમના આંતરિક ગુણ, બાહ્ય ગુણ, સમગ્ર ગુણની વિગતો અને યુનિવર્સિટીએ જાહેર કરેલ ક્રમાંકની માહિતી આપી શકાશે ?

ઉત્તર ૯ : માગેલી માહિતી આ સાથે **પરિશિષ્ટ "૨૭"**માં સામેલ છે.

પ્રશ્ન ૧૦ : એ વાત સાચી છે કે પ્રી-આર્ટ્સની ૧૯૭૨ની યુનિવર્સિટી પરીક્ષામાં અમદાવાદ આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિની કે જેમને યુનિવર્સિટીએ પ્રથમ ક્રમ આપ્યો છે, તેમનો બાહ્ય ગુણ પ્રમાણે પ્રથમ દસમાં પણ નંબર આવતો નથી ?

ઉત્તર ૧૦ : હા, જી.

પ્રશ્ન ૧૧ : તે વિદ્યાર્થિનીને તેમની કૉલેજે ૨૧૦માંથી ૧૯૭ આંતરિક ગુણ આપ્યા હતા તે જ કારણસર આ શક્ય બન્યું હતું ?

ઉત્તર ૧૧ : નિયમાનુસાર આંતરિક ગુણાંકની ગણતરી વિદ્યાર્થીને પરીક્ષામાં વર્ગ આપવા માટે નિયમાનુસાર ગણતરીમાં લેવામાં આવ્યા હતા તે હકીકત છે.

પ્રશ્ન ૧૨ : આ જ સંસ્થાએ પ્રી-કૉમર્સની ૧૯૭૨ ની પરીક્ષામાં પણ ૨૧૦ માંથી ૧૯૧ આંતરિક ગુણ આપ્યા હોવાથી એમનો વિદ્યાર્થી ઊંચો ક્રમ મેળવી શક્યો હતો ?

ઉત્તર ૧૨ : ઉપર પ્રશ્ન ૧૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : આ કૉલેજે પોતાની કૉલેજમાં આવેલ સારા ક્રમોની વારંવાર અખબારોમાં જાહેરાત પણ કરી હતી, તે યુનિવર્સિટીના ધ્યાનમાં છે ? એકના એક ફોટાઓ અખબારોમાં કેટલી વાર પ્રસિદ્ધ થયા હતા ?

ઉત્તર ૧૩ : આ માહિતી યુનિવર્સિટી કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૧૪ : (ક) સન ૧૯૬૧-૬૨ ના વર્ષથી ૧૯૭૧-૭૨ના સમય દરમિયાનની એક હજારથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી વાણિજ્ય કૉલેજો, તેમ જ વાણિજ્ય વિભાગ ધરાવતી મિશ્ર કૉલેજોની સંખ્યા, દર વર્ષની તેમની ફીની આવક, શૈક્ષણિક સ્ટાફ અંગેનું સમગ્ર પગાર ખર્ચ અને બિનશૈક્ષણિક સ્ટાફનું કુલ્લે પગાર ખર્ચ આપવા કૃપા કરશો ?

(ખ) ઉપર જણાવેલી કૉલેજોની ફીની આવક તેમના સમગ્ર પગાર ખર્ચ કરતાં એક લાખ કરતાં પણ વધુ રહી છે તે વાત સાચી છે ?

ઉત્તર ૧૪ : (ક) ઉપલબ્ધ થયેલી સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨૮"** તરીકે સામેલ છે.

(ખ) પ્રશ્નના ઉત્તર માટે ઉપર પ્રશ્ન ૧૪ (ક) ના ઉત્તરમાં આપેલ પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : ગુજરાત યુનિવર્સિટી જોડે જોડાયેલ લૉ કૉલેજો તેમ જ લૉ વિદ્યાશાખા ધરાવતી કૉલેજોના કાયદાના વિદ્યાર્થીઓની સને ૧૯૬૧-૬૨થી ૧૯૭૧-૭૨ના સમય દરમિયાનની દર વર્ષની વિદ્યાર્થીઓની સંખ્યા, ફીનો દર, ફીની આવક, શૈક્ષણિક સ્ટાફનું કુલ પગાર ખર્ચ આ બધાની માહિતી આપી શકશો ?

ઉત્તર ૧૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૯"** જોવા વિનંતી છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ફકત બે જ કૉલેજોએ માહિતી આપી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : માગેલી માહિતી કૉલેજો મોકલે તો તે પૂરી પાડી શકાય.

પ્રશ્ન ૧૬ : લૉની વિદ્યાશાખામાં જે શૈક્ષણિક કારવાઈ થાય તેના ઉપર થતું ખર્ચ અને વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફીમાંથી થતી આવક, પગાર ખર્ચ કરતાં ઘણી વધારે હોય છે તે વાત સાચી છે ?

ઉત્તર ૧૬ : ઉપર પ્રશ્ન ૧૫ના ઉત્તરમાં આપવામાં આવેલ પરિશિષ્ટ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : (ક) છેલ્લાં ચાર વર્ષમાં કઈ કઈ કૉલેજોમાં કાર્યકારી આચાર્ય(ઑકિટંગ પ્રિન્સિપાલ)ની નિમણૂકો કરવામાં આવી હતી ?

(ખ) જુદી જુદી કૉલેજોમાં આવા (ઑકિટગ પ્રિન્સિપાલ) કયા સમયથી કયા સમય સુધી કાર્ય કરતા હતા અને તેમને તે સમય દરમ્યાન પગાર, મોંઘવારી ભથ્થું અને મકાનભાડું (ક્વાર્ટર્સ ન હોય ત્યાં) કયા ધોરણે આપવામાં આવતું હતું?

ઉત્તર ૧૭ : (ક) અને (ખ) : સદરહુ માહિતી **પરિશિષ્ટ " ૭"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૮ : એ વાત સાચી છે કે કેટલીક કૉલેજોમાં ભૂતકાળમાં (ચાર વર્ષ દરમ્યાન) અને હાલમાં પણ ઑકિટગ પ્રિન્સિપાલને તેમના અધ્યાપકના પગાર ઉપરાંત માત્ર ૧૦૦ રૂપિયા જ વધુ આપવામાં આવે છે અને આચાર્યનો પગાર, અન્ય ભથ્થાંઓ અને સવલતો અપાતી નથી ?

ઉત્તર ૧૮ : જો આચાર્ય એક વર્ષથી વધુ સમયના ગાળા માટે કાર્યકારી રહે તો તેમને આચાર્યનું પગારધોરણ તથા અન્ય ભથ્થાંઓ આપવા અંગેનો નિયમ સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૭–૧૯૭૦ની સભામાં કર્યો તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે હાલ ઉપલબ્ધ માહિતી મુજબ ત્રણ કૉલેજોના કેસમાં કાર્યકારી આચાર્યોને ઉપરનો નિયમ ઉમેરાયા પછી એક વર્ષથી વધુ સમયના ગાળા માટે કાર્યકારી આચાર્યપદે ચાલુ રહેલા હોવા છતાં તેમને આચાર્યનું પગારધોરણ તથા અન્ય ભથ્થાં અને સવલતો આપાયાં જણાયાં નથી.

પ્રશ્ન ૧૯ : સંલગ્ન કૉલેજો માટેના અધ્યાપકોના પ્રૉવિડન્ટ ફંડના યુનિવર્સિટીએ ફરજિયાત બનાવેલા નિયમો અનુસાર તેનો વહીવટ કરવા માટે નીમવામાં આવતાં ટ્રસ્ટીમંડળ રચાઈ પબ્લિક ટ્રસ્ટ ઍકટ હેઠળ રજિસ્ટર્ડ થવાં જોઈએ, એ અનુસાર મોટા ભાગની કૉલેજમાં આવાં ટ્રસ્ટો રજિસ્ટર્ડ પબ્લિક ટ્રસ્ટ તરીકે નોંધાયાં જ નથી, એ વાત સાચી છે?

ઉત્તર ૧૯ : હા, જી.

પ્રશ્ન ૨૦ : કઈ કઈ કૉલેજોમાં આવાં ટ્રસ્ટીમંડળો રચાયાં નથી ?

ઉત્તર ૨૦ : આ સાથે આપેલ **પરિશિષ્ટ " ૩૦ "**માં દર્શાવ્યા પ્રમાણેની કૉલેજોમાં પ્રૉવિડન્ટ ફંડ માટેનાં ટ્રસ્ટીમંડળો રચાયાં નથી,

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લગભગ ૫૦ કૉલેજોમાં ટ્રસ્ટીમંડળો રચાયાં નથી, તો જોડાણની શરતોનું પાલન થયું નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે 'Pursue' કરવામાં આવશે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ટ્રસ્ટ રચાય નહીં તો આ પૈસા કયા પ્રૉવિડન્ટ ફંડમાં મુકાતા હશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : માનનીય સભ્યશ્રી પાસે આ અંગે માહિતી હોવાનો વધુ સંભવ છે.

પ્રશ્ન ૨૧ : જો રચાયેલાં ટ્રસ્ટોમાંથી કોઈ પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ રજિસ્ટર્ડ થયાં હોય તો એમના રજિસ્ટ્રેશન નંબર અને નોંધાયાની તારીખ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૧ : પ્રૉવિડંટ ફંડના નિયમો અમલી બન્યા પછી પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયું હોય તેવી માહિતી કોઈ કૉલેજ પાસેથી મળી નથી.

પ્રશ્ન ૨૨ : જ્યાં એક કરતાં વધુ કૉલેજોના પ્રૉવિડંટ ફંડના વહીવટ માટે એક જ સમૂહ વહીવટી મંડળ છે ત્યાં એમ્પ્લોયીઝના પ્રતિનિધિ તરીકે આચાર્યો જ હોય છે, એ વાત સાચી છે ?

ઉત્તર ૨૨ : કેટલીક કૉલેજોના સમૂહના પ્રૉવિડંટ ફંડના વહીવટી મંડળમાં કર્મચારીઓના પ્રતિનિધિ તરીકે ફકત આચાર્યો જ છે, જ્યારે બીજી કેટલીક કૉલેજોના સમૂહના પ્રૉવિડંટ ફંડના વહીવટી મંડળમાં આચાર્યો ઉપરાંત શિક્ષક/શિક્ષકો પણ છે.

પ્રશ્ન ૨૩ : ગુજરાત લૉ સોસાયટી, એચ. કે. આર્ટ્સ તેમ જ કૉમર્સ કૉલેજના પ્રૉવિડંટ ફંડના વહીવટી મંડળમાં એમ્પ્લોયીઝના પ્રતિનિધિ તરીકે બે આચાર્યો જ છે, એ વાત સાચી છે ?

ઉત્તર ૨૩ : ગુજરાત લૉ સોસાયટીની કૉલેજો અંગે એ વાત આવી છે, જ્યારે એચ. કે. કૉલેજ-જૂથ અંગે એ વાત આવી નથી.

આચાર્ય ય. પ્રા. શુકલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૨૩માં છાપભૂલ છે ખરી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે "એચ. કે. કૉલેજ-જૂથ અંગે એ વાત આવી નથી"ને બદલે "એચ. કે. કૉલેજ-જૂથ અંગે એ વાત સાચી નથી" એમ વાંચવું. 'સાચી'ને બદલે 'આવી' છપાયું છે તે છાપભૂલ છે.

[પ્રશ્નોત્તરી સમાપ્ત]

૨. નીચે જણાવેલી કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧)	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ—૬	...	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો માટે તા. ૧૫—૬—૧૯૭૨થી કાયમી જોડાણ; તથા (૨) બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ.
(૨)	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ.
(૩)	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો માટે તા.૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ.
(૪)	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	...	બી.એ. (સમો.)માં ફારસીના અભ્યાસક્રમ માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૫)	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત; તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૬)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે તા. ૧૫—૬—૧૯૭૨થી કાયમી જોડાણ.
(૭)	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૮)	રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૯)	શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકુપણ ઓ. એમ. આર્ટ્સ ઍન્ડ એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા	...	બી.એ. (સમો.)માં ઇતિહાસના અભ્યાસક્રમ માટે તા. ૧૫--૬--૧૯૭૨થી કાયમી જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસ માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧૦)	શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા.૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૧)	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા.૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૧૨)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી—કચ્છ	...	(૧) બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને બી.એ. (સભા.)માં સંસ્કૃત; તથા (૨) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૧૩)	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ
(૧૪)	મહુધા આર્ટ્સ એન્ડ એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, મહુધા (જિ. ખેડા)		બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા.૧૫ -૬ -૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૧૫)	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	...	બી.એડ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૧૬)	કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	...	બી.એડ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૭)	બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	...	બી.એડ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૮)	શ્રી. ડી. ડી. ચોકસી કૉલેજ, ઑફ એજ્યુકેશન, પાલનપુર	...	બી.એડ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૯)	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૨૦)	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૨૧)	શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨૨)	ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૨૩)	શ્રીમતી તારાબહેન સુંદરરાય રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ	...	(૧) પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ માટે તા. ૧૫--૬--'૭૨થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું ચાલુ; તથા (૨) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ.
(૨૪)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ)	...	(૧) પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા (૨) બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--'૭૨થી તા. ૧૪--૬--'૭૪ સુધીનું વધારાનું, જોડાણ.
(૨૫)	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ	...	તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨ થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૨૬)	વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ ઍન્ડ એજ્યુકેશન, મહેસાણા	...	(૧) બી.એડ. અને (૨) દ્વિતી એલએલ.બી.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૫--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૨૭)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	...	તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો તથા ડિપ્લોમા ઈન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા ઈન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨ થી કાયમી જોડાણ.
(૨૮)	શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	...	(૧) દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા (૨) તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ.
(૨૯)	શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	ફાઈનલ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૨થી કાયમી જોડાણ.

શ્રી. કુલસચિવે કરેલ સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

૩. સિન્ડિકેટે સુધારેલા, નવા ઘડેલા તથા રદ કરેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એમ.એ. ૧ (એ), ઑર્ડિ. એમ.એસસી. ૧ (એ), ઑર્ડિ. એમ.કૉમ. ૧ (એ), લૉ ઑ. ૬--એ, ઑર્ડિ. કૉમ. ૫--બી, ઑર્ડિ. પ્રી-મેડિકલ ૫, ફાર્મ. ઑર્ડિ. ૧૬થી ફાર્મ. ઑર્ડિ. ૨૧, ઑર્ડિ. ૬૫--એફ (જી), ઑર્ડિ. ૬૫--એમ., ઑર્ડિ. ૬૫--ઓ, ઑર્ડિ. ૬૫--પી નીચેની નોટ (૨) નીચેની નોંધ (*ii*) તથા નોંધ (*vi*), ઑર્ડિ. ૧૨૦--એ, ઑર્ડિ. ૧૨૦--સી, ઑર્ડિ. ૧૨૦--ડી, ઑર્ડિ. ૧૨૦--એફ, ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૫૮, ઑર્ડિ. ૨૫૩, ઑર્ડિ. ૩૧૬, ઑર્ડિ. ૩૭૮--બી.

અ—૧ : ઉપરના ઑર્ડિનન્સો પૈકી, ઑર્ડિ. ૬૫--પી સિવાયના બધા ઑર્ડિનન્સો નીચેના શાબ્દિક સુધારા સાથે સભાગૃહે મંજૂર કર્યા :

(૧) ઑર્ડિ. ૬૫--ઓ ની પેટાકલમ ૧થી ૫માં Comprise પછી મૂકવામાં આવેલો " of " શબ્દ કાઢી નાંખવાનો સુધારો શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવા માટે કુલપતિશ્રીએ અનુમતિ આપી.

(૨) ઑર્ડિ. ૧૨૦--સી ની પેટાકલમ (૨)ના પ્રોવિઝોમાં " Will be Considered adequate if " અને " at least 2/3rds of total staff " ની વચ્ચે " there be " શબ્દો શાબ્દિક સુધારા તરીકે ઉમેરવા માટે કુલપતિશ્રીએ અનુમતિ આપી.

અ—૨ :

આચાર્ય પૂનમભાઈ પટેલે નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :

(૧) **O. 65–P** (*a*)ની પ્રથમ લીટીમાં " (*i*) Arts including Education "ને બદલે " (*i*) Arts excluding Education " સુધારવું.

(*d*)ને બદલે (*e*); (*e*) ને બદલે (*f*); (*f*) ને બદલે (*g*); (*g*) ને બદલે (*h*); (*h*)ને બદલે (*i*); (*i*)ને બદલે (*j*), અને (*j*)ને બદલે (*k*) સુધારવું.

(*c*) ની પછી નીચે પ્રમાણેનો ઉમેરો કરવો :

" (*d*) In case of Education, it shall be necessary for a post-graduate teacher in centre to have on its local staff at least (*i*) one recognised post-graduate teacher in education, and (*ii*) two recognised Assistants *to post-graduate teacher in Education.*

(૨) O. 129 :

ઑર્ડિ. ૧૨૯માં ખાના નં. ૩માં નીચે પ્રમાણેનો સુધારો :

Name of the Examination	*How many times held in a year?*	*Date of Commencement*	*Last date of Application*	*Examination fees Rs.*
1	2	3	4	5
B.Ed., Part I	Once	'Third Monday in March'ને બદલે 'Fourth Monday in March' સુધારવું.	10th January	15/-

તે બાબતમાં પ્રમુખશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે ઑર્ડિનન્સ પર સેનેટની સભામાં સુધારાઓ પ્રસ્તુત કરી શકાય નહિ.

તે પછી સદરહુ સુધારા આચાર્ય પૂનમભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યા નહિ. તેથી તે સુધારાઓ ઉપર વિચારણા કરવાપાત્ર રહ્યું નહિ.

સદરહુ ઑર્ડિનન્સ પર ચર્ચાવિચારણા દરમ્યાન આચાર્ય પૂનમભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે તે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે.

તે અંગે કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ પ્રસ્તાવ આચાર્ય પૂનમભાઈ પટેલે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે કશું વિશેષ કરવાપાત્ર રહ્યું નહિ.

તે પછી સભાગૃહે ઑર્ડિ. ૬૫--પી ને પાકી મંજૂરી આપી.

(ख) નવા ઘડેલા ઑર્ડિનન્સો

લૉ ઑર્ડિ. ૧, લૉ ઑર્ડિ. ૩, લૉ ઑર્ડિ. સેમેસ્ટર ૩--એ, ઑર્ડિ. ૩૭૯, ઑર્ડિ. ૩૭૯—એ, ઑર્ડિ. ૩૮૦, ઑર્ડિ. ૩૮૧, ઑર્ડિ. ૩૮૨, ઑર્ડિ. ૩૮૩.

ઉપરના નવા ઘડેલા ઑર્ડિનન્સો મંજૂર કરવામાં આવ્યા.

(क) રદ કરેલો ઑર્ડિનન્સ

ઑર્ડિ. કૉમ. ૧--એ.

ઉપરનો ઑર્ડિ. કૉમ. ૧ રદ કરવા માટે સભાગૃહે મંજૂરી આપી.

(સુધારેલા, નવા ઘડેલા તથા રદ કરેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. સેનેટ તેની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેના ઑર્ડિ. ૧૨૦--બી માં કથો ફેરફાર નહિ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧- ૧૯૭૨ની સભાની ભલામણ મંજૂર રાખ્યા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ :

O. 120--B :

" (*i*) There shall not be more than 1,650 students in a college.

(*ii*) There shall not be more than two–Faculty units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1,650 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 115 students, provided that it will be competent for the Vice–Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 10 students in a class or a division thereof subject to a maximum total of 1,650 students as mentioned in (*i*) and (*iii*) above:

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties, there shall not, at any of the stages, viz. either Pre-University class or F.Y. class, be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in any division thereof."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"ઑર્ડિ. ૧૨૦-બીમાં કશો ફેરફાર નહિ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર રાખ્યાનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીને બદલે શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ રજૂ કર્યો, તેને પ્રોફેસર કે. આર. ચન્દ્રશેખરને ટેકો આપ્યો.

તે પછી આચાર્ય બી. એમ. પીરજાદાએ સરદહુ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

રિફર બૉકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. સેનેટે તેની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિ. ૩૬૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ :

O. 369 :

" No candidate shall be admitted to the Second B.D.S. class unless he has passed the First B.D.S. Examination and shall have been engaged in Dental studies at a Dental College affiliated to this University for at least two clear terms after passing the First B.D.S. Examination."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. સી. પી. બોધાણી**એ નોટિસ આપી હતી :

"ઑર્ડિ. ૩૬૯ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. સી. પી. બોધાણીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૬. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા અધિકૃત સત્તા મંડળને વિનંતી કરે છે કે સ્ટેચ્યૂટ ૩૧ (૫) (૧)માં નીચે પ્રમાણે સુધારો કરવા ઘટતું કરવું :

" Not more than first sixty minutes everyday of the meeting of the Senate may be set apart for answering questions and of supplementary questiones. Any question not answered during this period shall lapse, but questioner may revive it in the form of a fresh question at a subsequent meeting of the Senate by giving not less than thirty days notice "

સદરહુ પ્રસ્તાવ પ્રો. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

ત્યાર બાદ કેટલીક ચર્ચાવિચારણાને અંતે તે પર મત લેવામાં આવતાં તે ૨૫ વિરુદ્ધ ૪૯ મતે ઊડી ગયો.

તે પછી પ્રો. એસ. બી. વોરાએ ગુપ્ત મતદાન (Poll) માટે માગણી કરી.

ત્યાર બાદ ગુપ્ત મતદાનની પોતાની માગણી પ્રો. એસ. બી. વોરાએ સભાગૃહની સંમતિથી પાછી ખેંચી લીધી.

૭. સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

Statute 179 :

" The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to, or any Institution or Institutions recognised by, or a Department of the University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Education (Dip.Ed.)
2. Diploma in Journalism (Dip.J.)
3. Diploma in Drama [Dip. F.A. (Drama)]
4. Diploma in Music [Dip. F.A. (Music)]
5. Diploma in Painting and Sculpture [Dip. F.A. (P. & S.)]
6. Diploma in Architecture [Dip. F.A. (Arch.)]
7. Diploma in Dancing [Dip. F.A. (Dancing)]
8. Diploma in Physical Education (Dip. P.Ed.)
9. Diploma in Education and Vocational Guidance (Dip. E.V.G.)
10. *Diploma in Mathematical Economics, Econometrics and Economic Analysis and Policy.*

Faculty of Law :

11. Diploma in Labour Laws and Practice (D.L.P.)
12. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine :

13. Diploma in Ophthalmology (D.O.)
14. Diploma in Anaesthesia (D.A.)

15. Diploma in Paediatrics (D.Paed.)
16. Diploma in Public Health (D.P.H.)
17. Diploma in Laryngology and Otology (D.L.O.)
18. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
19. Diploma in Veneriology and Dermatology (D.V. & D.)
20. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
21. Diploma in Industrial Health (D.I.H.)
22. Diploma in Tuberculosis (T,D.D.)
23. Diploma in Pharmacy (Dip. Pharm.)
24. *Diploma in Clinical Pathology* (D.C P.)
25. *Diploma in Psychiatric Medicine* (D.P.M.)
26. *Diploma in Psychotherapy* (D.P.)
27. *Diploma in Advanced Psychiatric Social Work* (D.P.S.W.)
28. *Diploma in Psychiatric Occupational Therapy* (D.P.O.T.)
29. *Diploma in Special Education for Non-normal Children* (D.S.E.N.C.)

Faculty of Commerce :

30. Diploma in Business Management (D.B.M.)
31. Diploma in Industrial Management (D.I.M.)
32. Diploma in Banking (D. Banking)
33. Diploma in Costing (D. Costing)

Faculties of Arts and Commerce :

34. Diploma in Co-operation (D. Co-op.)

Faculties of Arts, Science and Commerce.

35. Diploma in Statistics (D. Stat.)"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. બી.** હરિભક્તિએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૭૯ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને ડૉ. એમ. એન. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. સ્ટે. ૨૦૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

St. 204 :

"The scales of pay of the teacheis in the University Departments are fixed as under :

1.	Professors	... 1,100—50—1,300—60—1,600
2.	Readers	... 700—50—1,250
3.	Lecturers	... 400—40—800—50—950
4.	Demonstrators	... 250—15—400.

In addition to the above scales of pay, the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Notwithstanding the aforementioned pay-scales, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to not more than 1/3rd of the total number of Professors as on 1–4–1966; provided that on any one or more of the aforementioned Professors selected for the higher pay-scale of Rs. 1,600–100–1,800, ceasing on account of death, retirement, resignation or any other reason whatsoever, to be Senior Professor in the higher pay-scale of Rs. 1,600-100–1,800, it shall be competent for the Syndicate, in its discretion, to section the pay-scale of Rs. 1,600–100–1,800 to any other Prefessor or Professors of the University and only if the State Government agrees to give necessary financial assistance for covering the excess in expenditure caused by such sanction of pay-scales to these later mentioned Senior Professor or Professors.

The provisions of this Statute shall come into force with effect from 1–4–1966."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એમ. એન. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૨૦૪ ઉપર બતાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. રમણલાલ જોશીએ ટેકો આપ્યો.

તે પર નીચે મુજબ સુધારાઓ રજૂ કરવા માટે નોટિસ આપવામાં આવી હતી :

(૧) **શ્રી. ડી. એસ. બસને** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

St. 204 :

" The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1.	Professors	1,100—50—1,300—60—1,600
2.	Readers	700—50—1,250
3.	Lecturers	400—40—800—50—950
4.	Demonstrators	300—25—600.

In addition to the above scales of pay, the teachers shall be entitled to dearness allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales in which the Dearness Allowance is not merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Notwithstanding the aforementioned pay-scales, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600—100—1,800 to not more than 1/3rd of the total number of Professors as on 1-4-1966 (to start with); provided that on any one or more of the aforementioned Professors selected for the higher pay-scale of Rs. 1,600-100-1,800, ceasing on account of death, retirement, resignation or any other reason whatsoever, to be Senior Professor in the higher pay-scale of Rs. 1,600-100-1.800 it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600-100-1,800 to any other Professor or Professors of the University and only if the State Government agrees to give necessary financial assistance for covering the excess in expenditure caused by such sanction of pay-scales to these latter mentioned Senior Professor or Professors. Further it shall be competent for the Syndicate in its discretion, to revise the list of recipients of this Senior scale of Rs. 1,600-100-1,800 at each interval of five years, thereafter on the basis of total No. of Professors as on the date of each revision, for calculating 1/3rd, provided, however, the State Government agrees to give necessary financial assistance to cover the excess in expenditure caused by such a revision.

The provisions of this Statute shall come into force with effect from 1-4-1966. "

(૨) **પ્રા. અંબુભાઈ દેસાઈએ** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

St. 204 :

' The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1.	Professors	..	1,100-50-1,300-60-1,600
2.	Readers	..	700-50-1,250
3.	Lecturers	..	400-40-800-50-950
4.	Demonstrators	..	300-25-600.

In addition to the above scales of pay, the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Guajrat Government pay-scales, in which Dearness Allowance is not merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Notwithstanding the aforementioned pay-scales, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to not more than 1/3rd of the total number of Professors as on 1–4–1966, provided that on any one or more of the aforementioned Professors selected for the higher pay-scale of Rs. 1,600–100-1,800, ceasing on account of death. retirement, resignation or any other reason whatsoever, to be Senior Professor in the higher pay-scale of Rs. 1,600–100–1,800, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600–100–1,800, to any other Professor or Professors of the University and only if the State Government agrees to give necessary financial assistance for covering the excess in expenditure caused by such sanction of pay-scales to these later mentioned Senior Professsor or Professors.

The provisions of this Statute shall come into force with effect from 1-4-1966."

(૩) **ડૉ. રમણભાઈ જોશી તથા અન્ય ૧૧ સેનેટ સભ્યોએ** નીચેના સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સ્ટે. ૨૦૪ના સૂચિત સુધારાના પેરેગ્રાફ ૨ માંની ચોથી લાઈનમાં 'merged' શબ્દને બદલે 'unmerged' શબ્દ મૂકવામાં આવે. આથી બાબત ક્રમાંક ૮માં આપેલા સ્ટે. ૨૦૪નો સુધારેલો પાઠ નીચે પ્રમાણે વંચાશે :

St. 204 :

"The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1. Professors	1,100–50–1,300–60–1,600
2. Readers	700–50–1,250
3. Lecturers	400–40–800–50–950
4. Demonstrators	250–15–400.

In addition to the above scales of pay the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales in which the dearness allowance is not merged, and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Notwithstanding the aforementioned pay-scales, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to not more than 1/3rd of the total number of Professors as on 1–4–1966; provided that on any one or more of the aforementioned Professors selected for the higher pay-scale of Rs. 1,600–100–1,800 ceasing on account of death, retirement, resignation or any other reason whatsoever, to be Senior Professor in the higher pay-scale of Rs. 1,600–100–1,800, it shall be competent for the Syndicate, in its discretion, to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to any other Professor or Professors of the University and only if the State Government agrees to give necessary financial assistance for covering the excess in expenditure caused by such sanction of pay-scales to these latter mentioned Senior Professor or Professors.

The provisions of this statute shall come into force with effect from 1–4–1966."

ઉપરના સુધારા પૈકી સુધારો નં ૧ શ્રી. દર્શનસિંગ એસ. બસને રજૂ કર્યો, તેને પ્રા. કે. આર. ચંદ્રશેખરને ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઉપરના સુધારા નં. ૨ અને ૩ કોઈ સભ્યે રજૂ કર્યા નહિ તેથી તે સુધારાઓ ઉપર વિચારણા કરવાપાત્ર રહ્યું નહિ.

ત્યાર બાદ ઉપરના સુધારા નં. ૧ સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. નીચેનો સ્ટે. ૨૦૬ રદ કરવાની ભલામણ :

St. 206 :

"The Director of the University School of Social Sciences shall be entitled to an administrative allowance of Rs. 100/–per month in addition to his monthly salary."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. **એમ.એન. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"ઉપર જણાવેલ સ્ટે. ૨૦૬ રદ કરવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રો. આર. કે. અમીને ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. આચાર્ય વિનોબા ભાવેને ડી.લિટ.ની માનાર્હ પદવી અર્પણ કરવા અંગે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ તરફથી રજૂ થયેલ નીચેના પ્રસ્તાવ પર સિન્ડિકેટની તથા એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ :

પ્રસ્તાવ

"આજીવન સારસ્વત અને રાષ્ટ્રપુરુષ એવા આપણા આ યુગના એક મહાન ભારતસપૂત મનીષી શ્રી. વિનોબા ભાવેને એમની ઉચ્ચ પ્રતિભા અને માનવકલ્યાણ ક્ષેત્રમાં એમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ જોતાં તેઓ આ યુનિવર્સિટીની માનાર્હ ડી.લિટ.ની પદવીને સર્વથા પાત્ર છે, અને એમને એ પદવી અર્પણ કરાવવાની, આ સભા ભલામણ કરે છે."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તેને એકેડેમિક કાઉન્સિલ અને સેનેટની વિચારણા માટે મોકલવો."

(**નોંધ.**—સદરહુ પ્રસ્તાવને લાગુ રહેલા તમામ સભ્યોએ—એટલે કે કુલ ૧૨ સભ્યોએ- મંજૂરી આપી હતી.)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."
સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ નોટિસ આપી હતી :

"આચાર્ય વિનોબા ભાવેને ડૉક્ટર ઑફ લિટરેચર (D. Litt.)ની માનાર્હ પદવી અર્પણ કરવાની સિન્ડિકેટની તથા એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."
સદરહુ પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ રજૂ કર્યો. તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(**નોંધ.**—સેનેટના કુલ ૨૧૬ સભ્યોમાંથી હાજર રહેલા તમામ એટલે કે ૧૩૭ સભ્યોના ટેકો સદરહુ પ્રસ્તાવને મળ્યો હતો.)

તા. ૯/૧૦-૧૦-૧૯૩૨ના રોજ મળનાર સેનેટની ખાસ સભાના કામકાજની બાબત ક્રમાંક ૧૦ પછી નીચેની બાબત સરતચૂકથી સેનેટની કામકાજની યાદીમાં સામેલ કરવાની રહી ગઈ હતી તે, બાબત ૧૦ - અ તરીકે નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરીને વાંચવા વિનંતી છે :

૧૦—અ. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા રદ કરવા તથા ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"તે પછી ઠરાવવામાં આવ્યું કે ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા રદ કરવા તથા ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એમ. એન. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા રદ કરવા તથા ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રો. ડી. એન. પાઠકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. 'Diploma in Teacher Training in Special Education for the Mentally Retarded Children' ને બદલે 'Diploma in Special Education for Non-normal Children' નામાભિધાન રાખવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે 'Diploma in Teacher Training in Special Education for the Mentally Retarded Children'ને બદલે 'Diploma in Special Education for Non-normal Children' નામાભિધાન રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. બી. હરિભક્તિ**એ નોટિસ આપી હતી :

"'Diploma in Teacher Training in Special Education for the Mentally Retarded Children' ને બદલે 'Diploma in Special Education for Non-normal Children' રાખવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. એન. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. બિઝનેસ મૅનેજમેન્ટના ત્રણ વર્ષના ખંડ સમયના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપરાંત પૂરા સમયનો બે વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટના ત્રણ વર્ષના ખંડ-સમયના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપરાંત પૂરા સમયનો બે વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને અને સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"બિઝનેસ મૅનેજમેન્ટના ત્રણ વર્ષના ગાંડ સમયના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપરાંત પૂરા સમયનો બે વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. Mathematical Economics and Econometrics, Economic Analysis and Policyનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે Mathematical Economics and Econometrics, Economic Analysis and Policyનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એસ. એન. દેસાઈએ** નોટિસ આપી હતી :

"Mathematical Economics and Econometrics, Economic Analysis and Policyનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈને બદલે શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય શ્રી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો :

૧૪. ૧૯૭૨ના વર્ષમાં થયેલ યુનિવર્સિટીના (૧) ભાષા-ભવન, (૨) સમાજવિદ્યા ભવન, (૩) મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, અને (૪) વિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓના અહેવાલ (જાણ સારુ).

સદરહુ અહેવાલોની સભાગૃહે નોંધ લીધી.

(સદરહુ અહેવાલો **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૫. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિકસ એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૭ સુધી પીએચ.ડી.માં અર્થશાસ્ત્રમાં સંશોધન માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની સભાગૃહે નોંધ લીધી.

૧૬. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદને તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધી નીચેના ચાર અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

(1) Diploma in Psychotherapy (D.P.)

(2) Diploma in Advanced Psychiatric Social Work (D.P.S.W.)

(3) Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.)

(4) Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.)

સદરહુ બાબતની સભાગૃહે નોંધ લીધી.

૧૭. સેનેટની તા. ૨૪/૨૫/૨૬—૩—૧૯૭૨ની સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ).

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે તેને આ સભા ઉચિત ગણતી નથી. નો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું પણ તા. ૧—૭—૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ 3 ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧—૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૧૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો સદરહુ ઠરાવ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો અને સેનેટને તેની જાણ કરવી."

સદરહુ બાબતની સભાગૃહે નોંધ લીધી.

૧૮. સેનેટની તા. ૨૪/૨૫/૨૬—૩—૧૯૭૨ની સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ).

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજાર ભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો--નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨-૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો સદરહુ ઠરાવ સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૬, ૩૨ અને ૯૬થી નીમેલી યુનિવર્સિટી પ્રેસ અંગેની સમિતિની વિચારણા માટે મોકલવો અને સેનેટને તેની જાણ કરવી."

સદરહુ રિપોર્ટની સભાગૃહે નોંધ લીધી.

૧૯. સેનેટની તા. ૨૪/૨૫/૨૬—૩—૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર કરેલ હોઈ સદરહુ ઠરાવ પર સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયાં છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને, તેમ જ પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાન લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો—"સી" અને "ડી" ટાઈપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૫૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, પરંતુ તેનો હાલ તુરત અમલ કરવાનું શકય નથી એમ સેનેટને જાણ કરવી."

સદરહુ રિપોર્ટની સભાગૃહે નોંધ લીધી.

૨૦. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

(૧) સુમંત એમ. પટવા મેમોરિયલ ફંડ કમિટી, અમદાવાદ તરફથી તૃતીય વર્ષ બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવીને એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનારને 'સ્વ. સુમંત એમ. પટવા સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો બાશરે રૂ. ૩૫૦/--ની કિંમતનો સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦/— (રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

(૨) ગુજરાત રાજ્ય ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડ, ફર્ટિલાઈઝરનગર, જિ. વડોદરા તરફથી બી.એ.ની ત્રિવાર્ષિક પદવી પરીક્ષામાં તથા બી.કૉમ.ની ત્રિવાર્ષિક પદવી પરીક્ષામાં મુખ્ય વિષય અનુક્રમે " Co-operation " તથા " Theory and Practice of Co-operation " લઈને દાખલ થનાર વિદ્યાર્થીને પ્રથમ વર્ષે રૂ. ૯૦૦/—, બીજા વર્ષે રૂ. ૧,૫૦૦/– તથા ત્રીજા વર્ષે રૂ. ૧,૫૦૦/—ની શિષ્યવૃત્તિ એનાયત કરવા માટેનું મળેલ પ્રદાન.

(૩) સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ, અમદાવાદ તરફથી માર્ચ--એપ્રિલની એમ.એસસી.ની પદવી પરીક્ષાનાં રસાયણવિજ્ઞાનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવીને પ્રથમ વર્ષમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦/—ની કિંમતનો સુવર્ણચંદ્રક ઓનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦/– (રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

સદરહુ રિપોર્ટની સભાગૃહે નોંધ લીધી.

૨૧. ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાનાં નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે કે યુનિવર્સિટી દ્વારા Hobby Centre ની સ્થાપના કરવામાં આવે અને તે દ્વારા વિદ્યાર્થીને તેના ચાલુ શિક્ષણ ઉપરાંત વિશેષ શોખના વિષયમાં વ્યવસાયલક્ષી તાલીમ વ્યવસ્થિત રીતે મેળવવાની તક પ્રાપ્ત થાય."

સદરહુ પ્રસ્તાવ ડૉ. ડી. એચ. સુતરિયાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૨૨. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પેપરસેટર્સનાં નામ ખાનગી રાખવાનો બદલે તે નામોને તેમણે કાઢેલાં પેપર્સ પર છાપવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એચ. વેલવને ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચા-વિચારણા બાદ સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

૨૩. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આજની સેનેટની સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે કે જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલા એક્ઝામિનર્સનાં નામ ખાનગી રાખવાને બદલે તેમની યાદી યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

તે પછી સભાગૃહનું કામકાજ, સોમવાર, તા. ૯—૧૦—૧૯૭૨ના રોજ બંધ રાખવામાં આવ્યું, અને મંગળવાર, તા. ૧૦—૧૦—૧૯૭૨ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે સભા મળતાં યાદી પરનાં આગળનાં કામકાજ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યાં.

૨૪. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારથી આજ દિન સુધી સરકારે શૈક્ષણિક મૂલ્યોને કાયમ આઘાત પહોંચાડયો છે. યુનિવર્સિટીની વિદ્યાર્થી સંસદ સહિત સર્વે સત્તામંડળોએ કૉલેજ પ્રવેશ માટે એસ.એસ.સી.માં અંગ્રેજી હોવું આવશ્યક માન્યું હોવા છતાં સરકાર મનસ્વી રીતે આથી વિરુદ્ધનું આચરણ કરવા તત્પર થઈ છે તે સંજોગોમાં સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત સત્તામંડળોને તેઓ સરકાર સામે યોગ્ય કાયદેસરનાં નૈતિક પગલાં લેવા પ્રબંધ કરે તેવી વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને પ્રા. બબાભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં આક્ષેપાત્મક વિધાનો જે રીતે રજૂ કરવામાં આવ્યા છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

તે પછી પ્રા. એસ. બી. વોરાએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

૨૫. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે કે 'કૉલેજનું ગૌરવ', 'કૉલેજની પ્રતિષ્ઠા', 'કૉલેજની અમૂલ્ય સિદ્ધિ' વગેરે બહાનાં નીચે વિદ્યાર્થીઓના ફોટા વર્તમાનપત્રોમાં છાપી જાહેરખબર છપાવવાની પ્રક્રિયા ઉપર પ્રતિબંધ મૂકવા ઘટતું કરે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચા—વિચારણાને અંતે સદરહુ પ્રસ્તાવ પ્રો. એસ. બી. વોરાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

૨૬. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે કે જો કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં દર વર્ષે બેસતો હોય અને છતાં સતત ત્રણ વર્ષ સુધી નાપાસ થાય કે આગલા વર્ષની એ.ટી.કે.ટી. પસાર કરી શકે નહિ તો તેને આગળ ભણવાની પરવાનગી આપવી નહિ અને તે માટે કાયદા-કાનૂનમાં યોગ્ય સુધારા કરવા."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૨૭. પ્રા. એ. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોના શિક્ષકોને ઘરભાડા ભથ્થું ઓછામાં ઓછું બેઝિક પગારના ૧૦ ટકા ચૂકવાય તેમ સ્વીકારી તેના નિયમો ઘડી કાઢવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એ. ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રા. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. પ્રા. એ. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"જરીપુરાણી અને ભ્રષ્ટ થઈ ચૂકેલી પરીક્ષા-પદ્ધતિમાં હવે ગમેતેવડાં થીગડાં લગાવવાથી ઝાઝો ફેર પડે તેમ ન હોઈ, તેને રદ કરવા અને શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનની આધુનિક પદ્ધતિઓ સત્વરે અપનાવવા આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એ. ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રા. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં રહેલી અસ્પષ્ટતા જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

તે અંગે કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ ઉપરના મુદ્દાને કારણે કાનૂન બહાર ગણાય નહિ.

તે પછી કેટલીક ચર્ચા-વિચારણાને અંતે સદરહુ પ્રસ્તાવમાંથી "જરીપુરાણી અને ભ્રષ્ટ થઈ ચૂકેલી" એ શબ્દો કમી કરવાને શાબ્દિક સુધારા તરીકે ગણવા માટે કુલપતિશ્રીએ અનુમતિ આપી.

તે પછી ઉપરના શાબ્દિક સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. શ્રી. સ. કા. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અધિકારી હોય કે પટાવાળા હોય, કારકુન હોય કે કામદાર હોય, ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોનું મૂલ્ય પ્રત્યેકને માટે સરખું હોય છે. ગુજરાત યુનિવર્સિટીમાં તેના કાર્યાલય, તેનાં તમામ ભવનો, તેનું ગ્રંથાલય વગેરે વિવિધ વિભાગો કે એકમોમાં સેંકડોની સંખ્યા ધરાવતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓને એકસમાન ધોરણે તહેવારોની રજાઓ આપવામાં આવે છે, જ્યારે યુનિવર્સિટીના એક અવિભાજ્ય અંગ સમાન એવા એકમાત્ર યુનિવર્સિટી પ્રેસના, પ્રમાણમાં તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને તહેવારોની ગણીગાંઠી રજાઓ આપવામાં આવે છે; તો—

"ગુજરાત રાજ્ય સરકાર પણ તેના પ્રેસના કર્મચારીઓને ધાર્મિક—રાષ્ટ્રીય તહેવારોની રજાઓ આપવા બાબતમાં કોઈ ભેદ રાખતી નથી તે હકીકતની નોંધ લઈને, તેમ જ માનવમાત્રમાં પ્રવર્તતા ધર્મ-અનુરાગ અને રાષ્ટ્રભાવનાની સાહજિકતા લક્ષમાં લઈને, યુનિવર્સિટી પ્રેસના તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને ધાર્મિક—રાષ્ટ્રીય પર્વોની રજાઓ યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને અપાય છે તે ધોરણે આપી ધાર્મિક—રાષ્ટ્રીય પર્વોની રજાઓ આપવા બાબતમાં, ગુજરાત યુનિવર્સિટી જેવી ગુજરાતની પ્રમુખ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. સ. કા. ઝવેરીએ રજૂ કર્યો, તેને પ્રા. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૦. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજ-કક્ષાએ શિક્ષાનુકાર્ય કરતા વ્યાખ્યાતા–પ્રાધ્યાપકોને વધુ શૈક્ષણિક સવલતો અપાય તે ઇચ્છનીય છે. તેઓ જે વિષયના અનુસ્નાતક હોય, તે ઉપરાંત અન્ય વિષયમાં જો તેઓ અનુસ્નાતકની પદવી મેળવવા ઇચ્છતા હોય, તો તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ અને આ વધુ યોગ્યતા મેળવનારને વર્ગની હાજરીમાં મુક્તિ અપાવી જોઈએ.

"આથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને આ અંગે ઘટતું કરવા વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. આર. કે. અમીને ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચા–વિચારણાને અંતે સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

૩૧. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આપણી યુનિવર્સિટીએ બી.ઓ.ના વૅકેશન અભ્યાસક્રમની વ્યવસ્થા વહેલી તકે દાખલ કરવી જોઈએ, તેવી સેનેટની આ સભા સત્તાધીશ મંડળોને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ મ. પરીખે ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

૩૨. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ભોપાલ યુનિવર્સિટીના બી.ઓ. ઉત્તીર્ણ થનાર શિક્ષકોને આપણી યુનિવર્સિટીમાં એમ.એડ.માં પ્રવેશને પાત્ર ગણવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૩. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અંગ્રેજી વિના એસ.એસ.સી. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને વિનયન, વાણિજ્ય કે લલિતકળાઓ જેવી વિદ્યાશાખાઓમાં જૂન ૧૯૭૩થી પ્રવેશ આપવા માટે સંબદ્ધ સત્તામંડળોને સેનેટની આ સભા ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય શ્રી. દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તેની તરફેણમાં ૫૯ અને વિરુદ્ધમાં ૩૧ મત પડ્યા.

તે પછી ડૉ. ધીરુભાઈ પી. ઠાકરે ગુપ્ત મતદાનની માગણી કરતાં કુલપતિશ્રીએ નીચેનાં સભ્યોને ચકાસણીદાર (scrutineers) તરીકે નીમ્યા :

(૧) આચાર્ય સી. એલ. શાસ્ત્રી,
(૨) પ્રો. આર. કે. અમીન,
(૩) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ,
(૪) પ્રો. કે. એચ. મોદી,

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૭૦
વિરુદ્ધમાં	૪૦
નિરર્થક	૧

આમ શ્રી. દીનાનાથ જે. મહેતાનો સદરહુ પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"નામદાર ગુજરાત સરકાર તરફથી યુનિવર્સિટી એકટમાં સુધારો કરીને અંગ્રેજી વગર એસ.એસ.સી. પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજ પ્રવેશ અપાવવા માટે જે પ્રયત્ન થઈ રહ્યો છે તે અંગે સેનેટની આ સભા માને છે કે એથી યુનિવર્સિટી પર અ-શૈક્ષણિક દબાણ આવી પડવાનો ને યુનિવર્સિટીની સ્વાયત્તતાને સંકોચાવું પડે એવો સંભવ છે. તો એવો પ્રયાસ ન કરવામાં આવે તેવી સેનેટની આ સભા સરકારશ્રીને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલને બદલે શ્રી. ઇન્દ્રવદન અં. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ સેનેટની આ સભાએ ઉપર બાબત નં. ૩૩ ઉપર કરેલા ઠરાવ સાથે સુસંગત નથી, તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કરેલા મુદ્દાના કારણે સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ગણી શકાય નહિ.

તે પછી શ્રી. કે. એચ. મોદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં જે સંભવની વાત જણાવી છે તેને કારણે આ પ્રસ્તાવ શરતી (હાઈપોથેટિક) બને છે, તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. કે. એચ. મોદીએ ઉઠાવેલા ઉપરના મુદ્દાને કારણે સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ગણી શકાય નહિ.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં જે કાર્ય કરવાનું સૂચવવામાં આવ્યું છે તે કાર્ય સ્ટેચ્યૂટને બદલે ગુજરાત યુનિવર્સિટી એકટમાં સુધારો કરીને કરવામાં આવે તો તે રાજ્ય સરકારની સત્તા સાથે સુસંગત છે અને તેથી યુનિવર્સિટીની સ્વાયત્તતા સંકોચાતી નથી, તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કરેલ ઉપરનો મુદ્દો જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ગણી શકાય નહિ.

તે પછી કેટલીક ચર્ચા—વિચારણા બાદ શ્રી. ઇન્દ્રવદન મોદીએ સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લેવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો, પરંતુ તે પાછો ખેંચી લેવા માટે સભાગૃહે સર્વસંમતિ દર્શાવી નહિ. તેથી તે પાછો ખેંચી શકાયો નહિ.

તે પછી આચાર્ય બી. એમ. પીરજાદાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ હવે પછીની બાબત વિચારણા માટે હાથ ધરવાનું રાખે (Pass on to the next matter). તેને શ્રી. નરહરિ મ. પરીખે ટેકો આપ્યો.

આચાર્ય બી. એમ. પીરજાદાના સદરહુ પ્રસ્તાવ (Pass on to the next matter) પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તેથી યાદી પરની તે પછીની બાબત એટલે કે બાબત નં. ૩૫ ચર્ચા–વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૫. આચાર્ય બી. આર પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા માને છે કે કૉલેજમાં આપવામાં આવતાં લાંબાં વેકેશનોનો કેટલોક ભાગ શિક્ષણના દિવસો બને તો તેથી શિક્ષણને લાભ થાય એમ છે અને અભ્યાસક્રમો પૂરા કરવામાં અનુકૂળતા આવે એ દૃષ્ટિએ સત્રોની વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવે તેવી સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે :

પ્રથમ સત્ર : ૧૦મી જનથી ૨૫મી ઑક્ટોબર.
બીજું સત્ર : ૧૦મી નવેંબરથી ૨૦મી માર્ચ."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૬. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા માને છે કે સત્ર-માન્યતા માટે જરૂરી હાજરીના નિયમમાં જરૂરી ફેરફારો કરીને વિદ્યાર્થીઓને વધુમાં વધુ વર્ગો ભરવા ફરજ પાડવી જોઈએ. તે માટે સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે કે સત્ર-માન્યતા માટે સત્રની કુલ હાજરીમાં ૭૫ ટકા હાજરી આવશ્યક ગણવામાં આવે તેવી રીતે નિયમો સુધારવા."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૭. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજમાં અધ્યાપકોની સીનિયોરિટી કઈ રીતે ગણવી તે અંગે યુનિવર્સિટી તરફથી નિયમો નથી અને કૉલેજોમાં જુદા જુદા આધારે સીનિયોરિટી નક્કી કરવામાં આવે છે. તેથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અધ્યાપકોની સીનિયોરિટી અંગેના નિયમો ઘડી આપવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૮. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અનુસ્નાતક અધ્યાપકની માન્યતા લંબાવી આપવા માટે યુનિવર્સિટી તરફથી અમલમાં મૂકવામા આવેલા નિયત સમયમાં સંશોધનપત્રો પ્રકટ કરવા અંગેના નિયમની આ સભા હાર્દિક કદર કરે છે અને ભલામણ કરે છે કે આ પ્રકારના સુયોગ્ય નિયમો સ્નાતક અધ્યાપકની માન્યતા લંબાવી આપવા અંગે ઘડવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૯. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા લંબાવી આપવા માટે કરવામાં આવેલી સંશોધન પત્રો પ્રકટ કરવાની પદ્ધતિની સેનેટની આ સભા કદર કરે છે અને સંબદ્ધ સત્તામંડળોને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક તેમ જ અન્ય અધ્યાપકોના સંશોધન લેખો તેમ જ અન્ય લેખોને સારી રીતે પ્રકટ થવાનું સદ્‌ભાગ્ય સાંપડે તે માટે સંશોધન અંગેનું દળદાર માસિક પ્રકટ કરવા ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૪૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને તેમના મૂળ પગારના ૧૦ ટકા લેખે ઘરભાડા ભથ્થું આપવા યોગ્ય કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૪૧. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા માને છે કે અધ્યાપકને યુનિવર્સિટી તરફથી હાલ જે માન્યતા આપવામાં આવે છે તે માન્યતા આરંભથી જ કાયમી હોય છે ને તે અંગે અધ્યાપકે કોઈ વિકાસ દર્શાવવાની જરૂર રહેતી નથી. આ પરિસ્થિતિ શૈક્ષણિક વિકાસના આ યુગમાં સહ્ય નથી. તેથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળને ભલામણ કરે છે કે પ્રસ્તુત માન્યતા આરંભમાં કામચલાઉ ધોરણે ને પછી કાયમી ધોરણે આપવાના કે માન્યતા લંબાવી આપવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય શ્રી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૪૨. પ્રા. પી. એફ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાનો નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી છે, જે ઉચિત છે. તેમ છતાં વિકસતા જતા વિજ્ઞાનમાં અને ઉચ્ચ કક્ષાનાં સ્થાનો ઉપર નિમાતી વ્યકિતઓને અંગ્રેજીની આવશ્યકતા અનિવાર્ય હોવાથી ગુજરાતના નિષ્ઠાવાન શિક્ષણશાસ્ત્રીઓએ યુનિવર્સિટી કક્ષાએ અપાતા શિક્ષણમાં વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થાય ત્યાં સુધી તે અંગ્રેજીનો વિષય ફરજિયાત ભણે તેવી વ્યવસ્થા કરેલી છે. હવે જો ગુજરાત સરકાર અંગ્રેજી સિવાય એસ.એસ.સી. પાસ થનારને ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ આપવાનો ધારો ઘડશે તો તે યુનિવર્સિટીની ઉપરોકત વ્યવસ્થાને કુહારાઘાત સમાન નીવડશે તેથી આ સભા ગુજરાત સરકારને આવું પગલું નહિ ભરવા ભલામણ કરે છે."

સદરહુ બાબત ચર્ચા—વિચારણા માટે હાથ ધરવામાં આવી તે તબક્કે પ્રમુખશ્રીનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે સભાગૃહમાં ગણપૂર્તિ (કોરમ) માટે જરૂરી એવી ઓછામાં ઓછા ૫૦ સભ્યોની હાજરી રહી નથી.

તે પછી સભાગૃહની હાજરી ગણતાં ગણપૂર્તિ (કોરમ) માટેની જરૂરી એવી ઓછામાં ઓછી ૫૦ સભ્યોની હાજરી નહોતી એમ જણાયું તેથી સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકયું નહિ.

તે પછી પ્રમુખશ્રીએ સભાને બરખાસ્ત જાહેર કરી, આથી નીચે જણાવેલી બાકીની બાબતો ચર્ચા-વિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ :

૪૩. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આપણા દેશમાં વસ્તી વધારાની સાથે નિરક્ષર લોકોની સંખ્યા વધતી જાય છે. રાષ્ટ્રમાંથી નિરક્ષરતા ઓછી કરવી એ રાષ્ટ્રીય કાર્ય લેખે એસ.એસ.સી. પસાર કરી કૉલેજ-પ્રવેશ મેળવનાર દરેક શિક્ષિત યુવાન આ કાર્ય હાથ ધરે તે ઇચ્છનીય છે, જેથી સેનેટની આ સભા લાગતાંવળગતાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે કે કૉલેજ-પ્રવેશ મેળવી ડિગ્રી પ્રાપ્ત કરવા ઇચ્છનાર વિદ્યાર્થીને ડિગ્રીની પરીક્ષા પસાર કરે તોપણ ડિગ્રી તો જ એનાયત કરવાની જોગવાઈ કરવી કે જો તેણે યુનિવર્સિટીએ નિશ્ચિત કરેલી સંખ્યાના નિરક્ષર લોકોને અક્ષરજ્ઞાન આપ્યું હોય. યુનિવર્સિટીએ સરકાર, એન. એસ. એસ.ના આયોજનકારો વગેરે સાથે મળીને આ અંગેની યોજના ઘડવા યોગ્ય કરવું."

૪૪. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઇંગ્લિશ વગર એસ.એસ.સી. પાસ થનાર વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે કૉલેજ-પ્રવેશ ઇચ્છે છે અને આ સંખ્યા ઘણી મોટી છે તે હકીકત લક્ષમાં લઈ સેનેટની આ સભા યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકૃત સત્તાઓને ભલામણ કરે છે કે ઇંગ્લિશ વગર એસ.એસ.સી. પાસ થનાર વિદ્યાર્થીઓને ૧૯૭૩ જૂનથી કૉલેજ-પ્રવેશ મળે તેમ જોગવાઈ કરે અને આ વિદ્યાર્થીઓ જો કૉલેજ-પ્રવેશ પછી એક વર્ષના ગાળામાં એસ.એસ.સી. તરફથી લેવાની ઇંગ્લિશની પરીક્ષા ઉત્તીર્ણ કરે તો તેને આ યુનિવર્સિટીના ડિગ્રી કોર્સમાં પણ પ્રવેશ મળે તે પ્રકારની જોગવાઈ કરવી."

૪૫. પ્રા. એન. જે. પટેલ અને પ્રા. એમ. એચ. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ પ્રમાણે વિજ્ઞાનની સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટરને વધુમાં વધુ આઠ વ્યાખ્યાનોનો કાર્યભાર આપી શકાય છે. આ નિયમનો દુરુપયોગ કરી ઘણી વખત વ્યાખ્યાતાની નિમણૂક ટાળી મોટા ભાગનાં વ્યાખ્યાનોના ભારનું કાર્ય ટ્યૂટર દ્વારા કરાવી લેવામાં આવે છે. આને લીધે ઘણા ટ્યૂટરોને વ્યાખ્યાતા તરીકેનું કામ કરવા છતાં વ્યાખ્યાતા તરીકેની બઢતી મળી શકતી નથી અને આમ તેમને ગેરલાભ થાય છે.

"આથી જે કોઈ વિજ્ઞાનની સંલગ્ન કૉલેજમાં એક વ્યાખ્યાતાના કાર્યભાર જેટલું વ્યાખ્યાનોનું કાર્ય હોય તે કૉલેજમાં તે માટે વ્યાખ્યાતાની નિમણૂક કરવાની અને તેથી ઓછો કાર્યભાર હોય તો જ તે કાર્યભાર માટે ટ્યૂટરની નિમણૂક કરવાની આ સભા ભલામણ કરે છે."

૪૬. પ્રા. એન. જે. પટેલ અને પ્રા. એમ. એચ. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનમાં અપાતા અનુસ્નાતક શિક્ષણના વિવિધ વિષયોમાં તે વિષયની અનેક શાખાઓનું શિક્ષણ જે તે શાખાના નિષ્ણાત દ્વારા અપાય તેવો પ્રબંધ કરવા આ સભા ભલામણ કરે છે."

૪૭. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કોઠારી પંચે સૂચવેલ કેળવણીની નવી તરાહ પ્રમાણે અને ગુજરાત રાજ્યે કરેલ નિર્ણય અનુસાર સને ૧૯૭૬—૭૭થી ગુજરાતમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અસ્તિત્વમાં આવશે. આ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો. ૧૧ અને ૧૨માં શિક્ષણકાર્ય કરનાર શિક્ષક અનુસ્નાતક કક્ષાની ઉપાધિ ધરાવનાર તેમ જ શિક્ષણની પદ્ધતિઓથી તાલીમ પામેલ હોવા જોઈશે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમિક શાળાના શિક્ષકો માટે પત્રવ્યવહાર દ્વારા એમ.એ.નો અભ્યાસક્રમ શરૂ કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળને ભલામણ કરે છે."

તા. ૯/૧૦—૧૦—૧૯૭૨ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

તા. ૧૦—૧૦—૧૯૭૨ના રોજ પ્રો. એસ. બી. વોરાને ગેરહાજર બતાવવામાં આવ્યા છે તે ભૂલ સુધારીને તેમની હાજરી નોંધવી.

૧--અ. પ્રમુખસ્થાનેથી નીચેના ઠરાવો રજૂ કરવામાં આવ્યા, અને તે ઠરાવોને સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા :

(૧) "'ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક સભ્ય અને જાણીતા સમાજસેવક અને મજૂર નેતા તથા રાજ્યસભાના સભ્ય શ્રી. શ્યામપ્રસાદ રૂપશંકર વસાવડાના દુ:ખદ અવસાનથી

ઘેરા શોકની લાગણી અનુભવે છે. શ્રી. વસાવડાના અવસાનથી ભારતને એક ઉચ્ચ કોટિના સંનિષ્ઠ નેતાની ખોટ પડી છે. દેશના જાહેરજીવનમાં તેમ જ સમાજસેવા, મજૂરકલ્યાણ અને શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી નિઃસ્વાર્થ સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા સદ્‌ગતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.'

(૨) 'ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક સભ્ય પ્રો. કિશોર ખુશાલ શાહના અકાળ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને આ યુનિવર્સિટીના ઇજનેરી શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા સદ્‌ગતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.'

ઉપરોકત ઠરાવોની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે."

૧—બ. સભાગૃહની સંમતિથી પ્રશ્નોત્તરીનું કામકાજ બાબત નં. ૨ માં જણાવેલ મતદાનનું કામ પૂરું થયેથી બપોરે ૩—૦૦ વાગ્યે હાથ ધરવાનું રાખ્યું.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાનો કલમ ૧૦ હેઠળ સ્ટે. ૧૩૦ પ્રમાણે કુલપતિશ્રીની નિમણૂક માટે ચાર વ્યકિતઓનાં નામોની કુલાધિપતિશ્રીને ભલામણ કરવા માટેની ચૂંટણી.

[**નોંધ.**—ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦ હેઠળ કુલપતિપદે નિયુકિત કરવા માટે કુલાધિપતિશ્રીને સ્ટે. ૧૩૦ મુજબ ચાર વ્યકિતઓનાં નામોની નામાવલિ(panel)ની ભલામણ કરવા અંગેની નોટિસ સેનેટના સભ્યોને તા. ૨૩–૧૦–૧૯૭૨ના પરિપત્રાંક સિ./૨૬૨૭૩/૧૯૭૨થી મોકલવામાં આવી હતી.]

મજકૂર પેનલ માટેની ચૂંટણી "Proportional representation by means of a single transferable vote by ballot"—એકડા-બગડા ઇત્યાદિની પદ્ધતિથી યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૨–૧૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં કરવામાં આવી હતી, અને તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવી હતી. મતદાનપત્રો નાખવા માટે મતદાનપેટી તા. ૨૨—૧૧—૧૯૭૨ના રોજ બપોરના ૧૨–૩૫થી ૩—૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવી હતી. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી તે પછી અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદાર (scrutineers) તરીકે નિમણૂક કરી:

(૧) પ્રો. દર્શનસિંગ બસન

(૨) આચાર્ય કે. એમ. તલાટી.

તે પછી નિયત કરેલા સમય દરમ્યાન એટલે કે બપોરના ૧૨–૩૫થી ૩–૦૦ વાગ્યા સુધી મતદાનપત્રો નાખવા માટે મતદાનપેટી ખુલ્લી રાખવામાં આવી. તે દરમ્યાન સભાગૃહનું બીજું કામ હાથ ધરવામાં આવ્યું નહીં.

સદરહુ પેનલની ચૂંટણી માટે સ્ટે. ૧૩૦ મુજબ નીચે જાહેરાવેલ વ્યકિતઓનાં નામ મતપત્ર પર મૂકવામાં આવ્યાં હતાં :

(૧) શ્રી. રામદાસ કિશોરદાસ અમીન
(૨) શ્રી. જગદીશ ભગવતી
(૩) શ્રી. રમણભાઈ જી. ભટ્ટ
(૪) શ્રી. પ્રમોદચન્દ્ર છોટુભાઈ ગાંધી
(૫) ડૉ. જયંત બી. હરિભકિત
(૬) શ્રી. દામોદર મણિશંકર જોશી
(૭) શ્રીગોવિંદજી ગણેશજી પંડયા
(૮) શ્રી. ગિરીશભાઈ સી. પટેલ
(૯) શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ
(૧૦) શ્રી. રાવજીભાઈ પટેલ
(૧૧) પ્રિ. બી. એમ. પીરજાદા
(૧૨) શ્રી. કનુભાઈ નગીનદાસ શાહ
(૧૩) શ્રી. કીર્તિ નટવરલાલ શાહ
(૧૪) શ્રી. શાન્તિલાલ શંકરલાલ શાહ
(૧૫) શ્રી. સુરેશચન્દ્ર મણિલાલ શાહ
(૧૬) શ્રી. રજનીકાન્ત જીવાભાઈ શેઠ
(૧૭) શ્રી. હરિપ્રસાદ જે. શ્રીગોડ
(૧૮) ડૉ. મુકતાબહેન ડી. ઠકકર.

તે પછી સાંજે ૫–૫૦ વાગ્યે મતગણતરી અંગેનો ચકાસણીદારોનો અહેવાલ આવતાં નીચેની ચાર વ્યકિતઓને કુલપતિપદની પેનલ માટે ક્રમાનુવર્તી ચૂંટાયેલી જાહેર કરવામાં આવી :

(૧) શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ
(૨) ડૉ. જયંત બી. હરિભકિત
(૩) શ્રી. રામદાસ કે. અમીન
(૪) ડૉ. મુકતાબહેન ડી. ઠક્કર.

(**નોંધ.**— મતગણતરીનું કામ ચકાસણીદારોની હાજરીમાં બપોરે ત્રણ વાગ્યે શરૂ કરવામાં આવ્યું હતું અને સાંજે ૫–૪૦ સુધી ચાલ્યું હતું. દરમિયાન સભાગૃહની સંમતિથી એજન્ડા પરનાં બાકીનાં કામકાજ બપોરે ૩–૧૫ વાગ્યાથી હાથ ધરવામાં આવ્યાં હતાં.)

૨--અ. પ્રશ્નોત્તરી :

[૧] પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

યુનિવર્સિટી પ્રકાશનો અંગે નીચેની માહિતી પૂરી પાડવા વિનંતી છે :

પ્રશ્ન ૧ : (ક) (૧) ૧૯૭૦—૭૧ તથા ૧૯૭૧—૭૨ નાં વર્ષો દરમિયાન યુનિવર્સિટી પ્રકાશનોના વેચાણનો ઇન્ટર્નલ ઑડિટરો દ્વારા હિસાબ ઑડિટ થયો છે ખરો ?

ઉત્તર ૧ : (ક) (૧) ના, જી. હાલ આ અંગેનું ઑડિટ ચાલે છે.

પ્રશ્ન ૧ : (ક) (૨) જો થયો હોય તો સ્ટોક રજિસ્ટરમાં દર્શાવેલ પુસ્તકોની સંખ્યા વાસ્તવિક પ્રકાશનોના સ્ટોક સાથે ફિઝિકલ વેરિફિકેશન થાય છે ખરું ?

ઉત્તર ૧ : (ક) (૨) ઉપર પ્રશ્ન (૧) (ક) (૧) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ક) (૩) જો થતું હોય તો ઉપર દર્શાવેલાં બંને વર્ષ દરમિયાન કયાં પ્રકાશનોમાં કેટલી વધઘટ નોંધવામાં આવી છે ?

ઉત્તર ૧ : (ક) (૩) પ્રકાશન વેચાણ વિભાગ તરફથી વાર્ષિક સ્ટોક લેવાય છે તેને રજિસ્ટરના સ્ટોક સાથે મેળવવામાં આવે છે. આ બે વર્ષ દરમિયાન યુનિવર્સિટીનાં પ્રકાશનોની નકલોમાં વધઘટની માહિતી **પરિશિષ્ટ " ૧ "** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧ : (ખ) (૧) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહાયથી ગુજરાત યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં કેટલાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં ?

ઉત્તર ૧ : (ખ) (૧) ૪૬.

પ્રશ્ન ૧ : (ખ) (૨) એ પુસ્તકોના વેચાણ અંગે યુનિવર્સિટી અને ગ્રંથનિર્માણ બોર્ડ વચ્ચે શી શરતો થયેલી છે ?

ઉત્તર ૧ : (ખ) (૨) સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં નીચે પ્રમાણે શરતો નિયત કરી હતી :

" (૭) જ્યાં સુધી બોર્ડ પોતાની અલાયદી વિતરણ અને વેચાણવ્યવસ્થા ન કરે ત્યાં સુધી યુનિવર્સિટીએ હાલમાં ગોઠવેલ વિતરણવેચાણ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. આ માટે વેચાણ ઉપર વિક્રેતાઓને તથા સંસ્થાઓને જે વળતર આપવામાં આવે તે ઉપરાંત પાંચ ટકા જેટલું કુલ વેચાણ ઉપર વળતર ગુજરાત યુનિવર્સિટીને આપવાનું રહેશે. "

ત્યાર બાદ સિન્ડિકેટની તા. ૬—૫—૧૯૭૨ ની સભામાં નીચે પ્રમાણે શરત નિયત થઈ છે :

" (૫) પ્રકાશનોના વિતરણ-પ્રચાર-પ્રસારની જવાબદારી બોર્ડની રહેશે."

પ્રશ્ન ૧ : (ખ) (૩) આ પ્રકાશનોના કુલ સ્ટોકમાંથી યુનિવર્સિટીને દરેક પ્રકાશન માટે કેટલી પ્રતો આપવામાં આવે છે ?

ઉત્તર ૧ : (ખ) (૩) યુનિવર્સિટીને ૫૦ નકલો આપવામાં આવે છે, પરંતુ સહયોગી પ્રકાશન યોજના હેઠળ ૧૦૦ નકલ અપાય છે.

પ્રશ્ન ૧ : (ખ) (૪) યુનિવર્સિટીને આપવામાં આવતી નકલો કોને ફાળવવામાં આવે છે ?
ઉત્તર ૧ : (ખ) (૪) યુનિવર્સિટીને મળતી નકલો હાલ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે :

લેખક/અનુવાદકને	... ૧૦ નકલ (કરાર અન્વયે)
હસ્તપ્રત જોઈ-તપાસનાર પ્રત્યેક સભ્યને	... ૧ નકલ
કોપીરાઈટ્સ કાયદા મુજબ ત્રણ ગ્રંથાલયો :	... ૩ નકલ
(1) Central Library, Bombay	
(2) National Library, Calcutta	
(3) Connemara Public Library, Madras	
પ્રેસ ઑક્ટ પ્રમાણે	... ૭ નકલ
અનુવાદના કામમાં મૂળ પ્રકાશકો સાથે થયેલ કરાર પ્રમાણેની નકલ પ્રકાશન વિભાગમાં સાચવી રાખવા માટે	... ૧ નકલ
યુનિવર્સિટી ગ્રંથાલય	... ૫ નકલ
કુલપતિશ્રી	... ૧ નકલ
કુલસચિવશ્રી	... ૧ નકલ

ઉપરાંત કુલપતિશ્રીના આદેશ પ્રમાણે ખાસ કેસમાં કોઈ વ્યકિત/સંસ્થાને વિનામૂલ્યે આપવામાં આવતી નકલ/નકલો

પ્રશ્ન : ૧ (ખ) (૫) જો કોઈને ફાળવવામાં આવતી ન હોય તો તેનું વેચાણ કરવામાં આવે છે ખરું ?
ઉત્તર ૧ : (ખ) (૫) ના, જી.

પ્રશ્ન ૧ : (ગ) (૧) 'ગોલીય ખગોળશાસ્ત્ર' નામનું પુસ્તક યુનિવર્સિટીએ ગ્રંથનિર્માણ બોર્ડની સહાયથી પ્રકાશિત કર્યું છે ખરું ?
ઉત્તર ૧ : (ગ) (૧) હા, જી.

પ્રશ્ન ૧ : (ગ) (૨) આ પુસ્તકની કેટલી નકલો યુનિવર્સિટીને આપવામાં આવી ?
ઉત્તર ૧ : (ગ) (૨) યુનિવર્સિટી પ્રેસ પાસેથી ૭૩૫ નકલો વેચાણ વિભાગને મળી.

પ્રશ્ન ૧ : (ગ) (૩) આ પુસ્તકનો યુનિવર્સિટીના સ્ટોક રજિસ્ટર પ્રમાણે હાલ કેટલી નકલો છે ?
ઉત્તર ૧ : (ગ) (૩) ૫૨ (બાવન).

પ્રશ્ન ૧ : (ગ) (૪) ખરેખર વાસ્તવિક સ્ટોકમાં આજે એટલી નકલો છે ખરી ?
ઉત્તર ૧ : (ગ) (૪) ના, જી.

પ્રશ્ન ૧ : (ગ) (૫) જો ન હોય તો તે નકલો કોને કોને ફાળવવામાં આવી છે તેની વિગતો આપશો ?
ઉત્તર ૧ : (ગ) (૫) ૫૦ (પચાસ) નકલ ઘટે છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એ પુસ્તકની કિંમત શું છે ? ૫૨ નકલોમાંથી ૫૦ નકલો એકાએક ઘટી તો કયા કર્મચારી એ કામ સંભાળતા હતા ? તેમની સામે કોઈ પગલાં ભરવામાં આવ્યાં છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તપાસ કર્યા પછી કોઈ સભ્ય જવાબદાર જણાશે તો પગલાં લેવામાં આવશે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોણ ચાર્જમાં હતું તે કહી શકાય ખરું ?

કુલસચિવશ્રીએ માહિતી મેળવીને જણાવ્યું કે પ્રકાશનોના વેચાણનું કામકાજ સંભાળનાર કર્મચારીનું નામ છે, શ્રી. વી. ટી. સોલંકી. પણ તેઓ રજા પર હોય ત્યારે તેમનું કામ અન્ય સભ્યને સોંપવામાં આવે તે સ્વાભાવિક છે.

[૨] પ્રા. પી. સી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાથી આજ સુધી આ યુનિવર્સિટીએ કઈ કઈ સાલમાં કઈ કઈ આંતર-યુનિવર્સિટી રમતોમાં ભાગ લીધો છે ?

અને

પ્રશ્ન ૨ : આંતર-યુનિવર્સિટી રમતોમાં ગુજરાત યુનિવર્સિટીએ સાલવાર કયું સ્થાન, કેટલાં રાઉન્ડ જીતી પ્રાપ્ત કર્યું તેની વિગતવાર માહિતી આપશોજી.

ઉત્તર ૧ અને ૨ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : આંતર-યુનિવર્સિટી ઍથ્લેટિક્સમાં ગુજરાત યુનિવર્સિટીના કયા ખેલાડીઓએ, કઈ સાલમાં, કઈ બાબતમાં પહેલા ત્રણમાં કયું સ્થાન પ્રાપ્ત કર્યું છે ?

ઉત્તર ૩ : અત્યાર સુધી ખેલકૂદની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં પહેલા ત્રણમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનાં નામ નીચે પ્રમાણે છે :

શ્રી. વી. સી. ગજજર	૧૯૫૪--૫૫	વાંસકૂદકો	બીજું સ્થાન
શ્રી. જે. ફર્નાન્ડીઝ	૧૯૫૬--૫૭	૨૦૦ મીટર દોડ	બીજું સ્થાન
	૧૯૫૭--૫૮	૨૦૦ મીટર દોડ	ત્રીજું સ્થાન
	૧૯૫૮--૫૯	૧૦૦ મીટર દોડ	બીજું સ્થાન
		૨૦૦ મીટર દોડ	ત્રીજું સ્થાન
કુમારી સરોજ પટેલ	૧૯૫૯--૬૦	ઊંચો કૂદકો	ત્રીજું સ્થાન
કુમારી જેરૂ મિસ્ત્રી	૧૯૬૨ -૬૩	૨૦૦ મીટર દોડ	બીજું સ્થાન
	૧૯૬૩--૬૪	૨૦૦ મીટર દોડ	ત્રીજું સ્થાન
શ્રી. એસ. એ. અન્સારી	૧૯૬૫--૬૬	૧૦૦ મીટર વિઘ્નદોડ	ત્રીજું સ્થાન
શ્રી. શહીદ સૈયદ	૧૯૭૧--૭૨	વાંસકૂદકો	બીજું સ્થાન
શ્રી. જી. ટી. પરીખ	૧૯૭૧--૭૨	ઊંચો કૂદકો	ત્રીજું સ્થાન

પ્રશ્ન ૪ : આંતર-યુનિવર્સિટી રમતોમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટીની ટીમના ખેલાડીઓને રમત પ્રમાણે કયા કયા પ્રકારનું ખર્ચ આપવામાં આવે છે ?

ઉત્તર ૪ : આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જનાર પ્રત્યેક ખેલાડીનું નીચે પ્રમાણેનું ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવામાં આવે છે :

(૧) રેલવે મુસાફરી ખર્ચ પૂરો (રિઝર્વેશન ચાર્જ સાથે)

(૨) રસ્તામાં જે સ્ટેશને ગાડી / વાહન બદલવાનું હોય તે જગાના મજૂરી ખર્ચ પેટે રૂ. ૧.૦૦

(૩) જે દિવસે વિદ્યાર્થી નીકળે તે દિવસથી પાછા આવે તેટલા દિવસનું રોજના રૂ. ૬.૦૦ લેખે દૈનિક ભથ્થું.

(૪) રમત માટેના ગણવેશનો અડધો ખર્ચ.

પ્રશ્ન ૪ : (ક) આંતર-યુનિ. રમતોમાં ભાગ લેવા જનાર કઈ ટીમો જતાં પહેલાં પ્રેક્ટિસ કરે છે ?

ઉત્તર ૪ : (ક) સામાન્ય રીતે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતી પ્રત્યેક ટુકડીને પ્રેક્ટિસ આપવામાં આવે છે.

પ્રશ્ન ૪ : (ખ) એ ટીમોમાં સ્થાનિક ખેલાડીઓને કોઈ પણ પ્રકારનું ભથ્થું આપવામાં આવે છે ?

ઉત્તર ૪ : (ખ) આ ટુકડીઓના સ્થાનિક ખેલાડીઓને પ્રેક્ટિસ માટે રોજના રૂ. ૨.૦૦ (રૂપિયા બે) લેખે ભથ્થું આપવામાં આવે છે.

પ્રશ્ન ૫ : આંતર-યુનિવર્સિટી રમતોમાં ભાગ લીધેલ ગુજરાત યુનિવર્સિટીની દરેક ટીમનું સાલવાર કેટલું ખર્ચ થયું તેની વિગતવાર માહિતી આપશોજી.

ઉત્તર ૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : આંતર-યુનિવર્સિટી રમતોમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટીની ટીમના મેનેજરની પસંદગી કયા ધોરણે કરવામાં આવે છે ?

ઉત્તર ૬ : યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સે સૂચવેલ નીચેનું ધોરણ લક્ષમાં રાખીને જે તે રમતની ટુકડીની પસંદગી કરતી વખતે મેનેજરની પસંદગી પણ કરવામાં આવે છે :

૧. જે તે રમતના યુનિવર્સિટીના કોચ કે જે તે રમતના નિષ્ણાત (એન.આઈ.એસ. ટ્રેઈન્ડ) હોય તેવી વ્યકિતઓને પ્રથમ પસંદગી આપવાનું રાખવું. આ ન હોય તો—

(૧) યુનિવર્સિટીની ટીમમાં જે કૉલેજ કે વિભાગના ખેલાડીઓ વધુ હોય તે કૉલેજના કે વિભાગના જે તે રમતના નિષ્ણાત હોય તો તે અથવા તે કૉલેજના આચાર્યશ્રી કે અધ્યક્ષશ્રી આવી વ્યકિતનું નામ સૂચવે તે,

અથવા તો

(૨) યુનિવર્સિટી ચૅમ્પિયન કૉલેજના આચાર્યશ્રી જે નામ સૂચવે તેમની પસંદગી કરવી.

પ્રશ્ન ૭ : આ યુનિવર્સિટીએ જુદી જુદી રમતો માટે કયા પ્રકારનાં કેટલાં સાધનો ખરીદ કર્યાં છે તેની વિગતવાર અને સાલવાર માહિતી આપશોજી.

અને

પ્રશ્ન ૮ : ચાલુ સાલે યુનિવર્સિટી પાસે રમતગમતનાં જે સાધનો છે તેનો સ્ટોક આપવા મહેરબાની કરશોજી.

ઉત્તર ૭ અને ૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : ૧૯૬૪ પહેલાં અને પછી આંતર-કૉલેજ હરીફાઈઓમાં કઈ કઈ રમતોને કઈ કઈ સાલમાં શાં કારણોથી રિ-પ્લે આપવામાં આવી છે ?

ઉત્તર ૯ : આંતર-વિભાગીય ધોરણે યોજાયેલ રમતોમાં રિ-પ્લે આપવામાં આવી **નથી.** પ્રત્યેક વિભાગના ઉપક્રમે યોજાતી સ્પર્ધાઓ અંગેની આવી માહિતી જે તે વિભાગની જે તે વખતની યજમાન કૉલેજ પાસેથી મેળવવાની રહે.

પ્રશ્ન ૧૦ : (ક) : મ્યુનિચ ખાતે વિશ્વ ઓલિમ્પિકમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિને (સ્પર્ધાઓ જોવા) મોકલવામાં આવેલ છે ?
(ખ) જો હા, તો કોણ ? તેમની ઉંમર કેટલી છે ?
(ગ) જો હા, તો યુનિવર્સિટીએ તે બાબતમાં કેટલું ખર્ચ ભોગવ્યું છે ?
(ઘ) જો હા, તો તેમને મોકલવા પાછળ શો હેતુ રહેલો છે ?

ઉત્તર ૧૦ : (ક), (ખ), (ગ) અને (ઘ) : ના, જી. સદરહુ ઑલિમ્પિક રમતગમત મહોત્સવમાં યુનિવર્સિટી તરફથી તેના કોઈ પ્રતિનિધિને મોકલવામાં આવેલ નથી. વધુમાં સભાગૃહની જાણ માટે ઉમેરવાનું કે યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગના અધ્યક્ષ શ્રી. વાસુદેવ પી. મહેતાએ તે મહોત્સવમાં હાજરી આપી હતી. તેમની ઉંમર હાલ ૫૭ વર્ષ છે. તેમને યુનિવર્સિટી તરફથી રૂ. ૧,૫૦૦ની આર્થિક સહાય આપવામાં આવી હતી. આ આર્થિક સહાય આપવાનો હેતુ યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગની જવાબદારી ૧૮ વર્ષ સુધી સંભાળનારા એક સંનિષ્ઠ કાર્યકરને તેઓ જે કામગીરી યુનિવર્સિટીમાં સંભાળે છે તે ક્ષેત્રમાં રસ લઈને પોતાને ખર્ચે જવા તૈયાર થયા તેમાં થોડીક મદદ આપવાનો હતો.

પ્રશ્ન ૧૧ : (ક) "ભવાઈ" મહાનિબંધનો આમુખ લખવામાં કેટલો વિલંબ થયો ?

ઉત્તર ૧૧ : (ક) લગભગ સાડા ત્રણ વર્ષ.

પ્રશ્ન ૧૧ : (ખ) શાથી ?

ઉત્તર ૧૧ : (ખ) —

પ્રા. પી. સી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જવાબ નથી આપ્યો એટલે શું સમજવું ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આમુખ લખવામાં શાથી વિલંબ થયો તે માહિતી કાર્યાલય આપી શકે નહીં.

પ્રા. પી. સી. પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમુખ લખવામાં આટલી બધી વાર થાય ખરી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે વાર થઈ છે તે હકીકત છે; અને ભૂતપૂર્વ કુલપતિશ્રીએ ગઈ સભામાં તેનો સ્વીકાર પણ કરેલો છે.

પ્રશ્ન ૧૨ : (ક) પ્રેસ-કર્મચારીઓના રજિસ્ટર્ડ યુનિયન તરફથી તા. ૨૦--૬--૧૯૬૭, ૧૨--૩--૧૯૬૮, ૨૨--૨--૧૯૬૮, ૨૨--૯--૧૯૬૯,૧૬--૩--૧૯૭૦, ૨--૧૧--૧૯૭૦, ૧૯--૧--૧૯૭૧, ૧૮--૧--૧૯૭૧ના રોજ યુનિ. અધિકારીઓ સમક્ષ માગણીઓ મૂકવામાં આવી હતી ?

ઉત્તર ૧૨ : (ક) પ્રેસ-કર્મચારીઓના રજિસ્ટર્ડ યુનિયન તરફથી નહિ પરંતુ પ્રેસ-કર્મચારીઓ તરફથી તા. ૬--૩--૧૯૭૦, તા. ૨--૧૧--૧૯૭૦ તથા તા. ૧૯--૧--૧૯૭૧ના રોજ માગણીઓ મૂકવામાં આવી હતી.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ તારીખવાળા કાગળો યુનિયન તરફથી મળ્યા નથી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એ કાગળો અંગે ઈનવર્ડ રજિસ્ટર ઉપરથી માહિતી મળતી નથી. તેની નકલો મળશે તો તપાસ કરી શકાશે.

પ્રશ્ન ૧૨ : (ખ) જો હા, તો કયા પ્રકારની ? અને

(ગ) વિગતો આપશોજી ?

ઉત્તર ૧૨ : (ખ) અને (ગ) : ઉત્તર ૧૨ (ક)માં નિર્દેશ કરેલ માગણીની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમ	માગણીની વિગત
૧.	તા. ૬--૩--'૭૦ની પ્રેસમાં સૂવાની વ્યવસ્થા કરવા,
૨.	દેશબંધુ ચિત્તરંજનદાસ જન્મજયંતી નિમિત્તે રજા રાખવા અંગે, અને
૩.	માંદગીની રજા માટે સર્ટિફિકેટમાં મુક્તિ આપવા અંગે.

પ્રશ્ન ૧૩ : તા. ૬-૭-૧૯૬૯ પહેલાંના પ્રેસના કાર્યાલય તથા પ્રૂફ વિભાગના સભ્યો જેમને દર ૧૧ દિવસની હાજરીએ ૧ હક રજા મળે છે તેમને ફેકટરી ઍકટ લાગુ પડે ?

ઉત્તર ૧૩ : હા, જી.

પ્રશ્ન ૧૪ : ઉપરના પ્રશ્ન (૧૩) માં ન આવતા કર્મચારીઓ જેમને ફેકટરી ઍકટ લાગુ પડે છે તેમને દર ૧૧ દિવસની હાજરીએ ૧ હક રજા મળી શકે ?

ઉત્તર ૧૪ : ના, જી.

પ્રશ્ન ૧૫ : પ્રૂફરીડર, કૉપી-હોલ્ડરને યુનિ. ના કાર્યાલયના સીનિયર કલાર્ક અને જુનિયર કલાર્ક સમકક્ષ કયારથી ગણવામાં આવશે ?

ઉત્તર ૧૫ : સદરહુ માગણી વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૧૬ : (ક) પ્રેસ-કર્મચારીઓનું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં તા. ૧-૭-૧૯૬૮થી ભેળવવામાં આવશે ?

ઉત્તર ૧૬ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૬ : (ખ) જો ના, તો કયારથી ભેળવવામાં આવશે ?

ઉત્તર ૧૬ : (ખ) ઉત્તર ૬(ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : (ક) અત્યાર સુધી યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં (પ્રેસનાં અલગ) જે પગારધોરણો સુધાર્યાં છે તેની સ્ટેટિસ્ટિકલ વિગતો આપશોજી ?

ઉત્તર ૧૭ : (ક) સદરહુ માહિતી માટે આ સાથેનું **પરિશિષ્ટ " ૫ " જોવા** વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : (ખ) જો યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો સુધારવામાં આવે તો કેટલો આર્થિક બોજ પડે તેના સ્ટેટિસ્ટિકલ ફિગર આપશોજી ?

ઉત્તર ૧૭ : (ખ) આ અંગેના આર્થિક બોજનો અંદાજ હાલના તબક્કે આપવાનું બની શકે તેમ નથી.

પ્રશ્ન ૧૮ : મોનો મશીનનું ઉત્તરોત્તર ૧૯૭૦--૭૧, ૧૯૭૨-૭૩ના ઑગસ્ટ સુધી ઓપરેટિંગ તથા કાસ્ટિંગનું ઉત્પાદન કેમ ઘટતું ગયું છે ?

ઉત્તર ૧૮ : કારણ કે મોનોટાઈપ વિભાગનો ઉપયોગ સને ૧૯૬૯--૭૦ના ડિસેંબર અને ફેબ્રુઆરી માસ દરમિયાન ૧૮ દિવસ માટે, કાર્યભારને અનુરૂપ, વધારાની ત્રીજી પાળી ચાલુ કરીને ઓપરેટિંગ ૧,૯૭,૫૧૦ એમ્સ તથા કાસ્ટિંગ ૧,૨૭,૮૭૧ એમ્સ ઉત્પાદન લેવામાં આવેલ, જ્યારે સને ૧૯૭૦--૭૧ના મે, જૂન, જુલાઈ, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમિયાન ૮૭ દિવસ માટે, કાર્યભારને અનુરૂપ, વધારાની ત્રીજી પાળી ચાલુ કરીને ઓપરેટિંગ ૯,૧૩,૯૮૨ એમ્સ તથા કાસ્ટિંગ ૮,૧૬,૪૬૬ એમ્સ ઉત્પાદન લેવામાં આવેલ. ઉપર પ્રમાણે ત્રીજી પાળીના વધારાના ઉત્પાદન તરફ ધ્યાન દોરતાં જણાવવાનું કે આ યંત્રોનો ઉપયોગ છાપકામનો પ્રકાર, નકલોની સંખ્યા, વગેરે ધ્યાનમાં લઈને પાળીઓ, પ્રેસની જરૂરિયાત પ્રમાણે આયોજવામાં આવે છે. ઉપરાંત ટાઇપ ફાઉન્ડ્રી તરીકે પણ ઉપયોગ લેવામાં આવતો હોઈ ઉત્પાદન-આંકમાં વધ-ઘટ થતી જણાય છે.

પ્રશ્ન ૧૯ : ૧૯૭૧-૭૨ તથા ૧૯૭૨-૭૩ના વર્ષમાં ફિનિક્સ અનુક્રમે ૧૪૨ દિવસ અને ૧૦૧ દિવસ, મિલે અનુક્રમે ૯૮ અને ૧૮૫ દિવસ, રોમાયર અનુક્રમે ૧૬૭ અને ૭૩ દિવસ શા કારણથી બિનઉપયોગમાં રહેલાં છે ?

ઉત્તર ૧૯ : પ્રેસના યંત્રવિભાગનાં યંત્રો, પ્રશ્નમાં નિર્દિષ્ટ કરેલ દિવસોએ ઉપયોગમાં લેવામાં ન આવેલ તેનાં કારણોમાં નીચેનાં કારણોનો સમાવેશ થાય છે :

(૧) ફિનિક્સ યંત્ર ઉત્તરવહીઓ તથા પ્રમાણપત્રોના એમ્બોસિંગ કામ પૂરતું વાપરવું શકય છે.

(૨) મિલે યંત્રનો તેના ૪૯ વર્ષના વપરાશી ઘસારાને અને કામગીરીને લક્ષમાં લેતાં પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓ જેવાં છાપકામો પૂરતો ઉપયોગ લેવો જરૂરી છે.

(૩) રોમાયર ઓફ્સેટ યંત્ર હોઈ લાંબી નકલના છાપકામ માટે તથા પ્રશ્નપત્રોના છાપકામ માટે વાપરવામાં આવે છે.

પ્રશ્ન ૨૦ : (ક) કાયમી કર્મચારીઓને મશીન સોંપવાથી તેની જવાબદારીના કારણે મશીનની સાચવણી વધે કે ઘટે ?

ઉત્તર ૨૦ : (ક) મશીનની સાચવણી વધે કે ઘટે તે જે તે કર્મચારીઓની કાર્યક્ષમતા પર આધારિત છે.

પ્રશ્ન ૨૦ : (ખ) જો વધે તો કાયમી કર્મચારીઓને મશીન સોંપવામાં આવશે ?

ઉત્તર ૨૦ : (ખ) ઉત્તર ૧૦ (ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : (ક) પ્રેસમાં કેટલીક માહિતીઓની કર્મચારીઓને મૌખિક જાણ કરવાની પદ્ધતિ કયારથી શરૂ કરવામાં આવી છે ?

ઉત્તર ૨૧ : (ક) પ્રેસની શરૂઆતથી જ્યારે અને જ્યાં જરૂરી હોય ત્યારે અને ત્યાં મૌખિક અને/અથવા લેખિત જાણ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૧ : (ખ) શ્રી. બી. આર. ભાવસારની ઓવરટાઇમ વિષેની માગણીના અનુસંધાનમાં તેમને લેખિત જાણ કેમ નહોતી કરી ?

ઉત્તર ૨૧ : (ખ) મૌખિક જાણ પર્યાપ્ત જણાઈ હતી.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લેખિત જાણ કરી શકાય નહીં ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જરૂર જણાય તો લેખિત જણાવવામાં પણ કશો વાંધો નથી.

પ્રશ્ન ૨૨ : બહુવિધ છાપકામોની જવાબદારી જુ. કંપોઝીટરને સોંપાય છે ?

ઉત્તર ૨૨ : જુ. કંપોઝીટરને જરૂર પ્રમાણે બહુવિધ કંપોઝકામ સોંપવામાં આવે છે.

[૩] **આચાર્ય સી. એલ. શાસ્ત્રી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટી યૂથ વેલ્ફેર વિભાગ તરફથી યોજાતા કેંપોના છેલ્લાં ૫ વર્ષના સંચાલકોનાં નામ આપશો ?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટીના યૂથ વેલ્ફેર વિભાગ તરફથી છેલ્લાં પાંચ વર્ષમાં નીચે જણાવેલ શિબિરો યોજવામાં આવ્યા હતા. સંચાલકોની વર્ષવાર યાદી નીચે પ્રમાણે છે :

પર્વતારોહણ શિબિર

આ શિબિરો રાજ્ય સરકારની માઉન્ટ આબુની પર્વતારોહણ સંસ્થાના સહકારથી યોજાય છે એટલે એ સંસ્થાના કાયમી કર્મચારીઓ અને જરૂર પડે આમંત્રિત ઇન્સ્ટ્રકટરો આ શિબિરના સંચાલકો તરીકે કામગીરી બજાવે છે.

(૧) યુવક નેતૃત્વ તાલીમ શિબિર

સાલ	સંચાલકો
૧૯૬૭ (અધ્યાપકો માટે)	૧. પ્રા. વી. જે. ત્રિવેદી
	૨. શ્રી. હકૂમત દેસાઈ
	૩. શ્રી. વી. પી. મહેતા
૧૯૬૮ (,, ,,)	૧. આચાર્યશ્રી દાઉદભાઈ ઘાંચી
	૨. પ્રા. રમેશભાઈ ભટ

સાલ	સંચાલકો
૧૯૬૯	૧. આચાર્યશ્રી દાઉદભાઈ ઘાંચી ૨. આચાર્યશ્રી અવિનાશ મુનશી
૧૯૭૦ (વિદ્યાર્થીઓ માટે)	૧. આચાર્યશ્રી અવિનાશ મુનશી ૨. આચાર્યશ્રી પદ્માબહેન ફડિયા
૧૯૭૧ (,, ,,)	૧. આચાર્યશ્રી અવિનાશ મુનશી ૨. આચાર્યશ્રી પદ્માબહેન ફડિયા ૩. આચાર્યશ્રી વિનોદભાઈ અધ્વર્યુ
૧૯૭૨ (,, ,,)	૧. આચાર્યશ્રી અવિનાશ મુનશી ૨. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ ૩. આચાર્યશ્રી પદ્માબહેન ફડિયા
(૨) નાટ્ય તાલીમ શિબિર	
૧૯૬૭ (અધ્યાપકો માટે)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. પ્રો. જશવંત ઠાકર
૧૯૬૮ (,, ,,)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. પ્રો. ચં. ચી. મહેતા ૩. પ્રો. જશવંત ઠાકર
૧૯૬૯ (,, ,,)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. પ્રો. જશવંત ઠાકર ૩. પ્રો. ચં. ચી. મહેતા
૧૯૭૦ (વિદ્યાર્થીઓ માટે)	૧. શ્રી. ધનંજય ઠાકર ૨. પ્રો. ચં. ચી. મહેતા
૧૯૭૧ (,, ,,)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. શ્રી. ધનંજય ઠાકર ૩. પ્રો. ચં. ચી. મહેતા
૧૯૭૨ (અધ્યાપકો માટે)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. શ્રી. ધનંજય ઠાકર ૩. પ્રો. ચં. ચી. મહેતા
(૩) ગાંધીદર્શન શિબિર	
૧૯૬૮ (વિદ્યાર્થીઓ માટે)	૧. પ્રો. પી. સી. વૈદ્ય ૨. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૩. શ્રી. વાસુદેવ મહેતા
(૪) ગાંધીવિચાર શિબિર	
૧૯૬૯ (વિદ્યાર્થીઓ માટે)	૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્યશ્રી તનમણિશંકર શુકલ ૩. પ્રો. જે. જે. જોષી

સાલ	સંચાલકો
૧૯૭૦ (વિદ્યાર્થીઓ માટે)	૧. આચાર્યશ્રી નટુભાઈ યાજ્ઞિક
	૨. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ
(૫) રાષ્ટ્રીય એકતા શિબિર	
૧૯૭૧ (વિદ્યાર્થીઓ માટે)	૧. આચાર્યશ્રી નટુભાઈ યાજ્ઞિક
	૨. પ્રા. રમેશભાઈ ભટ
	૩. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ
(૬) વિદ્યાર્થી પ્રવૃત્તિ તાલીમ શિબિર	
૧૯૭૧ (વિદ્યાર્થીઓ માટે)	૧. આચાર્યશ્રી તનમણિશંકર શુકલ
	૨. આચાર્યશ્રી અવિનાશ મુનશી
	૩. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ

પ્રશ્ન ૧ : (ખ) આ સંચાલકોની નિયુક્તિ કોણ કરે છે ?

ઉત્તર ૧ : (ખ) સામાન્ય રીતે યુવક કલ્યાણ સમિતિ.

પ્રશ્ન ૨ : (ક) કેટલાક આચાર્યોને ઘરભાડું અથવા ઘર નિયમિત રીતે અપાતાં નથી તે વાત સાચી છે ?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) જો એમ હોય તો, યુનિવર્સિટીએ આ અંગે કોઈ પગલાં લીધાં છે ?

ઉત્તર ૨ : (ખ) હા, જી.

પ્રશ્ન ૨ : (ગ) આ અંગે નિયમ પ્રમાણે ન ચાલતી કૉલેજો કઈ છે ?

ઉત્તર ૨ : (ગ) સદરહુ માહિતી આ સાથેના **પરિશિષ્ટ** " ૬ "માં દર્શાવવામાં આવેલી છે.

[૪] **પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૧ : (ક) સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટર અનુસ્નાતક પદવી ધરાવતા હોય અને વ્યાખ્યાતા તરીકેની લાયકાત ધરાવતા હોય તેઓનો શૈક્ષણિક અનુભવ અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે ધ્યાનમાં લેવાય છે કે કેમ ?

ઉત્તર ૧ : (ક) ના, જી.

પ્રશ્ન ૧ : (ખ) જો તે અંગે યુનિવર્સિટીએ કોઈ નિયમો કર્યા હોય તો તે જણાવશો.

ઉત્તર ૧ : (ખ) આ અંગે યુનિવર્સિટીએ કોઈ નિયમો કર્યા નથી, પરંતુ સિન્ડિકેટે તેની તા. ૨૩/૨૪--૫--૧૯૫૬ની તથા ત્યાર પછી તા. ૨૨--૪--૧૯૬૮ની સભાઓમાં, શિક્ષકોને ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટર તરીકે મળેલ અનુભવ અનુસ્નાતક શિક્ષકની માન્યતાના હેતુ માટે શૈક્ષણિક અનુભવ તરીકે ગણતરીમાં ન લેવો એમ ઠરાવેલું છે.

પ્રશ્ન ૧ : (ગ) જો નિયમો ન કર્યા હોય છતાં એવો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોમાં વિચારણા હેઠળ હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૧ : (ગ) ઉપર પ્રશ્ન ૧ (ખ)ના ઉત્તરમાં નિર્દિષ્ટ ઠરાવની પુનર્વિચારણા કરવાનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં કોઈ સત્તામંડળો સમક્ષ હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨ : તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સેનેટ સભામાં શ્રી. અંબુભાઈ દેસાઈની કડી સાયન્સ કૉલેજમાંથી માહિતી માગતો પ્રશ્ન ૫(સુધારા સાથેના કામકાજની યાદીનાં પાનાં નં. ૩૮--૩૯)ને આગામી સેનેટ સભામાં સામેલ કરવા અને તે અંગેની માહિતી પૂરી પાડવા વિનંતી છે.

ઉત્તર ૨ : કડી સાયન્સ કૉલેજ અંગેનો સદરહુ પ્રશ્ન પાંચમો નહિ પણ છઠ્ઠો હતો. સદરહુ કૉલેજે મોકલેલ માહિતી નીચે દર્શાવેલ છે :

"પ્રશ્ન ૬ : (ક) (૧) અધ્યાપકોને જૂના મોંઘવારી ભથ્થાની એરિયર્સ કૉલેજે લોન પેટે જમા કરી છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૬ : (ક) (૧) હા, જી.

પ્રશ્ન ૬ : (ક) (૨) ચાર-પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં છતાં તે લોન હજુ સુધી કૉલેજે અધ્યાપકોને પરત કરી નથી તો તે કયારે પરત કરશે તે જણાવશો.

ઉત્તર ૬ : (ક) (૨) સદરહુ કૉલેજે તેના તા. ૨૮--૯--૧૯૭૨ના પત્રથી જણાવ્યું છે કે :

"અધ્યાપકોના જૂના મોંઘવારી ભથ્થાનાં એરિયર્સની રકમ રૂ. ૨૨,૦૫૭ આ સંસ્થાએ સ્ટાફને ચૂકવવાની હતી તેમાંથી સંસ્થાએ ૧૯૬૯-૭૦માં લોન પેટે રૂ. ૭,૩૦૭ સ્ટાફ પાસેથી લીધેલા, તેમાંથી હવે ફકત રૂ. ૨,૮૨૭ ચૂકવવાના બાકી છે. લોન સિવાયની લેણી રકમ જે તે સ્ટાફને સંસ્થાએ ચૂકવી આપેલ છે."

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

અધ્યાપકોના પગારમાંથી સંસ્થા લોન લઈને નાણાં જમા કરી શકે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે લોન લીધી હોય અને તો તો તે જમા કરે તે સારું છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછયો :

સંસ્થાએ પૂછીને લોન લીધેલી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે લોન આપવી—લેવી તે પરસ્પર સંમતિનો સોદો છે.

પ્રશ્ન ૬ : (ખ) કેમિસ્ટ્રી, ફિઝિકસ, બાયોલોજી વિભાગોની લેબોરેટરી માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે ત્રણમાંથી એક પણ લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા ભરી નથી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૬ : (ખ) કૉલેજ તરફથી તેના તા. ૨૮--૯--૧૯૭૨ના પત્રથી ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનમાં અલગ અલગ લેબોરેટરી આસિસ્ટંટ રાખવામાં આવ્યા નથી, પરંતુ એક કલાર્ક ત્રણે વિભાગ માટે લેબોરેટરી આસિસ્ટન્ટનું કામ કરે છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કલાર્ક ત્રણ વિભાગના લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરી શકે ખરા ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે લેબોરેટરી આસિસ્ટન્ટની સંખ્યા માટે યુનિવર્સિટીએ નિયમો કરેલા નથી.

પ્રશ્ન ૬ : (ગ) (૧) (અ) યુ.જી.સી. પગારધોરણોનો કૉલેજે પૂરેપૂરો અમલ કર્યો નથી તે અંગે નીચેની માહિતી આપશો :

તા. ૧--૪--૧૯૬૬ પછી જોડાયેલા અધ્યાપકોને તેમના દશ હપતાની રકમનો પ્રથમ હપતો હજી સુધી ચૂક્વ્યો નથી ને હકીકત સાચી છે ?

ઉત્તર ૬ : (ગ) (૧) (અ) હા, જી.

પ્રશ્ન ૬ : (ગ) (૧) (બ) જો સાચી હોય તો હવે ક્યારે ચૂક્વવા માગે છે ?

ઉત્તર ૬ : (ગ) (૧) (બ) ચાલુ સાલે ચૂક્વી આપવામાં આવશે તેમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૬ : (ગ) (૨) યુ.જી.સી. પગારધોરણોનો અમલ કરતાં જે અધ્યાપકોને તેમની એરિયર્સ ચૂક્વવામાં આવી તેમાંથી તેમના પી.એફ.ની રકમ કાપી નથી અને કૉલેજે ઉમેરવાનો ફાળો પણ ઉમેરાયો નથી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૬ : (ગ) (૨) હા, જી.

પ્રશ્ન ૬ : (ગ) (૩) તા. ૧--૪--૧૯૬૬થી તા. ૧--૪--૧૯૭૦માં કોઈ શિક્ષકને બઢતી મળી હોય તો તેવા શિક્ષકને તેની જૂની પોસ્ટ પ્રમાણે યુ.જી.સી. પગારધોરણો મુજબ બેઝિક પગાર અને તે પર થતું મોંઘવારી ભથ્થું આ કૉલેજે તેવા શિક્ષકોને ચૂક્વ્યું નથી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૬ : (ગ) (૩) તા. ૧--૪--૧૯૬૬થી તા. ૧--૪--૧૯૭૦ દરમિયાન ઉપલી પાયરી પર બઢતી પામેલા શિક્ષકોને, નીચલી પાયરીનાં યુનિવર્સિટીનાં પગારધોરણ અને યુ.જી.સી. સૂચિત પગારધોરણના મૂળ પગારના તફાવતની રકમ ચૂક્વવામાં આવી છે, જ્યારે મૂળ પગારના તફાવતની દસ હપતાથી ચૂક્વવાની રકમ તથા સદરહુ પગારધોરણ પરની મોંઘવારી ભથ્થાની રકમ ચૂક્વવાની બાકી છે.

પ્રશ્ન ૬ : (ગ) (૪) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે આ કૉલેજમાં હાલ હિન્દી વિષયના વ્યાખ્યાતા નથી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૬ : (ગ) (૪) હા, જી.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજમાં આ વર્ષે હિન્દીના વ્યાખ્યાતા નથી તો યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં હોય તો જણાવશો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ બાબત અંગે સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવ્યો છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે પછી સિન્ડિકેટની સભા મળી હતી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, અને નિમણૂક કરવા માટે સિન્ડિકેટે આગ્રહ પણ રાખ્યો છે.

પ્રશ્ન ૬ : (ગ) (૫) (અ) કડી સાયન્સ કૉલેજના શિક્ષકો અને કર્મચારીઓના પી.એફ.ની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે રચાયેલા પી.એફ. ટ્રસ્ટ સંચાલિત એકાઉન્ટમાં જમા થાય છે કે કેમ ?

ઉત્તર ૬ : (ગ) (૫) (અ) કૉલેજ તરફથી તા. ૨૮-૯-૧૯૭૨ના પત્રથી ઉપલબ્ધ થયેલી માહિતી નીચે પ્રમાણે છે :

"યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રૉ. ફંડના ટ્રસ્ટની રચના કરી છે. ટ્રસ્ટીઓ નીમ્યા છે. પ્રૉ. ફંડની રકમ અલગ રાખવામાં આવી છે. દરેક સ્ટાફ મેમ્બરને પ્રૉ. ફંડના ખાતાની ચોપડી આપી છે. ટ્રસ્ટ વતી કૉલેજની ગવર્નિંગ બોડીના સેક્રેટરીશ્રી અને આચાર્યશ્રી દ્વારા બૅન્કની લેવડદેવડ થાય છે. ફક્ત ટ્રસ્ટ રજિસ્ટર કરાવ્યું નથી."

પ્રશ્ન ૬ : (ગ) (૫) (બ) : યુનિવર્સિટીના નિયમો પ્રમાણેનું પી.એફ. ટ્રસ્ટ કૉલેજે રચ્યું છે ખરું ?

ઉત્તર ૬ : (ગ) (૫) (બ) : પ્રશ્ન ૬ (ગ) (૫) (અ)ના ઉત્તરો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ગ) (૫) (ક) અને તે રજિસ્ટર્ડ કરાવ્યું છે ખરું ?

ઉત્તર ૬ : (ગ) (૫) (ક) ના, જી."

પ્રશ્ન ૩ : (ક) તા. ૯/૧૦-૧૦-૧૯૭૨ની સેનેટ સભાની કામકાજની બાબત નં. ૨ પ્રશ્નોત્તરી વિભાગમાં શ્રી. નરહરિ પરીખના પ્રશ્ન ૧ (ક) (૨)નો ઉત્તર જોતાં સી. બી. આર્ટ્સ કૉલેજ, નડિયાદે, પ્રો. પાઠકજીને યુ.જી.સી. પગારધોરણોમાં રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦નું પગારધોરણ આપવામાં યુનિવર્સિટી પાસે માર્ગદર્શન માગ્યું છે, તો તે અંગેનું માર્ગદર્શન યુનિવર્સિટીએ કૉલેજને આજ સુધીમાં આપ્યું છે ખરું ?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩ : (ખ) જો હા, તો તે અંગેની વિગતો આપશો ?

ઉત્તર ૩ : (ખ) સદરહુ કૉલેજના આચાર્યને જણાવવામાં આવ્યું હતું કે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રાધ્યાપકને રૂ. ૪૦૦—૩૦—૬૪૦—૪૦—૮૦૦નું પગારધોરણ આપવું આવશ્યક છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજે આ પગાર ચૂકવી આપ્યો છે ખરો ? ચૂકવ્યો ન હોય તો શું પગલાં લીધાં ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે કૉલેજોના જોડાણનો પ્રશ્ન આવે છે ત્યારે આગલું બાકી લેણું ચૂકવી દેવામાં આવે તેવો આગ્રહ જોડાણની શરતરૂપે રાખવામાં આવે છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પ્રશ્ન હાથ ઉપર લેવામાં આવ્યો છે ખરો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પગાર ચૂકવાયાની જાણ હજુ સુધી થઈ નથી. યુનિવર્સિટી કાર્યાલયે સતત ચુકવણીનો આગ્રહ રાખ્યો છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજની ગ્રાન્ટ અટકાવવા માટે ભલામણ કરી છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ના.

શ્રી. નરહરિ પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ માટે બીજી કૉલેજોની ગ્રાન્ટ અટકાવવા માટે ભલામણ કરવામાં આવી છે ? કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, પણ તે બીજાં કારણોસર.

પ્રશ્ન ૩ : (ગ) જો, ના, તો પછી યુનિવર્સિટીએ કૉલેજને તે અંગે કોઈ ખુલાસો આપતો પત્ર લખ્યો છે ખરો ?

ઉત્તર ૩ : (ગ) પ્રશ્ન ૩ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ઘ) પ્રો. પાઠકજી જેવા સંનિષ્ઠ અધ્યાપકે યુનિવર્સિટીને ફરિયાદો કરી છે છતાં તેમાં યુનિવર્સિટી પક્ષે જવાબ લખવામાં અને કૉલેજ પક્ષે સક્રિય પ્રયત્નો કરવામાં અતિશય વિલંબ થયો છે એમ નથી લાગતું ?

ઉત્તર ૩ : (ઘ) એ અભિપ્રાયનો સવાલ છે.

પ્રશ્ન ૪ : (ક) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ અને એલ. ડી. એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ એ બન્ને સંસ્થાઓ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થાઓ હોવા છતાં ટેકનિકલ સ્ટાફને આ બન્ને સંસ્થાઓ હાલ કયાં પગારધોરણો ચૂકવે છે ?

ઉત્તર ૪ : (ક) સદરહુ સંસ્થાઓએ જે માહિતી મોકલી છે તેમાં ટેકનિકલ શૈક્ષણિક કર્મચારીઓનું પગારધોરણ નીચે મુજબ હોવાનું જણાવ્યું છે :

[૧] એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ

(૧) આચાર્ય રૂ. ૧,૩૦૦—૬૦—૧,૬૦૦

(૨)	પ્રોફેસર	રૂ. ૧,૩૦૦—૬૦—૧,૬૦૦
(૩)	એસોસિયેટ પ્રોફેસર	રૂ. ૧,૦૫૦—૫૦—૧,૨૦૦—૬૦—૧,૫૦૦
(૪)	આસિ. પ્રોફેસર	રૂ. ૮૫૦—૫૦—૧૦૦૦ ઈ.બી. ૫૫—૧,૨૭૫
(૫)	લેકચરર	રૂ. ૫૦૦—૩૦—૬૫૦ ઈ.બી. ૩૫—૮૨૫ ઈ.બી. ૪૫—૧,૦૫૦—૫૦—૧,૧૦૦
(૬)	આસિસ્ટન્ટ લેકચરર, ડેમોન્સ્ટ્રેટર ડ્રાફ્ટ્સમેન વગેરે	રૂ. ૩૫૦—૨૫—૪૫૦ ઈ.બી. ૨૫—૫૫૦ ઈ.બી. ૩૦—૭૦૦

[૨] ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ, નડિયાદ

(૧)	પ્રોફેસર	રૂ. ૧,૧૦૦--૫૦—૧,૫૦૦
(૨)	લેકચરર	રૂ. ૩૫૦--૨૫--૬૦૦--ઈ.બી.--૪૦—૮૦૦
(૩)	આસિ. લેકચરર	રૂ. ૨૫૦--૧૦--૪૦૦--૧૫--૪૭૫
(૪)	વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ	રૂ. ૨૫૦--૧૦--૪૦૦--૧૫--૪૭૫

પ્રશ્ન ૪ : (ખ) આ બન્ને સંસ્થાના એ વર્ગના અધ્યાપકોનાં પગારધોરણો જો જુદાં હોય તો યુનિવર્સિટીએ એ પ્રમાણેનાં જુદાં પગારધોરણોને માન્યતા આપી છે ખરી ?

ઉત્તર ૪ : (ખ) ના, જી.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

જો માન્યતા ન આપી હોય તો ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટના ટેકનિકલ સ્ટાફ માટે યુનિવર્સિટીએ કોઈ પગારધોરણો નક્કી કર્યાં છે ખરાં ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સંલગ્ન કોલેજો માટે યુનિવર્સિટીએ નક્કી કરેલાં પગારધોરણોમાં ટેકનિકલ અને બિનટેકનિકલ સ્ટાફનો ભેદ રાખવામાં આવ્યો નથી.. યુનિવર્સિટીએ જે પગારધોરણો નક્કી કર્યાં છે તેના કરતાં ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટનાં નક્કી કરેલાં પગારધોરણો ઊંચાં છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછયો :

નૉન-ટેકનિકલ સ્ટાફ માટે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટનાં પગારધોરણો જુદાં હોઈ શકે. ટેકનિકલ સ્ટાફ માટે યુનિવર્સિટીએ જુદાં પગારધોરણો નક્કી કર્યાં છે? કરવા જેવાં લાગે છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ફેકલ્ટીવાર શિક્ષકો માટે જુદાં પગારધોરણો નક્કી કર્યાં નથી. કરવા જેવાં લાગે છે કે કેમ તે અભિપ્રાયનો વિષય છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછયો :

તપાસસમિતિએ આ બાબત અંગે યુનિવર્સિટીનું ધ્યાન ખેંચ્યું છે તો સિન્ડિકેટ સમક્ષ મૂકયા પછી શું થયું ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સિન્ડિકેટે અહેવાલમાં આ સૂચન સ્વીકાર્યું નથી.

પ્રશ્ન ૪ : (ગ) એક જ પ્રકારનું કાર્ય કરતા આ બંને સંસ્થાના ટેકનિકલ સ્ટાફનાં પગારધોરણોમાં જો આટલો મોટો તફાવત હોય તો પછી યુનિવર્સિટી તે અંગે કોઈ સમાન પગાર-ધોરણો નિશ્ચિત ન કરી શકે?

ઉત્તર ૪ : (ગ) સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે યુનિવર્સિટીએ જે પગારધોરણો નિયત કર્યાં છે તે સમાન છે.

પ્રશ્ન ૪ : (ઘ) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીની તપાસ માટે છેલ્લાં ત્રણ વર્ષમાં ગયેલ યુનિવર્સિટી તપાસસમિતિઓએ તેના ટેકનિકલ સ્ટાફનાં પગારધોરણો વિષે કોઈ નોંધ મૂકી છે ખરી?

ઉત્તર ૪ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૪ : (ચ) જો મૂકી હોય અને તે અંગે યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૪ : (ચ) સદરહુ અહેવાલ સિન્ડિકેટની તા. ૭/૮–૮–૧૯૭૧ની સભામાં મૂકવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૫ : (ક) (૧) તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ની સેનેટની કાર્યવાહી બાબત નં. ૨–પ્રશ્નોત્તરી વિભાગમાં શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૧ માં બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અંગે માંગેલ માહિતીના ઉત્તરમાં જે માહિતી સેનેટસભા સમક્ષ રજૂ થઈ તે પ્રમાણે ખંડ સમયના ૯ શિક્ષકોને તેમને મળવાપાત્ર વેતન ચૂકવાયાં નથી તો કૉલેજ હવે તે વેતન ક્યારે ચૂકવશે?

ઉત્તર ૫ : (ક) (૧) કૉલેજે તેના તા. ૩–૧૦–૧૯૭૨ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે : 'ખંડ સમયના શિક્ષકોને ગુજરાત યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો આપવાનું વિચારણા હેઠળ છે. વ્યવસ્થાપક સમિતિમાં મંજૂર થયા પછી ૧૫મી જૂન ૧૯૭૨થી તફાવત ગણીને આપવામાં આવશે.'

પ્રશ્ન ૫ : (ક) (૨) એ ૯ અધ્યાપકોમાંથી ૧૯૭૨–૭૩ના વર્ષમાં કયા અધ્યાપકો ખંડ સમયના વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક કે ટ્યૂટર તરીકે ચાલુ છે?

ઉત્તર ૫ : (ક) (૨) સદરહુ કૉલેજની ૧૯૭૨–૭૩ના વર્ષની ઑડિ. ૯૬ અન્વયે આવેલી માહિતીમાં સદરહુ ખંડ સમયના નવ શિક્ષકોમાંથી નીચેના ખંડ સમયના શિક્ષકો ચાલુ રહ્યા છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો
૧.	શ્રી. ડી. આર. કૉન્ટ્રાક્ટર	તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
૨.	શ્રી. આર. જી. મહેતા	ગૃહવિજ્ઞાનના ,, ,, ,,
૩.	શ્રી. એસ. એ. શાહ	અંગ્રેજીના ,, ,, ,,
૪.	શ્રી. બી. એ. પંચાલ	,, ,, ,, ,,
૫.	શ્રી. કે. એચ. ભટ્ટ	મનોવિજ્ઞાનના ,, ,, ,,
૬.	ડૉ. એ. એન. દેસાઈ	,, ,, ,, ,,
૭.	શ્રી. એમ. એમ. મુનશા	ગૃહવિજ્ઞાનના ,, ,, ,,

પ્રશ્ન ૫ : (ક) (૩) તેમને હાલ કેટલું વેતન ચૂકવાય છે?

ઉત્તર ૫ : (ક) (૩) કૉલેજના તા. ૩—૧૦—૧૯૭૨ના પત્રથી ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે સદરહુ ખંડ સમયના શિક્ષકોને નીચે પ્રમાણે વેતન આપવામાં આવે છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	માસિક વેતન
		રૂ.
૧.	શ્રી. ડી. આર. કૉન્ટ્રાક્ટર	૨૭૫
૨.	શ્રી. આર. જી. મહેતા	૨૦૦
૩.	શ્રી. એસ. એ. શાહ	૨૦૦
૪.	શ્રી. બી. એ. પંચાલ	૨૭૫
૫.	શ્રી. કે. એચ. ભટ્ટ	૨૭૧
૬.	ડૉ. એ. એન. દેસાઈ	૩૨૫
૭.	શ્રી. એમ. એમ. મુનશા	૨૦૦

પ્રશ્ન ૫ : (ક) (૪) યુનિવર્સિટીના નિયમો પ્રમાણે તેમને કેટલું વેતન ચૂકવવું જોઈએ?

ઉત્તર ૫ : (ક) (૪) સદરહુ કૉલેજ તરફથી આવેલ સને ૧૯૭૨—૭૩ની ઑર્ડિ. ૯૬ અન્વયેની માહિતીમાં ૭૨--૭૩ના વર્ષમાં ચાલુ રહેલા નીચેના ખંડ સમયના શિક્ષકોને આપેલ કાર્યભાર જોતાં, યુનિવર્સિટીના હાલના નિયમ પ્રમાણે તેમનાં નામ સામે જણાવેલ ઓછામાં ઓછું માસિક વેતન—પગારધોરણ ચૂકવવું જોઈએ :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કેવળ શિક્ષણનો વ્યવસાય હોય તો	શિક્ષણના વ્યવસાય ઉપરાંત બીજા વ્યવસાય કરતા હોય તો
૧.	શ્રી. ડી. આર. કૉન્ટ્રાક્ટર	વ્યાખ્યાતા	રૂ. ૨૭૫--૧૨½--૪૨૫	રૂ. ૨૫૦
૨.	શ્રી. આર. જી. મહેતા	,,	રૂ. ૨૫૦	રૂ. ૨૦૦
૩.	શ્રી. એસ. એ. શાહ	,,	રૂ. ૨૭૫--૧૨½-૪૨૫	રૂ. ૨૫૦
૪.	શ્રી. બી. એ. પંચાલ	,,	,,	રૂ. ૨૫૦
૫.	શ્રી. કે. એચ. ભટ્ટ	,,	,,	રૂ. ૨૫૦
૬.	ડૉ. એ. એન. દેસાઈ	પ્રાધ્યાપક	રૂ. ૩૨૫--૧૫--૫૦૫	રૂ. ૩૦૦
૭.	શ્રી. એમ. એમ. મુનશા	વ્યાખ્યાતા	રૂ. ૨૫૦	રૂ. ૨૫૦

પ્રશ્ન ૫ : (ખ) (૧) ૧૯૭૨--૭૩માં બી. ડી. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાનમાં ખંડ સમયના પ્રાધ્યાપક—વ્યાખ્યાતા—ટ્યૂટર—ડેમોન્સ્ટ્રેટર કેટલા છે?

ઉત્તર ૫ : (ખ) (૧) સદરહુ કૉલેજની સને ૧૯૭૨—૭૩ની ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી માહિતી પ્રમાણે સદરહુ વિષયોના ખંડ સમયના પ્રાધ્યાપક—વ્યાખ્યાતા—ટ્યૂટર—ડેમોન્સ્ટ્રેટરની સંખ્યા નીચે પ્રમાણે છે :

ક્રમાંક	વિષય	પ્રાધ્યાપક	વ્યાખ્યાતા	ટ્યૂટર—ડેમો.	કુલ
૧.	સંસ્કૃત	૧	૨	—	૩

ક્રમાંક	વિષય	પ્રાધ્યાપક	વ્યાખ્યાતા	ટયૂટર–ડેમો.	કુલ
૨.	અંગ્રેજી	—	૨	—	૨
૩.	મનોવિજ્ઞાન	૨	૧	—	૩
૪.	ગૃહવિજ્ઞાન	—	૩	—	૩
				કુલ...	૧૧

પ્રશ્ન ૫ : (ખ) (૨) દરેકનાં નામ આપો.

ઉત્તર ૫ : (ખ) (૨) સદરહુ કૉલેજે સને ૧૯૭૨--૭૩ના વર્ષની ઑ. ૯૬ અન્વયે જે માહિતી મોકલી છે તેમાં સદરહુ વિષયોના ખંડ સમયના શિક્ષકોનાં નામો નીચે પ્રમાણે દર્શાવ્યાં છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	ખંડ સમયના શિક્ષકનો હોદ્દો
૧.	પ્રા. જે. જે. પંડયા	સંસ્કૃત	પ્રાધ્યાપક
૨.	શ્રી. સી. વી. પાઠક	સંસ્કૃત	વ્યાખ્યાતા
૩.	શ્રી. એસ. સોમેયા	સંસ્કૃત	વ્યાખ્યાતા
૪.	શ્રી. એસ. એ. શાહ	અંગ્રેજી	વ્યાખ્યાતા
૫.	શ્રી. બી. એ. પંચાલ	અંગ્રેજી	વ્યાખ્યાતા
૬.	ડૉ. લીલાબહેન શાહ	મનોવિજ્ઞાન	પ્રાધ્યાપક
૭.	શ્રી. એ. એન. દેસાઈ	મનોવિજ્ઞાન	પ્રાધ્યાપક
૮.	શ્રી. કે. એચ. ભટ્ટ	મનોવિજ્ઞાન	વ્યાખ્યાતા
૯.	શ્રી. આર. જી. મહેતા	ગૃહવિજ્ઞાન	વ્યાખ્યાતા
૧૦.	શ્રી. એમ. એમ. મુનશા	ગૃહવિજ્ઞાન	વ્યાખ્યાતા
૧૧.	ડૉ. એસ. એસ. ધ્રુવ	ગૃહવિજ્ઞાન	વ્યાખ્યાતા

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં શ્રી. સી. એસ. વ્યાસ અને શ્રી. એચ. આર. જોશીનાં નામો નથી તો તેઓ આ વર્ષે કૉલેજમાં નથી ? તેઓને પગાર ચૂકવાયા નથી તો યુનિવર્સિટીએ જે પગલાં ભર્યાં હોય તેની માહિતી આપશો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આચાર્યશ્રીને જણાવવામાં આવ્યું છે કે તેઓનાં બાકી નીકળતાં નાણાં ચૂકવી આપવામાં આવે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના નિયમ પ્રમાણે એક જ પાર્ટ-ટાઈમ શિક્ષક રાખી શકાય. અહીં ત્રણ રાખ્યા છે તો યુનિવર્સિટીના વર્ક-લોડ પ્રમાણે કેટલા પ્રાધ્યાપકો અહીં વધારે રાખ્યા છે અને યુનિવર્સિટીએ ધ્યાન દોર્યું છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે કૉલેજ પાસેથી ખુલાસો માગવામાં આવ્યો છે.

પ્રશ્ન ૫ : (ખ) (૩) એક વિષયમાં ખંડ સમયના શિક્ષક કેટલા અને કયારે રાખી શકાય તે અંગેના નિયમનું પાલન આ દરેક વિષયના ખંડ સમયના શિક્ષકોની નિમણૂક બાબતમાં થયું છે ખરું ?

ઉત્તર ૫ : (ખ) (૩) ના, જી.

પ્રશ્ન ૫ : (ખ) (૪) જો ન થયું હોય તો યુનિવર્સિટીએ આ બાબતમાં શાં પગલાં લીધાં ?

ઉત્તર ૫ : (ખ) (૪) નિયમ તરફ કૉલેજનું ધ્યાન દોરીને ખુલાસો માગવામાં આવ્યો છે.

પ્રશ્ન ૫ : (ગ) (૧) બી. ડી. આર્ટ્સ કૉલેજમાં ૧૯૬૮--૬૯ના વર્ષમાં પ્રો. પી. આર. દલાલ, પ્રો. કે. બી. શાહ, પ્રો. વી. વી. પાઠક અને પ્રો. એ. સી. ત્રિવેદીની કાર્યકારી પ્રાધ્યાપક (પ્રોફેસર) તરીકે નિમણૂક થઈ હતી કે કેમ ?

ઉત્તર ૫ : (ગ) (૧) ના, જી.

પ્રશ્ન ૫ : (ગ) (૨) યુનિવર્સિટીનાં ધારાધોરણોની જરૂરિયાત પૂરી પાડવા માટે ૧૯૬૮--૬૯ના વર્ષમાં તત્ત્વજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને ગણિતશાસ્ત્રમાં પૂરા સમયના એક પ્રાધ્યાપક(પ્રોફેસર)ની જરૂર હતી ખરી ?

ઉત્તર ૫ : (ગ) (૨) હા, જી.

પ્રશ્ન ૫ : (ગ) (૩) જો જરૂર હતી તો પછી તે વર્ષ દરમિયાન કયા અધ્યાપકોને પ્રાધ્યાપકો તરીકે નિમણૂક આપી હતી ?

ઉત્તર ૫ : (ગ) (૩) સને ૧૯૬૮–૬૯ની ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી સદરહુ કૉલેજની માહિતી જોતાં પૂરા સમયના પ્રાધ્યાપકની બાબતમાં નીચે પ્રમાણે પરિસ્થિતિ હતી :

ક્રમાંક	વિષય	પ્રાધ્યાપકનું નામ
૧.	તત્ત્વજ્ઞાન	કોઈ પૂરા સમયના પ્રાધ્યાપક ન હતા.
૨.	સંસ્કૃત	કોઈ પૂરા સમયના પ્રાધ્યાપક ન હતા.
૩.	ગુજરાતી	પ્રા. વી. બી. અધ્વર્યુ.
૪.	ગણિત	પ્રા. એસ. એમ. ચોકસી.

પ્રશ્ન ૫ : (ગ) (૪) ૧૯૬૮–૬૯ ના વર્ષમાં જો પ્રો. કે. બી. શાહ, પ્રો. વી. વી. પાઠક, પ્રો. પી. આર. દલાલ અને પ્રો. એ. સી. ત્રિવેદીને કાર્યકારી પ્રાધ્યાપકો તરીકે નિયુકત કરીને કૉલેજે યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન કર્યું હોવાનું બતાવ્યું હોય તો પછી એ અધ્યાપકોને જૂન ૧૯૬૮ થી યુ.જી.સી. સૂચિત નવા પગારધોરણમાં રૂ. ૪૦૦ના બેઝિક પગારમાં મૂકવામાં આવ્યા છે કે કેમ ?

ઉત્તર ૫ : (ગ) (૪) પ્રશ્નમાં જણાવેલા ચારેય શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષક સને ૧૯૬૮–૬૯ના વર્ષમાં કાર્યકારી પ્રાધ્યાપકપદે ન હતા; તેથી જૂન ૧૯૬૮થી યુ.જી.સી. સૂચિત પગારધોરણમાં રૂ. ૪૦૦ ના માસિક મૂળ પગારમાં તેમને મૂકવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

સદરહુ ચારેય શિક્ષકો ૧૯૬૯–૭૦ના વર્ષમાં કાર્યકારી પ્રાધ્યાપકપદે હતા, તથા તેઓને જૂન ૧૯૬૯ થી યુ.જી.સી. ના નવા પગારધોરણ પ્રમાણે મૂળ માસિક પગાર રૂ. ૪૦૦/— પર મૂકવામાં આવ્યાનું કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૫ : (ગ) (૫) જો તે પ્રમાણે ન મૂકવામાં આવ્યા હોય તો કૉલેજ તે અંગે શું ખુલાસો આપે છે ?

ઉત્તર ૫ : (ગ) (૫) પ્રશ્ન ૫ (ગ) (૪) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૫ : (ગ) (૬) હવે પછી કૉલેજ પોતાની આ ભૂલ સુધારીને અધ્યાપકોને થતો અન્યાય દૂર કરવા માગે છે કે કેમ ?

ઉત્તર ૫ : (ગ) (૬) પ્રશ્ન ૫ (ગ) (૪)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૫] આચાર્ય એચ. સી. પરીખે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : યુ.જી.સી. પગારધોરણો અમલમાં આવ્યા પછી સીનિયર સ્કેલ લેક્ચરર્સનો ગ્રેડ (અર્થાત્ ગુજરાત યુનિવર્સિટી પૂરતું પ્રાધ્યાપક કક્ષાનો) જેમને આપવામાં આવ્યો હોય તેવા અધ્યાપકો વિશેની માહિતી નીચેના કોઠા મુજબ મંગાવીને પૂરી પાડશોજી :

ક્રમાંક	કૉલેજનું નામ	જે અધ્યાપકોને ૪૦૦--૩૦--૮૦૦ના ગ્રેડ આપવામાં આવ્યા હોય તેમનાં નામ	સીનિયર સ્કેલ મેળવનાર અધ્યાપકોની શૈક્ષણિક લાયકાત			કૉલેજોમાં પ્રથમ જોડાયા તારીખ અને હોદ્દો
			પદવી	વર્ગ	વર્ષ	
૧	૨	૩	૪	૫	૬	૭
જે કૉલેજમાં આ ગ્રેડ આપવામાં આવ્યા તે કૉલેજમાં જોડાયા તારીખ અને હોદ્દો	જે વિષયો શીખવે છે તે વિષયોની માહિતી	કુલ શૈક્ષણિક અનુભવ				જે અધ્યાપકને સીનિયર સ્કેલ આપવામાં આવ્યો તેમના કરતાં સદર કૉલેજમાં અન્ય અધ્યાપક સીનિયર હતા કે કેમ ?
		વર્ષ	માસ			
૮	૯	૧૦	૧૧	૧૨		૧૩
કૉલમ નં. ૧૩ મુજબનો અન્ય અધ્યાપક સીનિયર લેક્ચરરનો સ્કેલ ન આપવામાં આવેલો હોય તો તેવા અધ્યાપકોનાં નામ અને હોદ્દો	કૉલમ નં. ૧૪માં દર્શાવેલ અધ્યાપકની શૈક્ષણિક લાયકાત		કૉલમ નં. ૧૪માં દર્શાવેલ અધ્યાપકોનો કુલ શૈક્ષણિક અનુભવ	કૉલમ નં. ૧૪માં દર્શાવેલ અધ્યાપકોને સીનિયર સ્કેલ આપવા અંગે કોઈ કારણ હોય તો તે અંગેની માહિતી		નોંધ
	પદવી	વર્ગ વર્ષ				
૧૪	૧૫	૧૬ ૧૭	૧૮	૧૯		૨૦

ઉત્તર ૧ : સદરહુ માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૭"** માં દર્શાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટીએ અનુસ્નાતક અધ્યાપકોને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦નો ગ્રેડ આપવા માટેની યાદી બનાવવાનું પોતાને હસ્તક રાખ્યું તેવી રીતે રૂ. ૪૦૦--૩૦--૮૦૦નો ગ્રેડ નક્કી કરવાનું પોતાને હસ્તક કેમ ન રાખ્યું ?

ઉત્તર ૨ : ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગેના ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૯--૩--૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮—ખ થી રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦ના પગારધોરણને પાત્ર અનુસ્નાતક અધ્યાપકોની યાદી તૈયાર કરીને ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને મોકલવાનું કામ યુનિવર્સિટીને સોંપવામાં આવેલું છે, જ્યારે રૂ. ૪૦૦--૩૦—૬૪૦--૪૦--૮૦૦ના પગાર-ધોરણને પાત્ર અધ્યાપકોની યાદી બનાવવાનું કામ યુનિવર્સિટીને સોંપવામાં આવેલું નથી.

પ્રશ્ન ૩ : યુ.જી.સી. સ્કેલનો હેતુ સીનિયર અધ્યાપકોને તેમની સીનિયોરિટી તેમ જ અનુભવ મુજબ વધારે ઊંચો ગ્રેડ મળે તેવો હોય તો સીનિયર લેક્ચરર્સનો ગ્રેડ નક્કી કરવામાં આ હેતુ સચવાયો છે કે કેમ ?

ઉત્તર ૩ : તે અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૪ : જે કિસ્સાઓમાં આવો હેતુ ન સચવાયો હોય તેવા કિસ્સાઓમાં યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં હોય તો તે અંગેની માહિતી આપશોજી.

ઉત્તર ૪ : પ્રશ્ન ૩ નો ઉત્તર જોતાં યુનિવર્સિટીએ પગલાં લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૫ : આવા કિસ્સાઓમાં લીધેલાં પગલાંનાં શું પરિણામો હાંસલ થયાં તેની માહિતી આપશોજી.

ઉત્તર ૫ : પ્રશ્ન નં. ૪નો ઉત્તર જોતાં આ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૬ : એ.ટી.કે.ટી.ની પ્રથા કઈ કઈ વિદ્યાશાખામાં કયા કયા વર્ષથી અમલમાં આવી ?

ઉત્તર ૬ : વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, ધારાશાસ્ત્ર અને ફાર્મસીની વિદ્યાશાખામાં એ.ટી.કે.ટી.ની પ્રથા નીચે જણાવ્યા પ્રમાણે અમલમાં આવી છે :

(૧) પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય	... માર્ચ ૧૯૭૦ની પરીક્ષાથી
(૨) પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ.	... માર્ચ ૧૯૬૪ની પરીક્ષાથી
(૩) દ્વિતીય વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ.	... માર્ચ ૧૯૬૫ની પરીક્ષાથી
(૪) પ્રથમ એલએલ.બી.	... સને ૧૯૫૧ની પરીક્ષાથી
(૫) પ્રથમ-દ્વિતીય-તૃતીય વર્ષ બી.ફાર્મ. (નવો અભ્યાસક્રમ)	... માર્ચ ૧૯૬૮થી ક્રમશ:

પ્રશ્ન ૭ : એ.ટી.કે.ટી.ની પ્રથા દાખલ થયા પછી યુનિવર્સિટીની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં એ.ટી.કે.ટી. સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા (પ્રી-યુનિ.,

એફ.વાય., એસ.વાય., એમ.એ., એમ.કૉમ., એમ.એસસી.) વગેરેની છેલ્લાં પાંચ વર્ષની માહિતી આપશોજી.

ઉત્તર ૭ : વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં એ.ટી.કે.ટી. મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા નીચે પ્રમાણે છે :

વિદ્યાશાખા	વર્ગ/વર્ષ	૧૯૬૮	૧૯૬૯	૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨
વિનયન	પ્રી-યુનિ. વિનયન	–	–	૮૧૯	૫૯૦	૬૮૨
	પ્રથમ વર્ષ બી.એ.	૭૨૬	૭૭૪	૮૧૦	૧૦૨૬	૭૬૫
	દ્વિતીય વર્ષ બી.એ.	૩૩૭	૩૦૮	૫૨૨	૪૪૩	૮૯૩
વિજ્ઞાન	પ્રી-યુનિ. વિજ્ઞાન	–	–	૩૩૪	૨૭૨	૪૬૦
	પ્રથમ વર્ષ બી.એસસી.	૩૯૭	૨૯૨	૬૨૮	૪૭૪	૩૩૪
	દ્વિતીય વર્ષ બી.એસસી.	૫૪	૧૧૯	૯૦	૫૪	૧૦૮
વાણિજ્ય	પ્રી-યુનિ. વાણિજ્ય	–	–	૧૦૫૫	૧૦૮૩	૬૯૬
	પ્રથમ વર્ષ બી.કૉમ.	૭૩૮	૬૭૬	૧૩૯૫	૨૧૭૨	૨૪૮૦
	દ્વિતીય વર્ષ બી.કૉમ.	૩૭૯	૫૬૧	૫૬૩	૬૩૨	૬૬૩

પ્રશ્ન ૮ : આવા વિદ્યાર્થીઓ પૈકી એ.ટી.કે.ટી.માં ઉત્તીર્ણ ન થઈ શકવાને કારણે ઉપરના વર્ગમાં ન જઈ શકનાર (વર્ષ બગડયું હોય) તેવા વિદ્યાર્થીઓની વર્ગવાર અને વર્ષવાર સંખ્યા અંગે છેલ્લાં પાંચ વર્ષની માહિતી આપશોજી.

ઉત્તર ૮ : ઉત્તર ૭માં જણાવેલ વિદ્યાર્થીઓ પૈકી એ.ટી.કે.ટી.માં ઉત્તીર્ણ ન થઈ શકવાને કારણે ઉપરના વર્ગમાં ન જઈ શકનાર વિદ્યાર્થીઓ કે જેમનાં પરિણામ ઓ. ૧૨૭ હેઠળ અનામત રાખવામાં આવ્યાં હતાં તેવા વિદ્યાર્થીઓની વર્ગવાર અને વર્ષવાર સંખ્યા નીચે પ્રમાણે છે :

વિદ્યાશાખા	વર્ગ | વર્ષ	૧૯૬૮	૧૯૬૯	૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨
વિનયન	પ્રથમ વર્ષ બી.એ.	—	—	—	૧૨૧	૫૮
	દ્વિતીય વર્ષ બીએ.	૩૧૮	૧૩૫	૧૮૮	૧૭૮	૨૯૧
	તૃતીય વર્ષ બી.એ.	૮૮	૬૪	૭૪	૮૪	૭૩
વિજ્ઞાન	પ્રથમ વર્ષ બી.એસસી.	—	—	—	૨૧	૬૮
	દ્વિતીય વર્ષ બી.એસસી.	૧૧૫	૭૨	૧૦૦	૬૮	૮૫
	તૃતીય વર્ષ બી.એસસી.	૧૪	૧૧	૧૪	૧૧	૪
વાણિજ્ય	પ્રથમ વર્ષ બી.કૉમ.	—	—	—	૩૭	૧૦
	દ્વિતીય વર્ષ બી.કૉમ.	૯૯	૧૩૨	૧૬૧	૩૪૭	૮૧૦
	તૃતીય વર્ષ બી.કૉમ.	૯૩	૨૭	૭૦	૬૦	૫૦

પ્રશ્ન ૯ : જે વિદ્યાશાખામાં ઑકટોબર પરીક્ષાઓ નથી લેવામાં આવતી એવી વિદ્યાશાખાઓમાં અને જે વિદ્યાશાખામાં ઑકટોબર પરીક્ષા લેવામાં આવે છે એ વિદ્યાશાખામાં એ.ટી.કે.ટી. સાથે બેસનાર વિદ્યાર્થીઓ પૈકી વર્ષ બગડયું હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા વિષે પાંચ વર્ષની તુલનાત્મક માહિતી આપશોજી.

ઉત્તર ૯ : પ્રશ્ન અસ્પષ્ટ હોવાથી તેનો ઉત્તર આપવાનું શકય નથી.

[૬] **આચાર્ય આઈ. એમ. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીના કર્મચારીઓની નોકરીની બાબતમાં પ્રોબેશન સમય દરમિયાનમાં જો કોઈ કર્મચારીએ બિનપગારી રજા (લીવ વિધાઉટ પે) ભોગવી હોય તો તેથી કાયમી થવાની તારીખ કેવી રીતે ગણવામાં આવે છે ?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટીના કોઈ કર્મચારીની તેના પ્રોબેશન સમય દરમ્યાન બિનપગારી રજા મંજૂર કરવામાં આવી હોય તો તેને કાયમ કરવાની તારીખમાં માત્ર એ બિનપગારી રજાને કારણે કોઈ ફેરફાર કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૧ : (ખ) (૧) બિનપગારી રજા (લીવ વિધાઉટ પે) ભોગવનાર યુનિવર્સિટી કર્મચારીના પગારની ઈન્ક્રીમેન્ટ તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવે છે ખરો ?

ઉત્તર ૧ : (ખ) (૧) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) (૨) જો ફેરફાર કરવામાં આવે તો તે કેવી રીતે કરવામાં આવે છે ?

ઉત્તર ૧ : (ખ) (૨) કર્મચારી જેટલા દિવસ બિનપગારી રજા ભોગવે તેટલા દિવસનો તેનો વાર્ષિક ઈજાફો (ઈન્ક્રીમેન્ટ) પાછળ જાય છે તે માહિતીની સાથે સ્પષ્ટતા કરવાની કે સિન્ડિકેટના તા. ૫/૬--૨--૧૯૭૨ના ઠરાવ અન્વયે જે મહિનામાં તેના પગારવધારાની તારીખ આવતી હોય તે મહિનાની પહેલી તારીખથી તેનો ઈજાફો (ઈન્ક્રીમેન્ટ) આપવામાં આવે છે.

પ્રશ્ન ૧ : (ગ) છેલ્લાં ત્રણ વર્ષના સમય દરમિયાનમાં ઉપરના પ્રશ્ન ૧ (ક) અને પ્રશ્ન ૧ (ખ)ની બાબત પ્રમાણે યુનિવર્સિટીના કેટલા કર્મચારીઓનો પ્રોબેશન સમય અને ઈન્ક્રીમેન્ટ તારીખોમાં ફેરફાર થયો છે ?

ઉત્તર ૧ : (ગ) કોઈ પણ કર્મચારીઓનો પ્રોબેશનની તારીખમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન ફેરફાર થયો નથી. બિનપગારી રજાને કારણે પગારવધારાની તારીખમાં નીચે પ્રમાણે કર્મચારીઓના કેસમાં ફેરફાર થયેલ છે :

૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨
૧૬	૯૦	—

પ્રશ્ન ૨ : (ક) ગુજરાત યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારી પોતાની નોકરીના પ્રોબેશન સમય દરમિયાનમાં કે કાયમ થયા બાદની નોકરી દરમિયાનમાં વગર રજાએ ફરજ પર ગેરહાજર (એબસન્ટ ફ્રોમ ડયૂટી લીવ) રહે તો તેની નોકરીમાં બ્રેક ગણાય ખરો ?

ઉત્તર ૨ : (ક) ના, જી.

કુલસચિવશ્રીએ અહીં સ્પષ્ટતા કરી કે ઉત્તર ૨(ક)માં 'ના, જી' ને બદલે 'નિયમમાં સ્પષ્ટતા નથી' એમ વાંચવું.

આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કયાં કયાં કારણોને લીધે ફેરફારને પાત્ર બને છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આથી વિશેષ સ્પષ્ટતા મારી પાસે નથી. કોઈનો પગાર કાપી લેવામાં આવે તો તારીખ ફરી શકે.

પ્રશ્ન ૨ : (ખ) ઉપરના પ્રશ્ન ૨ (ક)ની બાબત મુજબ ગુજરાત યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીના પ્રોબેશન સમય દરમિયાનમાં નોકરીમાં બ્રેક પડયો હોય તો તેનો પ્રોબેશન સમય પૂરો થયાની તારીખ કેવી રીતે ગણાય ?

ઉત્તર ૨ : (ખ) પ્રશ્ન ૨ (ક)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ગ) (૧) છેલ્લાં પાંચ વર્ષના યુનિવર્સિટીના કેટલા કર્મચારીઓ વગર રજાએ ફરજ પર ગેરહાજર રહ્યા છે તેની સંખ્યા આપવા વિનંતી છે.

(૨) આવા કર્મચારીઓની બાબતમાં તેમની નોકરીમાં બ્રેક ગણવામાં આવ્યો છે ખરો ?

ઉત્તર ૨ : (ગ) (૧) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

૧૯૬૮	૧૯૬૯	૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨
૧૨	૮	૭	૩૬૦	૫

૧૯૭૧ના વર્ષમાં ગદવીદાન સમારંભના દિવસે કુલ ૩૬૦ કર્મચારીઓ આકસ્મિક રજા મંજૂર કરાવ્યા સિવાય સામૂહિક ધોરણે આકસ્મિક રજા પર ઊતર્યા હતા; અને તેમની તે દિવસની રજા બિનપગારી રજા તરીકે ગણવામાં આવી હતી, પણ તે રજા બદલાની રજા સામે ગણી લેવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૨) ના, જી.

પ્રશ્ન ૩ : (ક) ગુજરાત યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીએ તેમની નોકરીના સમય દરમિયાન બિનપગારી રજા (લીવ વિધાઉટ પે) ભોગવી હોય તો તેની નોકરીમાં બ્રેક ગણાય ખરો ?

ઉત્તર ૩ : (ક) આ અંગે યુનિવર્સિટીના નિયમોમાં સ્પષ્ટતા નથી.

પ્રશ્ન ૩ : (ખ) વગર રજાએ ફરજ પર ગેરહાજર (એબસન્ટ ઓન ડયૂટી વિધાઉટ લીવ) હોય તો તેની નોકરીમાં બ્રેક ગણાય ખરો ?

ઉત્તર ૩ : (ખ) આ અંગે યુનિવર્સિટીના નિયમોમાં સ્પષ્ટતા નથી.

[૭] પ્રા. બી. એસ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) શ્રી. દવે અશ્વિનકુમાર નટવરલાલ, પારઘી ચંદ્રકાંત કાલિદાસ તથા પટેલ મહેન્દ્ર છોટાલાલ ૧૯૭૨ માર્ચમાં ગુજરાત યુનિવર્સિટીએ લીધેલી પ્રી-કૉમર્સની પરીક્ષામાં બેઠા હતા ખરા ?

ઉત્તર ૧ : (ક) ઉપરના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી શ્રી દવે અને શ્રી. પારઘી માર્ચ, ૧૯૭૨માં ગુજરાત યુનિ.એ લીધેલી પ્રી-કૉમર્સની પરીક્ષામાં બેઠા હતા. શ્રી. પટેલ માર્ચ, ૧૯૭૨ની પરીક્ષામાં બેઠા નથી. તે ઑકટોબર ૧૯૭૧માં તે પરીક્ષામાં બેઠા હતા.

પ્રશ્ન ૧ : (ખ) જો હા, તો તેઓ પાસ થયા હતા કે નાપાસ ?

ઉત્તર ૧ : (ખ) માર્ચ ૧૯૭૨માં પ્રી-કૉમર્સની પરીક્ષામાં બેઠેલા બંને વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. ઑક્ટોબર ૧૯૭૧માં તે પરીક્ષામાં પટેલ એમ. સી. પણ નાપાસ થયા હતા.

પ્રશ્ન ૧ : (ગ) તેઓ કઈ કઈ કૉલેજોના વિદ્યાર્થીઓ હતા ?

ઉત્તર ૧ : (ગ) ઉપરોકત ત્રણેય વિદ્યાર્થીઓ નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદના વિદ્યાર્થીઓ હતા.

પ્રશ્ન ૧ : (ઘ) (૧) એ ત્રણ વિદ્યાર્થીઓએ જૂન ૧૯૭૨માં દક્ષિણ ગુજરાત-યુનિવર્સિટીની છાપવાળા માઈગ્રેશન સર્ટિફિકેટ રજૂ કરીને ગુજરાત યુનિવર્સિટી પાસેથી એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યાં છે તે વાત સાચી ?

ઉત્તર ૧ : (ઘ) (૧) ના, જી. તેમણે માઈગ્રેશન સર્ટિફિકેટ રજૂ કર્યાં નથી, પરંતુ તે યુનિ.નાં કહેવાતાં ગુણપત્રક રજૂ કરીને તેમણે કાચું (Provisional) એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યું હતું એમ જણાયું છે.

પ્રશ્ન ૧ : (ઘ) (૨) દવે અશ્વિનકુમારનો એલિજિબિલિટી સર્ટિફિકેટ નં. ૯૦૦૨ છે ?

ઉત્તર ૧ : (ઘ) (૨) શ્રી. દવેના કાચા (Provisional) એલિજિબિલિટી સર્ટિફિકેટનો નં. ૯૦૦૨ છે.

પ્રશ્ન ૧ : (ઘ) (૩) પારધી ચંદ્રકાંતનો એલિજિબિલિટી સર્ટિફિકેટ નં. ૮૬૭૮ છે ?

ઉત્તર ૧ : (ઘ) (૩) શ્રી. પારધીના કાચા એલિજિબિલિટી સર્ટિફિકેટનો નં. ૮૬૭૮ છે.

પ્રશ્ન ૧ : (ઘ) (૪) પટેલ મહેન્દ્રનો એલિજિબિલિટી સર્ટિફિકેટ નંબર કયો છે ?

ઉત્તર ૧ : (ઘ) (૪) તેમના કાચા એલિજિબિલિટી સર્ટિફિકેટનો નં. ૯૩૭૭ છે.

પ્રશ્ન ૧ : (ચ) એ ત્રણે વિદ્યાર્થીઓ હાલ કઈ કઈ કૉલેજોમાં એફ.બી.કૉમ.માં ભણે છે ?

ઉત્તર ૧ : (ચ) અત્યારે તેઓ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ કૉલેજમાં અભ્યાસ કરતા નથી.

પ્રશ્ન ૧ : (છ) જો આ વિગતો સાચી હોય તો તે અંગે યુનિવર્સિટીએ કયાં પગલાં લીધાં ?

ઉત્તર ૧ : (છ) આ વિદ્યાર્થીઓને એફ.બી.કૉમ.ના વર્ગમાં મળેલો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે. આ અંગે બીજાં શાં પગલાં લેવાં તે બાબત સિન્ડિકેટની વિચારણા હેઠળ છે.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ વિદ્યાર્થીઓ એફ.વાય.બી.કૉમ.માં કઈ કૉલેજમાં જોડાયા હતા ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તે કૉલેજોનાં નામ વિગતો કઢાવીને આપી શકાય. હાલ ઉપલબ્ધ નથી. આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવી છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટને આધારે તેઓને કૉલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ત્રણ વિદ્યાર્થીઓએ પ્રી-કૉમર્સની પરીક્ષા પોતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પાસ કરી છે એમ જણાવી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ યુનિવર્સિટી કાર્યાલયમાંથી મેળવ્યાં હતાં, અને તે વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટી

સાથે જોડાયેલી કૉલેજમાં ભણતા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું છે કે તેઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષામાં બેઠા ન હતા.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ ફૉર્મ્સ આપણી પાસે આવેલાં છે તો તેના આધારે જણાવશો કે તેઓ એફ.વાય.માં કઈ કૉલેજમાં દાખલ થયા છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તેઓ એફ.વાય.માં દાખલ થયા હતા પરંતુ તેઓનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.

પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ત્રણ જ જણા હતા કે બીજા હતા?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ત્રણ જણાના કેસ ધ્યાનમાં આવેલ છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વ્યાપક પ્રમાણમાં આવું બન્યું નથી, પરંતુ આવું બને નહિ તે માટે કોઈ યોજના વિચારી છે ખરી? કોઈ યુનિવર્સિટીના ધ્યાન ઉપર લાવે પછી તપાસ થાય છે પરંતુ યુનિવર્સિટી પોતે આ અંગે તપાસ શરૂ કરતી નથી.

પ્રમુખશ્રીનો ઉત્તર : આ બરોબર નથી. ઑફિસે આ અંગે તપાસ કરવી જોઈએ.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી આવેલાં સર્ટિફિકેટો ઉપરથી આપાયેલાં એલિજિબિલિટી સર્ટિફિકેટના બીજા કેસો પણ ચેક કરવામાં આવ્યા હતા.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ ગંભીર બાબત લોઈ આને પોલીસ કેસ તરીકે સોંપવી જોઈએ અને આ બાબત અંગે આવતી સેનેટમાં માહિતી આપવામાં આવે.

પ્રશ્ન ૨ : (ક) ગઈ સેનેટમાં એસ. ટી. ટી. કૉલેજ (અમદાવાદ) અંગે ૧૯૬૯–૭૦, ૧૯૭૦–૭૧, ૧૯૭૧–૭૨ અને ૧૯૭૨–૭૩ વર્ષમાં કયા કયા અધ્યાપકો કાર્ય કરતા હતા તે વિષે પ્રશ્ન પૂછેલો અને જે યાદી આપવામાં આવેલી તેને ઑર્ડિ. ૯૬ સાથે સરખાવતાં કેટલો તફાવત પડે છે?

ઉત્તર ૨ : (ક) ગઈ સેનેટની સભામાં પ્રશ્નોત્તરીના સંદર્ભમાં એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ તરફથી, ૧૯૬૯–૭૦, ૧૯૭૦–૭૧, ૧૯૭૧–૭૨ અને ૧૯૭૨–૭૩ના વર્ષની શિક્ષકોની આવેલ યાદી તથા તે તે વર્ષની ઑર્ડિ. ૯૬ અન્વયેની માહિતીમાં નીચે પ્રમાણે તફાવત જણાયો છે :

૧૯૬૯–૭૦

કૉલેજ તરફથી ગઈ સેનેટની સભાની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં આવેલ શિક્ષકોની યાદીમાં જણાવેલ નામ ઉપરાંત, ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી માહિતીમાં શ્રી. સી. એચ. પટેલનું નામ વધુમાં દર્શાવ્યું છે.

૧૯૭૦–૭૧

કૉલેજ તરફથી આવેલી માહિતીમાં દર્શાવેલ શિક્ષકોનાં નામો પૈકી નીચે જણાવેલ શિક્ષકોનાં નામો ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી માહિતીમાં નથી :

૧. શ્રી. શાહ એચ. એચ.
૨. શ્રી. પંચાલ એમ. આર.
૩. શ્રી. પારેખ પી. કે.

જ્યારે નીચે જણાવેલ શિક્ષકોનાં નામો ઑર્ડિ. ૯૬માં દર્શાવવામાં આવ્યાં છે, પરંતુ કૉલેજ તરફથી ગઈ સેનેટની સભાની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં કૉલેજ તરફથી મળેલ શિક્ષકોની યાદીમાં જણાવવામાં આવ્યાં નથી :

૧. શ્રી. એમ. બી. રાવળ
૨. શ્રી. ડી. સી. ભટ્ટ
૩. શ્રી. એમ. વી. ગુર્જર.

૧૯૭૧–૭૨

ઑર્ડિ. ૯૬ અન્વયે આવેલી માહિતીમાં શ્રી. વી. એમ. શાહનું નામ જણાવવામાં આવ્યું છે, જે કૉલેજે મોકલેલ યાદીમાં જણાવવામાં આવ્યું નથી.

૧૯૭૨–૭૩

બન્ને યાદીઓમાં કોઈ ફરક જણાયો નથી.

પ્રશ્ન ૨ : (ખ) એ ચારે વર્ષમાં નવા નિમાયેલા અધ્યાપકોને કઈ કઈ તારીખે માન્યતા આપવામાં આવી હતી?

ઉત્તર ૨ : (ખ) સદરહુ ચારેય વર્ષોમાં નવા નિમાયેલા અધ્યાપકો પૈકી સને ૧૯૭૨–૭૩માં નિમાયેલા અધ્યાપક શ્રી. કે. કે. ગુપ્તાને યુનિવર્સિટીએ તા. ૫–૧૧–'૭૨ના રોજ માન્યતા આપી છે.

પ્રશ્ન ૨ : (ગ) માન્યતા ન મેળવી હોય તેવા અધ્યાપકોનાં નામો આપશો?

ઉત્તર ૨ : (ગ) ૧૯૬૯–૭૦ શ્રી. વ્યાસ સી. સી.

૧૯૭૦–૭૧ (૧) શ્રી. પટેલ એ. જી.
૧૧૯.	આચાર્ય ડૉ. વી. એ. વ્યાસ	ગેરહાજર	ગેરહાજર
૧૨૦.	આચાર્ય આર. એલ. સંઘવી	ગેરહાજર	હાજર
૧૨૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૧૨૨.	આચાર્ય ડી. એમ. શીખ	ગેરહાજર	ગેરહાજર
૧૨૩.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	ગેરહાજર
૧૨૪.	આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર	હાજર
૧૨૫.	આચાર્ય એન. કે. દવે	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭--૩--૧૯૭૩	તા. ૨૮--૩--૧૯૭૩
૧૨૬.	આચાર્ય એચ. ઓ. પટેલ	હાજર	હાજર
૧૨૭.	આચાર્ય ડી. એચ. વેલવન	હાજર	ગેરહાજર
૧૨૮.	આચાર્ય એમ. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૨૯.	આચાર્ય જી. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૩૦.	આચાર્ય એન. એન. શાહ	હાજર	ગેરહાજર
૧૩૧.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	આચાર્ય આર. એ. ત્રિવેદી	હાજર	હાજર
૧૩૩.	આચાર્ય એચ. સી. પરીખ	હાજર	હાજર
૧૩૪.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	ગેરહાજર
૧૩૫.	આચાર્ય આર. એમ. પંચાલ	હાજર	હાજર
૧૩૬.	આચાર્ય વી. પી. અગ્નિહોત્રી	હાજર	હાજર
૧૩૭.	આચાર્ય જી. જે. જોશી	હાજર	હાજર
૧૩૮.	આચાર્ય વી. એસ. ભટ્ટ	હાજર	હાજર
૧૩૯.	આચાર્ય જે. જી. પટેલ	હાજર	હાજર
૧૪૦.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૧૪૧.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	ગેરહાજર
૧૪૨.	આચાર્ય જે. એચ. પંડ્યા	હાજર	હાજર
૧૪૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	ગેરહાજર
૧૪૪.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૪૫.	આચાર્ય વી. આર. રામદીવે	હાજર	ગેરહાજર
૧૪૬.	આચાર્ય એચ. યુ. જોશી	ગેરહાજર	ગેરહાજર
૧૪૭.	આચાર્ય પી. આર. દેસાઈ	હાજર	હાજર
૧૪૮.	આચાર્ય સી. સી. ત્રિવેદી	હાજર	હાજર
૧૪૯.	આચાર્ય સી. ડી. વ્યાસ	ગેરહાજર	હાજર
૧૫૦.	આચાર્ય વી. જે. જાની	હાજર	હાજર
૧૫૧.	આચાર્ય બી. એસ. પટેલ	હાજર	ગેરહાજર
૧૫૨.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર	ગેરહાજર
૧૫૩.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	હાજર
૧૫૪.	આચાર્ય (શ્રીમતી) એચ. એફ. દસ્તૂર	ગેરહાજર	ગેરહાજર
૧૫૫.	આચાર્ય સી. એચ. શાહ	હાજર	હાજર
૧૫૬.	આચાર્ય બી. ડી. પરીખ	હાજર	હાજર
૧૫૭.	આચાર્ય એસ. એમ. શુકલ	હાજર	હાજર
૧૫૮.	આચાર્ય આર. એન. મહેતા	હાજર	હાજર
૧૫૯.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૬૦.	ડૉ. દેવેન્દ્રલાલ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા ૨૭--૩--૧૯૭૩	તા. ૨૮--૩--૧૯૭૩
૧૬૧.	ડૉ. (કુ.) સૌદામિની સી. પંડ્યા	હાજર	ગેરહાજર
૧૬૨.	શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર	ગેરહાજર
૧૬૩.	ડૉ. વાય. કે. અલઘ	ગેરહાજર	ગેરહાજર
૧૬૪.	શ્રી. એસ. કે. મજમુદાર	હાજર	ગેરહાજર
૧૬૫.	શ્રી. ડી. જે. મહેતા	હાજર	ગેરહાજર
૧૬૬.	શ્રી. એ. એલ. પટેલ	હાજર	હાજર
૧૬૭.	શ્રી. કે. એમ. પટેલ	હાજર	હાજર
૧૬૮.	શ્રી. વી. એસ. શાહ	હાજર	હાજર
૧૬૯.	શ્રી. બી. જે. મહેતા	હાજર	હાજર
૧૭૦.	શ્રી. આઈ. એ. પટેલ	હાજર	હાજર
૧૭૧.	શ્રી. બી. પી. ઉપાસની	હાજર	હાજર
૧૭૨.	પ્રો. એન. એમ. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૧૭૩.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર
૧૭૪.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૭૫.	ડૉ. આર. જે. જોશી	હાજર	હાજર
૧૭૬.	શ્રી. બી. એસ. પટેલ	હાજર	હાજર
૧૭૭.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૭૮.	પ્રો. એન. જે. પટેલ	હાજર	હાજર
૧૭૯.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૮૦.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર
૧૮૧.	શ્રી. ડી. એસ. બસન	હાજર	ગેરહાજર
૧૮૨.	શ્રી. એમ. એસ. પંડ્યા	હાજર	હાજર
૧૮૩.	શ્રી. પી. સી. પટેલ	હાજર	હાજર
૧૮૪.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૧૮૫.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૧૮૬.	ડૉ. બી. એમ. પટેલ	ગેરહાજર	હાજર
૧૮૭.	ડૉ. એમ. ડી. પંચોલી	ગેરહાજર	હાજર
૧૮૮.	ડૉ. કે. એચ. મોદી	હાજર	હાજર
૧૮૯.	ડૉ. આર. એલ. વાદી	હાજર	ગેરહાજર
૧૯૦.	ડૉ. જે. એન. પટેલ	હાજર	હાજર
૧૯૧.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર	હાજર
૧૯૨.	ડૉ. આર. એમ. શાહ	હાજર	હાજર
૧૯૩.	ડૉ. એસ. બી. વોરા	હાજર	હાજર
૧૯૪.	ડૉ. સી. સી. શાહ	હાજર	હાજર
૧૯૫.	ડૉ. એમ. બી. દેવાની	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૩-૧૯૭૩	તા. ૨૮-૩-૧૯૭૩
૧૯૬.	ડૉ. (કુ.) ભાનુબહેન એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૯૭.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર	હાજર
૧૯૮.	ડૉ. એન. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૯૯.	ડૉ. જે. આર. વ્યાસ	હાજર	હાજર
૨૦૦.	ડૉ. ડી. સી. પરીખ	હાજર	હાજર
૨૦૧.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	ગેરહાજર
૨૦૨.	શ્રી. એમ. આર. ચૌધરી	ગેરહાજર	હાજર
૨૦૩.	શ્રીમતી ભદ્રાબહેન એસ. પંડ્યા	હાજર	હાજર
૨૦૪.	શ્રી. એન. આર. દેસાઈ	હાજર	હાજર
૨૦૫.	શ્રી. એ. એફ. ડાભી	હાજર	ગેરહાજર
૨૦૬.	શ્રી. એમ. આર. બારોટ	હાજર	હાજર
૨૦૭.	શ્રી. પી. ટી. મુનશા	ગેરહાજર	ગેરહાજર
૨૦૮.	શ્રી. એન. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૦૯.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર
૨૧૦.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૨૧૧.	શ્રી. આર. કે. અમીન	હાજર	હાજર
૨૧૨.	શ્રી. એચ. પી. પટેલ	હાજર	ગેરહાજર
૨૧૩.	શ્રી. પી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૧૪.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૧૫.	શ્રી. બી. બી. પટેલ	હાજર	હાજર
૨૧૬.	શ્રી. બી. કે. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૧૭.	શ્રી. એ. આર. શુકલ	હાજર	ગેરહાજર
૨૧૮.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૨૧૯.	શ્રી. આઈ. કે. સૈયદ	હાજર	હાજર
૨૨૦.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર
૨૨૧.	શ્રી. વી. એચ. કપાસી	હાજર	હાજર
૨૨૨.	ડૉ. આર. બી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૨૨૩.	ડૉ. જી. એન. તલાટી	ગેરહાજર	ગેરહાજર
૨૨૪.	ડૉ. સી. એન. શાહ	હાજર	ગેરહાજર
૨૨૫.	ડૉ. એચ. વી. વસા	ગેરહાજર	ગેરહાજર
૨૨૬.	ડૉ. એસ. બી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૨૨૭.	ડૉ. એમ. જે. દવે	હાજર	હાજર
૨૨૮.	ડૉ. આઈ. એ. મોદી	ગેરહાજર	ગેરહાજર
૨૨૯.	શ્રી. પી. એસ. ચોકસી	હાજર	ગેરહાજર
૨૩૦.	શ્રી. આર. એન. ઘોડિયાવાલા	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૩-૧૯૭૩	તા. ૨૮-૩-૧૯૭૩
૨૩૧.	શ્રી. કે. એચ. શાહ	હાજર	ગેરહાજર
૨૩૨.	શ્રી. કે. એલ. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૩૩.	શ્રી. આર. ટી. લેઉવા	ગેરહાજર	ગેરહાજર
૨૩૪.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	ગેરહાજર
૨૩૫.	શ્રી. એ. એચ. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૩૬.	ડૉ. જે. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૨૩૭.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર
૨૩૮.	ડૉ. ડી. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર
૨૩૯.	ડૉ. બી. એચ. દેસાઈ	હાજર	હાજર
૨૪૦.	પ્રો. પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૪૧.	શ્રી. એ. આર. બક્ષી	હાજર	ગેરહાજર
૨૪૨.	કુ. ઈંદુમતીબહેન સી. શેઠ	હાજર	ગેરહાજર
૨૪૩.	પ્રો. એમ. એ. ફારૂકી	હાજર	હાજર
૨૪૪.	શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૪૫.	શ્રી. બબલભાઈ મહેતા	હાજર	હાજર
૨૪૬.	શ્રી. સેમ્યુએલ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૪૭.	શ્રી. સી. ટી. દરુ	ગેરહાજર	ગેરહાજર
૨૪૮.	શ્રી. ડી. સી. શુકલ	હાજર	હાજર
૨૪૯.	શ્રી. એચ. એમ. રજવાડી	હાજર	હાજર
૨૫૦.	ડૉ. બી. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૨૫૧.	શ્રી. એ. એન. શેઠ	હાજર	ગેરહાજર
૨૫૨.	શ્રી. શ્રેયસ્કર કસ્તૂરભાઈ લાલભાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૫૩.	શ્રી. એન. આર. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૨૫૪.	શ્રી. એચ. એચ. ભગવતી	હાજર	ગેરહાજર
૨૫૫.	શ્રી. સી. યુ. શાહ	ગેરહાજર	ગેરહાજર

સભાગૃહનું કામકાજ શરૂ કરવામાં આવ્યું તે વખતે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ પૂછ્યું કે કુલપતિશ્રીએ ગુજરાતની વડી અદાલતને કશીક બાંયધરી આપી છે તેમ જાણવા મળ્યું છે તો તે બાંયધરી શી છે?

કુલપતિશ્રીની પરવાનગીથી શ્રી. કુલસચિવે જણાવ્યું કે ગુજરાતની વડી અદાલતમાં દાખલ કરવામાં આવેલી રિટ અરજી પરની કાર્યવાહી દરમ્યાન કેટલાક કાનૂની પ્રશ્નો ઊભા થતાં કુલપતિશ્રીએ નીચે મુજબની બાંયધરી આપેલી છે:

(1) He will not exercise the powers conferred by Section 55(3) of the Amending Act;

(2) He will not exercise the powers conferred by Section 51-A(1)(*b*) and 51-A(2) (*b*) of the Principal Act as amended by the Amending Act in respect of the teaching staff;

(3) He will not exercise the powers of nomination conferred by Section 33--A(1) of the Principal Act as amended by the Amending Act.

તે પછી ઉપર જણાવેલી કલમોનો પાઠ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યો.

તે પછી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે કુલપતિશ્રી આવી બાંયધરી આપી શકે ખરા અને આપે તો તે કેટલે અંશે યોગ્ય છે?

કુલપતિશ્રીએ જણાવ્યું કે કાનૂની દૃષ્ટિએ તેમાં કશું વાંધાજનક નથી.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં તાજેતરમાં થયેલા સુધારા મુજબ કુલપતિશ્રીની મુદત તા. ૧૫મી માર્ચ ૧૯૭૩ના રોજ પૂરી થાય છે તો જૂના કાયદા હેઠળ નિમાયેલા કુલપતિશ્રી નવા કાયદા હેઠળ શી રીતે ચાલુ રહી શકે?

કુલપતિશ્રીએ જણાવ્યું કે પોતે કુલપતિ તરીકે ચાલુ રહેતા નથી તેવો કોઈ પત્ર તેમને મળેલો નથી અને તેથી આ કાનૂની મુદ્દો ઊભો થતો નથી.

તે પછી સભાગૃહનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૨૨-૧૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૨-૧૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. નીચેનો શોકદર્શક ઠરાવ પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવ્યો :

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના એક સભ્ય તથા આયુર્વેદ વિદ્યાશાખાના અધ્યક્ષ શ્રી. સોમેશ્વર બુચાખીરામ પંડ્યાના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે, અને આયુર્વેદ અને તેના શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને પોતાની અંજલિ અર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો.

૨. ૧૯૭૩-૭૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) રૂટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૨માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૩ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૩થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૪ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૨૦–૨–૧૯૭૩ના રોજ પરિપત્રાંક સિ./૩૯૬૬૮/૧૯૭૩ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૭૩–૭૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર નીચે જણાવેલા બે ઉમેદવારોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૧–૩–૧૯૭૩ના પરિપત્રાંક સિ./૪૩૬૬૪ પ્રમાણે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા હોઈ તે અંગે આ સભાગૃહમાં વિશેષ કાંઈ કરવાપણું રહ્યું નહીં.

(૧) આચાર્ય વાસુદેવ સોમેશ્વર ભટ્ટ, અને

(૨) આચાર્ય એન. કે. દવે.

૨–અ. પ્રશ્નોત્તરી :

[૧] **પ્રા. પી. સી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : તા. ૨૨–૧૧–૧૯૭૨ની સેનેટમાં મારા પ્રશ્નના સંદર્ભમાં પરિશિષ્ટ "૫" દ્વારા યુનિવર્સિટી કર્મચારીઓનાં પગારધોરણના રિવિઝનની માહિતી આપેલી છે.

રિવિઝનનું અર્થઘટન સ્પષ્ટ કરવા મહેરબાની કરશોજી.

ઉત્તર ૧ : પ્રશ્નમાં પૂરતી સ્પષ્ટતાના અભાવે માંગેલ માહિતી આપવાનું બની શકયું નથી.

પ્રા. પી. સી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્નનો જવાબ અસ્પષ્ટ કેમ છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે revisionનો અર્થ સુધારો. તેથી વિશેષ અર્થઘટન સુધારાના કયા મુદ્દા ઉપર માગ્યું છે તે સ્પષ્ટ થતું નથી.

પ્રશ્ન ૨ : (ક) તા. ૨૨–૧૧–૧૯૭૨ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં પગારધોરણોના કોઈ રિવિઝન વખતે ૩ વર્ષે એક ઈજાફો, તે રીતે રિવિઝન વખતે ઈજાફાઓ આપેલા છે?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) કયા રિવિઝન વખતે ?

ઉત્તર ૨ : (ખ) સિન્ડિકેટે તેની તા. ૨૫–૮–૧૯૬૨ની સભામાં કરેલા ઠરાવ અન્વયે થયેલી પગાર-સુધારણા વખતે.

પ્રશ્ન ૩ : જો હા, તો યુનિવર્સિટી જેને રિવિઝન કહે છે તેવાં બાકીનાં રિવિઝનો વખતે તેવા ઈજાફાઓ આપવામાં આવ્યા છે?

ઉત્તર ૩ : ના, જી.

પ્રશ્ન ૪ : જો ના, તો તેને રિવિઝન કહી શકાય?

ઉત્તર ૪ : હા, જી.

પ્રશ્ન ૫ : ઉપરની બાબતના સંદર્ભમાં પાના ૨૮ પર પરિશિષ્ટ "૫" ક્રમાંક ૨૮ની કેડર જુ. કલાર્ક--ટાઇપિસ્ટ વગેરેનાં પગારધોરણોનું પાંચ વખત રિવિઝન થયું હોવાનું બતાવેલું છે, તો પ્રત્યેક રિવિઝન વખતે પ્રત્યેક કર્મચારીને જે તે રિવિઝનનો અમલ થતાં તરત જ કેટકેટલો આર્થિક લાભ થયો તેની માહિતી આપશોજી ?

ઉત્તર ૫ : માગેલી માહિતી ઘણી જ વિસ્તૃત હોઈ તે અત્રે આપી શકાય તેમ નથી.

પ્રા. પી. સી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

માહિતી આપી શકાય એમ નથી તો ક્યાં રુબરુમાં માહિતી મળી શકશે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ માહિતીમાં રિવિઝનનો સવાલ આવે છે અને રિવિઝન થવાથી કેટલાય કર્મચારીઓને અસર થઈ છે તે પ્રત્યેકને કયા સમય ગાળામાં કેટલી કેટલી અસર થઈ તેની માહિતી અત્રે આપવી શકય નથી. કોઈ પણ સભ્ય કાર્યાલય પાસેથી ચોક્કસ કયા મુદ્દા પર માહિતી પોતાને જોઈએ છે તે સ્પષ્ટ જણાવીને માહિતી માગશે તો તે અવશ્ય આપવામાં આવશે.

પ્રશ્ન ૬ : (ક) ઉપરોકત બાબતના સંદર્ભમાં પરિશિષ્ટ "૫"માં ક્રમાંક ૧ (રજિસ્ટ્રાર)ની જગ્યા સામે ૮૦૦-૫૦-૧,૦૦૦ અને ૮૦૦-૫૦-૧,૨૫૦ એમ બે વખત થયેલા રિવિઝનને કૉલમ નં. ૫માં એક જ રિવિઝન તરીકે કેમ બતાવ્યું છે?

ઉત્તર ૬ : (ક) તે વખતે જે સ્ટેચ્યૂટ અમલમાં હતો તેની મર્યાદામાં રહીને રૂ. ૮૦૦--૫૦--૧,૨૫૦ પગારધોરણ નિયત કરતી વખતે સ્ટેચ્યૂટ સુધારવાનું પણ કરાવેલું હોઈ તેમ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૬ : (ખ) પાના નં. ૨૮ પર જુ. કલાર્ક--ટાઇપિસ્ટનું કૉલમ નં. ૪, ૫, ૬, ૭માં જુદું જુદું રિવિઝન બતાવવા પાછળ યુનિવર્સિટીનો શો આશય છે ?

ઉત્તર ૬ : (ખ) જુ. કલાર્કના પગારધોરણનું જુદું જુદું રિવિઝન બતાવવા પાછળ માંગેલી વિગતો આપવાનો.

પ્રશ્ન ૭ : (ક) યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીને યુનિવર્સિટીની જ પરીક્ષામાં બેસવા માટે નિયમો નિયત કરેલા છે?

ઉત્તર ૭ : (ક) હા, જી.

પ્રશ્ન ૭ : (ખ) જો હા, તો કયા?

ઉત્તર ૭ : (ખ) નિયમો નીચે મુજબ છે :

"યુનિવર્સિટીના જે સભ્યો આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા ઇચ્છતા હોય તેમને કાર્યાલયના કામકાજમાં વિક્ષેપ ન પડે તે બાબત લક્ષમાં લઈને તથા આવા સભ્યો તેમની પરીક્ષા અને તેનું પરિણામ બહાર પડે ત્યાં સુધી એમ કુલ ઓછામાં ઓછા ચાર મહિના સુધી પગારી કે બિનપગારી જે ઘટતી રજા હોય તે રજા પર ઊતરે તે શરતે, વ્યકિતગત અરજીઓ પરથી પરવાનગી આપવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી."

પ્રશ્ન ૭ : (ગ) અને તેનો પૂરેપૂરો અમલ થાય છે?

ઉત્તર ૭ : (ગ) ચોક્કસ આદેશથી અપવાદરૂપ કરવામાં આવેલા કેસો સિવાય તેનો પૂરેપૂરો અમલ કરવામાં આવે છે.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અપવાદ કરવામાં આવ્યો છે? ચોક્કસ આદેશ એટલે કર્મચારી-કર્મચારી વચ્ચે ભેદભાવ થાય છે તેની માહિતી માગી છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટીનો કોઇ કર્મચારી આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસે તો તેણે ૪ મહિનાની રજા લેવી પડે, એ સામાન્ય નિયમ છે. કોઈક કેસોમાં તેથી થોડા દિવસ ઓછા થયા હોય એવું પણ બનેલું છે.

શ્રી. આર. કે. અમીને નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અપવાદના નિયમો તો હશે ને?

કુલપતિશ્રીનો ઉત્તર : સિન્ડિકેટ પાસે તે બાબત મૂકવામાં આવે છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે વિશિષ્ટ કારણ over-riding consideration ન હોય તો જ અપવાદ કરવાનું વિચારી શકાય. અપવાદનો આવો એક દાખલો છે. તે યુનિવર્સિટીના તબીબી અધિકારીનો, જેઓ રેસિડેન્ટ મેડિકલ ઑફિસરની ફરજ સાથે મુખ્ય તબીબી અધિકારીની ફરજ એમ ફરજ બેવડી બજાવે છે. તેમના કેસમાં અપવાદ કરવામાં આવ્યો છે કે જેથી યુનિવર્સિટીનું દવાખાનું ડૉકટર વગરનું રહે નહીં.

પ્રશ્ન ૭ : (ઘ) ઉપરોકત નિયમોનો અમલ કરવામાં કર્મચારી-કર્મચારી વચ્ચે ભેદભાવ થયો હોય તેવું બન્યું છે?

ઉત્તર ૭ : (ઘ) ઉત્તર ૭ (ગ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ચ) જો હા, તો તે બાબતનું સ્પષ્ટીકરણ કરશોજી.

ઉત્તર ૭ : (ચ) ઉત્તર ૭ (ઘ) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : એન.એસ.એસ.નો સ્ટાફ યુનિવર્સિટીના કર્મચારીગણમાં સમાવિષ્ટ થાય કે નહીં?

ઉત્તર ૮ : હા, જી.

પ્રશ્ન ૯ : ૧૯૭૧--૭૨ના વાર્ષિક હેવાલના પ્રકરણ ૧૬ માં એન. એસ. એસ.નો ઉલ્લેખ કેમ નથી મળતો?

ઉત્તર ૯ : પ્રકરણ ૧૬માં યુનિવર્સિટીના કાયમી કર્મચારીગણ અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એન.એસ.એસ. વિભાગના કર્મચારીઓ હંગામી ધોરણે હોવાથી તેઓનો ઉલ્લેખ ત્યાં કરવામાં આવ્યો નથી. તે વિભાગની કામગીરીના બ્યાનનો સમાવેશ પ્રકરણ નં. ૧૧માં કરવામાં આવ્યો છે, એમ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એન.એસ.એસ.નું કાર્ય શું છે ?

હંગામી વિભાગ તરીકે ન રાખતાં કાયમી ધોરણે તેનો વિચાર કરી ન શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : મધ્યસ્થ સરકારે તે અંગે ચોક્કસ નિર્ણય કરવાનો છે. પાંચમી યોજના શરૂ થશે ત્યારે કાંઈ ચોક્કસ જાણી શકાશે, એમ આશા રાખીએ છીએ.

પ્રશ્ન ૧૦ : (ક) એન. એસ. એસ.નો વિભાગ શારીરિક શિક્ષણ વિભાગના નેજા હેઠળ કામ કરે છે ?

ઉત્તર ૧૦ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૦ : (ખ) કે તે સ્વતંત્ર વિભાગ છે ?

ઉત્તર ૧૦ : (ખ) ના, જી.

પ્રો. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બન્નેના જવાબમાં ના, જી; ના, જી છે તો તે શેમાં કામ કરે છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે યુવક કલ્યાણ વિભાગ એ Composite વિભાગ છે તેમાં N.S.S.ની અને રમતગમતની પ્રવૃત્તિઓ પણ પેટાવિભાગમાં છે. તેથી N.S.S. રમતગમતના વિભાગના નેજા હેઠળની પ્રવૃત્તિ નથી તેમ જ તે સ્વતંત્ર વિભાગ પણ નથી.

પ્રશ્ન ૧૧ : (ક) એન. એસ. એસ. ના હેડકલાર્કનો પગાર એન.એસ.એસ.ના હેડમાં પડે છે ?

ઉત્તર ૧૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૧ : (ખ) પણ તે સંપૂર્ણ રીતે શા. શિ. વિ. અને યુવક કલ્યાણનું કામ કરે છે તે વાત સાચી ?

ઉત્તર ૧૧ : (ખ) યુવક કલ્યાણ વિભાગના હેડકલાર્ક તરીકે કામગીરી તેઓ સંભાળે છે.

પ્રશ્ન ૧૨ : (ક) એન. એસ. એસ.ના ટાઈપિસ્ટ અને પટાવાળા પણ શા. શિ. વિ.નું કામ કરે છે તે વાત સાચી ?

ઉત્તર ૧૨ : (ક) મુખ્યત્વે તેઓને એન.એસ.એસ. વિભાગનું જ કામ કરવાનું હોય છે. જરૂર પડ્યે યુવક કલ્યાણ વિભાગના બીજા કામમાં પણ તેમની મદદ લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૨ : (ખ) આ કર્મચારીઓ ગેરહાજર હોય તો એન.એસ.એસ.નું કામ કોઈ નથી કરતા તે વાત સાચી ?

ઉત્તર ૧૨ : (ખ) ના, જી.

પ્રશ્ન ૧૩ : પ્રશ્ન ૧૧ અને ૧૨ માં જે વાતો સાચી હોય તે વિષે વધુ સ્પષ્ટતા કરશોજી.

ઉત્તર ૧૩ : ઉપર પ્રશ્ન નં. ૧૨નો ઉત્તર જોતાં વધુ સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી.

પ્રશ્ન ૧૪ : (ક) એન. એસ. એસ.ની ગાડી મોટે ભાગે શા. શિ. વિ. નાં કામોમાં શા માટે વપરાય છે ?

ઉત્તર ૧૪ : (ક) એન.એસ.એસ. વિભાગની ગાડી જરૂર પડ્યે યુનિવર્સિટીનાં અન્ય કામોમાં વાપરવામાં આવે છે; તેવી રીતે યુનિવર્સિટીની બીજી ગાડી પણ જરૂર પડ્યે એન.એસ.એસ. વિભાગના કામ માટે વપરાય છે. જરૂરિયાત અને કરકસર એ તેમ કરવા માટેનાં કારણો છે.

પ્રશ્ન ૧૪ : (ખ) આ ગાડીનો લગભગ ૯૦ ટકા ઉપયોગ અન.એસ.એસ. સિવાયનાં કામોમાં થાય છે તે વાત સાચી?

ઉત્તર ૧૪ : (ખ) ટકાવારી કાઢવામાં આવી નથી.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં ખરો જવાબ આપવાને બદલે ટાળવાનો પ્રયત્ન કર્યો છે. એક વિભાગની ગાડી બીજા વિભાગ માટે વપરાય છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એન.એસ.એસ. વાહન મુખ્યત્વે N.S.S.ના કામ માટે જ વપરાય છે. પરંતુ N.S.S.ના કામમાં ન હોય ત્યારે તે ગાડી વિદ્યાર્થી કલ્યાણની અને યુનિવર્સિટીની બીજી પ્રવૃત્તિઓ માટે પણ વપરાય છે.

કુલપતિશ્રીનો ઉત્તર : એન.એસ.એસ. અંગેની ગાડી એન.એસ.એસ માટે જ મુખ્યત્વે વપરાય છે અને જરૂર પડે તો એન.એસ.એસ.ના કાર્યક્રમ પ્રસંગે આપણી પાસેની બીજી ગાડીઓનો પણ ઉપયોગ કરીએ છીએ.

પ્રશ્ન ૧૪ : (ગ) આ સંજોગોમાં એન. એસ. એસ.નું કામકાજ કરવા માટે બીજો શો વિકલ્પ છે?

ઉત્તર ૧૪ : (ગ) એન.એસ.એસ.ના કામ માટે યુનિવર્સિટીની બીજી ગાડીઓ પણ જરૂર પડયે અને અનુકૂળતા પ્રમાણે વપરાશમાં લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૫ : (ક) ૧૯૭૨--૭૩ની સાલમાં યુનિવર્સિટીની કઈ ટીમ સાથે કોણ મેનેજર હતા તે જણાવશોજી.

ઉત્તર ૧૫ : (ક) ૧૯૭૨-૭૩ના વર્ષમાં જુદી જુદી રમતની ટુકડીઓના મેનેજરોનાં નામ નીચે મુજબ છે :

૧.	ટેબલ ટેનિસ	...	પ્રો. એફ. વી. ચૌધરી
૨.	તરણસ્પર્ધા	...	શ્રી. ડી. બી. સોલંકી
૩.	ફૂટબૉલ	...	શ્રી. અશોક પી. પટેલ
૪.	બેડમિન્ટન	...	પ્રો. વી. એલ. ભટ્ટ
૫.	વૉલીબૉલ (બહેનો)	...	શ્રી. ભરતભાઈ ઠાકોર
૬.	વૉલીબૉલ (ભાઈઓ)	...	,, સી. વી. દેસાઈ
૭.	કુસ્તી	...	,, ડી. બી. સોલંકી
૮.	બાસ્કેટબૉલ (ભાઈઓ)	...	,, એ. પી. પટેલ
૯.	બાસ્કેટબૉલ (બહેનો)	...	,, નિહાલસીંગ બેનિવાલ
૧૦.	ટેનિસ	...	પ્રો. અંસ. એમ. લાલીવાલા
૧૧.	ક્રિકેટ	...	,, એ. એસ. કાદરી
૧૨.	ખોખો (બહેનો)	...	શ્રી. કે. એમ. પટેલ
૧૩.	હૉકી (ભાઈઓ)	...	,, પી. ટી. પરમાર
૧૪.	ખેલકૂદ (ભાઈઓ-બહેનો)	...	પ્રો. એલ. વી. રાઠોડ
			,, મીરાંબહેન દવે.

પ્રશ્ન ૧૫ : (ખ) પ્રત્યેક મૅનેજરની પસંદગી પાછળ કયો મુદ્દો સંકળાયેલો છે તે સ્પષ્ટ કરશોજી.

ઉત્તર ૧૧: (ખ) આ અંગે યુનિ. બોર્ડ ઑફ સ્પોર્ટ્સે અપનાવેલ પસંદગીનાં ધોરણો નીચે મુજબ છે :

"(૧) જે તે રમતના યુનિવર્સિટીના કોચ કે જે તે રમતના નિષ્ણાત (એન.આઈ. એસ. ટ્રેન્ડ) હોય તેવી વ્યકિતઓને પ્રથમ પસંદગી આપવાનું રાખવું. આ ન હોય તો—

(૧) યુનિ. ટીમમાં જે કૉલેજ કે વિભાગના ખેલાડીઓ વધુ હોય તે કૉલેજના કે વિભાગના જે તે રમતના નિષ્ણાત હોય તો તે અથવા તે કૉલેજના આચાર્યશ્રી કે અધ્યક્ષશ્રી આવી વ્યકિતનું નામ સૂચવે તે; અથવા તો

(૨) યુનિવર્સિટી ચૅમ્પિયન કૉલેજના આચાર્યશ્રી જે નામ સૂચવે તેમની પસંદગી કરવી."

પ્રત્યેક કેસમાં ઉપરના ઠરાવમાં જણાવેલ ધોરણોને અનુલક્ષીને પસંદગી કરવામાં આવે છે. જે જુદા જુદા મૅનેજરોની પસંદગી કરવામાં આવી છે તેમની પાત્રતા અંગેની માહિતીનો સમાવેશ નીચેના કોઠામાં ખાના નં. ૨ માં કરવામાં આવ્યો છે:

મૅનેજરનું નામ (૧)		પાત્રતા અંગેની માહિતી (૨)
પ્રો. એફ. વી. ચૌધરી	...	ટીમમાં તેમની કૉલેજના ખેલાડીઓ વધુ હતા.
શ્રી. ડી. બી. સોલંકી	...	તેમની કૉલેજ યુનિવર્સિટી ચેમ્પિયન હોવાથી અને ટીમમાં તેમની કૉલેજના ખેલાડીઓ વધુ હોવાથી.
શ્રી. અશોક પટેલ	...	કૉલેજ યુનિવર્સિટી ચૅમ્પિયન હતી અને ટીમમાં તેમની કૉલેજના ખેલાડીઓ વધુ હોવાથી.
પ્રો. વી. એલ. ભટ્ટ	...	બેડમિન્ટનના નિષ્ણાત. યુનિવર્સિટી તરફથી તાલીમ લઈ આવેલ.
શ્રી. ભરત ઠાકોર	...	એન. આઈ. એસ. ટ્રેઈન્ડ; વૉલીબૉલના કોચ.
શ્રી. સી. વી. દેસાઈ	...	એન. આઈ. એસ. ટ્રેઈન્ડ; વૉલીબૉલના કોચ.
શ્રી. ડી. બી. સોલંકી	...	તેમની કૉલેજ યુનિવર્સિટી ચૅમ્પિયન થઈ અને ટીમમાં તેમની કૉલેજના ખેલાડીઓ વધુ હોવાથી.
શ્રી. એ. પી. પટેલ	...	એન. આઈ. એસ. ટ્રેઈન્ડ; બાસ્કેટબૉલ કોચ.
શ્રી. નિહાલસીંગ બેનિવાલ	...	યુનિવર્સિટી બાસ્કેટબૉલના કોચ.
શ્રી. એસ. એમ. લાલીવાલા	...	તેમની કૉલેજ યુનિવર્સિટી ચૅમ્પિયન હોવાથી.

મૅનેજરનું નામ		પાત્રતા અંગેની માહિતી
શ્રી. એ. એસ. કાદરી	...	નિયમ મુજબ કોઈ જવા તૈયાર ન થતાં છેવટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રીને તેમને આ જવાબદારી છેલ્લી ઘડીએ આપવી પડી.
શ્રી. કે. એમ. પટેલ	...	નિયમ મુજબ કોઈ ન જઈ શકવાથી છેલ્લી ઘડીએ રમતના નિષ્ણાત તરીકે મોકલ્યા.
પ્રો. પી. ટી. પરમાર	...	કોઈ ન જવાથી અને ટીમમાં ખેલાડીઓ તેમની કૉલેજના વધુ હોવાથી.
પ્રો. એલ. વી. રાઠોડ, અને પ્રો. મીરાંબહેન દવે	...	સ્પર્ધાઓ અમદાવાદમાં યોજાવાની હોવાથી અને ગુજરાત કૉલેજ યજમાન હોવાથી તેમને જવાબદારી સોંપવામાં આવી.

પ્રશ્ન ૧૬ : (ક) ૧૯૬૪ પહેલાં અને પછી હરીફાઈના અંતે કોઈ એક ટીમે બીજી ટીમ સામે વાંધો નોંધાવવાના કારણે કઈ કઈ રમતોને કઈ કઈ સાલમાં રિ-પ્લે આપવામાં આવી હતી ?

ઉત્તર ૧૬ : (ક) યુનિવર્સિટી યોજિત આંતર-વિભાગીય ધોરણે યોજાયેલ રમતોમાં રિ-પ્લે આપવામાં આવી નથી. પ્રત્યેક વિભાગના ઉપક્રમે યોજાતી સ્પર્ધાઓ અંગેની આવી માહિતી ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૧૬ : (ખ) વાંધાના મુદ્દા જણાવશોજી ?

પ્રશ્ન ૧૬ : (ગ) વાંધાઓના ઉકેલની માહિતી આપશોજી ?

ઉત્તર ૧૬ : (ખ) અને (ગ) : ઉપર પ્રશ્ન ૧૬(ક)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભા થતા નથી.

પ્રશ્ન ૧૭ : આજ સુધી કેટલી અને કઈ કઈ ટીમો આંતર--યુનિવર્સિટી સ્પર્ધામાં સેમિ-ફાઈનલ અને ફાઈનલ સુધી પહોંચી છે ?

ઉત્તર ૧૭ : અત્યાર સુધી કુલ ૩૦ ટુકડીઓ સેમિ--ફાઈનલમાં અને ૨૨ ટુકડીઓ ફાઈનલ સુધી પહોંચી છે. આ અંગેની વિગતવાર માહિતી **પરિશિષ્ટ "૧"** તરીકે જોડેલ છે.

પ્રશ્ન ૧૮ : ૧૯૫૪થી આજ સુધી આંતર--યુનિવર્સિટી સ્પર્ધામાં કેટલા ખેલાડીઓએ પ્રથમ ત્રણ વિજેતાઓમાં સ્થાન મેળવ્યું છે ?

ઉત્તર ૧૮ : ૧૯૫૪થી આજ સુધીમાં ૧૭ ખેલાડી ભાઈઓ-બહેનોએ પ્રથમ ત્રણ વિજેતાઓમાં સ્થાન મેળવ્યું છે.

પ્રશ્ન ૧૯ : આંતર-યુનિવર્સિટી ખેલકૂદ અને સાંઘિક રમતોની સ્પર્ધામાં ભાગ લેવા માટે આપણી યુનિવર્સિટીએ કેટલું કેટલું કુલ ખર્ચ કર્યું છે ? (ખેલકૂદ માટે કુલ ખર્ચ કેટલું અને રમતો માટે કેટલું ?)

ઉત્તર ૧૯ : છેલ્લાં ત્રણ વર્ષ અંગેની સદરહુ માહિતી નીચે મુજબ છે :

વર્ષ		ખેલકૂદ ખર્ચ રૂ. પૈ.	સાંધિક રમતોનું ખર્ચ રૂ. પૈ.
૧૯૬૯–૭૦	...	૧,૧૩૨–૯૨	૧૬,૮૬૭–૩૮
૧૯૭૦-૭૧	...	૧,૬૮૨–૧૪	૧૮,૨૭૫–૨૫
૧૯૭૧-૭૨	...	૧,૧૨૦–૬૫	૧૮,૭૨૪–૦૪

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ખર્ચ આપ્યો છે તે ભાગ લેવાનો જ ખર્ચ છે કે મહિનાની તૈયારીનો ખર્ચ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તેમાં બન્ને ખર્ચ આવી જાય છે.

પ્રશ્ન ૨૦ : પ્રશ્ન ૧૯માં સમાવિષ્ટ થતું કુલ ખર્ચ અને પ્રશ્ન ૧૭ તથા પ્રશ્ન ૧૮માં સમાવિષ્ટ થતી સિદ્ધિઓ કેટલે અંશે justifiable છે ?

ઉત્તર ૨૦ : આ અભિપ્રાયનો સવાલ છે.

પ્રશ્ન ૨૧ : 'ભવાઈ' મહાનિબંધનું આમુખ લખવામાં સાડા ત્રણ વર્ષનો વિલંબ શા માટે થયો તેનું સ્પષ્ટ કારણ આપશોજી.

ઉત્તર ૨૧ : તે પુસ્તકનું આમુખ તે સમયના કુલપતિશ્રીએ લખ્યું હતું. તે લખવામાં વિલંબ થવાનું કારણ આ કાર્યાલય આ તબક્કે આપી શકે શકાય તેમ નથી, તો ક્ષમા કરશો.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ જવાબથી પ્રશ્નનો હેતુ જળવાતો નથી. આ સવાલનો જવાબ કેમ બરોબર આપ્યો નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે વિલંબનું કારણ આ તબક્કે કાર્યાલયથી આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૨૨ : પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયન તથા સ્ટાફ લેવલની સને ૧૯૭૦ પહેલાંની અરજીઓનું રજિસ્ટર યુનિવર્સિટી કાર્યાલય આપશે ખરું ? અને ક્યારે ? જો અરજીઓ મોજૂદ હોય તો તે અંગે શું પગલાં લીધાં તે જણાવશો ?

ઉત્તર ૨૨ : આ પ્રકારનું રજિસ્ટર રાખવામાં આવતું નથી.

પ્રા. પી. સી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પ્રકારનું રજિસ્ટર બરોબર રાખવું જોઈએ.

પ્રશ્ન ૨૩ : (ક) તા. ૬--૭--૧૯૬૮ પહેલાંના જે પ્રેસ-કર્મચારીઓને અને પ્રૂફ-વિભાગના સભ્યોને ૧૧ દિવસે ૧ હક રજા આપવામાં આવે છે ને તેમને ફેક્ટરી ઍકટ લાગુ પડે છે તો તેમની સાથેના અન્ય કર્મચારીઓને શાથી ન આપવામાં આવે તે સ્પષ્ટ જણાવશો ?

ઉત્તર ૨૩ : (ક) સિન્ડિકેટની તા. ૬--૭--૧૯૬૯ના રોજ હક રજા અંગે જે ઠરાવ થયો છે તે ઠરાવ તા. ૬--૭--૧૯૬૯ પહેલાં નિમાયેલ પ્રેસના કાર્યાલય તથા પ્રૂફ-વિભાગના કર્મચારીઓની હક રજાનું ધોરણ યથાવત્ ચાલુ રાખવાનું ઠરાવેલું છે. તે પછી નિમાયેલ કર્મચારીઓને જ આ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ફેક્ટરી ઍક્ટ મુજબનું રજાનું ધોરણ લાગુ પાડવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૩ : (ખ) અથવા કયારે તેમની હક રજા વિશે એકસૂત્રતા અપનાવાશે તે જણાવશો?

ઉત્તર ૨૩ : (ખ) ઉત્તર ૨૩(ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪ : જે કર્મચારીને મૌખિક ઉત્તર પર્યાપ્ત ન હોય અને લેખિત ઉત્તરની જરૂર હોય તો આપવામાં આવશે?

ઉત્તર ૨૪ : ચોક્કસ કેસો જોઈને તે અંગે શું કરવું તે કહી શકાય.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લેખિત ઉત્તર આપવામાં શો વાંધો છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઇ વાંધો નથી.

પ્રશ્ન ૨૫ : જુનિયર કંપોઝીટરના બહુવિધ કંપોઝકામના સંદર્ભમાં કયાં કયાં કામો સોંપાય છે તેની સ્પષ્ટતા કરશોજી.

ઉત્તર ૨૫ : યુનિવર્સિટી પ્રેસમાં જે તે દિવસે છાપકામની જરૂરિયાતને ધ્યાનમાં લઈ જરૂરી કંપોઝીટરો તેમ જ જુનિયર કંપોઝીટરોને જે તે કામ રોજેરોજ આપવામાં આવે છે.

પ્રશ્ન ૨૬ : પ્રૂફરીડર–કૉપીહોલ્ડરને યુનિવર્સિટીના કાર્યાલયના સીનિયર કલાર્ક અને જુનિયર કલાર્ક સમકક્ષ ગણવાની માગણી પ્રત્યે શું વિચારણા કરવામાં આવી છે તે જણાવશોજી?

ઉત્તર ૨૬ : યુનિવર્સિટી પ્રેસના એ કર્મચારીઓને યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર કલાર્ક તથા જુનિયર કલાર્ક સમકક્ષ ગણવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૨૭ : જો યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો સુધારવામાં આવે તો કેટલો આર્થિક બોજ પડે તેના આંકડા આપશોજી?

ઉત્તર ૨૭ : અંદાજે વધારાનો માસિક રૂ. ૧,૧૦૦.

પ્રશ્ન ૨૮ : (ક) રોમાયર લાંબી નકલના અને પ્રશ્નપત્રોના છાપકામ માટે વાપરવા પૂરતું હોય તો તે કામ આ યંત્ર વસાવ્યા સિવાય અન્યત્ર ન કરાવી શકાય?

ઉત્તર ૨૮ : (ક) આ યંત્ર યુનિવર્સિટી પ્રેસમાં વસાવવામાં આવ્યું ન હોય તો તે ઉપર થતું કામ અન્યત્ર છપાવી શકાય એટલું જ નહિ, અન્યત્ર છપાવવું પણ પડે.

પ્રશ્ન ૨૮ : (ખ) રોમાયરનું કામ અન્યત્ર કરાવી લેવાં આર્થિક ફાયદો થાય કે નહીં? જો હા, તો કેટલો?

ઉત્તર ૨૮ : (ખ) કામનો પ્રકાર, છાપકામના ભાવ ઇત્યાદિ બાબતો ઉપર તેનો આધાર રહે છે.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પ્રશ્નના (ક) અને (ખ) એમ જુદા ભાગ પાડવાનો શો હેતુ છે ? બીજા ભાગનો જવાબ નહીં આપવા જુદો પાડ્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ઇકોનોમિકલી કેટલું ફાયદાકારક થાય તે વિચારવાની જરૂર છે, પરંતુ તમે કહ્યું તે અંગે જરૂર વિચાર કરીશું.

પ્રશ્ન ૨૯ : (ક) યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના મકાનની ભીંતો ઉપર મોટી તિરાડો પડી છે અને કેટલીક જગ્યાએ તળિયું બેસી ગયું છે તે વાત સાચી ?

ઉત્તર ૨૯ : (ક) યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના મકાનની ભીંતો ઉપર તિરાડો પડી છે અને કેટલીક જગ્યાએ તળિયું બેસી ગયું છે તે વાત સાચી છે.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ ભૂલ શાથી થઈ તેની તપાસ કરવામાં આવી છે ? અને આવી ભૂલ ફરી નહીં થાય તેની ખાતરી આપી શકાશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : કાળી માટી પુરાઈ પછી વરસાદ પડે ત્યારે તે બેસી જાય છે તેથી ભવનોમાં જ્યાં તે બેસી ગઈ છે ત્યાં દુરસ્ત કરવાનું કામ બાંધકામ સમિતિએ મંજૂર કર્યું છે. પુરાણ કરવા માટે પાયો ખોદાયાથી જે માટી નીકળે છે તે પુરાણ છે, પરંતુ હવે અનુભવ થયો છે, એટલે ભવિષ્યમાં આવું ન થાય તે માટે જે માટી નીકળે તે પુરાણ યોગ્ય ન હોય તો તે ન પૂરતાં બીજી માટી પૂરવાનું વિચારીશું.

પ્રશ્ન ૨૯ : (ખ) આનું સમારકામ કરવા માટે યુનિવર્સિટીને જાણ કરવામાં આવી છે ?

ઉત્તર ૨૯ : (ખ) હા, જી.

પ્રશ્ન ૨૯ : (ગ) કયારે ?

ઉત્તર ૨૯ : (ગ) ૧૯૭૧ના વર્ષમાં.

પ્રશ્ન ૨૯ : (ઘ) કેટલી વાર ?

ઉત્તર ૨૯ : (ઘ) ચારેક વખત.

પ્રશ્ન ૨૯ : (ચ) યુનિવર્સિટીએ આ બાબતમાં શું કર્યું છે ?

ઉત્તર ૨૯ : (ચ) યુનિવર્સિટીએ આ બાબતમાં મકાનના સ્થપતિ તથા કન્સલ્ટિંગ એન્જિનિયરની સલાહ લીધી હતી અને તે મુજબ સમારકામ કરાવ્યું છે.

પ્રશ્ન ૨૯ : (છ) આવી સ્થિતિમાં ભવિષ્યે કોઈ જાનહાનિ થશે તો કોઈ જવાબદાર ગણાશે ?

ઉત્તર ૨૯ : (છ) ઘટતું સમારકામ કરાવી લીધું છે એટલે એને અંગેની જવાબદારીનો પ્રશ્ન હાલ ઊભો નથી.

પ્રશ્ન ૨૯ : (જ) યુનિવર્સિટી જવાબદાર ગણાશે?

ઉત્તર ૨૯: (જ) ઉપર પ્રશ્ન નં. (છ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯ : (ઝ) યુનિવર્સિટી ભવનોનાં બીજાં કયાં મકાનોમાં આવી સ્થિતિ છે?

ઉત્તર ૨૯: (ઝ) રસાયણવિજ્ઞાનના વિભાગનાં તથા પ્રાણીવિજ્ઞાનના વિભાગનાં મકાનોમાં વરન્ડાના ટાઈલ્સનું તળિયું કેટલેક ઠેકાણે બેઠેલું છે એનું પણ સમારકામ કરવાનું મંજૂર થયું છે. તે રજાઓમાં વિભાગની અનુકૂળતાએ કામ પૂરું થશે. પ્રાણીવિભાગના પ્રવેશ આગળનું કામ પૂરું થઈ ગયું છે.

પ્રશ્ન ૩૦ : (ક) યુનિવર્સિટી લાઈબ્રેરીમાં પુસ્તકોના ઢગલા શા માટે કરવામાં આવે છે?

પ્રશ્ન ૩૦ : (ખ) ઘણાં પુસ્તકો તેમની યોગ્ય જગ્યાએ કેમ નથી મળતાં?

ઉત્તર ૩૦ : (ક) અને (ખ): યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોના ઢગલા કરવામાં આવતા નથી એ સ્પષ્ટતા સાથે ઉમેરવાનું કે ગ્રંથાલયમાં આસંગ (open access) પદ્ધતિ લેવાને કારણે જે પુસ્તકો વાચકોએ પસંદ કર્યાં હોય તે ફરીથી ફલક (shelf) પર ગોઠવાય તે પહેલાં અન્ય જગ્યાએ વ્યવસ્થિત મૂકવામાં આવતાં હોય છે. વધુમાં વાચકો પુસ્તક વાંચવા માટે પસંદગી કરે તે પહેલાં અનેક પુસ્તકો કાઢીને જોતા હોય છે અને તે પુસ્તકો પણ ફરીથી ગોઠવાય તે પહેલાં બહાર મૂકેલાં જોવામાં આવે તથા જે પુસ્તકો ઈસ્યુ થયેલાં હોય તે પણ ફલક પર તેમની જગ્યાએ ન હોય તે પણ સ્વાભાવિક છે.

પ્રશ્ન ૩૦ : (ગ) જર્નલો પણ તેમની યોગ્ય જગ્યાએ નહીં મળવાનું કારણ શું?

ઉત્તર ૩૦ : (ગ) સામયિકો યોગ્ય જગ્યા પર જ રાખવામાં આવે છે. વધુમાં સ્પષ્ટતા માટે ઉમેરવાનું કે કેટલાંક સામયિકો આપણાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં પણ વંચાવા જતાં હોય છે.

પ્રો. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અનુસ્નાતક ભવનોમાં જતાં સામયિકો તરત મળી શકતાં નથી. તે પ્રોફેસરો પાસે જાય છે અને વિદ્યાર્થીઓને મહિનાઓ સુધી મળતાં નથી. તો તે માટે જુદી વ્યવસ્થા ન કરી શકાય? તે સમયસર મળી શકતાં નથી તો તે માટે યોગ્ય વ્યવસ્થા શું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : અમુક સમય મર્યાદા માટે એટલે કે અમુક દિવસો સુધી ભવનો/અધ્યાપકો તે રાખી શકે તેવું કાંઈક વિચારવું જોઈએ.

આચાર્ય બી. એમ. પીરજાદાએ જણાવ્યું કે જૂનાં સામયિકો પણ મળતાં નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : કેટલાંક જૂનાં સામયિકો બંધાવવાની વ્યવસ્થા પણ આપણે કરેલી છે.

પ્રશ્ન ૩૧ : (ક) એસ. ટી. ટી. કૉલેજે (અમદાવાદ) ૧૯૬૯--૭૦, ૭૦--૭૧, ૭૧--૭૨માં કેટલાક અધ્યાપકોની માન્યતા મેળવી જ ન હતી. આ ગંભીર બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવી છે?

ઉત્તર ૩૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૩૧ : (ખ) જો હા, તો સિન્ડિકેટે શું કર્યું?

ઉત્તર ૩૧ : (ખ) તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૩--૧--૧૯૭૩ની સભામાં સદરહુ નિમણૂકો વેળાસર મંજૂર કરાવવા માટે જરૂરી કાર્યવાહી ન કરવા માટે સંબંધકર્તા કૉલેજને ઠપકો આપવાનું અને તે નિમણૂકો માન્ય કરવા માટેની કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૩૨ : આ કૉલેજ છ છ મહિના અગાઉ ફી લે છે તે વાત સાચી?

ઉત્તર ૩૨ : તે કૉલેજના વિદ્યાર્થીઓ પાસેથી પ્રથમ સત્રની ફી ફેબ્રુઆરીથી શરૂ કરી જૂન સુધીમાં લેવાય છે.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ફી વહેલી લેવાય છે તેનું કારણ શું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : મેં આ માટે એવી કૉલેજોના આચાર્યોની સભા બોલાવી હતી. પ્રયોજન એવું છે કે બીજી બધી યુનિવર્સિટીઓ ફેબ્રુઆરીમાં પ્રવેશ આપે છે અને તેથી વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ નિશ્ચિત કરવો પડે છે તેથી ફી ફેબ્રુઆરીમાં લેવાય છે.

પ્રશ્ન ૩૩ : આ કૉલેજ સ્ટાફની નિમણૂક કરવામાં શા માટે વિલંબ કરે છે?

ઉત્તર ૩૩ : કોઈ અમુક નિમણૂક અંગે ચોક્કસ શી માહિતી જોઈએ છે તે સ્પષ્ટ થતું ન હોવાથી જવાબ આપવાનું બની શક્યું નથી.

પ્રશ્ન ૩૪ : (ક) તા. ૨૨--૧૧--૧૯૭૨ની સેનેટમાં પ્રા. બી. એસ. પટેલના પૂછેલા પ્રશ્નો ૫ (ધ) અને ૫ (ચ)ની માહિતી ઉપલબ્ધ થઈ છે?

ઉત્તર ૩૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૩૪ : (ખ) જો હા, તો તેની વિગતો આપશોજી?

ઉત્તર ૩૪ : (ખ) સદરહુ પ્રશ્ન ૫ (ધ) અને ૫ (ચ) તથા તેની વિગતો નીચે દર્શાવી છે :

પ્રશ્નો :

પ્રશ્ન ૫ : (ધ) તેઓ (શ્રી. એસ. પી. ત્રિવેદી) શું દર બુધવારે એસ.ટી.ટી. કૉલેજ, અમદાવાદ તરફથી કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં નહોતા જતા?

પ્રશ્ન ૫ : (ચ) ૧૩ તાલીમાર્થીઓ સાથે સતત ગ્રામશિક્ષણાર્થે વરધરી નહોતા ગયા?

વિગતો :

તે અંગે જાણવા મળેલી હકીકત નીચે મુજબ છે:

શ્રી. એસ. પી. ત્રિવેદી ૧૯૭૦--૭૧ના વર્ષ દરમિયાન ખેડાની એજ્યુકેશન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. ખેડાની એજ્યુકેશન કૉલેજ આ સંસ્થાની ભગિની સંસ્થા હોવાથી આ સંસ્થાના વિજ્ઞાનના વિદ્યાર્થીઓના લાભાર્થે કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરના વિજ્ઞાનના પ્રયોગો માટે શ્રી. એસ. પી. ત્રિવેદીની સંમતિથી ખેડાની એજ્યુકેશન કૉલેજના આચાર્ય પાસે તેમની સેવાઓ માગેલી અને તદનુસાર શ્રી. એસ. પી. ત્રિવેદી પ્રસંગોપાત્ત કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં આ કૉલેજના વિજ્ઞાનના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા. તે જ પ્રમાણે વિજ્ઞાનના વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં વધુ હોવાથી ભગિની સંસ્થાની સંમતિથી શ્રી. એસ. પી. ત્રિવેદી સતત ગ્રામશિક્ષણમાં આ કૉલેજના વિદ્યાર્થીઓ સાથે વરધરી ગયા હતા. શ્રી. ત્રિવેદીની સાથેના આ સંસ્થાના અધ્યાપક તરીકેના સંબંધને લીધે અને ભગિની સંસ્થાના સંબંધને લીધે આ સંસ્થાના વિદ્યાર્થીઓના લાભાર્થે શ્રી. ત્રિવેદીની ઉપર્યુકત સેવાઓ લેવામાં આવી હતી.

પ્રશ્ન ૩૫ : (ક) તા. ૨૨--૧૧--૧૯૭૨ની સેનેટમાં પ્રા. બી. એસ. પટેલના પ્રશ્ન ૬(ગ) અને પૂરક પ્રશ્નના જવાબમાં યુનિવર્સિટી આ બાબતમાં તપાસ કરશે એમ જણાવ્યું છે. યુનિવર્સિટીએ તે બાબતમાં તપાસ કરી છે?

ઉત્તર ૩૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૩૫ : (ખ) જો હા, તો વિગતો આપશો?

ઉત્તર ૩૫ : (ખ) તે અંગે નીચેની હકીકત જાણવા મળી છે :

શ્રી. જે. સી. પટેલ સદરહુ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે કાર્ય કરતા હતા. તેઓ હાઈકોર્ટમાં પ્રૅકિટસ કરતા ન હતા. શ્રી. જે. સી. પટેલે આ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે કામ કર્યું છે અને પુસ્તકાલયના રૂ. ૭૦,૦૦૦ કરતાં વધુ કિંમતનાં પુસ્તકોમાંના પ્રત્યેક પુસ્તક ઉપર શ્રી. જે. સી. પટેલના હસ્તાક્ષર છે તેમ યુનિવર્સિટી દ્વારા નિયુકત તકેદારી સમિતિના સભ્યશ્રીઓને બતાવવામાં આવ્યું છે. શ્રી. પટેલને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પગાર આપવામાં આવ્યો છે.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

શ્રી. જે. સી. પટેલ હાઈકોર્ટમાં પ્રૅકિટસ કરતા ન હતા એમ જવાબ અપાયો છે તો તે ભાઈ કોર્ટમાં પ્રૅકિટસ કરતા હતા કે કેમ તે અંગે તપાસ કરી હતી? શું આ માહિતી સાચી છે? આ વિધાન કોણ કરે છે?

શ્રી. કુલસચિવે જાણાવ્યું કે કૉલેજે પૂરી પાડેલી માહિતીના આધારે જવાબ આપવામાં આવ્યો છે અને તેમાં કોઈને ખોટું જણાતું હોય તો તે અંગે જરૂર જણાવશો.

પ્રશ્ન ૩૬ : (ક) તા. ૨૨--૧૧--૧૯૭૨નાં સેનેટમાં પ્રા. બી. એસ. પટેલના પૂછેલા પ્રશ્ન ૭ (ક), પ્રશ્ન ૭ (ખ) અને પ્રશ્ન ૭ (ગ)માં માગેલ માહિતી ઉપલબ્ધ થઈ છે?

ઉત્તર ૩૬ : (ક) નીચેના પ્રશ્ન ૩૬(ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૬ : (ખ) જો હા તો તેની વિગતો આપશોજી?

ઉત્તર ૩૬ : (ખ) સદરહુ પ્રશ્ન ૭ (ક), ૭(ખ) અને ૭ (ગ) તથા તેની વિગતો નીચે દર્શાવી છે:

પ્રશ્નો :

પ્રશ્ન ૭ : (ક) અમદાવાદ આર્ટ્સ-કૉમર્સમાં ૧૯૬૬-૬૭માં, ૧૯૬૭-૬૮માં તથા ૧૯૬૮-૬૯માં કાર્ય કરતા ટયૂટરો, લેકચરરો અને પ્રોફેસરોનાં નામ (ફુલ-ટાઈમ કે પાર્ટ-ટાઈમ વિગત સાથે) આપવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ખ) તે વર્ષોમાં નવા નિમાયેલા અધ્યાપકોને યુનિવર્સિટીએ કઈ કઈ તારીખે માન્યતા આપી ?

પ્રશ્ન ૭ : (ગ) ૧૯૬૬--૬૭માં એ કૉલેજે એક પણ અધ્યાપકની માન્યતા મેળવી નહોતી તે વાત સાચી ?

વિગતો :

અમદાવાદ આર્ટ્સ કૉલેજ તરફથી પૂરતી માહિતી મળી નથી. અમદાવાદ કૉમર્સ કૉલેજ તરફથી માહિતી મળી નથી.

પ્રશ્ન ૩૬ : (ગ) જો ના, તો યુનિવર્સિટીએ તે વિગતો મેળવવા શું કર્યું?

ઉત્તર ૩૬ : (ગ) પત્રો લખીને યાદી આપી.

પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ સંસ્થાએ સેનેટની છેલ્લી બે સભા થઈ છતાં માહિતી આપી નથી તો પત્રો લખવા સિવાય બીજું કાંઈ કર્યું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : મેં ટેલિફોન પણ કર્યો છે અને પત્ર પણ લખ્યો છે.

પ્રા. અંબુભાઈ દેસાઈએ જાણવ્યું કે હિસાબો, ચોપડા વગેરે તૈયાર થઈ ગયેલું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી પાછળથી આવશે તે સેનેટ સભ્યોને પરિપત્રિત કરવામાં આવશે.

પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કયાર સુધીમાં માહિતી મળી શકશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : We will pursue.

પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો ?

આપણે કયાં સુધી pursue કરીશું ?

કુલપતિશ્રીનો ઉત્તર : જરૂર પડે ત્યાં સુધી.

આચાર્ય એન. બાં. જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઑર્ડિ. ૯૬માંથી આ માહિતી ન મળી શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તા. ૩૧મી માર્ચ સુધીની માહિતી મળી શકે.

[૨] **આચાર્ય વાય. જે.** ઠાકોરે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : મહેસાણા કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન નથી અને પ્રાઇમરી સ્કૂલના મકાનમાં કૉલેજ બેસે છે તે વાત સાચી છે?

ઉત્તર ૧ : હા, જી.

આચાર્ય વાય. જે. ઠાકોરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજ માટે મકાન નથી અને લાઇબ્રેરી પણ નથી તેથી, કોર્ટ ફરીથી તપાસસમિતિ નીમે.

કુલપતિશ્રીનો ઉત્તર : મેં રૂબરૂમાં તપાસ કરી છે. આ કૉલેજ માટે પહેલાં જમીન નહોતી. હવે તે માટે જમીન પ્રાપ્ત કરી છે. રૂપિયા ૨,૦૦,૦૦૦ જેટલી મૂડી તેમની પાસે છે અને બીજી એકઠી કરી રહ્યા છે અને તે મળ્યેથી પ્લાન્સ તૈયાર કરશે તેવી માહિતી મને મળી છે. અને તેઓ આશા રાખે છે કે મકાન વહેલી તકે તૈયાર થશે. આચાર્ય એમ. સી. દેસાઈએ જણાવ્યું કે આ કૉલેજનો એક જ માણસના હસ્તક વહીવટ ચાલે છે. આ કૉલેજે આખા વર્ષમાં એક પણ સભા બોલાવી નથી. પાંચ વર્ષમાં પણ નાણાં ભેગા થાય તેવી શકયતા નથી. મને ખાતરી છે કે મહેસાણાના લોકો નાણાં મેળવી શકવાના નથી. ૯૬૫ વિદ્યાર્થીઓ હોવા છતાં મકાન ન કરાવે અને પ્રશ્નોના ઉડાઉ જવાબો આપવામાં આવે છે.

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજમાં વિજિલન્સ કમિટી ન મોકલવી જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : મોકલીશું.

તે પછી કુલપતિશ્રીએ આચાર્ય દયાશંકરભાઈ જોશીને કહ્યું કે તમારે જે કોઈ માહિતી આ અંગે આપવાની હોય તે આપો. (આચાર્ય દયાશંકરભાઈ જોશીએ કોઈ માહિતી સભાગૃહને આપી ન હતી.)

પ્રશ્ન ૨ : યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કૉલેજ સ્થપાયા પછી ત્રણ વર્ષમાં સ્વતંત્ર મકાન કેમ તૈયાર કરાવ્યું નથી ?

ઉત્તર ૨ : આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૩ : હાલ આ કૉલેજમાં કેટલા વિદ્યાર્થીઓ છે?

ઉત્તર ૩ : ઑર્ડિ. ૯૬ મુજબની માહિતી પ્રમાણે કુલ ૯૬૫ વિદ્યાર્થી સંખ્યા છે.

પ્રશ્ન ૪ : હાલ આ કૉલેજમાં કેટલા વર્ગો છે અને તે દરેકનું માપ કેટલું છે ?

ઉત્તર ૪ : ઑર્ડિ. ૯૬ની માહિતી પ્રમાણે કુલ ૧૧ વર્ગો છે; જ્યારે પ્રત્યેક વર્ગના માપ વિશે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ માહિતી મળી નથી.

પ્રશ્ન ૫ : આ કૉલેજમાં વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂ.ની જગ્યા છે?

ઉત્તર ૫ : તે કૉલેજના વર્ગખંડોના માપની માહિતી કૉલેજ પાસેથી મળી નથી.

પ્રશ્ન ૬ : લાઇબ્રેરીમાં પ્રતિવર્ષ ફેકલ્ટી દીઠ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે છે?

ઉત્તર ૬ : તે અંગેની માહિતી કૉલેજ પાસેથી મળી નથી.

પ્રશ્ન ૭ : (ક) લાઇબ્રેરીની જગ્યાનું માપ કેટલું છે?

ઉત્તર ૭ : (ક) આ માહિતી કૉલેજ પાસેથી મળી નથી.

પ્રશ્ન ૭ : (ખ) તેમાં કેટલા વિદ્યાર્થીઓ બેસી શકે છે?

ઉત્તર ૭ : (ખ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૮ : (ક) આ કૉલેજમાં પ્રી-કૉમર્સના બે વર્ગો બપોરે પ્રાઇમરી સ્કૂલ ચાલતી હોય છે ત્યારે બેસાડવામાં આવે છે તેની યુનિવર્સિટીને માહિતી છે?

ઉત્તર ૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૮ : (ખ) હોય તો, તે પરવાનગીને પાત્ર છે?

ઉત્તર ૮ : (ખ) ૧૯૭૩--૭૪થી પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગો પણ બપોરે રાખવામાં આવે તે શરતે ૧૯૭૨--૭૩માં પ્રી-કૉમર્સના વર્ગો બપોરે ચલાવવા દેવાની પરવાનગી આપવામાં આવેલી છે.

આચાર્ય એન. બી. જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બીજી કૉલેજ ખાતરી આપે તો પરવાનગી આપશો?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે બપોરની કૉલેજ કરશે તેવી શરતે પરવાનગી આપવામાં આવશે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ બધી બાબતો અંગેની વિગતો માટે નજીકના ભવિષ્યમાં તપાસ કરીશું.

પ્રશ્ન ૯ : (ક) પ્રથમ સત્ર દરમિયાન બીજી કસોટી લેવી જરૂરી છે. ચાલુ વર્ષે આ કૉલેજે બીજી કસોટી લીધી નથી. આ માટે વાઇસ-ચાન્સેલરશ્રીની પૂર્વ-પરવાનગી લીધી છે?

ઉત્તર ૯ : (ક) બીજી કસોટી અંગેની માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૯ : (ખ) કૉલેજના મકાન અંગે ૧૯૬૮માં જે લેખિત ફરિયાદો કરી હતી તે પછી યુનિવર્સિટીએ આ અંગે શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૯ : (ખ) સદરહુ કૉલેજના મકાન અંગે ૧૯૬૯માં જે ફરિયાદ યુનિવર્સિટીને મળી હતી તેના અનુસંધાનમાં કૉલેજે તેની તા. ૧૬--૧૨--૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હતું :

"……આજે ભોંયતળિયાના દરેક રૂમને બારણાં છે. પાણીના રૂમની સ્વતંત્ર વ્યવસ્થા છે, ઉપરના વર્ગોને ધાબું કરાવી દેવામાં આવ્યું છે. કોઈ પણ વર્ગમાં તેની મર્યાદા (capacity) કરતાં વધારે વિદ્યાર્થીઓ બેસાડાતા નથી, અને કૉમન રૂમની પણ વ્યવસ્થા છે……"

ઉપર પ્રમાણેની સ્પષ્ટતા જોતાં ફરિયાદ પરત્વે કશાં પગલાં લેવાનાં રહ્યાં નહિ.

પ્રશ્ન ૧૦ : યુનિવર્સિટીએ જો પગલાં લેવા કહ્યું હોય અને કૉલેજે તેમ ના કર્યું હોય તો આવી કૉલેજનું એફિલિયેશન રદ કરી શા માટે અધ્યાપકોને તે ચલાવવા કેમ ના કહેવું ?

ઉત્તર ૧૦ : ઉપર પ્રશ્ન ૯(ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧ : (ક) આ કૉલેજની તપાસ અર્થે છેલ્લાં ત્રણ વર્ષમાં સ્થાનિક તપાસ-પંચમાં કોણ કોણ ગયું હતું ?

ઉત્તર ૧૧ : (ક) ૧૯૬૮માં પાંચ વર્ષનું ચાલુ જોડાણ મેળવ્યા પછી સદરહુ કૉલેજે ૧૯૭૩થી ચાલુ જોડાણ મેળવવા માટે કરેલ અરજી પર (૧) આચાર્ય ઓમ. સી. શાહ, અને (૨) આચાર્ય ટી. આર. શુકલ સ્થાનિક તપાસસમિતિ પર નિમાયા હતા.

પ્રશ્ન ૧૧ : (ખ) તેમણે ત્યાંના મકાન અંગે કોઈ નિરીક્ષણ કર્યું નથી ?

ઉત્તર ૧૧ : (ખ) જે નિરીક્ષણ કર્યું છે તે માટે સદરહુ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ — જે કોર્ટની વાર્ષિક સભાના કામકાજની યાદીમાં બાબત ક્રમાંક ૨૪ના બિડાણ તરીકે સામેલ કરેલ છે તે જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧ : (ગ) સ્ટાફની સંખ્યા પ્રમાણે સ્ટાફ રૂમની સાઈઝ નથી તે અંગે કેમ કશાં પગલાં લીધાં નથી ?

ઉત્તર ૧૧ : (ગ) સદરહુ કૉલેજની ૧૯૭૩થી ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી પર ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટે નીચેની શરત મૂકવા ભલામણ કરી છે :

"કૉલેજ સને ૧૯૭૩ના જૂન માસ સુધીમાં જરૂરી ખૂટતા ઓરડાઓનું બાંધકામ કરે, અને જૂન ૧૯૭૪ સુધીમાં પોતાનું સ્વતંત્ર ગલાયદું મકાન બાંધે."

પ્રશ્ન ૧૨ : આ કૉલેજની સેનિટરી ફેસિલિટીઝ કેટલી છે ?

ઉત્તર ૧૨ : સ્વાસ્થ્ય માટેનાં સાધનો અપૂરતાં છે.

પ્રશ્ન ૧૩ : કૉલેજમાં બહેનોની સંખ્યા પ્રમાણે લેડીઝ રૂમની સાઈઝ બરાબર છે ?

ઉત્તર ૧૩ : પૂરતા અવકાશવાળો વિદ્યાર્થિની ખંડ નથી.

પ્રશ્ન ૧૪ : (ક) કૉલેજમાં બોય્ઝ કૉમન રૂમ છે ?

ઉત્તર ૧૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૪ : (ખ) તેની સાઈઝ કેટલી છે?

ઉત્તર ૧૪ : (ખ) સ્થાનિક તપાસસમિતિએ જણાવ્યા મુજબ તે અપૂરતો છે.

પ્રશ્ન ૧૫ : (ક) બે વર્ગો વચ્ચેની લોબીનું અંતર કેટલું છે?

ઉત્તર ૧૫ : (ક) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૫ : (ખ) તે બરાબર છે?

ઉત્તર ૧૫ : (ખ) બે વર્ગો વચ્ચેની લોબીના અંતર વિષે યુનિવર્સિટીએ કોઈ નિયમ કર્યો નથી.

[૩] **આચાર્ય એન. જે. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ૧૯૬૭થી ૧૯૭૨નાં વર્ષો દરમિયાન યુનિવર્સિટીએ કઈ કઈ આંતર-યુનિવર્સિટી રમત હરીફાઈઓમાં ભાગ લીધો?

પ્રશ્ન ૧ : (ખ) તે રમતો માટે નક્કી કરવામાં આવેલા ટીમ મૅનેજરોનાં નામ, તેમની કૉલેજોનાં નામ તથા જે સ્થળે હરીફાઈ માટે મોકલવામાં આવ્યા તે સ્થળનાં નામ જણાવશો.

ઉત્તર ૧ : (ક) અને (ખ) : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ગ) ટીમ મૅનેજરોની પસંદગી કયા ધોરણે કરવામાં આવે છે?

ઉત્તર ૧ : (ગ) યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સે સૂચવેલ નીચેનું ધોરણ લક્ષમાં રાખીને જે તે રમતની ટુકડીની પસંદગી કરતી વખતે મૅનેજરની પણ પસંદગી કરવામાં આવે છે :

"૧. જે તે રમતના યુનિવર્સિટીના કોચ કે જે તે રમતના નિષ્ણાત (એન.આઈ.એસ. ટ્રેઈન્ડ) હોય તેવી વ્યકિતઓને પ્રથમ પસંદગી આપવાનું રાખવું. આ ન હોય તો—

(૧) યુનિવર્સિટીની ટીમમાં જે કૉલેજ કે વિભાગના ખેલાડીઓ વધુ હોય તે કૉલેજના કે વિભાગના જે તે રમતના નિષ્ણાત હોય તો તે અથવા તે કૉલેજના આચાર્યશ્રી કે અધ્યક્ષશ્રી આવી વ્યકિતનું નામ સૂચવે તે;

અથવા

(૨) યુનિવર્સિટીની ચૅમ્પિયન કૉલેજના આચાર્યશ્રી જે નામ સૂચવે તેમની પસંદગી કરવી."

પ્રશ્ન ૨ : ૧૯૭૦થી ૧૯૭૨નાં ત્રણ વર્ષો દરમિયાન સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ખંડ સમયના હિન્દીના વ્યાખ્યાતાઓનાં નામ, તેમની કૉલેજોનાં નામ, તથા તે વર્ષો દરમિયાન પ્રી-યુનિવર્સિટીના વર્ગોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા જણાવો.

ઉત્તર ૨ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ક) મોડાસા સાયન્સ કૉલેજ અંગે નીચેની માહિતી પૂરી પાડશો :
મોડાસા સાયન્સ કૉલેજમાં તા. ૧૫--૬--૧૯૬૪થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધી વ્યાખ્યાતા તરીકે નોકરી કરનાર શ્રી. એમ. જે. પટેલને તેમની લેણી રકમ પૂરેપૂરી ચૂકવાઈ છે ખરી?

ઉત્તર ૩ : (ક) શ્રી. એમ. જે. પટેલની લેણી નીકળતી ચોક્કસ રકમ અંગે ઉભયપક્ષે મતભેદ છે.

પ્રશ્ન ૩ : (ખ) જો ન ચૂકવાઈ હોય તો તેમાં યુ.જી. સી. પગારધોરણ પ્રમાણે મૂળ પગારના તફાવતના ૧૦૦ ટકાની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૩ : (ખ) કૉલેજના જણાવ્યા પ્રમાણે ૨૫ ટકા મુજબ રૂ. ૮૯૩. વધુમાં કૉલેજે જણાવ્યું છે કે એડવાન્સ સ્ટૅમ્પ રસીદ મંગાવી છે, પણ તે તેમને મળી ન હોવાથી તે રકમ ચૂકવાઈ નથી.

પ્રશ્ન ૩ : (ગ) મૂળ પગારના તફાવતની ૧૦૦ ટકા રકમ કૉલેજને કયારે મળી?

ઉત્તર ૩ : (ગ) તા. ૨૪--૩--૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૩ : (ઘ) શ્રી. પટેલને તેમના પ્રૉવિડંટ ફંડ, સંસ્થાનો પ્રૉવિડંટ ફંડમાં ફાળો અને રકમ ઉપરના વ્યાજ પેટે સંસ્થાએ કેટલી રકમ ચૂકવવાની નીકળે છે?

ઉત્તર ૩ : (ઘ) કૉલેજના જણાવ્યા પ્રમાણે રૂ. ૧,૪૨૫.

પ્રશ્ન ૩ : (ચ) અત્યાર સુધીમાં કેટલી રકમ ચૂકવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૩ : (ચ) ઉપર પ્રશ્ન ૩ (ઘ)ના ઉત્તરમાં જણાવેલ રકમ ચૂકવવામાં આવી છે.

પ્રશ્ન ૩ : (છ) શ્રી. પટેલની નોકરીના ગાળા દરમિયાન સંસ્થાએ ૫ ટકા પ્રમાણે પ્રૉવિડંટ ફંડ કાપ્યું છે તે ખરી વાત?

ઉત્તર ૩ : (છ) કૉલેજના જણાવ્યા મુજબ ૧/૧૨ પ્રૉવિડંટ ફંડ કાપવાનો નિયમ અગલમાં આવ્યો તે પહેલાં સંસ્થાના નિયમ મુજબ ૫ ટકા પ્રમાણે પ્રૉવિડંટ ફંડ કાપેલ છે તે પછી યુનિવર્સિટીએ નિયમ કર્યો ત્યારથી ૧/૧૨ પ્રમાણે પ્રૉવિડંટ ફંડ કાપવામાં આવેલ છે અને શ્રી. એમ. જે. પટેલનું પી.એફ. પણ તે પ્રમાણે કાપેલ છે.

પ્રશ્ન ૩ : (જ) જો ૫ ટકા પ્રમાણે પ્રૉવિડંટ ફંડ કાપ્યું હોય તો તફાવત રૂપે લેણી નીકળતી રકમની ચુકવણી બાબત યુનિવર્સિટી શું પગલાં લેવા માગે છે?

ઉત્તર ૩ : (જ) કૉલેજના જણાવ્યા પ્રમાણે શ્રી. એમ. જે. પટેલની કોઈ રકમ લેણી નથી, પરંતુ તેઓ તરફથી જરૂરી સ્પષ્ટતા થતાં જો કોઈ રકમ તેમને ખાતે લેણી નીકળતી જણાશે તો તે અંગે ઘટતી તજવીજ કરવામાં આવશે.

પ્રશ્ન ૩ : (ઝ) શ્રી. પટેલને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તા. ૧૫--૬--૧૯૬૯થી ૮.૩૩ ટકા પ્રમાણે પ્રૉવિડંટ ફંડ કાપ્યું છે?

ઉત્તર ૩ : (ઝ) હા, જી.

પ્રશ્ન ૩ : (ટ) શ્રી. પટેલને યુ.જી.સી. પગારધોરણ પ્રમાણે મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ચૂકવવામાં આવી છે?

ઉત્તર ૩ : (ટ) ના, જી. પરંતુ કૉલેજે જણાવ્યું છે કે એડવાન્સ સ્ટેમ્પ રસીદની માંગણી ઘણી વખત કરવા છતાં એ ભાઈ તે મોકલતા નહીં હોવાથી ચુકવણી બાકી છે. બાકી ચેક તૈયાર રાખવામાં આવેલ છે.

પ્રશ્ન ૩ : (ઠ) જો ચૂકવવામાં આવી હોય તો કેટલી?

ઉત્તર ૩ : (ઠ) ઉપર પ્રશ્ન ૩ (ટ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : (ડ) અને તે કયારે ચૂકવવામાં આવી તેની વિગત જણાવશો.

ઉત્તર ૩ : (ડ) ઉપર પ્રશ્ન ૩ (ટ) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ણ) શ્રી. પટેલને તેમની લેણી રકમનો અમુક ભાગ ચૂકવવા દરમિયાન લેબોરેટરી જર્નલ પેટે અમુક રકમ નીચે મુજબ જણાવીને કાપી લીધી છે તે ખરું છે?

"જર્નલ્સના પૈસા પણ લેબોરેટરી આસિસ્ટન્ટના કહેવા પ્રમાણે આપે તેની પાસેથી લીધા છે. તેના ઉપરી અધિકારી હોવાથી તેણે આપે માગેલા પૈસા આપ્યા છે તેથી તે પૈસા આપે આપી દેવા જોઈએ."

ઉત્તર ૩ : (ણ) હા, જી.

પ્રશ્ન ૩ : (ત) ઉપરાંત એન.સી.સીને નામે રૂ. ૧૬૫--૯૬ જેટલી રકમ શ્રી. પટેલ પાસેથી કાપી લીધી છે અને એન.સી.સી. બટાલિયન ઑફિસમાં શ્રી. પટેલને નામે જમા કરાવી નથી તે સાચી વાત છે?

ઉત્તર ૩ : (ત) તે અંગે નીચે પ્રમાણે હકીકત જાણવા મળે છે :

"વિદ્યાર્થીઓને વૉશિંગ એલાવન્સના આપવા માટે એન.સી.સી. ખાતા તરફથી મળેલી રકમ તેમણે વિદ્યાર્થીઓને ખરેખર ચૂકવી ન હોવાની લેખિત ફરિયાદ આઠ વિદ્યાર્થીઓ તરફથી મળતાં કૉલેજે તે અંગે તપાસ કરી તો તેમાં તેને ગેરરીતિ થયેલ હોય એમ માલૂમ પડેલ છે. આ બાબત તા. ૨૨--૯--૧૯૭૧ના પત્રાંક ૧૬૫૦/૭૧-૭૨ થી કૉલેજે શ્રી. પટેલને જાણ કરીને એ રકમ ભરપાઈ કરવા તેમને સૂચવ્યું હતું. શ્રી. પટેલે તા. ૧૩--૧૧--૧૯૭૧ તથા તા. ૨૪--૧૧--૧૯૭૧ના પત્રોથી તેમના 'ડ્યૂઝ' કાપીને નીકળતી રકમ મોકલવા જણાવ્યું હતું તે મુજબ તે પછી કૉલેજે આઠ વિદ્યાર્થીઓને રૂ. ૮૮--૫૦ એલાવન્સના તથા એક વિદ્યાર્થીના ડ્રેસ પેટેના રૂ. ૭૭--૪૬ મળીને કુલ રૂ. ૧૬૫--૯૬ કાપીને તેમનો હિસાબ કર્યો છે. કાપેલ રકમની પહોંચ કૉલેજે તેમને મોકલી આપી છે. એન.સી.સી. બટાલિયન ઑફિસ તરફથી મોકલેલી રકમ વિદ્યાર્થીઓને વહેંચી દીધી હોવાથી તે રકમ એન.સી.સી. ઑફિસમાં જમે કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એમ કૉલેજનું માનવું છે."

પ્રશ્ન ૩ : (થ) જો ઉપરની (ત)ની વિગત ખરી હોય તો તેમ કરવાનું કારણ શું છે?

ઉત્તર ૩ : (થ) ઉપર પ્રશ્ન ૩ (ત)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૪] **પ્રા. ભોળાભાઈ બી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ (બિનશૈક્ષણિક તેમ જ શૈક્ષણિક)ના જે તે કૉલેજમાં તેમના કેટલા માસના પગાર બાકી છે તેની વિગત પૂરી પાડશો :

કૉલેજ કે સંસ્થાનું નામ	કેટલા સભ્યોનો પગાર બાકી	પગાર બાકીના માસ (ફેબ્રુઆરી ૧૯૭૩ સુધી)

ઉત્તર ૧ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) કૉલેજ કર્મચારીઓનાં પી.એફ. માટે કેટલી કૉલેજોએ ટ્રસ્ટની રચના કરી નથી તેની યાદી પૂરી પાડશો.

ઉત્તર ૨ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ખ) કૉલેજો ટ્રસ્ટની રચના કર્યા સિવાય પી.એફ. તેમની પાસે રાખી શકે ખરી?

ઉત્તર ૨ : (ખ) કૉલેજોએ પ્રોવિડંટ ફંડની રકમ તે અંગેના ટ્રસ્ટના ટ્રસ્ટીઓને સોંપવી આવશ્યક છે, પરંતુ સિન્ડિકેટે તેની તા. ૧૩--૧૧--૧૯૭૧નાં સભામાં આ અંગે નીચે પ્રમાણે છૂટછાટ આપી છે તે જાણ માટે ઉમેરવું જોઈએ:

"Notwithstanding anything contained in the aforementioned rules, it is hereby provided that in the case of a college and/or Institution which has not as yet instituted a separate provident fund, it shall be incumbant upon the college/institution concerned to institute such a fund forthwith and to deposit the contribution of the employees concerned together with the employer's contribution that has fallen due hereto before in a phased programme of not more than five equal annual instalments, and the first of such instalments shall be deposited on or before 30th March, 1973 and the subsequent instalments every year before March till the entire amount has been deposited so as to complete the programme of depositing the arrears on or before 31st March, 1977."

પ્રશ્ન ૨ : (ગ) ન રાખી શકાતી હોય તો યુનિવર્સિટીએ તે માટે શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૨ : (ગ) જે કૉલેજો જોડાણ માટે અરજી કરે છે તેઓને જોડાણ આપવા માટે મુકાતી શરતો પૈકી એક શરત નીચે પ્રમાણે મૂકવામાં આવે છે :

"પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

તદ્‌ઉપરાંત જ્યાં જ્યાં પ્રોવિડંટ ફંડની રકમ ટ્રસ્ટને ન સોંપવા અંગેની માહિતી ધ્યાનમાં આવે છે ત્યાં ત્યાં તે અંગે આગ્રહ રાખવામાં આવે છે.

પ્રશ્ન ૨ : (ઘ) કેટલી કૉલેજોના સ્ટાફ સભ્યોને તેમના પી.એફ.ની બુક ક, પોસ્ટ બૅંકે ટ્રસ્ટ કે કૉલેજે આપી નથી તેની વિગત સંસ્થાના નામ સાથે આપશો.

ઉત્તર ૨ : (ઘ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ચ) યુનિવર્સિટી આ દિશામાં કઈ રીતે સક્રિય છે તે જણાવશો.

ઉત્તર ૨ : (ચ) ઉપરના પ્રશ્ન ૨ (ગ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (છ) પી.એફ. ઉપર મળતા વ્યાજનો દર તથા સ્ટાફ મેમ્બર સર્વિસ છોડી દે તે સમયે અપાતો હિસ્સો તથા વ્યાજ કેવી રીતે મળે છે તેની એકાદ દૃષ્ટાંત સાથે માહિતી આપશો.

ઉત્તર ૨ : (છ) પ્રોવિડંટ ફંડના હિસાબની ગણતરી કેમ રાખવી તેની માહિતી પ્રોવિડંટ ફંડના નિયમ ૧૧માં આપેલી છે. સુવિધા માટે સદરહુ નિયમ નીચે ટાંકેલ છે :

નિયમ 11. Each employee shall have a pass book or a statement supplied to him in which shall be entered the amount of the employee's subscription to the fund and the college / Institution's contribution to the fund and the respective amounts of interest on such contribution as well as the advance, if any, made to the employee under the rules hereinafrer contained and such other particulars as the trustees may from time to time think fit to enter therein.

આ માહિતી સાથે દૃષ્ટાંત આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩ : (ક) જુદી જુદી શિક્ષણ સંસ્થાઓમાં બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોનાં પગારધોરણ અલગ અલગ હોય છે. આ હકીકત ખરી કે ખોટી ?

ઉત્તર ૩ : (ક) ખરી.

પ્રશ્ન ૩ : (ખ) જો ઉપરની હકીકત સાચી હોય તો બધી જ કૉલેજ/સંસ્થાનાં પગારધોરણોમાં એક-સરખી સમતુલા સ્થપાય તે માટે યુનિવર્સિટી કંઈ કરવા વિચારી રહી છે ખરી ?

ઉત્તર ૩ : (ખ) આવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણામાં નથી.

પ્રશ્ન ૩ : (ગ) શું ?

ઉત્તર ૩ : (ગ) ઉપરના પ્રશ્ન ૩ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : જુદી જુદી સંસ્થાઓમાં પી.જી. ટીચર્સનો વર્ક લોડ કેટલો ? જેમનો વર્કલોડ નિયમથી વધુ હોય તો તેવા સભ્યોનાં નામ, અને સંસ્થા તથા કેટલો વર્ક લોડ છે તેની માહિતી પૂરી પાડશો.

ઉત્તર ૪ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓ ડબલ સર્વિસ કરતા હોય તેમનાં નામ અને સંસ્થાઓની માહિતી આપશો. આવા સદરહુ પ્રકારની સર્વિસ કરી શકાય ખરી?

ઉત્તર ૫ : માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર, ટ્યૂટર, વ્યાખ્યાતા અને પ્રોફેસરનાં પગારધોરણ તથા તેમનો વર્ક-લોડ જણાવશો.

ઉત્તર ૬ : (૧) તા. ૧૫--૬--૧૯૭૨થી ખંડ સમયના શિક્ષકો માટે નીચે પ્રમાણેનાં પગારધોરણો નિયત કરવામાં આવ્યાં છે :

(*a*) The minimum remuneration payable to part-time teachers engaged exclusively in the teaching profession shall be as follows :

Tutor, Demonstrator	...	Rs. 225
Lecturer (*a*) doing work for not more than six periods per week	...	Rs. 250
(*b*) doing work for seven periods or more per week	...	Rs.275–12½–425
Professor (*a*) doing work for not more than six periods per week	...	Rs. 275
(*b*) doing work for seven periods or more per week	...	Rs. 325–15–505

(*b*) The minimum remuneration payable to part-time teachers who are also engaged in a profession other than the teaching one shall be as follows :

Lecturer (*a*) doing work for not more than six periods per week	...	Rs. 200
(*b*) doing work for seven periods or more per week	...	Rs. 250
Professor (*a*) doing work for not more than six periods per week	...	Rs. 250
(*b*) doing work for seven periods or more per week	...	Rs. 300

(૨) ખંડ સમયના શિક્ષકોના કાર્યભાર અંગે હાલ પ્રવર્તમાન ઑ. ૧૨૮--એ માં નીચે મુજબ જોગવાઈ છે :

" For part-time teachers in various categories the maximum periods shall not exceed nine including tutorials in a week provided that the total number of lectures shall not exceed four in a week for a part-time Tutor."

પ્રશ્ન ૭ : (ક) કોઈ કૉલેજમાં ભૂતિયા સ્ટાફ છે ખરો ?

ઉત્તર ૭ : (ક) યુનિવર્સિટીએ 'ભૂતિયા સ્ટાફ' અંગે કોઈ વ્યાખ્યા બાંધી નથી.

પ્રશ્ન ૭ : (ખ) હોય તો કઈ કૉલેજમાં અને કેટલો ?

ઉત્તર ૭ : (ખ) ઉપરના પ્રશ્ન ૭ (ક)નો જવાબ જોવા વિનંતી છે.

[૫] **આચાર્ય જે. ડી. તલાટી**એ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં થઈ શિક્ષકોની (અધ્યાપકો, રીડર, પ્રોફેસર) કુલ સંખ્યા કેટલી છે ?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં શિક્ષકોની કુલ સંખ્યા હાલ નીચે મુજબ છે :

વિદ્યાભવન	સંખ્યા		
	લેક્ચરર	રીડર	પ્રોફેસર
(૧) ભાષા-ભવન	૬	૬	૩
(૨) સમાજવિદ્યા ભવન	૧૬ વત્તા ૧ (ખાલી)	૮ વત્તા ૧ (ખાલી)	૪ વત્તા ૧ (ખાલી)
(૩) મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન	૬	૪	૨ વત્તા ૧ (ખાલી)
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૨૬	૧૪	૫ વત્તા ૧ (ખાલી)

પ્રશ્ન ૧ : (ખ) તે પૈકી પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવનાર શિક્ષકોની સંખ્યા કેટલી છે ?

ઉત્તર ૧ : (ખ) યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોની સંખ્યા નીચે મુજબ છે :

વિદ્યાભવનનું નામ	સંખ્યા
(૧) ભાષા-ભવન	૧૦
(૨) સમાજવિદ્યા ભવન	૪
(૩) મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન	૬
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૧૮

પ્રશ્ન ૧ : (ગ) પીએચ.ડી. પદવી માટે માન્યતા ધરાવનાર શિક્ષકો અંગે નીચેની માહિતી આપવા વિનંતી છે :

વિદ્યાભવન	શિક્ષકનું નામ	માન્યતાનો વિષય	માન્યતા મળ્યાની તારીખ	અત્યાર સુધીમાં પીએચ.ડી. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા	તે પૈકી પીએચ.ડી. પદવી મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા

ઉત્તર ૧ : (ગ) પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક તરીકે માન્યતા ધરાવનાર યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો અંગે માંગેલ માહિતી આ સાથે **પરિશિષ્ટ "૯"**માં આપ્યા પ્રમાણે છે તે જોવા વિનંતી છે.

[૬] આચાર્ય પૂનમભાઈ એ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના પત્ર નં. પીજી.રિસર્ચ ગ્રાન્ટ--૧૧૮૧૦--૭૨, તા. ૧૩--૭--૧૯૭૨ અન્વયે સંશોધન સહાય માટે આવેલી દરખાસ્તો (અરજીઓ) અંગેની માહિતી નીચેના કોઠામાં આપશો :

વિદ્યાશાખા	કુલ આવેલી દરખાસ્તો-ની સંખ્યા	સંશોધન માટે માગણી કરેલી કુલ રકમ	યુનિ.એ મંજૂર કરેલી દરખાસ્તોની સંખ્યા	યુનિ.એ મંજૂર કરેલ સંશોધન ગ્રાન્ટની કુલ રકમ	યુનિ.એ અમાન્ય કરેલ દરખાસ્તોની સંખ્યા
૧. વિનયન (શિક્ષણ સિવાય)					
૨. શિક્ષણ					
૩. વિજ્ઞાન					
૪. વાણિજ્ય					
૫. ધારાશાસ્ત્ર					
૬. તબીબી					
૭. ઈજનેરી					
૮. દંતવિજ્ઞાન					
૯. ફાર્મસી					
૧૦. યુનિવર્સિટી વિદ્યાભવનો					
(૧) સમાજવિદ્યા ભવન					
(૨) ભાષા-સાહિત્ય ભવન					
(૩) મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન					
(૪) વિજ્ઞાન વિદ્યાભવન					

ઉત્તર ૧ : માગેલ માહિતી નીચે મુજબ છે :

વિદ્યાશાખા	કુલ આવેલી દરખાસ્તોની સંખ્યા	સંશોધન માટે માગણી કરેલી કુલ રકમ	યુનિ.એ મંજૂર કરેલી દરખાસ્તોની સંખ્યા	યુનિ.એ મંજૂર કરેલ સંશોધન ગ્રાન્ટની કુલ રકમ	યુનિ.એ અમાન્ય કરેલ દરખાસ્તોની સંખ્યા
		રૂ.		રૂ.	
૧. વિનયન (શિક્ષણ સિવાય)	૯	૨૦,૯૫૦	૪	૧,૫૫૦	૫
૨. શિક્ષણ	૧૬	૧૮,૬૫૦	—	—	૧૬
૩. વિજ્ઞાન	૨૩	૫૭,૫૦૦	૧	૩૦૦	૨૨
૪. વાણિજ્ય	૧	૧,૫૦૦	—	—	૧
૫. ધારાશાસ્ત્ર	—	—	—	—	—
૬. તબીબી	—	—	—	—	—
૭. ઇજનેરી	—	—	—	—	—
૮. દંતવિજ્ઞાન	—	—	—	—	—
૯. ફાર્મસી	૨	૭,૦૦૦	—	—	૨
૧૦. યુનિવર્સિટી વિદ્યાભવનો					
(૧) સમાજવિદ્યા ભવન	૩	૭,૫૦૦	—	—	૩
(૨) ભાષા-સાહિત્ય ભવન	—	—	—	—	—
(૩) મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન માટે	૧ શિક્ષણ	૨,૪૦૦	—	—	૧
(૪) વિજ્ઞાન વિદ્યાભવન	૧	૧,૫૦૦	—	—	૧

આચાર્ય પૂનમભાઈ એ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંશોધન માટે કેટલી રકમ આપવામાં આવે છે? બાકીની રકમનું શું થયું?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે હમણાં એક સભા થઈ હતી અને તેણે કેટલીક અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા ઠરાવેલું છે.

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ જવાથી પ્રશ્નોત્તરીનું બાકીનું કામ હાથ ધરી શકાયું નહીં.

પ્રશ્ન ૨ : સંશોધન ગ્રાન્ટ માટેની દરખાસ્તોનું મૂલ્યાંકન કરવા માટેનાં કોઈ ધોરણો નક્કી કરવામાં આવ્યાં છે?

ઉત્તર ૨ : ના, જી.

પ્રશ્ન ૩ : જો પ્રશ્ન ૨ નો જવાબ "હા"માં હોય તો તે ધોરણો જણાવશો.

ઉત્તર ૩ : ઉપર પ્રશ્ન ૨નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૪ : જો પ્રશ્ન ૨નો જવાબ "ના"માં હોય તો સંશોધન ગ્રાન્ટ માટેની દરખાસ્તોમાંથી કેટલીકને માન્ય અને કેટલીકને અમાન્ય કરવામાં આવી તે કયાં ધોરણોને ધ્યાનમાં લઈને કરવામાં આવી?

ઉત્તર ૪ : પ્રત્યેક અરજીની વીગતો ધ્યાનમાં લઈને ગુણવત્તાના ધોરણે તપાસીને ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટી આ બાબતમાં કરેલી તે પરથી સિન્ડિકેટે નિર્ણય કરેલો છે.

[૭] **પ્રા. એસ. બી. વોરા**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : "પૂરતી વ્યવસ્થા" ન થઈ શકવાને કારણે સવારની કૉલેજો ૧૯૭૩ સુધી ચાલુ રહેવાની છે તો આ "પૂરતી વ્યવસ્થા" શા માટે ન થઈ શકી?

ઉત્તર ૧ : તે માટેનાં કારણોમાં પૂરતા સમય, અને મકાન વગેરે માટે નાણાંના અભાવનો સમાવેશ કરી શકાય.

પ્રશ્ન ૨ : સવારની કૉલેજો બપોરની કરવાની ઇચ્છા યુનિવર્સિટી ખરેખર ધરાવે છે કે પછી સ્થાપિત હિતોના દબાણને વશ થઈને માત્ર દેખાવ જ કરવા માંગે છે?

ઉત્તર ૨ : યુનિવર્સિટીનાં સત્તાધાર મંડળો જ્યારે જ્યારે જે ઠરાવ કરે ત્યારે ત્યારે તે ઠરાવ શુભનિષ્ઠા પર આધારિત હોય તેટલું સ્વીકારવું જોઈએ.

પ્રશ્ન ૩ : પરીક્ષા સુધારણા વિષેનો પ્રો. અંબુભાઈ દેસાઈનો ઠરાવ ગઈ સેનેટે પસાર કર્યો છે. આ અંગે શું પગલાં લેવામાં આવ્યાં?

ઉત્તર ૩ : એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૭૨ના રોજ મળેલ સભામાં પરીક્ષા સુધારણા અંગે નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૩-ની સભામાં સદરહુ સમિતિની ભલામણો સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તેના સંદર્ભમાં પ્રા. અંબુભાઈ ટી. દેસાઈના પ્રસ્તાવ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તે જ તારીખ-ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સદરહુ ઠરાવની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭-૨-૧૯૭૩ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી."

પ્રશ્ન ૪ : તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઑનર્સ કોર્સની જોગવાઈ કરવાનો પ્રિન્સિપાલ આર. એલ. સંઘવી અને મારો ઠરાવ ઘણા સમય પહેલાં પસાર થઈ ગયો છે. આ દિશામાં આગળ શું પ્રગતિ થઈ?

ઉત્તર ૪ : આ અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની સભાએ આ અભ્યાસક્રમ અંગે પ્રાથમિક ચર્ચાવિચારણા કરી છે અને અન્ય યુનિવર્સિટીઓ પાસેથી કેટલીક માહિતી મંગાવવાનું ઠરાવ્યું છે, જે આવ્યેથી સમિતિ તે પર વધુ વિચારણા કરશે એમ અપેક્ષા છે.

પ્રશ્ન ૫ : (ક) અનુસ્નાતક શિક્ષકની માન્યતા મેળવવા માટેનાં નવાં ધોરણો અનુસાર દરેક શિક્ષકે અમુક પેપર્સ લખવાનું ફરજિયાત છે?

ઉત્તર ૫ : (ક) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અંગેના સુધારેલા ઑર્ડિ. ૬૫--એફ (૧) તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના સુધારેલા ઑર્ડિ. ૬૫--અમ (૧) મુજબ હાલમાં જૂના ઑર્ડિ. ૬૫--એફ અને ઑર્ડિ. ૬૫--એમ અનુસાર માન્યતા ધરાવતા એવા માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકેની તેમની માન્યતા વર્ષ ૧૯૭૪ પછી લંબાવી આપવા માટે ઓછામાં ઓછાં ૩ સંશોધનપત્રો પ્રકાશિત કરેલાં હોય તે આવશ્યક ગણવામાં આવ્યું છે.

પ્રશ્ન ૫ : (ખ) જો હા, તો જો શિક્ષક પેપર ન લખે તો તેની માન્યતા રદ થશે ?

ઉત્તર ૫ : (ખ) ઉપર (ક)માં જણાવેલ આવશ્યકતાનું પરિપાલન ન થાય તેવા કેસોમાં સુધારેલા નિયમો મુજબ માન્યતા ચાલુ રાખી શકાય તેમ નથી.

પ્રશ્ન ૬ : (ક) કુલ કેટલા શિક્ષકો અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવે છે ?

ઉત્તર ૬ : (ક) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોની સંખ્યા નીચે મુજબ છે. સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે સુધારેલ ઑ. ૬૫--એફ (૧) અને ૬૫--એમ (૧) ઉપરોકત ત્રણ વિદ્યાશાખાઓ માટે જ છે :

વિદ્યાશાખા	માન્ય અનુ. શિક્ષકની સંખ્યા	માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોની સંખ્યા
૧. વિનયન	૧૩૦	૨૯૫
૨. વિજ્ઞાન	૨૮૪	૯૧
૩. વાણિજ્ય	૯૮	૭૨

પ્રશ્ન ૬ : (ખ) આ બધા જ શિક્ષકો જે પેપર્સ લખશે તે પ્રકાશિત કોણ કરશે ?

ઉત્તર ૬ : (ખ) જુદા જુદા વિષયોમાં સંશોધનનાં સામયિકોના સંપાદકમંડળને જે લેખો પ્રકાશનપાત્ર લાગશે તે તેઓ પ્રકાશિત કરશે એમ સામાન્ય રીતે અપેક્ષા રહે છે.

પ્રશ્ન ૬ : (ગ) એમણે લખેલાં પેપર્સ પ્રકાશિત થવા યોગ્ય છે કે નહિ તે કોણ નક્કી કરશે ?

ઉત્તર ૬ : (ગ) ઉપર પ્રશ્ન ૬ (ખ)ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ઘ) એ માટે કેટલા નિષ્ણાતોની જરૂર પડશે તેની ગણતરી કરવામાં આવી છે ?

ઉત્તર ૬ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૬ : (ચ) આટલા બધા નિષ્ણાતો આપણી પાસે છે ?

ઉત્તર ૬ : (ચ) આ પ્રશ્નનો ઉત્તર હાલને તબક્કે આપી શકાય નહિ.

પ્રશ્ન ૬ : (છ) જેટલા છે એટલા પોતાની સેવા આપશે?

ઉત્તર ૬ : (છ) સંનિષ્ઠ નિષ્ણાતો તેમને કોઈ ખાસ અગવડ ન હોય તો સેવાઓ આપશે એવી સામાન્ય અપેક્ષા છે.

પ્રશ્ન ૭ : (ક) જો અનુસ્નાતક શિક્ષકે માન્યતા ટકાવી રાખવા માટે પેપર જ લખવાનાં હોય તો પછી સ્નાતક અને અનુસ્નાતક એ બંને કક્ષાએ પાસ કલાસ મેળવનારા પણ આવાં પેપર્સ લખવાને શકિતમાન હોય એવા શિક્ષકોને માન્યતા મળી શકે ખરી?

ઉત્તર ૭ : (ક) સુધારેલા ઑર્ડિ. ૬૫--એફ (૧) અને ૬૫--એમ (૧)માં આપ જણાવો છો તેવી જોગવાઈ કરવામાં આવેલી નથી.

પ્રશ્ન ૭ : (ખ) શા માટે નહિ?

ઉત્તર ૭ : (ખ) શૈક્ષણિક નીતિરીતિની દૃષ્ટિએ યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળોએ એમ કરાવ્યું છે.

પ્રશ્ન ૮ : (૧) જે શિક્ષકો ટયૂશન કરતા હોય તેમની નિમણૂક પરીક્ષાના કામકાજ માટે થઈ શકે?

ઉત્તર ૮ : (૧) ના, જી.

પ્રશ્ન ૮ : (૨) જો ન થઈ શકે તો યુનિવર્સિટી કોઈની પણ નિમણૂક કરતાં પહેલાં પાકી ખાતરી કરે છે? આવી ખાતરી કરવી શકય છે?

ઉત્તર ૮ : (૨) પરીક્ષક થવા માટે હવે દર વર્ષે અરજીઓ મંગાવવાનું બંધ કરેલું હોઈ નિમણૂક કરતાં પહેલાં પાકી ખાતરી કરવાનું શકય નથી. વધુમાં જાણ માટે ઉમેરવાનું કે નિમણૂકના સ્વીકૃતિપત્રમાં પરીક્ષક થતાં પહેલાં પોતે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ખાનગી ટયૂશન કરેલ નથી તેમ જ કરનાર નથી તેની બાંયધરી તેમણે આપવાની હોય છે.

પ્રશ્ન ૯ : સરકારી કૉલેજો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પગાર, ભથ્થું વગેરે ચૂકવે છે?

ઉત્તર ૯ : ના, જી.

પ્રશ્ન ૧૦ : ગઈ સેનેટે પસાર કર્યા પ્રમાણેનું સુધારેલું ઘરભાડાભથ્થું કયારે મળશે?

ઉત્તર ૧૦ : સેનેટે સંલગ્ન કૉલેજોના શિક્ષકોને ઘરભાડા ભથ્થું ઓછામાં ઓછું મૅઝિક પગારના ૧૦ ટકા ચૂકવાય તેમ સ્વીકારી તેના નિયમો ઘડી કાઢવા સિન્ડિકેટને અનુરોધ કર્યો છે અને તે અંગે કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૧ : (ક) કપડવંજની કૉલજમાં આ વર્ષે પ્રિન્સિપાલ બદલાયા છે?

ઉત્તર ૧૧ : (ક) ના, જી. ૧૯૭૨--૭૩ના વર્ષમાં કપડવંજની બેઉ કૉલેજોમાં જે આચાર્યો હતા તે આજે પણ ચાલુ છે.

પ્રશ્ન ૧૧ : (ખ) જો ના, તો દર વર્ષે પ્રિન્સિપાલ બદલવાની એમની જવલંત પ્રણાલીનો આ વર્ષે ભંગ શા માટે થયો હશે?

ઉત્તર ૧૧ : (ખ) પ્રશ્નમાં રહેલ વ્યંગોકિત જોતાં તેનો ઉત્તર આપવાનું બની શકે તેમ નથી.

પ્રશ્ન ૧૨ : યુનિવર્સિટીના જે અધિકારીઓ પોતાનાં અંગત માલિકીના મકાનમાંથી ભાડું મેળવતા હોય અને યુનિવર્સિટી પાસેથી ભાડાનું ભથ્થું પણ મેળવતા હોય એમનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૨ : યુનિવર્સિટીના અધિકારીઓને અંગત માલિકીના મકાનની આવકજાવક અંગે કાર્યાલય પાસે કોઈ માહિતી નથી.

વધુમાં જાણ માટે ઉમેરવાનું કે યુનિવર્સિટીના કર્મચારીઓ જેઓને પોતાનાં મકાનો છે તેમને જે ભાડા–ભથ્થું આપવામાં આવે છે તેની માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૧૦"**માં દર્શાવવામાં આવેલ છે.

પ્રશ્ન ૧૩ : છેલ્લા એક વર્ષમાં યુનિવર્સિટીએ જે ફાઇનાન્શિયલ ડીલ્સ કર્યાં હોય તે કોની સાથે, કઈ કિંમતે કર્યા છે તેની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તર ૧૩ : પ્રશ્નની અનિશ્ચિત વ્યાપકતા જોતાં જવાબ આપવાનું શકય નથી.

[૮] **પ્રા. પી. સી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) કડી સાયન્સ કૉલેજને લગતી નીચેની માહિતી આપવા બાબત :

અધ્યાપકોનાં જૂનાં મોંઘવારી ભથ્થાનાં એરિયર્સ કૉલેજે લોન પેટે જમા કર્યાં છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) કૉલેજે આ લોન અધ્યાપકોને પૂરેપૂરી પરત કરી છે?

ઉત્તર ૧ : (ખ) ના, જી.

પ્રશ્ન ૧ : (ગ) જો ના, તો કયારે તેમ થશે?

ઉત્તર ૧ : (ગ) નાણાની વ્યવસ્થા થયેથી ચૂકવવામાં આવશે એમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૧ : (ઘ) તા. ૧–૪–૧૯૬૬ પછી જોડાયેલા અધ્યાપકોને એરિયર્સના દશ હપતામાં રકમનો પહેલો હપતો ચૂકવ્યો છે?

ઉત્તર ૧ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૧ : (ચ) બીજો હપતો ચૂકવ્યો છે?

ઉત્તર ૧ : (ચ) ના, જી.

પ્રશ્ન ૧ : (છ) ન ચૂકવ્યો હોય તો કયારે ચૂકવાશે?

ઉત્તર ૧ : (છ) એક હપતો ચાલુ વર્ષે ચૂકવાશે એમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૧ : (જ) યુ.જી.સી. પગારધોરણોનો અમલ કરતાં એરિયર્સ ચૂકવવામાં આવ્યાં તેમાંથી પી.એફ.ની રકમ કાપી નથી અને કૉલેજે ઉમેરવાનો ફાળો પણ નથી ઉમેર્યો તે વાત સાચી?

ઉત્તર ૧ : (જ) હા, જી.

પ્રશ્ન ૧ : (ઝ) તા. ૧--૪--૧૯૬૬થી તા. ૩૧--૩--૧૯૭૦માં કોઈ શિક્ષકને બઢતી મળી હોય તો તેવા શિક્ષકને તેની જૂની પોસ્ટ પ્રમાણે યુ.જી.સી. પગારધોરણો મુજબ થતો બેઝિક પગાર અને તે પરનું મોંઘવારી ભથ્થું અને ઘરભાડું આ કૉલેજે એવા શિક્ષકોને ચૂકવ્યું નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧ : (ઝ) હા, જી.

પ્રશ્ન ૨ : (ક) આ કૉલેજમાં પાર્ટ-ટાઈમ વ્યાખ્યાતાને નવા દરે પગાર આપવામાં આવે છે?

ઉત્તર ૨ : (ક) ના, જી.

પ્રશ્ન ૨ : (ખ) જો ના, તો ક્યારથી નવા દરે પગાર અપાશે?

ઉત્તર ૨ : (ખ) આગામી વર્ષની શરૂઆતથી ખંડ સમયના શિક્ષકોને નવા દરે પગાર અપાશે એમ કૉલેજે જણાવ્યું છે, પરંતુ યુનિવર્સિટી કાર્યાલય તરફથી આ સુધારેલાં પગારધોરણોનો અમલ નિયત તારીખથી કરવા માટે કૉલેજને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ગ) કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં નામ, હોદ્દા અને પગારધોરણ(બેઝિક પગાર, મોંઘવારી અને ઘરભાડું)ની વિગતો આપશોજી?

ઉત્તર ૨ : (ગ) કૉલેજ તરફથી આ માહિતી પૂરી પાડવામાં આવી નથી. તે ત્વરિત પૂરી પાડવા માટે કૉલેજને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ઘ) આ કૉલેજમાં બિનશૈક્ષણિક સ્ટાફ એફિલિયેશનની શરતો મુજબ છે?

ઉત્તર ૨ : (ઘ) જોડાણની શરતોમાં બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવા અંગે કોઈ શરત મૂકવામાં આવતી નથી તે જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨ : (ચ) વ્યાયામ શિક્ષક શ્રી. જે. બી. પટેલને કેટલી વખત છૂટા કર્યા?

ઉત્તર ૨ : (ચ) બે વખત.

પ્રશ્ન ૨ : (છ) ક્યારે ફરીથી ઑર્ડર આપ્યો છે?

ઉત્તર ૨ : (છ) તા. ૧૩–૧૧–૧૯૭૨ થી.

પ્રશ્ન ૨ : (જ) શ્રી. જે. બી. પટેલ અને ટ્યૂટર કાળાભાઈ એન. પટેલને ૧૯૭૨ના નવેંબરમાં ઑર્ડરો આપ્યા તે વાત સાચી?

ઉત્તર ૨ : (જ) હા, જી.

પ્રશ્ન ૨ : (ઝ) તેમની પાસેથી રાજીનામાં લખાવી લીધાં છે તે વાત સાચી?

ઉત્તર ૨ : (ઝ) ના, જી.

પ્રશ્ન ૨ : (ટ) માર્ચ ૧૯૭૩માં આ રાજીનામાં રદબાતલ ગણાય કે નહીં?

ઉત્તર ૨ : (ટ) ઉપર પ્રશ્ન ૨ (ઝ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી. સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે આ બંને શિક્ષકોએ કૉલેજને અરજી કર્યા પ્રમાણે ૧૯૭૨ના બીજા સત્રની આખર સુધીની કૉલેજે હંગામી નિમણૂક કરી હતી.

પ્રશ્ન ૩ : (ક) ગુજરાત યુનિવર્સિટીએ રૂ. ૧૬નો મોંઘવારી વધારો તા. ૧–૪–૧૯૭૧થી અમલમાં મૂકેલો છે પણ તા. ૧–૪–૧૯૭૧થી તા. ૧–૧૦–૧૯૭૧ સુધી મોંઘવારી ભથ્થું આપ્યું છે?

ઉત્તર ૩ : (ક) ના, જી.

પ્રશ્ન ૩ : (ખ) જો ના તો ક્યારે અપાશે?

ઉત્તર ૩ : (ખ) વ્યવસ્થા થયે સત્વરે ચૂકવી અપાશે એમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૩ : (ગ) તા. ૧–૧–૧૯૭૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીએ વધારેલ રૂ. ૧૦નું મોંઘવારી ભથ્થું ક્યારે અપાશે?

ઉત્તર ૩ : (ગ) વ્યવસ્થા થયે ચૂકવી અપાશે એમ કૉલેજે જણાવ્યું છે.

[૯] **પ્રા. પી. સી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : તાજેતરમાં (તા. ૧–૧૨–૧૯૭૨ પછી) યુનિવર્સિટીએ કયાં કયાં પુસ્તકો બહારનાં કયાં કયાં પ્રેસોને છાપવા આપ્યાં?

ઉત્તર ૧ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	પુસ્તકનું નામ	પ્રેસનું નામ
૧.	'The Origin and Development of the Theory of RASA and DHVANI on Sanskrit Poetics'	શ્રી. રામાનંદ પ્રિન્ટિંગ પ્રેસ
૨.	'સાંખ્ય સપ્તતિવૃત્તિ', ભાગ ૧	,,
૩.	'સાંખ્ય સપ્તતિવૃત્તિ', ભાગ ૨	,,
૪.	'The Commentaries of the Sankhya Karika—A Study', Part III	,,
૫.	'ઉષ્મા અને ઉષ્માગતિશાસ્ત્ર'	ડાયનામિક પ્રિન્ટર્સ
૬.	'પ્રકાશ'	જયશ્રી મુદ્રણાલય
૭.	'પ્રકાશશાસ્ત્રનાં મૂળતત્ત્વો'	અમર સેટિંગ એન્ડ પ્રિન્ટિંગ વર્ક્સ
૮.	'ગુજરાતીમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ'	એપોલો પ્રિન્ટરી
૯.	'યુરોપનો ઇતિહાસ', ભાગ ૨	શીલા પ્રિન્ટરી
૧૦.	'બૅન્કિંગ લૉ ઍન્ડ પ્રૅક્ટિસ ઇન ઇન્ડિયા'	નવજીવન ટ્રસ્ટ
૧૧.	'વૈદકીય જીવાણુશાસ્ત્ર'	નેશનલ ટ્રેડર્સ
૧૨.	'બ્રહ્મસૂત્ર અને અણુભાષ્ય પરનાં વ્યાખ્યાનો'	સન્મતિ મુદ્રણાલય
૧૩.	'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' (પુનર્મુદ્રણ)	નવજીવન ટ્રસ્ટ

પ્રશ્ન ૨ : પ્રત્યેક પુસ્તકનો અંદાજી મુદ્રણ ખર્ચ કેટલો થાય તેમ છે?

ઉત્તર ૨ : ઉત્તર ૧માં દર્શાવેલ પુસ્તકના અંદાજી ખર્ચની વિગત નીચે મુજબ છે:

ક્રમાંક	અંદાજી ખર્ચ રૂ. પૈસા
૧.	૨,૫૫૦--૦૦
૨.	૧,૫૭૫--૦૦
૩.	૧,૪૩૦--૦૦
૪.	૧,૮૫૦--૦૦
૫.	૨,૧૭૫--૦૦
૬.	૨,૪૦૦--૦૦
૭.	૧૦,૪૬૦--૦૦
૮.	૪,૫૦૦--૦૦
૯.	૪,૫૫૦--૦૦
૧૦.	૧૧,૮૧૦--૦૦
૧૧.	૧,૬૦૦- ૦૦
૧૨.	૨,૬૦૦--૦૦
૧૩.	૫,૦૦૦--૦૦

પ્રશ્ન ૩ : સદરહુ પુસ્તકો બહાર છપાવી લેવા માટે ફાઈનાન્સ કમિટીએ તેની કઈ તારીખની સભામાં કયા ઠરાવથી મંજૂરી આપી હતી?

ઉત્તર ૩ : સદરહુ પુસ્તકો છપાવવા માટે સિન્ડિકેટે તા. ૧૭--૨--૧૯૭૩ના બાબત ક્રમાંક ૧૯૦ દ્વારા પ્રસ્તુત પુસ્તકોનાં છાપકામ તાકીદે થઈ શકે તે દૃષ્ટિએ બહારનાં પ્રેસોને સોંપ્યાના કુલપતિ-શ્રીના કાર્યની નોંધ લીધી છે, જેની ફાઈનાન્સ કમિટીએ તેની તા. ૨૮--૨--૧૯૭૩ની સભામાં આ બાબતની નોંધ લીધી છે.

પ્રશ્ન ૪ : (ક) ૧૯૭૦--૭૧ના વર્ષમાં આ રીતે પુસ્તકો બહાર છપાવ્યાં ત્યારે ટેન્ડર મંગાવવામાં આવ્યાં હતાં?

ઉત્તર ૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૪ : (ખ) કયાં કયાં પુસ્તકોનાં ટેન્ડર મંગાવીને તથા કયાં કયાં પુસ્તકોનાં ટેન્ડર મંગાવ્યા સિવાય કયાં કયાં બહારનાં પ્રેસમાં પુસ્તકોનું કામ સોંપાયું?

(ગ) પ્રત્યેક પુસ્તકના થયેલા કુલ છપામણી ખર્ચની વિગત આપશોજી.

ઉત્તર ૪ : (ખ) તથા (ગ): સને ૧૯૭૦-૭૧ના વર્ષમાં યુનિવર્સિટી પ્રકાશનો અંગેની સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	પુસ્તકનું નામ	પ્રેસનું નામ	કુલ છપામણી ખર્ચ રૂ. પૈ.
૧.	પ્રાયોગિક મનોવિજ્ઞાન	સરસ્વતી મુદ્રણાલય	૬,૦૪૯--૮૭
૨.	કુદરતી રંગોનું રસાયણ	,,	૨,૧૪૦--૯૬
૩.	સંયોજકતા	શ્રી ઈશ્વરકૃપા પ્રિ. પ્રેસ	૨,૪૭૨--૩૨
૪.	ભારતમાં સમવાયતંત્ર	,,	૧,૨૨૩--૦૦
૫.	ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશીઓના સંપર્કની અસર	,,	૧,૩૪૫--૮૦
૬.	ઉચ્ચતર બીજગણિત	જૈનાનંદ પ્રિ. પ્રેસ, સુરત	મુદ્રણકાર્ય ચાલુ છે.
૭.	હિંદનું ભૂસ્તરશાસ્ત્ર	શ્રી ઈશ્વરકૃપા પ્રિ. પ્રેસ	૪,૪૩૦--૮૧
૮.	પેટ્રોરસાયણ	જયશ્રી મુદ્રણાલય	૨,૫૫૨--૧૫
૯.	ભૌતિકશાસ્ત્ર, ભાગ ૧--૨--૩	,,	૧૭,૦૮૦--૩૨
૧૦.	શ્રેણીઓ અને શ્રેઢીઓ	વિનય પ્રિન્ટરી	૮,૦૫૨--૬૫
૧૧.	વિદ્યુત અને ચુંબકત્વ	,,	૪,૩૦૩--૬૪
૧૨.	સૉક્રેટીસ ઍન્ડ ક્રાઈસ્ટ	રાજરતન પ્રેસ	૫,૫૯૬--૭૫

પ્રશ્ન ૫ : (ક) ફાઈનાન્સ કમિટી અસ્તિત્વમાં હોય છતાં તેની મંજૂરી વિના કે મંજૂરીની અપેક્ષાએ નિર્ણયો લેવા માટે કાંઈ નિશ્ચિત ધોરણ અપનાવાય છે ખરું?

ઉત્તર ૫ : (ક) પ્રત્યેક કામની જરૂરિયાત જોઈને તે અંગે નિર્ણય લેવામાં આવે છે.

પ્રશ્ન ૫ : (ખ) જો હા, તો તેમ કરવા માટે કયાં કારણો આવશ્યક ગણવામાં આવે છે?

ઉત્તર ૫ : (ખ) ઉત્તર ૫ (ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ક) ૧૯૭૦--૭૧માં છપાયેલાં પુસ્તકો અંગે ફાઈનાન્સ કમિટીની મંજૂરી માગવામાં આવેલી?

ઉત્તર ૬ : (ક) હા, જી.

પ્રશ્ન ૬ : (ખ) જો હા, તો તે મુજબ ઉપર (૧)માં જણાવેલાં છાપવા આપેલાં પુસ્તકો અંગે પણ ફાઈનાન્સ કમિટીને પૂછવામાં આવ્યું છે?

ઉત્તર ૬ : (ખ) ઉત્તર ૩ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ગ) જો ના, તો શા માટે?

ઉત્તર ૬ : (ગ) ઉત્તર ૬ (ખ) જોવા વિનંતી છે.

[૧૦] **શ્રી. એસ. કે. ઝવેરી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ચાલુ વર્ષે યુનિવર્સિટી પ્રેસના કામ નં. ૯૬૧ (પ્રી--યુનિ. આર્ટ્સનું માહિતીપત્રક)ની કેટલી નકલો છાપવાનો ઑર્ડર પરીક્ષા વિભાગે આપ્યો હતો ?

ઉત્તર ૧ : (ક) ૨,૫૦૦.

પ્રશ્ન ૧ : (ખ) (૧) યુનિવર્સિટી પ્રેસે પ્રથમ કેટલી નકલો છાપી ?

ઉત્તર ૧ : (ખ) (૧) ૧,૫૦૦.

પ્રશ્ન ૧ : (ખ) (૨) આ છાપકામની નકલો ઑર્ડર કરતાં ઓછી છાપવાની ભૂલ થઈ હતી તે વાત સાચી ?

ઉત્તર ૧ : (ખ) (૨) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) (૩) કેટલી ઓછી નકલો છાપવામાં આવી હતી ?

ઉત્તર ૧ : (ખ) (૩) ૧,૦૦૦.

પ્રશ્ન ૧ : (ખ) (૪) ભૂલથી જેટલી નકલો ઓછી છાપી તે પૂરી કરવા માટે તમામ પાનાં નવેસરથી કંપોઝ કરવાં પડ્યાં, વાંચવાં પડ્યાં અને છપાવવાં પડ્યાં છે તે વાત સાચી ?

ઉત્તર ૧ : (ખ) (૪) હા, જી.

પ્રશ્ન ૧ : (ગ) ઉપર (ખ) (૩)માં જણાવ્યા પ્રમાણે નકલો ઓછી છાપવામાં આવી હોય તો તે માટે જે જવાબદાર હોય તેમની પાસેથી નુકસાની વસૂલ લેવામાં આવશે ?

ઉત્તર ૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧ : (ઘ) (૧) ઉપર (ખ) (૪)માં જણાવ્યા પ્રમાણે માહિતીપત્રક જે બીજી વાર છાપવું પડ્યું તેનું ભારે બિલ કોના ખાતે ઉધારવામાં આવ્યું છે કે ઉધારાશે ?

પ્રશ્ન ૧ : (ઘ) (૨) પરીક્ષા વિભાગ ખાતે કે યુનિવર્સિટી પ્રેસના ખાતે ?

ઉત્તર ૧ : (ઘ) (૧) તથા (૨) : બધી જ ૨૫૦૦ નકલો છાપવાનું બિલ ક્રમાંક ૯૬૪—રૂ. ૧,૨૫૭--૬૯ યુનિવર્સિટી છપામણી ખર્ચ ખાતે ઉધારવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧ : (ચ) ૩૦ પાનાંનું આ માહિતીપત્રક છપાવવાનું બિલ યુનિવર્સિટીના દરથી બનાવવામાં આવે તો તે અંગે નીચેના કોઠામાં માહિતી આપશોજી :

	કંપોઝ ખર્ચ	પ્રિન્ટિંગ ખર્ચ	બાઈન્ડિંગ ખર્ચ	કુલ
(અ) ૨૫૦૦ નકલ				
(બ) ૧૫૦૦ નકલ				
(ક) ૧૦૦૦ નકલ				

કુલ ખર્ચને ધ્યાનમાં લઈને થયેલું નુકસાન (બ + ક — અ) = રૂ.

ઉત્તર ૧ : (ચ) પ્રસ્તુત ૩૦ પાનાંના છાપકામ સંબંધી યુનિવર્સિટી છાપકામ દર પ્રમાણે વિગત નીચે પ્રમાણે છે :

		પ્રથમ ૧૦૦૦ નકલો સાથેનો કુંપોળ ખર્ચ	ઓવર પુલિંગ- ફકત પ્રિન્ટિંગ ખર્ચ	બાઈન્ડિંગ ખર્ચ	કુલ ખર્ચ
(અ)	૨૫૦૦ નકલ	૫૧૩--૦૦	૧૬૨--૦૦	૬૬--૧૦	૭૪૧--૫૦
(બ)	૧૧૦૦ નકલ	૫૧૩--૦૦	૫૪--૦૦	૩૯--૯૦	૬૦૬--૯૦
(ક)	૧૦૦૦ નકલ	૫૧૩--૦૦	—	૨૬--૬૦	૫૩૯--૬૦

પ્રશ્ન ૨ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં આસિસ્ટન્ટ બાઈન્ડરની કાયમી જગ્યા ભરવા માટે છેલ્લે જાહેરાત આપવામાં આવી હતી ત્યારે અરજદારોએ પોતાની અરજીઓ કયા સમયગાળા સુધીમાં પહોંચાડવાની હતી તેની તારીખો જણાવશો.

ઉત્તર ૨ : (ક) તા. ૧૦--૯--૧૯૬૮.

પ્રશ્ન ૨ : (ખ) ઉપરોકત જાહેરાતના અનુસંધાનમાં મુકરર સમયગાળામાં કોની કોની અરજીઓ ઉપરોકત જગ્યા માટે આવેલી તેમનાં નામ આપશો.

ઉત્તર ૨ : (ખ) નીચેની વ્યકિતઓની અરજીઓ તા. ૧૦--૯--૧૯૬૮ સુધીમાં આવી હતી :

૧. રજપૂત બાબુલાલ ગુરુદયાલ
૨. મેઘનાથી બચુગર પ્રભુગર
૩. મૂળચંદ ચંદુલાલ
૪. રાણા રણછોડલાલ દલસુખરામ
૫. સાટમ જગન્નાથ આત્મારામ
૬. ભાવસાર પોપટલાલ ગણપતરામ
૭. ઝુલવે કેશવ બાબુરાવ
૮. અંધારા અશ્વિનકુમાર હીરાલાલ
૯. પટેલ પ્રભુદાસ પરસોત્તમદાસ
૧૦. રાણા બાબુભાઈ જમનાદાસ
૧૧. રાણા રસિકભાઈ જમનાદાસ
૧૨. ચૌધરી ચમનલાલ લક્ષ્મણદાસ
૧૩. મોમીન મકસુદઅલી કમાલભાઈ
૧૪. કડિયા ચીનુભાઈ પૂંજીરામ
૧૫. કડિયા જયંતીલાલ ત્રિકમલાલ
૧૬. દવે બાલકૃષ્ણ ચંદુલાલ
૧૭. દવે વાસુદેવ ચંદુલાલ
૧૮. નાગર પ્રિયવદન ઠાકોરલાલ અચરતલાલ
૧૯. પટેલ પ્રહલાદભાઈ બેચરદાસ

૨૦. મહેતા દિનકરરાય મૂળજીભાઈ
૨૧. વ્યાસ નાનાલાલ છોટાલાલ
૨૨. કહાર સુભાષભાઈ ગણેશભાઈ
૨૩. મોમીન ગુલાબઅબ્બાસ કમાલભાઈ
૨૪. કહાર તુલસીદાસ છગનલાલ
૨૫. ખલાસી રમણભાઈ મફતલાલ
૨૬. કહાર મોહનભાઈ લક્ષ્મણભાઈ
૨૭. ચૌહાણ પોપટલાલ મથાચંદ
૨૮. પરમાર નરોત્તમ પોપટલાલ
૨૯. મોરે માધુરાવ ગણપતરાવ
૩૦. શેખ મોહમદઈસાક રમજાનભાઈ
૩૧. ખટીક ગજાનંદ ગંગારામ
૩૨. ચૌધરી ભીખાભાઈ સોમાભાઈ
૩૩. રાણા નટવરલાલ સાંકળચંદ
૩૪. મહાદીક વસંતરાય દાદાભાઈ
૩૫. ભાવસાર બિપિનચંદ્ર મણિલાલ
૩૬. રાજપૂત ચંદુલાલ છોટાલાલ
૩૭. બિહારી લક્ષ્મણભાઈ ગોડિયા
૩૮. ભાવસાર પ્રમોદરાય મોહનલાલ
૩૯. ચૌહાણ લક્ષ્મણ વિષ્ણુ ભાઈ
૪૦. મનસૂરી કાસમભાઈ રસૂલભાઈ
૪૧. રૂપાવાલા દાઉદભાઈ કલીમુદ્દીન
૪૨. પ્રજાપતિ પ્રહ્લાદભાઈ ભગવાનદાસ
૪૩. સૈયદ સૈયદઈમામ સૈયદલુસેન
૪૪. વ્યાસ વાસુદેવ સોમેશ્વર
૪૫. રાધનપુરી ઈબ્રાહીમ અબ્દુલરહેમાન
૪૬. અજમેરી રજબભાઈ નૂરભાઈ
૪૭. કહાર નટવરભાઈ ગણેશભાઈ
૪૮. મેકવાન મોતીભાઈ લલ્લુભાઈ
૪૯. ભટ્ટ હરીશકુમાર અનંતરાવ
૫૦. કડિયા જ્યંતીભાઈ હરિભાઈ
૫૧. ભાવસાર ચમનલાલ સોમનાથ
૫૨. ભાવસાર ડાહ્યાભાઈ અંબાલાલ
૫૩. સાચાવાલા અહેમદમિયા ગુલામમોહ્યુદ્દીન
૫૪. પઠાણ એહમદખાન કરીમખાન
૫૫. શાહ ઠાકોરલાલ મોહનલાલ

૫૬. મીરઝા છોટુમિયા અમીરભાઈ
૫૭. પ્રધાન યશવંત બાલકૃષ્ણ
૫૮. મોહમદ ઈકબાલ મોહમદઈલ્યાસ મણિયાર
૫૯. શેખ ઝીયાઉદ્દીન ગુલામનબી
૬૦. નૈયબજી વજીરજી
૬૧. કહાર તુલસીદાસ કબીરદાસ
૬૨. ઠક્કર લક્ષ્મણભાઈ હરગોવિંદદાસ
૬૩. રાવલ ગિરિશંકર વેણીરામ
૬૪. કિશ્નામૂર્તિ જે. આર.
૬૫. ઈંગોલે કાશીનાથ કોડીબા
૬૬. દેસાઈ માલજીભાઈ જેઠાભાઈ
૬૭. રસાણિયા ભરતકુમાર જસવંતલાલ
૬૮. પટેલ ગિરીશકુમાર વલ્લભરામ
૬૯. ભાવસાર ગિરીશ નગીનદાસ
૭૦. ઈસે કિશનરાવ સદુરાવ
૭૧. ચૌધરી શંકરભાઈ વીરસંગભાઈ
૭૨. સોની ઈન્દ્રવદન મંગળદાસ
૭૩. નાથાણી પ્રવીણચંદ્ર ઝવેરભાઈ
૭૪. પ્રજાપતિ મફતલાલ મંગળદાસ
૭૫. રસાણિયા અરવિંદકુમાર ડાહ્યાભાઈ
૭૬. ચૌધરી વસંતકુમાર બાબુભાઈ
૭૭. શેખ ગુલામરસૂલ મોહમદભાઈ
૭૮. દોશી અરવિંદકુમાર વાડીલાલ
૭૯. બારોટ હરિહર ચૂનીલાલ
૮૦. પઠાણ અબ્દુલક્યુમખાન ફિરોઝખાન
૮૧. ખ્રિસ્તી વિક્ટરભાઈ મકનભાઈ
૮૨. રાવલ ભોગીલાલ શંકરલાલ
૮૩. કહાર સૂરજરામ છોટાલાલ
૮૪. શાહ જયેન્દ્રકુમાર વાડીલાલ

૮૫. જોશી મુરલીશંકર નાનુરામ

૮૬. દારૂવાલા મોહમદયુસુફ મોહમદહુસેન

૮૭. ખ્રિસ્તી યાકુબભાઈ લખાભાઈ

૮૮. પટેલ રણછોડભાઈ રામજીભાઈ

૮૯. કડિયા પ્રવીણકુમાર રણછોડભાઈ

૯૦. રાણા વાસુદેવ વાડીલાલ

પ્રશ્ન ૨ : (ગ) સદરહુ જગ્યા માટે કઈ તારીખે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ?

ઉત્તર ૨ : (ગ) તા. ૨૧--૧૨--૧૯૭૦ના રોજ.

પ્રશ્ન ૨ : (ઘ) જે અરજદારોએ નિશ્ચિત મુદત સુધીમાં અરજી કરી ન હતી તેવા કયા કયા ઉમેદવારોને આસિ. બાઈન્ડરની જગ્યા માટે ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલા? તે અંગેના પત્ર ક્રમાંક અને તારીખ આપશો.

ઉત્તર ૨ : (ઘ) નિશ્ચિત મુદત પછી આવેલ અરજીમાં ઉમેદવાર શ્રી. ડી. જી. ભાવસારને ઈન્ટરવ્યુ માટે યુનિવર્સિટી પત્રાંક ૦૨૬૫૯૨, તા. ૧૬--૧૨--૧૯૭૦થી બોલાવવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૨ : (ચ) ઉપર (ઘ)માં જણાવેલા અરજદારોએ યુનિવર્સિટીમાં કઈ તારીખે અરજીઓ આપેલી?

ઉત્તર ૨ : (ચ) તા. ૨૩--૭--૧૯૭૦ના રોજ.

પ્રશ્ન ૨ : (છ) (૧) મુદત બહાર આવેલી અરજીઓ પર કોની સૂચનાથી વિચારણા કરીને ઈન્ટરવ્યુ કાઢવામાં આવેલા?

ઉત્તર ૨ : (છ) (૧) વરણીસમિતિના એક સભ્ય તરીકે કાર્યકારી વ્યવસ્થાપકશ્રીની સૂચનાથી.

પ્રશ્ન ૨ : (છ) (૨) તે વખતે ઈન-ચાર્જ પ્રેસ-મેનેજર કોણ હતું?

ઉત્તર ૨ : (છ) (૨) શ્રી. જે. એમ. પુરોહિત.

પ્રશ્ન ૨ : (છ) (૩) મુદત બહાર આવેલી અરજીઓના સંદર્ભમાં ઈન્ટરવ્યુ ન કાઢવા જોઈએ તેવી કાંઈ નોંધ પ્રેસ-મેનેજરે યુનિવર્સિટી કાર્યાલયને આપેલી?

ઉત્તર ૨ : (છ) (૩) ના, જી.

પ્રશ્ન ૨ : (જ) આ રીતે નિયમ વિરુદ્ધ અને પાછળથી અરજીઓ ઘુસાડીને અનૈતિક રીતે નિમણૂકો કરાવવાની પ્રવૃત્તિ રોકવા માટે કાર્યાલયે કયાં કયાં પગલાં લીધાં તેની માહિતી આપશો.

ઉત્તર ૨ : (જ) યુનિવર્સિટી પ્રેસમાં હંગામી ધોરણે કામ કરતા કર્મચારીને ઈન્ટરવ્યુની તક આપવામાં કશું નિયમ વિરુદ્ધ કે અનૈતિક ગણાય નહિ, અને તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨ : (ઝ) યુનિવર્સિટી પ્રેસમાં હાલ કામ કરતા હંગામી (રોજિંદા વેતનવાળા) કર્મચારીઓ અંગેની નીચેની માહિતી આપશોજી :

કર્મચારીનું નામ	યુનિ. પ્રેસમાં જોડાયા તારીખ	જોડાયા તે દિવસનું વેતન	તા. ૧–૧૨–૧૯૭૨ના રોજ મળતું દૈનિક વેતન	કૉલમ ૩ અને ૪ ના સંદર્ભમાં વેતન-વૃદ્ધિ (ટકામાં)
૧	૨	૩	૪	૫

ઉત્તર ૨ : (ઝ) સદરહુ માહિતી નીચે જણાવ્યા પ્રમાણે છે.

ક્રમ	કર્મચારીનું નામ	જગ્યાનું નામ	જોડાયા તારીખ	જોડાયા તે વખતનું વેતન રૂ.	તા.૧-૧૨-૭૨ ના રોજનું વેતન રૂ.
૧.	શ્રી. એ. એમ. ઠાકોર	ટેમ્પ. હેલ્પર	૧૬--૧૧--૧૯૬૮	૩–૫૦	૪--૦૦
૨.	શ્રી. ડી. જી. ભાવસાર	ટેમ્પ. બાઈન્ડર	૨૮--૩--૧૯૬૯	૫--૦૦	૭--૦૦
૩.	શ્રી. બી. બી. ચૌહાણ	ટેમ્પ. મોનોકાસ્ટર	૧--૬--૧૯૬૯	૬--૦૦	૭--૦૦
૪.	શ્રી. જી. સી. આચાર્ય	ટેમ્પ. હેલ્પર	૨૪--૭--૧૯૬૯	૩--૫૦	૪--૦૦
૫.	શ્રી. એન. એમ. પટેલ	ટેમ્પ. હેલ્પર	૧૪--૭--૧૯૬૯	૩--૫૦	૪--૦૦
૬.	શ્રી. એસ. જી. ભટ્ટ	ટેમ્પ. હેલ્પર	૧--૯--૧૯૬૯	૩--૫૦	૪--૦૦
૭.	શ્રી. ડી. આર. જાની	ટેમ્પ. મોનો-ઓપરેટર	૧--૧--૧૯૭૦	૧૦--૦૦	૧૦--૦૦
૮.	શ્રી. સી. એસ. પટેલ	ટેમ્પ. કૉપીહોલ્ડર	૧--૬--૧૯૭૦	૬--૦૦	૬--૦૦
૯.	શ્રી. આર. બી. પટેલ	ટેમ્પ. કંપોઝીટર	૨૨--૧૦--૧૯૭૦	૬--૦૦	૬--૦૦
૧૦.	શ્રી. જે. કે. પારેખ	ટેમ્પ. કંપોઝીટર	૨૬--૧૦--૧૯૭૦	૬--૦૦	૬--૦૦
૧૧.	શ્રી. બી. કે. પટેલ	ટેમ્પ. કંપોઝીટર	૨૮--૧૦--૧૯૭૦	૬--૦૦	૬--૦૦
૧૨.	શ્રી. વી. એમ. પટેલ	ટેમ્પ. કંપોઝીટર	૧૦--૧૧--૧૯૭૦	૬--૦૦	૬--૦૦
૧૩.	શ્રી. કે. એ. પટેલ	ટેમ્પ. કંપોઝીટર	૧૯--૧--૧૯૭૧	૬--૦૦	૬--૦૦
૧૪.	શ્રી. એસ. બી. છાયા	ટેમ્પ. મોનો-ઓપરેટર --કમ--કમ્પો.	૬--૨--૧૯૭૧	૬--૦૦	૬--૦૦
૧૫.	શ્રી. પી. જી. પરદેશી	ટેમ્પ. હેલ્પર	૨૬--૯--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૧૬.	શ્રી. એ. કે. પટેલ	ટેમ્પ. હેલ્પર	૨૭--૯--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૧૭.	શ્રી. વી. એન. ડાભોલકર	ટેમ્પ. હેલ્પર	૨--૧૦--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૧૮.	શ્રી. એમ. જી. પટેલ	ટેમ્પ. હેલ્પર	૬--૧૦--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૧૯.	શ્રી. એમ. બી. પંડ્યા	ટેમ્પ. હેલ્પર	૧૦--૧૦--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૨૦.	શ્રી. આર. બી. ચૌહાણ	ટેમ્પ. હેલ્પર	૧૧--૧૦--૧૯૭૨	૪--૦૦	૪--૦૦
૨૧.	શ્રી. જી. જી. ડોંગરે	ટેમ્પ. હેલ્પર	૧૮--૧૦--૧૯૭૨	૪--૦૦	૪--૦૦

પ્રશ્ન ૩ : (ક) (૧) તાજેતરમાં રાજ્ય સરકારના કર્મચારીઓ હડતાળ પર હતા તે દરમિયાન યુનિવર્સિટી પ્રેસમાં રાજ્ય સરકારનું કયું કયું છાપકામ કરી આપવામાં આવ્યું?

ઉત્તર ૩ : (ક) (૧) રાજ્ય વિધાનસભાનું તાકીદનું છાપકામ ખરડો ક્રમાંક ૪૫ તથા ૪૬ તથા તેના એકસ્ટ્રાઓર્ડિનરી ગેઝેટનું છાપકામ ખાસ કેસ તરીકે યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવેલ.

પ્રશ્ન ૩ : (ક) (૨) તે અંગે યુનિવર્સિટીને શું આવક થઈ?

ઉત્તર ૩ : (ક) (૨) રૂ. ૬૭૩--૩૦

પ્રશ્ન ૩ : (ખ) (૧) સદરહુ છાપકામ રાજ્ય સરકારે યુનિવર્સિટીને આપ્યું હતું?

ઉત્તર ૩ : (ખ) (૧) રાજ્ય સરકારે આ કામ યુનિવર્સિટીને આપ્યું હતું.

પ્રશ્ન ૩ : (ખ) (૨) કે યુનિવર્સિટીએ સામે ચાલીને તે કામ માગ્યું હતું?

ઉત્તર ૩ : (ખ) (૨) ઉપર પ્રશ્ન ૩ (ખ) (૧)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૩ : (ગ) (૧) સદરહુ છાપકામ કરી આપવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી તરફથી યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અભિનંદન પાઠવતા પત્રો કુલપતિ ઉપર આવ્યા છે ખરા?

ઉત્તર ૩ : (ગ) (૧) હા, જી.

પ્રશ્ન ૩ : (ગ) (૨) જો હા, તો પત્રના પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૩ : (ગ) (૨) તે પત્રોની નકલ સેનેટના કોઈ પણ સભ્યને વાંચવા માટે મળી શકશે.

પ્રશ્ન ૩ : (ઘ) જો પ્રેસ કર્મચારીઓને અભિનંદન મળ્યાં હોય તો તે અભિનંદન પ્રેસ કર્મચારીઓને (૧) કઈ તારીખે, અને (૨) કયા માધ્યમ દ્વારા પહોંચાડવામાં આવ્યાં તેની વિગત આપશો.

ઉત્તર ૩ : (ઘ) (૧) તા. ૩૦--૧૨--૧૯૭૨ના રોજ, (૨) પ્રેસ નોટિસબોર્ડના માધ્યમ દ્વારા.

પ્રશ્ન ૩ : (ચ) (૧) રાજ્ય સરકારનું આ કામ કરી આપવામાં આવ્યું છે તેની વધાઈ આપતો કોઈ પત્ર યુનિવર્સિટીમાંથી રાજ્યના કોઈ મંત્રીશ્રીને લખાયો છે?

(૨) લખાયો હોય તો કોણે, કયા મંત્રીને, કઈ તારીખે પત્ર લખ્યો?

(૩) સદરહુ પત્રનો પાઠ આપવા વિનંતી છે.

ઉત્તર ૩ : (ચ) (૧) (૨) (૩) : યુનિવર્સિટીએ આ કામ કર્યું તેની જાણ મુખ્ય મંત્રીશ્રી તથા શિક્ષણમંત્રીશ્રીને કુલપતિશ્રીએ તા. ૧૯ ડિસેંબર ૧૯૭૨ના પત્રો દ્વારા કરી હતી. તે પત્રની નકલ સેનેટના કોઈ પણ સભ્યને વાંચવા માટે મળી શકશે.

[૧૧] **પ્રા. બી. એસ. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમો તૈયાર થઈ ગયા ?

ઉત્તર ૧ : (ક) જનરલ એજ્યુકેશનના નવા અભ્યાસક્રમો તૈયાર થયા નથી.

પ્રશ્ન ૧ : (ખ) જો ના, તો ક્યારે તૈયાર થશે ?

ઉત્તર ૧ : (ખ) અભ્યાસસમિતિ ઘડીને આપે તે પછી ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલની મંજૂરી મળ્યેથી તૈયાર થશે.

પ્રશ્ન ૨ : (ક) લોકલ ઇન્કવાયરી કમિટીના સભ્ય તરીકે કાર્ય કરતા યુનિવર્સિટી પ્રોફેસર, રીડર, વ્યાખ્યાતા તથા કૉલેજ-અધ્યાપક અને આચાર્યને કયા ધોરણે મુસાફરી ભાડું, હોલ્ટિંગ એલાવન્સ વગેરે ચૂકવાય છે ?

ઉત્તર ૨ : (ક) લોકલ ઇન્કવાયરી કમિટીના સભ્ય તરીકે કાર્ય કરતા યુનિવર્સિટી પ્રોફેસર, રીડર અને વ્યાખ્યાતાને યુનિવર્સિટીએ પોતાના કર્મચારીઓ માટે મુસાફરી તથા દૈનિક ભથ્થાના નિયત કરેલા દરે સદરહુ ભથ્થાંઓ ચૂકવવામાં આવે છે, જ્યારે તે જ કાર્ય માટે કૉલેજ અધ્યાપક અને આચાર્યને ઑર્ડિનન્સ ૧૫૨માં નિયત કરેલા દરે સદરહુ ભથ્થાંઓ ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૨ : (ખ) જો એ ધોરણોમાં તફાવત હોય, તો એની પાછળનું શું કારણ છે ?

ઉત્તર ૨ : (ખ) બન્ને માટે જુદા જુદા નિયમો નિયત કરેલા હોઈ.

પ્રશ્ન ૩ : (ક) વિજિલન્સ કમિટીએ અત્યાર સુધીમાં કઈ કઈ કૉલેજોની મુલાકાત લીધી હતી ?

ઉત્તર ૩ : (ક) વિજિલન્સ કમિટીએ અત્યાર સુધીમાં નીચેની કૉલેજોની મુલાકાત લીધી છે :

(૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩) શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૪) શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
(૫) શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
(૬) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
(૭) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
(૮) એન. સી. બોડીવાળા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૯) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૧૦) ભકત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૩ : (ખ) મુલાકાતમાં કઈ કઈ વાંધાજનક બાબતો ધ્યાન પર આવી હતી ?

ઉત્તર ૩ : (ખ) મુલાકાતમાં જે જે કૉલેજમાં ક્ષતિઓ માલૂમ પડી હતી તેની વિગતો નીચે દર્શાવી છે :

ક્રમાંક	કૉલેજનું નામ	ક્ષતિઓ
(૧)	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ; અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજમાં પ્રા. સી. બી. ગેમાવત અને પ્રા. જી. એસ. પટેલ જેઓ અન્ય કૉલેજમાં પૂરા સમયના શિક્ષકો છે તેઓ શિક્ષણ-કાર્ય કરે છે. (૨) પ્રો. દવે ટ્યૂશન ક્લાસ ચલાવે છે. (૩) બન્ને કૉલેજોએ પ્રૉવિડંટ ફંડનો જુદો એકાઉન્ટ ખોલાવ્યો નથી. (૪) બન્ને કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સુધારેલા પગારધોરણના સંદર્ભમાં મોંઘવારી ભથ્થાના તથા ઘરભાડા ભથ્થાના તફાવતની રકમ ચૂકવી નથી.
(૩)	શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	(૧) રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજમાં ગ્રંથાલયની વ્યવસ્થા બરોબર નથી. સમિતિ ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા જોઈ શકી ન હતી.
(૪)	શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત	
(૫)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	(૨) શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં વર્ગખંડોમાં વરસાદનાં ઝાપટાં આવતાં હોવાની વિદ્યાર્થીઓએ ફરિયાદ કરેલી. છાત્રાલયની પરિસ્થિતિ વિષમ છે અને તેમાં, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે ટોઇલેટની વ્યવસ્થા ભેગી છે.
(૬)	શ્રી. સી. બી. શાહ લૉ કૉલેજ, ખંભાત	(૩) શ્રી. સી. બી. શાહ લૉ કૉલેજમાં આચાર્યની જગ્યા ખાલી છે. પગારો નિયમિત અપાતા નથી.
(૭)	શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત	(૪) એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસીમાં એનેટોમીના વિષયમાં પૂરતો સ્ટાફ નથી. બી.એસસી.ના વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉપરાંત રૂ. ૧૦૦ વિદ્યાર્થી દીઠ અનામત લેવામાં આવે છે. છાત્રાલયમાં બન્ને સત્રોની ફી ભેગી લેવાય છે. છાત્રાલયમાં પ્રત્યેક ખંડમાં ચાર વિદ્યાર્થીઓને

ક્રમાંક	કૉલેજનું નામ	ક્ષતિઓ
		રાખવામાં આવે છે અને ખંડોમાં વેન્ટિલેશન બરોબર નથી. ટોઈલેટની વ્યવસ્થા દયાજનક છે. પીવાના પાણીની વ્યવસ્થા નથી. પગારો નિયમિત અપાતા નથી.
		(૫) સમિતિને કોઈ પણ કૉલેજના હિસાબો ઉપલબ્ધ કરાયા ન હતા. આથી સમિતિ આ કૉલેજોની અને તેનું સંચાલન કરનાર મંડળની નાણાકીય પરિસ્થિતિની ચકાસણી કરી શકી ન હતી.
		(૬) યુનિયન ફીનો ઉપયોગ કૉલેજના સંચાલનના ખર્ચ માટે પણ થાય છે.
		(૭) પ્રત્યેક વિદ્યાર્થી પાસેથી રૂ. ૫ વધારાની ફી કોઈ સ્પષ્ટ હેડિંગ વિના લેવામાં આવે છે.
		(૮) કોઈ કૉલેજે પ્રૉવિડંટ ફંડનો જુદો એકાઉન્ટ ખોલાવ્યો નથી.
		(૯) સમિતિ સાયન્સ કૉલેજ માટે અને ફાર્મસી કૉલેજના પદવી અભ્યાસક્રમો અંગે તપાસ માટે ફરીથી જનાર છે.
(૮)	સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજ, અમદાવાદ	(૧) કૉલેજે છેલ્લાં ત્રણ વર્ષમાં એક ઓછા શિક્ષકથી શિક્ષણકાર્ય ચલાવ્યું હતું.
		(૨) પ્રા. એસ. પી. ત્રિવેદી જેઓ સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજ, ખેડામાં હતા તેઓએ મોટે ભાગે આ કૉલેજમાં સેવા આપ્યાનું જણાવ્યું છે.
(૯)	ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) સ્ટાફના સભ્યોને ૨૦ ટકા પગાર આપવામાં આવે છે અને ૮૦ ટકા અનામત તરીકે લેવામાં આવે છે જે અંગે પહોંચ આપવામાં આવતી નથી.
		(૨) યુનિ, ગ્રાન્ટ્સ કમિશને પ્રયોગશાળાનાં સાધનો અને પુસ્તકો માટે આપેલી રૂ. ૧૯,૮૨૫ ની ગ્રાન્ટની રકમ કૉલેજે કૉલેજના સંચાલન અંગેના ખર્ચમાં વાપરી છે.
		(૩) પી. ટી. લેવાતી નથી અને જનરલ એજ્યુકેશનના વર્ગો લેવામાં આવતા નથી.
		(૪) પ્રૉવિડંટ ફંડ અંગેનો એકાઉન્ટ ખોલવામાં આવ્યો નથી તેમ જ તે અંગેની સમિતિ પણ નીમવામાં આવી નથી.

પ્રશ્ન ૩ : (ગ) તે અંગે યુનિવર્સિટીએ કયાં પગલાં ભર્યાં ?

ઉત્તર ૩ : (ગ) પ્રત્યેક કૉલેજને અહેવાલની નકલ મોકલી આપવામાં આવી છે અને જે તે ક્ષતિઓ અંગે જરૂરી પગલાં લેવા જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૪ : (ક) વિજિલન્સ કમિટીએ અમદાવાદ કૉમર્સ--આર્ટ્સ--સાયન્સ કૉલેજોની મુલાકાત માંગી હતી ?

ઉત્તર ૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૪ : (ખ) જો હા, તો કઈ તારીખે માગણી કરી હતી ?

ઉત્તર ૪ : (ખ) પ્રથમ તા. ૭--૧૨--૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૪ : (ગ) કૉલેજે કેટલી વાર મુલાકાત સમય મુલતવી રાખ્યો હતો ?

ઉત્તર ૪ : (ગ) બે વખત.

પ્રશ્ન ૪ : (ઘ) (૧) શા માટે ?

ઉત્તર ૪ : (ઘ) (૧) તા. ૭--૧૨--૧૯૭૨ના રોજ લેવાનાર મુલાકાત અંગે અમદાવાદ આર્ટ્સ--કૉમર્સ--સાયન્સ કૉલેજના સામૂહિક સહીવાળા તા. ૧--૧૨--૧૯૭૨ના પત્રથી નીચે મુજબ જણાવાયું હતું :

"……આ વખતે યુવક કલ્યાણ સમિતિ, શહેર વિભાગના યજમાન તરીકે અમદાવાદ સાયન્સ કૉલેજે જવાબદારી ઉઠાવી, જેમાં અમારી ભગિની સંસ્થાઓએ પણ પૂરો સાથ આપ્યો. યુવક મહોત્સવ કાર્યક્રમોના આયોજન પાછળ અમારે ઠીક ઠીક સમય આપવો પડયો છે. તદુપરાંત આચાર્ય જી. એમ. પટેલ છેલ્લા ૨૦ દિવસથી ટાઈફૉઈડની માંદગીમાં છે જેની સારવાર ચાલુ છે. આ સંજોગોમાં દેખભાળ સમિતિ જે કૉલેજની તપાસ અર્થે તા. ૭--૧૨--૧૯૭૨ના રોજ આવશે એમ જણાવ્યું છે તે અમને અનુકૂળ નથી."

(૨) તા. ૬--૧--૧૯૭૩ના રોજ લેવાનાર મુલાકાત અંગે અમદાવાદ આર્ટ્સ--કૉમર્સ--સાયન્સ કૉલેજના આચાર્યોની સામૂહિક સહીવાળા તા. ૩૦--૧૨--૧૯૭૨ના પત્રથી નીચે મુજબ જણાવાયું હતું :

"અમદાવાદ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ માટે તા. ૬--૧--૧૯૭૩ના રોજ આકાશવાણી અમદાવાદ--વડોદરા તરફથી 'યુવક જગત'ના કાર્યક્રમ હેઠળ અગાઉથી એક કાર્યક્રમનું આયોજન થઈ ગયું છે, જેના સંચાલન માટે સર્વશ્રી રામલાલ પરીખ અને પ્રબોધ ચોકસી તે દિવસે કૉલેજમાં આવવાના છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમ જ સ્ટાફ ભાગ લે તેવું સૂચન આકાશવાણી તરફથી કરવામાં આવ્યું છે. તો આ તારીખ અનુકૂળ આવે તેમ નથી."

પ્રશ્ન ૪ : (ચ) કમિટી હજી સુધી મુલાકાત સમય મેળવી શકી છે ?

ઉત્તર ૪ : (ચ) સમિતિના કન્વીનર શ્રી. આઈ. એ. મોદીની સૂચના મળ્યેથી તે મુલાકાત સમય નક્કી કરવામાં આવશે.

પ્રશ્ન ૪ : (છ) જો ના, તો શું મુશ્કેલી છે ?

ઉત્તર ૪ : (છ) ઉપર પ્રશ્ન ૪ (ચ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : (ક) ગઈ સેનેટમાં પ્રશ્નોત્તરી વખતે એસ.ટી.ટી. (અમદાવાદ) અને બી.ડી. આર્ટ્સ કૉલેજોની જે ક્ષતિઓ છતી થઈ હતી તે અંગે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં કયાં પગલાં ભર્યાં ?

ઉત્તર ૫ : (ક) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને ક્ષતિઓ દૂર કરવા માટે સંબંધકર્તા કૉલેજોને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૫ : (ખ) તેનું શું પરિણામ આવ્યું ?

ઉત્તર ૫ : (ખ) સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજે શિક્ષકોની માન્યતા માટેનાં પત્રકો મોકલ્યાં છે જે અંગે કાર્યવાહી ચાલુ છે.

બી. ડી. કૉલેજે માર્ચ ૧૯૭૩ સુધીમાં ખંડ સમયના શિક્ષકોને તફાવતની રકમ ચૂકવશે તેમ જણાવ્યું છે, જ્યારે એક કરતાં વધુ ખંડ સમયના વ્યાખ્યાતાઓ બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર પગલાં લેતાં કેટલાક વ્યાખ્યાતાઓને છૂટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તે અંગે કૉલેજે માર્ગદર્શન માગ્યું છે, તે બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૧--૩--૧૯૭૩ની સભામાંએક સમિતિ નીમી છે.

પ્રશ્ન ૬ : પ્રી-કૉમર્સમાં નાપાસ થયેલા જે વિદ્યાર્થીઓએ એફ.બી.કૉમ.માં પ્રવેશ મેળવ્યો હતો અને પાછળથી તેમનો પ્રવેશ રદ કર્યો હતો તેમની સામે યુનિવર્સિટીએ બીજાં કયાં પગલાં ભર્યાં?

ઉત્તર ૬ : આ બાબતની તપાસ ચાલુ છે.

પ્રશ્ન ૭ : એસ. ટી. ટી. (અમદાવાદ)ના પ્રાધ્યાપક એસ. પી. ત્રિવેદી દર બુધવારે તે કૉલેજ તરફથી કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં ૧૯૭૦--૭૧માં ગયા હતા કે નહિ? ૧૩ તાલીમી વિદ્યાર્થીઓ સાથે સતત ગ્રામશિક્ષણ અર્થે વરધરી ગયા હતા કે નહિ? તે પ્રશ્નોના ઉત્તરમાં ગઈ સેનેટમાં જવાબ આપ્યો હતો કે "કૉલેજ તરફથી માહિતી ઉપલબ્ધ થઈ નથી." જો અત્યાર સુધીમાં ઉપલબ્ધ થઈ હોય તો આપશો.

ઉત્તર ૭ : પ્રાધ્યાપક પી. સી. પટેલના પ્રશ્ન ક્રમાંક ૩૪ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : ગઈ સેનેટમાં અમદાવાદ આર્ટ્સ--કૉમર્સ કૉલેજો પર મેં જે પ્રશ્નો પૂછેલા તેના ઉત્તરોમાં "માહિતી ઉપલબ્ધ થઈ નથી" તેમ જણાવ્યું હતું. જો અત્યાર સુધીમાં ઉપલબ્ધ થઈ હોય તો આપશો.

ઉત્તર ૮ : પ્રાધ્યાપક પી. સી. પટેલના પ્રશ્ન ક્રમાંક ૬ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે. વિદ્યાર્થી સંખ્યા અંગે અમદાવાદ કૉમર્સ કૉલેજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

પ્રી-યુનિવર્સિટી કૉમર્સ	૬૨૫
એફ.વાય.બી.કૉમ.	૪૩૦
એસ.વાય.બી.કૉમ.	૩૪૫
ટી.વાય.બી.કૉમ.	૨૫૦
	———
	૧૬૫૦

પ્રશ્ન ૯ : (ક) છેલ્લી ત્રણ સેનેટ બેઠકોમાં પુછાયેલા પ્રશ્નોના જવાબો જ ન આપ્યા હોય તથા અધૂરા જવાબો આપ્યા હોય તે કૉલેજોનાં નામો આપશો.

ઉત્તર ૯ : (ક) સદરહુ માહિતી **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૯ : (ખ) એ કૉલેજો સામે યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે?

ઉત્તર ૯ : (ખ) સદરહુ બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવેલો અને તે કૉલેજોને ઠપકો આપવામાં આવેલો. ઉપરાંત ગઈ સેનેટમાં જે કૉલેજોએ જવાબો આપેલા નહિ તેઓને કુલપતિશ્રીએ અંગત પત્રો લખ્યા હતા.

પ્રશ્ન ૧૦ : શ્રી. વિનોબા ભાવેને ડી.લિટ.ની ડિગ્રી એનાયત કરવાની સર્વ કાર્યવાહીમાં ગુજરાત યુનિવર્સિટીને તથા ગુજરાત સરકારને કેટલું ખર્ચ થયું?

ઉત્તર ૧૦ : શ્રી. વિનોબા ભાવેને ડી.લિટ.ની ડિગ્રી સેનેટની તા. ૨૨ નવેંબરની સભામાં એનાયત થઈ છે તે અંગે યુનિવર્સિટીને રૂ. ૭૮૫--૮૫ પૈ.નો ખર્ચ થયો હતો. ગુજરાત સરકારને આ અંગે કેટલું ખર્ચ થયું તેની માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૧૧ : છેલ્લે કુલપતિની થયેલી ચૂંટણીના દિવસે મત આપવા આવેલા સભ્યોમાંથી એવા કયા સભ્યો હતા જેઓ અગાઉની સેનેટ બેઠકમાં સતત ગેરહાજર રહ્યા હોય? કુલપતિની ચૂંટણીઓના દિવસે જ હાજર રહ્યા હોય તે સભ્યોનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૧ : પ્રશ્નમાં સમયમર્યાદા દર્શાવેલ નથી, પરંતુ ૧૯૭૦થી જે નવી સેનેટ રચાઈ છે તે સેનેટની સભાઓનાં હાજરીપત્રકોમાંથી તારવેલ માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. સી. ટી. દરૂ
(૨) શ્રી. અરવિંદ નરોત્તમ શેઠ.

પ્રશ્ન ૧૨ : (ક) શ્રી. દર્શનસિંગ શીખ અને શ્રી. બનેસિંહ ગઢવીએ લખેલા, ગુજરાત યુનિવર્સિટીએ પ્રગટ કરેલ અને ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે સો ટકા અનુદાન આપેલ પુસ્તક "સહકાર, સિદ્ધાંત અને વ્યવહાર" અને અખિલ હિન્દ પ્રકાશને પ્રગટ કરેલ પુસ્તક "સહકારના સિદ્ધાંત અને વ્યવહાર"માં ઘણું સામ્ય છે તે વાત સાચી?

ઉત્તર ૧૨ : (ક) અખિલ હિન્દ પ્રકાશને પ્રગટ કરેલ પુસ્તક "સહકારના સિદ્ધાંત અને વ્યવહાર" અંગે આ કાર્યાલય પાસે પૂરી માહિતી નથી.

પ્રશ્ન ૧૨ : (ખ) આ પુસ્તક લખવા માટે લેખકોને કેટલી રૉયલ્ટી આપવામાં આવી હતી ?

ઉત્તર ૧૨ : (ખ) "સહકાર, સિદ્ધાંત અને વ્યવહાર" એ પુસ્તક માટે બેઉ લેખકોને સંયુકત રીતે રૂ. ૨,૫૪૧--૮૪ પૈસાની રકમ પુરસ્કાર તરીકે ચૂકવવામાં આવી છે.

પ્રશ્ન ૧૨ : (ગ) પ્રગટ કરવા અંગે જો કોઈ ક્ષતિ થઈ હોય તો તે માટેની જવાબદારી કોની છે?

ઉત્તર ૧૨ : (ગ) સદરહુ પ્રકાશનમાં ક્ષતિ હોય તો શી છે તે જાણ્યા સિવાય તે અંગેની જવાબદારી કોની છે તે નક્કી કરી શકાય તેમ નથી.

પ્રશ્ન ૧૨ : (ઘ) તે ક્ષતિ નિવારવા માટે શાં પગલાં લીધાં?

ઉત્તર ૧૨ : (ઘ) સદરહુ પ્રકાશનમાં ક્ષતિ હોય તો તે શી છે તે જાણ્યા સિવાય તેના નિવારણ માટેનાં પગલાં વિચારવાનું શકય નથી.

પ્રશ્ન ૧૩ : (ક) કપડવંજ કૉમર્સ--આર્ટ્સ કૉલેજનું જોડાણ યુનિવર્સિટીએ કેટલી વાર રદ કર્યું હતું?

ઉત્તર ૧૩ : (ક) સદરહુ કૉલેજની જોડાણઅરજી પરત્વે જોડાણ ન આપવા માટે સેનેટે બે વાર ભલામણ કરી છે.

પ્રશ્ન ૧૩ : (ખ) તે કૉલેજ શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં કેટલા આચાર્યો છૂટા થયા કે છૂટા કરવામાં આવ્યા હતા?

ઉત્તર ૧૩ : (ખ) પ્રાધ્યાપક એ. ટી. દેસાઈના પ્રશ્ન ૨૫ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : (ગ) કેટલા અધ્યાપકોને છૂટા કર્યા?

ઉત્તર ૧૩ : (ગ) પ્રાધ્યાપક એ. ટી. દેસાઈના પ્રશ્ન ૨૬ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : (ઘ) કપડવંજ કૉમર્સ--આર્ટ્સ--સાયન્સના કેટલા અધ્યાપકોને છૂટા કરવા અંગે તાજેતરમાં નોટિસો આપી છે?

ઉત્તર ૧૩ : (ઘ) પ્રા. એ. ટી. દેસાઈના પ્રશ્ન ૨૬(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : (ચ) કેટલા અધ્યાપકો સામે પગલાં ભરવા માટે સંસ્થા કાર્યવાહી કરી રહેલ છે?

ઉત્તર ૧૩ : (ચ) કૉલેજના આચાર્યે જણાવ્યું છે કે તેમની જાણ પ્રમાણે અશિસ્ત વર્તન માટે કેળવણી મંડળે ચાર અધ્યાપકો સામે પગલાં ભરવા કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ અધ્યાપકોએ પોતે દિલગીરી દર્શાવતાં અને પોતાની ભૂલનો એકરાર કરતાં કાર્યવાહી મોકૂફ રાખી છે.

પ્રશ્ન ૧૩ : (છ) તેમની સામે સંસ્થાના કયા આક્ષેપો છે?

ઉત્તર ૧૩ : (છ) એવા કોઈ આક્ષેપો હોય તેની માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૧૪ : કૉલેજવાર પગાર-બાકીની વિગત નીચેના કોઠામાં આપવા વિનંતી :

ક્રમ; કૉલેજનું નામ; કેટલા માસના પગાર બાકી; કુલ બાકી પગારની રકમ; પગાર બાકી હોવાનું કારણ; બાકી પગાર ચૂકવવા માટે કરેલ વ્યવસ્થા.

ઉત્તર ૧૪ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૪" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : કૉલેજવાર અધ્યાપકોની પ્રૉવિડંટ ફંડની જમા થયેલી રકમો નીચેના કોઠામાં આપશો :

ક્રમ	કૉલેજ	અધ્યાપકોનો આજ સુધીનો ફાળો	કૉલેજોનો આજ સુધીનો ફાળો	ઉમેરાયેલી વ્યાજની રકમ	કુલ જમા રકમ	કયાં છે?

ઉત્તર ૧૫ : સદરહુ માહિતી **પરિશિષ્ટ** "૧૨" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૬ : સિન્ડિકેટની તા. ૧૩-૧-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધમાં બાબત ક્રમાંક ૮૫માં નિર્દેશ કરવામાં આવેલ સમિતિનો અહેવાલ તેમ જ તેમાં જણાવેલ મતાંતર સભ્યોના નામની વિગત સાથે આપશો.

ઉત્તર ૧૬ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

"ઑ. ૧૨૦-એફ મુજબ કૉલેજને માટે વિષય ક્રમિક રીતે બંધ કરવાની જોગવાઈ છે તે પ્રમાણે કોઈ કૉલેજ કાર્યવાહી કરવા આગ્રહ રાખે તો યુનિવર્સિટીના નિયમ મુજબ અટકાવી શકાય નહિ.

આમ છતાં કૉલેજમાં વિષય બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તે યુનિવર્સિટી માટે શૈક્ષણિક દૃષ્ટિએ ચિંતાનો વિષય ગણાય. આર્થિક સંકડામણને કારણે વિષય બંધ કરવાની કૉલેજોને ફરજ પડે છે એમ કૉલેજોની અરજીઓ પરથી સમજાય છે. અને માટે યુનિવર્સિટીએ સરકાર સાથે ગ્રાન્ટ અંગે તાત્કાલિક ચર્ચા કરીને—

(૧) વધારાના વિષયો માટે અપાતી, (૨) ખોટમાં ૫૦ ટકા જેટલી ગ્રાન્ટ, અને (૩) યુનિવર્સિટીના નિયમ મુજબ સ્ટાફ પર કામ કરતા દરેક શિક્ષક અંગે થતું ખર્ચ ગ્રાન્ટને પાત્ર ગણાય, એ મુદ્દાને આગળ કરીને વધુ ગ્રાન્ટ મળે તેવી જોગવાઈ કરી આપવી ઘટે. આને અંગે તાત્કાલિક પગલાં લઈને ફેબ્રુઆરીની આખર પહેલાં સરકાર પાસેથી ઉપર દર્શાવેલ મુદ્દાઓ અંગે ગ્રાન્ટ મેળવી આપવામાં આવે તો જ જે તે કૉલેજને વિષય બંધ કરવાનો નિર્ણય મોકૂફ રાખવા સમજાવી શકાય.

(સહી) ધીરુભાઈ ઠાકર
(સહી) એલ. ડી. દવે
(સહી) એમ. સી. શાહ"

"વિષયો બંધ કરવા માટે સંસ્થાઓ આર્થિક કારણ રજૂ કરે છે. સંસ્થાઓને આર્થિક મુશ્કેલીઓ છે તે અંગે યુનિવર્સિટી સક્રિય બની છે અને સરકાર સમક્ષ વધુ આર્થિક સહાય માટે રજૂઆત કરી છે ત્યારે શૈક્ષણિક દૃષ્ટિએ વિદ્યાર્થીઓને વિષયોનું વૈવિધ્ય ઉપલબ્ધ થાય અને શૈક્ષણિક સવલતો બંધ ન થાય તે માટે કુલપતિશ્રી અરજી કરનાર સંસ્થાઓને ઉપર્યુક્ત સંદર્ભમાં પોતાના નિર્ણય વિષે પુનર્વિચારણા કરવા અપીલ કરે તેવી આ સભા વિનંતી કરે છે અને ઑ. ૧૨૦-એફ અને ઑ. ૧૨૦-જી રદ કરવા ભલામણ કરે છે.

(સહી) કે. એસ. શાસ્ત્રી"

પ્રશ્ન ૧૭ : (ક) પ્રાશ્નિક--પરીક્ષકની નિમણૂક માટે અપનાવેલ ગુણાંક પદ્ધતિમાં ગેરરીતિ માટે સજા પામેલ પ્રાશ્નિક--પરીક્ષકના ગુણાંક ઓછા કરવા બાબત કોઈ નિયમ છે?

ઉત્તર ૧૭ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૭ : (ખ) જો હા, તો તેનું પાલન કરવામાં આવે છે?

ઉત્તર ૧૭ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૭ : (ગ) આ નિયમનું પાલન ન કરવામાં આવ્યું હોય તેવા કિસ્સાઓ નામ સાથે જણાવવા વિનંતી.

ઉત્તર ૧૭ : (ગ) ઉપર પ્રશ્ન ૧૭ (ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[૧૨] **આચાર્ય બી. એમ. પીરજાદાએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટી ધારાધોરણ મુજબ અનિવાર્ય હોય તેવા પૂરા સમયના પ્રાધ્યાપકો જુદા જુદા વિષયોમાં ૧૯૭૦--૭૧ અને ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન કઈ કઈ કૉલેજોમાં રાખવામાં આવ્યા ન હતા ?

ઉત્તર ૧ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ખ) આવી શરતોમાંથી મુક્તિ કે કૉન્ડોનેશન કઈ કઈ કૉલેજોને આપવામાં આવેલી હતી, અને તેનાં કારણો કયાં કયાં હતાં?

ઉત્તર ૧ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ગ) કેટલીક કૉલેજોમાં તેમના જ સ્ટાફના પ્રાધ્યાપકની જરૂરી લાયકાત ધરાવતી વ્યકિતઓ હોવા છતાં તેમને નિમણૂક નહીં આપી, "પ્રાધ્યાપક મળતા નથી" તેવી રજૂઆત કરી મુક્તિ માંગેલ છે તે વાત ખરી છે ?

ઉત્તર ૧ : (ગ) ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે આવી કોઈ કૉલેજ જણાઈ નથી.

પ્રશ્ન ૧ : (ઘ) જો જવાબ હકારમાં હોય તો આવી કઈ કઈ કૉલેજો છે ?

ઉત્તર ૧ : (ઘ) ઉપર પ્રશ્ન ૧ (ગ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨ : (ક) ૧૯૭૨ના માર્ચ--એપ્રિલની યુનિવર્સિટી પરીક્ષામાં કોઈ એક જ કેન્દ્રમાં અને એક જ પરીક્ષામાં દસ કે દસથી વધુ ગેરરીતિના કેસો ઉપસ્થિત થયા હોય તેવાં કેન્દ્રો અને પરીક્ષાઓનાં નામ અને તેમાં સંડોવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા આપી શકાશે ?

ઉત્તર ૨ : (ક) (૧) હા, જી.

(૨) નડિયાદ અને અમદાવાદ.

પરીક્ષાઓનું નામ અને તેમાં સંડોવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા :

	અમદાવાદ કેન્દ્ર વિદ્યાર્થીઓ	નડિયાદ કેન્દ્ર વિદ્યાર્થીઓ
પી-યુનિ. વાણિજ્ય પરીક્ષા	૧૩	૯૬
પ્રથમ બી.કૉમ. પરીક્ષા	—	૧૨

પ્રશ્ન ૨ : (ખ) આવાં કેન્દ્રોમાં ભવિષ્યમાં વધુ સારી રીતે પરીક્ષાઓનું સંચાલન થાય તે માટે યુનિવર્સિટીએ કોઈ વિશેષ પગલાં લીધાં છે?

ઉત્તર ૨ : (ખ) હા, આવાં કેન્દ્રો પર યુનિવર્સિટીએ (પરીક્ષાનું સંચાલન સારી રીતે થાય તે માટે) તકેદારીનાં પગલાં તરીકે બહારથી વધારાના સીનિયર સુપરવાઈઝરની નિમણૂક કરવાનું તેમ જ યુનિવર્સિટી સિન્ડિકેટ કે એકેડેમિક કાઉન્સિલના સભ્યોની જવાબદાર વ્યકિતઓને તેવાં કેન્દ્રોની આકસ્મિક મુલાકાત પરીક્ષા દરમિયાન લેવા જણાવવાનું વિચાર્યું છે.

પ્રશ્ન ૨ : (ગ) જો પગલાં, આ બાબતમાં લેવાયાં હોય તેની માહિતી આપી શકાશે?

ઉત્તર ૨ : (ગ) ઉપરના પ્રશ્ન નં. ૨ (ખ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ક) યુ.જી.સી.ના સુધારેલા ધોરણ મુજબ જે બાકી પગાર તા. ૧--૪--૧૯૬૬ પછી નિમાયેલા સ્ટાફને દસ હપતામાં ચૂકવવાનો હતો, તેનો પહેલો હપતો જે તા. ૩૧--૧--૧૯૭૨ પહેલાં ચૂકવવાનો હતો, તે કેટલી કૉલેજોએ ચૂકવ્યો નથી?

ઉત્તર ૩ : (ક) ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે ૮ કૉલેજોએ ચૂકવ્યો નથી.

પ્રશ્ન ૩ : (ખ) યુ.જી.સી.ના સુધારેલા ધોરણ મુજબ તા. ૧--૪--૧૯૬૬ પછી નિમાયેલ સ્ટાફને સુધારેલા ધોરણ મુજબના નીકળતા મોંઘવારી ભથ્થાનો તફાવત અને ઘરભાડા ભથ્થાના દશ હપતાઓ પૈકી પહેલો હપતો કઈ કઈ કૉલેજોએ હજુ સુધી ચૂકવ્યો નથી?

ઉત્તર ૩ : (ખ) યુ.જી.સી.ના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં જે કૉલેજોએ મોંઘવારી ભથ્થાનો અને ઘરભાડા ભથ્થાનો તફાવત હજુ સુધી ચૂકવ્યો નથી તેની માહિતી માટે **પરિશિષ્ટ "૧૩(૧)"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ક) તા. ૧--૧--૧૯૭૨થી મોંઘવારી ભથ્થામાં જે વધારો થયો છે તે હજુ સુધી કઈ કઈ કૉલેજોમાં ચૂકવાયો નથી?

(જે કૉલેજોમાં તે ચૂકવાયો છે અને જે કૉલેજોમાં તે ચૂકવાયો નથી તેમની બન્નેની યાદી અલગ આપવા વિનંતી છે, જેથી જવાબ આપનાર અને ચુકવણી નહિ કરનાર કૉલેજો અંગે દ્વિધા ઉપસ્થિત ન થાય.)

ઉત્તર ૪ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ખ) તા. ૧--૧૦--૧૯૭૨નું મોંઘવારી ભથ્થું કઈ કઈ કૉલેજોએ ચૂકવી દીધું છે? તેમનાં નામો આપી શકાશે?

ઉત્તર ૪ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ગ) તા. ૧--૧--૧૯૭૨ અને તા. ૧--૧૦--૧૯૭૨ના મોંઘવારી ભથ્થાનો વધારો બિનશૈક્ષણિક સ્ટાફને કઈ કઈ કૉલેજોએ ચૂકવ્યો છે?

ઉત્તર ૪ : (ગ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : જુદી જુદી કૉલેજોનો વહીવટ કરતાં ટ્રસ્ટોમાંથી કેટલાં રજિસ્ટર્ડ સોસાયટી તરીકે કાર્ય કરે છે અને કેટલાં માત્ર ટ્રસ્ટો તરીકે જ કાર્ય કરે છે?

ઉત્તર ૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : ૧૯૬૯--૭૦, ૧૯૭૦--૭૧ અને ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ વિસ્તારમાં આવેલી વિવિધ કૉલેજોમાં કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા, ટ્યૂશન ફીની આવક, દંડની આવક અને અન્ય ફીની આવક તેમ જ શૈક્ષણિક સ્ટાફનો પગાર અને બિનશૈક્ષણિક સ્ટાફનો પગાર ખર્ચ કેટલો હતો?

ઉત્તર ૬ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ક) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સમાં સ્થાનિક તપાસસમિતિના એક સભ્યે કૉલેજનું સંચાલન કરતા ટ્રસ્ટની આર્થિક પરિસ્થિતિ અને તરલતાની માહિતી માંગી હતી જે આપવાની તે ટ્રસ્ટે ના પાડી છે, તે વાત સાચી છે?

ઉત્તર ૭ : (ક) ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રીએ સ્થાનિક તપાસસમિતિને તેમના તા. ૧૬--૨--૧૯૭૩ના પત્રાંક જી.એલ.એસ. ૬૧-૨-૨-૨૦૧૭-૭૨-૭૩ જેની નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવામાં આવી છે તેમાં નીચે મુજબ જણાવેલું છે :

"We have referred to column No. 4(T) of the application as desired by you and under the said columns we are to submit only the statement of accounts of the college, and the said accounts are already sent to you by the college.

The college has been granted permanent affiliation and its financial position is sound enough to bear expenses for the teaching of their additional subject."

પ્રશ્ન ૭ : (ખ) જો કૉલેજો પોતાની પુરાંતો ટ્રસ્ટોમાં જમા કરાવતી હોય તેવાં ટ્રસ્ટો પાસે તે પુરાંતો ક્યાં અને કેવી રીતે રોકાયેલ છે તે જાણવું તે સંબંધિત તપાસ નથી?

ઉત્તર ૭ : (ખ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એચ)માં નીચે મુજબની જોગવાઈ છે :

"that the financial resources of the college are such as to make due provision for its continued maintenance and efficient working."

ઉપરની જોગવાઈને અનુલક્ષીને કૉલેજનાં નાણાકીય સાધનો અંગે જે તપાસ કરવામાં આવે તે સંબંધિત તપાસ ગણી શકાય.

પ્રશ્ન ૭ : (ગ) અને જો હોય તો આવી તપાસમાં તે કૉલેજોનાં સંચાલક મંડળોએ સહાયભૂત નહિ થવું જોઈએ?

ઉત્તર ૭ : (ગ) ઉપર પ્રશ્ન ૭ (ખ)ના ઉત્તરમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એચ) ટાંકી છે તેના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના તપાસકાર્યમાં કૉલેજનું સંચાલક મંડળ સહકાર આપે એમ અપેક્ષિત છે.

પ્રશ્ન ૭ : (ઘ) કેટલાંક સંચાલક મંડળોએ, કૉલેજોમાંથી લાખોની પુરાંત ઊભી કરી છે અને કૉલેજોમાં આવશ્યક વિકાસના ખર્ચા કર્યા નથી તે સંદર્ભમાં ટ્રસ્ટોની આર્થિક પરિસ્થિતિની જાણકારી મેળવવી સ્થાનિક તપાસસમિતિ માટે આવશ્યક નથી?

ઉત્તર ૭ : (ઘ) ઉપર પ્રશ્ન ૭ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : (ક) યુનિવર્સિટી પરીક્ષાઓમાં વિવિધ નિમણૂકો કરવાની સત્તા, યુનિવર્સિટીના કાયદા મુજબ સિન્ડિકેટને હસ્તક છે તે વાત સાચી છે?

ઉત્તર ૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૮ : (ખ) આવી સત્તા સિન્ડિકેટ, પોતે વાપર્યા વગર, અન્ય કોઈને છેવટની નિમણૂકો કરવાની સોંપી દે તો ચાલી શકે?

ઉત્તર ૮ : (ખ) સિન્ડિકેટ પોતાની સત્તા વાપર્યા વિના પરીક્ષકોની નિમણૂકો કરવાની સત્તા સોંપી શકે નહીં.

પ્રશ્ન ૯ : (ક) રૂ. ૫૦ હજારની ઋણમુકત અસ્કામત, કૉલેજનું સંચાલન કરનાર ટ્રસ્ટ પાસે હોવી જોઈએ તેવી જોગવાઈ યુનિવર્સિટી ધારાધોરણમાં છે?

ઉત્તર ૯ : (ક) જૂન ૧૯૬૮થી જે નવી કૉલેજો અસ્તિત્વમાં આવી તેમને જોડાણ આપવા માટેની શરતો પૈકી એક શરત નીચે મુજબની મૂકવામાં આવી હતી :

> "રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનર / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

પ્રશ્ન ૯ : (ખ) આવી જોગવાઈની ચકાસણી કરવાનાં વ્યવસ્થા અને તંત્ર શું છે?

ઉત્તર ૯ : (ખ) ઉપર પ્રશ્ન ૯ (ક)માં શરતનો પાઠ ટાંકયો છે તેમાં નિર્દિષ્ટ પ્રમાણપત્ર પર્યાપ્ત ગણવામાં આવે છે.

પ્રશ્ન ૯ : (ગ) જૂન ૧૯૬૯થી નવી અસ્તિત્વમાં આવેલી કૉલેજોનાં નામ આપી તેમની અસ્કામતો અને દેવાંની પરિસ્થિતિની માહિતી વર્ષ દીઠ આપી શકાશે?

ઉત્તર ૯ : (ગ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૯"** જોવા વિનંતી છે.

[૧૩] **આચાર્ય એન. બી. જોશી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ અને લૉ વિદ્યાશાખા ધરાવતી વિવિધ કૉલેજોની સંખ્યા કેટલી છે?

ઉત્તર ૧ : (ક) ૧૨૬.

પ્રશ્ન ૧ : (ખ) ઉપરોક્ત કૉલેજોમાંથી યુનિવર્સિટી ધારાધોરણ મુજબ અધ્યાપકો સહિતના કર્મચારીઓના ૫૦ ટકા કરતાં ઓછા નહિ તેવા ટ્રસ્ટીઓ ધરાવતા પ્રૉવિડંટ ફંડ અંગેનાં ટ્રસ્ટો કઈ કૉલેજમાં રચાયાં નથી તેનાં નામો આપશો?

ઉત્તર ૧ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ગ) જે કૉલેજોમાં આવાં ટ્રસ્ટો રચવામાં આવ્યાં છે તેમાં અધ્યાપકો સહિતના કર્મચારીઓના પ્રતિનિધિઓમાં માત્ર આચાર્યો હોય તેવી કઈ કઈ કૉલેજો છે?

ઉત્તર ૧ : (ગ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ " ૨૧ "** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ઘ) જે જે કૉલેજોમાં પ્રૉવિડંટ ફંડનો વહીવટ કરવા માટે આવાં ટ્રસ્ટો રચાયાં હોય ત્યાં પણ અધ્યાપકો સહિતના કર્મચારીઓ અને સંસ્થાનો ફાળો તે ટ્રસ્ટોને સોંપવામાં આવ્યો ન હોય તેવી કઈ કઈ કૉલેજો છે?

ઉત્તર ૧ : (ઘ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ચ) કઈ કઈ કૉલેજોમાં ૧૯૭૧--૭૨ના વર્ષના પ્રૉવિડંટ ફંડમાં જમા થયેલી રકમ આવાં ટ્રસ્ટોને અપાઈ નથી?

ઉત્તર ૧ : (ચ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (છ) ૧૯૭૧--૭૨ના વર્ષ પહેલાંના અધ્યાપકો સહિતના કર્મચારીઓ અને સંસ્થાનો પ્રૉવિડંટ ફંડ-ફાળો જે તે કૉલેજો અથવા આગ્રી કૉલેજોનો વહીવટ કરતાં ટ્રસ્ટો કે સોસાયટી પાસે કેટલી રકમનો છે તેની કૉલેજ દીઠ માહિતી આપી શકાશે?

ઉત્તર ૧ : (છ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) યુવક કલ્યાણ પ્રવૃત્તિ નિમિત્તે વિવિધ કૉલેજોને કયા કયા વિભાગોમાં વહેંચવામાં આવી છે? આવા દરેક વિભાગમાં કેટલી કૉલેજો છે?

ઉત્તર ૨ : (ક) યુવક કલ્યાણ પ્રવૃત્તિઓના હેતુ માટે સંલગ્ન કૉલેજો પ્રત્યેક વિભાગો અને તેમાં મૂકવામાં આવેલી કૉલેજોની સંખ્યા અંગેની માહિતી નીચેના ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે અને તેની સામે જણાવેલ સંખ્યા મુજબ કૉલેજો આવેલી છે :

(૧) ઓલિસબ્રિજ વિભાગ	...	૨૭
(૨) અમદાવાદ શહેર વિભાગ	...	૨૮
(૩) ઉત્તર વિભાગ	...	૪૦
(૪) દક્ષિણ વિભાગ	...	૪૧

પ્રશ્ન ૨ : (ખ) ૧૯૭૦--૭૧ અને ૧૯૭૧--૭૨ ના વર્ષ દરમિયાન આવા યુરક કલ્યાણ વિભાગોએ જે કુલ ખર્ચ કર્યું છે તેની વર્ષ દીઠ અને ઝોન દીઠ માહિતી આપી શકાશે?

ઉત્તર ૨ : (ખ) આ માહિતી નીચે પ્રમાણે છે :

યજમાન કૉલેજ	વર્ષ	રૂ. પૈ.
(૧) એલિસબ્રિજ વિભાગ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૭૦--૭૧	૬,૩૭૫--૪૫
	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૭૧--૭૨	૭,૮૬૭--૫૨
(૨) અમદાવાદ શહેર વિભાગ	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯૭૦--૭૧	૬,૯૨૦--૯૪
	સરસપુર આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૭૧--૭૨	૮,૬૩૧--૫૧
(૩) ઉત્તર વિભાગ	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	૧૯૭૦--૭૧	૧૪,૧૧૭--૩૮
	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)	૧૯૭૧--૭૨	૧૭,૫૨૯--૪૩
(૪) દક્ષિણ વિભાગ	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	૧૯૭૦--૭૧	૧૪,૫૦૨--૫૮
	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	૧૯૭૧--૭૨	૨૨,૩૦૯--૯૨

પ્રશ્ન ૨ : (ગ) આવા કુલ ખર્ચમાં ઉપરોકત બન્ને વર્ષોમાં મીટિંગો માટે ભાડા--ભથ્થાનો ખર્ચ કેટલો થયો છે? વિભાગ દીઠ અને વર્ષ દીઠ આવા ખર્ચની માહિતી આપી શકાશે?

ઉત્તર ૨ : (ગ) વિભાગોના અધ્યક્ષ પાસેથી માહિતી મંગાવતાં જે માહિતી આવી છે તે નીચે પ્રમાણે છે:

અમદાવાદ શહેર વિભાગ	૧૯૭૦--૭૧	આ વિભાગોમાં સ્થાનિક સભ્યો જ હોઈ તેમના ભાડા-ભથ્થાનો પ્રશ્ન ઊભો થતો નથી.
	૧૯૭૧--૭૨	
એલિસબ્રિજ વિભાગ	૧૯૭૦--૭૧	
	૧૯૭૧--૭૨	

		રૂ. પૈ.
ઉત્તર વિભાગ	૧૯૭૦--૭૧	૨,૯૬૩--૦૦
	૧૯૭૧--૭૨	૪,૩૩૦--૦૦
દક્ષિણ વિભાગ	૧૯૭૦--૭૧	૧,૦૭૩--૫૫
	૧૯૭૧--૭૨	૨,૯૬૩--૦૦

પ્રશ્ન ૨ : (ધ) એ વાત સાચી છે કે કેટલીક વખત માત્ર આ પ્રવૃત્તિ અંગે વેન્યુ નક્કી કરવા માટે તેમ જ એજન્ડા પરનાં નજીવાં કાર્યો અંગે આવી મીટિંગો બોલાવાઈ છે?

ઉત્તર ૨ : (ધ) ના. જી.

પ્રશ્ન ૨ : (ચ) અને ગરીબ વિદ્યાર્થીઓનાં નાણાં વેડફાયાં છે?

ઉત્તર ૨ : (ચ) આ અભિપ્રાયનો વિષય છે.

પ્રશ્ન ૨ : (છ) ૧૯૭૦--૭૧ અને ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન આવા વિભાગોની કૉલેજોમાંથી વિદ્યાર્થી દીઠ લેવાતો ફાળો કેટલો નક્કી થયો હતો?

ઉત્તર ૨ : (છ) સદરહુ માહિતી નીચે મુજબ છે :

વિભાગ	વર્ષ	વિદ્યાર્થી દીઠ ફાળો રૂ. પૈ.
એલિસબ્રિજ વિભાગ	૧૯૭૦--૭૧	૦૦--૨૫
	૧૯૭૧--૭૨	૦૦--૨૫
અમદાવાદ શહેર વિભાગ	૧૯૭૦--૭૧	૦૦--૩૫
	૧૯૭૧--૭૨	૦૦--૩૫
ઉત્તર વિભાગ	૧૯૭૦--૭૧	૦૦--૬૦
	૧૯૭૧--૭૨	૦૦--૬૦
દક્ષિણ વિભાગ	૧૯૭૦--૭૧	૦૦--૯૦
	૧૯૭૧--૭૨	૦૦--૯૦

પ્રશ્ન ૨ : (જ) જુદી જુદી વિભાગીય સમિતિઓ આ ફાળામાં ફેરફાર કરે તો તે અંગે યુનિવર્સિટીની મંજૂરી લેવી પડે છે ?

ઉત્તર ૨ : (જ) ના, જી.

પ્રશ્ન ૨ : (ઝ) જો આ ફાળાનો વધારો યુનિવર્સિટી મંજૂર કરતી હોય તો આ ફાળો કૉલેજ માટે આપવો ફરજિયાત બને ખરો ?

ઉત્તર ૨ : (ઝ) હા, જી. કૉલેજો માટે ફાળો આપવો સિન્ડિકેટના ઠરાવથી ફરજિયાત છે.
(તા. ૧--૧૨--૧૯૬૨ અને તા. ૨૫--૮--૧૯૬૨ની સભાના ઠરાવ અન્વયે.)

પ્રશ્ન ૨ : (ટ) યુનિવર્સિટીઓ જુદા જુદા યુવક કલ્યાણ વિભાગોને અનુદાન કે નાણાકીય સહાય કરી છે, તેની વર્ષ દીઠ અને વિભાગ દીઠ માહિતી આપી શકાશે?

ઉત્તર ૨ : (ટ) સદરહુ માહિતી નીચે મુજબ છે :

વિભાગ	અનુદાન	વર્ષ
ઉત્તર વિભાગ	રૂ. ૩,૦૦૦--૦૦	૧૯૭૦--૭૧
દક્ષિણ વિભાગ	રૂ. ૩,૦૦૦--૦૦	૧૯૭૧--૭૨
અમદાવાદ શહેર વિભાગ	રૂ. ૧,૦૦૦--૦૦	૧૯૭૦--૭૧
એલિસબ્રિજ વિભાગ	રૂ. ૧,૦૦૦--૦૦	૧૯૭૧--૭૨

પ્રશ્ન ૩ : (ક) જુદી જુદી કૉલેજોમાંથી વિદ્યાર્થી સહાય ભંડોળ (સ્ટુડન્ટ્સ એઈડ ફંડ) માંથી અપાતી સહાય આપવાના નિર્ણયોમાં વિદ્યાર્થી પ્રતિનિધિ હોવો જોઈએ તેવી યુ.જી.સી. તરફથી કોઈ જોગવાઈ છે?

ઉત્તર ૩ : (ક) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલા સદરહુ નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈ છે.

નિયમ નં. ૮ :

The fund will be administered by the college concerned. Students will be associated in a suitable manner with the body appointed to administer the fund.

પ્રશ્ન ૩ : (ખ) આવી જોગવાઈ જો હોય તો જોગવાઈ પ્રમાણે કેટલી કૉલેજોમાં વિદ્યાર્થી પ્રતિનિધિ રાખવામાં આવતો નથી?

ઉત્તર ૩ : (ખ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૫"** જોવા વિનંતી છે.

[૧૪] **પ્રા. અંબુભાઈ દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) પ્રા. અ. ય. ભટ્ટે જૂન, ૧૯૬૬થી મે, ૧૯૬૮ સુધી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી છે, અને તે પછી તેમને છૂટા કરવામાં આવતાં તેમને હજી સુધી તેમની યુ.જી.સી. સૂચિત નવાં પગારધોરણો પ્રમાણેની એરિયર્સની રકમ ચૂકવવામાં આવી નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) જો સાચી હોય તો સંસ્થાએ તે રકમ કેમ ચૂકવી નથી?

ઉત્તર ૧ : (ખ) સંસ્થા છોડયા પછીનું તેમનું સરનામું ઉપલબ્ધ ન હોવાથી.

પ્રશ્ન ૧ : (ગ) હવે કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧ : (ગ) એમનું સરનામું પ્રાપ્ત થયે નરત જ.

પ્રશ્ન ૧ : (ઘ) તેમને કેટલી રકમ ચૂકવવાની થાય છે?

ઉત્તર ૧ : (ઘ) સંસ્થાએ જણાવ્યા પ્રમાણે કુલ લેણા થતા રૂ. ૧,૫૧૫—૦૧માંથી દશમા ભાગ લેખે બે હપતાના રૂ. ૩૦૩.

પ્રશ્ન ૧ : (ચ) યુનિવર્સિટીને આ અંગે ફરિયાદ મળી હોય તો યુનિવર્સિટીએ શું પગલાં લીધાં?

ઉત્તર ૧ : (ચ) પ્રા. અ. ય. ભટ્ટ તરફથી યુનિવર્સિટીને ફરિયાદ મળી નથી.

પ્રશ્ન ૨ : (ક) પ્રો. પાઠકજીને નડિયાદની સી. બી. આર્ટ્સ કૉલેજમાં, યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂકીને તેમની એરિયર્સની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ?

ઉત્તર ૨ : (ક) ના, જી

પ્રશ્ન ૨ : (ખ) ગઈ સેનેટમાં કુલસચિવશ્રીએ માહિતી આપી હતી કે યુનિવર્સિટીએ આ સંસ્થાને અનેક વાર પત્રો લખીને આ પગારધોરણ પ્રમાણે તેમને એરિયર્સ ચૂકવવામાં આવે; છતાં સંસ્થાએ હજી સુધી તેમ કર્યું છે ખરું?

ઉત્તર ૨ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨ : (ગ) જો સંસ્થા યુનિવર્સિટીના પત્રો અને નિયમોનો અનાદર કરતી હોય તો પછી અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ બીજાં કોઈ કડક પગલાં લેવાનું નક્કી કર્યું છે ખરું?

ઉત્તર ૨ : (ગ) તે વિચારવાનું કામ એકિઝકયુટિવ કાઉન્સિલનું છે.

પ્રશ્ન ૨ : (ઘ) આ માટે કૉલેજની ગ્રાન્ટ અટકાવવાનું યુનિવર્સિટી સૂચવી શકે કે કેમ?

ઉત્તર ૨ : (ઘ) તે વિચારવાનું કામ એકિઝકયુટિવ કાઉન્સિલનું છે.

પ્રશ્ન ૨ : (ચ) આ અધ્યાપક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નું યુ.જી.સી. પગારધોરણ મેળવવાને પાત્ર બને છે કે કેમ?

ઉત્તર ૨ : (ચ) ના, જી.

પ્રશ્ન ૨ : (છ) યુનિવર્સિટીને આ અંગે અધ્યાપક તરફથી ફરિયાદ મળી છે કે કેમ?

ઉત્તર ૨ : (છ) હા, જી.

પ્રશ્ન ૨ : (જ) યુનિવર્સિટીએ અધ્યાપકને તે અંગે જવાબ આપ્યો છે કે કેમ?

ઉત્તર ૨ : (જ) હા, જી.

પ્રશ્ન ૩ : (ક) બનાસકાંઠા આર્ટ્સ અને સાયન્સ કૉલેજના અધ્યાપકોને તેમના કયા કયા મહિનાઓનો અને કુલ કેટલા મહિનાઓનો પગાર હજી સુધી ચૂકવાયો નથી?

ઉત્તર ૩ : (ક) જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ૧૯૭૩ના પગારો બાકી છે.

પ્રશ્ન ૩ : (ખ) સંસ્થાએ તે પગાર કેમ ચૂકવ્યો નથી?

ઉત્તર ૩ : (ખ) નાણાની જોગવાઈ ન હોવાને કારણે.

પ્રશ્ન ૩ : (ગ) એ બાકી પગાર હવે કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૩ : (ગ) "ટૂંક સમયમાં જ ફંડ મળી જશે ત્યારે વ્યવસ્થા થઈ જશે," એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩ : (ઘ) અધ્યાપકોનો પગાર એમના પ્રોવિડંટ ફંડની રકમમાંથી ચૂકવાયો છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૩ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૩ : (ચ) આવું સંસ્થા કરી શકે કે કેમ?

ઉત્તર ૩ : (ચ) સંલગ્ન કૉલેજે આવું કરવું જોઈએ નહીં.

પ્રશ્ન ૩ : (છ) પાલનપુરની એ કૉલેજે તા. ૧--૪--૧૯૬૬ પછી જોડાયેલા અધ્યાપકોને તેમના હપતાની બાકી રકમ ચૂકવી નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૩ : (છ) હા, જી.

પ્રશ્ન ૩ : (જ) તા. ૧--૪--૧૯૬૬ પહેલાંના અધ્યાપકોને તેમના ડી.એ.ના તફાવત તથા ઘરભાડાના તફાવતની રકમ ચૂકવી છે ખરી?

ઉત્તર ૩ : (જ) ના, જી.

પ્રશ્ન ૩ : (ઝ) ૧૯૭૦--૭૧ના પગાર પરની એરિયર્સ અધ્યાપકોને ચૂકવી નથી તે સાચું છે?

ઉત્તર ૩ : (ઝ) હા, જી.

પ્રશ્ન ૩ : (ટ) અધ્યાપકોએ આ અંગે ડી.ઈ.ને તથા યુનિવર્સિટીને ફરિયાદ કરી છે ખરી?

ઉત્તર ૩ : (ટ) હા, જી.

પ્રશ્ન ૩ : (ઠ) યુનિવર્સિટીએ અને ડી.ઈ.એ તે અંગે શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૩ : (ઠ) યુનિવર્સિટી તરફથી તે ચૂકવી આપવા માટે કૉલેજને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૪ : (ક) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હિમતનગરમાં યુ.જી.સી. પગારધોરણો પ્રમાણે અધ્યાપકોને તેમના એરિયર્સની રકમ ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૪ : (ક) હા, જી.

પ્રશ્ન ૪ : (ખ) દરેક અધ્યાપકની પગાર--તફાવત, મોંઘવારી ભથ્થા તફાવત, ઘરભાડા ભથ્થા તફાવત અને પી.એફ. તફાવતની કેટલી કેટલી રકમ સંસ્થામાં લેણી છે?

ઉત્તર ૪ : (ખ) કૉલેજે નીચે પ્રમાણે માહિતી આપી છે :

"(૧) સને ૧૯૭૦—૭૧નો યુ.જી.સી. પગાર તફાવત	રૂ. ૧૪,૮૨૪—૮૮
(૨) તા. ૧—૪—'૬૬ પહેલાંના શિક્ષકોની મોંઘવારી, મકાનભાડા	રૂ. ૬,૩૦૩—૬૦
(૩) તા. ૧—૪—'૬૬ પછીના શિક્ષકોની મોંઘવારી, મકાનભાડા	રૂ. ૬૯૪—૧૦
(૪) શિક્ષકોને યુ.જી.સી. પગારધોરણ આગતા પ્રોવિડંટ ફંડ તફાવત	રૂ. ૧,૮૩૮—૫૦
	રૂ. ૨૩,૬૬૧—૦૮

પ્રશ્ન ૪ : (ગ) આ રકમ સંસ્થા અધ્યાપકોને કયાં સુધીમાં ચૂકવવા માંગે છે?

ઉત્તર ૪ : (ગ) કેળવણી મંડળ ડોનેશન મેળવવા માટે પ્રયાસો કરે છે. તે આવતાં તથા સરકારી ગ્રાન્ટ ચાલુ વર્ષની તથા અગાઉનાં વર્ષોની મળતાં શિક્ષકોને નાણાં ચૂકવવામાં આવશે એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૪ : (ઘ) ભૂતપૂર્વ આચાર્યશ્રી ચિતાનંદની બાકી ઘરભાડા ભથ્થાની કેટલી એરિયર્સ સંસ્થાએ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૪ : (ધ) ભૂતપૂર્વ આચાર્ય ટી. પી. ચિતાનંદના જણાવ્યા પ્રમાણે ઘરભાડા ભથ્થા પેટે બાકી નીકળતી રકમ રૂ. ૧,૧૫૧ છે. જ્યારે કૉલેજના હિસાબ પ્રમાણે ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ટી. પી. ચિતાનંદ સાથે થયેલી સમજૂતી પ્રમાણે ઘરભાડા ભથ્થા પેટે કશી રકમ ચૂકવવાની થતી નથી એમ જણાવ્યું છે.

પ્રશ્ન ૪ : (ચ) સંસ્થા તે રકમ કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૪ : (ચ) ઉપર પ્રશ્ન ૪ (ધ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : (ક) તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સમાંથી છૂટા થયેલા અધ્યાપક પ્રો. આર. કે. શાસ્ત્રીને તેમના પગારની બાકી રકમ ન ચૂકવાયાની માહિતી અગાઉની રોનેટ સભાઓમાં આવી ચૂકી છે?

ઉત્તર ૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૫ : (ખ) યુનિવર્સિટી સિન્ડિકેટે પણ સંસ્થાને તે ચૂકવવા અનેક વાર લખ્યું છે, તો તેમ છતાં સંસ્થાએ તે રકમ ચૂકવી છે ખરી?

ઉત્તર ૫ : (ખ) ના, જી.

પ્રશ્ન ૫ : (ગ) તો હવે આ સંસ્થા સામે યુનિવર્સિટી શાં પગલાં ભરવા માગે છે?

ઉત્તર ૫ : (ગ) તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારવાનું રહેશે.

પ્રશ્ન ૫ : (ધ) તેમની ગ્રાન્ટ અટકાવવાની ભલામણ કરવા યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે ખરી?

ઉત્તર ૫ : (ધ) ના, જી.

પ્રશ્ન ૫ : (ચ) હવે પછી તેમ કરી શકે કે કેમ?

ઉત્તર ૫ : (ચ) ઉપર પ્રશ્ન ૫ (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬ : (ક) પ્રો. સી. કે. ખંભોળજાની નવાં પગારધોરણોના અમલથી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા અને આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાતમાંથી તેમના એરિયર્સની રકમ હજી સુધી ચૂકવાઈ નથી તો તે કયાં સુધીમાં ચૂકવાશે?

ઉત્તર ૬ : (ક) શ્રી. આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રી. બી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાએ જણાવ્યું છે કે તેઓને એરિયર્સની રકમ ચૂકવવામાં આવી છે, અને હપતાની રકમ રૂ. ૧૨૦ (૭૧–૭૨ તથા ૭૨–૭૩ના વર્ષની) બાકી છે, જે નાણાની સગવડ થયે ચૂકવવામાં આવશે.

શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતે જણાવ્યું છે કે તેમને બે હપતાના પગાર ઉપરાંત મોંઘવારી અને ઘરભાડાની મળી રૂ. ૨૧૨–૮૬ની રકમ ચૂકવી દીધેલી છે.

પ્રશ્ન ૬ : (ખ) તેમને એ બંને સંસ્થામાંથી હપતામાં કેટલી રકમ લેવાની થાય છે?

ઉત્તર ૬ : (ખ) ઉપર પ્રશ્ન ક્રમાંક ૬ (ક) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ક) પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા પ્રાધ્યાપક એન. એફ. સોનીની નવાં પગારધોરણોના અમલથી એચ. આર. એ., ડી.એ. અને પી.એફ.ના તફાવતની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૭ : (ક) રૂ. ૨,૧૦૯-૨૮ની રકમ બાકી રહેલ છે એમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૭ : (ખ) તેઓ છૂટા થયે લગભગ દોઢ વર્ષ થયું છતાં સંસ્થાએ આ રકમ તેમને કેમ ચૂકવી નથી?

ઉત્તર ૭ : (ખ) આર્થિક ભીંસને કારણે તેમની લેણી નીકળતી રકમ કૉલેજના સંચાલકો ચૂકવી શકયા નથી.

પ્રશ્ન ૭ : (ગ) હવે સંસ્થા કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૭ : (ગ) આગામી જૂન માસના અંત સુધીમાં.

પ્રશ્ન ૮ : (ક) સંખેડા આર્ટ્સ કૉલેજના અધ્યાપક શ્રી. કે. સી. દેસાઈને નવાં પગારધોરણો પ્રમાણે સંસ્થાએ ૨૫ ટકા પ્રમાણે રૂ. ૪૦૦-૩૦-૮૦૦ના પગારધોરણમાં હજી સુધી મૂકેલા નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૮ : (ક) હા, જી. વધુમાં કૉલેજે જણાવ્યું છે કે આ અંગે ડિરેકટર ઑફ એજ્યુકેશનની ઑફિસમાં પ્રશ્ન રજૂ કરવામાં આવેલ છે.

પ્રશ્ન ૮ : (ખ) ડી. ઈ. ઑફિસે તે માટે અનેક વાર સંસ્થાને પત્રો લખ્યા અને ગવર્નિંગ બોડીના સભ્યોને રૂબરૂ મળવા બોલાવ્યા છતાં તેઓ ગયા નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૮ : (ખ) ના, જી.

પ્રશ્ન ૮ : (ગ) સંસ્થા આ અંગે યુનિવર્સિટીના તથા સરકારના પરિપત્રોનો અનાદર કરે છે ત્યારે તેમની ગ્રાન્ટ અટકાવવાની ભલામણ યુનિવર્સિટી સરકારને કરી શકે કે કેમ?

ઉત્તર ૮ : (ગ) પ્રશ્ન ૮ (ક) અને (ખ) ના ઉત્તરો જોતાં આ પ્રશ્ન હાલ ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૯ : (ક) કલોલ આર્ટ્સ અને સાયન્સ કૉલેજના અધ્યાપકોને તેમનાં નવાં પગારધોરણ પ્રમાણે ડી.એ. તથા એચ. આર. એ.ના તફાવતની રકમ ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૯ : (ક) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૯ : (ખ) આ કૉલેજ અધ્યાપકોને તે રકમ કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૯ : (ખ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૦ : (ક) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. એન. એમ. મૌલવીને તેમના પી.એફ.ની રકમ અને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે સંસ્થાએ ઉમેરવાના પી.એફ.ની રકમ ચૂકવવાની બાકી છે ખરી?

ઉત્તર ૧૦ : (ક) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૦ : (ખ) આ માટે કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૧૦ : (ખ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૮ : (ગ) અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

ઉત્તર ૧૦ : (ગ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૧ : (ક) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી ઇતિહાસના અધ્યાપક પ્રો. રાવને ક્યારે છૂટા કરવામાં આવ્યા?

ઉત્તર ૧૧ : (ક) તા. ૧૪-૯-૧૯૭૨ના રોજ ફરજના સમય બાદ.

પ્રશ્ન ૧૧ : (ખ) યુનિવર્સિટીએ તે અંગે શું નિર્ણય લીધો?

ઉત્તર ૧૧ : (ખ) સિન્ડિકેટે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ઇતિહાસના લેક્ચરર શ્રી. ડી. એફ. રાવને તેમની સેવાઓનું સાતત્ય તૂટે નહીં તે રીતે તેમને લેક્ચરરની તેમની જગ્યાએ ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું."

પ્રશ્ન ૧૧ : (ગ) યુનિવર્સિટીના નિર્ણયનું પાલન સંસ્થાને કરવા યુનિવર્સિટીએ કૉલેજને કઈ કઈ તારીખે જણાવ્યું?

ઉત્તર ૧૧ : (ગ) નીચેની તારીખોએ:

તા. ૨-૧૦-૧૯૭૨

તા. ૧૩-૧૧-૧૯૭૨

તા. ૨૯-૧૧-૧૯૭૨

તા. ૧૪-૨-૧૯૭૩ કુલપતિશ્રીએ પાઠવેલ પત્ર.

પ્રશ્ન ૧૧ : (ઘ) સંસ્થાએ તેમ છતાં પ્રો. રાવને નોકરી પર લીધા છે ખરા?

ઉત્તર ૧૧ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૧૧ : (ચ) જો લીધા હોય તો તેમની પાસે કયા પ્રકારનું લખાણ સંસ્થાએ માગ્યું હતું?

ઉત્તર ૧૧ : (ચ) ઉપર પ્રશ્ન ૧૧ (ઘ) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૧ : (છ) આવું લખાણ સંસ્થા અધ્યાપક પાસેથી લઈ શકે અથવા માગે તે કેટલે અંશે યોગ્ય છે

ઉત્તર ૧૧ : (છ) ઉપર પ્રશ્ન ૧૧ (ઘ) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૨ : (ક) લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના અધ્યાપકોને કયા કયા મહિનાઓના પગાર ચૂકવવાના બાકી છે?

ઉત્તર ૧૨ : (ક) જાન્યુઆરી, ૧૯૭૩ અને ફેબ્રુઆરી, ૧૯૭૩ના.

પ્રશ્ન ૧૨ : (ખ) સંસ્થા તે ક્યાં સુધીમાં ચૂકવશે?

ઉત્તર ૧૨ : (ખ) આ માસના અંત સુધીમાં ચૂકવાઈ જશે એમ તે સંસ્થાએ જણાવ્યું છે.

પ્રશ્ન ૧૨ : (ગ) એ સંસ્થામાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. એસ. એ. પટેલના પગારની રકમ તથા પી.એફ.ની રકમ હજી સુધી ચૂકવાઈ છે ખરી?

ઉત્તર ૧૨ : (ગ) ના, જી. પરંતુ સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે શ્રી. એસ. એ. પટેલનો વૅકેશન પગાર બાકી છે જ્યારે સંસ્થાએ તેમની પાસેથી ત્રણ મહિનાનો નોટિસ પે લેવાનો થાય છે.

પ્રશ્ન ૧૨ : (ઘ) યુનિવર્સિટીને આ અંગે ફરિયાદ કયારે મળી ?

ઉત્તર ૧૨ : (ઘ) તા. ૧૩-૧૧-૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૧૨ : (ચ) અને યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં ભર્યાં ?

ઉત્તર ૧૨ : (ચ) વૅકેશન પગાર અંગે ઉપર પ્રશ્ન ૧૨ (ગ) નો ઉત્તર જોવા વિનંતી છે, જ્યારે કૉલેજને તેમના પી. ઓફ. ના હક્કનાં નાણાં સત્વરે ચૂકવી આપવા યુનિવર્સિટીએ જણાવ્યું છે.

પ્રશ્ન ૧૨ : (છ) એમનો નોટિસ-પે કાપીને બાકીનો વૅકેશન પગાર મેળવવાને આ અધ્યાપક હકદાર છે કે કેમ?

ઉત્તર ૧૨ : (છ) ઉપર પ્રશ્ન ૧૨ (ગ) નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨ : (જ) યુનિવર્સિટીએ તે અંગે સંસ્થાને લખ્યું છે ખરું ?

ઉત્તર ૧૨ : (જ) પગાર અંગે ઉપરના પ્રશ્ન ૧૨ (ગ) નો ઉત્તર જોવા વિનંતી છે. તેઓને પ્રોવિડંટ ફંડની રકમ ચૂકવી આપવા માટે જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૩ : (ક) પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાંથી પ્રો. સીતારામ એન. પટેલ કયારે છૂટા થયા ?

ઉત્તર ૧૩ : (ક) તા. ૧૪-૩-૧૯૭૧થી.

પ્રશ્ન ૧૩ : (ખ) એમનાં નવાં પગારધોરણો પ્રમાણે પ્રથમ હપતાની રકમ તથા ડી.અ., એચ.આર.એ. તથા પી.એફ.ના તફાવતની રકમ હજી સુધી ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧૩ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૩ : (ગ) આ અધ્યાપકની જૂના મોંઘવારી ભથ્થાની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

ઉત્તર ૧૩ : (ગ) રૂ. ૧૭૬--૦૦ની રકમ ચૂકવવાની બાકી હોવાનું કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૧૩ : (ઘ) આ બધી રકમ સંસ્થા અધ્યાપકને કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૩ : (ઘ) તેમની લેણી નીકળતી રકમ આગામી જૂન માસના અંત સુધીમાં ચૂકવી આપવામાં આવશે એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૩ : (ચ) યુનિવર્સિટીને આ અધ્યાપકે ફરિયાદ કયારે કરી?

ઉત્તર ૧૩ : (ચ) શ્રી. એસ. એન, પટેલે કૉલેજના આચાર્યને લખેલા તા. ૧૯--૨--૧૯૭૩ના પત્રની નકલ યુનિવર્સિટીને મોકલી છે.

પ્રશ્ન ૧૩ : (છ) યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૧૩ : (છ) શ્રી. પટેલની જે રકમ લેણી હોય તે ચાલુ માસના અંત સુધીમાં ચૂકવી આપવા માટે કૉલેજને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૧૪ : (ક) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. એસ. વી. નાડકર્ણીને યુ.જી.સી. એરિયર્સ પ્રમાણે તેમના હપતાની રકમ ચૂકવાઈ છે ખરી?

ઉત્તર ૧૪ : (ક) ના, જી. (સદરહુ કૉલેજ આર્ટ્સ એન્ડ કૉમર્સ છે.)

પ્રશ્ન ૧૪ : (ખ) તેમની કુલ એરિયર્સ તથા હપતાની કેટલી રકમ ચૂકવવાની થાય છે?

ઉત્તર ૧૪ : (ખ) રૂ. ૨,૨૮૧--૪૩ પૈસાની રકમ બાકી હોવાનું કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૧૪ : (ગ) સંસ્થાને, ડી.ઈ.ને તથા યુનિવર્સિટીને આ અધ્યાપકે ફરિયાદ કરી છે ખરી?

ઉત્તર ૧૪ : (ગ) કૉલેજને તથા શિક્ષણ નિયામકની કચેરીને અધ્યાપકે ફરિયાદ કર્યાની જાણ યુનિવર્સિટી કાર્યાલયને નથી પરંતુ યુનિવર્સિટીને સદરહુ અધ્યાપકે ફરિયાદ કરી છે.

પ્રશ્ન ૧૪ : (ઘ) યુનિવર્સિટીએ તથા સંસ્થાએ તે અંગે શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૧૪ : (ઘ) આ માસના અંત સુધીમાં ચૂકવી આપવા માટે કૉલેજને સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૧૪ : (ચ) સંસ્થા આ રકમ અધ્યાપકને કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૪ : (ચ) સંસ્થા ટૂંક સમયમાં જ આ રકમ અધ્યાપકને ચૂકવી આપવા માગે છે.

પ્રશ્ન ૧૫ : (ક) ભાદરણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા ડેમોન્સ્ટ્રેટર શ્રી. વિઠ્ઠલભાઈ પટેલને સંસ્થાએ તેમના યુ.જી.સી. એરિયર્સના હપતાની રકમ ચૂકવી નથી તે સાચું છે?

ઉત્તર ૧૫ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૫ : (ખ) સંસ્થા તે રકમ કયાં સુધીમાં ચૂકવવા માંગે છે ?

ઉત્તર ૧૫ : (ખ) ઉપર પ્રશ્ન ૧૫ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૬ : (ક) ભાદરણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. કે. ડી. પટેલને તેમના પગારની લેણી રકમ ચૂકવવાની બાકી છે ખરી?

ઉત્તર ૧૬ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૬ : (ખ) જો ચૂકવાઈ હોય તો કેટલી રકમ, કયારે ચૂકવાઈ?

ઉત્તર ૧૬ : (ખ) શ્રી. કે. ડી. પટેલે તેમના તા. ૧૫--૨--'૭૩ના પત્રથી યુનિવર્સિટીને જાણ કરી છે કે તેમના પગારનાં લેણાં નાણાં અંગે સમજૂતી મેળવી લીધી છે. તેથી હવે ભાદરણ કૉલેજ પાસે તેમને કોઈ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૬ : (ગ) યુનિવર્સિટીએ અધ્યાપકને કેટલી રકમ ચૂકવવાનું ઠરાવ્યું હતું?

ઉત્તર ૧૬ : (ગ) સિન્ડિકેટના તા. ૧૧--૪--૧૯૭૨ના ઠરાવમાં ચોક્કસ રકમ અંગે ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૧૬ : (ઘ) સંસ્થાએ ઓછી રકમ ચૂકવવાનો નિર્ણય કેમ લીધો?

ઉત્તર ૧૬ : (ઘ) ઉપરના પ્રશ્ન ૧૬ (ખ)ના ઉત્તરથી વિશેષમાં સંસ્થાના સદરહુ નિર્ણયની યુનિવર્સિટીને જાણ નથી.

પ્રશ્ન ૧૬ : (ચ) અધ્યાપકે તે રકમ સ્વીકારી ખરી કે કેમ?

ઉત્તર ૧૬ : (ચ) ઉપર પ્રશ્ન ૧૬ (ખ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : (ક) દહેગામ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં સેવા આપી ચૂકેલા અધ્યાપક શ્રી. સી. એમ. પટેલને તેમના યુ.જી.સી. એરિયર્સની કેટલી રકમ ચૂકવવાની થાય છે?

ઉત્તર ૧૭ : (ક) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૭ : (ખ) સંસ્થાએ તેમાંથી કેટલી રકમ ચૂકવી છે?

ઉત્તર ૧૭ : (ખ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૭ : (ગ) સંસ્થા આ અધ્યાપકની બાકી રકમ કયાં સુધીમાં ચૂકવવા માંગે છે?

ઉત્તર ૧૭ : (ગ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૮ : (ક) માણસા સાયન્સ કૉલેજમાંથી છૂટા થયેલા ફિઝિકલ ઈન્સ્ટ્રકટર શ્રી. વીરમભાઈ પટેલને તા. ૧–૪–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૮ સુધીનાં તેમનાં નવાં પગારધોરણો પ્રમાણે એચ. આર. એ. અને ડી. એ. ના તફાવતની કેટલી એરિયર્સ લેવાની થાય છે?

ઉત્તર ૧૮ : (ક) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૮ : (ખ) સંસ્થા તેમને આ રકમ કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૮ : (ખ) આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૯ : (ક) છેલ્લાં ચાર વર્ષમાં કઈ કઈ કૉલેજોએ કયા કયા વિષયો બંધ કરવાની યુનિ.ને જાણ કરી છે?

પ્રશ્ન ૧૯ : (ખ) જે તે વિષયો જે તે કૉલેજો શા માટે બંધ કરવા માગે છે?

પ્રશ્ન ૧૯ : (ગ) એ વિષયો જે તે કક્ષાએ જે તે કૉલેજો કયારથી બંધ કરશે અથવા બંધ કરવા માગે છે?

ઉત્તર ૧૯ : (ક), (ખ), (ગ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯ : (ઘ) યુનિવર્સિટીએ આ અંગે તપાસસમિતિ નિયુકત કરી છે તેના સભ્યોનાં નામ આપો.

ઉત્તર ૧૯ : (ઘ) નીચેની છ કૉલેજોની વિષયો બંધ કરવા અંગેની અરજીઓ પર સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં જે સમિતિ નીમી હતી તેના સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે :

કૉલેજોનાં નામ

(૧) શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ

(૨) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ

(૩) ભવન્સ કૉલેજ, ડાકોર

(૪) શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા.

(૫) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ.

(૬) બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદ

સમિતિના સભ્યોનાં નામ

(૧) આચાર્ય એમ. સી. શાહ

(૨) આચાર્ય ડી. પી. ઠાકર

(૩) આચાર્ય એલ. ડી. દવે

(૪) ડૉ. એમ. એન. દેસાઈ

(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૬) શ્રી. હીરાલાલ એચ. ભગવતી.

પ્રશ્ન ૧૯ : (ચ) આ સમિતિએ અત્યાર સુધીમાં શું કાર્યવાહી કરી?

ઉત્તર ૧૯ : (ચ) સિન્ડિકેટે નીમેલી સદરહુ સમિતિએ તેનો અહેવાલ રજૂ કર્યો છે.

પ્રશ્ન ૧૯ : (છ) આમાંથી કઈ કઈ કૉલેજોના વિદ્યાર્થીઓ અથવા અધ્યાપકોની વિષયો ખોટી રીતે બંધ કર્યાની ફરિયાદ મળી છે?

ઉત્તર ૧૯ : (છ) ઉપર પ્રશ્ન ૧૯ (ક), (ખ), (ગ)ના ઉત્તરમાં આપેલ કોઠાનું ખાનું નં. ૭ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯ : (જ) યુનિવર્સિટી નિયુક્ત તપાસસમિતિએ તે ફરિયાદો પર શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૧૯ : (જ) આ બાબત અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન તે જ બાબત અંગે આવેલી ફરિયાદ પર જુદી કાર્યવાહી કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૯ : (ઝ) યુનિવર્સિટીને જાણ કર્યા સિવાય કઈ કઈ કૉલેજોએ કઈ કક્ષાએ કયા કયા વિષયો બંધ કર્યા છે?

ઉત્તર ૧૯ : (ઝ) યુનિવર્સિટીને જાણ કર્યા સિવાય કોઈ કૉલેજે કોઈ વિષયનું શિક્ષણકાર્ય બંધ કર્યાનું જણાયું નથી.

પ્રશ્ન ૧૯ : (ટ) યુનિવર્સિટીને આવી કોઈ બાબતમાં ફરિયાદ મળી હોય તો તેની વિગતો આપશો.

ઉત્તર ૧૯ : (ટ) યુનિવર્સિટીને જાણ કર્યા સિવાય કોઈ કૉલેજે કોઈ વિષયનું શિક્ષણકાર્ય બંધ કર્યું હોવાની ફરિયાદ મળી નથી.

પ્રશ્ન ૨૦ : (ક) બોરસદ સાયન્સ કૉલેજ, બી. ડી. આર્ટ્સ કૉલેજ, સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, સી. બી. આર્ટ્સ કૉલેજ, નડિયાદે, જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદે, ભવન્સ કૉલેજ, ડાકોરે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાએ, સાયન્સ કૉલેજ, મોડાસાએ, લાલન કૉલેજ, ભૂજે, સાયન્સ કૉલેજ, કપડવંજે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજે કયા કયા વિષયો કઈ કક્ષાએ કયાં સુધીમાં બંધ કરવાની યુનિવર્સિટીને જાણ કરી છે?

ઉત્તર ૨૦ : (ક) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદે કોઈ વિષય બંધ કરવાની જાણ કરી નથી. અન્ય કૉલેજોની માહિતી માટે પ્રશ્ન ૧૯ (ક), (ખ), (ગ)ના ઉત્તરમાં આપેલ કોઠો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦ : (ખ) યુનિવર્સિટીએ આ અંગે શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૨૦ : (ખ) પ્રશ્ન ૧૯ (ધ)ના ઉત્તરમાં નિદર્શિત જે ૬ કૉલેજોએ ઑર્ડિનન્સ ૧૨૦-એફની જોગવાઈઓ મુજબ વિષયો બંધ કરવા પરવાનગી માગી હતી તેઓની અરજીઓ પર વિચારણા કરવા માટે સિન્ડિકેટે તે જ પ્રશ્નના ઉત્તરમાં નિદર્શિત સમિતિ નીમી હતી. સદરહુ સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સિન્ડિકેટે તેની તા. ૧૧—૩—૧૯૭૩ની સભામાં સદરહુ અરજીઓ પર ઘટતાં પગલાં માટે કુલપતિશ્રીને સત્તા આપી છે.

પ્રશ્ન ૨૦ : (ગ) આ કૉલેજો કયાં કારણોસર વિષયો બંધ કરે છે?

ઉત્તર ૨૦ : (ગ) જે કૉલેજોએ વિષય/વિષયો બંધ કરવા અંગે કારણો દર્શાવ્યાં છે તેની માહિતી પ્રશ્ન ૧૯(ક), (ખ), (ગ)ના ઉત્તરમાં આપેલ કોઠામાં ખાના નં. ૬માં આપેલી છે.

પ્રશ્ન ૨૦ : (ઘ) અધ્યાપકો વિદ્યાર્થીઓમાંથી આ કૉલેજો અંગે ફરિયાદો આવી હોય તો તેની વિગતો આપશો.

ઉત્તર ૨૦ : (ઘ) સદરહુ માહિતી માટે પ્રશ્ન ૧૯(ક), (ખ), (ગ)ના ઉત્તરમાં આપવામાં આવેલ કોઠાનું ખાનું નં. ૭ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : (ક) બોરસદ સાયન્સ કૉલેજના અધ્યાપકોને કેટલા મહિનાનો પગાર ચૂકવવાનો બાકી છે?

ઉત્તર ૨૧ : (ક) બે.

પ્રશ્ન ૨૧ : (ખ) તેમના યુ.જી.સી. એરિયર્સના હપતાની રકમ અધ્યાપકોને ચૂકવાઈ છે ખરી?

ઉત્તર ૨૧ : (ખ) હા, જી.

પ્રશ્ન ૨૧ : (ગ) સંસ્થા એ રકમ ક્યાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૨૧ : (ગ) બાકી પગારની ચુકવણી ચાલુ માસના અંત સુધીમાં કરવા માટે સૂચના આપવામાં આવી છે.

પ્રશ્ન ૨૧ : (ઘ) યુનિવર્સિટીને આ અંગે કોઈ ફરિયાદ મળી છે ખરી?

ઉત્તર ૨૧ : (ઘ) ના, જી.

પ્રશ્ન ૨૨ : (ક) અમદાવાદ એજ્યુકેશન ટ્રસ્ટની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પી.એફ.ના નિયમો અમલી બન્યા છે કે કેમ?

ઉત્તર ૨૨ : (ક) ના, જી.

પ્રશ્ન ૨૨ : (ખ) એચ.એલ. કૉમર્સ કૉલેજમાંથી છૂટા થયેલા પ્રા. પટેલને સંસ્થાએ પી.એફ.ની પૂરેપૂરી રકમ ચૂકવી છે ખરી?

ઉત્તર ૨૨ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨૨ : (ગ) એમને કેટલી રકમ ચૂકવવાની થાય છે?

ઉત્તર ૨૨ : (ગ) કૉલેજે જણાવ્યા પ્રમાણે તેમને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના હાલના નિયમો પ્રમાણે રૂ. ૧,૩૯૭—૧૭ તેમનો ફાળો અને રૂ. ૧૫૮—૮૬નો સંસ્થાનો ૪૦ ટકા પ્રમાણેનો ફાળો મળી કુલ રૂ. ૧,૯૫૬—૦૩ ચૂકવી આપેલ છે, જ્યારે યુનિવર્સિટીના નવા નિયમ પ્રમાણે રૂ. ૮૩૮--૩૧ ચૂકવવાના બાકી રહે છે.

પ્રશ્ન ૨૨ : (ઘ) ચારેક વર્ષથી છૂટા થવા છતાં એ અધ્યાપકને હજી સુધી પી.એફ.ની રકમ કેમ ચૂકવાઈ નથી?

ઉત્તર ૨૨ : (ઘ) યુનિવર્સિટીના નિયમને તે સોસાયટીએ હજુ સુધી અમલમાં નહીં મૂકયા હોવાથી.

પ્રશ્ન ૨૨ : (ચ) હવે એ રકમ સંસ્થા ક્યાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૨૨ : (ચ) કૉલેજે જણાવ્યા મુજબ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી યુનિવર્સિટીના નિયમો અમલમાં મૂકે એટલે તરત જ ચૂકવી આપવામાં આવશે.

પ્રશ્ન ૨૨ : (છ) યુનિવર્સિટીએ આ અંગે શાં પગલાં ભર્યાં ?

ઉત્તર ૨૨ : (છ) યુનિવર્સિટીએ નિયત કરેલા પ્રૉવિડંટ ફંડના નિયમો અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સત્વરે સ્વીકારી અમલી કરવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા તથા શ્રી. એન. એચ. પટેલને તેમની બાકીની પ્રૉવિડંટ ફંડની રકમ ચૂકવવા કાર્યાલય તરફથી સદરહુ કૉલેજને વખતોવખત લખવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૨ : (જ) જો પત્ર લખ્યા હોય તો કઈ કઈ તારીખે પત્રો લખ્યા?

ઉત્તર ૨૨ : (જ) નીચેની તારીખોએ યુનિવર્સિટી કાર્યાલયે સદરહુ કૉલેજને પત્રો લખ્યા છે:
તા. ૨૦—૧૨—૧૯૭૦, તા. ૨૯—૧૨—૧૯૭૦, તા. ૯—૬—૧૯૭૧, તા. ૨૧—૬—૧૯૭૧, તા. ૨૩—૭—૧૯૭૧, તા. ૪—૯—૧૯૭૧, તા. ૯—૧૨—૧૯૭૧, તા. ૨૪—૧—૧૯૭૨, તા. ૨૨—૨—૧૯૭૨, તા. ૨૯—૩—૧૯૭૨, તા. ૩૧—૫—૧૯૭૨, તા. ૫—૨—૧૯૭૩, તા. ૧૧—૨—૧૯૭૩

પ્રશ્ન ૨૩ : (ક) મોડાસા સાયન્સ કૉલેજમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. એમ. જે. પટેલને રૂ.૨,૭૬૪ની પગારની લેણી રકમ ચૂકવવાની બાકી હતી એવી માહિતી તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સેનેટ સભા વખતે બહાર આવી હતી (કાર્યવાહી નોંધ પૃ. ૭૨), તો તે રકમ અધ્યાપકને ચૂકવાઈ છે ખરી ?

ઉત્તર ૨૩ : (ક) ના, જી. પરંતુ સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે શ્રી. એમ. જે. પટેલના પગારની લેણી નીકળતી ચોક્કસ રકમ અંગે ઉભયપક્ષે મતભેદ છે.

પ્રશ્ન ૨૩ : (ખ) જો ચૂકવાઈ હોય તો કયારે ચૂકવી ?

ઉત્તર ૨૩ : (ખ) ઉપરના પ્રશ્ન ૨૩(ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૩ : (ગ) ન ચૂકવાઈ હોય તો શા માટે નથી ચૂકવાઈ?

ઉત્તર ૨૩ : (ગ) સંસ્થાએ શ્રી. એમ. જે. પટેલને ચૂકવવાની રકમ તથા શ્રી. એમ. જે. પટેલે લેવાની રકમની ગણતરીમાં બન્ને પક્ષે મતભેદ છે.

પ્રશ્ન ૨૩ : (ઘ) યુનિવર્સિટીએ સેનેટ સભા પછી આ અંગે સંસ્થાને કઈ કઈ તારીખે પત્રો લખ્યા ?

ઉત્તર ૨૩ : (ઘ) સેનેટની તા. ૯/૧૦—૧૦—૧૯૭૨ની સભા પછી સદરહુ કૉલેજને શ્રી. એમ. જે. પટેલને આપવાની થતી રકમ અંગે સ્પષ્ટતા કરવા નીચેની તારીખોએ પત્રો લખ્યા :
તા. ૫—૨—૧૯૭૩ અને તા. ૨૧—૨—૧૯૭૩.

પ્રશ્ન ૨૪ : (ક) સાયન્સ કૉલેજ, કપડવંજમાંથી છૂટા થયેલા અધ્યાપકશ્રી એચ. કે. કાલાને એમનાં યુ.જી.સી. પગારધોરણો પ્રમાણેનાં એરિયર્સની પ્રથમ હપતાની રકમ હજી સુધી ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૪ : (ક) ના, જી.

પ્રશ્ન ૨૪ : (ખ) હવે બીજો હપતો ચૂકવવાની આખરી તારીખ આવી છે છતાં હજી પ્રથમ હપતાની રકમ સંસ્થાએ ચૂકવી નથી તો સંસ્થા કયારે ચૂકવવા માગે છે?

ઉત્તર ૨૪ : (ખ) તેઓને પ્રથમ અને દ્વિતીય હપતાની ચુકવણી કરી દીધી છે તેમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૨૪ : (ગ) યુનિવર્સિટીને અધ્યાપકની ફરિયાદ કયારે મળી?

ઉત્તર ૨૪ : (ગ) તા. ૧૮-૧૨-૧૯૭૨ના રોજ.

પ્રશ્ન ૨૪ : (ઘ) યુનિવર્સિટીએ તે પછી શું પગલાં લીધાં?

ઉત્તર ૨૪ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૪ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૪ : (ચ) આ સંસ્થાએ અધ્યાપકોના યુ.જી.સી. પગારોની એરિયર્સ અધ્યાપકોને વહેંચવાને બદલે અધ્યાપકો પાસેથી લોનરૂપે તે રકમ લીધી છે તે માહિતી સાચી છે?

ઉત્તર ૨૪ : (ચ) કપડવંજ સાયન્સ કૉલેજે યુ.જી.સી. પગારોની એરિયર્સ અધ્યાપકોને પૂરેપૂરી વહેંચી દીધી છે એમ જણાવ્યું છે.

પ્રશ્ન ૨૫ : (ક) ૧૯૭૨--૭૩માં કપડવંજની સાયન્સ કૉલેજ તેમ જ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના અધ્યાપકોને પગારો નિયમિત ચૂકવાતા નથી એ બાબત અધ્યાપકોની બૅંક-પાસ-બુકમાંથી જોવા મળે છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૫ : (ક) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"૧૯૭૨--૭૩માં કપડવંજની સાયન્સ કૉલેજના અધ્યાપકોના પગારો બૅંકમાં જમા થાય છે. અનિવાર્ય પ્રસંગ સિવાય નિયમિત પગાર ચૂકવાય છે."

શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"અનિવાર્ય સંજોગોમાં એક--બે વખત સિવાય દરેક માસનો પગાર નિયમિત જે તે માસમાં ચૂકવાયો છે."

પ્રશ્ન ૨૫ : (ખ) કપડવંજની આ કૉલેજોમાંથી અત્યાર સુધીમાં કેટલા આચાર્યો અને અધ્યાપકોને છૂટા કરવામાં આવ્યા અથવા છૂટા થવું પડયું તેની વર્ષવાર માહિતી આપો.

ઉત્તર ૨૫ : (ખ) સદરહુ કૉલેજોએ નીચે પ્રમાણે માહિતી આપી છે :

(૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ :

સદરહુ કૉલેજમાંથી કોઈ પણ આચાર્યને છૂટા કરવામાં આવ્યા નથી. છૂટા કરવામાં આવેલા અધ્યાપકોની વર્ષવાર માહિતી નીચે દર્શાવી છે :

વર્ષ	છૂટા કરાયેલ અધ્યાપકોની સંખ્યા
૧૯૬૪	૨
૧૯૬૮	૧
૧૯૬૯	૧
૧૯૭૦	૧
૧૯૭૨	૧

(૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ :

સદરહુ કૉલેજમાંથી ૧૯૭૨માં એક આચાર્યને છૂટા કરવામાં આવેલા. છૂટા કરાયેલા અધ્યાપકોની વર્ષવાર માહિતી નીચે દર્શાવી છે:

વર્ષ	છૂટા કરાયેલા અધ્યાપકોની સંખ્યા
૧૯૬૪	૧
૧૯૬૮	૧
૧૯૬૯	૨
૧૯૭૦	૧
૧૯૭૧	૧
૧૯૭૨	૧

પ્રશ્ન ૨૫ : (ગ) સાયન્સ કૉલેજમાં તેમ જ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં અલગ ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર્સ જોઈએ તે પ્રમાણે આ કૉલેજોમાં છે ખરા?

ઉત્તર ૨૫ : (ગ) ના, જી.

પ્રશ્ન ૨૫ : (ઘ) જો હોય તો તેમનાં નામ આપશો?

ઉત્તર ૨૫ : (ઘ) ઉપર પ્રશ્ન ૨૫ (ગ) નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૬ : (ક) કપડવંજની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ તથા સાયન્સ કૉલેજમાંથી ચાલુ વર્ષે છૂટા કરવા માટે કયા કયા અધ્યાપકોને નોટિસ આપી છે?

ઉત્તર ૨૬ : (ક) ચાલુ વર્ષે આ કૉલેજોમાંથી છૂટા કરવા માટે કોઈ અધ્યાપકને નોટિસ આપી નથી.

પ્રશ્ન ૨૬ : (ખ) તેઓને કયા કારણે છૂટા કરવા નોટિસ આપી છે?

ઉત્તર ૨૬ : (ખ) ઉપર પ્રશ્ન ૨૬(ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૬ : (ગ) સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીને સંસ્થાએ મંડળના સભ્ય બનાવીને રૂ. ૩,૫૦૦ની રકમ તેમની પાસેથી મેળવી છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૬ : (ગ) કૉલેજે તેમના તા. ૧—૩—૧૯૭૩ના પત્રથી નીચે પ્રમાણે માહિતી ઉપલબ્ધ કરી છે :

> "આ પ્રશ્ન વ્યકિતગત છે. તે અસ્થાને છે, તે છતાં માહિતી ખાતર જણાવું છું કે સાયન્સ કૉલેજના આચાર્ય કે. આર. પટેલ આ જ તાલુકાના વતની છે. તેમને કેળવણી મંડળને ચાર વર્ષ પહેલાં સને ૧૯૬૯-૭૦માં તેમના સ્વ. માતપિતાની સ્મૃતિમાં રૂ. ૩,૦૦૧નું સ્વેચ્છાએ દાન કર્યું છે જે આ આધારે તે મંડળના પણ સભ્ય બને છે. આ દાન વ્યકિતગત છે. તેને કૉલેજના આચાર્યની સાથે સંબંધ નથી."

પ્રશ્ન ૨૭ : (ક) પેટલાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાંથી છૂટા કરેલા અધ્યાપકશ્રીને નોકરી પર પાછા લેવા માટે સિન્ડિકેટની કઈ સભામાં ઠરાવવામાં આવ્યું?

ઉત્તર ૨૭ : (ક) સિન્ડિકેટની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં સદરહુ કૉલેજના ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. બી. એ. જાની અંગે ઠરાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૭ : (ખ) તે પછી યુનિવર્સિટીએ સંસ્થાને તે અંગે કઈ કઈ તારીખે પત્રો લખ્યા?

ઉત્તર ૨૭ : (ખ) સદરહુ કૉલેજને તથા સંસ્થાને નીચેની તારીખોએ પત્રો લખ્યા :

તા. ૩૦--૯--૧૯૭૨, તા. ૧૩-૧૧--૧૯૭૨, તા. ૧--૧૨--૧૯૭૨

તા. ૨૮-૧૨--૧૯૭૨, તા. ૧૧--૧--૧૯૭૩ (સંસ્થાના ટ્રસ્ટીને),

તા. ૧૧--૧--૧૯૭૩ (કુલપતિશ્રીએ પત્ર પાઠવ્યો)

પ્રશ્ન ૨૭ : (ગ) સંસ્થાએ તે અંગે તેનો કોઈ જવાબ આપ્યો હોય તો તેની વિગતો આપશો.

ઉત્તર ૨૭ : (ગ) કૉલેજના તા. ૮--૧--૧૯૭૩ના પત્રમાં અન્ય વિગતો ઉપરાંત મુખ્યત્વે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સંસ્થાને (શ્રી. જનીના શિક્ષણકાર્ય વિષે) તીવ્ર અસંતોષ રહ્યો હતો તેથી તેમનો પ્રોબેશન પિરિયડ પૂરો થતાં તા. ૧૩-૭--૧૯૭૨થી તેમને નોટિસ આપીને છૂટા કરવામાં આવેલ છે."

પ્રશ્ન ૨૭ : (ઘ) યુનિવર્સિટીના નિર્ણયનો સંસ્થાએ હજી સુધી અનાદર કર્યો હોય તો સંસ્થા સામે યુનિવર્સિટી હવે કોઈ નક્કર પગલાં ભરવાનું વિચારે છે કે કેમ?

ઉત્તર ૨૭ : (ઘ) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો તથા ઑર્ડિ. ૧૨૦-ડી ઇત્યાદિને પડકારતી રિટ અરજી ગુજરાતની વડી અદાલતમાં દાખલ થયેલ હોઈ તેના ચુકાદાને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવાનું વિચારવામાં આવશે.

પ્રશ્ન ૨૮ : (ક) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણમાંથી છૂટા થયેલા અધ્યાપક શ્રી. કાયસ્થને તેમની નોકરી દરમિયાન યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં ઓછો પગાર ચૂકવાયો હતો તેવી માહિતી તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સેનેટ-સભામાં બહાર આવી હતી (કાર્યવાહીની નોંધ પૃ. ૭૧) તો તે પ્રમાણે પ્રો. કાયસ્થને તેમની પગારની બાકી રકમ ચૂકવાઈ છે ખરી?

ઉત્તર ૨૮ : (ક) નીચે પ્રશ્ન ૨૮ (ઘ)નો ઉત્તર જોવા વિનંતી છે. તેમાં જણાવેલ તા. ૧૦--૩--૧૯૭૧ના પત્ર પરથી શ્રી. કાયસ્થનો તા. ૨--૧૨--૧૯૭૨નો પત્ર આવેલો છે, જેમાં પગારની રકમ બાકી હોવાનું જણાવ્યું છે.

પ્રશ્ન ૨૮ : (ખ) યુનિવર્સિટીએ આ અંગે સેનેટ-સભા પછી કઈ કઈ તારીખે સંસ્થા સાથે અથવા અધ્યાપક સાથે પત્રવ્યવહાર કર્યો છે?

ઉત્તર ૨૮ : (ખ) સેનેટની તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સભા પછી યુનિવર્સિટી કાર્યાલયે કૉલેજને તથા અધ્યાપકને નીચેની તારીખોએ પત્રો લખ્યા :

(અ) કૉલેજને નીચેની તારીખોએ પત્રો લખ્યા :

તા. ૧૯--૧--૧૯૭૩, તા. ૨૧--૨--૧૯૭૩, તા. ૨૭--૨--૧૯૭૩.

(બ) નીચેની તારીખોએ અધ્યાપકને પત્રો લખ્યા :

તા. ૨૯--૧૧--૧૯૭૨, તા. ૨૧--૨--૧૯૭૩.

પ્રશ્ન ૨૮ : (ગ) સંસ્થા આ રકમ કઈ તારીખ સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૨૮ : (ગ) કૉલેજે નીચે મુજબ જણાવ્યું છે :

"પ્રો. બી. કે. કાયસ્થને સંસ્થા તરફથી એમની નિમણૂક જે શરતોએ થઈ હતી તે શરતો પ્રમાણે એટલે પૂરેપૂરો પગાર ચૂકવી દેવામાં આવેલો છે, એટલે સંસ્થાએ એમને કાંઈ ચૂકવવાનું બાકી રહેતું નથી."

પ્રશ્ન ૨૮ : (ઘ) પ્રો. કાયસ્થે ફરિયાદ પાછી ખેંચી લીધા અંગે સંસ્થાએ યુનિવર્સિટીને તા. ૧૯--૧૧--૧૯૭૧ના પત્રથી શ્રી. કાયસ્થને તા. ૧૩--૩--૧૯૭૧ના પત્રની નકલ મોકલી છે. તે પત્રની શબ્દશ: વિગતો આપશો.

ઉત્તર ૨૮ : (ખ) સદરહુ પત્રની વિગત નીચે પ્રમાણે છે :

"As per our talk on 13--3--1971, I wish to state that I have no complaint against the college about my salary. I thank you for your kind explanation about the matter."

પ્રશ્ન ૨૯ : (ક) બી. ડી. આર્ટ્સ કૉલેજમાં ઑ. ૯૬ની કૉલેજે મોકલેલી માહિતી પ્રમાણે સંસ્કૃતમાં ખંડ સમયના વ્યાખ્યાતા—પ્રાધ્યાપકો—ટ્યૂટર કેટલા છે?

ઉત્તર ૨૯ : (ક) સદરહુ કૉલેજની સને ૧૯૭૨--૭૩ની ઑડિ. ૯૬ની માહિતી પ્રમાણે સંસ્કૃતમાં ખંડ સમયના બે વ્યાખ્યાતા તથા એક પ્રાધ્યાપક છે.

પ્રશ્ન ૨૯ : (ખ) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કેટલા હોવા જોઈએ?

ઉત્તર ૨૯ : (ખ) જગતના ધર્મો સહિત સંસ્કૃત વિષયમાં કુલ ૪૯ તાસનો કાર્યભાર જોતાં અનુસ્નાતક શિક્ષણકાર્ય નહીં કરતા પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક તથા બે વ્યાખ્યાતા છે. તેથી બાકીના ૪ તાસ માટે ઓછામાં ઓછા વધુ એક ખંડ સમયના શિક્ષક, ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર હોવા જરૂરી છે.

પ્રશ્ન ૨૯ : (ગ) આ હકીકત તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સેનેટ સભામાં બહાર આવી (કાર્યવાહી નોંધ પૃ. ૭૧) તે પછી પણ સંસ્થાએ તે પ્રમાણે ખંડ સમયના અધ્યાપકોને હજુ પણ ચાલુ રાખ્યા છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૯ : (ગ) હા, જી.

પ્રશ્ન ૨૯ : (ઘ) યુનિવર્સિટીએ આ અંગે કૉલેજને કઈ કઈ તારીખે પત્રો લખ્યા ?

ઉત્તર ૨૯ : (ઘ) યુનિવર્સિટીએ આ અંગે સેનેટની તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ પછી નીચેની તારીખોએ પત્રો લખ્યા :

તા. ૧૭--૧૧--૧૯૭૨, તા. ૫--૧૨--૧૯૭૨ અને તા. ૨૨--૨--૧૯૭૩.

પ્રશ્ન ૨૯ : (ચ) કૉલેજનો કોઈ જવાબ હોય તો માહિતી આપશો.

ઉત્તર ૨૯ : (ચ) ખંડ સમયના શિક્ષકોની સંખ્યા વિશે સદરહુ કૉલેજે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"૧૯૫૬માં કૉલેજ-સ્થાપના વર્ષથી બહેનોની કૉલેજ તરીકે આ સંસ્થાને શિક્ષકોની પસંદગીમાં વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રાખવું પડયું છે કે યુનિવર્સિટીની લાયકાતનાં ધોરણો ઉપરાંત મહિલા સંસ્થા તરીકેની જવાબદારીને લક્ષમાં રાખીને શકય હોય ત્યાં જ્ઞાનવૃદ્ધો અને ઠરેલ વ્યકિતઓની ઉપસ્થિતિ યોજવી. એટલે જ કૉલેજમાં શીખવાતા દસ સ્પેશિયલ વિષયો માટે આચાર્ય સહિત ૧૧ પૂર્ણ સમયના પ્રાધ્યાપકો હોવા છતાં બીજા ચાર ખંડ સમયના પ્રાધ્યાપકો, જેમની ક્ષમતા શૈક્ષણિક જગતને વિદિત છે, જેવા કે (૧) શ્રી પી. એમ. શ્રીનિવાસાચારી — અર્થશાસ્ત્ર, (૨) શ્રી. જે. જે. પંડયા, સંસ્કૃત–પ્રાકૃત, (૩) શ્રી. કે. કા. શાસ્ત્રી, (૪) ડૉ. અરવિંદરાય શાસ્ત્રી—માનસશાસ્ત્ર, (૫) ડૉ. લીલાબહેન શાહ — ગૃહવિજ્ઞાન-માનસશાસ્ત્ર—આ સર્વેને મેળવ્યાથી સંસ્થા તેટલે અંશે નરવી રહી છે. આ પાંચમાં શ્રી. શાસ્ત્રી, શ્રી. દેસાઈ અને ડૉ. લીલાબહેન તો તેમના વિષયોમાં પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા ધરાવે છે, અને યુનિવર્સિટી સંલગ્ન સંસ્થા સાથેનો તેમનો સંપર્ક આવશ્યક છે."

પ્રશ્ન ૩૦ : (ક) બી. ડી. આર્ટ્સ કૉલેજ સંબંધી તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સેનેટ સભામાં બહાર આવેલી માહિતી પ્રમાણે (કાર્યવાહી નોંધ પૃ. ૭૫) ખંડ સમયના અધ્યાપકોને તેમના મળવાપાત્ર પગારો કરતાં ઓછો પગાર ચૂકવ્યો હતો તે પછી તેમની એ લેણી નીકળતી રકમ સંસ્થાએ ચૂકવી છે ખરી ?

ઉત્તર ૩૦ : (ક) ના, જી.

પ્રશ્ન ૩૦ : (ખ) જો ના, તો કઈ તારીખ સુધીમાં સંસ્થા તે રકમ ચૂકવવા માગે છે?

ઉત્તર ૩૦ : (ખ) "ખંડ સમયના પ્રાધ્યાપકોને મળવાપાત્ર પગાર ફેબ્રુઆરી માસથી આપવા માંડયો છે તેમ જ જે અમુક પ્રાધ્યાપકોને પગાર મળવા પાત્ર કરતાં ઓછો હતો તેમને તેમની બાકીની રકમ માર્ચ માસના પગાર સાથે ચૂકવી આપવામાં આવશે" એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૦ : (ગ) યુનિવર્સિટીએ સેનેટ-સભા પછી સંસ્થાને આ અંગે કઈ કઈ તારીખે પત્રો લખ્યા?

ઉત્તર ૩૦ : (ગ) સેનેટ-સભા પછી યુનિવર્સિટી કાર્યાલયે નીચેની તારીખોએ સદરહુ કૉલેજને પત્રો લખ્યા :

તા. ૧૭--૧૧- ૧૯૭૨, તા. ૫--૧૨--૧૯૭૨ અને તા. ૨૨--૨--૧૯૭૩.

પ્રશ્ન ૩૧ : (ક) તા. ૨૨--૧૧--૧૯૭૨નીં સેનેટ સભાની કાર્યવાહીના શ્રી અંબુભાઈ દેસાઈના પ્રશ્ન ૫(ખ) (કાર્યવાહીની નોંધ પૃ. ૨૮) પ્રમાણે બી. ડી. આર્ટ્સ કૉલેજમાં કેટલાક વિષયમાં ખંડ સમયના અધ્યાપકોની માહિતી આપી હતી. તો ઑ. ૯૬ પ્રમાણે ૧૯૭૨--૭૩ના વર્ષમાં યુનિવર્સિટી નિયમો પ્રમાણે સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ગૃહવિજ્ઞાનમાં દરેકમાં કેટલા ખંડ સમયના શિક્ષકો હોવા જોઈએ અને હાલ કેટલા છે?

ઉત્તર ૩૧ : (ક) સદરહુ કૉલેજની સને ૧૯૭૨—૭૩ની ઑડિ. ૯૬ની માહિતીમાં સદરહુ વિષયોનો કાર્યભાર તથા તે વિષયમાં પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા જોતાં ઑડિ. ૧૨૦–એ અનુસાર સદરહુ પ્રત્યેક વિષયમાં પૂર્ણ સમયના શિક્ષકો વચ્ચે કાર્યભારની વહેંચણી કરતાં બાકી રહેતા કાર્યભાર માટે નીચે જણાવ્યા પ્રમાણે ખંડ સમયના શિક્ષક જોઈએ. હાલમાં સદરહુ વિષયના ખંડ સમયના શિક્ષકની સંખ્યા પણ દર્શાવવામાં આવી છે :

ક્રમાંક	વિષય	યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ખંડ સમયના કેટલા શિક્ષકો હોવા જોઈએ?	ખંડ સમયના શિક્ષકોની અત્યારની સંખ્યા
૧.	સંસ્કૃત	૧	૩
૨.	અંગ્રેજી	૧	૨
૩.	મનોવિજ્ઞાન	૧	૩
૪.	ગૃહવિજ્ઞાન	—	૫

પ્રશ્ન ૩૧ : (ખ) આ અંગે યુનિવર્સિટીએ સંસ્થાને કઈ કઈ તારીખે પત્રો લખ્યા?

ઉત્તર ૩૧ : (ખ) ઑડિ. ૧૨૦--એ પ્રમાણે પૂરા સમયના શિક્ષકો ઉપરાંત એક ખંડ સમયના શિક્ષક વચ્ચે જે તે વિષયના કાર્યભારની વહેંચણી શક્ય હોય તો જ તેથી વધુ ખંડ સમયના શિક્ષકની નિમણૂક ચાલી શકે, અન્યથા નહિ તેવી જોગવાઈ પ્રત્યે સદરહુ કૉલેજનું ધ્યાન નીચેની તારીખોએ પત્રો લખીને દોરવામાં આવ્યું હતું :

તા. ૧૭–૧૧--૧૯૭૨, તા. ૫--૧૨--૧૯૭૨ અને તા. ૨૨--૨--૧૯૭૩.

પ્રશ્ન ૩૧ : (ગ) ડૉ. લીલાબહેન શાહને મનોવિજ્ઞાનમાં ખંડ સમયનાં શિક્ષક બતાવ્યાં છે, તો આર્ટ્સમાં તેઓને મનોવિજ્ઞાનના કેટલા વર્ગો ઑ. ૯૬ પ્રમાણે લેતાં દર્શાવ્યાં છે?

ઉત્તર ૩૧ : (ગ) ઑડિ. ૯૬ની સને ૧૯૭૨--૭૩ની માહિતીમાં મનોવિજ્ઞાન વિષયનો કાર્યભાર વિનયનમાં તથા ગૃહવિજ્ઞાનમાં અલગ અલગ દર્શાવવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૩૧ : (ઘ) હકીકતમાં તેઓ તેટલા વર્ગો આર્ટ્સ મનોવિજ્ઞાનમાં લે છે ખરાં?

ઉત્તર ૩૧ : (ઘ) ઉપરના પ્રશ્ન ૩૧ (ગ) જોવા વિનંતી છે. "એક તાસ ફાળવવામાં આવ્યો છે" તેમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૨ : (ક) સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે તા. ૧--૧--૧૯૭૨થી મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનું યુનિવર્સિટીની તા. ૪--૩--૧૯૭૨ની સભાએ ઠરાવ્યું હતું અને કૉલેજોને તેની જાણ કરી હતી. તે પછી કઈ કઈ કૉલેજોએ યુનિવર્સિટીના તે ઠરાવનો અમલ કર્યો છે?

(ખ) અને કઈ કઈ કૉલેજોએ તેનો અમલ કર્યો નથી?

(ગ) અમલ ન કરવા અંગે કારણો આપેલાં હોય તો તે જણાવશો.

ઉત્તર ૩૨ : (ક), (ખ) અને (ગ): સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૩ : (ક) તા. ૧--૧--૧૯૭૨ના ડી.એ.ના વધારા પછી બીજો ડી.એ.નો વધારો સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને કઈ તારીખથી લાગુ પાડવામાં આવ્યો?

ઉત્તર ૩૩ : (ક) તા. ૧--૧૦--૧૯૭૨થી.

પ્રશ્ન ૩૩ : (ખ) સિન્ડિકેટની કઈ સભામાં તે અંગે નિર્ણય લેવાયો?

ઉત્તર ૩૩ : (ખ) કુલપતિશ્રીના આદેશથી તે વધારો ચૂકવવા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૩૩ : (ગ) અને કૉલેજોને તેની કયારે જાણ કરવામાં આવી?

ઉત્તર ૩૩ : (ગ) તા. ૬--૨--૧૯૭૩ના રોજ.

પ્રશ્ન ૩૩ : (ઘ) આ છેલ્લા ડી.એ.ના વધારાના દર જણાવશો?

ઉત્તર ૩૩ : (ઘ) સદરહુ દર નીચે દર્શાવ્યા છે :

ભેળવેલ મોંઘવારી ભથ્થાના દર		બિનભેળવેલ મોંઘવારી ભથ્થાના દર	
રૂ. ૧૫૩ સુધી	રૂ. ૭	રૂ. ૧૧૩ સુધી	રૂ. ૭
રૂ. ૧૫૪–૩૩૧ ,,	રૂ. ૮	રૂ. ૧૧૪–૨૬૧ ,,	રૂ. ૮
રૂ. ૩૩૨–૪૮૩ ,,	રૂ. ૧૦	રૂ. ૨૬૨–૪૨૩ ,,	રૂ. ૧૦
રૂ. ૪૮૪–૪૯૨ ,,	રૂ. ૪૯૩ થી જેટલો પગાર ઓછો પડે તેટલી રકમ	રૂ. ૪૨૪–૪૩૨ ,,	રૂ. ૪૩૩ થી જેટલો પગાર ઓછો પડે તેટલી રકમ

પ્રશ્ન ૩૩ : (ચ) કઈ કઈ કૉલેજોએ આ છેલ્લા ડી.એ.ના વધારાનો અમલ કર્યો છે?

ઉત્તર ૩૩ : (ચ) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૪ : (ક) ડેમોન્સ્ટ્રેટર--ટ્યૂટર્સ કે જેઓ અનુસ્નાતક પદવી બીજા વર્ગમાં ધરાવે છે અને વ્યાખ્યાતાની લાયકાત ધરાવે છે તેઓને તા. ૧--૪--૧૯૬૬થી રૂ. ૩૦૦નો શરૂઆતનો પગાર તેમના હાલના પગારધોરણમાં આપવાનું કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે, છતાં આપણી યુનિવર્સિટીએ તેનો અમલ હજી સુધી કેમ કર્યો નથી?

ઉત્તર ૩૪ : (ક) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે ઘટતી વિચારણા કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની નીચેની ભલામણનો અમલ રાજ્ય સરકાર પાસેથી જરૂરી આર્થિક સહાય મળ્યેથી કરવાનું રાખવું એવું સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૨--૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હોઈ તે પ્રમાણે રાજ્ય સરકારને ભારત સરકારે સૂચવેલાં પગારધોરણો સ્વીકારવા માટે જરૂરી આર્થિક સહાય આપવા તા. ૨૬–૨–૧૯૭૧ના રોજ, અગ્રિમતાના ધોરણે આગ્રહભરી વિનંતી કરી હતી તથા ત્યાર બાદ પણ રાજ્ય સરકારને વખતોવખત લખવામાં આવેલું છે. રાજ્ય સરકારના તા. ૧૯-૫--૧૯૭૧ના પત્રથી આ બાબતમાં શિક્ષણ નિયામક પાસેથી માહિતી માગવામાં આવી રહી છે તેવું જણાવવામાં આવેલું છે.

પ્રશ્ન ૩૪ : (ખ) ગુજરાત સરકારે તેનો સ્વીકાર ન કર્યો હોય તો યુનિવર્સિટીઓ તે અંગે સરકાર સમક્ષ કયારે કયારે શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૩૪ : (ખ) ઉપર પ્રશ્ન ૩૪ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૪ : (ગ) આ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવા યુનિવર્સિટીઓ એક જુદી સમિતિ નિયુકત કરીને સરકાર સમક્ષ નક્કર રજૂઆત કરવી જોઈએ એમ યુનિવર્સિટીને લાગે છે ખરું?

ઉત્તર ૩૪ : (ગ) આ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૩૪ : (ઘ) સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલનાં પગારધોરણો અંગે ગુજરાત સરકાર સમક્ષ યુનિવર્સિટીઓ રજૂઆત કરી છે ખરી?

ઉત્તર ૩૪ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૩૪ : (ચ) કઈ તારીખે અને શી રજૂઆત કરી છે તે જણાવશો.

ઉત્તર ૩૪ : (ચ) તા. ૨૭--૨--૧૯૭૧ અને તા. ૨૩--૨--૧૯૭૨ના રોજ.

સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોનું પગારધોરણ સુધારવા અંગે સેનેટે તેની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ અને તા. ૮--૧--૧૯૭૨ની સભામાં પસાર કરેલ ઠરાવ પર સિન્ડિકેટે તેની તા. ૫/૬--૨--૧૯૭૨ની સભામાં ઠરાવ્યા પ્રમાણે આ પ્રશ્નને ટોચની અગ્રિમતા આપી રાજ્ય સરકારનો નિર્ણય ત્વરિત જણાવવા ઘટતો પત્ર રાજ્ય સરકારને તા. ૨૩--૨--૧૯૭૨ના રોજ પાઠવ્યો.

તે અગાઉ પણ ગ્રંથપાલનાં પગારધોરણ તા. ૧--૪--૧૯૬૬થી સુધારવા માટે થતા વધારાના ખર્ચ માટે જરૂરી આર્થિક સહાય આપવા તથા તે પ્રશ્નને અગ્રિમતા આપવા રાજ્ય સરકારને તા. ૨૭–૨-૧૯૭૧ના રોજ પત્ર પાઠવ્યો.

પ્રશ્ન ૩૫ : નડિયાદની ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં કામ કરતા ટેકનિકલ સ્ટાફના શિક્ષકોને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના શિક્ષકો કરતાં ઘણાં નીચાં પગારધોરણો આપવામાં આવે છે

તેવી માહિતી અગાઉની સેનેટ-સભા સમક્ષ રજૂ થઈ છે, તો આ ભેદભાવ દૂર કરવા યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૩૫ : સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં એક સમિતિ નીમી છે.

પ્રશ્ન ૩૬ : (ક) ગુજરાત યુનિવર્સિટીમાં આર્ટ્સ, કૉમર્સ જેવી કૉલેજો ઘણી વધી ચૂકી છે એમ યુનિવર્સિટીને લાગતાં નવી કૉલેજને શરૂ ન કરવા અંગે યુનિવર્સિટીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણને આધારે ઠરાવ કરેલો છે. તો એ ઠરાવ યુનિવર્સિટીના કયા સત્તામંડળમાં કઈ તારીખે થયો?

ઉત્તર ૩૬ : (ક) પ્રશ્નમાં જણાવેલ હેતુ માટે સમિતિની નિયુક્તિ થઈ નથી, પરંતુ (૧) અમદાવાદ શહેર (પરા સિવાય), અને (૨) અમદાવાદની બહારના (ગ્રામ) વિસ્તારમાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને ધારાશાસ્ત્રની કૉલેજોની જરૂરિયાતો જોઈતપાસી પોતાનો સુચિંતિત અહેવાલ આપવા સિન્ડિકેટે સમિતિ નીમી હતી જેની ભલામણ સૌપ્રથમ સિન્ડિકેટની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં રજૂ કરવામાં આવતાં તે બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવાનું ઠરાવવામાં આવેલું. તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨-૧૨-૧૯૭૧ની સભાએ અને સિન્ડિકેટની તા. ૯/૧૬-૧-૧૯૭૨ની સભાએ ઠરાવો કરેલા છે.

પ્રશ્ન ૩૬ : (ખ) તે ઠરાવનો પાઠ અહીં આપશો?

ઉત્તર ૩૬ : (ખ) સદરહુ ઠરાવોના પાઠો નીચે પ્રમાણે છે :

સમિતિની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

૧. ૧૯૭૨-૭૩ના વર્ષમાં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી.

૨. ૧૯૭૨-૭૩ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી, પરંતુ વિનયન અને વાણિજ્યની કૉલેજ માટેની અરજી સૂચિત કૉલેજના સ્થળથી આજુબાજુના ૨૦થી ૨૫ માઈલના ક્ષેત્રમાં આવી કોઈ કૉલેજ ન હોય અથવા જે શહેરમાં આ વિદ્યાશાખાની કૉલેજ થવાની હોય તેની વસ્તી ૨૫,૦૦૦ હોય અને ત્યાં એ વિદ્યાશાખા/વિદ્યાશાખાઓની બીજી કૉલેજ અસ્તિત્વમાં ન હોય તો એવી અરજી પર વિચારણા કરવી જોઈએ."

સિન્ડિકેટનો તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨--૧૨--૧૯૭૧ની સભાની ભલામણ

"લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૨--૭૩ના વર્ષમાં યુનિવર્સિટી વિસ્તારમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજ / કૉલેજોની જરૂર જણાતી નથી એમ આ સભાગૃહનો અભિપ્રાય છે, એમ સિન્ડિકેટને જાણ કરવી."

સિન્ડિકેટનો તા. ૯/૧૬--૧--૧૯૭૨નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી."

પ્રશ્ન ૩૬ : (ગ) આ પછી પણ એસ. એન. ડી. ટી.ની કૉલેજો આ યુનિવર્સિટીના વિસ્તારમાં ખૂલતી રહી છે તે પ્રત્યે આ યુનિવર્સિટીએ સરકારનું ધ્યાન દોર્યું છે ખરું?

ઉત્તર ૩૬ : (ગ) ના, જી.

પ્રશ્ન ૩૭ : (ક) નડિયાદની કૉલેજોમાંથી કઈ કૉલેજોએ અધ્યાપકોની સલામતીની શરતો સામે યુનિવર્સિટીના નિર્ણયોને પડકારતી રિટ કોર્ટમાં દાખલ કરી છે?

ઉત્તર ૩૭ : (ક) નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદે સદરહુ રિટ અરજી કરેલી છે.

પ્રશ્ન ૩૭ : (ખ) આ રિટ અંગે કોર્ટ તરફથી યુનિવર્સિટીને નોટિસ ક્યારે મળી?

ઉત્તર ૩૭ : (ખ) તા. ૨૨--૧-૧૯૭૩ના રોજ.

પ્રશ્ન ૩૭ : (ગ) તેની વિગતો આપશો.

ઉત્તર ૩૭ : (ગ) યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોના/માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરીની શરતો અંગે ઘડેલ ઑર્ડિ. ૧૨૦--ડી તથા અન્ય ઑર્ડિ. ૧૨૦--ઈ, ઑર્ડિ. ૧૨૦--એફ ઇત્યાદિ તથા તેના પાલન અંગે સિન્ડિકેટે પસાર કરેલ ઠરાવ રદબાતલ કરવા માટે સદરહુ રિટ અરજીમાં દાદ માગવામાં આવી છે.

પ્રશ્ન ૩૭ : (ઘ) યુનિવર્સિટીએ તે સામે શી કાર્યવાહી તે પછી કરી છે?

ઉત્તર ૩૭ : (ઘ) આ અંગે યુનિવર્સિટી તરફથી ઍડવોકેટને રોકવામાં આવ્યા છે.

પ્રશ્ન ૩૮ : (ક) બી. ડી. આર્ટ્સ કૉલેજનાં પ્રા. મધુરીબહેન પરીખને નામે ઑ. ૯૬ પ્રમાણે ૧૯૭૨--૭૩માં કેટલા તાસ લૉજિકના દર્શાવ્યા છે?

ઉત્તર ૩૮ : (ક) સને ૧૯૭૨--૭૩ની સદરહુ કૉલેજનો ઑર્ડિ. ૯૬ની માહિતીમાં લૉજિક વિષયનો કાર્યભાર અલગ દર્શાવ્યો નથી.

પ્રશ્ન ૩૮ : (ખ) તેઓએ ચાલુ વર્ષે લૉજિક વિષયનો કોઈ વર્ગ લીધો નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૩૮ : (ખ) એક તાસ ફાળવવામાં આવ્યો છે, એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૮ : (ગ) તો પછી તેમના નામે ફાળવેલો લૉજિકનો કાર્યભાર હાલ કયા શિક્ષકો ઉપાડે છે?

ઉત્તર ૩૮ : (ગ) તત્ત્વજ્ઞાનના શિક્ષકો વારાફરતી તાસ લે છે, એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૯ : (ક) બી. ડી. આર્ટ્સ કૉલેજમાં શ્રી. કે. એમ. જોશીને યુનિવર્સિટીના રેકર્ડ માટે ઑ. ૯૬ પ્રમાણે ૧૯૭૨–૭૩માં વ્યાખ્યાતા તરીકે દર્શાવેલા છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૩૯ : (ક) હા, જી.

પ્રશ્ન ૩૯ : (ગ) તો પછી તેઓને કૉલેજમાં વ્યાખ્યાતાનું પગારધોરણ આપવાને બદલે ટ્યૂટરના પગાર ઉપરાંત પર્સનલ પે આપવામાં આવે છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૩૯ : (ગ) રૂ. ૩૫૦ પગાર તેમ જ રૂ. ૨૦ પર્સનલ પે તરીકે આપીને મોંઘવારી ભથ્થું ભેળવેલા દરે ચૂકવવામાં આવે છે, એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩૯ : (ઘ) ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર શ્રી. મકવાણાને પણ આવો પર્સનલ પે આપવામાં આવે છે તે સાચું છે?

ઉત્તર ૩૯ : (ઘ) રૂ. ૩૫૦ પગાર તેમ જ રૂ. ૨૦ પર્સનલ પે તરીકે આપીને મોંઘવારી ભથ્થું ભેળવેલા દરે ચૂકવવામાં આવે છે એમ કૉલેજ તરફથી જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૪૦ : (ક) ગ્રામવિસ્તારમાં પ્રી-યુનિ., એફ.વાય. અને એસ.વાય.ના વર્ગોનું યુનિવર્સિટી પરીક્ષા કેન્દ્ર હોય ત્યાં ટી.વાય.ના વર્ગનું યુનિવર્સિટી પરીક્ષા કેન્દ્ર આપવા માટે તે વિસ્તારમાં આવેલી તમામ વિદ્યાશાખાઓના ટી.વાય.ના વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ની હોવી જોઈએ તેવો સિન્ડિકેટ કે યુનિવર્સિટીનો કોઈ નિયમ કે શરત છે?

ઉત્તર ૪૦ : (ક) સિન્ડિકેટે તેની તા. 3/૪–૧૦–૧૯૭૦ની સભામાં અગાઉ લીધેલ નિર્ણય બદલી સિન્ડિકેટે તેની તા. ૪–૧૨–૧૯૭૧ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ–એપ્રિલ, ૧૯૭૨ના વર્ષની પરીક્ષાઓ માટે કેન્દ્રો નીચે મુજબ રાખવાં :

(૧) ૧૯૭૧ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓ માટે ભૂજ સહિત જે કેન્દ્રો નિયત કરવામાં આવ્યાં હતાં તે તમામ કેન્દ્રો ચાલુ રાખવાં.

(**નોંધ.**— ભૂજ ખાતે પરીક્ષા લેવાની વ્યવસ્થા કેમ કરવી તે બાબતમાં જરૂર જણાય તો શ્રી. પરીક્ષા નિયામકને સ્થાનિક તપાસ કરવા માટે પણ મોકલવા.)

(૨) બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની કોઈ પણ વર્ષની પરીક્ષા માટે નવું કેન્દ્ર રાખવું નહિ.

પ્રશ્ન ૪૦ : (ખ) જો પ્રશ્ન ૪૦ (ક)નો ઉત્તર હકારાત્મક હોય તો કડીમાં આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાઓના બી.વાય.ના વર્ગના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૦૦થી વધુ હોવા છતાં સી. એન. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કડીને ડિસેંબર ૧૯૭૨માં પત્ર દ્વારા ઉપકુલપતિશ્રીએ બી.વાય.ના વર્ગનું યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર આપવાની અશકિત દર્શાવેલ હતી ?

ઉત્તર ૪૦ : (ખ) હા, જી.

પ્રશ્ન ૪૦ : (ગ) શા માટે ?

ઉત્તર ૪૦ : (ગ) ઉપરના પ્રશ્ન ૪૦ (ક)નો જવાબ જોવા વિનંતી છે.

[પ્રશ્નોત્તરી સમાપ્ત

૩. નીચે જણાવેલી કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટા-કલમ (૫) અન્વયે શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૧.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ
૨.	શેઠ એમ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એચ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ
૩.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ
૪.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	...	બી.એ.(બિનસ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.-(સમો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ
૫.	ડીસા નગર પંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	..	(૧) બી.એ.(બિનસ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨-થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ (૨) બી.એ.(સમો.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
૬.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી; તથા બી.એ.(સબૅ.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ
૭.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨-થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ
૮.	બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન તથા બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ
૯.	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ
૧૦.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ
૧૧.	શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતીજ દ્વારા જૂન ૧૯૭૨થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે સદરહુ કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૨.	વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ દ્વારા જૂન ૧૯૭૨થી ડભોઈ ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે સદરહુ કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૩.	શ્રી. મથુરાદાસ એલ. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા દ્વારા જૂન ૧૯૭૨થી મોડાસા ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે સદરહુ કૉલેજને જોડાણ આપ્યું નથી.
૧૪.	માનવ મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૨થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે સદરહુ કૉલેજને જોડાણ આપ્યું નથી.

સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

તે પછી પ્રમુખશ્રીએ ગુજરાત યુનિવર્સિટી ધારામાં તાજેતરમાં થયેલા સુધારા તરફ ધ્યાન દોરીને જણાવ્યું કે સુધારેલી કલમ ૩૩ મુજબ જોડાણ અંગેની કાર્યવાહીમાં હવે ફેરફાર થાય છે અને તેથી નીચેની બાબતો નં. ૪થી ૭૨ આ સભાગૃહના સત્તાક્ષેત્રની અંદર હવે રહેતી નથી.

૪. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૩ સુધીમાં કરે તો, તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રા. ડી. એન. પાકકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૩થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના વિષયના શિક્ષણકાર્ય માટે જરૂરી શિક્ષકગણની વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. નીચેના ખંડ સમયના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પગાર/પગારધોરણ આપવામાં આવે :

૧. શ્રી. જે. જે. પંડ્યા
૨. શ્રી. એ. એમ. દેસાઈ
૩. શ્રી. એસ. એમ. શાહ
૪. શ્રી. બી. એ. પંચાલ
૫. શ્રીમતી ચંદ્રિકા પાઠક
૬. શ્રી. કે. એમ. ભટ્ટ
૭. શ્રી. ડી. આર. કૉન્ટ્રાક્ટર
૮. શ્રી. એમ. એમ. મુનશા
૯. શ્રી. આર. જી. મહેતા
૧૦. શ્રી. સ્મિતા ધ્રુવ
૧૧. શ્રી એસ. કે. સોમૈયા
૧૨. શ્રી. વીણા શાહ
૧૩. શ્રી. વી. એસ. પટેલ
૧૪. શ્રી. એ. આર. સૈયદ
૧૫. શ્રી. મીનળ સુતરિયા;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ તોણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રા. ડી. એન. પાઠકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બી. ટી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

૬. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(સમા.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ.(સમા.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra–Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એલ. ડી** દવેએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૭૩ ઉપર જણાવેલ સિન્ડિકેટની ભલામણ મુજબ વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એલ. ડી. દવેને બદલે આચાર્યા ઊર્મિલાબહેન પટેલે રજૂ કર્યો તેને પ્રો. દર્શનસીંગ બરાને ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણા ચાલી તે દરમ્યાન શ્રી. સત્યેંદ્રભાઈ ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ પોતાની અનુમતિ આપી. તે પછી ૧૧ કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતા તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહ સમિતિના રૂપમાં ફેરવાઈ ગયું.

સદરહુ સમિતિએ કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબનો અહેવાલ રજૂ કર્યો :

"સ્ટે. ૧૭૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે કોર્ટને ભલામણ કરવી :

Statute 173 :

(1) For admission to the Pre-Uni. Class in the Faculties of Arts, Commerce and the First Year in the Diploma Classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects, provided that a candidate who has not offered Algebra--Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre--University Arts Examination.

(2) For admission to the Pre–University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either the S.S.C. Examination conducted by the S S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Algebra–Geometry; and

(*ii*) Physics--Chemistry or General Science shall be two of them.

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Algebra--Geometry; and

(*ii*) Physics--Chemistry or General Science as his subjects.

The provision of this Statute shall come into effect from 15th June 1973."

તે પછી સમિતિ કોર્ટના રૂપમાં ફેરવાઈ ગઈ અને ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ પ્રમુખશ્રીએ રજૂ કર્યો.

તે પર મત લેવામાં આવતાં સદરહુ રિપોર્ટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપરની ચર્ચાના સંદર્ભમાં આચાર્ય બી. આર. પટેલે જેની નોટિસ આપી હતી તે નીચેના સુધારા પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં :

"બાબત ૮૦ માં સિન્ડિકેટની ભલામણ મુજબના સ્ટેચ્યૂટ ૧૭૩ની સુધારણાના પ્રસ્તાવમાં નીચેનો ઉમેરો કરવામાં આવે :

"The provisions of this Statute shall come into effect from June, 1973 and the necessary arrangement shall be made in due course to offer any other subject like English at lower level instead of Compulsory English at college level, for the students, who have not offered English or are failed in English at the S.S.C. Examination or its equivalent examination.'"

૮૧. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate resolves to amend St. 173 as under :

St. 173 :

(1) For admission to the Pre-Uni. Class in the faculties of Arts, Commerce and the First Year in the Diploma classes in Fine Arts a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an Examination considered equivalent thereto in at least seven subjects, provided that a candidate who has not offered Algebra-Geometry of Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For Admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed the examination with—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects.

The provisions of this Statute shall come into effect from 1st June 1973, and the necessary arrangement shall be made in due course to offer any other subject like Hindi or Gujarati than Compulsory English at college level for the students, who have not offered English at the S.S.C. Examination or its equivalent examination."

સદરહુ પ્રસ્તાવ કોઈએ રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૮૨. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" This meeting of the Senate resolves to amend St. 173 as under :

Statute 173:

(1) For admission to the Pre-University Class in the faculties of Arts, Commerce and the First Year in the Diploma classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects with 40% marks in aggregate. Provided that a candidate who has not offered Algebra-Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-Uni. Arts Examination.

(2) For admission to the Pre-University Science class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects with 45% marks in aggregate and with—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with 45% marks in aggregate and with—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed the examination with—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects.

The provisions of this Statute shall come into effect from 15th June 1973."

સદરહુ પ્રસ્તાવ કોઈએ રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૮૩. આચાર્ય કે. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

Resolution

"The Senate recommends to the Academic Council and the Syndicate to take necessary steps to amend the Statute 173 as under and further requests them to take necessary steps for the implementation of the same from June 1973:

Statue 173 clause (*i*) add the following words after 'Algebra-Geometry' in the second line :

'or technical subjects with Elementary Mathematics', or 'Agricultural subjects with Elementary Mathematics' clause (*a*) (*ii*) and class 2 (*b*) (*ii*) and the following words after 'Algebra-Geometry' :

'or technical subjects with Elementary Mathematics', 'or Agricultural subjects with Elementary Mathematics'."

સદરહુ પ્રસ્તાવ કોઈએ રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૮૪. આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate resolves to amend St. 173 as under :

Statute 173 :

(1) For admission to the Pre-University Class in the faculties of Arts, Commerce and the First Year in the Diploma classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects, provided that a candidate who has not offered Algebra--Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science

—shall be two of them;

OR

(*b*) An examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science

—as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) Class, a candidate must have passed—

(*a*) either the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science

—shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed the examination with—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*ii*) Physics-Chemistry or General Science

—as his subjects.

The provisions of this statute shall come into effect from 15th June 1973."

સદરહુ પ્રસ્તાવ કોઈએ રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૮૫. આચાર્ય કે. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" The Clause (2) of the Statute 173 be amended so as to read as under:

(2) For admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy a candidate must have passed—

(*a*) either the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which—

(*i*) Algebra–Geometry or Elementary Mathematics with 50% marks

(*ii*) Physics–Chemistry or General Science

—shall be two of them;

(*b*) an Examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Algebra–Geometry or Elementary Mathematics with 50% marks,

(*ii*) Physics–Chemistry or General Science

—as his subjects."

સદરહુ પ્રસ્તાવ કોઈએ રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૮૬. સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

Statute 179 :

"The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to, or any Institution or Institutions recognised by, or a Department of the University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Education (Dip.Ed.)
2. Diploma in Journalism (Dip.J.)
3. Diploma in Drama [Dip. F.A. (Drama)]
4. Diploma in Music [Dip. F.A. (Music)]
5. Diploma in Painting and Sculpture [Dip. F.A. (P. & S.)]

6. Diploma in Architecture [Dip. F.A. (Arch.)]
7. Diploma in Dancing [Dip. F.A. (Dancing)]
8. Diploma in Physical Education (Dip. P.Ed.)
9. Diploma in Education and Vocational Guidance (Dip. E.V.G.)
10. Diploma in Mathematical Economics, Ecocometrics and Economic Analysis and Policy

Faculties of Arts including Education and Medicine :

11. *Diploma in Psychotherapy* (D.O.)
12. *Diploma in Psychiatric Social Work* (D.P.S.W.)
13. *Diploma in Psychiatric Occupational Therapy* (D.P.O.T.)
14. *Diploma in Special Education for Non-normal Children* (D.S.E.N.C.)

Faculties of Arts, Science, Commerce and Engineering:

15. *Diploma in Computer Training* (D.C.T.)

Facluty of Law:

16. Diploma in Labour Laws and Practice (D.L.P.)
17. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine:

18. Diploma in Ophthalmology (D.O.)
19. Diploma in Anaesthesia (D.A.)
20. Diploma in Paediatrics (D.Paed.)
21. Diploma in Public Health (D.P.H.)
22. Diploma in Laringology and Otology (D.L.O.)
23. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
24. Diploma in Veneriology and Dermatology (D.V.&D.)
25. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
26. Diploma in Industrial Health (D.I.H.)
27. Diploma in Tuberculosis (T.D.D.)
28. Diploma in Pharmacy (Dip.Pharm.)
29 Diploma in Clinical Pathology (D.C.P.)
30 Diploma in Psychiatric Medicine (D.P.M.)
31. Diploma in Psychotherapy (D.P.)
32. Diploma in Advanced Psychiatric Social Work (D.P.S.W.)
33. Diploma in Psychiatric Occupational Theraphy (D.P.O.T.)
34. Diploma in Special Education for Non-normal Children (D.S.E.N.C.)
35. Diploma in Medical Leboratory Technology (D.M.L.T.)

Faculty of Commerce:

36. Diploma in Business Management (D.B.M.)
37. Diploma in Industrial Management (D.I.M.)
38. Diploma in Banking (D.Banking)
39. Diploma in Costing (D.Costing)

Faculties of Arts and Commerce:

40. Diploma in Co-operation (D. Co-op.)

Faculties of Arts, Science and Commerce :

41. Diploma in Statistics (D.Stat.) "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. આર. એમ. શાહે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૭૯ ઉપર જણાવ્યા પ્રમાણે પંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. આર. એમ. શાહને બદલે આચાર્યા ઊર્મિલાબહેન પટેલે રજૂ કર્યો તેને આચાર્ય દર્શનસીંગ શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૭. સ્ટે. ૧૮૮ (૧) નીચે પ્રમાણે પંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

" St. 188 (i):

In case of illness of a subscriber or any member of his family or for any other reason deemed fit by the Vice-Chancellor, advance to the extent of his own subscription may be granted to the subscriber at the discretion of the Vice-Chancellor. Such advance shall be repaid in such number of monthly instalments not exceeding 40 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૮૮ (૧) ઉપર જણાવ્યા પ્રમાણે પંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતરાય શાસ્ત્રીને બદલે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૮. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ) :

(૧) શ્રી. જે. જી. માંકડ, બી.કૉમ., એફ.સી.એ., અમદાવાદ તરફથી વર્ષ દરમ્યાન ઑકટોબર અને માર્ચ-એપ્રિલની એમ.ડી. (મેડિસિન)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ડિસ્ટિંક્શન અને પેપરો સહિત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જેણે ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને પાસ કરી હોય તેને "સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિમતનો સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

(૨) શ્રી. બા. જ. પટેલ પુષ્પિપૂર્તિ મહોત્સવ ટ્રસ્ટ, નડિયાદ તરફથી એમ.એ.ની પદવી પરીક્ષામાં "ગુજરાતી" મુખ્ય વિષયનાં ૬ પેપરમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવીને પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થનારને "શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ પુષ્પિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિમતનો સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

(૩) બૅંક ઑફ બરોડા, રિજિયોનલ ઑફિસ, અમદાવાદ તરફથી બૅંકિંગ અને બચતના વિષયો માટે વકતૃત્વ-સ્પર્ધા યોજવા માટે તથા વિજેતા કૉલેજને આશરે રૂ. ૨,૫૦૦ની કિમતની ટ્રોફી એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

(૪) સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ, અમદાવાદ તરફથી માર્ચ-એપ્રિલમાં લેવાતી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનારને "સ્વ. પ્રો. એ. એન. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિમતનો સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર પાંચસો)નું મળેલ પ્રદાન.

(૫) શ્રી. નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી માર્ચ-એપ્રિલની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનારને "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિમતનો સુવર્ણચંદ્રક તથા ક્રમાનુવર્તી બીજા નંબરને રૂ. ૧૬૦નું પારિતોષિક એનાયત કરવા માટે રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દશ હજાર) પૂરાનું મળેલ પ્રદાન.

(૬) પૂ. શ્રી. મોટા હરિૐ આશ્રમ, નડિયાદવાળા તરફથી વિજ્ઞાન અને ટેકનોલોજીનો જ્ઞાનકોશ—"Encyclopaedia of Science and Technology" તૈયાર કરવા માટે રૂ. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) આપવામાં આવનાર છે તે પૈકી રૂ. ૪૦,૦૦૦ (અંકે રૂપિયા ચાલીશ હજાર પૂરા) ચૂકવી આપ્યાની નોંધ લેવા.

સિન્ડિકેટના સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

૮૯. સ્પેસ ટેકનોલોજી અને કૉમ્યુનિકેશન સેન્ટર સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એમ. એન.** દેસાઈએ નોટિસ આપી હતી :

"સ્પેસ ટેકનોલોજી અને કૉમ્યુનિકેશન સેન્ટર સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો તેને આચાર્ય જે. ડી. તલાટીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૦. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કૉરસ્પોન્ડન્સ કોર્સ) દાખલ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વી. જે. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કૉરસ્પોન્ડન્સ કોર્સ) દાખલ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય વી. જે. ત્રિવેદીને બદલે આચાર્ય બહેચરભાઈ પટેલે રજૂ કર્યો તેને આચાર્ય દર્શનસીંગ શીખે ટેકો આપ્યો.

તે પછી શ્રી. એન. એસ. પંડ્યાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવને પત્રવ્યવહારથી અભ્યાસક્રમો દાખલ કરવા અંગેની વિગતવાર યોજના સાથે રજૂ કરવાના સૂચન સાથે ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે. તેને શ્રી. એન. જે. પટેલે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૧. નીચે મુજબ અનુસ્નાતક અભ્યાસક્રમો સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

(1) Two years' Diploma Course in Audiology and Speech Therapy (D.A.S.T.).

(2) Two years' Diploma Course in Medical and Social Psycholoy (D.M. & S.P.).

(3) One year's Diploma Course in Psychiatric Nursing (D.P.M.),

(4) One year's Diploma Course in Community Psychology (D.Com.P.)

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. કે. જી. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"નીચેના અનુસ્નાતક અભ્યાસક્રમો સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવામાં આવે :

(1) Two years' Diploma Course in Audiology and Speech Therapy (D.A.&S.T.)

(2) Two years' Diloma Course in Medical and Social Psychology (D.M. & S.P.)

(3) One year's Diploma Course in Psychiatric Nursing (D.P.N.)

(4) One year's Diploma Course in Community Psychology (D.Com.P.)"

સદરહુ પ્રસ્તાવ ડૉ. કે. જી. દેસાઈને બદલે આચાર્ય બી. સી. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય બહેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૨. બી.એસસી. (ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી)નો અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની ડૉ. આર. એમ. શાહે નોટિસ આપી હતી :

"બી.એસસી.(ઑડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી)નો અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. આર. એમ. શાહને બદલે ડૉ. એ. એમ. મલાવવાળાએ રજૂ કર્યો તેને ડૉ. સી. પી. બોધાણીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૩. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઓકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની ડૉ. આર. એમ. શાહે નોટિસ આપી હતી :

"તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઓકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. આર. એમ. શાહને બદલે ડૉ. સી. પી. બોધાણીએ રજૂ કર્યો તેને ડૉ. આર. એન. ધોડિયાવાળાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૪. મનોવિજ્ઞાન-શિક્ષણશાસ્ત્ર-તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં નીચેની જગ્યાઓ ઊભી કરવાની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચેની ભલામણ :

(૧) પ્રોફેસર ... જગ્યા ૧ (Guidance & Conselling)
(૨) લેક્ચરર ... જગ્યા ૧.

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની ડૉ. કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ અનુસાર નીચેની જગ્યાઓ ઊભી કરવામાં આવે :

(૧) પ્રોફેસર ... જગ્યા ૧ (Guidance & Conselling)
(૨) લેક્ચરર ... જગ્યા ૧."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેચ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮માં તાજેતરમાં થયેલા સુધારાને લીધે સદરહુ બાબત આ સભાગૃહના સત્તાક્ષેત્રમાં આવતી નથી. તેથી તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં

૯૫. આચાર્ય બી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એમ.ઓ., એમ.એસસી., એમ.કૉમ.ની પદવીઓ માટેનો અભ્યાસક્રમ પૂરા સમયના વિદ્યાર્થીઓ માટે બે વર્ષનો છે, જ્યારે એમ.એડ.ની પદવી માટેનો અભ્યાસક્રમ પૂરા સમયના વિદ્યાર્થીઓ માટે એક જ વર્ષનો છે

અને ખંડ સમયના વિદ્યાર્થીઓ માટે જ બે વર્ષનો છે. છતાં એમ.એડ.નાં અનુસ્નાતક કેન્દ્રોને સ્થાનિક શિક્ષકોની સંખ્યા અને અકવાડિયાના કામના દિવસોની સંખ્યા અંગે બે વર્ષના અભ્યાસક્રમના નિયમો લાગુ પાડવામાં આવ્યા છે, જે વ્યવહારુ નથી. આથી સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને તેમાં ઘટતા ફેરફાર કરવા ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. સી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૯૬. આચાર્ય બી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઓ. ક્રમમાં જે અધ્યાપકો ૨૦મી જૂન ૧૯૭૧ પહેલાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષથી અનુસ્નાતક શિક્ષક તરીકે અથવા પીએચ.ડી. શિક્ષક તરીકે માન્ય થયા હોય, જેમની માન્યતા અત્યાર સુધી ચાલુ હોય અને જેમના માર્ગદર્શન નીચે ઓછામાં ઓછા બે વિદ્યાર્થીઓ એ અનુસ્નાતક પદવી મેળવી હોય તો તેમની માન્યતા ચાલુ રાખવાની જોગવાઈ છે. આવા પ્રકારની કોઈ જોગવાઈ ૨૦મી જૂન ૧૯૫૫ પછીના અનુસ્નાતક શિક્ષકો માટે પણ લાગુ પાડવામાં આવે તો એકસરખું ધોરણ જળવાય. આથી જે અનુસ્નાતક શિક્ષકો કે મદદનીશ અનુસ્નાતક શિક્ષકો ડિઝર્ટેશન, ગાઈડન્સ કે થીસિસ ગાઈડન્સનું કાર્ય કરતા હોય અને જેમના માર્ગદર્શન નીચે તૈયાર થયેલ ડિઝર્ટેશન કે થીસિસ યુનિવર્સિટીએ અનુસ્નાતક પદવી કે પીએચ.ડી. માટે સ્વીકાર્યા હોય તેમની માન્યતા ચાલુ રાખવા માટે ડિઝર્ટેશન ગાઈડન્સ કે થીસિસ ગાઈડન્સને સંશોધન લેખોને બદલે ગણતરીમાં લેવા અને તે પ્રમાણે પ્રવર્તમાન નિયમોમાં ઘટતા ફેરફાર કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. સી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૯૭. શ્રી. એમ. આર. બારોટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"દેશમાં પ્રજાની જ્ઞાનપિપાસા સંતોષવા મર્યાદિત કાર્યક્ષેત્રવાળી યુનિવર્સિટીઓ હોય તો ઉચ્ચ કેળવણીની સમાન તકો ઉપેક્ષિત પ્રદેશોને પણ મળી શકે. ઉત્તર ગુજરાતનો લગભગ પચાસ લાખની પ્રજાની શૈક્ષણિક આકાંક્ષા સંતોષવા, ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રને વિભાજિત કરી, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની જેમ ઉત્તર ગુજરાતને અલગ યુનિવર્સિટી આપવામાં આવે તો તે પ્રદેશના વિદ્યાર્થીઓને પણ વિકાસની સમાન તકો સાંપડે એ દૃષ્ટિએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સ્થાપવા યોગ્ય પગલાં ભરવા ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એમ. આર. બારોટે રજૂ કર્યો તેને ડૉ. રમણલાલ જોશીએ ટેકો આપ્યો.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૮. શ્રી. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"નોકરી કરતા થોડાક અધ્યાપકો અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયા છે. આ અધ્યાપકો અનુસ્નાતક ઉપાધિ માટે અભ્યાસ કરી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા સારુ લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. પી. સી. પટેલને બદલે પ્રો. અંબુભાઈ દેસાઈએ રજૂ કર્યો તેને પ્રો. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૯. **શ્રી. પી. સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી** હતી :

"મેડિકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓની જેમ અન્ય વિદ્યાશાખાઓમાં ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરના હોદ્દાને મદદનીશ વ્યાખ્યાતાના હોદ્દામાં ફેરવવા વિનંતી કરવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. પી. સી. પટેલને બદલે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કર્યો તેને પ્રો. ઓમ. એચ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર નીચેના સુધારો રજૂ કરવા માટે પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ નોટિસ આપી હતી :

"શ્રી. પી. સી. પટેલના પ્રસ્તાવની બીજી લીટીમાં ..... ફેરવવા પછીના શબ્દો રદ કરીને નીચેના શબ્દો ઉમેરો :

'તેમ જ વ્યાખ્યાતા તરીકે લાયકાત ધરાવતા આવા અનુસ્નાતક પદવીધારી શિક્ષકોને રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના નવા પગારધોરણમાં મૂકી, વ્યાખ્યાતા તરીકે સમકક્ષ ગણી, વ્યાખ્યાતાને મળતા સઘળા લાભ મળે તેવા નિયમો ઘડી કાઢવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને આ સભા અનુરોધ કરે છે.'"

ઉપરનો સુધારો આમેજ કરતાં નીચે પ્રમાણે તેનો પાઠ વંચાશે :

"મેડિકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓની જેમ અન્ય વિદ્યાશાખાઓમાં ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરના હોદ્દાને મદદનીશ વ્યાખ્યાતાના હોદ્દામાં ફેરવવા તેમ જ વ્યાખ્યાતા તરીકે લાયકાત ધરાવતા આવા અનુસ્નાતક પદવીધારી શિક્ષકોને રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના નવા પગારધોરણમાં મૂકી, વ્યાખ્યાતા તરીકે સમકક્ષ ગણી વ્યાખ્યાતાને મળતા સઘળા લાભ મળે તેવા નિયમો ઘડી કાઢવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને આ સભા અનુરોધ કરે છે."

ઉપરનો સુધારો પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો તેને પ્રો. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો. આ સુધારા પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સુધારા સાથેના સદરહુ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૦. **આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી** હતી :

"વર્ષ દરમિયાન આવતાં નાનાં મોટાં ત્રણ વેકેશનો, જાહેર રજાઓ તેમ જ કૉલેજના પ્રિન્સિપાલને હસ્તક મૂકેલી રજાઓને કારણે સંલગ્ન કૉલેજોમાં અભ્યાસ માટે મળી રહેતા દિવસોની સંખ્યા ઘણી ઓછી કહી શકાય, તેથી ઑ. ૭૫માં નીચે સૂચવેલા ફેરફારના સંદર્ભમાં યોગ્ય સુધારો કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળોને અનુરોધ કરે છે :

(૧) દિવાળી વેકેશન ૨૫ દિવસને બદલે ૨૦ દિવસનું રાખવું.
(૨) પ્રથમ સત્ર ૧૫ જૂનથી શરૂ કરવાને બદલે ૧૦ જૂનથી શરૂ કરવામાં આવે.
(૩) બીજા સત્રને ૧૫ માર્ચને બદલે ૨૦મી માર્ચ સુધી ચાલુ રાખવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય બહેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ તે પર મત લેવામાં આવતાં તે ૨૮ વિરુદ્ધ ૩૭ મતે ઊડી ગયો.

૧૦૧. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત એક સરહદી રાજ્ય છે. દેશના સંરક્ષણ બાબત ગુજરાત વિશેષ જાગ્રત બને અને તેમાં ગુજરાત યુનિવર્સિટી એનો ફાળો આપે તે ખૂબ જરૂરી છે.

આ સંદર્ભમાં આ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે સેનાવિજ્ઞાન 'મિલિટરી સાયન્સ' જેવો વૈકલ્પિક વિષય શરૂ કરવાની જરૂર છે, તેથી સેનેટની આ સભા 'સેનાવિજ્ઞાન'નો વિષય દાખલ કરવા અને તેનો અભ્યાસક્રમ ઘડી કાઢવા અસરકારક પગલાં લેવા સંબંધકર્તા સત્તામંડળોને અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે રજૂ કર્યો તેને પ્રો. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૨. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજને જોડાણ આપવાની શરતોમાં લાઇબ્રેરીનાં પુસ્તકો અને સામયિકો અંગે પ્રતિવર્ષ પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવા અંગેની એક શરત મૂકવામાં આવે છે. કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યાની અસમાનતાને લક્ષમાં લઈને પુસ્તકો તેમ જ સામયિકો માટે કૉલેજને નીચે મુજબ ખર્ચ કરવાની ફરજ પાડવામાં આવે એવો આ સેનેટ યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે :

સંખ્યા	પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે કરવાનો ખર્ચ
૨૫૦ સુધી	... રૂ. ૧,૧૦૦--૦૦
૨૫૧થી ૫૦૦	... રૂ. ૨,૦૦૦--૦૦
૫૦૧થી ૧૦૦૦	... રૂ. ૩,૦૦૦--૦૦
૧૦૦૧થી ઉપર	... રૂ. ૪,૦૦૦--૦૦"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય જગદીશભાઈ દવેએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય ડૉ. અવિનાશ મુનશીએ નોટિસ આપી હતી :

"પ્રત્યેક સંલગ્ન કૉલેજ દાખલ થતા વિદ્યાર્થી પાસે પ્રતિવર્ષ પુસ્તકાલય ફી લે છે. આ રીતે વસૂલ કરવામાં આવતી ફી પૂર્ણતઃ પુસ્તકો માટે ખર્ચવામાં આવે અને એ ઉપરાંત સંચાલક મંડળ

વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે દર વર્ષે ખર્ચ કરે એવો નિયમ ઘડવાની આ સેનેટ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે :

સંખ્યા	પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો–સામયિકો પાછળ કરવા માટેનો ખર્ચ
૨૫૦	રૂ. ૧,૫૦૦
૨૫૧ થી ૫૦૦	રૂ. ૨,૦૦૦
૫૦૧ થી ૧૦૦૦	રૂ. ૩,૦૦૦
૧૦૦૧ થી ઉપર	રૂ. ૪,૦૦૦

ઉપરનો સુધારો આચાર્ય ડૉ. અવિનાશ મુનશીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાનું રહ્યું નહીં.

તે પછી સભાગૃહની સંમતિથી આચાર્ય એન. જે. પટેલે પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિશેષ કાંઈ કરવાપણું રહ્યું નહીં.

૧૦૩. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ સેનેટ માને છે કે સંલગ્ન કૉલેજો તેમ જ યુનિવર્સિટી સાથે સંકળાયેલ સંસ્થાઓમાં ધાર્મિક તેમ જ રાષ્ટ્રીય તહેવારોની રજાઓના દિવસો એકસરખા હોવા જોઈએ, તેથી સંલગ્ન કૉલેજોના આચાર્યો તેમ જ અન્ય સંસ્થાઓના વડાઓને લક્ષ્યક મૂકવામાં આવેલ ૮ રજાઓ દર વર્ષે યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળો નક્કી કરે એ જરૂરી છે. યુનિવર્સિટીના ઑ. ૭૫માં આ સંદર્ભમાં યોગ્ય ફેરફાર કરવા સેનેટ સંબંધકર્તા મંડળોને અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય એન. એસ. યાજ્ઞિકે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ સભાગૃહની સંમતિથી આચાર્ય એન. જે. પટેલે પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિશેષ કાંઈ કરવાપણું રહ્યું નહીં.

૧૦૪. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સરકારનાં નિભાવણી ગ્રાન્ટનાં ચાલુ ધોરણો મુજબ ખોટ કરતી કૉલેજોને મકાનભાડા પેટે કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ મળવા પાત્ર ઠરતી નથી.

સેનેટની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે કે કૉલેજના મકાનના સરકારમાન્ય ભાડાના ૧૦ ટકા જેટલી રકમ મકાનભાડા પેટે દરેક કૉલેજને ગ્રાન્ટ પેટે આપવાનું નક્કી કરે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય વી. એસ. ભટ્ટે ટેકો આપ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને કમિટીમાં ફેરવવામાં આવે.

આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ મંજૂરી આપી. તે પછી ૧૫ કરતાં વધુ સભ્યો સદરહુ પ્રસ્તાવના ટેકામાં ઊભા થયા.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહ સમિતિના રૂપમાં ફેરવાઈ ગયું. અને તેણે સર્વસંમતિથી નીચેનો અહેવાલ રજૂ કર્યો :

"સલગ્ન કૉલેજોનો વધતો જતો આર્થિક બોજ જોતાં રાજ્ય સરકારને પોતાની ગ્રાન્ટ અંગેની નીતિ વધુ ઉદાર બનાવવા માટે વિનંતી કરવામાં આવે અને તેના સંદર્ભમાં કૉલેજ ફાઇનાન્સ સમિતિ-(ન્યાયમૂર્તિ શેલત કમિટી)એ તેના હેવાલમાં સૂચવ્યા મુજબ (જુઓ તે સમિતિની ભલામણ નં. ૭.૧૪) કૉલેજોને સામાન્ય ધોરણે ગ્રાન્ટ અપાયા પછી પણ કોઈ કૉલેજ કે કૉલેજોને ખાધ રહેતી હોય તો તેવી ખાધના ૫૦% જેટલા હિસ્સાની જવાબદારી અદા કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે." તે પછી સમિતિ કોર્ટના રૂપમાં ફેરવાઈ ગઈ અને ઉપરનો અહેવાલ સભાગૃહ સમક્ષ પ્રમુખશ્રીએ રજૂ કર્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૫. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદ માટે દરેક કૉલેજ પાસેથી વાર્ષિક લવાજમ પેટે રૂ. ૫૦ અથવા રૂ. ૧૦૦ લેવામાં આવે છે. આ ધોરણ બરાબર નથી, તેમ જ એ રીતે જેટલી રકમ એકત્ર કરવામાં આવે છે તે જરૂરિયાત કરતાં ઘણી વધારે છે.

આ સભા ઠરાવે છે કે કૉલેજ પાસેથી પ્રતિવર્ષ વિદ્યાર્થી દીઠ પાંચ પૈસા લેખે લવાજમ લેવામાં આવે અને તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરવા સંબંધકર્તા મંડળોને અનુરોધ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૦૬. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યનું પગારધોરણ સાંપ્રત પરિસ્થિતિમાં આચાર્યે ભજવવાના ભાગ અને કૉલેજની વિદ્યાર્થી સંખ્યાને લક્ષમાં લઈ નીચે પ્રમાણે સુધારવામાં આવે :

૪૦૦ સુધીની વિદ્યાર્થીની સંખ્યાના આચાર્ય માટે ... રૂ. ૧,૧૦૦--૫૦--૧,૬૦૦
૪૦૦ નીચેની વિદ્યાર્થીની સંખ્યાના આચાર્ય માટે ... રૂ. ૯,૦૦--૫૦-૧૫,૦૦"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો તેને શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આચાર્ય બી. આર. પટેલના પ્રસ્તાવમાં નીચે પ્રમાણે સુધારો આમેજ કરવા વિનંતી છે :

ચોથી લીટી : '૪૦૦ સુધીની વિદ્યાર્થી-સંખ્યાના આચાર્ય માટે રૂ. ૧,૫૦૦-૫૦-૧,૧૦૦' એ શબ્દો રદ કરી નીચેના શબ્દો ઉમેરો :

'૪૦૦ થી ૧૦૦૦ સુધીની વિદ્યાર્થી-સંખ્યાના આચાર્ય માટે રૂ. ૧૧૦૦-૫૦-૧૬૦૦' અને '૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી-સંખ્યા માટે રૂ. ૧૬૦૦-૬૦-૧૮૦૦'."

ઉપરનો સુધારો પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

તે પછી આચાર્ય દર્શનસીંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આ બાબત બાબત નં. ૧૩૯ની સાથે લેવાનું પ્રમુખશ્રીએ જણાવ્યું છે તે જોતાં સભાગૃહના કામકાજની યાદીમાં જણાવેલ બાબતોનો ક્રમ આ પ્રમાણે ફેરવી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે બાબત નં. ૧૦૬ અને ૧૩૯ એક જ પ્રશ્નને લગતી હોઈ તે પરની વિચારણા પરસ્પરની સંબંધકર્તા બની શકે છે, પરંતુ નિર્ણાયક મતદાન હાલ તો બાબત નં. ૧૦૬ પર જ લેવામાં આવશે.

ત્યાર બાદ આચાર્ય બહેચરભાઈ પટેલે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૧૪ વિરુદ્ધ ૨૯ મતે ઊડી ગયો.

૧૦૭. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા માને છે કે કૉલેજમાં આપવામાં આવતાં લાંબાં વેકેશનોનો કેટલોક ભાગ શિક્ષણના દિવસો બને તો તેથી શિક્ષણને લાભ થાય એમ છે અને અભ્યાસક્રમો પૂરા કરવા અનુકૂળતા આવે એ દૃષ્ટિએ સત્રોની વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવે તેવી સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે :

પ્રથમ સત્ર : ૧૦મી જૂનથી ૨૫મી ઑક્ટોબર

બીજું સત્ર : ૧૦મી નવેંબરથી ૨૦મી માર્ચ.

(નોંધ.— દિવાળીના તહેવારને લક્ષમાં લઈ પ્રથમ સત્રના અંત અને બીજા સત્રના આરંભની તારીખમાં ફેરફાર જાહેર કરવો.)"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૦૮. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજમાં અધ્યાપકોની સીનિયોરિટી કઈ રીતે ગણવી તે અંગે યુનિવર્સિટી તરફથી નિયમો નથી અને કૉલેજોમાં જુદા જુદા આધારે સીનિયોરિટી નક્કી કરવામાં આવે છે, તેથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તા-મંડળોને ભલામણ કરે છે કે અધ્યાપકોની સીનિયોરિટી અંગેના નિયમો ઘડી આપવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૦૯. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અનુસ્નાતક અધ્યાપકોની માન્યતા લંબાવી આપવા માટે યુનિવર્સિટી તરફથી અમલમાં મૂકવામાં આવેલા નિયત સમયમાં સંશોધનપત્રો પ્રકટ કરવા અંગેના નિયમોની આ સભા હાર્દિક કદર કરે છે, અને ભલામણ કરે છે કે આ પ્રકારના સુયોગ્ય નિયમો સ્નાતક અધ્યાપકની માન્યતા લંબાવી આપવા અંગે ઘડવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા લંબાવી આપવા માટે કરવામાં આવેલી સંશોધનપત્રો પ્રકટ કરવાની પદ્ધતિની સેનેટની આ સભા કદર કરે છે અને સંબદ્ધ સત્તામંડળોને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક તેમ જ અન્ય અધ્યાપકોના સંશોધન લેખો તેમ જ અન્ય લેખોને સારી રીતે પ્રકટ થવાનું સદ્‌ભાગ્ય સાંપડે તે માટે સંશોધન અંગેનું દળદાર માસિક ગુજરાતી ભાષામાં પ્રકટ કરવા ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧૧. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા અન્ય યુનિવર્સિટીઓના વિનયનના સ્નાતકોને બી.એડ.ના અભ્યાસ-ક્રમમાં જૂન ૧૯૭૩થી પ્રવેશ આપવાની જોગવાઈ કરવા સંબંધિત સત્તામંડળોને સેનેટની આ સભા ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૨. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કોઠારી પંચે સૂચવેલ કેળવણીની નવી તરાહ પ્રમાણે અને ગુજરાત રાજ્યે સ્વીકારેલ તરાહ અનુસાર સને ૧૯૭૬--૭૭થી ગુજરાત રાજ્યમાં ઉચ્ચ માધ્યમિક શાળાઓ અસ્તિત્વમાં આવશે. આ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં ધોરણ ૧૧ અને ૧૨ માં શિક્ષણકાર્ય કરનાર શિક્ષક અનુસ્નાતક કક્ષાની ઉપાધિ ધરાવનાર તેમ જ શિક્ષણની પદ્ધતિઓથી તાલીમ પામેલ હોવા જોઈએ. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમિક શાળાના શિક્ષકો માટે પત્રવ્યવહાર દ્વારા એમ.એ.નો અભ્યાસક્રમ શરૂ કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

ઉપરની હકીકતના સંદર્ભમાં પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ જેની નોટિસ આપી હતી તે નીચેના સુધારા પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

"આચાર્ય પી. એ. પટેલના પ્રસ્તાવમાં છેલ્લી લીટી ..... સત્તામંડળોને ભલામણ કરે છે. — તે પછી નીચેના શબ્દો ઉમેરો :

'વધુમાં ગુજરાત સરકારે તાજેતરમાં આ અંગે નિયુક્ત કરેલી સમિતિમાં ગુજરાતના દરેક અધ્યાપક સંઘો, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય માધ્યમિક આચાર્ય સંઘના પ્રતિનિધિઓને સામેલ કરી, તેના અમલ માટેની સર્વસંમત યોજના ઘડી કાઢવા પ્રવૃત્ત થવા આ સભા લાગનાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરે છે.'"

૧૧૩. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શૈક્ષણિક કાર્યની ગુણવત્તા વધારવા માટે સંલગ્ન કૉલેજોમાં અને યુનિવર્સિટીઓનાં ભવનોમાં શિક્ષણનું કાર્ય કરતા સૌ પોતપોતાના વિષયમાં રોજબરોજ ઉદ્‌ભવતા નવા જ્ઞાનના પ્રવાહોથી સુપરિચિત રહે તેમ જ તેઓ સૌ હંમેશાં અધ્યયનશીલ રહે તે અનિવાર્ય છે. તેથી સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં ભવનોમાં શિક્ષણકાર્ય કરતી દરેક વ્યકિત દર ત્રણ વર્ષે ટૂંકા ગાળાના પુનઃસંસ્કરણ વર્ગ (રિઓરિયેન્ટેશન કોર્સ)માં ફરજિયાત રીતે ભાગ લે તેવી યોજના તૈયાર કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧૪. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એમ.એડ. અનુસ્નાતક કેન્દ્રને હાલમાં એમ.એ.ના અનુસ્નાતક કેન્દ્રના નીતિનિયમો લાગુ કરવામાં આવે છે. એમ.એ.ના અભ્યાસક્રમ કરતાં એમ.એડ.ના અભ્યાસક્રમમાં રહેલી વિશેષતાઓ—ઓછા પ્રશ્નપત્રો, પાર્ટ ૧ અને પાર્ટ ૨ ન હોવા, લઘુ નિબંધ (ડિઝર્ટેશન) કાર્યની જોગવાઈ વગેરેને ધ્યાનમાં લઈને એમ.એડ.ના અનુસ્નાતક કેન્દ્ર માટે અલગ નીતિનિયમો ઘડવા માટે આ સભા સંબંધકર્તા વિદ્યામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૫. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"૧૯૭૨--૭૩ની આંતર-યુનિવર્સિટી ખેલકૂદ સ્પર્ધાનું સંચાલન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૯મી જાન્યુઆરીથી ૨૩મી જાન્યુઆરી ૧૯૭૩ દરમિયાન સફળતાપૂર્વક કરવામાં આવ્યું તેની નોંધ લેતાં આજની સેનેટની સભા અત્યંત આનંદ અનુભવે છે અને આ સ્પર્ધાના સંચાલનમાં જેઓએ સક્રિય રસ લઈને અવિરત શ્રમ કરીને સ્પર્ધાના સંચાલનને સફળતા અપાવી છે તે સૌનો આભાર માને છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૬. આચાર્ય પી. એ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શારીરિક શિક્ષણ (ફિઝિકલ એજ્યુકેશન) અંગેનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ઘડી કાઢી, તેને વહેલામાં વહેલી તકે અમલમાં મૂકવાની આજની સેનેટની સભા જે ને સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય પી. એ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૭. આચાર્ય બી. ડી. પરીખે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ફાર્મસી ફેકલ્ટીમાં યુનિવર્સિટી પરીક્ષાઓ માટે પરીક્ષકોને પોસ્ટેજ અંગેનું ખર્ચ બીજી ફેકલ્ટી મુજબ આપવું જોઈએ."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. ડી. પરીખે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૮. આચાર્ય અવિનાશ મુનશીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ યુનિવર્સિટીની સ્થાપના થયા પછી આજ પર્યન્ત યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ વિવિધ યુવક પ્રવૃત્તિઓની સિદ્ધિઓ, ક્ષતિઓ અને પ્રદર્શિત થયેલ ક્ષતિઓને દૂર કરવા માટે સમય સમય પર રજૂ કરવામાં આવેલ સૂચનોનું વિહંગાવલોકન કરી એનો એક વિસ્તૃત માહિતીપૂર્ણ રિપોર્ટ સેનેટમાં રજૂ કરવો જોઈએ, એમ આ સભા માને છે કે જેથી એના આધાર પર આ પ્રવૃત્તિઓને વધુ સક્રિય બનાવવામાં માર્ગદર્શન મળી રહે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય અવિનાશ મુનશીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૧૯. આચાર્ય કે. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This Senate recommends to the Government that Mathematics should be considered as Science subject and a special grant for encouragement to Science education 10% Pay packet of Science teaching staff (including Mathematics teachers) and laboratory staff be paid to science colleges."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. આર. પટેલે રજૂ કર્યો તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૦. આચાર્ય સી. એચ. પ્રજાપતિએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના યુનિવર્સિટી પરીક્ષકોને જે પોસ્ટેજ અંગેનો લાભ મળે છે તે લાભ 'ફાર્મસી' ફેકલ્ટીના પરીક્ષકોને પણ મળે તેવી ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એચ. પ્રજાપતિએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૨૧. આચાર્ય સી. એચ. પ્રજાપતિએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સાયન્સ કૉલેજમાં એસ.એસ.સી. સાથે હાયર મૅથેમેટિકસના વિષયવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે તેની સાથે વિકલ્પ તરીકે એલિમેન્ટરી મેથ્સમાં ૫૦ ટકા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળે તેવી ભલામણ છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એચ. પ્રજાપતિએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશ કરવાપણું રહ્યું નહીં.

૧૨૨. આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા માને છે કે કૉલેજમાં આપવામાં આવતાં લાંબાં વેકેશનોનો કેટલોક ભાગ ઓછો કરે અને શૈક્ષણિક કામકાજના દિવસો વધે તો શિક્ષણને લાભ થાય, અને અભ્યાસક્રમો પૂરા કરવામાં અનુકૂળતા આવે એ દૃષ્ટિએ સત્રોની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવામાં આવે તેમ સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે :

પ્રથમ સત્ર : ૧૦મી જૂનથી ૨૦મી ઑક્ટોબર

બીજું સત્ર : ૧૦મી નવેંબરથી ૨૦મી માર્ચ.

(**નોંધ.**—દિવાળીના તહેવારો દિવાળી વેકેશનના મધ્યમાં આવે તે રીતે પ્રથમ સત્રના અંત અને બીજા સત્રના આરંભની તારીખમાં ફેરફાર કરવો.)"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જશભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૨૩. આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોના શિક્ષકોના કાર્યભારના ઑર્ડિનન્સ ૧૨૦--ઓની જેમ યુનિવર્સિટીના ભવનના શિક્ષકોના કાર્યભારનો નવો ઑર્ડિનન્સ ઘડવા અને જૂન ૧૯૭૩થી તેનો અમલ કરવા આ સેનેટની સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૨૪. આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક સભ્યોનાં લાયકાતનાં ધોરણો અને નોકરીના નિયમો ઘડી તેનો અમલ જૂન ૧૯૭૩થી કરવા આ સેનેટની સભા લાગતાંવળગતાં સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો તેને આચાર્ય બહેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નોટિસ આપી હતી :

"'આચાર્ય જશભાઈ પટેલના પ્રસ્તાવની પહેલી લીટીમાં સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક સભ્યોનાં લાયકાતનાં ધોરણો'.....એ પછી નીચેના શબ્દો ઉમેરો :

પગારધોરણો....."

ઉપરનો પ્રસ્તાવ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો તેને પ્રો. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૫. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને નીચે પ્રમાણેના પગારધોરણમાં મૂકવામાં આવે અને તેમ કરતાં જૂની નોકરીવાળાને યોગ્ય ન્યાય મળે તેવી રચના કરવામાં આવે :

(૧)	કાર્યાલય નિયામક	: ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦
(૨)	હેડક્લાર્ક	: ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ ઈ.બી. ૨૦-૪૦૦
(૩)	જુનિયર ક્લાર્ક--ટાઇપિસ્ટ	: ૭૫-૫-૧૦૦-૬-૧૮૦ ઈ.બી. ૧૨-૩૦૦
(૪)	સીનિ.ઓપરેટર, સીનિ. ક્લાર્ક, સીનિ. ટાઇપિસ્ટ	: ૧૩૦-૬-૧૭૦ ઈ.બી. ૧૨-૨૯૦-૧૫-૩૫૦
(૫)	નાયક	: ૪૫-૩-૬૦-૪-૯૨
(૬)	પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર	: ૪૦-૨-૬૦-૩-૭૫

ઉપરના પગાર ઉપર અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૨૬. આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"હાલની સંલગ્ન કૉલેજોમાં ૩ અથવા ૪ કસોટીઓ લેવાની પ્રથા છે તેના બદલે દરેક સત્રમાં એક ત્રણ કલાકની કસોટી, એ પ્રમાણે વર્ષમાં બે કસોટી લેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો તેને આચાર્ય વી. એસ. ભટ્ટે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૭. આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબર મહિનામાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો તેને શ્રી. વિનોદભાઈ કપાસીએ ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૮. આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષાની પૂરી ફી લેવામાં આવે છે તેના બદલે પ્રશ્નપત્ર દીઠ પરીક્ષા ફી લેવાનું ધોરણ નક્કી કરવા માટે સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે."
સદરહુ પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવે રજૂ કર્યો તેને આચાર્ય બી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૯. આચાર્ય આર. સી. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક શિક્ષક તેમ જ મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે સંશોધન પેપરો પ્રકાશિત કરવાનો આગ્રહ રાખવો નહીં, પણ તેમનું આ પ્રકારનું કાર્ય પ્રશંસાપાત્ર ગણવું."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. સી. શાહે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૩૦. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓની સિનોપ્સિસ યુનિવર્સિટી જ્યારે જે તે બોર્ડના સભ્યો ઉપર સરકયુલેટ કરે છે ત્યારે ટિકિટ સાથે જવાબી કવર બીડવામાં આવે છે તે બંધ કરી દેવા અને જે તે સભ્ય દશ દિવસમાં પોતાનો જવાબ ન આપે તો તેઓ તે સિનોપ્સિસ સાથે સહમત છે તેમ માની લેવું. આ બાબતે યોગ્ય કરવા સેનેટની આ સભા આ યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે રજૂ કર્યો તેને શ્રી. આઈ. કે. સૈયદે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩૧. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પીએચ.ડી.નો મહાનિબંધ તપાસવા અંગેના રેફરીઓના નામ અંગે સંમતિ મેળવવા બોર્ડના સભ્યોને રિમાઇન્ડર કરાવવા છતાં જવાબ મળતા નથી. દશ દિવસની અંદર સભ્ય સાહેબોનો જવાબ ન મળે તો તેઓ આ રેફરીનાં નામો સાથે સહમત છે, એમ માની એ.સી. તેમ જ સિન્ડિકેટ વગેરેમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા કરવા સેનેટની આ સભા યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."
સદરહુ પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે રજૂ કર્યો તેને શ્રી. આઈ. કે. સૈયદે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩૨. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એસ.એસ.સી.માં અંગ્રેજી સિવાય ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૩થી પ્રી--આર્ટ્સ, પ્રી-સાયન્સ તેમ જ પ્રી-કૉમર્સમાં પ્રવેશ મળે તે માટે યોગ્ય ધારાધોરણ ઘડી કાઢવા સેનેટની આ સભા આ યુનિવર્સિટીનાં યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૩૩. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એસ.એસ.સી.માં પ્રાથમિક ગણિતશાસ્ત્ર સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રી--સાયન્સમાં જૂન ૧૯૭૩થી પ્રવેશ મળે તે માટે યોગ્ય કરવા સેનેટની આ સભા, આ યુનિવર્સિટીનાં યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૩૪. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ યુનિવર્સિટીના ઘણા ટીચર્સને લાંબી સર્વિસ થઈ હોવા છતાં પરીક્ષક તરીકેના લાભ મળી શકતા નથી અને આંતરિક અસંતોષ વધુ ને વધુ પ્રજ્વળ થતો જાય છે, તો તેમનો અસંતોષ સંતોષી શકાય અને દરેકને યોગ્ય ન્યાય મળી રહે તેમ જ પરીક્ષક તરીકેનો લાભ તેવા શિક્ષકોને પણ આપી શકાય તે માટે યોગ્ય ધારાધોરણ ઘડી કાઢવા સેનેટની આ સભા, આ યુનિવર્સિટીનાં યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

ઉપરની હકીકતના સંદર્ભમાં પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ જેની નોટિસ આપી હતી તે નીચેના સુધારા પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં :

" શ્રી. ભોળાભાઈ પટેલના પ્રસ્તાવની ચોથી લીટીને અંતે નીચેના શબ્દો ઉમેરો :

'વધુમાં દરેક વર્ષની પરીક્ષાનાં પરિણામો જાહેર થયા પછી નિમણૂક આપેલ શિક્ષકોનાં નામ, જે તે પરીક્ષામાં નિયુક્ત થયેલ હોદ્દાનું નામ તથા તે શિક્ષકોના ક્રેડિટ ગુણાંકની યાદી પ્રગટ કરી દરેક કૉલેજના અધ્યાપકોની જાણ માટે સંલગ્ન કૉલેજોમાં મોકલી આપી, અન્યાય થયો હોય તેવા શિક્ષકોને અપીલ કરવાની તક આપવાની જોગવાઈ કરવા આ સભા યુનિવર્સિટીને અનુરોધ કરે છે.'"

૧૩૫. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પૂરા સમયના તેમ જ ખંડ સમયના અધ્યાપકોને અને બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટી ભવનોના અધ્યાપકો તથા કર્મચારીઓને મળે છે તે ધોરણે સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવી સેનેટની આ સભા અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ રજૂ કર્યો તેને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નોટિસ આપી હતી :

" પ્રા. એસ. બી. વોરાના પ્રસ્તાવના છેલ્લા વાક્યને અંતે નીચેના શબ્દો ઉમેરો :

'..... વધુમાં આ યુનિવર્સિટીના ખંડ સમયના શિક્ષકો માટે, મુંબઈ યુનિવર્સિટીએ કરેલી જોગવાઈઓને ધ્યાનમાં લઈ, પગારધોરણો તેમ જ નોકરીની સલામતીના નિયમો નવેસરથી ઘડી કાઢવા આ સભા યુનિવર્સિટી સત્તામંડળોને અનુરોધ કરે છે."

ઉપરનો સુધારો પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો તેને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. દર્શનસીંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સિટી કોમ્પેન્સેટરી એલાવન્સ આપવાનું ધોરણ અમદાવાદ શહેર અને અન્ય શહેરો માટે અલગ અલગ હોય છે તો પછી તે યુનિવર્સિટીનાં ભવનોના અધ્યાપકો તથા કર્મચારીઓને મળે છે તે ધોરણે આપી શકાય ખરું ?

સદરહુ બાબત પરની ચર્ચાવિચારણા દરમ્યાન સ્પષ્ટતા કરવામાં આવી કે સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ અહીં યુનિવર્સિટીના કર્મચારીઓને ધોરણે જણાવેલું છે તે વસ્તુતઃ રાજ્ય સરકારના ધોરણે કલ્પવામાં આવ્યું છે.

ને પછી સદરહુ સ્પષ્ટતાને શાબ્દિક સુધારા તરીકે પ્રમુખશ્રીએ સ્વીકારી.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩૬. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે કે આ યુનિવર્સિટીનાં ભવનોમાં તથા સંલગ્ન કૉલેજોમાં સેવા આપતા સર્વ શિક્ષકો માટે એમની સીનિયોરિટી પ્રમાણે યોગ્ય વેઈટેજ આપીને રૂ. ૫૫૦-૫૦-૯૫૦-૬૦-૧,૨૫૦-૭૫-૧,૭૦૦-૧,૮૦૦ના રનિંગ ગ્રેડનું પગારધોરણ આપવા માટે યોગ્ય પગલાં લેવાં."

સદરહુ પ્રસ્તાવ પ્રા. એસ. બી. વોરાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૩૭. આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

પ્રી-યુનિવર્સિટીમાં પહેલા દશ વિદ્યાર્થીઓનાં નામ અને ગુણ જાહેર કરવામાં આવે છે તે પ્રથામાં કૉલેજનાં નામો ન મુકાય તે ઇચ્છવાજોગ છે, જેથી આ હકીકતનો વેપારીય લાભ ન લેવાય, તો તે માટે ઘટતું કરવા આ સભા સિન્ડિકેટને વિનવે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૧૩૮. આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી અભ્યાસક્રમમાં નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણની યોગ્ય જોગવાઈ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે."

૩૮.	આચાર્ય વી. જે. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૩૯.	આચાર્ય આર. આર. મિશ્રા	હાજર	ગેરહાજર
૪૦.	આચાર્ય બિપિન ઝવેરી	હાજર	ગેરહાજર
૪૧.	આચાર્ય એફ્. એલ. બ્રાગાન્ઝા	હાજર	હાજર
૪૨.	આચાર્ય આર. સી. શાહ	ગેરહાજર	—
૪૩.	આચાર્ય ડી. એમ. દેસાઈ	—	હાજર
૪૪.	આચાર્ય બી. એમ. ઉપાધ્યાય	હાજર	હાજર
૪૫.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર	ગેરહાજર
૪૬.	આચાર્ય જે. ડી. મુનશી	હાજર	હાજર
૪૭.	આચાર્ય બી. એમ. મૂલે	હાજર	હાજર
૪૮.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૪૯.	ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર	ગેરહાજર
૫૦.	આચાર્યા શ્રીમતી મુક્તાબહેન ઠક્કર	ગેરહાજર	ગેરહાજર
૫૧.	આચાર્ય એ. આર. રાવ	હાજર	ગેરહાજર
૫૨.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૫૩.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭–૬–૧૯૭૩	તા. ૨૦–૬–૧૯૭૩
૫૪.	આચાર્ય જે. કે. શાહ	હાજર	હાજર
૫૫.	આચાર્ય વાય. જે. ઠાકોર	હાજર	હાજર
૫૬.	આચાર્ય જી. એલ. ભાવસાર	હાજર	હાજર
૫૭.	આચાર્ય ડૉ. ડી. પી. ઠાકર	હાજર	હાજર
૫૮.	આચાર્ય જે. જે. દવે	હાજર	હાજર
૫૯.	આચાર્ય એચ. કે. બુખારી	હાજર	ગેરહાજર
૬૦.	આચાર્ય વી. સી. પરીખ	હાજર	ગેરહાજર
૬૧.	આચાર્ય ટી. આર. શુકલ	હાજર	હાજર
૬૨.	આચાર્ય જી. જે. પંડ્યા	હાજર	હાજર
૬૩.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૬૪.	આચાર્ય જી. કે. જી. જોશી	હાજર	હાજર
૬૫.	આચાર્યા શ્રીમતી પદ્માબહેન દૂડિયા	હાજર	હાજર
૬૬.	આચાર્ય મહેશ દવે	ગેરહાજર	ગેરહાજર
૬૭.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર
૬૮.	આચાર્ય બી. આર. પટેલ	હાજર	હાજર
૬૯.	આચાર્ય બી. એમ. પંડિત	હાજર	ગેરહાજર
૭૦.	આચાર્ય સી. એ. ટોપીવાલા	હાજર	હાજર
૭૧.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર
૭૨.	આચાર્ય આર. બી. શાસ્ત્રી	હાજર	હાજર
૭૩.	આચાર્ય કે. એસ. યાદવ	હાજર	હાજર
૭૪.	આચાર્ય વાય. ડી. ભાવે	હાજર	ગેરહાજર
૭૫.	આચાર્ય એન. બી. જોષી	હાજર	હાજર
૭૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૭૭.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૭૮.	આચાર્ય એ. બી. વ્યાસ	હાજર	ગેરહાજર
૭૯.	આચાર્ય કે. એસ. રામી	હાજર	હાજર
૮૦.	આચાર્ય કે. એસ. પટેલ	હાજર	હાજર
૮૧.	આચાર્ય બી. એમ. ઠાકર	હાજર	હાજર
૮૨.	આચાર્ય એ. કે. દવે	હાજર	હાજર
૮૩.	આચાર્ય વી. બી. અધ્વર્યુ	હાજર	હાજર
૮૪.	આચાર્ય આઈ. જે. ધ્રુવ	હાજર	હાજર
૮૫.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર
૮૬.	આચાર્ય ડૉ. ડી. એમ. ભાવસાર	હાજર	હાજર
૮૭.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૮૮.	આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૭૩	તા. ૨૦-૬-૧૯૭૩
૮૯.	આચાર્ય એન. વી. રાવલ	હાજર	હાજર
૯૦.	આચાર્ય ડૉ. ડી. એ. ધાંચી	હાજર	હાજર
૯૧.	આચાર્ય સી. કે. અકુવાલા	હાજર	હાજર
૯૨.	આચાર્ય બી. સી. પટેલ	હાજર	હાજર
૯૩.	આચાર્ય એચ. જે. પંડિત	હાજર	હાજર
૯૪.	આચાર્ય જી. બી. પટેલ	હાજર	હાજર
૯૫.	આચાર્ય બી. આર. ચૌહાણ	હાજર	હાજર
૯૬.	આચાર્ય એમ. એસ. પરમાર	હાજર	હાજર
૯૭.	આચાર્ય આર. સી. પટેલ	હાજર	હાજર
૯૮.	આચાર્ય એન. આર. કલ્યાણી	ગેરહાજર	ગેરહાજર
૯૯.	આચાર્ય યુ. બી. પાઠક	હાજર	હાજર
૧૦૦.	આચાર્ય ટી. પી. લેલે	ગેરહાજર	હાજર
૧૦૧.	આચાર્ય પી. એ. પટેલ	હાજર	હાજર
૧૦૨.	આચાર્ય આર. આર. દવે	હાજર	હાજર
૧૦૩.	આચાર્ય ડૉ. જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૧૦૪.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય ડૉ. એચ. એમ. દેસાઈ	ગેરહાજર	હાજર
૧૦૬.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	હાજર
૧૦૭.	આચાર્ય એમ. એમ. શુકલ	હાજર	હાજર
૧૦૮.	આચાર્ય જે. બી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૦૯.	આચાર્ય આર. એલ. પટેલ	હાજર	હાજર
૧૧૦.	આચાર્ય જે. પી. ત્રિવેદી	હાજર	હાજર
૧૧૧.	આચાર્ય વી. ટી. સોની	હાજર	હાજર
૧૧૨.	આચાર્ય એન. જે. પટેલ	હાજર	હાજર
૧૧૩.	આચાર્ય ડૉ. એમ. જે. પટ્ટણી	હાજર	હાજર
૧૧૪.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર
૧૧૫.	આચાર્ય વી. એફ. શાહ	હાજર	હાજર
૧૧૬.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	હાજર
૧૧૭.	આચાર્ય એચ. કે ત્રિવેદી	હાજર	હાજર
૧૧૮.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૧૧૯.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૧૨૦.	આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર	હાજર
૧૨૧.	આચાર્ય એન. કે. દવે	હાજર	ગેરહાજર
૧૨૨.	આચાર્ય એચ. એ. પટેલ	હાજર	હાજર
૧૨૩.	આચાર્ય ડી. એચ. વેલવન	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭–૬–૧૯૭૩	તા. ૨૦–૬–૧૯૭૩
૧૨૪.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૨૫.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર	હાજર
૧૨૬.	આચાર્ય એન. એમ. શાહ	હાજર	હાજર
૧૨૭.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨૮.	આચાર્ય આર. ઓ. ત્રિવેદી	હાજર	હાજર
૧૨૯.	આચાર્ય એચ. સી. પરીખ	હાજર	હાજર
૧૩૦.	આચાર્ય ડૉ. કે. એમ. તલાટી	હાજર	હાજર
૧૩૧.	આચાર્ય જી. જે. જોશી	હાજર	હાજર
૧૩૨.	આચાર્ય વી. એસ. ભટ્ટ	હાજર	હાજર
૧૩૩.	આચાર્ય જે. જી. પટેલ	હાજર	હાજર
૧૩૪.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૧૩૫.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	હાજર
૧૩૬.	આચાર્ય જે. એચ. પંડ્યા	હાજર	હાજર
૧૩૭.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૧૩૮.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૩૯.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર	ગેરહાજર
૧૪૦.	આચાર્ય એચ. યુ. જોશી	હાજર	ગેરહાજર
૧૪૧.	આચાર્ય પી. આર. દેસાઈ	હાજર	હાજર
૧૪૨.	આચાર્ય સી. સી. દેસાઈ	હાજર	હાજર
૧૪૩.	આચાર્ય વી. જે. જાની	હાજર	હાજર
૧૪૪.	ડૉ. ઓ. પી. ગુપ્તા	હાજર	ગેરહાજર
૧૪૫.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	હાજર
૧૪૬.	આચાર્ય ડૉ. એચ. એફ. દસ્તૂર	ગેરહાજર	ગેરહાજર
૧૪૭.	આચાર્ય સી. એચ. શાહ	હાજર	હાજર
૧૪૮.	આચાર્ય એસ. એમ. શુકલ	ગેરહાજર	હાજર
૧૪૯.	આચાર્ય આર. એન. મહેતા	હાજર	હાજર
૧૫૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૫૧.	ડૉ. દેવેન્દ્રલાલ	ગેરહાજર	ગેરહાજર
૧૫૨.	મિસ ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	ગેરહાજર
૧૫૩.	શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર	હાજર
૧૫૪.	ડૉ. વાય. કે. અલઘ	ગેરહાજર	ગેરહાજર
૧૫૫.	શ્રી. ડી. જે. મહેતા	હાજર	હાજર
૧૫૬.	શ્રી. એ. એલ. પટેલ	હાજર	ગેરહાજર
૧૫૭.	શ્રી. કે. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૧૫૮.	શ્રી. વી. એસ. શાહ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૭૩	તા. ૨૦-૬-૧૯૭૩
૧૫૯.	આચાર્ય બી. જે. મહેતા	હાજર	ગેરહાજર
૧૬૦.	આચાર્ય આઈ. એ. પટેલ	હાજર	ગેરહાજર
૧૬૧.	આચાર્ય બી. પી. ઉપાસની	હાજર	હાજર
૧૬૨.	પ્રો. એન. એમ. પરીખ	હાજર	હાજર
૧૬૩.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર
૧૬૪.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર	હાજર
૧૬૫.	ડૉ. આર. જે. જોશી	હાજર	હાજર
૧૬૬.	શ્રી. બી. એસ. પટેલ	હાજર	હાજર
૧૬૭.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૬૮.	પ્રો. એન. જે. પટેલ	હાજર	હાજર
૧૬૯.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર	હાજર
૧૭૦.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર
૧૭૧.	શ્રી. ડી. એસ. બસન	હાજર	હાજર
૧૭૨.	શ્રી. એમ. એચ. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૭૩.	શ્રી. પી. સી. પટેલ	હાજર	હાજર
૧૭૪.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૧૭૫.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૧૭૬.	ડૉ. બી. એમ. પટેલ	હાજર	હાજર
૧૭૭.	ડૉ. એમ. ડી. પંચોલી	હાજર	હાજર
૧૭૮.	ડૉ. કે. એચ. મોદી	હાજર	હાજર
૧૭૯.	ડૉ. આર. એલ. વાદી	હાજર	હાજર
૧૮૦.	ડૉ. જે. એન. પટેલ	હાજર	હાજર
૧૮૧.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર	ગેરહાજર
૧૮૨.	શ્રી. આર. એમ. શાહ	હાજર	ગેરહાજર
૧૮૩.	શ્રી. એસ. બી. વોરા	હાજર	હાજર
૧૮૪.	શ્રી. સી. સી. શાહ	હાજર	હાજર
૧૮૫.	શ્રી. એમ. બી. દેવાની	હાજર	હાજર
૧૮૬.	ડૉ. ભાનુબહેન ત્રિવેદી	હાજર	હાજર
૧૮૭.	શ્રી. સી. પી. બોધાણી	હાજર	હાજર
૧૮૮.	શ્રી. એન. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૮૯.	શ્રી. જે. આર. વ્યાસ	ગેરહાજર	ગેરહાજર
૧૯૦.	શ્રી. ડી. સી. પરીખ	હાજર	હાજર
૧૯૧.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર
૧૯૨.	શ્રી. એમ. આર. ચૌધરી	ગેરહાજર	હાજર
૧૯૩.	શ્રીમતી ભદ્રાબહેન પંડ્યા	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૭૩	તા. ૨૦-૬-૧૯૭૩
૧૯૪.	શ્રી. એન. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૯૫.	શ્રી. એ. એફ. ડાભી	હાજર	હાજર
૧૯૬.	શ્રી. એમ. આર. બારોટ	હાજર	હાજર
૧૯૭.	શ્રી. પી. ટી. મુનશા	ગેરહાજર	ગેરહાજર
૧૯૮.	શ્રી. એન. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૯૯.	શ્રી. એન. એમ. બારોટ	ગેરહાજર	ગેરહાજર
૨૦૦.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૨૦૧.	શ્રી. આર. કે. અમીન	હાજર	ગેરહાજર
૨૦૨.	શ્રી. એચ. પી. પટેલ	હાજર	ગેરહાજર
૨૦૩.	શ્રી. પી. સી. શાહ	હાજર	ગેરહાજર
૨૦૪.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૦૫.	શ્રી. બી. બી. પટેલ	હાજર	હાજર
૨૦૬.	શ્રી. બી. કે. પટેલ	હાજર	ગેરહાજર
૨૦૭.	શ્રી. એ. આર. શુકલ	ગેરહાજર	ગેરહાજર
૨૦૮.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૨૦૯.	શ્રી. આઈ. કે. સૈયદ	હાજર	ગેરહાજર
૨૧૦.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	હાજર
૨૧૧.	શ્રી. વી. એસ. કપાસી	હાજર	હાજર
૨૧૨.	ડૉ. આર. બી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૨૧૩.	ડૉ. જી. એન. તલાટી	હાજર	ગેરહાજર
૨૧૪.	શ્રી. સી. એન. શાહ	હાજર	હાજર
૨૧૫.	શ્રી. એચ. વી. વસા	ગેરહાજર	ગેરહાજર
૨૧૬.	શ્રી. એમ. જે. દવે	હાજર	હાજર
૨૧૭.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	ગેરહાજર
૨૧૮.	શ્રી. પી. એસ. ચોક્સી	ગેરહાજર	ગેરહાજર
૨૧૯.	શ્રી. આર. એન. ગોડિયાવાળા	હાજર	હાજર
૨૨૦.	શ્રી. કે. એચ. શાહ	હાજર	હાજર
૨૨૧.	શ્રી. કસ્તૂરભાઈ શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૨૨.	શ્રી. રાઘવજી લેઉવા	ગેરહાજર	ગેરહાજર
૨૨૩.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૨૨૪.	શ્રી. અમૃતલાલ શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૨૫.	શ્રી. સેમ્યુઅલ પોલ	ગેરહાજર	ગેરહાજર
૨૨૬.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૨૨૭.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર
૨૨૮.	ડૉ. ડી. જી. નાયક	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૭૩	તા. ૨૦-૬-૧૯૭૩
૨૨૯.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	હાજર
૨૩૦.	પ્રો. પી. જી. માવલંકર	હાજર	ગેરહાજર
૨૩૧.	શ્રી. એ. આર. બક્ષી	ગેરહાજર	ગેરહાજર
૨૩૨.	શ્રી. ઈન્દુમતીબહેન શેઠ	હાજર	ગેરહાજર
૨૩૩.	પ્રો. એમ. એ. ફારૂકી	હાજર	હાજર
૨૩૪.	શ્રી. બબલભાઈ મહેતા	ગેરહાજર	હાજર
૨૩૫.	શ્રી. સી. ટી. દરૂ	ગેરહાજર	ગેરહાજર
૨૩૬.	શ્રી. દામુભાઈ શુકલ	હાજર	હાજર
૨૩૭.	શ્રી. એચ. એમ. રજવાડી	હાજર	ગેરહાજર
૨૩૮.	શ્રી. બી. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૨૩૯.	શ્રી. એ. એન. શેઠ	ગેરહાજર	ગેરહાજર
૨૪૦.	શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૪૧.	શ્રી. નવનીતલાલ પરીખ	ગેરહાજર	ગેરહાજર
૨૪૨.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર	હાજર
૨૪૩.	શ્રી. સી. યુ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૪૪.	પ્રિ. જી. કે. ભટ્ટ	હાજર	ગેરહાજર

શરૂઆતમાં કુલપતિશ્રીની ગેરહાજરીમાં પ્રથમ કાર્ય સભાના અધ્યક્ષની ચૂંટણી કરવાનું હોઈ, સ્ટે. ૨૦ મુજબ આચાર્ય ડૉ. સી. એસ. શાહ, ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

તે પછી ઝીણાભાઈ ૨. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આચાર્ય ડી. ડી. દેસાઈને કોર્ટની આ સભાનું અધ્યક્ષસ્થાન આપવામાં આવે, તેને શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ડી. ડી. દેસાઈએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું.

૧. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલી કોર્ટની વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલી કોર્ટની વિશેષ સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૧-અ. પ્રશ્નોત્તરી :

[૧] પ્રા. પી. સી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : તા. ૨૨-૧૧-૧૯૭૨ની સેનેટમાં મારા પ્રશ્નના સંદર્ભમાં પરિશિષ્ટ "૫"માં રજિસ્ટ્રારની જગ્યા સામે ૮૦૦-૫૦-૧,૦૦૦ અને ૮૦૦-૫૦-૧,૨૫૦ એમ સ્કેલ બતાવેલ છે. આને બે રિવિઝન શા માટે ન કહેવાય ?

ઉત્તર ૧ : સિન્ડિકેટની ત. ૪—૩—૧૯૬૧ની સભામાં શ્રી. રજિસ્ટ્રારનું પગારધોરણ નીચે મુજબ સુધારવામાં આવ્યું :

"રૂ. ૮૦૦—૧૦—૧,૦૦૦ અને સ્ટેચ્યૂટ સુધર્યેથી રૂ. ૮૦૦—૫૦—૧,૨૫૦"

ઉપરના ઠરાવને અનુલક્ષીને શ્રી. રજિસ્ટ્રારના પગારધોરણનું રિવિઝન એક ઠરાવથી થયું અને તેનો અમલ બે તબક્કે કરવામાં આવ્યો.

પ્રશ્ન ૨ : (ક) ૧૯૬૪ પહેલાં અને પછી અમદાવાદ શહેર અને એલિસબ્રિજ વિભાગની સાંઘિક રમતોની હરીફાઈઓને અંતે કઈ કઈ સાલમાં કઈ કઈ ટીમોએ હરીફ ટીમો સાથે નિયમોના ભંગ માટે વાંધા નોંધાવ્યા છે ?

(ખ) વાંધાના મુદ્દા શું હતા ?

ઉત્તર ૨ : (ક) અને (ખ) : આ અંગેની માહિતી જે કાર્યાલયની ફાઈલોમાં ૧૯૬૪ પછીની ઉપલબ્ધ થઈ છે તે **પરિશિષ્ટ "૧"** તરીકે જોડી છે. આ માહિતી કાઢવાનું ઘણો સમય માગી લે તેમ હોવાથી ૧૯૬૪ પહેલાંની માહિતી આપવાનું બની શકયું નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨ : (ગ) વાંધાઓ કઈ રીતે હલ કર્યા ?

ઉત્તર ૨ : (ગ) વાંધાઓ જે તે રમત અંગેની ઉપસમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપસમિતિઓએ લીધેલો નિર્ણય પણ **પરિશિષ્ટ "૧"**માં જણાવેલ છે.

પ્રશ્ન ૨ : (ઘ) કઈ કઈ ટીમોને કઈ કઈ સાલમાં રિપ્લે આપવામાં આવી હતી ?

ઉત્તર ૨ : (ઘ) ટીમોની રિપ્લે અંગેની માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	રમતનું નામ	કૉલેજ	સાલ
૧.	ફૂટબૉલ	એચ. એ. કૉમર્સ કૉલેજ અને એલ. ડી. આર્ટ્સ કૉલેજ	૧૯૬૪—૬૫
૨.	ફૂટબૉલ	સેંટ ઝેવિયર્સ કૉલેજ અને સર એલ. એ. શાહ લૉ કૉલેજ	૧૯૬૫—૬૬
૩.	હૉકી	બી. જે. મેડિકલ કૉલેજ અને ગુજરાત કૉલેજ	૧૯૬૭—૬૮
૪.	ક્રિકેટ	અમદાવાદ સાયન્સ કૉલેજ અને એલ. એમ. ફાર્મસી કૉલેજ	૧૯૭૦—૭૧
૫.	વૉલીબૉલ	બી. જે. મેડિકલ કૉલેજ અને એચ. એ. કૉમર્સ કૉલેજ	૧૯૭૦—૭૧

પ્રશ્ન ૩ : (ક) 'ભવાઈ' મહાનિબંધનો આમુખ લખવામાં સાડા-ત્રણ વર્ષનો વિલંબ થયાનું કારણ કેમ ના આપી શકાય ?

ઉત્તર ૩ : (ક) 'ભવાઈ'નો આમુખ લખવામાં તે સમયના કુલપતિશ્રીને થયેલા વિલંબના કારણની માહિતી આ કાર્યાલય પાસે નથી.

પ્રશ્ન ૩ : (ખ) કારણ ન આપવાનો ભેદ શું છે ?

ઉત્તર ૩ : (ખ) ઉપરના પ્રશ્ન નં. ૩(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ગ) કારણ કયા તબક્કે કાર્યાલય આપશે ?

ઉત્તર ૩ : (ગ) ઉપરના પ્રશ્ન નં. ૩(ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ઘ) પ્રકાશન માટે કેટલો સમય લાગ્યો ?

ઉત્તર ૩ : (ઘ) લગભગ ૮ વર્ષ.

પ્રા. પી. સી. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પુસ્તકની પ્રસિદ્ધ થયેલી નકલ જોઈતી હશે તો કયાંથી મળશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રકાશન વિભાગમાં તપાસ કરવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની કોર્ટમાં મારા પ્રશ્ન ૨૨ ના ઉત્તરમાં જણાવ્યું છે કે આ પ્રકારનું રજિસ્ટર રાખવામાં આવતું નથી. તો પછી તા. ૯/૧૦-૧૦-૧૯૭૨ની સેનેટમાં મારા પ્રશ્ન ક્રમાંક ૨ ના ઉત્તર (ક) અને (ખ)માં જે માહિતી આપી છે તે શાને આધારે ?

ઉત્તર ૪ : કાર્યાલયની ફાઈલો પરથી.

પ્રશ્ન ૫ : તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની કોર્ટના મારા પ્રશ્ન ક્રમાંક ૮માં પ્રશ્ન ૧ (ગ), ૩(ખ), ૩(ગ)ના ઉત્તરમાં જણાવ્યું છે કે નાણાની વ્યવસ્થા થયે ચુકવણી થશે. નાણાની વ્યવસ્થા માટે આ કૉલેજ પાસે શું વિકલ્પ છે ?

ઉત્તર ૫ : કૉલેજને પૂછવામાં આવ્યું છે. કૉલેજ તરફથી કોઈ પ્રત્યુત્તર આવેલ નથી.

[નોંધ.— કડી સાયન્સ કૉલેજને લગતી સદરહુ પ્રશ્નોની વિગતો નીચે પ્રમાણે હતી :

પ્રશ્ન ૧ (ગ)

અધ્યાપકોનાં જૂનાં મોંઘવારી ભથ્થાનાં એરિયર્સ કૉલેજે લોન પેટે જમા કર્યાં છે તે અધ્યાપકોને કયારે પરત કરશે ?

પ્રશ્ન ૩ (ખ)

ગુજરાત યુનિવર્સિટીએ રૂ. ૧૬નો મોંઘવારી વધારો તા. ૧—૪—૧૯૭૧થી અમલમાં મૂકેલો છે, પણ તા. ૧—૪—૧૯૭૧થી તા. ૧—૧૦—૧૯૭૧ સુધી મોંઘવારી ભથ્થું આપ્યું નથી તે કયારે અપાશે ?

પ્રશ્ન ૩ (ગ)

તા. ૧—૧—૧૯૭૨ના રોજ ગુજરાત યુનિવર્સિટીએ વધારેલ રૂ. ૧૦નું મોંઘવારી ભથ્થું કયારે અપાશે ?]

પ્રશ્ન ૬ : (ક) તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની કોર્ટમાં શ્રી. બી. એસ. પટેલના પ્રશ્ન ક્રમાંક ૧૧માં ૩(ખ)ના ઉત્તરમાં જણાવ્યું છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજમાં અન્ય કૉલેજના પૂરા સમયના શિક્ષકો પણ શિક્ષણકાર્ય કરે છે. ક્યા શિક્ષકે કયારથી ક્યાં સુધી કામ કર્યું છે?

ઉત્તર ૬ : (ક) નીચેના શિક્ષકોએ તેમનાં નામ સામે જણાવેલ સમય દરમિયાન કામ કર્યું હતું :
૧. પ્રા. સી. બી. ગોમવત ... તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૫—૩—૧૯૭૩
૨. પ્રા. જી. એલ. પટેલ ... તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૫—૩—૧૯૭૩

પ્રશ્ન ૬ : (ખ) આ સિવાય બીજા કોઈ શિક્ષકે આ કૉલેજમાં પહેલાં કામ કર્યું હતું?

ઉત્તર ૬ : (ખ) હા, જી.

પ્રશ્ન ૬ : (ગ) કેટલા સમય માટે?

ઉત્તર ૬ : (ગ) લગભગ દોઢ વર્ષ માટે.

પ્રશ્ન ૬ : (ઘ) આ કૉલેજમાં પૂરતો સ્ટાફ ન હતો?

ઉત્તર ૬ : (ઘ) સદરહુ કૉલેજમાં પૂરતો શિક્ષકગણ હતો.

પ્રશ્ન ૬ : (ચ) જો ના, તો યુનિવર્સિટીએ તે માટે શું કર્યું?

ઉત્તર ૬ : (ચ) ઉપરના પ્રશ્ન ૧(ઘ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૬ : (છ) જો હા, તો શા માટે અન્ય કૉલેજના શિક્ષકો આ કૉલેજમાં શિક્ષણકાર્ય કરતા હતા કે કરે છે?

ઉત્તર ૬ : (છ) સદરહુ કૉલેજે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરી છે :

"વિદ્યાર્થીઓને વધુ સારા શિક્ષકોનું માર્ગદર્શન મળે અને તેમના અભ્યાસમાં વધુ પ્રગતિ થાય તે માટે અન્ય કૉલેજના શિક્ષકો શિક્ષણકાર્ય કરે છે."

પ્રશ્ન ૭ : (ક) એસ.ટી.ટી. કૉલેજે (અમદાવાદ) છેલ્લાં ત્રણ વર્ષમાં એક ઓછા શિક્ષકથી કામ ચલાવ્યું છે તે બરાબર છે?

ઉત્તર ૭ : (ક) હા, જી.

પ્રશ્ન ૭ : (ખ) જો હા, તો યુનિવર્સિટીએ તે બાબતમાં શું શિક્ષાત્મક પગલાં લીધાં છે?

ઉત્તર ૭ : (ખ) સિન્ડિકેટે (હવે એક્ઝિકયુટિવ કાઉન્સિલ) તેની તા. ૧૧/૧૨—૧૧—૧૯૭૨ની સભામાં ઠરાવ્યા પ્રમાણે, સદરહુ કૉલેજને ઠપકો આપ્યો હતો.

પ્રશ્ન ૭ : (ગ) આ કૉલેજનું આ વર્તન યુનિવર્સિટી માટે પડકાર ગણાય કે યુનિવર્સિટીની અવગણના કહેવાય?

ઉત્તર ૭ : (ગ) આ પ્રશ્ન અભિપ્રાયનો છે.

પ્રશ્ન ૮ : તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની કોર્ટના પ્રેસને લગતા મારા પ્રશ્ન ક્રમાંક ૯ (પૃ. ૨૧)ના પ્રશ્ન ૧ અને પ્રશ્ન ૪ (ખ)ના સંદર્ભમાં પાછળ આપેલા કોઠા મુજબ માહિતી આપશોજી.

ઉત્તર ૮ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૯ : (ક) યુનિ. પ્રેસમાં માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓ દરમિયાન મોંનો વિભાગમાં કઈ કઈ તારીખે કયા કયા પ્રશ્નપત્રોનું કામ કરવામાં આવ્યું ?

ઉત્તર ૯ : (ક) યુનિ. પ્રેસમાં માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓ દરમિયાન મોંનો વિભાગમાં કુલ ૨૧ દિવસોએ ૧૨૪ જેટલા પ્રશ્નપત્રોનું કંપોઝ કામ કરવામાં આવ્યું હતું. તેની વિગતો સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૯ : (ખ) મોંનો વિભાગના કયા કયા કર્મચારીઓને માર્ચ-અપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાના સમયે કયા કયા ટાઈમે અને કયારે કયારે ફરજ પર બોલાવવામાં આવ્યા તેની તારીખવાર માહિતી આપશોજી.

ઉત્તર ૯ : (ખ) સદરહુ માહિતી આ સાથેના **પરિશિષ્ટ "૩"** મુજબ છે.

પ્રશ્ન ૯ : (ગ) માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષા દરમિયાન બીજી પાળીમાં મોંનો વિભાગ ચાલુ રાખવામાં આવેલો ?

ઉત્તર ૯ : (ગ) હા, જી.

પ્રશ્ન ૯ : (ઘ) જો હા, તો બીજી પાળીમાં ઓપરેટર અને કાસ્ટર તરીકે કોણે કોણે ફરજ બજાવેલી તે જણાવશોજી.

ઉત્તર ૯ : (ઘ) સદરહુ માહિતી ઉત્તર ૯(ખ)ના **પરિશિષ્ટ "૩"** માં દર્શાવવામાં આવી છે તે જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : (ચ) શ્રી. દયાશંકર જાની અને શ્રી. શિવકુમાર છાયાએ ૧૯૭૦—૭૧થી આજ દિન સુધી કંપોઝ વિભાગમાં કયારે કયારે અને કેટલા સમય સુધી (દિવસ) અને કયા કારણોસર કામ કરેલું ?

ઉત્તર ૯ : (ચ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કર્મચારીનું નામ	તારીખ	કારણ
(૧)	શ્રી. દયાશંકર જાની	તા. ૨૨—૧૧—૧૯૭૧ તા. ૨૩—૧૧—૧૯૭૧	યંત્ર બગડવાથી કંપોઝ વિભાગમાં તેમને કામ સોંપવામાં આવ્યું હતું.
(૨)	શ્રી. શિવકુમાર ભીખા છાયા	તા. ૨—૮—૧૯૭૧ તા. ૮—૯—૧૯૭૧ તા. ૨૨-૧૧-૧૯૭૧ તા. ૨૩-૧૧-૧૯૭૧	પ્રેસની જરૂરિયાત જોતાં આ દિવસોએ તેમને કંપોઝ વિભાગમાં કામ સોંપવામાં આવ્યું હતું.

ક્રમાંક	કર્મચારીનું નામ	તારીખ	કારણ
		તા. ૭—૧૨—૧૯૭૧	
		તા. ૮—૧૨—૧૯૭૧	
		તા. ૧૦—૧—૧૯૭૨	
		તા. ૨૦—૧—૧૯૭૨	
		તા. ૨૧—૧—૧૯૭૨	
		તા. ૨૨—૧—૧૯૭૨	
		તા. ૨૪—૧—૧૯૭૨	
		તા. ૨૫—૧—૧૯૭૨	
		તા. ૨૭—૧—૧૯૭૨	
		તા. ૨૮—૧—૧૯૭૨	
		તા. ૨૯—૧—૧૯૭૨	
		તા. ૧—૨—૧૯૭૨	
		તા. ૫—૨—૧૯૭૨	
		તા. ૨૧—૨—૧૯૭૨	
		તા. ૨૨—૨—૧૯૭૨	
		તા. ૨૩—૨—૧૯૭૨	
		તા. ૨૪—૨—૧૯૭૨	
		તા. ૨૫—૨—૧૯૭૨	
		તા. ૨૬—૨—૧૯૭૨	
		તા. ૨૮—૨—૧૯૭૨	
		તા. ૨—૩—૧૯૭૨	
		તા. ૩—૩—૧૯૭૨	
		તા. ૨૮—૩—૧૯૭૨	
		તા. ૨૯—૩—૧૯૭૨	
		તા. ૮—૪—૧૯૭૨	
		તા. ૧૫—૪—૧૯૭૨	
		તા. ૧૭—૪—૧૯૭૨	
		તા. ૬—૫—૧૯૭૨	
		તા. ૮—૫—૧૯૭૨	
		તા. ૯—૫—૧૯૭૨	
		તા. ૧૦—૫—૧૯૭૨	
		તા. ૧૧—૫—૧૯૭૨	
		તા. ૧૨—૫—૧૯૭૨	
		તા. ૧૩—૫—૧૯૭૨	
		તા. ૧૫—૫—૧૯૭૨	

ક્રમાંક	કર્મચારીનું નામ	તારીખ	કારણ
		તા. ૧૬—૫—૧૯૭૨	
		તા. ૧૭—૫—૧૯૭૨	
		તા. ૧૮—૫—૧૯૭૨	
		તા. ૧૯—૫—૧૯૭૨	
		તા. ૧૫—૬—૧૯૭૨	
		તા. ૧૬—૬—૧૯૭૨	
		તા. ૧૭—૬—૧૯૭૨	
		તા. ૧૯—૬—૧૯૭૨	
		તા. ૨૦—૬—૧૯૭૨	
		તા. ૨૨—૬—૧૯૭૨	
		તા. ૨૩—૬—૧૯૭૨	

પ્રશ્ન ૯ : (છ) દયાશંકર જાની કંપોઝ કામ જાણે છે કે ?

ઉત્તર ૯ : (છ) હા, જી.

પ્રશ્ન ૯ : (જ) જો હા, તો તેમને મોનો-ઓપરેટર તરીકે નિયુક્ત કરવાના છે તે વાત સાચી ?

ઉત્તર ૯ : (જ) હા, જી.

પ્રશ્ન ૯ : (ઝ) શ્રી. શિવકુમાર છાયા ઓપરેટરનું કામ કરી શકે છે તે વાત સાચી ?

ઉત્તર ૯ : (ઝ) હા, જી.

પ્રશ્ન ૯ : (ટ) જો હા, તો તેમને તેમની નોકરીમાં જોડાયા તારીખથી આજદિન સુધી કેટલો સમય મોનો-ઓપરેટરનું કામ કર્યું તેની માહિતી આપશોજી ?

ઉત્તર ૯ : (ટ) શ્રી. છાયાએ યુનિવર્સિટી પ્રેસમાં હંગામી ધોરણે તા. ૬-૨-૧૯૭૧થી તા. ૩૦-૧૧-૧૯૭૨ દરમિયાન ૪૭૧ દિવસો માટે મોનોટાઇપ વિભાગમાં પણ ફરજ બજાવેલ છે.

પ્રશ્ન ૯ : (ઠ) શ્રી. શિવકુમાર છાયાને આસિ. કંપોઝીટરનો કાયમી જગ્યાનો ઓર્ડર આપવામાં આવ્યો છે તે વાત સાચી ?

ઉત્તર ૯ : (ઠ) હા, જી.

પ્રશ્ન ૯ : (ડ) જો હા, તો શ્રી. શિવકુમાર છાયાએ નોકરીમાં જોડાયા તારીખથી આજ દિન સુધી મોનો-ઓપરેટર તરીકે ફરજ બજાવી હોવા છતાં તેમને મોનો-ઓપરેટરનો ઓર્ડર આપવામાં શું બાધક છે ?

ઉત્તર ૯ : (ડ) યુનિવર્સિટી પ્રેસમાં હાલ એક મોનો-ઓપરેટર છે અને વધુ મોનો-ઓપરેટરની જરૂર નથી.

પ્રશ્ન ૯ : (ઢ) શ્રી. શિવકુમાર છાયાએ પોતાને અન્યાય થાય છે તેની જાણ અરજી દ્વારા યુનિવર્સિટીના અધિકારીઓને કરેલી છે ?

ઉત્તર ૯ : (ઢ) હા, જી.

પ્રશ્ન ૯ : (ણ) જો હા, તો તે અંગે શો ન્યાય આપવામાં આવ્યો ?

ઉત્તર ૯ : (ણ) શ્રી. છાયાને યુનિવર્સિટી પ્રેસમાં દૈનિક રૂ. ૬--૦૦ના વેતનથી હંગામી ધોરણે કંપોઝીટર-કમ-મોનો-ઓપરેટર તરીકે પ્રથમ લેવામાં આવ્યા હતા. તે વખતે તેમનું માસિક વેતન આશરે રૂ. ૧૫૦ જેટલું થવા જતું હતું. હવે તેમને આસિ. કંપોઝીટર તરીકે કાયમી જગ્યા પર લેવામાં આવ્યા છે અને તેમનું કુલ માસિક વેતન રૂ. ૨૦૭ જેટલું થવા જાય છે. ઉપરાંત તેઓને પ્રેસના કાયમી કર્મચારીઓને મળતી રજાઓ, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી વગેરે લાભો પણ હવે સ્વાભાવિક રીતે મળે, એ જોતાં શ્રી. શિવકુમાર છાયાને કશો અન્યાય થયો નથી. તેથી તેમને ન્યાય આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૯ : (ત) શ્રી. શિવકુમાર છાયાના પ્રશ્ન બાબતમાં શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના સેનેટે સર્વાનુમતે પસાર કરેલા ઠરાવનું યથાર્થ પાલન થયું છે ખરું ?

ઉત્તર ૯ : (ત) હા, જી.

પ્રશ્ન ૧૦ : (ક) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં માર્ચ--એપ્રિલ ૧૯૭૩માં પ્રશ્નપત્રોનું કામ કઈ તારીખથી શરૂ કરવામાં આવ્યું ?

ઉત્તર ૧૦ : (ક) યુનિવર્સિટી પ્રેસમાં માર્ચ--એપ્રિલ ૧૯૭૩ના પ્રશ્નપત્રોનું કામ તા. ૧૨--૩--૧૯૭૩થી શરૂ કરવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૧૦ : (ખ) અને કઈ તારીખે પૂરું થયું ?

ઉત્તર ૧૦ : (ખ) તા. ૨૩--૪--૧૯૭૩ના રોજ પૂરું થયું હતું.

પ્રશ્ન ૧૦ : (ગ) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં છપાયેલ પ્રશ્નપત્રો અન્ય સેન્ટરોમાં પહોંચાડવામાં આવે છે ?

ઉત્તર ૧૦ : (ગ) હા, જી.

પ્રશ્ન ૧૦ : (ઘ) જો હા, તો કેટલાં સેન્ટરોમાં ? તેની સંખ્યા આંકડામાં જણાવશોજી ?

ઉત્તર ૧૦ : (ઘ) અમદાવાદ ઉપરાંત બીજાં નવ કેન્દ્રોમાં.

પ્રશ્ન ૧૦ : (ચ) બહારનાં સેન્ટરોને લીધે યુનિવર્સિટી પ્રશ્નપત્રોના સમયે કામનું ભારણ વધ્યું છે તે વાત સાચી ?

ઉત્તર ૧૦ : (ચ) હા, જી.

પ્રશ્ન ૧૦ : (છ) જો હા, તો કેટલું ભારણ વધ્યું છે? તેનાં કેટલાં પાનાં અને કેટલી નકલો, આંકડામાં જણાવશો ?

ઉત્તર ૧૦ : (છ) અમદાવાદ બહારનાં નવ કેન્દ્રો પર કુલ ૮૦૨ પ્રશ્નપત્રોની બધી થઈને ૩૯૪૨૨ જેટલી નકલો મોકલવામાં આવી હતી. આમ ૩૯૪૨૨ જેટલી નકલો છાપવાનું કામ વધ્યું હતું.

પ્રશ્ન ૧૦ : (જ) યુનિવર્સિટી પ્રેસમાં ૧૯૭૦થી ૧૯૭૨ના માર્ચ--એપ્રિલ--મે સુધીમાં રોજેરોજનાં કેટકેટલાં પાનાં કંપોઝ થયાં છે તેની માહિતી નીચેની વિગતે આપશોજી. કોઠો જુઓ.

ઉત્તર ૧૦ : (જ) સદરહુ માહિતી સભા સમયે ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૧૦ : (ઝ) માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષા સમયે ટેમ્પરરી ધોરણે બહારથી કેટલા કંપોઝીટરોને, કેટલા વેતનથી, કેટલા દિવસ સુધી રોકવામાં આવ્યા હતા ? અને તેમને કઈ કઈ તારીખે અને કયા કયા ટાઈમે ફરજ પર બોલાવવામાં આવ્યા હતા ?

ઉત્તર ૧૦ : (ઝ) માર્ચ–એપ્રિલની પરીક્ષાઓને લગતા કાર્યભારને સમયસર પહોંચી વળવા માટે હંગામી રીતે દૈનિક વેતનના ધોરણે કંપોઝીટરોને તા. ૨૮--૩--૧૯૭૩થી તા. ૩--૪–૧૯૭૩ દરમિયાન બોલાવવામાં આવ્યા હતા તેની વિગત નીચે પ્રમાણે છે :

તારીખ	ટેમ્પરરી કંપોઝીટરની સંખ્યા	વેતન	ફરજ ઉપર બોલાવેલ સમય
તા. ૨૮--૩--૧૯૭૩	૧૮	રૂ. ૧૨--૦૦	૮--૩૦ રાત
તા. ૨૯--૩--૧૯૭૩	૧૪	[૩--૩૦ રાતથી	૧૦--૦૦ રાત
તા. ૩૦--૩--૧૯૭૩	૧૪	૩--૩૦ બપોર	૧૨--૦૦ રાત
તા. ૩૧--૩--૧૯૭૩	૧૮	સુધીનું]	૮--૩૦ રાત
તા. ૨--૪--૧૯૭૩	૨૧		૮--૩૦ રાત
તા. ૩--૪--૧૯૭૩	૨૧		૮--૩૦ રાત.

પ્રશ્ન ૧૦ : (ટ) (૧) બહારથી બોલાવેલા ટેમ્પ. કંપોઝીટરોને પ્રશ્નપત્રોના કામ અંગે બોલાવવામાં આવ્યા હતા ત્યારે પ્રેસના કાયમી કંપોઝીટરોને તેમના કરતાં મોડા બોલાવેલા ખરા ? કયા કયા કાયમી કંપોઝીટરો અને જુનિ. કંપોઝીટરોને તેમના કરતાં કેટલો સમય મોડા બોલાવવામાં આવેલા ? તેમનાં નામ આપશોજી ?

(૨) કાયમી કંપોઝીટરો અને જુનિ. કંપોઝીટરોને મોડા બોલાવવા માટેનાં કયાં કયાં વિશિષ્ટ કારણો હતાં ?

ઉત્તર ૧૦ : (ટ) (૧) સદરહુ માહિતી સભા સમયે ટેબલ પર મૂકવામાં આવશે.

(૨) પ્રશ્નપત્રોનું છાપકામ વેળાસર પૂરું કરી શકાય તે દૃષ્ટિએ કામકાજની આ ગોઠવણ કરવામાં આવી હતી.

પ્રશ્ન ૧૦ : (ઠ) વિગત જુદા પાના ઉપર છે. કોઠો સામેલ છે.

ઉત્તર ૧૦ : (ઠ) સદરહુ માહિતી સભા સમયે ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૧૦ : (ડ) માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષા-ગાળા દરમિયાન યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને ટિફિન એલાવન્સ અપાતું હોવા છતાં સંસ્થા તરફથી નાસ્તો આપવાની વ્યવસ્થા કરવામાં આવેલી ખરી ?

ઉત્તર ૧૦ : (ડ) હા, જી. તા. ૨૭—૩—૧૯૭૩ના રોજ નાસ્તો આપવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧૦ : (ઢ) જો હા, તો કેટલા દિવસ નાસ્તો આપવામાં આવેલો ? તેનો અંદાજી ખર્ચ કેટલો થયેલો ?

ઉત્તર ૧૦ : (ઢ) ઉપર ઉત્તર ૧૦(ડ)માં જણાવ્યા પ્રમાણે એક દિવસ માટે નાસ્તો આપવામાં આવેલ, જેનું ખર્ચ રૂ. ૮૦ જેટલું થયું હતું.

પ્રશ્ન ૧૦ : (ણ) શું એ વાત સાચી છે કે જ્યાં સુધી પ્રશ્નપત્રોના કામનું વધારે ભારણ રહે ત્યાં સુધી પ્રેસ-કર્મચારીઓને ટિફિન એલાવન્સ ઉપરાંત નિયમિત નાસ્તો આપવાનો માનનીય કુલપતિશ્રીનો આદેશ હતો એ વાત સાચી ?

ઉત્તર ૧૦: (ણ) ના, જી.

પ્રશ્ન ૧૦: (ત) જો હા, તો તેનો અમલ શા માટે ન કરવામાં આવ્યો ?

ઉત્તર ૧૦: (ત) ઉત્તર ૧૦ (ણ) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦: (થ) યુનિવર્સિટી પ્રેસમાં પરીક્ષા દરમિયાન ફ્રીઝ વસાવવામાં આવ્યું તે વાત સાચી ?

ઉત્તર ૧૦: (થ) હા, જી.

પ્રશ્ન ૧૦: (દ) જો હા, તો તેની તાકીદે કઈ જરૂર પડી ?

ઉત્તર ૧૦ : (દ) પ્રશ્નપત્રોના ગુપ્ત છાપકામ દરમિયાન પ્રેસમાં બહારથી ચા, કૉફી ઈત્યાદિની આપલે કરવામાં આવતી ન હોવાથી આ અંગે લાવવામાં આવતું દૂધ બગડી જવાના પ્રસંગો બનતાં તથા તેને કારણે ઉદ્‌ભવતી સામાન્ય અગવડોને ધ્યાનમાં લઈ "ફ્રીઝ" વસાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૦ : (ધ) આ અંગે કોઈએ ફરિયાદ કરેલી ?

ઉત્તર ૧૦ : (ધ) હા, જી.

પ્રશ્ન ૧૦ : (ન) જો હા, તો કોણે ફરિયાદ કરેલી ? તેમનું નામ આપશોજી ?

ઉત્તર ૧૦ : (ન) પરીક્ષાઓના સંચાલનમાં કોઈ અગવડ યા મુશ્કેલીઓ હોય તો તેનો તાકીદે નિકાલ કરી શકાય તે માટે કુલપતિશ્રીએ તા. ૩૦--૩--૧૯૭૩ના રોજ પ્રેસની ફ્રૂઝ મુલાકાત લીધેલ ત્યારે ત્યાં ફરજ ઉપર હાજર રહેલ સીનિયર સુપરવાઈઝરોએ ઉત્તર ૧૦ (દ)માં જણાવ્યા પ્રમાણેની અગવડ-સગવડ અંગેની રજૂઆત તેઓશ્રી સમક્ષ કરેલ.

પ્રશ્ન ૧૧ : (ક) યુનિવર્સિટી પ્રેસની શરૂઆત ૧૯૫૮માં થઈ ત્યારથી પ્રેસ-કર્મચારીને મળતી માંદગીની રજાઓ વધારવા માટે કર્મચારીઓએ કયારે કયારે માગણી કરેલી તેની માહિતી આપશો ?

ઉત્તર ૧૧ : (ક) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) તા. ૨૨--૨--૧૯૬૬ના રોજ ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયને રજૂ કરેલ ૧થી ૧૧ માગણીઓ પૈકી ક્રમાંક ત્રણની માગણી યુનિવર્સિટી કાર્યાલયના ધોરણે પ્રેસ-કર્મચારીઓને રજાઓ આપવા બાબતની હતી.

(૨) તા. ૧૪--૬--૧૯૬૮ના રોજ મૂકેલ કેજ્યુઅલ રજાઓ, તહેવારોની રજાઓ, તથા અન્ય રજાઓ અંગેની પ્રેસ-કર્મચારીઓની માગણી.

(૩) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનની તા. ૧૯--૧૧--૧૯૭૧ની સભાએ રજૂ કરેલ ૧થી ૧૪ માગણીઓ પૈકી ક્રમાંક ત્રણની 'રજાઓ અંગે સમાન ધોરણ અપનાવો'ની માગણી.

પ્રશ્ન ૧૧ : (ખ) શું એ વાત સાચી છે કે યુનિવર્સિટી પ્રેસમાં રાજ્ય વીમા યોજના એ કાયદાથી અમલી બનાવવામાં આવેલી યોજના છે ?

ઉત્તર ૧૧ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૧ : (ગ) પ્રેસ-કર્મચારીઓને મળતી માંદગીની રજાઓ કઈ સિન્ડિકેટમાં કયા ઠરાવ ક્રમાંકથી આપવામાં આવેલી ?

ઉત્તર ૧૧ : (ગ) પ્રેસ-કર્મચારીઓને માંદગીની રજાઓ સિન્ડિકેટના તા. ૬--૭--૧૯૬૯ના ઠરાવ ક્રમાંક ૩૩ના અન્વયે આપવામાં આવી હતી.

પ્રશ્ન ૧૧ : (ઘ) માંદગીની રજાઓના નિયમમાં તા. ૬--૭-૧૯૬૯થી કામકાજ ક્રમાંક ૩૩થી આ નિયમોમાં કોઈ ફેરફાર કરેલો ?

ઉત્તર ૧૧ : (ઘ) તા. ૬/૭-૩-૧૯૬૯ની સિન્ડિકેટની સભાના કામકાજ ક્રમાંક ૩૩થી થયેલ નિર્ણય નીચે પ્રમાણે છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને હાલ જે સાત દિવસની માંદગીની રજાઓ આપવામાં આવે છે તે પેટે યુનિવર્સિટી પ્રેસ કામદાર આરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવેલું હોઈ, તેના તરફથી કામદારોને જો એક દિવસથી વધારે દિવસ માંદગીની રજા ઉપર હોય તો તેમને વળતર આપવામાં આવે છે તે જોતાં હવેથી તેમને માંદગીની રજા માટે નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને માંદગીની વધુમાં વધુ કુલ સાત રજાઓ આપી શકાશે.

(૨) માંદગીની તબીબી રજાઓ માટે તબીબી પ્રમાણપત્ર આવશ્યક રહેશે.

(૩) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પહેલા એક દિવસની પૂરા પગારની માંદગીની રજા આપવી અને જો એક કરતાં વધુ દિવસની માંદગીની રજા એકસાથે આપવામાં આવે તો પહેલો એક દિવસ બાદ કરીને વધુ છ દિવસ સુધીની રજા અર્ધા પગારે આપવી.

પ્રશ્ન ૧૧ : (ચ) જો હા, તો કયો ?

ઉત્તર ૧૧ : (ચ) ઉત્તર ૧૧ (ધ) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧ : (છ) શું એ વાત સાચી છે કે ઉપરોક્ત ઠરાવ અધૂરો અને યુનિવર્સિટી અધિકારીઓને ગેરમાર્ગે દોરનાર હકીકતો પરથી કરવામાં આવેલ હતો ?

ઉત્તર ૧૧ : (છ) સદરહુ ઠરાવ કઈ હકીકત પરથી કરવામાં આવ્યો હતો તેનો ઉલ્લેખ સમિતિની કાર્યવાહીમાં જોવા મળતો નથી; તેથી તે અંગેની માહિતી આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૧ : (જ) જો ના, તો તા. ૬-૯-૧૯૬૯ના રોજની સિન્ડિકેટની સભામાં કામકાજ ક્રમાંક ૪૦થી સુધારો કરવામાં આવેલો ?

ઉત્તર ૧૧ : (જ) હા, જી.

પ્રશ્ન ૧૧ : (ઝ) જો હા, તો કયાં સુધારો કરવામાં આવેલો ?

ઉત્તર ૧૧ : (ઝ) તા. ૬-૯-૧૯૬૯ના રોજની સિન્ડિકેટની સભામાં ક્રમાંક ૪૦ મુજબ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં પ્રેસના કર્મચારીઓને આકસ્મિક રજા તથા માંદગીની રજા આપવાના નિયમોમાં જે સુધારો કર્યો તેમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

(૧) સુધારેલા નિયમો પ્રમાણેની આકસ્મિક રજા તથા માંદગીની રજાનો અમલ તા. ૧-૧-૧૯૭૦થી કરવાનું રાખવું.

(૨) ઈ.એસ.આઈ. યોજના હેઠળ માંદગીની રજા માટે બે દિવસનું વળતર આપવામાં આવતું નથી; તેથી જો કોઈ કર્મચારી બે દિવસ સુધીની રજા માગે તો તે પૂરા પગારે આપવી, પરંતુ એકીસાથે બે કરતાં વધુ દિવસની માંદગીની રજા માગે તો તે બે દિવસની પૂરા પગારે અને બાકીની અડધા પગારે રજા આપવી.

(૩) જે કર્મચારીઓ ઈ.એસ.આઈ. યોજના હેઠળ દવાખાનાનો લાભ ન લે તેઓને પણ ઉપર મુજબ નં. (૨)માં જણાવ્યા પ્રમાણે માંદગીની રજાઓ આપવી.

(૪) પ્રેસના જે કાયમી કર્મચારીઓ પૈકી ઈ.એસ.આઈ. યોજના હેઠળ આવરી લેવામાં ન આવતા હોય તેવા કર્મચારીઓને પૂરા પગારે માંદગીની રજાઓ આપવી.

પ્રશ્ન ૧૧ : (ટ) યુનિવર્સિટી પ્રેસને રાજય વીમા યોજનાનો અમલ કરવાનો થયો ત્યારે અને આજે કર્મચારીઓને તે યોજનાના જે તે લાભો મળતા હતા તેમાં કોઈ વધુ લાભનો ઉમેરો થયો છે ખરો ?

ઉત્તર ૧૧ : (ટ) હા, જી.

પ્રશ્ન ૧૧ : (ઠ) વીમા યોજના ચાલુ થયા પછી માંદગીની રજા કેટલો સમય આપવામાં આવી ?

ઉત્તર ૧૧ : (ઠ) યુનિવર્સિટી પ્રેસમાં પ્રેસ-કર્મચારીઓ પૈકી જેઓને ઈ.એસ.આઈ. યોજનાના લાભ મળે છે તેઓને સિન્ડિકેટે તા. ૧૧—૩—૧૯૭૩, કામકાજ ક્રમાંક ૭૫ અન્વયે નક્કી થયા પ્રમાણે જરૂરી કાર્યવાહી કરવા યુનિવર્સિટી પત્રાંક ૧૮૧૭, તા. ૨૩—૪—૧૯૭૩માં જણાવવામાં આવતાં તે પ્રમાણે તે તારીખ સુધી માંદગીની રજાઓ આપવામાં આવી હતી.

પ્રશ્ન ૧૧ : (ડ) જો ના, તો સાત માંદગીની રજાઓ ઉપરના સંજોગોમાં તેમને રાજ્ય વીમા યોજનાનો લાભ મળે છે તે દૃષ્ટિએ આપવાની "રહેશે નહિ" તેમ ગણવાનું કયારથી બંધ કરવામાં આવશે ?

ઉત્તર ૧૧ : (ડ) તે ઠરાવનો અમલ રદ કરવાનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧૧ : (ઢ) યુનિવર્સિટી કાર્યાલયમાં આજદિન સુધીમાં જે કોઈ લાભો આપાય છે તેમાંના કોઈ લાભો યુનિવર્સિટી કાર્યાલયે કયારેય પાછા ખેંચી લીધા છે ખરા ?

ઉત્તર ૧૧ : (ઢ) પ્રશ્નનો વ્યાપ જોતાં તેનો ઉત્તર આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૧ : (ણ) જો ના, તો યુનિ. પ્રેસના ફકત ૭૦ જેટલા કર્મચારીઓને અન્યાય શા માટે ?

ઉત્તર ૧૧ : (ણ) અગાઉ યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓને વર્ષે ૮ તહેવારની રજાઓ, ૧૦ કેજ્યુઅલ રજાઓ અને ૭ માંદગીની રજાઓ મળતી હતી. તેના બદલે હવે તેમને તહેવારની લગભગ ૨૨ રજાઓ અને ૧૨ કેજ્યુઅલ રજાઓ આપવામાં આવે છે. આ રીતે કુલ ૨૫ રજાઓ મળતી હતી તેના બદલે હવે કર્મચારીઓને લગભગ ૩૪ રજાઓ આપવામાં આવી છે. આમ સમગ્ર રીતે જોતાં પ્રેસના કર્મચારીઓને અન્યાય થયો છે એમ કહી શકાય નહિ.

પ્રશ્ન ૧૨ : (ક) સિન્ડિકેટની તા. ૨૦--૩--૧૯૭૩ની સભાએ બાબત ક્રમાંક ૭૫થી કર્મચારીઓનાં પગારધોરણો સુધારેલાં ?

ઉત્તર ૧૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૨ : (ખ) પ્રૂફરીડર, કોપી-હોલ્ડર, અને કારકુનોની જગ્યાઓ સિવાયના અન્ય કર્મચારીઓનાં પગારધોરણોમાં ફેરફાર કરવાનું સ્વીકારાયેલું ?

ઉત્તર ૧૨ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૨ : (ગ) કોપી-હોલ્ડર, પ્રૂફરીડરનાં પગારધોરણોમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૧૨ : (ગ) હા, જી.

કોપી-હોલ્ડર તથા પ્રૂફરીડર "બી" અને "સી"ના પગારધોરણમાં સુધારો કરવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૨ : (ધ) જો હા, તો કેટલો ?

ઉત્તર ૧૨ : (ધ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) કૉપી-હોલ્ડર ગ્રેડ--૧ના પ્રૂફરીડર "બી" માં ગ્રેડ રૂપિયા ૧૫૩--૫--૧૮૩--૧૦--૨૪૩ ઈ.બી. ૧૫--૩૭૮ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે.

(૨) કૉપી-હોલ્ડર ગ્રેડ--૨ના પ્રૂફરીડર "સી"માં ગ્રેડ રૂ. ૧૪૫--૫--૧૭૫--૮--૨૦૫ ઈ.બી. ૧૦--૨૪૫ નક્કી કરવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૨ : (ચ) યુનિવર્સિટી કાર્યાલય અને પ્રેસ-કાર્યાલયને પ્રેસ-કર્મચારીઓ તરફથી મુંબઈ યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓને મળતા પગારો, મોંઘવારી ભથ્થું, માંદગીની રજાઓ તથા તહેવારોની રજાઓ તથા ઓવરટાઈમની વિગતો ઈત્યાદિ માહિતી પૂરી પાડેલી?

ઉત્તર ૧૨ : (ચ) હા, જી.

પ્રશ્ન ૧૨ : (છ) જો હા, તો માહિતી આપશો ?

ઉત્તર ૧૨ : (છ) સદરહુ માહિતી સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૨ : (જ) મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝ, મશીન અને બાઈન્ડિંગ વિભાગમાં કઈ કઈ કેડરો અને કેટલી જગ્યાઓ છે તેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયે મેળવેલી ?

ઉત્તર ૧૨ : (જ) હા, જી.

પ્રશ્ન ૧૨ : (ઝ) તો તેની સંપૂર્ણ માહિતી આપશોજી ?

ઉત્તર ૧૨ : (ઝ) સદરહુ માહિતીની નકલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૨ : (ટ) મુંબઈ યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં સ્પે. ડી.એ. તથા ડિયરનેસ એલાવન્સ, ગુજરાત યુનિવર્સિટી પ્રેસનાં પગારધોરણ નક્કી કરતાં ધ્યાનમાં લેવામાં આવેલાં ?

ઉત્તર ૧૨ : (ટ) હા, જી.

પ્રશ્ન ૧૨ : (ઠ) જો હા, તો મુંબઈ યુનિવર્સિટી પ્રેસ તથા ગુજરાત યુનિવર્સિટી પ્રેસની સમકક્ષ કેડરોનું પે-પેકેટ સરખું થાય છે ખરું ?

ઉત્તર ૧૨ : (ઠ) બેઉ યુનિવર્સિટીઓમાં કેડરો અંગે સંપૂર્ણ સમાનતા પ્રવર્તતી નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે, "ના, જી."

પ્રશ્ન ૧૨ : (ડ) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં મુંબઈ યુનિવર્સિટી પ્રેસની કંપોઝ વિભાગની જે કેડરો છે તેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી પ્રેસ માટે કેડરો ઊભી કરવામાં આવી છે ખરી ?

ઉત્તર ૧૨ : (ડ) અહીંની કેડરો ઊભી કરતી વખતે મુંબઈ યુનિવર્સિટી પ્રેસ અંગેની માહિતી પણ ધ્યાનમાં લેવામાં આવી હતી.

પ્રશ્ન ૧૨ : (ઢ) જો હા, તો મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં "એ" કેડરના કંપોઝીટરોનો ગ્રેડ ગુજરાત યુનિવર્સિટીના કયા કેડરના કંપોઝીટરોને આપવામાં આવ્યો?

ઉત્તર ૧૨ : (ઢ) મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝીટરોની ચાર કેડરો છે, જ્યારે આપણે ત્યાં ત્રણ કેડરો છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે મુંબઈ યુનિવર્સિટી પ્રેસના "એ" કેડરના કંપોઝીટરોનું પગારધોરણ આપણે ત્યાં કોઈને લાગુ પાડવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૧૨ : (ણ) મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં સેકશન હેડ-૧, આસિ. સેકશન હેડ-૨, કંપોઝીટર-'એ'-૧૫, કંપોઝીટર-'બી'-૧૩, અને ટાઈપ છોડનારાઓ (ડિસ્ટ્રીબ્યુટર્સ)-૮ -કુલ ૩૯ કર્મચારીઓ છે, તેના પ્રમાણમાં આસિ. સેકશન હેડની જગ્યાનું પ્રમાણ ૨ નું છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં ૩૭ કર્મચારીઓના પ્રમાણમાં ચાર સેકશન હેડની જગ્યાઓ સપ્રમાણ છે?

ઉત્તર ૧૨ : (ણ) આ પ્રશ્ન અભિપ્રાયનો છે.

પ્રશ્ન ૧૨ : (ત) મુંબઈ યુનિવર્સિટી પ્રેસના કંપોઝીટર "એ" કક્ષાના લાયકાત ધરાવતા ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં કેટલા કંપોઝીટરો છે તેની યાદી આપશોજી?

ઉત્તર ૧૨ : (ત) મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝીટર "એ" અંગેની કોઈ સ્પષ્ટ લાયકાત નક્કી કરવામાં આવેલ ન હોવાથી આ પ્રકારની યાદી આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૨ : (થ) ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કંપોઝીટરોને સેકશન હેડનું પગારધોરણ આપવામાં આવ્યું, તેવી જ રીતે જુ. કંપોઝીટરોને પણ મુંબઈ યુનિવર્સિટીના "એ" કંપોઝીટરનું પગારધોરણ આપવામાં શું બાધક છે?

ઉત્તર ૧૨ : (થ) આ અંગે પ્રેસ-સમિતિની ભલામણ પ્રમાણે સિન્ડિકેટે નિર્ણય કર્યો છે. પ્રેસ-સમિતિને તે પ્રમાણેનું પગારધોરણ આપવા ભલામણ કરવા યોગ્ય જણાયું નથી.

પ્રશ્ન ૧૨ : (દ) ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કંપોઝીટર અને જુ. કંપોઝીટરની બન્ને કેડરો વચ્ચે મર્જ્ડ થયા પહેલાં અને મર્જ્ડ થયા પછીનાં પગારધોરણોમાં અંતિમ પગથિયે કેટલો તફાવત રહેતો હતો તેની માહિતી આંકડામાં આપશોજી?

ઉત્તર ૧૨ : (દ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમ	જગ્યાનું નામ	અનમર્જ્ડ પગારધોરણ	અંતિમ પગથિયે તફાવત રૂ.
૧.	કંપોઝીટર	૬૦-૪-૧૦૦ ઈ.બી. ૫-૧૨૦	૨૦
૨.	જુ. કંપોઝીટર	૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦	
		મર્જ્ડ પગારધોરણ	
૧.	કંપોઝીટર	૧૪૯-૪-૨૦૫-૫-૨૧૦	૩૧
૨.	જુ. કંપોઝીટર	૧૦૪-૫-૧૫૪ ઈ.બી. ૫-૧૭૯	

પ્રશ્ન ૧૨ : (ધ) સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ નવાં પગારધોરણોમાં કંપોઝીટર અને જુ. કંપોઝીટરની બન્ને કેડરો વચ્ચે અંતિમ પગથિયે કેટલો તફાવત રહે છે તે માહિતી આંકડામાં આપશોજી ?

ઉત્તર ૧૨ : (ધ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમ	જગ્યાનું નામ	નવું પગારધોરણ	અંતિમ પગથિયે તફાવત
૧.	કંપોઝીટર	૧૫૦-૫-૧૭૫-૮-૨૧૫ ૧૦-૨૫૫ ઈ.બી. ૧૨-૩૧૫	રૂ. ૭૦
૨.	જુ. કંપોઝીટર	૧૪૫-૫-૧૭૫-૮-૨૧૫ ઈ.બી. ૧૦-૨૪૫	

પ્રશ્ન ૧૨ : (ન) નવાં પગારધોરણો અંગે ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં જુ. કંપોઝીટરોએ યુનિવર્સિટીના કુલપતિશ્રી સમક્ષ તેમને ભવિષ્યમાં થનારા આર્થિક નુકસાન અંગે તા. ૧૫-૩-૧૯૭૩ના રોજ પુનર્વિચારણા કરવા વિનંતી કરેલી ?

ઉત્તર ૧૨ : (ન) હા, જી.

પ્રશ્ન ૧૨ : (પ) જો હા, તો બન્ને કેડરો વચ્ચે અંતિમ પગથિયે રૂ. ૭૦નો મોટો તફાવત તેમને યોગ્ય માન્યો લાગે છે તે તા. ૧૪-૫-૧૯૭૩ના પત્રાંક પરથી જણાય છે તો આ બાબતમાં કુલપતિશ્રીએ જાતે યોગ્ય તપાસ કરી છે ખરી ?

ઉત્તર ૧૨ : (પ) હા, જી.

પ્રશ્ન ૧૩ : (ક) યુનિવર્સિટી પ્રેસના મશીન વિભાગમાં સેકશન હેડ-કમ-હેડ મશીનમેનની જગ્યાઓ છે ?

શ્રી. કુલસચિવશ્રીએ જણાવ્યું કે "સેકશન હેડ-કમ-મશીનમેન" એ મુજબ છાપભૂલ સુધારવી.

ઉત્તર ૧૩ : (ક) ના જી, પરંતુ યુનિવર્સિટી પ્રેસમાં મશીન વિભાગમાં મિકેનિક-કમ-હેડ મશીનમેનની જગ્યા ઊભી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૩ : (ખ) જો ના, તો તેમનો ગ્રેડ સેકશન હેડ-કમ-કંપોઝીટરની સમકક્ષ કયાં કારણોસર રાખવામાં આવ્યો છે ?

ઉત્તર ૧૩ : (ખ) ઉત્તર ૧૩(ક)માં નિર્દિષ્ટ મિકેનિક-કમ-હેડ મશીનમેનની જગ્યાનું પગાર-ધોરણ રૂ. ૧૮૦-૧૦-૨૫૦-૧૫-૩૭૦ ઈ.બી. ૧૮-૪૨૪ રાખવામાં આવ્યું છે. આ પગારધોરણ હેડ બાઈન્ડર તથા હેડ કંપોઝીટરની જગ્યાઓ માટે પણ નિયત કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૩ : (ગ) મુંબઈ યુનિવર્સિટી પ્રેસમાં સીનિયર મશીનમેન, સિલિન્ડર પ્રેસમેન અને પ્રેસમેનની જગ્યાનાં પગારધોરણો યુનિવર્સિટી પ્રેસના મશીન વિભાગમાં સાચવવામાં આવ્યાં છે ખરાં ?

ઉત્તર ૧૩ : (ગ) બેઉ યુનિવર્સિટીઓમાં પ્રેસના મશીન વિભાગના કર્મચારીઓનાં જગ્યાઓનાં નામાભિધાન અને તેમનાં પગારધોરણો અંગેની માહિતી નીચે મુજબ છે :

ગુજરાત યુનિ. પ્રેસ

ક્રમ	જગ્યાનું નામ	પગારધોરણ
૧.	મિકેનિક-કમ-હેડ મશીનમેન	૧૮૦--૧૦--૨૫૦--૧૫ --૩૭૦ ઈ.બી. ૧૮--૪૨૪
૨.	મશીનમેન	૧૫૦--૫--૧૭૫--૮--૨૧૫ --૧૦--૨૫૫ ઈ.બી. ૧૨--૩૧૫
૩.	મશીનમેન "બી"	૧૨૫--૫--૧૭૫--૮--૨૧૫ ઈ.બી. ૧૦--૨૩૫
૪.	મશીનમેન "સી"	૯૦--૪--૧૧૦--૫--૧૪૦ --૭--૧૭૫

મુંબઈ યુનિ. પ્રેસ

ક્રમ	જગ્યાનું નામ	પગારધોરણ
૧.	ઓવરસિયર-કમ-મિકેનિક	૩૦૦--૧૦--૩૩૦ ૧૫--૪૫૦
૨.	સીનિયર મશીનમેનન	૧૪૫--૧૫૦--૮ --૨૩૦ ઈ.બી.--૯ ૨૭૫
૩.	સિલિન્ડર પ્રેસમેન	૧૨૫--૫--૧૪૫ ઈ.બી. ૮--૨૨૫
૪.	પ્રેસમેન	૧૨૦--૫--૧૩૫ ઈ.બી. ૬--૧૯૫.

પ્રશ્ન ૧૪ : (ક) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝીટરની જગ્યાઓ કઈ સાલમાં ઉધાડવામાં આવી ?

ઉત્તર ૧૪ : (ક) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં કંપોઝીટરની જગ્યાઓ સને ૧૯૫૯માં ઉધાડવામાં આવી છે.

પ્રશ્ન ૧૪ : (ખ) અને તે અંગેની જાહેરાત વૃત્તપત્રમાં કયારે કરવામાં આવી ?

ઉત્તર ૧૪ : (ખ) વૃત્તપત્રોમાં જાહેરાતની તારીખની માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી, પણ અરજીઓ મોકલવા માટેની તારીખ ૧૨--૩--૧૯૫૯ રાખવામાં આવી હતી.

પ્રશ્ન ૧૪ : (ગ) કંપોઝીટરની કઈ લાયકાતનું ધોરણ સ્વીકારેલું ? તો માઠ આપશોજી ?

ઉત્તર ૧૪ : (ગ) કંપોઝીટરની જગ્યા માટેનું લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવામાં આવ્યું હતું :

"ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ તથા કંપોઝ માટે મૅથેમેટિકસ, હિંદી, અંગ્રેજી તથા કાગળનું જ્ઞાન જરૂરી છે."

પ્રશ્ન ૧૪ : (ઘ) જુ. કંપોઝીટરની પાસેથી સેકશન હેડ-કમ-કંપોઝીટરની ફરજોનું કામ લેવામાં આવે છે તે વાત સાચી ?

ઉત્તર ૧૪ : (ઘ) કંપોઝ વિભાગ અંગેનું જે તે કામકાજ જરૂરિયાત પ્રમાણે કંપોઝીટર-કમ-સેકશન હેડ અને/અથવા જુનિયર કંપોઝીટર તથા આસિ. કંપોઝીટર પાસેથી લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૪ : (ચ) જો હા, તો તેવા જુનિયર કંપોઝીટરોનાં નામ આપશોજી.

ઉત્તર ૧૪ : (ચ) ઉપર ઉત્તર ૧૪(ઘ) જોતાં આ પ્રમાણેની અલગ યાદી આપવી શકય નથી.

[૨] **આચાર્ય બી. એમ. પીરજાદા**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) તૃતીય વર્ષ બી.કૉમ.ની અર્થશાસ્ત્રની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રના વિવિધ બેઠક-સ્થળની કૉલેજમાંથી વિદ્યાર્થીઓ કયા કયા સમયે બહાર નીકળ્યા તેની માહિતી આપી શકશો ?

ઉત્તર ૧ : (ક) તૃતીય વર્ષ બી.કૉમ.ની અર્થશાસ્ત્રની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રની નવગુજરાત કૉલેજમાં વિદ્યાર્થીઓ પેપર વહેંચાયા કે તરત જ આશરે ૩--૧૦ વાગ્યે પેપર અઘરો છે તેમ ગણગણાટ કરી બહાર નીકળ્યા હતા અને તે પછી એમ. જી. સાયન્સ અને એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાંથી ૩–૩૦ વાગ્યે વિદ્યાર્થીઓ બહાર નીકળ્યા હતા.

પ્રો. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આમાં ડિસ્ક્રેપન્સી છે. ૩—૧૦ વાગ્યે નીકળ્યા અને ૩—૩૦ વાગ્યે એચ. એલ. કૉલેજમાંથી બહાર નીકળ્યા, વચ્ચે ૨૦ મિનિટનો ગાળો છે, તો નવગુજરાત કૉલેજ પર વિદ્યાર્થીઓએ કેટલો વખત ગાળ્યો, અને ત્યાંથી અહીં ચાલતા આવ્યા ?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી નથી, તપાસ કર્યા પછી માહિતી આવ્યા બાદ જવાબ આપી શકાય.

પ્રો. આર. કે. અમીને નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પ્રશ્નોત્તરીના જવાબો કોણ આપે છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે, કુલપતિશ્રીની મંજૂરીથી કુલસચિવ આપે છે.

પ્રશ્ન ૧ : (ખ) એ વાત સાચી છે કે નવગુજરાત કૉલેજમાં બેઠેલા ટી.બી.કૉમ.ના વિદ્યાર્થીઓ પરીક્ષા છોડી બહાર નીકળ્યા ત્યારે એચ. એલ. કૉમર્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં બેઠેલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા ?

ઉત્તર ૧ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧ : (ગ) એ વાત સાચી છે કે નવગુજરાત કેન્દ્રના ઊઠી ગયેલા વિદ્યાર્થીઓએ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં જઈ કૉલેજ પર પથ્થરમારો કરી તે કેન્દ્રના વિદ્યાર્થીઓને બહાર કઢાવવા પ્રયાસ કર્યો હતો અને ત્યાર પછી જ તે કેન્દ્રના વિદ્યાર્થીઓ પરીક્ષા છોડી બહાર નીકળ્યા હતા ?

ઉત્તર ૧ : (ગ) આ અંગે આ કાર્યાલય પાસે જરૂરી માહિતી નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શું કાર્યાલય પાસે માહિતી નથી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ આખી તપાસ પોલીસ ખાતાને સોંપેલી છે.

આચાર્ય એમ. સી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નવગુજરાત કૉલેજને પુછાવ્યું છે તો તે કૉલેજમાં કયાં સુધી વિદ્યાર્થીઓ હતા અને ત્યાંથી કયારે નીકળ્યા ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ના, જી.

પ્રો. એ. ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

હિંસા "ના" તો આ સિવાય કયાં કારણ ધ્યાનમાં લઈને કુલપતિશ્રીએ નિર્ણય લીધો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હિંસા અને ત્રાસના કારણે નિર્ણય લીધો ન હતો, પણ બીજાં કયાં કારણો તે અંગે તેઓ અત્રે હાજર નહીં હોવાથી તેનો જવાબ આપી શકાય તેમ નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આવું પર્ટિકયુલર ડિસિશન લેવામાં આવે તો તે માટે નોંધ કે ડાયરી હોય છે કે નહીં ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ માટે કોઈ ખાનગી ડાયરી કે નોટ રાખવામાં આવતી નથી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિદ્યાર્થીઓને પરીક્ષા-ખંડમાંથી ૩—૩૦ પહેલાં બહાર નીકળવા દેવા નહીં તેવો નિયમ છે ?

પ્રમુખશ્રીનો ઉત્તર : હા, જી પણ હાથ બહાર વાત જાય તો એ જુદો પ્રશ્ન છે.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એચ. એલ. કૉલેજમાં ૩--૩૦ સુધીમાં બેત્રણ વિદ્યાર્થીઓ નીકળ્યા, પણ કૉલેજનાં સત્તામંડળોએ તેમને રોકયા હતા અને તે પછી વિદ્યાર્થીઓનું ટોળું આવ્યું તે વાત સાચી ? શું બહારનાં તત્ત્વોએ આવાં તોફાનો કરાવ્યાં છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓને એમણે રોકયા હતા કે કેમ તેની માહિતી કાર્યાલય પાસે નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલપતિશ્રીએ એમ કહ્યું હતું કે પરિસ્થિતિ એવી હતી તેથી નિર્ણય લેવો પડયો હતો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સમગ્ર પરિસ્થિતિ પર વિચારણા કરીને નિર્ણય લેવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧ : (ઘ) એ વાત સાચી છે કે યુનિવર્સિટી કાર્યાલય પર બી.કૉમ. અર્થશાસ્ત્રનું પેપર છોડી બહાર નીકળી ગયેલા વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો અને ફર્નિચરની તોડફોડ કરવા તેમ જ આગ ચાંપવા પ્રયાસ કર્યો હતો ?

ઉત્તર ૧ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૧ : (ચ) (૧) આવી હિંસા અને ત્રાસ સાથે તેમણે અર્થશાસ્ત્રનું પેપર તાત્કાલિક રદ કરાવવા માગણી કરી હતી ? અને
(૨) કુલપતિએ તે હિંસા અને ત્રાસને વશ થઈ તે માગણી મંજૂર રાખી હતી.

ઉત્તર ૧ : (ચ) (૧) હા, જી.
(૨) ના, જી.

પ્રશ્ન ૧ : (છ) આવી હિંસા અને ત્રાસને વખોડી કાઢતું કોઈ નિવેદન આવી માગણી કરનારાઓ પાસેથી માગવામાં આવ્યું હતું ખરું ?

ઉત્તર ૧ : (છ) ના, જી.

પ્રશ્ન ૧ : (જ) હિંસા અને ત્રાસની બીકને વશ થઈ બી.કૉમ.નું અર્થશાસ્ત્રનું પેપર તાત્કાલિક રદ કરવાથી આવું જ વલણ બીજા દિવસે વિદ્યાર્થીઓએ એફ.બી.એ.ની પરીક્ષામાં અપનાવ્યું હતું તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (જ) ઉપર પ્રશ્ન (ચ) (૨)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧ : (ઝ) યુનિવર્સિટીને એ બાબતની જાણ છે કે કુલપતિ અને યુનિવર્સિટીએ આ બાબત અંગે જે ઢીલાશથી વર્તન કર્યું અને જે પદ્ધતિથી તેને હેન્ડલ કરી તેના પરિણામે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં પણ આવા જ પરીક્ષા-બહિષ્કારને ઉત્તેજન મળ્યું હતું ?

ઉત્તર ૧ : (ઝ) આ બાબતમાં કુલપતિશ્રીએ જે નિર્ણય લીધો તેમાં ઢીલાશભર્યું વર્તન નહોતું.

પ્રશ્ન ૧ : (ટ) (૧) પરીક્ષા-બહિષ્કારના બીજા દિવસે યુનિવર્સિટીએ જે ચેતવણી આપી હતી કે હવેથી આવા વલણને ચલાવી લેવામાં આવશે નહિ તેવી ચેતવણી પહેલા દિવસે કેમ આપવામાં આવી ન હતી ?
(૨) આ એક ગંભીર સરતચૂક હતી ?

ઉત્તર ૧ : (ટ) (૧) પહેલા દિવસે ચેતવણી આપવાનું જરૂરી જણાયું નહોતું.
(૨) (૧)નો ઉત્તર જોતાં જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧ : (ઠ) આવી સરતચૂકે બીજા દિવસના પરીક્ષા-બહિષ્કારની ઘટના ઉપસ્થિત કરવામાં ભાગ ભજવ્યો નથી તેમ કહી શકાશે ?

ઉત્તર ૧ : (ઠ) પ્રશ્ન (ચ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧ : (ડ) નવગુજરાત કેન્દ્રમાંથી વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડ છોડીને બહાર નીકળી ગયા છે તેવી ખબર કુલપતિશ્રીને મળ્યા પછી પણ તેઓ અન્ય કામમાં મશગૂલ રહ્યા અને આ બાબતની ગંભીરતા અને અપેક્ષિત પરિણામોનો તેમને ખ્યાલ ન આવ્યો તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (ડ) ના, જી.

પ્રશ્ન ૨ : (ક) વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજમાં પ્રી-કૉમર્સમાં ૧૭૫થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા અને પ્રી-કૉમર્સના બે વર્ગો બનાવવામાં આવ્યા હતા તે વાત સાચી ?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) સ્થાનિક તપાસસમિતિ સમક્ષ તેમ જ ઑ. ૯૬ની માહિતી મુજબ બે વર્ગો અને બે વર્ગોનાં ટાઇમટેબલો બતાવ્યા છતાં આખા વર્ષ દરમ્યાન એક જ વર્ગ ચલાવવામાં આવ્યો હતો તેવો સ્થાનિક તપાસસમિતિના એક સભ્યે રિપોર્ટ કર્યો છે તે વાત સાચી?

ઉત્તર ૨ : (ખ) ઑર્ડિ. ૯૬ની માહિતીમાં ટાઇમટેબલ મોકલવાનું હોતું નથી, પરંતુ સદરહુ કૉલેજની સ્થાનિક તપાસસમિતિના એક સભ્યને ટાઇમટેબલ આપવામાં આવ્યું હતું તથા પ્રી-કૉમર્સનો એક જ વર્ગ ચાલતો હોવાનું પણ સદરહુ સભ્યે તેમના સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યું હતું.

પ્રશ્ન ૨ : (ગ) આ બાબતમાં કુલપતિશ્રીએ ટ્રસ્ટના સંચાલક શ્રી. મણિશંકર પંડ્યાને એક પત્ર લખ્યો હતો ?

ઉત્તર ૨ : (ગ) હા, જી.

પ્રશ્ન ૨ : (ઘ) આ બાબતમાં યુનિવર્સિટીએ અન્ય કયાં પગલાં લીધાં ?

ઉત્તર ૨ : (ઘ) વર્ષની શરૂઆતમાં બે વર્ગોની વ્યવસ્થા કર્યા પછી વિદ્યાર્થીઓ ઓછા રહેતા હોવાથી એક વર્ગ કર્યો હોવાનું ટ્રસ્ટના સંચાલકે જણાવ્યું હોવાથી તથા સદરહુ વર્ગમાં નિયત સંખ્યા કરતાં વધુ સંખ્યા ન હોવાથી કશાં પગલાં લેવાનાં રહ્યાં નહિ.

પ્રશ્ન ૨ : (ચ) ઍકેડેમિક કાઉન્સિલમાં જોડાણની બાબત ચર્ચાઈ ત્યારે કુલપતિશ્રીએ આ બાબતમાં સભ્ય સાહેબોનું ધ્યાન દોર્યું હતું ?

ઉત્તર ૨ : (ચ) સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં આનો નિર્દેશ વિગતે કરેલો છે અને ઍકેડેમિક કાઉન્સિલની બાબત ક્રમાંક ૫૯ના કાગળોમાં આ સમગ્ર અહેવાલ સભા સમયે સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા પરિપત્રિત કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૨ : (છ) આ સંસ્થાની આવી ભયંકર ગેરરીતિ અને યુનિવર્સિટીને છેતરવાના પ્રયાસ અંગે આ સંસ્થાની સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં છે ?

ઉત્તર ૨ : (છ) ઉપર પ્રશ્ન ૨(ઘ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (જ) વિવેકાનંદ ટ્રસ્ટની બપોરની કૉમર્સ કૉલેજ તેમ જ અન્ય બપોરની કૉમર્સ કૉલેજોમાં વિદ્યાર્થીઓની હાજરી જૂજ જ હોય છે તેવી ફરિયાદ યુનિવર્સિટી પાસે આવી છે ?

ઉત્તર ૨ : (જ) વિવેકાનંદ ટ્રસ્ટની બપોરની કૉમર્સ કૉલેજ અંગે સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં એમ દર્શાવવામાં આવ્યું છે. અન્ય બપોરની કૉમર્સ કૉલેજો અંગે આવી કોઈ ફરિયાદ મળી નથી.

પ્રશ્ન ૨ : (ઝ) ૧૯૭૦ પછી શરૂ થયેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ બપોરની શરૂ થાય તો સરકાર મેન્ટેનન્સ ગ્રાન્ટ આપે છે અને આવી સવારની કૉલેજો ગ્રાન્ટને પાત્ર નથી તે વાત સાચી છે ?

ઉત્તર ૨ : (ઝ) કૉલેજના સમયને સરકારી ગ્રાન્ટ સાથે સાંકળવા અંગેના કોઈ સરકારી નિયમનો યુનિવર્સિટી કાર્યાલયને જાણ નથી.

પ્રશ્ન ૨ : (ટ) આ જ કારણસર ૧૯૭૦ પછી કેટલીક બપોરની કૉમર્સ કૉલેજો શરૂ થઈ છે તે વાત સાચી ?

ઉત્તર ૨ : (ટ) ઉપર પ્રશ્ન ૨(ઝ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ઠ) આવી બપોરની કૉમર્સ કૉલેજો ચલાવતાં ટ્રસ્ટોની સવારની કૉમર્સ કૉલેજો હોય તો વિદ્યાર્થીઓને સવારે આવવાની છૂટ આપવામાં આવે છે અને બપોરે તેમની હાજરી પૂરવામાં આવે છે તે વાત સાચી છે ?

ઉત્તર ૨ : (ઠ) યુનિવર્સિટીને આવી કોઈ માહિતી મળી નથી.

પ્રશ્ન ૨ : (ડ) યુનિવર્સિટીના તકેદારી પંચને વિવેકાનંદ કૉલેજે બે પ્રી-કૉમર્સના વર્ગો બતાવીને એક જ ચલાવ્યો તે ગેરરીતિની તપાસ સોંપવામાં આવી છે?

ઉત્તર ૨ : (ડ) ઉપર પ્રશ્ન ૨(ધ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : એચ. એલ. કૉમર્સ કૉલેજે તેમની કૉલેજમાંથી છૂટા થયેલા પ્રો. એન. એચ. પટેલને યુનિવર્સિટીના નિયમો અનુસાર બે વર્ષ થયા છતાં પી.એફ. ચૂકવ્યું નથી તે વાત સાચી છે?

ઉત્તર ૩ : હા, જી.

[૩] શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેના પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ડભોઈ કેન્દ્રમાં પ્રી-યુનિ. કૉમર્સના "વાણિજ્યનાં મૂળતત્ત્વો" એ વિષયની ચાલુ વર્ષે ૧૯૭૩ માર્ચમાં લેવાયેલી પરીક્ષાની ઉત્તરવહીઓ મણિનગરના ચવાણાવાળાને ત્યાં પહોંચી ગયાની હકીકત વર્તમાનપત્રોમાં (ગુજરાત સમાચાર તા. ૨૨–૪–૧૯૭૩, પાનું ૧) આવી ગઈ તેના જવાબરૂપે કુલસચિવશ્રીએ તા. ૨૩–૪–૧૯૭૩ના રોજ નિવેદન કર્યું (તા. ૨૩–૪–૧૯૭૩, ગુજરાત સમાચાર, પાનું ૯) કે "ગુણપત્રકો યુનિવર્સિટીને પહોંચી ગયાં છે એટલે પરિણામ તૈયાર કરવામાં કોઈ મુશ્કેલી આ ઘટનાને કારણે નહિ ઉદ્‌ભવે."

આમ પરિણામની સર્વ રીતે ચોક્કસ ચકાસણી માટે અંતિમ પર્યાપ્ત સાધનપાત્ર ગુણપત્રકને માની શકાય ખરું ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે "સાધનપાત્ર" નહિ પણ "સાધનમાત્ર" વાંચવું.

ઉત્તર ૧ : પરિણામ તૈયાર કરવા માટે ગુણપત્રકો પર્યાપ્ત સાધન છે. આ કેસોમાં ઉત્તરપત્રો સાથે ગુણની મેળવણી કરવાનું શકય નથી એ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ.

શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ છાપભૂલને કારણે જવાબ અધૂરો તો નથી ને ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે છાપભૂલ છે, પણ જવાબ "સાધનમાત્ર" એટલે કે ખરો પ્રશ્ન વાંચીને જ અપાયો છે.

પ્રશ્ન ૨ : ગુણની ચકાસણી માટે ઉત્તરપત્રોની જરૂર યુનિવર્સિટી પરીક્ષા-તંત્ર સ્વીકારે છે ખરું ?

ઉત્તર ૨ : હા, જી.

પ્રશ્ન ૩ : (ક) પ્રશ્ન ૨ નો ઉત્તર જો "હા" હોય તો નિવેદન વાજબી કહી શકાય ખરું ?

ઉત્તર ૩ : (ક) એ અભિપ્રાયનો સવાલ છે. પણ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ કે નિવેદનમાં પરિણામ તૈયાર કરવાનો ઉલ્લેખ છે ગુણ-ચકાસણીનો નહીં.

પ્રશ્ન ૩ : (ખ) અને ઉત્તર જો "ના" હોય તો યુનિવર્સિટીએ ઉત્તરવહીઓ પરીક્ષકો પાસેથી મંગાવવાનો આજ પર્યન્ત જે શિરસ્તો રાખ્યો છે, તે ગેરવાજબી છે એમ માની શકાય ?

ઉત્તર ૩ : (ખ) ઉપર પ્રશ્ન નં. ૨ નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪ : (ક) જે પરીક્ષક ભાઈએ ઉત્તરવહીઓ અંગે આટલી બેદરકારી સેવી તેની સામે યુનિવર્સિટી પરીક્ષાતંત્રે કોઈ શિક્ષાત્મક પગલાં લીધાં છે ખરાં ?

(ખ) જો લીધાં હોય તો શું પગલાં લીધાં છે.

ઉત્તર ૪ : (ક) અને (ખ) કાર્યવાહી ચાલુ છે.

[૪] **પ્રા. અંબુભાઈ દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ૧૯૭૧—૭૨ અને ૧૯૭૨—૭૩ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની કઈ કઈ કૉલેજોએ ટ્યૂશન ફીમાં તેમ જ અન્ય ફીમાં કેટલો વધારો કર્યો છે ?

ઉત્તર ૧ : (ક) સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "ય"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧ : (ખ) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ અને સેંટ ઝેવિયર્સ કૉલેજે ૧૯૭૨-૭૩ ના વર્ષમાં દરેક પ્રકારની ફીમાં કેટલો વધારો કર્યો છે ?

ઉત્તર ૧ : (ખ) સદરહુ કૉલેજોએ સત્ર ફીમાં નીચે પ્રમાણે વધારો કર્યો છે. અન્ય ફીમાં કોઈ વધારો કર્યો નથી :

વર્ગ	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ	સેંટ ઝેવિયર્સ કૉલેજ
પ્રી-સાયન્સ	૪૫	૪૫
એફ.વાય.બી.એસસી.	૪૫	૩૫
એસ.વાય.બી.એસસી.	૩૦	૩૦
ટી.વાય.બી.એસસી.	૩૦	૪૫

પ્રો. એ. ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે બે કૉલેજોનો ઉલ્લેખ થયો છે તેમાં સમિતિના રિપોર્ટમાં ભલામણ હતી અને સિન્ડિકેટના ઠરાવમાં નિર્દેશ નથી, તેમ છતાં આ કૉલેજોએ ફી-વધારો કર્યો એનો અર્થ એ કે આ વધારો અપણને મંજૂર છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે "અનુમાન"નો જવાબ આપી શકાય નહીં.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ યોગ્ય છે ખરું?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એ યોગ્ય છે કે નહીં એ અભિપ્રાયનો પ્રશ્ન છે.

શ્રી. નરહરિ પરીખે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો તે કાયદેસર છે? નિયમનો તો ભંગ થયો છે.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એ પણ અભિપ્રાયનો સવાલ છે.

આચાર્ય એન. બી. જોષીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજોએ ફી-વધારા માટે મંજૂરી માગેલી ખરી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, જી.

આચાર્ય એમ. સી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સિન્ડિકેટ એટલે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ચર્ચા થઈ હતી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, જી.

શ્રી. આઈ. એ. મોદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કમિટીએ તેમના રિપોર્ટમાં ફી-વધારો આપવો જોઈએ એમ રેકમન્ડ કર્યું છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, જી.

પ્રશ્ન ૧ : (ગ) આ કૉલેજોએ ફી-વધારો કર્યો તેની જાણ યુનિવર્સિટીને કયારે થઈ?

ઉત્તર ૧ : (ગ) ઑડિ. ૯૬ પ્રમાણે કૉલેજોની માહિતી યુનિવર્સિટીમાં આવી ત્યારે અનુક્રમે તા. ૧૬-૮-૧૯૭૨ અને ૨૯-૭-૧૯૭૨ ના રોજ.

પ્રશ્ન ૧ : (ઘ) કૉલેજોએ ફી વધારતાં પહેલાં યુનિવર્સિટીની પરવાનગી લેવી જોઈએ એ બાબતની જાણ આ કૉલેજોને કયારે કરવામાં આવી?

ઉત્તર ૧ : (ઘ) આ અંગેની જાણ તા. ૨૬-૨-૧૯૭૧ના પરિપત્રાંક સિં. ૪૩૩૨૫ થી સર્વે કૉલેજોને કરવામાં આવી હતી.

પ્રશ્ન ૧ : (ચ) છતાં આ કૉલેજોએ ફી-વધારો કર્યો તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં ભર્યાં?

ઉત્તર ૧ : (ચ) સદરહુ બંને કૉલેજોએ ફી વધારી તે માટે યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં નથી તેમ છતાં સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે સંલગ્ન કૉલેજોની ફી-વધારા અંગેની અરજીઓ પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા નિયુક્ત થયેલી સમિતિનો અહેવાલ જેમાં સદરહુ બંને કૉલેજોને ફી-વધારા માટે મંજૂરી આપવાની ભલામણ કરવામાં આવી હતી તે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧૦-૧૯૭૨ની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો જે પરત્વે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો :

"(૧) (ક) સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે સંલગ્ન કૉલેજોને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય (ગ્રાન્ટ) આપવાની બાબતમાં રાજ્ય સરકારે ઘડેલાં ધારાધોરણોમાં કેટલાક ફેરફાર કરીને ગ્રાન્ટ અંગેની નીતિ વધુ ઉદાર બનાવવાની જરૂર જણાય છે અને તે માટે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(ખ) સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની ટ્યૂશન ફી અંગે ઘટતી વિચારણા કરીને તે માટે જરૂરી ઑર્ડિનન્સ ઘડવા માટે નીચે મુજબ સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી."

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તા. ૨૧-૧૦-૧૯૭૨ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાનો ઠરાવ અહીં આપવામાં આવ્યો છે તે સંપૂર્ણ છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, જી.

પ્રો. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સમિતિના રિપોર્ટ ઉપર સુધારો મૂકવામાં આવ્યો અને તે પછી ઠરાવ થયો તે વાત સાચી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તા. ૨૧-૧૦-૧૯૭૨ની સભામાં જે ઠરાવ થયો છે તેનો આખો પાઠ અહીં એજન્ડામાં આપવામાં આવ્યો છે.

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ફી-વધારાની બાબતમાં જવાબ આપવામાં આવ્યા છે તે અસંતોષકારક છે. ફી-વધારા અંગે યુનિવર્સિટીનાં કોઈ ધારણોનો તે કૉલેજે કેટલે અંશે ભંગ કર્યો છે તે અંગે અમને પહેલાં માહિતી આપો. આપણી સંલગ્ન કૉલેજોમાં ફી માટે કોઈ નિયમો છે ખરા ? અને હોય તો જાણ કરો અને કઈ સંસ્થાઓએ ભંગ કર્યો છે તે જણાવો.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ફીની બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની પૂર્વસંમતિ સિવાય ફીનો વધારો કરવો નહીં એવો એક ઑર્ડિનન્સ ઘડાયો છે.

પ્રો. પી. જી. માવળંકરે બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ નિયમનો ભંગ થયો છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ ઑર્ડિનન્સ ઘડાયો તે પહેલાં આ કૉલેજોમાં ફીનો વધારો થયો છે.

પ્રો. પી. જી. માવળંકરે ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ નિયમનો ભંગ કર્યો તે પહેલાં ફી અંગે કોઈ ઑર્ડિનન્સ હતો ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ના, જી.

શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કૉલેજોએ એ પહેલાં મંજૂરી માગેલી ?

પ્રમુખશ્રીનો ઉત્તર : માહિતી ભેગી કરાય છે.

શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પહેલાં નિયમો તો હશે જ ને ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સિન્ડિકેટે ઑર્ડિનન્સ ઘડ્યો તે તા. ૧૧--૩--૧૯૭૩ના રોજ. તે પહેલાં સિન્ડિકેટે ઠરાવ કર્યો હતો કે કોઈ પણ કૉલેજ યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના ફી વધારી શકે નહિ. તેની જાણ કૉલેજોને તા. ૨૬--૨--૧૯૭૧ના રોજ કરવામાં આવી હતી.

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ ઠરાવ પ્રમાણે કૉલેજોએ મંજૂરી લીધી છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ ઠરાવ પ્રમાણે તે કૉલેજોએ મંજૂરી લીધેલી નથી.

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો હવે યુનિવર્સિટી શું પગલાં લેવા માગે છે ? સિન્ડિકેટના કયા કયા સભ્યોએ પગલાં નહીં લેવા કહ્યું હતું ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને તેણે કોઈ પગલાં લીધાં નથી.

પ્રો. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લોકલ ઇન્કવાયરી કમિટી જાય છે તેને કૉલેજના પ્રિન્સિપાલ અન્ડરટેકિંગ આપે છે તો તે પછી આનો ભંગ થયો છે કે નહીં?

પ્રમુખશ્રીએ જણાવ્યું કે આ બાબતમાં સ્પેસિફિક અન્ડરટેકિંગ આપવામાં આવ્યું નથી.

આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ નિયમનો ભંગ કર્યો છે તો વિદ્યાર્થીઓને પૈસા પાછા આપવા જોઈએ. તો યુનિવર્સિટી કેમ શાંત રહી છે? કૉલેજોને સજા ના કરીએ પણ વિદ્યાર્થીઓને પૈસા તો પાછા અપાવીએ.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે પૈસા પાછા અપાવવાનું સૂચન સિન્ડિકેટે સ્વીકાર્યું નથી.

પ્રો. એ. ટી. દેસાઈએ જણાવ્યું કે સિન્ડિકેટ સમક્ષ રિપોર્ટ થયો છે. ઠરાવમાં કોઈ ઉલ્લેખ નથી, તેથી એ હકીકત છે કે સિન્ડિકેટે કોઈ પગલાં લીધાં નથી. તો આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરી, યોગ્ય પગલાં લેવાં જોઈએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સમિતિના અહેવાલ ઉપર શું કાર્યવાહી થઈ હતી તે માહિતી આપશો?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલ પાસે ફી પાછી આપવા અંગે એક સભ્યનો પ્રસ્તાવ આવ્યો હતો, પણ તે પ્રસ્તાવ ઊડી ગયો હતો. (તા. ૧૧-૩-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલે તે ઠરાવ સ્વીકાર્યો હતો.)

ડૉ. જે. બી. હરિભક્તિએ નીચેનો પ્રશ્ન પૂછ્યો :

ચાલુ વર્ષે કેટલીક કૉલેજોની ફી-વધારાની માગણી આવી તેના સંદર્ભમાં શેલત સમિતિની ભલામણ સરકારના ઠરાવ મુજબ સમાવિષ્ટ થતી હતી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ચાલુ વર્ષે કેટલીક કૉલેજોએ ફી-વધારા અંગે માગણી કરી હતી.

શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અસલ અહેવાલ સ્વીકારવામાં આવ્યો નથી. આમાં ઘણી સમિતિઓ નિમાયેલ છે. પહેલો સ્વીકારાયો નથી, તે પછી આ કમિટી નિમાઈ છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ચોક્કસ તારીખો આપો તો બધી કમિટીઓની કાર્યવાહી અંગે વિગતો આપી શકાય.

શ્રી. આઈ. ઓ. મોટીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એકથી વધારે કમિટીઓ હતી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા, જી.

શ્રી. વિનોદ કપાસીએ જણાવ્યું કે સરકારનો રિપોર્ટ આવ્યે બે વર્ષ થઈ ગયાં. તેમ છતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે વિદ્યાર્થીઓ પાસે કેટલી ફી લેવાય તે નક્કી કર્યું નથી. ઓછી ફી કે વધારે ફી લેવાય તે માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે કોઈ નિર્ણય લીધો નથી, અને આથી આ કોર્ટે લાગતાવળગતાઓને ઠપકો આપવો જોઈએ.

પ્રો. એસ. બી. વૌરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક્ઝિકયુટિવ કાઉન્સિલની તે મીટિંગમાંથી કોઈ સભ્યોએ વૉક આઉટ કર્યો હતો ? તે કોણે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાંથી બે સભ્યોએ સભાત્યાગ કર્યો હતો. તેમનાં શુભનામ નોંધવામાં આવ્યાં નથી.

આચાર્ય એમ. સી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કઈ કૉલેજોમાં ફી-વધારો લેવાય છે તે જણાવશો ?

પ્રમુખશ્રીએ જણાવ્યું કે પત્ર લખશો, માહિતી મોકલી આપીશું.

પ્રશ્ન ૧ : (છ) યુનિવર્સિટીની પરવાનગી સિવાય વિદ્યાર્થીઓ પાસેથી ફી વધારે લેવામાં આવી છે તો તે ફી વિદ્યાર્થીઓને પરત કરવાનું કૉલેજોને કહેવામાં આવ્યું છે કે કેમ ?

ઉત્તર ૧ : (છ) ના, જી.

પ્રશ્ન ૧ : (જ) યુનિવર્સિટીની એક્ઝિકયુટિવની સભામાં આવું કોઈ સૂચન થયું હતું કે કેમ ?

ઉત્તર ૧ : (જ) હા, જી.

પ્રશ્ન ૧ : (ઝ) એ સૂચન સ્વીકારવામાં આવ્યું કે કેમ ?

ઉત્તર ૧ : (ઝ) ના, જી.

પ્રશ્ન ૧ : (ટ) જો, ના તો તે માટેનાં કયાં કારણો ધ્યાનમાં લેવાયાં હતાં ?

ઉત્તર ૧ : (ટ) એક્ઝિકયુટિવ કાઉન્સિલના સદરહુ ઠરાવમાં કારણોનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

પ્રશ્ન ૧ : (ઠ) યુનિવર્સિટીનો નવો ધારો અમલી બનતાં નવી એક્ઝિકયુટિવ કાઉન્સિલ રચાવાની તૈયારીમાં છે ત્યારે ફી-વધારા જેવી મહત્ત્વની બાબતમાં નિર્ણય લઈને કેટલીક કૉલેજોને ફી-વધારો કરવાની છૂટ આપવામાં આવી છે તે યોગ્ય છે કે કેમ ?

ઉત્તર ૧ : (ઠ) તે અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૧ : (ડ) આ છૂટછાટનો લાભ હવે બીજી કૉલેજો પણ લેશે તો તેથી વિદ્યાર્થી પર આટલી કારમી મોંઘવારીમાં ભારણ વધતું જશે એ અંગે યુનિવર્સિટીએ કોઈ વિચાર કર્યો છે ખરો ?

ઉત્તર ૧ : (ડ) આ પ્રશ્ન શરતી હોઈ તેનો જવાબ આપવાનું શકય નથી.

પ્રશ્ન ૨ : (ક) સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે બેઝિકના ૧૦ ટકા જેટલું ઘરભાડા ભથ્થું તેમ જ સરકારી ધોરણે સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ ચૂકવવા યોગ્ય નિયમો ઘડી કાઢવાની ભલામણ કરતા ઠરાવો યુનિવર્સિટીની કઈ સેનેટ સભા-કોર્ટની સભામાં આ અગાઉ થયા છે ?

ઉત્તર ૨ : (ક) કોર્ટની તા. ૯/૧૦-૧૦-૧૯૭૨ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે બેઝિક પગારના ૧૦ ટકા પ્રમાણે ઘરભાડા ભથ્થું ચૂકવવા માટે ઠરાવ થયેલ છે, જ્યારે સિટી કૉમ્પેન્સેટરી ઍલાવન્સ ચૂકવવા માટે કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની સભામાં ઠરાવ થયેલ છે.

પ્રશ્ન ૨ : (ખ) આ અંગે અત્યાર સુધીમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

ઉત્તર ૨ : (ખ) ઘરભાડા ભથ્થું ચૂકવવા અંગેના કોર્ટના ઉપરના ઠરાવના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨-૧૧-૧૯૭૨ની સભામાં એક સમિતિની નિમણૂક કરેલી, ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રીશ્રી અને સેનેટ સભ્ય શ્રી. અંબુભાઈ દેસાઈના સૂચન અન્વયે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં સદરહુ સમિતિ પર વધારાના સભ્યોની નિમણૂક કરી હતી. આ સમિતિની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૫—૧૯૭૩ની સભામાં મંજૂર રાખેલ છે :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોનું ઘરભાડા ભથ્થું તેમના મૂળ બેઝિક પગારના દસ ટકા પ્રમાણે આપવાની બાબતમાં રાજ્ય સરકારને ગ્રાન્ટ આપવા અંગે ઘટતી રજૂઆત કરવી અને એનો ઘટતો નિકાલ થયેથી એકિઝકયુટિવ કાઉન્સિલ ઘટતું કરે તેવી ભલામણ છે."

સિટી કૉમ્પેન્સેટરી ઍલાવન્સ ચૂકવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે સિટી કૉમ્પેન્સેટરી ઍલાવન્સ આપવાની બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી અને તે માટે જરૂરી આર્થિક સહાય મળ્યેથી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું."

પ્રશ્ન ૨ : (ગ) તે અંગે નિર્ણય લેવામાં આટલો બધો વિલંબ કેમ થયો છે ?

ઉત્તર ૨ : (ગ) નિર્ણય લેવામાં કેટલો સમય ગયો છે તે ઉપરની તારીખો પરથી જોઈ શકાય છે, તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે આ બાબતમાં થયેલી કાર્યવાહી અંગેની માહિતી ઉપર દર્શાવવામાં આવી છે.

પ્રો. એ. ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

સરકાર સમક્ષ લેખિત તેમ જ મૌખિક રજૂઆત થઈ હોય તો તે માહિતી આપશો.

કુલસચિવશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારને કુલપતિશ્રીએ પત્રો લખ્યા છે, પણ રાજ્ય સરકાર તરફથી જવાબ આવ્યો નથી.

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

કઈ કઈ તારીખોએ પત્રો લખ્યા છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તે માહિતી કઢાવીને આપી શકાશે.

પ્રશ્ન ૩ : ખોટ કરતી કૉલેજોની તેમની ખોટના ૫૦ ટકા જેટલા હિસ્સાની જવાબદારી સરકાર ઉઠાવે તેવી ભલામણો શેલત સમિતિ તથા તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની કોર્ટ સભાએ કરેલી છે. આ અંગે યુનિવર્સિટીએ શી કાર્યવાહી કરી ? જો આ અંગે કોઈ નિર્ણય થયો હોય અથવા સરકારનો જવાબ આવ્યો હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૩ : આ અંગે કુલપતિશ્રીએ સરકારશ્રીને પત્ર લખ્યો છે. સરકારશ્રી તરફથી હજુ સુધી ઉત્તર મળ્યો નથી.

પ્રશ્ન ૪ : સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક સ્ટાફનાં પગારધોરણો, લાયકાતનાં ધોરણો તથા નોકરીની શરતો અંગે નિયમો ઘડી કાઢવા જૂન ૧૯૭૩થી અમલી બનાવવા તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની સભાએ સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો છે તેમ જ નવા યુનિવર્સિટી ધારામાં પણ તેમ કરવાની સત્તાઓ યુનિવર્સિટીને મળી છે તો તે અંગે અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ જો કોઈ કાર્યવાહી કરી હોય તો તેની માહિતી આપશો.

ઉત્તર ૪ : આ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૫—૧૯૭૩ની સભામાં એક સમિતિ નિયુક્ત કરી છે. સદરહુ સમિતિએ સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક સ્ટાફનાં પગારધોરણો અને લાયકાતનાં ધોરણો અંગે ભલામણો કરી છે જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા હેઠળ છે. નોકરીની શરતો અંગે સમિતિએ સંલગ્ન કૉલેજો પાસેથી તેમને ત્યાં હાલ પ્રવર્તમાન સ્થિતિ અંગે માહિતી મંગાવીને પછી વિચારણા કરવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૫ : (ક) પેટલાદ કૉલેજમાંથી છૂટા થયેલા અધ્યાપકશ્રી નાડકર્ણીને તેમના બાકી પગાર-(એરિયર્સ)ની રકમ ટૂંક સમયમાં ચૂકવી દેવામાં આવશે એવી માહિતી તા. ૨૭/૨૮—૩—૧૯૭૩ની સભામાં મારા પ્રશ્નના ઉત્તરમાં મળી હતી તો તે રકમ અધ્યાપકને અત્યાર સુધીમાં ચૂકવાઈ છે ખરી ?

ઉત્તર ૫ : (ક) ના, જી.

પ્રશ્ન ૫ : (ખ) જો, ના તો પછી "ટૂંક સમય"નો અર્થ કૉલેજ શું કરે છે ?
(ગ) કોઈ ચોક્કસ મુદત કૉલેજ જણાવશે ?

ઉત્તર ૫ : (ખ) અને (ગ) કૉલેજે તેના તા. ૨૪—૫—૧૯૭૩ના પત્રાંક ૬૫—૭૩, ૭૪થી નીચે મુજબ જણાવેલ છે :

"યુ.જી.સી.નાં પગારધોરણોમાં થયેલા વધારાને લીધે દસ હપતાઓમાં શ્રી. એસ. વી. નાડકર્ણી તથા બીજા શિક્ષકોને ચુકવણી કરવાની હતી તેમને પહેલો

હપતો પણ સંસ્થાની નાણાકીય સ્થિતિ બરોબર ન હોવાથી ચૂકવી શકાયો નથી. પરિસ્થિતિ સુધરતાં આ હપતાઓ ચૂકવવામાં આવશે."

પ્રશ્ન ૬ : તા. ૨૭/૨૮-૩-૧૯૭૨ની કોર્ટની સભાની કાર્યવાહીના મારા પ્રશ્ન નં. ૧૭ અને ૧૮ના ઉત્તરો જે તે કૉલેજોએ આપ્યા હોય તો તે માહિતી આગામી કોર્ટ સમક્ષ રજૂ કરશો?

(ઉત્તર કૉલેજ ન આપવા માગે તો તે અંગેનાં કારણો કૉલેજ આપે તેમ અપેક્ષિત છે.)

ઉત્તર ૬ : સદરહુ પ્રશ્નો ૧૭ તથા ૧૮ નીચે પ્રમાણે છે :

(પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપેલો છે.)

પ્રશ્ન ૧૭ (ક) : દહેગામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં સેવા આપી ચૂકેલા અધ્યાપક શ્રી. સી. એમ. પટેલને તેમના યુ. જી. સી.ના એરિયર્સની કેટલી રકમ ચૂકવવાની થાય છે?

ઉત્તર ૧૭ (ક) : આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૭ (ખ) : સંસ્થાએ તેમાંથી કેટલી રકમ ચૂકવી?

ઉત્તર ૧૭ (ખ) : આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૭ (ગ) : સંસ્થા આ અધ્યાપકની બાકી રકમ કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૭ (ગ) : ૧૯૭૩--૭૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ચૂકવવામાં આવશે તેમ કૉલેજે જણાવ્યું છે.

પ્રશ્ન ૧૮ (ક) : માણસા સાયન્સ કૉલેજમાંથી છૂટા થયેલા ફિઝિકલ ઈન્સ્ટ્રકટર શ્રી. વીરમભાઈ પટેલને તા. ૧--૪--૧૯૬૬થી તા. ૧૪--૬--૧૯૬૮ સુધીનાં તેમનાં નવાં પગારધોરણો પ્રમાણે એચ.આર.એ. અને ડી.એ.ના તફાવતની કેટલી એરિયર્સ લેવાની થાય છે?

ઉત્તર ૧૮ (ક) : આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રશ્ન ૧૮ (ખ) : સંસ્થા તેમને આ રકમ કયાં સુધીમાં ચૂકવવા માગે છે?

ઉત્તર ૧૮ (ખ) : આ માહિતી કૉલેજ તરફથી મળી નથી.

પ્રો. એ. ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

માણસા કૉલેજનો જવાબ આવ્યો નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે દહેગામની તથા માણસાની કૉલેજોના જવાબો આવ્યા છે.

પ્રશ્ન ૭ : તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની કોર્ટ સભાની કાર્યવાહીમાં બહાર આવેલું કે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૩ વાર પત્રો લખવા છતાં પી.એફ.ના નવા નિયમોનો અમલ કર્યો નથી તેમ જ શ્રી. એન. એચ. પટેલને છૂટા થયે ચારેક વર્ષ થયાં છતાં તેમના પી.એફ.ની રકમ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ચૂકવાઈ નથી તો આ પ્રશ્ન તે પછી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવ્યો કે કેમ? આ અંગે તે પછી થયેલી કાર્યવાહીની માહિતી આપશો.

ઉત્તર ૭ : એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જૂન ૧૯૭૩થી જોડાણ માગતી અરજી પરત્વે મૂકેલી શરતો પૈકી એક શરત નીચે પ્રમાણે છે :

"પ્રો. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંસ્થાને જોડાણ ન આપવાથી અને વિષયો બંધ કરવાથી વિદ્યાર્થીઓને નુકસાન થાય છે?

પ્રમુખશ્રીએ જણાવ્યું કે તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રો. પી. જી. માવળંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે સંસ્થાને હજુ બીજા કેટલા પત્રો લખવા પડશે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે તે કૉલેજના તેણે માગેલા જોડાણ માટે ભલામણ કરવામાં આવી નથી.

પ્રશ્ન ૮ : (ક) તા. ૧૨–૩–૧૯૭૩ કે તે પછી કઈ કઈ કૉલેજોએ અધ્યાપકોને છૂટા કરવામાં આવ્યા અને તે અંગે શી કાર્યવાહી થઈ તેની માહિતી નીચેના પ્રોફોર્મામાં આપશો :

(૧) છૂટા કરેલા અધ્યાપકનું નામ :
(૨) જે તે કૉલેજનું નામ :
(૩) છૂટા કરવાની નોટિસમાં કઈ તારીખ દર્શાવી છે ?
(૪) નોટિસ અધ્યાપકોએ કઈ તારીખે સ્વીકારી ?
(૫) યુનિવર્સિટીને આ અંગે ફરિયાદ કઈ તારીખે મળી ?
(૬) યુનિવર્સિટીએ કૉલેજ સાથે શી કાર્યવાહી કરી ?
(પત્રો લખ્યા હોય તો પત્રની વિગત અને તારીખ આપવી.)
(૭) કૉલેજોએ જો જવાબ આપ્યા હોય તો તેની વિગતો આપવી.

ઉત્તર ૮ : (ક) સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૬" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : (ખ) કૉલેજોએ જવાબ આપવામાં વિલંબ કર્યો હોય તો તેવા કેસો એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ થયા છે કે કેમ ?

ઉત્તર ૮ : (ખ) હા, જી.

પ્રશ્ન ૮ : (ગ) યુનિવર્સિટી ધારામાં અધ્યાપકો માટે સલામતીની જોગવાઈ થયેલી છે તો આ અંગે કોઈ નક્કર અને ઝડપી કાર્યવાહી હાથ ધરીને અધ્યાપકોને નોકરીમાં પાછા લેવડાવવા કૉલેજો સામે કડક પગલાં લેવાનું વિચારે છે કે કેમ ?

ઉત્તર ૮ : (ગ) તે અંગે નિર્ણય થયેથી જરૂરી માહિતી આપી શકાય.

પ્રશ્નોત્તરી સમાપ્ત

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે નવા ઘડેલા, સુધારેલા તથા રદ કરેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૧૫૯, ઑર્ડિ. ૧૬૦ અને ઑર્ડિ. ૧૬૧.

ઉપરનો ઑર્ડિ. ૧૫૯ સભાગૃહે મંજૂર કર્યો.

ઉપરના ઑર્ડિ. ૧૬૦ અંગે "Leading to a post-graduate degree" એ શબ્દોની વચ્ચે "or a diploma" એ શબ્દો શાબ્દિક સુધારા (formal amendment) તરીકે સ્વીકારવાની પ્રમુખશ્રીએ પરવાનગી આપી.

તે પછી ઑર્ડિ. ૧૬૦ સદરહુ શાબ્દિક સુધારા સાથે સભાગૃહે મંજૂર કર્યો.

ઉપરનો ઑર્ડિ. ૧૬૧ સભાગૃહે મંજૂર કર્યો.

(બ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એન્જ. એસ. ૪-એ, ઑર્ડિ. ૬૫-એચ, ઑર્ડિ. ૭૪, ઑર્ડિ. ૭૮, ઑર્ડિ. ૧૨૦, ઑર્ડિ. ૧૨૦-બી, ઑર્ડિ. ૨૮૪, ઑર્ડિ. ૨૯૭, ઑર્ડિ. ૩૦૦ અને ઑર્ડિ. ૩૭૩-એ.

ઉપરના સુધારેલા ઑર્ડિનન્સો સભાગૃહે મંજૂર કર્યા.

(ક) રદ કરેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૬૩, ઑર્ડિ. ૬૭, ઑર્ડિ. ૬૭-એ અને ઑર્ડિ. ૨૯૯.

ઉપરના ઑર્ડિનન્સોને રદ કરવાનાં કાર્યોને સભાગૃહે મંજૂરી આપી.

(એકિઝકયુટિવ કાઉન્સિલે નવા ઘડેલા, સુધારેલા તથા રદ કરેલા ઑર્ડિનન્સોના પાઠ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩. એકિઝકયુટિવ કાઉન્સિલે રદ કરવા ભલામણ કરેલ નીચેનો સ્ટે. ૧ :

Statute 1 :

Under the provisions of Section 16 (1), Class I (*B*) (*iii*), the Vice-Chancellor, Gujarat Vidyapeeth, Ahmedabad, shall be an Ex-Officio Member of the Senate.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. આઈ. એ. મોદીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧ રદ કરવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્યશ્રી વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪. સ્ટે. ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 2 :

All elections to the Court shall, *save as otherwise expressly provided*, be held according to the system of proportional representation by means of a single transferable vote by ballot as laid down in Section 54 of the Gujarat University Act.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૨ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાથી એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીની ગેરહાજરીમાં ડૉ. જે. બી. હરિભકિતએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. સ્ટે. ૩ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 3 :

The Registered Trade Unions in the University area having the right to elect *one* member from amongst their members will be those whose names stand on the appropriate register with the Registrar of Trade Unions in the State as on 31st December preceding the date of election.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૩ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. સ્ટે. ૪ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 4 :

(1) All graduates of the University shall be *registered as* Registered Graduates on their first graduation in the University and shall pay a fee of Rs. 5/- for such registration which will hold good for five years

beginning from the 1st of January of the following year in which they have taken the degree. The registration fee shall be paid along with the fees for admission to the first degree.

(2) In addition, the following persons shall, on submission of an application and payment of Rs. 5/-, be enrolled as Registered Graduates for a period of five years :

(*a*) All graduates of any Indian University established by law, whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area.

(*b*) Graduates of the following Institutions whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area :

1. Gujarat Vidyapeeth, Ahmedabad;
2. Maharashtra Tilak Vidyapeeth, Poona;
3. Bihar Vidyapeeth, Patana;
4. Vishwa Bharati, Shantiniketan;
5. Jamia Millia, Delhi;
6. Gurukul Vishwa Vidyalaya, Kangadi;
7. Kashi Vidyapeeth, Banaras;
8. S.N.D.T. Women's University (Prior to its incorporation as a University established by law); and
9. All licentiates possessing Diploma of Licentiate from college of Physicians and Surgeons, Bombay.

(*c*) All graduates of any foreign University recognised by the *Executive Council* for the purpose, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

(3) *Any graduate referred to in sub-clause* 2 (*a*), (*b*) *and* (*c*) desiring to get himself *enrolled* may send in an application in the prescribed form with the necessary fees to the Registrar of the University during the period that may be announced every year *so as to reach* this University *office* latest before the 1st of December and his name shall *thereupon* be put on the roll of the Registered Graduates on the 1st of January of the following year to be *prepared and published thereafter*.

(4) All graduates referred to in sub-clause 2 (*a*), (*b*) and (*c*) shall produce, alongwith their application, evidence to the satisfaction of the Registrar their having taken their degrees and shall produce a declaration made before a

Magistrate or a J.P. or a member of the Court of the Gujarat University for the time being, to the effect that their mother-tongue is Gujarati or that they ordinarily reside in Gujarat University area, as the case may be.

(5) When the roll is revised on the 31st of December every year, an announcement in the newspapers, selected by the Vice-Chancellor, shall be made in the first week of January that the rolls of the Registered Graduates are revised, and if any omissions or wrong entries are brought to the notice of the Vice-Chancellor before 31st January, the Vice-Chancellor shall have the power to correct the rolls accordingly and his decision in the matter shall be final.

(6) The roll so corrected up to 31st January shall be used for any election during that calender year and it shall be the roll to be published under Statute 8(2) for the elections during that year.

(7) Registered Graduates shall notify in writing to the Registrar every change in their address.

(8) All persons whose names are entered on the said Register of Graduates shall be entitled to vote at the election of the Representatives of the Registered Graduates on the *Court* in accordance with the Statutes framed in that behalf.

(9) On the expiry of the period of registration, the registration can be renewed for a further period of five years by applying in a prescribed form and paying a re-registration fee of *Rs. 5/- only, or if it is so desired, it can be renewed for a further period of* 20 *years by applying in a prescribed form and paying a fee of Rs.* 25/- *only. The form and* fee for re-registration should be sent *so as to reach the University office* before the 15th of December of the year in which the registration expires.

(10) *Every Registered Graduate referred to in Sec.* 16 (1) *Class II (A) (v) will be sent an identity card, on which he will be required to affix his pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college, or Head Master of a high School situated within the University area, or a J.P., or a Magistrate or a gazetted officer, or a member of the Court of the University for the time being.*

Such a registered graduate will be eligible to vote at an election only on production of the identity card with the photograph affixed and duly attested as mentioned above.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. આઈ. એ. મોદીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૪ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો. તે પછી પ્રો. આર. કે. અમીને પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે. તેને ડૉ. જે. બી. હરિભક્તિએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે પ્રો. આર. કે. અમીને રેફરન્સ ઑર્ડરનો પોતાનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

ત્યાર બાદ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ પોતાની અનુમતિ આપી. તે પછી ૧૫ કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા.

તે પછી શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યો પૈકી ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યોનો ટેકો મળ્યો નહીં, તેથી તે પ્રસ્તાવ ઊડી ગયો.

ત્યાર બાદ શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. સ્ટે. ૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 5 :

A person desiring to be enrolled as required under Section 16(1), Class II (*A*), Clause (*v*) and (*viii*) of the Act, shall at least 28 days before the date fixed for the preparation of the Electoral Rolls as laid down in St. 10 and St. 13, elect the faculty under which he desires to be enrolled and from which he desires to stand as a candidate or to vote at the election. He shall not be entitled to stand or vote in more than one faculty.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૫ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. નીચે જણાવેલ સ્ટે. ૬ ૨૬ કરવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 6 :

(1) If a person desiring to be enrolled under Statute 5 does not inform the Registrar of the constituency from which he desires to stand as a candidate or to vote at the election before the date fixed under Statute 5 he shall be deemed to have elected—

(*i*) the Faculty or Constituency of Law, if such person is a Medical Graduate apart from his being a graduate in any other subject;

(*ii*) the Faculty or Constituency of Medicine, if such person is a Medical Graduate apart from his being a graduate in any subject other than Law;

(*iii*) the Faculty or Constituency of Technology including Engineering, if such person is a graduate in Technology including Engineering apart from his being a graduate in a subject other than Law or Medicine.

(2) In the case of Registered Graduates or Teachers including Principals. Heads of University Departments and Heads of Recognized Institutions; other than those referred to in clauses (*i*), (*ii*) and (*iii*), the Vice-Chancellor shall in his discretion decide in which Faculty they shall be included. His decision shall be final.

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી.** શાહે નોટિસ આપી હતી :

"ઉપર જણાવેલ સ્ટે. ૬ ૨૬ કરવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી સદરહુ સ્ટે. ૬ની પેટાકલમ ૧ (*i*)માં "A Medical Graduate"ના બદલે "a Law Graduate" એ શબ્દો શાબ્દિક સુધારા તરીકે મૂકવાનું પ્રમુખશ્રીએ સ્વીકાર્યું.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં ઉપરના શાબ્દિક સુધારા તરીકે મંજૂર કરવામાં આવ્યો.

૯. **સ્ટે. ૮ (૪) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ :**

Statute 8 (4) :

Whenever there is a vacancy in the *Court*, the notice of election relating thereto shall be given to the voters *concerned through newspapers selected for*

the purpose by the Vice-Chancellor except when otherwise provided for, at least 21 clear days before the date of election; and in the said notice, the date fixed as the last day for receiving nominations and the date of election shall be precisely stated alongwith other ralevant details.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. આઈ. એ. મોદીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૮(૪) ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કર્યો, તેને શ્રી. દર્શનસિંગ બસને ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. સ્ટે. ૯ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 9 :

In the case of elections to the Court under Section 16 (1) Class II (*A*) (*iii*) and (*iv*) the Registrar shall on the 31st of December just preceding the date of election, prepare a roll as for each of these constituencies of all those entitled to vote thereat as per Statute No. 7 and not less than 21 clear days before the date of election shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held in accordance with the procedure prescribed *in Statute* 154 stating therein all relevant particulars. In the preparation of the Roll of Secondary Teachers, the names of only such teachers shall be included on the roll as are on the date of its preparation, members of the teaching staff of a High School as defined in clause (4) of Section 2 and are actively participating in the work of teaching as Secondary Teachers. In the case of Head Masters, the roll shall include the names of permanent Head Masters. The names of the persons entitled to vote shall appear only once on the roll.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. ડી. દેસાઈએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૯ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. ડી. દેસાઈને બદલે ડૉ. જે. બી. હરિભકિતએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. ખંડવાઓ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. સ્ટે. ૧૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 10 :

(1) In the case of election to the *Court* by Teachers of affiliated colleges from amongst themselves under Section 16 (1) Class II (*A*) clause (*viii*) as on the 31 of December just preceding the date of election, the Registrar shall prepare a Roll of teachers of affiliated colleges excluding the Deans of faculties and the Principals of the colleges affiliated to this University and showing against the names of teachers having teaching experience of less than ten years, a specific differentiating mark to that effect; and not less than 21 clear days before the date of election, shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed in St. 162. Election from this constituency shall be held at polling centres fixed for the same and in the notice of election, places shall be notified where the voters will be required to go in person to vote.

(2) *Every teacher of an affiliated college excluding Deans of Faculties and Principals of colleges will be sent by the University a prescribed identity card on which he will be required to affix his or her pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or a member of the Court of the University for the time being or a Magistrate or a J.P. or a Gazetted officer.*

Such a teacher will be held eligible to vote at an election only on production of the identity card with the photograph affixed and duly attested as mentioned above.

(3) *Forty-two members by teachers excluding Deans of Faculties and Principals of colleges, of whom fourteen shall be teachers having teaching experience of less than ten years in a college or in any University established by law in the state shall be elected from among themselves in such manner, as would ensure that at least one teacher is elected from each faculty so that each faculty gets its representation on the Court.*

(4) *Notwithstanding anything contained above, for the first election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of teachers of affiliated colleges, excluding Deans of Faculties and Principals of colleges as on 14th June 1973;*

એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૦ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રા. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને પ્રા. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા ડૉ. સી. પી. બોઘાણીએ નોટિસ આપી હતી :

"This meeting of the Court resolves to amend St. 10 so as to read as under :

Statute 10 :

(1) In the case of election to the Court by teachers in the subject or subjects comprised in each faculty, excluding the Dean of the Faculty and Principals of affiliated colleges from amongst themselves under Section 16(1) Class II(*A*) clause (*viii*), the Registrar shall prepare a Roll as on the 31st of December just preceding the date of election of such teachers excluding the Dean of Faculty and the Principals of affiliated colleges and showing against the names of the teachers having teaching experience of less than ten years, a specific differentiating mark to that effect; and not less than 21 clear days before the date of election, shall publish in the news-papers selected by the Vice-chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed in St. 162. Election from these constituencies shall be held at polling centres fixed for the same and in the notice of election, places shall be notified where the voters will be required to go in person to vote.

(2) Every teacher will be sent by the University a prescribed identity card on which he will be required to affix his or her pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or a member of the Court of the University for the time being or a Magistrate or a J.P. or a Gazetted officer.

Such a teacher will be held eligible to vote at an election only on production of the identity card with the photograph affixed and duly attested as mentioned above.

(3) Forty-two members by teachers of the relevant faculties excluding Dean of Faculties and Principals of colleges, of whom fourteen shall be teachers having teaching experience of less than ten years in a college or in any University established by law in the state shall be elected in such manner

as is specified below against each faculty by teachers excluding the Dean of Faculty and Principals of affiliated colleges in the subject or subjects comprised in each such faculty in the following manner :

(*a*) Teachers in Arts including Education ... 9
(From amongst themselves)

(*b*) Teachers in Science. ... 9
(From amongst themselves)

(*c*) Teachers in Technology including Engineering ... 6
(From amongst themselves)

(*d*) Teachers in Law ... 3
(From amongst themselves)

(*e*) Teachers in Medicide ... 6
(From amongst themselves)

(*f*) Teachers in Commerce ... 3
(From amongst themselves)

(*g*) Teachers in each such additional faculty as may be prescribed by the statutes ... 3
(From amongst themselves)

(4) Notwithstanding anything contained above, for the first election to these constituencies under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare rolls of such teachers excluding Deans of Faculties and Principals of colleges as on 30th June 1973. "

ઉપરનો સુધારો ડૉ. સી. પી. બોધાણીએ રજૂ કર્યો, તેને ડૉ. આર. એમ. શાહે ટેકો આપ્યો.

તે પછી ડૉ. સી. પી. બોધાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે; તેને ડૉ. આર. એન. ગોડિયાવાળાએ ટેકો આપ્યો. આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ પોતાની અનુમતિ આપી. તે પછી ૧૫ કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા.

તે પછી ડૉ. સી. પી. બોધાણીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યો પૈકી ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યોનો ટેકો મળ્યો નહીં, તેથી તે પ્રસ્તાવ ઊડી ગયો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. આ પ્રસ્તાવને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો. આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ અનુમતિ આપી. તે પછી ૧૫ કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા.

તે પછી શ્રી. ઈન્દ્રવદન એ. મોદીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને જરૂરી એવા તેમાં હાજર રહેલા સભ્યો પૈકી ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યોનો ટેકો મળ્યો નહીં, તેથી એ પ્રસ્તાવ ઊડી ગયો.

ઉપરનો સુધારો ડૉ. સી. પી. બોધાણીએ રજૂ કર્યો, તેને ડૉ. આર. એમ. શાહે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં સદરહુ સુધારો વધુમતે ઊડી ગયો.

ત્યાર બાદ નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ નોટિસ આપી હતી :

"This Court recommends to amend St. 10 (3) to read as under :

42 Members by teachers excluding Deans of Faculties and Principals of Colleges shall be elected from among themselves in the manner specified herebelow :

	No. of teachers having teaching experience of 10 years and above	*No. of teachers having teaching experience of less than 10 years*
Faculty of Arts including Education	10	4
Faculty of Commerce	6	2
Faculty of Science	6	3
Faculty of Medicine	1	1
Faculty of Technology including Engineering	1	1
Faculty of Pharmacy	1	1
Faculty of Law	3	1
Faculty of Dental Surgery	0	1
	28	14."

ઉપરનો સુધારો શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર શ્રી. એસ. કે. ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારાની સંબંધકર્તા સુધારેલી કલમમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મતદારોના પ્રતિનિધિઓની વહેંચણી વિદ્યાશાખાવાર કરવામાં આવી નથી, તે જોતાં સદરહુ સુધારો કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનબહાર નથી.

તે પછી શ્રી. એસ. કે. ઝવેરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. આ પ્રસ્તાવને પ્રમુખશ્રીએ પોતાની અનુમતિ આપી. તે પછી ૧૫ કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા.

તે પછી શ્રી. એસ. કે. ઝવેરીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યો પૈકી ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યોનો ટેકો મળ્યો નહીં, તેથી તે પ્રસ્તાવ ઊડી ગયો.

તે પછી શ્રી. ઈન્દ્રવદન એ મોદીએ રજૂ કરેલા સુધારા પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ ડૉ. આર. એન. ગોડિયાવાળાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Court resolves to amend St. 10 so as to read as under :

Statute 10 :

(1) In the case of election to the Court by Teachers in the subject or subjects comprised in each faculty, excluding the Dean of the Faculty and Principals of affiliated colleges amongst themselves under Section 16(1) Class II (*A*) clause (*viii*), the Registrar shall prepare a Roll as on the 31st of December just preceding the date of election of such teachers excluding the Dean of Faculty and the Principal of affiliated colleges and showing against the names of the teachers having teaching experience of less than ten years, a specific differentiating mark to that effect; and not less than 21 clear days before the date of election, shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed in St. 162. Election from these constituencies shall be held at polling centres fixed for the same and in the notice of election, places shall be notified where the voters will be required to go in person to vote.

(2) Every teacher will be sent by the University a prescribed identity card on which he will be required to affix his or her pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or a member of the Court of the University for the time being or a Magistrate or a J.P. or a Gazetted Officer.

Such a teacher will be held eligible to vote at an election only on production of the indentity card with the photograph affixed and duly attested as mentioned above.

(3) Forty-two members by teachers of the relevant faculties excluding Deans of Faculties and Principals of colleges, of whom fourteen shall be teachers having teaching experience of less than ten years in a college or in any University established by Law in the State

shall be elected in such manner, as would ensure that at least two teachers are elected from each of the following faculties :

(1) Faculty of Technology including Engineering (From amongst themselves)

(2) Faculty of Medicine (From amongst themselves)

(3) Faculty of Pharmacy (from amongst themselves)

(4) Faculty of Dental Surgery (From amongst themselves).

(4) Notwithstanding anything contained above, for the first election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of teachers of affiliated colleges, excluding Deans of Faculties and Principals of colleges as on 30th June 1973."

ઉપરનો સુધારો ડૉ. આર. એન. ગોડિયાવાળાએ રજૂ કર્યો, તેને ડૉ. સી. પી. બોઘાણીએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ સુધારો ડૉ. આર. એન. ગોડિયાવાળાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

ત્યાર બાદ આચાર્ય એલ. ડી. દવેએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

' Delete para 4 of St. 10. "

ઉપરનો સુધારો આચાર્ય એલ. ડી. દવેની ગેરહાજરીમાં ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી સભાગૃહની સંમતિથી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સદરહુ સુધારો સ્વીકાર્યો.

ત્યાર બાદ શ્રી. આઈ. એ. મોદીએ રજૂ કરેલા સુધારા સાથે અને ડૉ. જે. બી. હરિભક્તિએ રજૂ કરેલા સુધારા નં. ૪ સાથે મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. સ્ટે. ૧૦ (એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ : Statute 10 (*a*) :

(1) In case of election of Principals of affiliated colleges under clause (*ix*) of Section 16 (1) Class II(*A*), the Registrar shall prepare a roll of Principals of affiliated colleges affiliated as on 31st December of every year; and not less than 21 clear days before the date of election shall publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) 35 Principals of affiliated colleges shall be elected in such manner as would ensure that at least one Principal from each faculty gets its representation on the Court.

(3) Notwithstanding anything contained above for the First election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of Principals of affiliated colleges as on 14–6–1973.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૦ (એ) ઉપર જણાવ્યા પ્રમાણે ઘડવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પછી પ્રમુખશ્રીની અનુમતિથી નીચેનો સુધારો નં. (૨) જેને રજૂ કરવા માટે આચાર્ય એચ. ઓ. પટેલે નોટિસ આપી હતી તે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો :

"In para (2) of St. 10 (*a*) the following words be added in the beginning :

'Not more than'

The amended para (2) will then read as under :

'(2) Not more than 35 Principals of affiliated colleges shall be elected in such a manner as would ensure that at least one Principal from each faculty gets its representation on the Court.'"

ઉપરનો સુધારો આચાર્ય એચ. ઓ. પટેલે રજૂ કર્યો, તેને ડૉ. આર. એન. ગોડિયાવાળાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી નીચેનો સુધારો નં. (૧) રજૂ કરવા માટે શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ નોટિસ આપી હતી :

"This Court recommends to amend St. 10(*a*) (2) to read as under :

35 Principals of affiliated colleges shall be elected from among themselves in the manner specified herebelow :

Faculty of Arts including Education	13
Faculty of Commerce	7
Faculty of Science	8
Faculty of Medicine	1
Faculty of Technology including Engineering	1
Faculty of Pharmacy	1
Faculty of Law	3
Faculty of Dental Surgery	1
	35. "

ઉપરનો સુધારો શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે અંગે આચાર્ય એમ. સી. દેસાઈએ ગુપ્ત મતદાનની માગણી કરતાં પ્રમુખશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદારો (Scrutineers) તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) આચાર્ય બી. એમ. પીરજાદા
(૪) પ્રો. એસ. બી. વોરા.

તે પછી ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૬૨
વિરુદ્ધમાં	૫૪
નિરર્થક	૧
કુલ	૧૧૭

આમ શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ રજૂ કરેલો ઉપરનો સુધારો નં. (૧) બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય જશભાઈ પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Statute 10 (*a*) should be read as under :

(1) In case of election of Principals of affiliated colleges under clause (*ix*) of Section 16 (1) Class II (*A*), the Registrar shall prepare a roll of Principals of affiliated colleges affiliated as on 31st December of every year; and not less than 21 clear days before the date of election shall publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) 35 Principals of affiliated colleges shall be elected in such manner as would ensure proportionate representation of all the faculties so that there is minimum one member of each faculty on the Court.

(3) Notwithstanding anything contained above for the First election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of Principals of affiliated colleges as on 14-6-1973."

ઉપરનો સુધારો આચાર્ય જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ સુધારો આચાર્ય જશભાઈ પટેલે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

આચાર્ય એમ. જે. પટણીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૦ (એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 10 (*a*) :

(1) No charge.

(2) 35 Principals of affiliated colleges shall be elected in such manner that they represent different faculties proportionate to their number and at least one Principal from each faculty gets its representation on the Court.

(3) No change."

સદરહુ સુધારો આચાર્ય એમ. જે. પટણીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ સુધારો આચાર્ય એમ. જે. પટણીએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

તે પછી નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એલ. ડી. દવેએ નોટિસ આપી હતી :

"Delete para 3 of St. 10 (*a*)."

ઉપરનો સુધારો આચાર્ય એલ. ડી. દવેની ગેરહાજરીમાં પ્રો. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ ઉપરનો શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ રજૂ કરેલો સુધારો નં. (૧) અને આચાર્ય એચ. એ. પટેલે રજૂ કરેલ સુધારો નં. (૨) અને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કરેલ સુધારો નં. (૫) સાથે મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. સ્ટે. ૧૧ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 11 :

The election of ordinary members by the public associations or bodies named in clause (*i*) *sub-clauses* (*a*) *and* (*b*) *of clause* (*ii*) *sub-clauses* (*a*), (*b*) *and* (*c*) *of clause* (*vi*) of Section 16 (1) Class (*A*) shall be held in the manner prescribed in St. 163. On the 31st of December just preceding the date of election, the Registrar shall prepare a roll of the public associations and bodies entitled to vote thereat; and not less than 21 clear days before the date

of election, the Registrar shall notify to the public associations and bodies concerned whose names are entered in the respective rolls, that an election of their representative to the Court of the University is due, indicating at the same time, the date by which the result of the election shall be communicated to the University;

Provided that in the case of election of ordinary members by the Gujarat Legislative Assembly named in clause (*i*), the Secretary, Gujarat Legislature Secretariat, shall, in the event of its reconstitution or occurrence of any vacancy of its representative on the Court, intimate to the University Registrar about it and the Registrar shall thereupon notify in the aforesaid manner within a period of 21 days from the date of receipt of such intimation by the State Legislative Assembly.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૧ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કર્યો, તેને પ્રો. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. સ્ટે. ૧૨ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 12 :

The election of ordinary members under *sub-clause* (*c*) *of clause* (*ii*) *of Section* 16(1) *Class II* (*A*) *and clause* (*i*) (*a*), (*b*) *and* (*c*) *of Section* 16(1) *Class II* (*B*) shall be held in the manner prescribed in St. 164. The Registrar shall publish at least 21 clear days before the date of election *in the newspapers selected by the Vice-Chancellor a notice of election with relevant details* that election of their representative is due to be held and shall invite nominations therefor before the date specified in the notice.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. આઈ. એ. મોદીએ** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૨ ઉપર જણાવ્યા પ્રમાણે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. સ્ટે. ૧૩ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 13 :

(1) In the case of election of ordinary members by Registered Graduates under clause (*v*) *of Section* (16) (1) *Class II(A)*, the Registrar shall prepare at the end of every year on the 31st of December, facultywise Electoral Rolls of the Registered Graduates and shall publish them every five years. The intimation of holding of the election shall be published in the newspapers to be selected by the Vice-Chancellor, at least 21 days before the date of election to be held according to the relevant Statues in this behalf, stating therein the necessary details. The election of the ordinary members to the Court by the Registered Graduates shall be held by ballot at polling centres fixed for the same. Not more than one bye-election shall be held during any academic year by a Registered Graduates' Constituency;

Provided that if the number of faculties exceeds ten it shall be so grouped that the number of representations of the Registered Graduates' constituency shall not exceed ten.

(2) *Notwithstanding what is stated above or elsewhere for the ensuing first election to the Court under Gujarat Act No.* 6 *of* 1973, *for the constituency of Registered graduates, it will be competent for the Registrar to revise the electoral roll so as to register any person eligible for registration as a graduate on his applying in the prescribed form and paying the prescribed fee for the same on or before* 30th *June* 1973. *The names of such persons will be put on the respective rolls effective up to* 31-12-1977.

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઈ શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૩ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીની ગેરહાજરીમાં ડૉ. જે. બી. હરિભકિતએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. સ્ટે. ૧૪-એ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવાની એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 14-A :

(1) In the case of election to the Court by the governing bodies of the colleges affiliated to the University from amongst themselves under Section

16(1) Class II (*a*) (*vii*), the Registrar shall have rolls prepared of (*a*) the governing bodies of such colleges as are on 31st December every year situated within the limits of the city of Ahmedabad as constituted under the Bombay Provincial Municipal Corporations' Act, 1949; and (*b*) the governing bodies of such colleges as are situated outside the limits of the city of Ahmedabad as on 31st December every year, and not less than 21 clear days before the date of election publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot at polling centers to be fixed by the Executive Council in accordance with procedure prescribed in Statute 162.

(2) The Registrar shall ask each of such governing bodies for the purpose of preparing the above rolls to intimate to the University within 21 days of such request from the Registrar, the name, degrees, if any, and address of its representative for the purpose of voting and the name of such representative shall be put on the roll as a voter.

(3) Notwithstanding what is stated above for the first election to the Court from this constituency under the Gujarat University amended Act No. 6 of 1973, the Registrar shall prepare such rolls of governing bodies with their representatives of each of them as on 14–6–1973.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. આઈ. એ. મોદીએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૪–એ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવાનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

